Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

LIBRARY
No.
Shri Shri Ma Anandamayee Ashram
BANARAS

ॐ

શ્રીમદ્ ભાગવતાંક

અર્થાત્

શ્રીમદ્ ભાગવત વિચાર દર્શન

દૃષ્ટા :

શ્રી નલિન અ. ભટ્ટ એમ. એ.

विपत् संपदिवाभाति मृत्युश्चाप्यमृतायते ।
शून्यमापूर्णतामेति भगवज्जनसङ्गमात् ॥

સંતજનનો સંગમ (મેળાપ) થવાથી વિપત્તિ પણ સંપત્તિ જેવી ભાસે છે, મૃત્યુ પણ અમૃત બની જાય છે અને શૂન્યતા પૂર્ણતા જેવી થઈ રહે છે.

વર્ષ ૧ લું] બુદ્ધ જયંતિ વૈશાખ સુદ ૧૫ : ૨૦૦૯ [અંક ૧

ગ્રંથ સંપાદક :
શ્રી મગનલાલ ગો. વ્યાસ
અમલસાડ

મુખપત્ર :
નવસારી ગ્રામ વિભાગીય
સત્સંગ મંડળ, કાછીઆવાડી

પ્રકાશક :
શ્રી જીવણજી માધવજી કરણીઆ
તંત્રી "સંત"
કાછીઆવાડી, નવસારી.

મૂલ્ય : શ્રદ્ધા, પ્રેમ, વાંચન, મનન.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવત વિચાર દર્શન

અર્થાત્

શ્રી. નલિન મ. ભટ્ટના ભાગવત ઉપરના તેજસ્વી અને ઓજસ્વી, ગંભીર અને પ્રાસાદિક, અપૂર્વ અને અજોડ વિચારોની ગંગા-ધારા.

સંવત ૨૦૦૭ માં નવસારીમાં શ્રી નલિન ભટ્ટ પાસે કરાવેલી ભાગવત સપ્તાહનાં હૃદયંગમ પ્રવચનોનો આ સંગ્રહ છે. શ્રી નલિન ભટ્ટની ભાગવતી કથા એટલે પ્રભુમય પ્રતિભાભર્યા વિચારોની મહાસંહિતા! મોટે ભાગે એમના જ શ્રીમુખની આ વાણી પુસ્તકાકારે પહેલી જ વાર પ્રકટ થાય છે. ભાગવતનું હાર્દ સમજવા માટે એ અનિવાર્ય છે. પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિના આ તાવણીકાળે શ્રી ભટ્ટના વિચારોનો આ અપૂર્વ સંગ્રહ સંસ્કૃતિપ્રેમીઓને સમન્વયની દિશાદોરી બતાવનારો છે. શ્રી નલિન ભટ્ટનાં પ્રવચનો અને ખાસ કરીને ભાગવતનાં પ્રવચનો સાંભળવાં એ જીવનનો એક અને અનેરો લ્હાવો છે, જેમને એમના શ્રીમુખથી એ સાંભળવાની તક નથી મળી તેઓને માટે આ પુસ્તક તે ખોટ પૂરી કરી શકશે. ભાગવતના વક્તાઓ અને શ્રોતાઓ બન્ને માટે આ ગ્રંથની વિચારધારા નવજીવન દેનારી હશે. પ્રાણવાન અને ઓજસ્વી વિચારોથી ભરપૂર એવાં આ પ્રવચનોની સંહિતારૂપ આ પુસ્તકને આજે જ વસાવો. એ ભાવિ પ્રજા માટે સંસ્કૃતિની થાપણ છે. પવિત્ર અને પ્રાણવાન વિચારોના પ્રચારના પુણ્યભાગી બનો. વધુ માહિતી માટે અમલસાડને સરનામે સંપર્ક સાધવા વિનંતી છે. કિંમત રૂ. ૨-૮-૦ પોસ્ટેજ જુદું.

—: પ્રાપ્તિસ્થાન :—

શ્રી વેણિશંકર મણિશંકર શુકલ, પોસ્ટ ઓફિસ સામે-અમલસાડ.
શ્રી કરૂણાશંકર, મંત્રી: ગીતા સમાજ, ચુડગર ટેકરો વલસાડ.
શ્રી નલિન મ. ભટ્ટ, ગીતાકુંજ-વાપી.
શ્રી ભાણાભાઈ, શ્રી સત્યનારાયણ મંદિર-નવસારી.
સ્વામીશ્રી ભદ્ર, સોમનાથ ઉપવન-ઉમરા. (સુરત થઈને)
રમેશચંદ્ર શુકલ, ૨૬૪૯, શ્રી રામજીની શેરી, ખાડીઆ-અમદાવાદ.
સ્મિતવદન મણિશંકર શુકલ, ૪૮૨/૨, પાંચ બંગલા-સાબરમતી.
શ્રી પુરષોત્તમ ગો. ભટ્ટ, તારાકુંજ સાંતાક્રુઝ (પૂર્વ)
Dr. M. L. Mehta L. C. P. S. P. O. Box 99
Zanzibar, B. E. Africa.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

LIBRARY
No. E.... 617
Shri Shri Ma Anandamayee Ashram
BANARAS.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

LIBRARY
No. 152.
Shri Shri Ma Anandamayee Ashram
6/7

શ્રીમદ્ ભાગવતાંક

અર્થાત્

શ્રીમદ્ ભાગવત વિચાર દર્શન

દૃષ્ટા :

શ્રી નલિન મ. ભટ્ટ એમ. એ.

विपत् संपदिवाभाति मृत्युश्चाप्यमृतायते ।
शून्यमापूर्णतामेति भगवज्जनसङ्गमात् ॥

સંતજનનો સંગમ (મેળાપ) થવાથી વિપત્તિ પણ સંપત્તિ જેવી ભાસે છે, મૃત્યુ પણ અમૃત બની જાય છે અને શૂન્યતા પૂર્ણતા જેવી થઈ રહે છે.

વર્ષ ૧ લું] બુદ્ધ જયંતિ વૈશાખ સુદ-૧૫ : ૨૦૦૯ [અંક ૧

ગ્રંથ સંપાદક :
શ્રી મગનલાલ ગો. વ્યાસ
અમલસાડ

મુખપત્ર :
નવસારી ગ્રામ વિભાગીય
સત્સંગ મંડળ, કાછીઆવાડી

પ્રકાશક :
શ્રી જીવણજી માધવજી કરણીઆ
તંત્રી "સંત"
કાછીઆવાડી, નવસારી.

મૂલ્ય : શ્રદ્ધા, પ્રેમ, વાંચન, મનન.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંતની સદ્ઇચ્છા

સંત માસિકના પ્રથમ અંક તરીકે આ ગ્રંથ આપની સેવામાં રજૂ કરતાં આનંદ થાય છે. માનવ જાતિને કોઇપણ પળે વધુમાં વધુ જરૂર હોય તો તે સત્સંગ કે સંતસંગની હોય છે, સંત સમાગમ સિવાય જીવનનાં ઊંડા રહસ્યો કદી પણ સમજાતાં નથી. કદી પણ માણસને જીવનની સાચી સમજણ મળતી નથી. માણસને કદાચ અન્નજળની તેટલી જરૂર નથી, જેટલી સત્સંગની છે. અને આથીજ ગાનારાઓએ એનાં ભારે ગુણો ગાયા છે. કવિ કહે છે.

जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं
मानोन्नतिं दिशति पापमपाकरोति ॥
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं
सत्संगतिः कथय किं न करोति पुंसाम्

સંતસંગતિ, બુદ્ધિની જડતાને હરે છે, વાણીમાં સત્યનું સિંચન કરે છે, માનપૂર્વક ઉન્નતિ અર્પે છે, પાપને દૂર કરે છે, ચિત્તને પ્રસન્ન કરે છે, દશે દિશામાં કીર્તિ ફેલાવે છે-કહો-સત્સંગતિ જીવો માટે શું નથી કરતી?

સત્સંગ દ્વારા જ પરમાત્મા પણ પ્રગટ થાય છે. અને આથી સંત સમાગમ એ ગંગા સ્નાન કરતાં પણ વધુ કિંમતી છે. ગંગા તો દેહને જ પાવન કરે-સંતની સંગતિ તો મન, મતિ અને હૃદયના મેલો ધુવે. સત્સંગ એ સામુદાયિક શુદ્ધિની સાધના છે. એકલી વ્યક્તિ જ નહીં-આખોય સમાજ સત્સંગ દ્વારા ઊંચે જાય છે અને દુઃસંગ દ્વારા નીચે પડે છે. અને આથી વ્યક્તિને જ નહીં પણ સમાજને પણ પળ પળ સત્સંગની જરૂર હોય છે જ! સત્સંગ જ્યારે દુર્લભ બને ત્યારે પાપની પ્રવૃત્તિ વધી પડે છે અને પાપના ભારે પૃથ્વી પોંદાતાં, પરમેશ્વરને અવતાર લેવો પડે છે. પરમાત્માનો અવતાર સત્સંગનું માહાત્મ્ય બતાવનારો હોય છે. જે સમાજ સત્સંગમાં રાચે તેની બુદ્ધિ હંમેશાં નીતરી રહેતી હોઇને તે સદા ઉન્નત જ થાય છે. અને આ પવિત્ર વિચારને અમલમાં મૂકવાના હેતુથી 'સંત' માસિકનું પ્રકાશન થઈ રહ્યું છે.

માણસને હવા કરતાં પણ સંતસંગની વધુ જરૂર છે છતાં જેમ પત્થરે પત્થરે માણેક મળતું નથી અને જંગલે જંગલે ચંદન જડતાં નથી તેમ માણસે માણસે સંત મહાત્મા જડતા નથી, જેની જરૂર છે છતાં જે સુલભ નથી તેની ખોટ પૂરી પાડવાને માટે સૌએ પ્રયત્ન કરવો જોઇએ. પ્રત્યક્ષ મહાત્માઓ ન મળે તો તેમનાં જીવનચરિત્રો, તેમના કલ્યાણી ઉપદેશો,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેમણે મેળવેલી સિદ્ધિઓ પાછળની સાધના વગેરેનું સાહિત્ય પણ જો લોક સમક્ષ પીરસવામાં આવે તો સાધુ સમાગમની ભૂખ તૃપ્ત થાય. સારું સાહિત્ય પણ સંતોનો પરોક્ષ સમાગમ જ છે. અને આથી ઘર ઘર સારું અને આત્માને ઊંચે લઇ જનારું સાહિત્ય પહોંચે એ ઇષ્ટિ છે. એ હેતુને લક્ષમાં રાખી સંત માસિકના પ્રકાશનનો ઉદ્યોગ ઉપાડયો છે.

ઉપર જણાવ્યું તેમ સંતોનો ઇતિહાસ ચાલુ અને ભાવિ જીવનને સુધારે છે, અને એવું સાહિત્ય પીરસવામાં શ્રીમદ્ ભાગવત સૌથી મોખરે છે. ભાગવતના પાને પાને સંતોના ઉચ્ચતમ જીવનની કદી નીરસ ન થાય, ઝાંખી ન પડે, વાસી ન થાય, ચીમળાઇ ન જાય એવી કથાઓ પડી છે. ભાગવતની તોલે આવે એવું સંત બનાવનારું સંત સાહિત્ય દુનિયામાં મળવું મુશ્કેલ છે. આથી 'સંત' માસિકના પ્રથમ અંક તરીકે પ્રસ્તુત ગ્રંથને જ અમે સર્વોત્તમ માન્યો છે. અનેક સંતોની જીવન પરંપરાનો એમાં સંગ્રહ છે. અને આ પુસ્તકને સંત માસિકના પ્રથમ અંક તરીકે આપની સેવામાં રજૂ કરતાં અમારો ઉદ્દેશ પૂર્ણપણે પાર પડે છે. પરમાત્માની કૃપાથી આ ગ્રંથ બહાર પાડી શકીએ છીએ એજ અમારે મન પવિત્ર સંકલ્પની પ્રભુએ આપેલી સિદ્ધિ છે. આથી આ ગ્રંથ અંગે પણ થોડી વાતોનો ઉલ્લેખ કરવો ઉચિત છે.

સંવત ૨૦૦૭ ના આસો માસમાં નવસારીના સુપ્રસિદ્ધ સત્ય નારાયણ મંદિરના ચોગાનમાં અમલસાડ નિવાસી મુ. શ્રી વેણિશંકર મ. શુકલે ગુજરાતના સુપ્રસિદ્ધ સંતહૃદયી વિદ્વાન શ્રી નલિન મ. ભટ્ટ પાસે ભાગવતી સપ્તાહ કરાવી. એ સપ્તાહ દરમ્યાનના શ્રી ભટ્ટના વિચારોને જનતાના આગ્રહથી અમલસાડવાસી વૈદ્યરાજ શ્રી મગનલાલ ગોવિન્દરામ વ્યાસે આબાદ રીતે ઝીલ્યા હતા. અને શ્રી ભટ્ટની વાગ્ધારાની શક્ય તેટલી પૂરી નોંધ લીધી હતી. એ નોંધ તેજ આ પવિત્ર ગ્રંથ છે. એ વાંચતા જ એની પ્રસન્ન શૈલી અને પવિત્રતાનો સૌને અનુભવ થશે. એ ગ્રંથને છપાવવા માટેની અમને પવિત્ર ભાવે શ્રી મગનલાલ વ્યાસે તથા શ્રી વેણિશંકરભાઇ તથા શ્રી નલિનભાઇએ જે સરળતા કરી આપી છે તે બદલ અમો એ બધાય ભાઇઓના ઋણી છીએ. પરમાત્મા એ બધાય ભાઇઓ પાસે આવાં અનેક પવિત્ર કાર્યો કરાવે એટલી પ્રાર્થનાપૂર્વક વળી તેમના ઋણનો સ્વીકાર કરીએ છીએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સત્સંગ મંડળનો ઉદ્દેશ અને કાર્ય ઉપર આવી જ જાય છે. સત્સંગ મંડળ ખાસ કરીને નીચેના મુદ્દાઓ ઉપર કાર્ય કરવા ચાહે છે.

(૧) સંત સાહિત્યનો ગામડાંની જનતામાં બને તેટલો પ્રચાર.

(૨) એ માટે આ "સંત" માસિક પ્રગટ કરવું.

(૩) માસિકનું પ્રકાશન જનતાની સહાય વગર અશક્ય હોઈને એના ગ્રાહકો બનાવવા.

(૪) ગ્રાહક તરીકેનું એનું વાર્ષિક લવાજમ દેશમાં પાંચ રૂપિયા અને પરદેશમાં ૮ શીલીંગ રહેશે.

(૫) ગામડે ગામડે સંતો અને મહાત્માઓને પરિચિત કરવા અને તેમનો સંસર્ગ જનતાને મળે એ રીતની યોજનાઓ કરવી અને તેનો અમલ કરવો.

(૬) પુસ્તકાલય–ફ્રી પુસ્તકાલય માટે શક્ય તેટલો પ્રયત્ન કરી જનતાને સત્સંગમાં રસ લેતી કરવી.

સૌની સહાય વિના આ મહાકાર્ય થવું અશક્ય છે. અને આથી આપ સૌને, સહૃદયતાથી અમોને તન, મન, ધન, સાધનથી સહાય કરવા વિનવણી કરીએ છીએ. અમને શ્રદ્ધા છે કે આ નિઃસ્વાર્થ સેવાયજ્ઞમાં સૌ ભાઈ–બહેનોનો અમને સંપૂર્ણ સહકાર સાંપડશે. આ અંક સૌ ખરીદે અને ભાવિ માટે વાર્ષિક લવાજમના રૂ. ૫–૦–૦ અંકે રૂપિયા પાંચ ભરી 'સંત' માસિકના પ્રકાશનને વેગ અને સરળતા કરી આપે એમ પ્રાર્થીએ છીએ.

અંતે એક જ પ્રાર્થના કે આ પ્રવૃત્તિને આપ સૌનો હાર્દિક સાથ હો અને પ્રભુની કૃપા હો.

કાછીઆવાડી નવસારી. } લિ૦ પ્રકાશક
જીવણજી કરણીયા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંપાદકનું નિવેદન

પરમકૃપાળુ પરમાત્માની પ્રેરણા અને કૃપાથી સંવત ૨૦૦૭ ના આશ્વિન કૃષ્ણપક્ષ પંચમી ને તા. ૧૯–૧૦–૧૯૫૧ ને રવિવારના મંગળ દિવસથી આશ્વિન કૃષ્ણ દ્વાદશી, તા. ૨૬–૧૦–૫૧ ને રવિવાર સુધી ગણદેવીના વતની–હાલ અમલસાડનિવાસી શ્રી. વેણીશંકર મણિશંકર શુકલ તરફથી નવસારીમાં, શ્રી સત્યનારાયણના પવિત્ર ધામના વિશાળ ચોગાનમાં ઊભા કરવામાં આવેલા સુંદર મંડપમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પ્રવચનો યોજવામાં આવ્યાં હતાં.

એ ભાગવત સપ્તાહના–જ્ઞાનયજ્ઞના વ્યાસસ્થાને મહાગૂજરાતના સુપ્રસિદ્ધ વિદ્વાન, વેદ–ઉપનિષદો, દર્શનશાસ્ત્રો ગીતા અને શ્રીમદ્ ભાગવતના પ્રકાણ્ડ પંડિત–શ્રીમદ્ ભાગવત અને ગીતાના અનન્ય ઉપાસક અને તલસ્પર્શી અભ્યાસી તથા સુપ્રસિદ્ધ વક્તા, વલસાડના વતની–હાલ વાપીમાં નિવાસ કરતા, શ્રી. નલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. ની નિયુક્તિ કરવામાં આવી હતી.

એ જ્ઞાનસત્રની યોજના પાછળ શ્રી વેણીશંકર મ. શુકલનો આશય જનતામાં પરમાત્માને લગતા જ્ઞાનનો પ્રચાર કરવા પૂરતોજ હતો એટલે કે કેવળ લોકસંગ્રહનોજ હતો. વળી નવસારી અને તેની આજુબાજુના વિભાગની જનતાનો મોટો સમુદાય સંસ્કૃતિ, ધર્મ અને પ્રભુપ્રેમી હોવાથી તેમજ સાંસ્કૃતિક કાર્યો અને પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક રસ લેતી હોવાથી એ જ્ઞાનયજ્ઞ માટે નવસારી ઉપર પસંદગી ઉતરી હતી.

જ્ઞાનસત્રના આચાર્ય–પ્રવક્તા તરીકે શ્રી. નલિન મ. ભટ્ટની વરણી સર્વથા યોગ્યજ હતી. મહાગૂજરાતની સંસ્કારપ્રેમી અને સાહિત્યરસિક જનતા શ્રી. ભટ્ટની વિદ્વત્તાથી સુપરિચિત છે. શ્રી. ભટ્ટ ભારતીય તત્વજ્ઞાન તથા સંસ્કૃત અને ગૂજરાતી સાહિત્યના સમર્થ વિદ્વાન છે એટલું જ નહિ પરંતુ ઉચ્ચ કોટિના પ્રવચનકાર અને સિદ્ધહસ્ત લેખક તથા કવિ પણ છે. એમના વિદ્વત્તાભર્યાં પ્રવચનો સાંભળવા હજારોની સંખ્યામાં માનવમેદની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉલટે છે. શુકદેવજીના એ રસોત્સવમાં તેમની અમૃત વાણીનું શ્રવણ કરવા હજારોની સંખ્યામાં સ્ત્રીઓ અને પુરુષો હાજર રહેતા હતા. તદુપરાંત મુંબઇ, સુરત, વડોદરા, અમદાવાદ અને કાઠિયાવાડથી કેટલાક વિદ્વાનો પણ પધાર્યા હતા, એ એ પ્રસંગની એક વિશિષ્ટતા હતી. એમની ઓજસ્વી, પ્રાસાદિક, પ્રસન્નમધુર, પ્રસન્નગંભીર અને હૃદયસ્પર્શી અમૃત વાણી સાચેજ શ્રોતાવર્ગને મુગ્ધ કરનારી છે. શ્રી. નલિન મ. ભટ્ટના પ્રવચનો અને ખાસ કરીને ભાગવતના પ્રવચનો સાંભળવા એ જીવનનો એક અને અનેરો લ્હાવો છે. એમની ભાગવતી કથા એટલે પ્રભુમય પ્રતિભાભર્યા વિચારોની મહાસંહિતા ! ભાગવત જેવી સમાધિ ભાષામાં લખાયેલા ગ્રંથરત્નના તત્વજ્ઞાનના ગૂઢ રહસ્યોને જનતાના હૈયાંને સ્પર્શે તેવી રીતે શિષ્ટ છતાં લોકભોગ્ય શૈલીમાં, લાલિત્યમય સુમધુર વાણીમાં જનતા સમક્ષ રજૂ કરવાની એમની શૈલી અનોખી ભાત પાડનારી છે. વિષયનિરૂપણ બુદ્ધિગમ્ય, તર્કશુદ્ધ અને હેતુલક્ષી હોવાથી જનતા એમના પ્રભાવશાળી પ્રવચનો ખૂબ પ્રેમ અને આદરથી શાંતિપૂર્વક સાંભળે છે.

એમની વ્યાખ્યાનશૈલી, એમની એક અનોખી અને અનેરી સિદ્ધિ છે. એઓ પ્રવચન કરે છે ત્યારે એમની વાણીનો ધારાબદ્ધ પ્રવાહ વહ્યો જાય છે અને શ્રોતાવર્ગ એ રસપ્રવાહમાં અવગાહન કરી અનેરો આનંદ અને આત્મસંતોષ પ્રાપ્ત કરે છે. એમના પ્રવચનો સ્વતંત્ર દૃષ્ટિની છાંટવાળા, સંશોધનાત્મક અને તલાવગાહી છે. ભાષા પ્રૌઢ છતાં પ્રાસાદિક, સરલ, પ્રવાહી અને પ્રસન્નગંભીર છે. એમની વાણીમાં કોઇ અજબ માધુર્ય અને મોહિની રહેલાં છે. એમના વ્યાખ્યાનો અને લખાણોએ એમની પરિપક્વ પ્રતિભાની પ્રસાદીરૂપ પરિણત પ્રજ્ઞાના ફળ છે અને અભ્યાસ વ્યુત્પન્નમતિનો પરિપાક છે. ભાગવત પરના પ્રવચનોમાં એમની અસાધારણ વિદ્વત્તા અને પ્રતિભા અને ઊંડી જ્ઞાનદૃષ્ટિના સચોટ દર્શન થાય છે.

શ્રી. નલિન ભટ્ટના ભાગવત પ્રવચનોની સાદ્યંત નોંધ લેવામાં આવે એવી એ પ્રસંગે ઘણા ભાવિક ભાઇબેનોની અંતરેચ્છા હતી; પરંતુ કાર્ય અતિ મુશ્કેલ હોઈ કોને સોંપવું તેની મૂંઝવણમાં હતા. એ જ્ઞાનસત્રમાં મારી પણ હાજરી હતી. બધા ભાઇબેનોની એ કાર્યના સંપાદન માટે મારા ઉપર પસંદગી ઊતરી અને એ કાર્ય સંપાદન માટે ખૂબ આગ્રહ અને વિનંતી કરવામાં આવ્યાં. સાત સાત દિવસ સુધી અને દરરોજના સતત સાત સાત કલાક સુધી એક આસને ઉપસ્થિત રહી શ્રી ભટ્ટનો ધારાબદ્ધ પ્રવાહ ઝીલવો એ ખરેખર મારે માટે અશક્ય નહીં તો પણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અતિ મુશ્કેલ હોવાથી મેં મારી અશક્તિ વ્યક્ત કરી પરંતુ તેઓનો પ્રેમભર્યો આગ્રહ ચાલુજ રહેતાં તેઓની ઇચ્છાનો હું અનાદર કરી શકયો નહીં અને અંતે મારે તેનો સ્વીકાર કરવો પડયો. એ જવાબદારી અદા કરવામાં હું કેટલે અંશે સફળ થયો છું તેનો નિર્ણય કરવાનું કાર્ય સુજ્ઞ વાચકો પર છોડું છું.

શ્રી ભટ્ટના વાણી પ્રવાહને ઝીલવો એ સાચેજ અતિ મુશ્કેલ કાર્ય હતું. છતાં શકય તેટલો ઝીલીને આત્મસંતોષ માનવો પડયો છે. "શ્રીમદ્ ભાગવત વિચાર દર્શન" એ શ્રી ભટ્ટની ઓજસ્વી, અને અમૃતમયી વાણીનો વાઙ્મય દેહ છે. એ પુસ્તક શ્રીમદ્ ભાગવતનો નથી અનુવાદ કે નથી ભાષાંતર. એ છે શ્રી. ભટ્ટના હૃદયંગમ વિચારોનો સંગ્રહ. મોટે ભાગે એમના જ શ્રીમુખની વાણી અક્ષરાત્મક દેહ પ્રાપ્ત કરી પુસ્તકરૂપે પહેલીજ વાર પ્રસિદ્ધ થાય છે. શ્રીમદ્ ભાગવતના તત્વજ્ઞાનને–રૂપકોને અને આખ્યાયિકાઓને તેના સાચા સ્વરૂપમાં સમજવાને માટે ટૂંકમાં ભાગવતના હાર્દને સમજવા માટે એ અતિ આવશ્યક છે. એમાં ભાગવતના લગભગ તમામ મહત્વના પ્રસંગો પરત્વે સ્વતંત્ર દૃષ્ટિવાળું મૌલિક અને વૈવિધ્યપૂર્ણ વિવેચન કરવામાં આવ્યું છે. આખ્યાનોની કથા એ મહત્વની વસ્તુ નથી પરંતુ તેમાં રહેલાં રહસ્યો, તત્વાર્થો અને જ્ઞાનનું સ્પષ્ટ, સુરેખ અને સત્ય દર્શન એ મહત્વનું છે. શ્રી. ભટ્ટે પોતાના પ્રવચનોમાં એ સ્પષ્ટ દર્શન કરાવ્યું છે.

પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિના આ તાવણીકાળે શ્રી. ભટ્ટના વિચારોનો આ અપૂર્વ સંગ્રહ સંસ્કૃતિ અને પ્રભુ પ્રેમીઓને સમન્વયની દિશાદોરી બતાવનારો થશે. જેઓએ તેમના પ્રવચનોનું રસપાન કર્યું છે તેઓની સ્મૃતિ તાજી થશે અને જેમને એમના શ્રીમુખથી ભાગવત પ્રવચનો સાંભળવાની તક મળી નથી તેઓને માટે આ પુસ્તક તે ખોટ પૂરી કરી શકશે. ભાગવતના વકતાઓ અને શ્રોતાઓ બન્ને માટે આ ગ્રંથના વિચારોની ગંગા–ધારા નવજીવન અર્પનારી હશે. શ્રીમદ્ ભાગવત જેટલું પુરાણું છે તેટલુંજ નવું પણ છે. તેનું શ્રી. ભટ્ટે સુંદર પ્રતિપાદન કરેલું છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે રંગાયલાઓને પણ પૌર્વાત્ય ઋષિ સંસ્કૃતિના અને તેની સર્વશ્રેષ્ઠતાના સાચાં દર્શન આ પુસ્તમાં જરુર થશે.

ભાગવત સપ્તાહ પ્રવચનોની નોંધ લેવાના કાર્યમાં નવસારી નિવાસી શ્રી. બાલકૃષ્ણ છોટુભાઈ વૈદ્યે જે કિંમતી સહાય કરી છે તે માટે તેમનો આભાર માનું છું. તદુપરાંત પરમાત્મપ્રેમી અને સંસ્કારમૂર્તિ બે બેનોએ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મહત્વના વિચારોની જે સ્વતંત્ર નોંધ એ પ્રસંગે લીધી હતી તે નોંધો વિચારોની ખૂટતી કડીઓ મેળવવામાં ખૂબજ ઉપયોગી થઈ પડી હતી. પોતાની નોંધનો ઉપયોગ કરવાની અનુમતિ આપવા, તે ઉભય એનોનો પણ અત્યંત આભારી છું.

પુસ્તકની હસ્તપ્રત તપાસી જવાની વિનંતી સ્વીકારી તે તપાસી જવા અને યોગ્ય સૂચન કરવા માટે શ્રી. નવિન મ. ભટ્ટનો અત્યંત આભારી છું. પરમાત્માના ગુણાનુવાદ શ્રવણ કરવાની અને તેની દિવ્ય વાણીને ગંથસ્થ કરવા તક પ્રાપ્ત થવા માટે સપ્તાહના પ્રયોજક શ્રી. વેણીશંકર મ. શુકલનો આભાર માનું તેટલો ઓછો ગણાશે. કારણકે योजकस्तत्रदुर्लभः

"શ્રીમદ્ ભાગવત વિચાર દર્શન" માં મારું કહી શકાય તેવું ખાસ કરીને કશુંજ નથી. શ્રી. ભટ્ટની વાણીનોજ એ સંગ્રહ છે. એમાં જે કંઇ ક્ષતિ-ત્રુટિ જણાય તે મારી હશે અને પાઠકગણ તે માટે ઉદાર ભાવે ક્ષમા કરશે એવી આશા છે. અલ્પસમયમાં પુસ્તક પ્રગટ કરવાનું હોવાથી, ઊતાવળમાં થયેલા પ્રૂફ વાંચનને કારણે મુદ્રણ દોષો જે અલ્પ પ્રમાણમાં રહી ગયા છે તે માટે પણ વાંચકોની ક્ષમા યાચું છું.

અંતમાં પરમકૃપાળુ યોગેશ્વર શ્રીકૃષ્ણ પરમાત્મા સર્વનું સર્વ પ્રકારે કલ્યાણ કરો એવી નમ્ર પ્રાર્થના કરું છું. તેમજ પવિત્ર પ્રાણવાન અને ઓજસ્વી વિચારોથી ભરપૂર એવાં આ પ્રવચનોની સંહિતારૂપ પુસ્તક વગરનું એક પણ ઘર ન રહો એવી ભદ્રભાવના સાથે વિરમું છું.

हरिः ॐ तत् सत्

અમલસાડ.
તા. ૨૨-૨-૫૩

લિ૦ વિનીત નિવેદક,
મગનલાલ ગોવિંદરામ વ્યાસ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવત ઉપર વિહંગ દૃષ્ટિ

॥ ॐ नमो भगवते वासुदेवाय ॥

निगमकल्पतरोर्गलितं फलं शुकमुखादमृतद्रवसंयुतम् ।
पिबत भागवतं रसमालयं मुहुरहो रसिका भुवि भावुकाः ॥
भा प्रकाशे चिदानंदे गतिर्यत्र न विद्यते ।
वरेण्यं सर्वशास्त्रेषु तरणिर्भव सागरे ॥

યોગેશ્વર શ્રીકૃષ્ણ પરમાત્માના જીવનને સોળે કલાએ નિહાળવું હોય, તેના અત્યંત પ્રભાવશાળી જીવનના તમામ સુરેખ અને ઝળહળતા પાસાનું અવલોકન કરવું હોય તો તે શ્રીમદ્ ભગવદ ગીતામાં નહીં, શ્રીમહાભારતમાં નહીં પણ શ્રીમદ્ ભાગવતમાંજ શક્ય બનવાનું. જે ગ્રંથે ભારતીય સંસ્કૃતિને અમર બનાવી, જેના ઉપર અનેક ટીકાગ્રંથો રચાયા, જેણે ભવાટવિમાં ભૂલા પડેલા જીવાત્માઓને જીવનનું સાચું રહસ્ય બતાવી, પ્રભુના પંથે પ્રયાણ કરાવી પરમપદની પ્રાપ્તિ કરાવી, જેણે અનેક સંત અને સંતપ્ત હૈયાંને સાન્ત્વન આપ્યું, ત્રિવિધ તાપથી બળ્યાઝળ્યા રહેતા આત્મા ઉપર અમી છાંટણાં છાંટી શીતળતા અર્પી, જે ગ્રંથરત્નના એકેક શબ્દ પર અકેક ગ્રંથ રચી શકાય એવા વિશ્વસાહિત્યના એ બેનમૂન–અદ્વિતીય ગ્રંથ ઉપર વિહંગ દૃષ્ટિ નાંખવી એ મારા જેવા અલ્પજ્ઞ માટે તો એક સાહસ અને ધૃષ્ટતાજ કહેવાય. દુઃસહ અનધિકાર ચેષ્ટા ગણાય; પરંતુ પાવકના એક નાનાશા તણખામાં પણ પાવકના ગુણધર્મો તો રહેલા જ છે ને?

વિશ્વભરના વાઙ્મયમાં રામાયણ, મહાભારત, ગીતા અને શ્રીમદ્ ભાગવત એ ગ્રંથચતુષ્ટયીનું સ્થાન અજોડ છે. એ ગ્રંથોની તુલનામાં આવી શકે, એની હરીફાઇ કરી શકે તેવો એક પણ ગ્રંથ વિશ્વસાહિત્યમાં મળી શકે તેમ નથી. આ ચાર ગ્રંથરત્નોમાંયે શ્રીમદ્ ભાગવતનું સ્થાન અનોખું અને સર્વશ્રેષ્ઠ છે. ગીતા, ઉપનિષદો, બ્રહ્મસૂત્રો પ્રસ્થાત્રયીનો નિચોડ છે તો શ્રીમદ્ ભાગવત એ ગીતા ઉપરનું મહાભાષ્ય છે. ગીતાના અઢાર અધ્યાયોમાં રહેલા જ્ઞાન, ભક્તિ અને કર્મયોગની શ્રીમદ્ ભાગવતે અઢાર હજાર શ્લોકો દ્વારા સુંદર, સુરેખ, સુસ્પષ્ટ અને કાવ્યમય શૈલીમાં વિશદ વર્ણન–છણાવટ કરી છે. એમાં પાંડિત્ય અને કવિત્વનો મણિકાંચન યોગ છે.

શ્રીમદ્ ભાગવત સર્વ સંદેહને દૂર કરનાર ગ્રંથ છે. વેદમાં સંદેહ થાય તો તેને ગીતા દૂર કરે છે, ગીતામાં સંદેહ રહે તો તે બ્રહ્મસૂત્રો દૂર કરે છે અને બ્રહ્મસૂત્રમાં રહે તો શ્રીમદ્ ભાગવત અવશ્યમેવ દૂર કરે છે. એ સર્વશ્રેષ્ઠ, વિશ્વવંદ્ય મહાગ્રંથ અને મહાકાવ્ય છે કારણ કે એ મહાગ્રંથનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાવ્ય, સૌંદર્ય, તાત્વિક રહસ્ય અને વિષયોનું વૈવિધ્ય વિદ્વદ્માન્યજ નહીં કિન્તુ વિદ્વાનોની કસોટી કરનારું છે. પ્રાચીન સમયમાં વિદ્વાનોની વિદ્વત્તા–જ્ઞાનની પરીક્ષાનું મુખ્ય સાધન ભાગવતજ હતું. અને તેથીજ વિદ્યાવતાં ભાગવતે પરીક્ષા એવી ઉક્તિ પ્રચલિત બની છે. સંસ્કૃત વાઙ્મય અને પુરાણ સાહિત્યમાં શ્રીમદ્ ભાગવતનું સ્થાન અનોખું હોવાનું કારણ એ છે કે એ જ્ઞાન ભક્તિ અને વૈરાગ્યનો અદ્ભુત ગ્રંથ છે. એમાં આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક બાબતોનું તથા વેદોના રહસ્યનું અપ્રતિમ વર્ણન કરવામાં આવેલું છે. શ્રીમદ્ ભાગવત દ્વારાજ વેદોનાં ગૂઢ રહસ્યો છતા થઈ શક્યાં છે.

રામાયણ, મહાભારત અને શ્રીમદ્ ભાગવત એ ગ્રંથત્રિપુટિએ જ સામાન્ય તથા અજ્ઞાન જનતાને માટે આર્ય સંસ્કૃતિનું જ્ઞાન સરળ અને સુલભ બનાવ્યું છે. આજે પણ કરોડો ભારતવાસીઓના હૃદયસમ્રાટો શ્રી રામ અને શ્રી કૃષ્ણજ કાયમ રહ્યા છે. મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્ર અને પૂર્ણાવતાર યોગેશ્વર શ્રી કૃષ્ણચંદ્રનું જ આર્યજનોના હૃદય ઉપર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે. એ છે રામાયણ, મહાભારત, ગીતા અને શ્રીમદ્ ભાગવતનું મહત્વ. એ મહાગ્રંથોએ જ આર્યસંસ્કૃતિનો દીપ અદ્યપિપર્યંત પ્રજ્વલિત રાખ્યો છે. મહાભારત એ જ્ઞાનપ્રધાન ગ્રંથ છે. રામાયણ એ કર્મપ્રધાન–સામાજિક આદર્શ અને આચારપ્રધાન ગ્રંથ છે. જ્યારે શ્રીમદ્ ભાગવત એ જ્ઞાન અને કર્મયુક્ત ભક્તિરસપ્રધાન ગ્રંથ છે. આથી સર્વ સામાન્ય જનતા માટે મહાભારત શ્રદ્ધાની, રામાયણ આદરની અને શ્રીમદ્ ભાગવત ભક્તિની વસ્તુ બની રહી છે. ટૂંકમાં પરમાત્માનું મસ્તિષ્ક જો મહાભારત છે તો રામાયણ તેનાં નેત્રો છે અને શ્રીમદ્ ભાગવત તો પરમાત્માનું હૃદય છે. મહાભારતના શ્રીકૃષ્ણ જ્ઞાન ગંભીર–રાજનીતિજ્ઞ છે જ્યારે શ્રીમદ્ ભાગવતના કૃષ્ણ જનતાના હૃદયસ્વામી–પ્રેમપાત્ર છે.

એ તો ચોક્કસ જ છે કે શ્રીમદ્ ભાગવત એ સંસ્કૃત વાઙ્મયની સર્વોત્કૃષ્ટ પરિણતિ છે. જીવાત્માના–પ્રાણીમાત્રના પરમકલ્યાણને માટે જ શ્રીમદ્ ભાગવતનો પ્રાદુર્ભાવ થયો છે. ભગવાન સ્વયં વાઙ્મયી–મૂર્તિ ધારણ કરી ભાગવતના રૂપમાં જનતા સમક્ષ પ્રગટ થયા છે. ભગવાન અને શ્રીમદ્ ભાગવતનો તો એ આશ્રયાશ્રયી ભાવ–પ્રતિપાદક–પ્રતિપાદ્ય ભાવ સંબંધ છે. એમાં ભક્તિને મુક્તિ કરતાં પણ વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. જ્ઞાન અને ભક્તિ એ એના અંતરંગ ભાવો છે. ત્રીજું મહત્વનું અંગ સ્તુત્યાત્મક છે અને ચોથું ગીતાત્મક છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવતની વિશિષ્ટતા એ છે કે એના પ્રતિપ્રાદ્ય આશ્રય સ્વરૂપ સ્વયં પરમાત્મા-ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર છે.

अन्ये चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम्

અર્થાત્ ભગવાનના અન્ય અવતારો તો તેના અંશ માત્ર છે. પરંતુ શ્રીકૃષ્ણાવતાર એ પરિપૂર્ણ અવતાર છે.

ભક્તિ અને જ્ઞાનની અનુપમ લ્હાણી કરી ભાગવતે પ્રાણીમાત્રના ત્રિવિધ તાપો-ભવના રોગો ટાળી પરમશાંતિ અર્પી છે. એમાં ભગવાનની દશવિધ લીલાનું નિરુપણ કરવામાં આવ્યું છે. વળી ભાગવતના બાર સ્કંધો એ ભગવાનના બાર અંગો છે એમ એના મર્મજ્ઞો પ્રતિપાદન કરે છે.

શ્રીમદ ભાગવતની ભાષાને સમાધિભાષા કહેવામાં આવે છે. સમાધિમાં પરમતત્વનો અનુભવ કરી ભગવાન વ્યાસે તેને જનતા સમક્ષ પ્રગટ કર્યાં. આથી ભાગવતની ભાષાને સમાધિભાષા કહેવામાં આવે છે. પરમાત્માનો યોગથી સાક્ષાત્કાર કરી રજૂ કરેલી હકીકત હમેશાં શ્રેષ્ઠ પ્રમાણભૂત મનાય છે.

વ્યાસ ભગવાન તો મહાજ્ઞાની હતા. મહર્ષિ હતા. પુરાણો, મહાભારત, ગીતા, બ્રહ્મસૂત્રોના રચયિતા હતા. ત્રિકાલદર્શી હતા છતાંએ બધા ગ્રંથો રચ્યા છતાં પણ તેના આત્માને ચેન નહોતું. હમેશાં કવિ અકથ્ય અને અગમ્ય મૂંઝવણ અનુભવતા હતા. એવી સ્થિતિમાં એક દિવસ મહર્ષિ નારદજીનું તેમની સમક્ષ આગમન થાય છે. વ્યાસ ભગવાનના મુખ પર વિષાદની ઘેરી છાયા ફરી વળેલી હતી. અસ્વસ્થ ચિત્તવાળા જણાતા હતા. નારદજી વ્યાસ ભગવાનને તેમની બેચેની અને અજંપાનું કારણ પૂછે છે. વ્યાસ ભગવાન પ્રત્યુત્તરમાં પુરાણો મહાભારત, ગીતા, બ્રહ્મસૂત્રો વગેરે પરમ તત્વનાં નિરૂપક ગ્રંથો લખ્યા છતાં પોતાના આત્માને અશાંતિ રહેતી હોવાનું નારદજીને જણાવે છે. નારદજી શાંતિ પ્રાપ્ત કરવાનો માર્ગ ચીંધે છે. તે જણાવે છે કે હે મહર્ષિ તમે વેદોને વ્યવસ્થિત કર્યા, પુરાણો લખ્યાં, ગીતા લખી, બ્રહ્મસૂત્રો લખ્યાં એ બધા ભગવદ્ પ્રાપ્તિના જ્ઞાનમાર્ગો છે. આથી એ શુષ્ક બન્યા છે. તમે તેમાં ક્યાંયે ભગવાનના ગુણાનુવાદ ગાયા નથી. પરમાત્માના ગુણાનુવાદથીજ તમારો અજંપો દૂર થશે અને પરમશાંતિ પ્રાપ્ત કરશે. ભગવાનના પરમ લાડીલા ભક્ત નારદજીના ઉપદેશથી સમાધિ અવસ્થામાં રહી ભગવાનના સાક્ષાત્કારનો અનુભવ કરી શ્રીમદ્ ભાગવતની રચના કરી ત્યારેજ વ્યાસજીના આત્માને કળ વળી અને પરમ શાંતિનો અનુભવ થયો. શ્રીમદ્ ભાગવતમાં જ્ઞાન-ભક્તિ અને વૈરાગ્યનો એટલો સુંદર સમન્વય છે કે તેવો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કોઇપણ ગ્રંથમાં શોધ્યો જડે તેમ નથી. ભક્તિ રસ તો ખાણ છે–મહાસાગર છે. ભક્તિની સાથે ઉત્તમોત્તમ તત્વજ્ઞાન–આત્મજ્ઞાન એમાં સભર ભર્યું છે. ભક્તિ વિનાના જ્ઞાન અને વૈરાગ્ય પાંગળા છે એ વ્યાસ ભગવાને શ્રીમદ્ ભાગવતમાં યોગેશ્વર શ્રીકૃષ્ણચંદ્રના જીવન પ્રસંગો, ભક્તોના ચરિત્રો, અને ભક્તિરસ પૂર્ણ આખ્યાયિકાઓદ્વારા સુંદર રીતે પ્રતિપાદિત કર્યું છે.

શ્રીમદ્ ભાગવત જીવન અને મરણની કલા શિખવે છે. મૃત્યુને ડારતાં, મૃત્યુને મારી નાંખતા અરે! મૃત્યુને પ્રેમથી આલિંગન કરતાં શિખવે છે. વ્યાસ ભગવાનની સર્વતોમુખી પ્રતિભા અને જ્ઞાન પણ અજોડ છે. વ્યાસના જેવો પુત્ર જગતમાં કોઈ જનનીએ અદ્યપિપર્યંત જન્માવ્યો નથી. વ્યાસોચ્છિષ્ટમ્ જગત્ સર્વમ્ એ ઉક્તિ સંપૂર્ણ સત્ય છે. શ્રીમદ્ ભગવદ ગીતા અને શ્રીમદ્ ભાગવતથી વ્યાસ ભગવાને સાચેજ અજરત્વ અને અમરત્વ પ્રાપ્ત કર્યું છે. આપણી પ્રાચીન આર્યસંસ્કૃતિ અને તેના લાંબા ઇતિહાસને સમજવાને માટે શ્રીમદ્ ભાગવત એવો તો અમૂલ્ય ગ્રંથ છે કે પ્રાચીન ગ્રીકસંસ્કૃતિ સમજવા માટે હોમર, અથવા પ્રાચીન યાહુદી સંસ્કૃતિ ઉકેલવા માટે ઓલ્ડ ટેસ્ટામેન્ટ જેટલાં આવશ્યક છે તે કરતાં આપણી પ્રાચીન સંસ્કૃતિના સંબંધમાં શ્રીમદ્ ભાગવત વધારે આવશ્યક છે. એના ઊંડા તલસ્પર્શી અભ્યાસ અને મનનથી ભૂતકાળના ઘણા તંતુને ઉકેલવામાં આપણને અનેક જાતની તેમજ કેટલીક અણધારી રીતે ઘણી ઘણી મદદ મળી રહેશે. ધર્મ સમાજ, નીતિ અને વિચારાચારને લગતી ઘણીયે બાબતોને આપણે સનાતન-ઇશ્વર-શાસન અને આપણી સંસ્કૃતિના ધન્ય વારસાની ખાસ સાત્વિક સંપત્તિ જેવી માનીએ છીએ તે અંગેના આપણા કેટલાક ભ્રમો દૂર થશે અને વધુ સ્પષ્ટ દર્શન પ્રાપ્ત થશે. આપણે અત્યારે જાણતા જ નથી અગર ભૂલી ગયા છીએ અગર ગૌણ ગણીએ છીએ એવી આપણા વારસાની કેટલીક સંપત્તિ વધુ નિર્મળ અને સતેજ બનશે અને અનેકાનેક પ્રકારે અને ચારે દિશામાં જે સમુન્નતિ વાંચ્છીએ છીએ તે આપણા પુરૂષાર્થ મંથનમાં શ્રીમદ ભાગવતનું વિચારદર્શન આપણને નવી દિશાઓ સુઝાડશે, નવો પ્રકાશ આપશે, સનાતન સત્યોને સમજવાની નવી દૃષ્ટિ આપશે. ઋષિ પ્રતિભાના યથાર્થ દર્શન કરાવશે અને સાચી સમજ અને શક્તિઓ આપશે. લગભગ બે હજાર વર્ષથી પોષાતો આવેલો, વિશ્વવંદ્ય અને માન્ય એવો શ્રીમદ્ ભાગવતનો ગ્રંથ ખરેખર ચતુર્વિધ પુરુષાર્થ માટેની મહાસંહિતા છે.

શ્રીમદ્ ભાગવતના તલસ્પર્શી અભ્યાસી વિદ્વદ્રત્ન શ્રી. નલિન મ. ભટ્ટે લેખો અને પ્રવચનોદ્વારા શ્રીમદ્ ભાગવતની મહત્તા દર્શાવતું જે હૃદયંગમ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વર્ણન કર્યું છે તેમાંની મહત્વની કંડિકાઓ અત્રે રજૂ કરવાની લાલચ રોકી શકતો નથી. તેમણે પોતાની ઓજસ્વી અને પ્રાસાદિક વાણીમાં જણાવ્યું છે કેઃ–

"શ્રીમદ્ ભાગવત માનવમાત્ર માટે આલોક અને પરલોકનું અખૂટ ભાથું છે. શ્રીમદ્ ભાગવતની પાવનશક્તિ અજોડ છે. જેણે ભારતવર્ષમાં જન્મ ધરી ભાગવતનું જ્ઞાનામૃત અને ભક્તિરસ નથી ચાખ્યાં તેનું તેટલું દુર્ભાગ્ય. હૃદય, મન અને મતિના શોધન માટે એનું પઠન અદ્વિતીય છે. પરમાત્માને પામી ચૂકેલા જીવોનો એ હેવાલ છે. એવાઓની પરમાત્મા ઉપરની એ નોંધપોથી છે. પરમાત્માની જાગૃત અવસ્થામાં મુલાકાતનાં એમાં હૃદયોલ્લાસ અને સત્યભર્યાં વર્ણનો છે. ભૂમાના સ્પર્શની એમાં રસોજ્જ્વલ લહરી છે. અનલ્પમાં વિહારની એ મહાગાથા છે. જે કોઈ જીવે અલ્પનો સંગ છોડી અનલ્પમાં કૂચ કરવી હોય, અનૃતનો ત્યાગ કરી સત્યમાં પ્રવાસ કરવો હોય, દુઃખના દાવાનલમાંથી બચી સુખના અતલ અપાર સમુદ્રમાં નિરન્તર ડૂબકી મારવી હોય, જેને આત્મલોકના મનોહર, હૃદયંગમ, શાન્તિદાયી, પાવન આશ્ચર્યો જોવાં હોય, જનનીનાં જોબન ભવિષ્યમાં ન હરવાં હોય, અખિલ સૃષ્ટિ માટે કેવળ શિવરૂપ જીવન જીવવું હોય, પ્રેમનાં પરમોદાર રહસ્યો ભેદવાં હોય, જીવતાં જાગતાં ભગવાનનો સમાગમ કરવો હોય, તેણે ભાગવતને ખોળે માથું મૂકવું ઘટે. એ રસખાણથી કોઇ ધરાતો નથી. એ રસખાણમાં ગયા બાદ બીજો કોઈ રસ ખપતો નથી. परं दृष्ट्वा रसोप्यस्य निवर्ततेનો એ અનુભવ કહે છે. હે અમૃતના સંતાનો! આવો! ભગવાન શુકદેવજીનું, પરમપ્રેમ યોગીનું–આપણને સૌને આમંત્રણ છે કે पिवत भागवतं रसमालयम् मुहुरहो रसिकाः भुवि भावुकाः!! ભાગવતના એ રસાલયમાં કોઇને નિષેધ નથી. સૌકોઇ વિના વિધિનિષેધે એના પાન કરી શકે છે. રૂઢ સંન્યાસી હો કે રૂઢ ગૃહસ્થી હો, પુણ્યપૂંજની મૂર્તિ હો વા પાપની પ્રતિમા હો, મુક્ત હો કે બદ્ધ હો, આસ્તિક હો કે નાસ્તિક હો, જ્ઞ હો કે ઢ હો, દુનિયાને જડેલો હો કે ખોવાયેલો હો, રોગી હો કે નિરોગી હો, સ્ત્રી હો વા પુરૂષ હો, જે કાંઇ અને જે કોઈ હો, કોઇ ચિંતા નથી!–આવો, ભાગવત આપણને સૌને પાવન કરશે. સૌને પ્રભુને પંથે લઈ જશે. સૌને જીવવાની અને મરવાની કળા શિખવશે. સૌનો એક સરખો આદર કરશે. આપણા જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યને ઉજ્જ્વલ અને દૃઢ કરશે. સદ્ગુણોની અખૂટ પૂંજી દેશે. દુર્ગુણોને ખાક કરશે. सर्वभूतहितेरत—ભારતની એ ભવ્ય મધુરી આકાંક્ષા છે. સૌની સાથે સુમેળ સાધવાની એની આંતર કામના છે. વિશ્વને વહાલનાં આલિંગનમાં સમાવી લેવાની એની આંતર અભિલાષા છે. શ્રીમદ્ ભાગવત–

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગીતા વગેરે એના ઉપાયો છે. ભાગવતની માધુરી અજોડ છે. એક વખત એ ચિદાનન્દ મૂર્તિની ફૂંક મળતાં જીવન કૃતકૃત્ય થઇ જશે.

શ્રીમદ્ ભાગવતની હરોળમાં ઉભો રહી શકે એવો ગ્રંથ હજુ જન્મવાનો છે.. વિશ્વભરના વાઙ્મયમાં એ અજોડ અને બેનમૂન છે. એ માનવમાત્રની કામધેનુ છે. આ અલ્પોક્તિ હશે. અત્યુક્તિ નથી. પ્રસ્થાનત્રયી-ઉપનિષદો વેદાન્તસૂત્રો અને ગીતાના જ સૂક્ષ્મતમ અર્થોને લોકભોગ્ય શૈલીમાં રજૂ કરનાર એ મહાગ્રંથ છે. માનો પ્રસ્થાનત્રયીના ઉપર જ એ સૌથી પ્રથમ, સરસ, પ્રાસાદિક, મધુરતમ, ઓજસ્વી, અને સમાધિમય ભાષ્ય છે. માનવ-ચિંતનનું એ અપ્રતિમ ફળ છે. યુગ યુગના શાણપણનો એ સંચિત, રસઘન, પાવન અક્ષરાવતાર છે. ભાગવત છે ત્યાં સુધી માનવ સંસ્કૃતિ નાશ નહીં પામે. વિશ્વની તમામ પ્રજાઓની તમામ ભાષામાં આ ઇશ્વરીય ગ્રંથનો અનુવાદ થવો ઘટે. જગત જીવનની કોઈપણ અવસ્થામાં ભાગવતનો અભ્યાસ કેવળ હિતકર છે. ખાસ કરીને ભારત વર્ષના ઋષિ હૃદયના ધબકારા, લોકહિત માટેની અવિરત ચિંતા, સાધના, પરિશ્રમ અને ખેવના, લોકસંગ્રહ માટેનો ભવ્ય પુરુષાર્થ, સત્ય ચિંતન અને કથન માટેનો ભારે પ્રેમ, લોકજીવનને ઇશ્વરમય કરી નાંખવાની કુશળતા શ્રીમદ્ ભાગવતમાં જેટલાં સ્પષ્ટ થાય છે તેટલાં બીજે ભાગ્યે જ હશે. સત્યંપરંધીમહિતી પેઢી દર પેઢી ચાલતી ઉપાસના, સત્યમેવ જયતે માં અતૂટ શ્રદ્ધા, "सत्यान्नास्ति परोधर्म"નો વિશ્વાસ ક્યાંયે જો વધારેમાં વધારે ઉજ્જવળ રીતે વ્યક્ત થતો હોય તો તે ભાગવતમાં છે. ભાગવત કોઈ સાંપ્રદાયિક ગ્રંથ નથી. વેવલાપણાનું પ્રચાર ખાતું નથી. જડ અને અપ્રવાહી રીત રિવાજોની સંહિતા નથી. ભાગવત તો ભારતની ઋષિ પ્રતિભાનો સોળે કળાયે પ્રકાશતો સચ્ચિદાનંદની અમી વરસાવતો ચંદ્ર છે. શ્રીમદ્ ભાગવત "પુરાણ" છે પણ એ શબ્દના સાચા અર્થમાં એટલે કે पुरा अपि नवम्–જૂનું છતાં સદા નવું છે. કારણ કે એ જગતની કોઈપણ અવસ્થાએ સાચાં મૂલ્ય સમજાવે છે. એ ધન છે પણ વૈષ્ણવોનું અને વૈષ્ણવ એટલે કોઇ સંપ્રદાય નહીં–નરસિંહ મહેતાનો વૈષ્ણવ અગર તો પરમાત્માનો લાલ. એમાં જ્ઞાન છે પણ તે "पारमहंस्य" જ્ઞાન છે. એટલે કે પરમહંસને લગતું જ્ઞાન છે. એટલે કે પરમ પ્રગતિશીલ આત્માને લગતું જ્ઞાન છે. એમાં "नैष्कर्म्य"નો આવિષ્કાર છે પણ તે લુખ્ખો નહીં. "ज्ञानविरागभक्तिसहित" છે. "तत् श्रृण्वन् विपठन् विचारणपरो मक्तया विमुच्येत् नरः" એ ભાગવતનું અધિકારી જીવ પાસે પ્રેમથી શ્રવણ અને વિશેષ અભ્યાસ કરવાથી વિચારશીલ જીવ મુકત થાય છે. આ ફળશ્રુતિ કેવળ સત્ય છે. [નલિન મ. ભટ્ટ]

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભારતીય સંસ્કૃતિ મૂળથી જ ભૌતિક વિકાસ કરતાં આધ્યાત્મિક વિકાસને પ્રાધાન્ય આપે છે. આધ્યાત્મિકતા તો ભારતીય સંસ્કૃતિનું કરોડ-રજ્જુ છે. એ ઇશ્વરનિષ્ઠ સંસ્કૃતિ છે. ઇશ્વરને જ પ્રધાન માની અન્ય સર્વને ગૌણ સ્થાન આપ્યું છે. સત્યં પરં ધીમહિ--સત્યની આરાધના, આત્મજ્ઞાન–સાક્ષાત્કાર અને તેનત્યક્તેન મુઞ્ચીથાઃ–એ ભારતવર્ષની યુગોના યુગોથી ચાલતી આવેલી સાધના છે. એની જીવનધારણા, ધ્યાન અને ધ્યેય ઇશ્વર જ રહ્યા છે. આત્મકલ્યાણને અનુલક્ષીને જ સર્વ વિચારણા કરવામાં આવી છે. વિશ્વની અન્ય સંસ્કૃતિઓએ ઇશ્વરને ગૌણ રાખી તે સિવાયના બીજા બધાને પ્રાધાન્ય આપ્યું છે. બ્રહ્માના ચતુર્મુખો, અને શેષનાગની સહસ્ર જીહ્વાઓ પણ જેના ગુણાનુવાદ ગાતાં થાકી જાય એવા પરમતત્વ–સત્યસંકલ્પ પરમાત્માની આરાધના એજ આ દેશની સંસ્કૃતિના પાયામાં રહેલી વસ્તુ છે.

વિશ્વની માનવ સંસ્કૃતિના મૂળ ભારતમાં છે. આખું જગત આજે જ્વાળામુખી ઉપર ઉભું છે. વિગ્રહના અને વિનાશના દુદુંભીનાદ ગાજી રહ્યા છે. પ્રલયનો ચરૂ ઉકળી રહ્યો છે. ખદબદતા વિશ્વના હૂંકાર ચોમેર સંભળાય છે. વિનાશક શસ્ત્રાસ્ત્રોના ઢગ દિનપ્રતિદિન વધુને વધુ ખડકાયે જાય છે. માનવ સંસ્કૃતિ જાણે શસ્ત્રોના કવચ ધારણ કરીને ઉભી છે. એવા વિષમકાળમાં ભારતીય સંસ્કૃતિ, વિશ્વ શાંતિના કાર્યમાં પ્રશંસનીય ફાળો આપી શકે છે. પણ તે માટે પ્રથમ ભારતે પોતાની અસ્મિતા સિદ્ધ કરવી પડશે. એની પોતાની સંસ્કાર લક્ષ્મીને કાળના કાટમાંથી બહાર કાઢી ફરતી કરવી જોઇશે. આપણે કોણ હતા અને કોણ છીએ તે જો આપણે ભૂલી જઇએ, પરાઇ સંસ્કૃતિના પડઘા પાડીએ, તેની એટલે કે વિદેશી રીત રસમોને અપનાવી તેના ટોળામાં દાખલ પડી જઇએ તો આપણી આર્ય સંસ્કૃતિની વિશિષ્ટતા મરી પરવારશે. મનુષ્ય જીવન એ શાશ્વત સુખનું સાધન છે. પણ એ સુખ સસ્તું નથી. સસ્તું હોય તે શાશ્વત રહેતું નથી. માનવ જીવનનું અન્વેષણ કરીને આપણા ઋષિ મહર્ષિઓએ અને તત્વજ્ઞાનીઓએ એના શાશ્વત સુખની ચાવીઓ બતાવેલી છે. આત્મા એ શોધી શકે. આપણે ભૂલી જઇએ છીએ કે આપણો દેશ આપણી સંસ્કૃતિ એ સુજનજૂનાં છે. ગમે તે બાજુથી જુઓ તોયે નગદ તે નગદ! ગમે તેટલું તાવો તોયે વિશુદ્ધ! કઈ તાવણીમાં આપણો દેશ તવાયો નથી? આકરામાં આકરી કઇ અગ્નિ પરીક્ષામાંથી એ વિશુદ્ધ કંચનવર્ણો નીકળ્યો નથી! દુનિયાના કંઇક દેશો ટપ ઉગ્યા અને ટપ કરમાયા. કંઇક દેશોની સંસ્કૃતિઓ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાળના ઝંઝાવાતે પાંદડાંની જેમ ખરી પડી ! કેટલીક ઉગરી અને ટકી પણ એ બધી પુરાણી સંસ્કૃતિમાંથી સર્વથી પુરાણી એવી ભારતીય સંસ્કૃતિ અનંતકાળથી ટકી રહી છે. અને ભારતીય સંસ્કૃતિ અદ્યપિપર્યંત ટકી રહી છે તેનું કારણ એની ભૌતિક–વૈજ્ઞાનિક કે યાંત્રિક સિદ્ધિમાં નથી. પણ એના આત્માના મૂલ્યાંકનના સ્વીકૃત અને સ્થાપિત આધારમાં છે. આપણી પાસે એના અખૂટ ખજાના ભરેલા છે. આપણે સંસ્કૃતિના દાનના દેનારા છીએ, કેવળ લેનારા નથી. આપણી જીવન પ્રણાલિકાઓ સર્વાંગી અને પરિપૂર્ણ છે. આપણે કાયિક, બૌદ્ધિક કે માનસિક વિકાસને પૂરક ગણ્યાં નથી. આપણે તો માનવીને સંપૂર્ણ માનવી ગણ્યો છે. અને મનુષ્ય જીવનની વિવિધ બાજુઓનો વિધાયક માન્યો છે. ભારત તેની આત્મલક્ષીવૃત્તિ રખે ગુમાવે? એના વગરનો છતી લક્ષ્મીએ જગત કંગાળ બન્યું છે અને બનશે. આર્ય જનતા જો એ સંસ્કારલક્ષ્મી–આધ્યાત્મિકતા ગુમાવશે તો ભારતને પામર અને પાંગળુ બનાવશે. જો આપણી સંસ્કૃતિને જાળવીશું તો વિશ્વની માનવ સંસ્કૃતિને સમૃદ્ધ કરી શકીશું. આપણા ધર્મકર્તવ્યમાં આપણા ખરા ગુરૂપદનો આધાર છે. જો એ ચૂકીશું તો જગતની બીજી સંસ્કૃતિના દીવડા જેમ ઘડીક સળગીને હોલવાય છે તે સ્થિતિ આપણી થશે. એમાંથી ઉગરવાનો–ભારતીય સંસ્કૃતિની રક્ષાનો એકમાત્ર ઉપાય શ્રીમદ્ ભાગવત આપણને બતાવે છે. અને તે શુદ્ધ ચિત્તથી ભક્તિપૂર્ણ હૃદયથી સત્યની આરાધના.....

ઇંગ્લેંડનો આત્મા તેની સંસદી સરકાર (Parliamentary gavernment) દ્વારા વ્યક્ત થયો છે. અમેરિકાનો આત્મા સમાનતા અને લોકશાસનના આદર્શોમાં અભિવ્યક્ત થયો છે. રશિયાનો આત્મા બોલ્શેવીઝમ–કમ્યુનીઝમમાં વ્યક્ત થયો છે. અન્ય રાષ્ટ્રનો આત્મા સમાજવાદ–સોશ્યાલીઝમમાં વ્યક્ત થયો છે. પરંતુ ભારતનો આત્મા તો આધ્યાત્મિક માર્ગોએજ વ્યક્ત થતો રહ્યો છે. ઇશ્વરનું અસ્તિત્વ, આત્માની દિવ્યતા, બ્રહ્મજ્ઞાન, આત્મજ્ઞાન અને આત્મસાક્ષાત્કાર અને સર્વધર્મોની સુસંવાદિતા એ ભારતીય સંસ્કૃતિના–ભારતીય તત્વજ્ઞાનના વ્યાવર્તક લક્ષણો છે. ભારતની ઋષિ સંસ્કૃતિએ ભારતીય પ્રજામાં આધ્યાત્મિક જાગૃતિ પ્રેરી છે. આજે જગત ઉપર વિનાશના વાદળાં ઘેરાયલાં છે. જગત ભયગ્રસ્ત બન્યું છે. સર્વત્ર મૃત્યુના ઓળા ઊતરી રહ્યા છે. પૂર્વની અને પશ્ચિમની સંસ્કૃતિની તાવણી થઈ રહી છે. ક્રાન્તિના પૂર ધૂધવી રહ્યાં છે, તેવા સમયે દુનિયાનું નૈતિક અને આધ્યાત્મિક નેતૃત્વ ભારતજ એટલે કે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભારતીય સંસ્કૃતિજ લઈ શકે તેમ છે અને તેમ થશે ત્યારેજ જગત ઉપરથી વિપત્તિનાં અને સંહારનાં વાદળો વિખરાશે અને વિશ્વશાંતિની સ્થાપના થશે. વિશ્વપ્રેમ અને વિશ્વબંધુત્વનો ભારતીય પયગામજ વિશ્વને-વિનાશમાંથી ઉગારી તેનો ઉદ્ધાર કરી શકશે. જગતની પ્રજાઓ આત્માને ઓળખતી થશે ત્યારેજ શાંતિની આશા રાખી શકાશે. વૈજ્ઞાનિક વિચાર-સરણી વિકસાવવામાં પશ્ચિમની દુનિયા મોખરે રહી છે જ્યારે પૌર્વાત્ય દુનિયા આધ્યાત્મિક સત્યોની સમૃદ્ધિ ધરાવે છે. સર્વનાશને પંથે પડેલા જગતને ભારતીય સંસ્કૃતિ-તેનું આધ્યાત્મિક જ્ઞાનજ બચાવી શકે તેમ છે. ભારતીય સંસ્કૃતિમાં ઇશ્વરનો સાક્ષાત્કાર એ જીવનનું ધ્યેય છે. ઇશ્વર સર્વત્ર છે એટલે પ્રાણીમાત્રમાં-જડ અને ચેતનમાં વસે છે-ईशावास्यमिदंसर्वम्... એનું ભાન થવું જોઈએ. પરમાત્માનું એક સ્વરૂપ સચ્ચિદાનંદ છે. શાશ્વત ટકનારી જો કોઈ વસ્તુ હોય તો તે ઇશ્વરજ છે. કારણ કે તે અવિનાશી છે. આથી ઇશ્વરપ્રણિધાન-ઇશ્વરની આરાધના એજ જીવનનું ધ્યેય હોવું જોઈએ.....

મહાભારત જેમ એક મહાન સામાજિક સત્યનો દૃષ્ટાંત ગ્રંથ છે તેમ શ્રીમદ્ ભાગવત એ આધ્યાત્મિક સિદ્ધાંતોનો ગ્રંથ છે અને તેમાં ભક્તિરસ પ્રાધાન્ય હોવાથી ભક્તિશાસ્ત્ર પણ કહેવામાં આવે છે. ઉત્તમ ગ્રંથનું લક્ષણ તેની અર્થઘનતા છે. જે ગ્રંથ તત્વબોધ અને અર્થનું ઊંડાણ વધાર્યાજ કરે એવા અર્થઘન ગ્રંથનેજ ઉત્તમ ગ્રંથી કહી શકાય. શ્રીમદ્ ભાગવત એવા અર્થઘન ભક્તિરસપ્રચુર આખ્યાયિકાઓદ્વારા હાલ તત્વજ્ઞાનના ગૂઢ રહસ્યોનું નિરુપણ કરવામાં આવેલું હોવાથી તે અદ્વિતીય છે.

પુરાણ ગ્રંથો માટે એક એવી માન્યતા ઘર કરી બેઠી છે કે પુરાણો એ બ્રાહ્મણો માટે, અજ્ઞાનીજનોને આનંદ આપી ઉદરનિર્વાહનું એક સાધન છે. અથવા અજ્ઞાનવર્ગને ભોળવીને પોતાના નિર્વાહ માટે યોજેલી છેતરપીંડી છે. એ પ્રમાણે માનવું એ ભૂલભરેલું છે એટલું જ નહીં ઘાતક છે. સત્ય હકીકત તો એ છે કે વેદ-ઉપનિષદ-મહાભારત વગેરેમાં ઉપદેશાયેલાં-સંગ્રહાયેલાં તત્વજ્ઞાનને સામાન્ય જનતા કદી સમજી શકે નહીં આથી એ તત્વજ્ઞાનને લોકભોગ્ય બનાવવા માટે પ્રાચીન સમયના તત્વજ્ઞાની મહર્ષિઓએ કેવળ જનસેવાના હેતુને લક્ષમાં રાખી રચેલું એ અનેરું લોકસાહિત્ય છે. ગૂઢમાં ગૂઢ તાત્વિક સિદ્ધાંતોને ઐતિહાસિક કથાઓના આધારે સુગમ અને રસપ્રદ કરવાનો એ મહાભગીરથ અને સફળ પ્રયત્ન છે. આજેય પ્રજાના અભણ ગણાતા વર્ગમાં ભારતીય તત્વજ્ઞાનના મુખ્ય મુખ્ય સિદ્ધાંતોની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સમજ અને શ્રદ્ધા દૃઢ થયેલી જોવામાં આવે છે તેનું શ્રેય, તેનો યશ, આ યશસ્વી ગ્રંથોનેજ ફાળે જાય છે. ભારતનો તત્વવિવેચક વર્ગ પાશ્ચાત્ય તત્વજ્ઞોની હોય પ્રજાજીવનથી આકાશમાં અદ્ધર ઉડ્ડયન કરતો ન હતો. ભારતના તત્વજ્ઞાનીઓએ તો જીવનનું રહસ્ય પામવાના પોતાના તમામ પ્રયત્નોનો નિચોડ પ્રજામાં ઘેર ઘેર પહોંચતો કરી દીધો છે.

ભાગવત ધર્મના મુખ્ય ગ્રંથ તરીકે શ્રીમદ્ ભાગવતને માનવામાં આવ્યું છે. આ માન્યતાનું કારણ એ છે કે ભાગવતધર્મનો ઉદય શ્રીકૃષ્ણના જીવન અને ઉપદેશથી શરૂ થાય છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાનને જ ઉપાસ્યદેવ–પરમાત્મા માની તેમની અવ્યભિચારી ભક્તિને જ મોક્ષપ્રાપ્તિનું મુખ્ય સાધન માનનાર ભાગવતધર્મનું દર્શન સર્વપ્રથમ મહાભારતમાં થાય છે. અનુપમ ભક્તિરસમાં તરબોળ કરનારો જો કોઇ ગ્રંથ હોય તો તે શ્રીમદ્ ભાગવત જ છે. ઉપરાંત તેમાં અદ્વૈતવાદનું પણ સુંદર પ્રતિપાદન કરવામાં આવ્યું છે. મહાભારતમાં ભક્તિરસની જે ઉણપ રહી જવા પામી હતી તે દૂર કરવા પાછળથી એની રચના કરવામાં આવી હતી. ભાગવતકારે ભક્તિનું પણ કેવળ તાત્વિક નિરુપણ નથી કર્યું; પરંતુ જનતામાં સાચો ભક્તિભાવ ઉત્પન્ન થાય અને વધે તે માટે ભગવાનની અવતાર લીલાઓ તથા અનેક પ્રકારના ભક્તોના ચરિત્રો અને અન્ય આખ્યાયિકાઓને ભાગવતકારે છૂટથી વર્ણવ્યા છે અને પ્રસંગોને સુંદર રીતે વિકસાવ્યા છે. ભાગવતના ભક્તો પણ વેવલા નથી પરંતુ પ્રતિભાસંપન્ન કર્મયોગીઓ છે. તે બધાને પોતાના સ્વધર્મનું આચરણ કરતાં કરતાં ચિત્ત શુદ્ધિના પરિપાકરૂપે પરમતત્વ માટે ભક્તિ અને રુચિ પ્રાપ્ત થઇ છે. ભાગવત એ માત્ર ત્યાગશાસ્ત્ર કે કર્મશાસ્ત્ર નથી, પરંતુ જ્ઞાન અને યોગના પાયા ઉપર રચાયલું કર્મ તથા ભક્તિનું શાસ્ત્ર છે. અન્ય પુરાણોએ પણ શ્રીમદ્ ભાગવતનું માહાત્મ્ય મુક્તકંઠે સ્વીકાર્યું છેજ. "સર્વ પુરાણોમાં ભાગવત પુરાણ શ્રેષ્ઠ છે કારણ કે તેના વાકયે વાકયે ઋષિઓએ અનેક પ્રકારે શ્રી હરિનીજ સ્તુતિ કરી છે. તે પુરાણ બ્રહ્મસૂત્રના અર્થરૂપ છે. મહાભારતના તાત્પર્યરૂપ છે, ગાયત્રીમંત્રના ભાષ્યરૂપ છે તથા વેદો અને ઉપનિષદોના જ વિસ્તારરૂપ છે." એજ શ્રીમદ્ ભાગવતની સર્વશ્રેષ્ઠતા સાબિત કરે છે.

શ્રીમદ્ ભાગવતમાં અધ્યાત્મ, મનોવિજ્ઞાન, વર્ણાશ્રમ ધર્મ સમાજશાસ્ત્ર, વિદ્યોત્પત્તિ, આર્યજાતિનો ઇતિહાસ, કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ વૈરાગ્ય અષ્ટાંગયોગ વગેરે ઇશ્વર પ્રાપ્તિ માટેના તમામ સાધનોનું ભાષા અને કાવ્યમય શૈલીમાં એવું વિશદ નિરૂપણ કરવામાં આવ્યું છે કે તેના અભ્યાસને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રવણમાત્રથી ચિત્તશુદ્ધિ થઈ આત્માનંદ અનુભવાય છે. શ્રીમદ્ ભાગવત પ્રતિપાદિત ભાગવત ધર્મનો માનવજાતિના કલ્યાણ માટે પ્રચાર કરવો જોઈએ એ આજની અનિવાર્ય અગત્ય છે. વિશ્વપ્રેમ અને વિશ્વબંધુત્વની universal Love and Brotherhood દિવ્ય ભાવના વિશ્વમાં પ્રસારિત કરવા માટે ભક્તિ માર્ગનું અવલંબનજ શ્રેયસ્કર છે. ભક્તિ તત્વને હૃદયંગમ કરવાથી જ વિશ્વમાં ઐકાત્મ્ય, સમાનતા અને અભિન્નતાની ભાવના ફેલાવી શકાશે. પ્રેમ અને ભક્તિના પાવનકારી નિર્મળ નીરમાં અવગાહન કર્યા સિવાય કદી સાચાં સુખ શાંતિ પ્રાપ્ત થવાનાં નથી શ્રીમદ્ ભાગવતને ભક્તિરસ જ વધુ આકર્ષક અને ભભકભર્યો છે. પતિતોદ્ધાર એ એનું મુખ્ય ધ્યેય છે. પાપાત્માઓ, દુરાચારીઓ વગેરે પાપયોનિઓમાં રખડતા અને સામાજિક અધોગતિ ભોગવતા જીવો પણ ભક્તિદ્વારા પ્રભુની પ્રાપ્તી કરી શકે છે એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે અનેક રીતે ભક્તિએ લોક હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું. હૃદયની ગ્રંથીઓને ઓગાળી નાંખી ચિત્તશુદ્ધિ કરનાર જો કોઇ રસાયણ હોય તો તે ભક્તિ જ છે. ભક્તિમાં ભવસાગરને તરી જવાની કોઈ ગજબનાક અદ્ભુત શક્તિ રહેલી છે. આથી શ્રીમદ્ ભાગવત મુખ્યત્વે ભક્તિરસની મહાસંહિતા છે. ગ્રંથમાં આદિથી અંત સુધી ભક્તિનો જ મહિમા ગાવામાં આવ્યો છે.....

જ્ઞાની થવાથી જ આત્મશાંતિ મળતી નથી. શુષ્ક જ્ઞાનમાત્રથી સાચી શાંતિ અને સુખ કદી મળતાં નથી. કેવળ બૌદ્ધિક વિકાસ અને બૌદ્ધિક વિકાસમાં સાચું સુખ વસતું નથી. જ્ઞાન અને ભક્તિના યોગમાં જ પરમાનંદ રહેલો છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ પરમાત્માએ ઉદ્ધવજીને કહ્યું છે કેઃ—

न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव।
न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता॥
भक्त्याहमेकया ग्राह्यः श्रद्धयाऽऽत्मा प्रियः सताम्।
भक्तिः पुनाति मन्निष्ठा श्वपाकानपि सम्भवात्॥

વળી "હે ભગવન્ આપ ક્યાં રહો છો?" એવા મહર્ષિ નારદજીના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન નિશ્ચયાત્મક વાણીમાં જણાવે છે કેઃ—

नाहं वसामि वैकुण्ठे योगिनां हृदयेरवौ।
मद् भक्ताः यत्र गायन्ति तत्र तिष्ठामि नारद॥

આ પ્રમાણે સ્વયં ભગવાન યોગયોગીશ્વર શ્રીકૃષ્ણચંદ્ર ભક્તિ અને ભક્તનેજ પ્રાધાન્ય આપે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભાગવતમાં નવધા ભક્તિ–નવ પ્રકારની ભક્તિ વર્ણવવામાં આવી છે.

श्रवणं कीर्तनं विष्णो स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥

શ્રવણ, કીર્તન, પાદસેવન, અર્ચન, વન્દન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. એ નવ ઉપરાંત દસમી પ્રેમ લક્ષણા અને અગિયારમી પરાભક્તિ છે. ભક્તિનો અર્થ સૂત્રકારે આ પ્રમાણે કર્યો છે.

सातु अस्मिन् परमप्रेमस्वरूपा । (નારદ ભક્તિ સૂત્ર)
सा परानुरक्तिरीश्वरे (શાંડિલ્ય)

પરમાત્મા પ્રત્યે નિરતિશય પ્રેમ એ સાચી ભક્તિ. જગતના પદાર્થો પર પ્રીતિ એ રાગ છે. દ્રવ્ય આદિ ઉપરનો પ્રેમ એ આસક્તિ છે. કેવળ પરમાત્મા પ્રત્યેના પ્રેમને જ સાચી ભક્તિ કહેવામાં આવે છે. શ્રીકૃષ્ણ ભગવાન સાક્ષાત્ સત્ય સંકલ્પ, સત્ય સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા જ છે. તેના ગુણાનુવાદ ગાવાથી માનવી પવિત્ર બની પરમપદની પ્રાપ્તિ કરી શકે છે.

એ પણ યાદ રહેવું ઘટે કે શ્રીમદ્ ભાગવત પ્રાયોપવેશન મરણના કિનારે બેઠેલા જીવાત્માને મૃત્યુના ભયનો ત્યાગ કરવા માટે કહેવામાં આવેલી કથા છે. ભગવાન શ્રી કૃષ્ણચંદ્રે યુદ્ધભૂમિ પર લડાઈના પ્રારંભ કાળે વિષાદગ્રસ્ત અર્જુનને ગીતા સંભળાવી હતી અને અર્જુનના બધા સંશયોનો નાશ કર્યો હતો. તેમ કરી કર્તવ્ય પરાયણ બનાવ્યો હતો જ્યારે ભગવાન શુકદેવજી ઋષિના શાપથી મૃત્યુના કાંઠે બેઠેલા, મૃત્યુની પ્રતીક્ષા કરતા પરીક્ષિત રાજાને શ્રીમદ્ ભાગવત સંભળાવે છે. અને મૃત્યુના ભયમાંથી મુકત કરી મોક્ષ અપાવે છે.

આજના સભ્ય કહેવાતા જગતમાં અસત્યની ઉપાસના અને સત્યની અવહેલના થઇ રહી છે. આજનો કહેવાતો શિક્ષિતવર્ગ પરમાત્માનો નહીં પરંતુ વિજ્ઞાનનો ઉપાસક બન્યો છે એ જાતની ઉપાસનામાં માનવીનો આત્મ વિકાસ બદલે આત્મવિચ્છેદ જ રહેલો છે. આથી તો ભારતીય ઋષિ, મુનિ મહર્ષિઓએ, સંતોએ આત્મદર્શન અને પરમાત્મદર્શન ઉપર જ ભાર મૂક્યો છે. સર્વત્ર આત્મા એટલે પરમાત્માને જોવાનો જ ઉપદેશ આપ્યો છે. અસત્નો આશ્રય છોડી સત્નું શરણું લેવા ઉદ્બોધન કર્યું છે. આ એક ચિરંતન સત્ય છે. એ સત્યને સમજવા માટે શ્રીમદ્ ભાગવતનો અભ્યાસ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રવણ મનન, નિદિધ્યાસન આવશ્યક છે. ચિત્ત શુદ્ધિ વિના તત્વજ્ઞાન પ્રાપ્ત થવાનું નથી જ અને ચિત્ત શુદ્ધિ માટેનો સર્વોત્તમ ઉપાય છે શ્રીમદ્ ભાગવતનું પઠન-પાઠન-एतस्मादपरं किञ्चिन् मनःशुध्यै न विद्यते—

ઉપનિષદોના આરંભકાળથી તે ભગવાન શંકરાચાર્ય અને ભાગવતના સમય સુધીનો ગાળો એ આર્ય સંસ્કૃતિનો-સંત સંસ્કૃતિનો-ઉજ્જવળ કાળ મનાય છે. ઋષિ સંસ્કૃતિના શ્રેષ્ઠ આવિષ્કારો ગીતા રચાયા પછી પ્રગટ થયા છે અને તેમાંય સર્વભૂતોમાં જે આત્માનો પરમાત્મભાવ જુએ છે-सर्वभूतहितेरतः છે તે ભાગવતધર્મનો આદર્શ પ્રબોધનાર ભાગવતકાર વ્યાસ ભગવાને ભારતીય સંસ્કૃતિને કરેલું અર્પણ સર્વશ્રેષ્ઠ છે.

यदाभूतपृथग्भावमेकस्थमनुपश्यति।
तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा॥

ભાગવત પૂર્વેના સમયમાં કેટલાક ભક્ત હૃદયોમાં જાગેલી પ્રેમાત્મક ભક્તિને ભાગવતકાર વ્યાસજીએ અપૂર્વ પ્રતિષ્ઠા આપી અને એ પ્રકારની ભક્તિનો પ્રવાહ ભાગવતમાંથી નીકળી સાંપ્રદાયિક આચાર્યો તથા સંત ભક્તોમાં થઇને આ દેશમાં આજસુધી વહેતો રહ્યો છે. ભારતીય સંસ્કૃતિએ ધર્મ અને તત્વજ્ઞાનને સંયુક્ત રાખ્યાં છે.

એકતામાં વિવિધતા અને વિવિધતાદ્વારા પરિપુષ્ટ થતી એકતા એ ભારતવર્ષની જીવનસાધના છે.

અંતમાં પરમાત્માને પ્રાર્થના છે કેઃ—

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखमाप्नुयात्॥

॥ हरिः ॐ तत् सत् ॥

અમલસાડ
તા. ૨૨-૨-૫૩

ભગવદ કૃપાકાંક્ષી,
મગનલાલ ગોવિંદરામ વ્યાસ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ

પ્રકાશકનું પુરોવચન

આ પુસ્તકનું પ્રકાશન કેવા સંજોગોમાં થયું તેની પાછળનો ઇતિહાસ આ જગ્યાએ અસ્થાને નહિ જ ગણાય. પરદેશી રાજતંત્રમાં પણ સ્વ. કવિ નાનાલાલ તથા દલપતરામની કવિતાઓ છોકરાંઓ ઉપર બાળપણથી ઉચ્ચ સંસ્કારની છાપ પાડતી. દાખલા તરીકે "ભોંયમાં પેસી ભોંયરે કરીએ કાંઇ વાત, ઘડીએ મનમાં ઘાટ તે જાણે જગતનો તાત" આ જાતની કવિતાઓ દ્વારા ઈશ્વરના અસ્તિત્વનું શિક્ષણ મળતું. જ્યારે ચાલુ જમાનામાં અને રામરાજ્યની ઝંખનાવાળા રાજતંત્રમાં પાશ્ચાત્ય રંગે રંગાયલા આપણા સાક્ષરોની આજની શિક્ષણ પદ્ધતિ તથા વ્યવસ્થાએ કુમળી વયના બાળકોનું ચારિત્ર જડ બનાવી દીધું છે એટલે એ ઘડતરનો પાયો રચવાનું કાર્ય માતા-પિતાનું છે. એટલે સત્સંગો યોજી તેના સંસ્કાર બાળકો ઉપર પાડવાનું જરુરી છે.

પરમકૃપાળુ પરમાત્માની આજ્ઞા વિના કાંઈ જ થતું નથી. તેમ મને પ્રેરણા થઈ અને સંવત ૨૦૦૭ ના આસો વદ ૫ તા. ૧૯-૧૦-૫૧ થી નવસારી દુધીઆ તળાવ ઉપર આવેલા શ્રી સત્યનારાયણના મંદિરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજવાનો નિશ્ચય કરી પ્રવકતા તરીકે વલસાડના વતની ને હાલ નિવાસસ્થાન વાપીવાળા શ્રીયુત નલિન મ. ભટ્ટ; એમ. એ. (કોવિદ) ની પસંદગી કરી, એ જ્ઞાનયજ્ઞ આરંભ્યો.

આ પ્રસંગ નવસારી ખાતે યોજવામાં મારા કાર્યમાં ઘણા ભાઇઓ તરફથી વ્યવસ્થાની મદદ મળી શકે તેમજ નવસારી મોટું શહેર હોઇ આવા જ્ઞાનયજ્ઞનો લાભ મોટી સંખ્યામાં જનસમુદાય મેળવે એજ એની પાછળનો ઉદ્દેશ હતો અને એ ઉદ્દેશ સંપૂર્ણ રીતે પાર પડયો.

શ્રીયુત નલિનભાઈ, એમ. એ. થયેલ હોવા છતાં એમને પાશ્ચાત્ય સંસ્કારોનો રંગ લાગ્યો નથી. સપ્તાહના દસ દિવસના સહવાસથી એમના નિર્દોષ અને વિનયી સ્વભાવ માટે મારા અંતરમાં ઉંડી છાપ પડી અને એમના નજીકના સંપર્કમાં આવનાર વ્યક્તિઓને એમના પરિચયથી જે વિષેશતા દેખાઇ આવે છે તે એજ કે અહંકાર એમને સ્પર્શી શકતો નથી. એમના નજીકના સંપર્કમાં હું આવતો હોઇ મને ખાત્રી થઇ ગઇ છે કે કમળના પાંદડાને જેમ પાણીનો સ્પર્શ થઈ શકતો નથી તેમ એમનું હૃદય-મંદિર ઘડતી વખતે પરમાત્માએ એમનામાં જ્ઞાન, વિનય, વિવેક અને સેવા-વૃત્તિના ખંડ એટલા મોટા બનાવ્યા છે કે અહંકાર માટે એમાં સ્થાન નથી. એઓ ખરેખર એક સંસારી સંન્યાસી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એમના જ્ઞાન સંબંધી મારો અભિપ્રાય અસ્થાને જ હોય કારણ એ અભિપ્રાય એમના કરતાં વધારે જ્ઞાન ધરાવનાર આંપી શકે, છતાંએ એમણે સંસ્કૃત તથા ગુજરાતીમાં લખેલા લગભગ ૫૦ લોકપ્રિય ભાષ્યો તથા ગ્રંથો એમનું જ્ઞાન પુરવાર કરવા માટે પૂરતાં છે.

એમની સેવાવૃત્તિનો નમુનો એમના શિક્ષક તરીકેના વ્યવસાય ઉપરાંત જ્ઞાનનો પ્રચાર કરી જનતા સમક્ષ ટહેલ નાંખી વલસાડમાં એમના પ્રયાસથી ઉભું કરાયલું "ગીતા સદન"નું મકાન જેની કિંમત રૂ. ૫૦,૦૦૦) થી ઓછી નજ કહી શકાય તેજ છે. તે તૈયાર કરાવી વલસાડની જનતાના ઉપયોગ માટે પબ્લીક હોલ બનાવી સોંપી દીધું એ એમની નિઃસ્વાર્થ સેવાનો જીવતો જાગતો નમૂનો છે.

એમની વકતૃત્વશક્તિ માટે એટલું જ કહેવું બસ છે કે એક વખત એમને સાંભળનાર વ્યક્તિ એમના બીજા પ્રવચનની આશા રાખે છે.

ઉપર જણાવેલ જ્ઞાનયજ્ઞના પ્રસંગ પછી નૌસારીની જનતાએ ચાતુર્માસ દરમિયાન શ્રીયુત નલિનભાઇના ગીતા, ભાગવત તથા ઉપનિષદ્‌નાં જે પ્રવચનો ગોઠવ્યાં તથા ૨૦૦૯ ના કાર્તક સુદ ૧ થી સ્વ. કનૈયાલાલ મજમુદારના કંપાઉન્ડમાં જે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજવામાં આવ્યો અને એ પ્રવચનો દરમિયાન સ્થાનિક શિક્ષિતવર્ગની જે હાજરી જોવામાં આવતી હતી તેજ એમના લોકપ્રિય વકતૃત્વનો પુરાવો છે.

આવા સાક્ષરોનો ગામેગામ પ્રવાસ ગોઠવી જ્ઞાનનો લાભ લેવામાં આવે તો સાચા ધર્મની ભાવના ફરી પાછી જરૂર જાગૃત થયા વિના ન રહે. અને તેને માટે વ્યવસ્થા કરી શકે એવી વ્યક્તિઓએ આવા જ્ઞાનયજ્ઞ યોજવા જોઇએ તેમજ સરકાર તરફથી પણ સાચા ધર્મનું જ્ઞાન જનતાને મળે તે માટે સહકાર અને વ્યવસ્થા કરવી ઘટે.

મારા શુભેચ્છક શ્રીયુત વૈદરાજ મગનલાલ ગોવિંદરામ વ્યાસ જેમણે એમના જીવનની શરૂઆત પત્રકાર તરીકે કરેલી તે પત્રકારત્વના શોખને લઇને ઉપરના પ્રસંગના પ્રવચનોની નોંધ સૌની ઇચ્છાથી લીધેલી તથા નૌસારીના વતની શ્રી બાળકૃષ્ણ છોંટુભાઈ વૈદે પણ એમની ગેરહાજરીમાં નોંધ લેવાનું કાર્ય કરેલું એ નોંધને પુસ્તકરૂપે જનતા સમક્ષ મૂકવા શુદ્ધ લખાણ તૈયાર કરવા શ્રી. વૈદરાજને વિનંતી કરી અને લગભગ દોઢ માસના સતત પ્રયત્ને એ લખાણ પ્રેસ માટે તૈયાર થયું. આ એક સાચા મિત્રભાવનો નમૂનો છે. આ જગ્યાએ કોઇ રિપોર્ટરને પૈસા આપવાના ઠરાવી નોંધ લેવડાવી હોત તો આટલી સચોટ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નોંધ ન લેવાત. શ્રી. નલિનભાઇને એ લખાણ જોઇ જવા વિનંતી કરી અને એમની સંમતિ હોય તો શ્રીમદ્ ભાગવતના સત્વરૂપે એ પુસ્તક છપાવી બહાર પાડવા મેં ઇચ્છા દર્શાવી. શાળા તથા બીજા વ્યવસાયોમાં આખો દિવસ રોકાયલા હોવા છતાં પ્રૂફ વગેરે તપાસવાનું પણ તેમને માથે જ નાંખવામાં આવ્યું અને એ પ્રમાણે શ્રીમદ્ ભાગવત વિચાર દર્શન નામનો ગ્રંથ છપાઇને જનતા સમક્ષ મૂકવાની તક મળી.

આ પુસ્તક છપાવવા પાછળ ધંધાદારી બિલકુલ આશય નહિ હોવાથી સત્સંગપ્રેમી ભાઈબેનોને એ કામમાં સક્રિય સાથ આપવા વિનંતી કરી આગળથી ગ્રાહક તરીકે નામ નોંધાવી પુસ્તકની કિંમતના રૂા. ૨–૮–૦ આગળથી આપવાની અમારી વિનંતીને સ્વીકારી જે ભાઈબેનોએ આગળથી નામ નોંધાવી રકમ આગળથી આપી પ્રોત્સાહન આપ્યું છે તથા જે ભાઇઓએ સહાયક તરીકે અમુક રકમ આપી સહકાર આપ્યો છે તે બદલ તેમનો આભાર માનું છું. જો કે હજુ એ પુસ્તકના પુરતા ગ્રાહકો નોંધાયા નથી છતાં પુસ્તક તૈયાર થઈ ગયું છે એટલે સત્સંગપ્રેમી ભાઈબેનો પોતાના સ્નેહી સંબંધીમાં એ પુસ્તક ખપાવવામાં મદદ કરી રોકાયલી રકમ મેળવી આપવામાં મદદ કરશે એવી આશા છે.

નૌસારીમાં યોજાયલા ત્રણ ચાર પ્રસંગોએ શ્રી. સત્સંગપ્રેમી ભાઇ-બહેનોમાં શ્રી. નલિનભાઈ સંસ્કારના માર્ગદર્શક કુટુંબી જેવા થઇ પડયા છે. એમના પ્રવચનના સંગ્રહનું આ પુસ્તક દરેક વ્યક્તિઓના ઘરમાં યાદગીરી તરીકે રહે અને તેનો લાભ જેમ બને તેમ વધારે લોકો મેળવે એ ભાવનાથી આ પુસ્તક તૈયાર કરાયું છે.

આ પુસ્તકની નવી આવૃત્તિ કોઇ ભાઇને છપાવવા ઇચ્છા હશે તો અમને જણાવેથી સંમતિ આપવામાં આવશે.

જે પ્રસંગના પ્રવચનોનો સંગ્રહ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે તે પ્રસંગે હું નૌસારીનો વતની નહિ હોવા છતાં જે જે વ્યક્તિઓએ એ જ્ઞાનયજ્ઞને સફળ બનાવવામાં સહકાર આપ્યો છે તેમનો આભાર જો ન માનું તો મારી ફરજમાંથી હું ચૂકયો ગણાઉ.

૧ શ્રી સત્યનારાયણનું સ્થળ પસંદ કરી તેને માટે શ્રીયુત ભાણાભાઈને (હરિકૃષ્ણને) વાત કરતાં તેમણે સહર્ષ એ વાતને વધાવી લીધી અને એમના ભક્ત મંડળદ્વારા જે વ્યવસ્થા કરી આપી તે બદલ શ્રીયુત ભાણાભાઇ તથા એમના સત્સંગ પ્રેમી ભાઈઓનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨ મોઢ ઘાંચીની વાડીના વ્યવસ્થાપકોએ એ સપ્તાહ દરમિયાન અમને રહેવા માટે જે ઉદારદીલથી સગવડ કરી આપી તે બદલ હું ઘાંચી પંચનો તથા એમના વ્યવસ્થાપકોનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનુ છું.

૩ આ પ્રસંગે મંડપ તથા માઇકની વ્યવસ્થા કરનાર ભાઇઓએ જો કે એ અંગે ખર્ચની રકમ લઈને વ્યવસ્થા કરી આપી હતી છતાં ધાર્મિક કાર્યને ધ્યાનમાં રાખી જે સગવડ કરી આપી હતી તે બદલ તે ભાઇઓનો પણ અંતઃકરણપૂર્વક હું આભાર માનું છું. તેમજ સપ્તાહની સમાપ્તિને બીજે દિવસે તેજ સ્થળે હોમાત્મક લઘુરૂદ્ર યોજવામાં આવેલો તે અંગે કુંડ વગેરે કરવાનો કોઇપણ જાતનો ખર્ચ લીધા સિવાય જે મિસ્ત્રી ભાઇએ સેવા આપી તેમની ભાવના માટે અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

૪ શ્રીયુત નલિનભાઇએ અમારા આમંત્રણને માન આપી એમના વકતવ્યનો જે લાભ આપ્યો તેમજ શ્રીયુત મગનલાલ ગોવિંદરામ વ્યાસ તથા અન્ય વ્યકિતઓએ એમના પ્રવચનોનો સંગ્રહ કરી તેને જનતા સમક્ષ મૂકવાની જે તક આપી છે તે બદલ તેઓ સર્વનો હું અંતઃકરણપૂર્વક આભાર માનુ છું.

૫ શ્રીયુત મણિભાઇ ત્રિવેદી તથા શ્રી બ્રિજભુખણદાસ (નારણ લાલાવાળા) કંસારા વગેરે અન્ય વ્યકિતઓએ ઉપરના પ્રસંગને ઉત્સાહ આપી વેગ આપ્યો તેમને પણ મારાથી નજ ભૂલી શકાય.

૬ બીલીમોરાના નટવર પ્રિન્ટીંગ પ્રેસના માલિક શ્રી. લલ્લુભાઈ ભ. બલસારાએ આ પુસ્તક છાપવામાં ધંધાનું ધ્યેય નહિ રાખતાં બને તેટલા ઓછા ખર્ચથી તૈયાર કરી આપવાની લાગણી બતાવી છે તે બદલ તેમનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

૯ નવસારીની પ્રભુપ્રેમી જનતાએ ઉપરના પ્રસંગે વ્યવસ્થિત રીતે લાભ લીધો અને મારા કાર્યને વેગ આપ્યો તથા બીજા એવા પ્રસંગો યોજી ઉપરના પ્રસંગને વેગ આપ્યો તે બદલ નવસારીની પ્રભુપ્રેમી જનતાનો પણ હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું અને એવોજ લાભ જનતાને મળતો રહે તે માટે શક્ય તેવા પ્રસંગો યોજવા વિનંતી કરૂં છું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૮ ઉપરના પ્રસંગ પછી સંવત ૨૦૦૮ ના ચાતુર્માસ દરમિયાન શ્રીયુત નલિનભાઈના ગીતા, ભાગવત તથા ઉપનિષદ ઉપરના પ્રવચનો યોજવા બદલ તથા સંવત ૨૦૦૯ ના કાર્તક સુદ ૧ થી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજવા બદલ વ્યવસ્થાપકોનો હું આભાર માનું છું.

૯ નવસારીના શ્રી. હરિભાઇ ઘેલાભાઇ ગાંધીની દુકાનના ભાગીદારોએ લગ્ન પ્રસંગો માટે તૈયાર કરાવેલ કિંમતી સ્ટેજનો ઉપયોગ પોતાના ધંધા અર્થે કરતા પહેલાં સંવત ૨૦૦૯ ના નવા વર્ષથી શરૂ કરવામાં આવેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહના એ ધાર્મિક પ્રસંગે એનો ઉપયોગ કરવા માટે એ સ્ટેજ આપવાની એમની ધાર્મિક લાગણી બતાવી તે માટે તેમનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

૧૦ પરકૃપાળુ પરમાત્માએ સંસ્કારી કુટુંબમાં જન્મ આપી, જનતા સમક્ષ જ્ઞાનયજ્ઞ યોજવાની તથા "શ્રીમદ્ ભાગવત. વિચાર દર્શન" પ્રગટ કરવાની જે સદ્બુદ્ધિ આપી તે બદલ પરમકૃપાળુ પરમાત્માના ચરણમાં તથા મારા પૂજ્ય માતપિતાના ચરણમાં શિર નમાવું છું અને આ પ્રસંગ દરમિયાન જે કાંઈ ત્રુટિઓ રહી ગઇ હોય તથા આ પુસ્તકના ગ્રાહક તરીકે નાણાં આગળથી આપનાર વ્યક્તિઓને આ પુસ્તક પહોંચતાં વિલંબ થયો છે તે બદલ ક્ષમા યાચું છું અને પ્રાર્થના કરૂં છું કેઃ—

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखमाप्नुयात्

લિ૦ સેવાનુરાગી,

વેણિશંકર મણિશંકર શુકલના

જયશ્રીકૃષ્ણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભાગવત ધર્મના પુનરૂત્થાન પ્રેરક પ્રાર્થના-સંઘ સ્થાપક

તીર્થસ્વરૂપ પ. પૂ. સ્વામીશ્રી ભદ્રજી

પ્રાર્થના-સંઘ કાર્યાલય : શ્રીભદ્ર આશ્રમ : સોમનાથ ઉપવન ઉમરા (સુરત થઇ)

માનવ જીવનની સર્વોદય ભાવનાને મધુર તલસ્પર્શી સૂત્રમાં વણી તેનું આલ્હાદ ગુંજન મહાગુજરાતના આકાશમાં સ્પંદિત કરવા માટે તીર્થરૂપ પૂ. સ્વામી શ્રીભદ્રજીનું નામ ગુજરાતભરમાં જાણીતું છે. સર્વનું સર્વ કલ્યાણ હોજો ! સર્વનું સર્વ મંગલ હોજો !-ના એમનો આંતર ઉદ્ગાર અનેક આત્માઓના મર્મને સ્પર્શી ત્રિવિધ પરિતાપોથી જલતા અનેકાનેક જીવોને તેણે શાંતિને તુષ્ટિ બક્ષ્યા છે.

પૂ. સ્વામી શ્રીભદ્રજી પૂર્વાવસ્થાના જાણીતા રાષ્ટ્ર-સેવક સમાજ સેવક સાહિત્યકાર અને પ્રથમ પંક્તિના પત્રકાર શ્રી ભદ્રશંકર મંછારામ ભટ્ટ છે. અમારા સમાજમાં એ લાડિલા શ્રી ભદુભાઈના નામે ઓળખાતા. એમનું સારૂંય જીવન સેવાની ઉત્કટ ધર્મનિષ્ઠાવાળું છે અને એ ધર્મપરાયણતામાં ચુસ્ત ને અડગ રહેવામાં એમણે મહાન આર્થિક તેમજ ગર્ભશ્રીમંત કુટુમ્બના નબીરાને સહજલબ્ધ આરામમય જીવનના ભોગો આપ્યા છે. એમનું સારૂંયે જીવન તપશીલતા, ત્યાગ અને ફનાગીરીથી ભરેલું રોમાંચક છે. જીવન એમને માટે યોગ બન્યો છે.

ઘણી નાની વયથીજ એમની બુદ્ધિની ઓજસ્વિતા આપતી મૌલિકતા અને ગાંભીર્ય એમની સવિશેષતા જ રહી છે, એ મૌલિકતા આજે આધ્યાત્મ ક્ષેત્રમાં પ્રગટી રહી છે. પ્રાર્થના સંઘનું સંસ્થાપન અને ટૂંક જ સમયમાં તેણે મહાગુજરાતભરમાં પ્રગટાવેલી આધ્યાત્મિક જ્યોત, એમાં કાળને ઉચિત મૌલિક બળપ્રદ અને આત્માને ઢંઢોળતી ચીનગારી સ્પર્શતી અનુભવાઈ રહી છે. પ્રાર્થના સંઘ અને તેના મુખપત્ર 'પ્રાર્થના' માસિકે ગુજરાતના આધ્યાત્મિક ક્ષેત્રમાં થોડા જ સમયમાં આદરભર્યું ને આકર્ષક સ્થાન એ કારણે મેળવેલું છે. સ્વામિજીની કલમમાં ચૈતન્ય અને આત્માનુભૂતિ તરવરતાં હોઇ, એ સીધાં મર્મને સ્પર્શે છે અને સંસ્કાર ઘડે છે. પ્રાર્થના એ આધ્યાત્મિક રહસ્યનું બીજ છે. એ બીજનું વાવેતર અને પ્રાર્થના સંઘના રચનાત્મક કાર્યક્રમદ્વારા સિંચન એ મૌલિકતાએ શિક્ષિતવર્ગને ખૂબ જ આકર્ષ્યો છે અને સાચાં જીવન તરફ વાળ્યો છે.

સ્વામી શ્રીભદ્રજીનું જીવન અસામાન્ય પ્રસંગોથી ભરેલું છે. પ્રાર્થના માસિકમાં પ્રગટ થયેલા થોડાક પ્રસંગો ચમત્કારિક છે તેવા બીજા અનેક અમારા જેવા એમના નિકટમાં રહેલાને જાણીતા છે. એમના જીવનની એક વિશિષ્ટતા એ છે કે એઓશ્રી આધુનિક સમયના ભારતના તમામ મહાપુરુષોના નિકટના સંબંધમાં રહી ઘડાયા છે. એમના જ કારણે ઋષિકેશનિવાસી પ. પૂ. સ્વામી શિવાનંદજી મહારાજના પુનિત પગલાં ગુજરાતમાં થઇ શકયા હતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ પુસ્તકના પ્રકાશક સાથે પૂ. સ્વામીજીને બાળવયનો સંબંધ અતૂટ જળવાયો છે: પોતાના ભ્રાતા તરીકે આ સંબંધ જળવાઈ રહ્યો અને આજે આ પ્રકાશન પ્રગટ કરવાની ભાવના જાગૃત કરનારી ધર્મપ્રિયતા એમના જ સત્સંગને કારણે પ્રકાશકમાં આવેલી કહી શકાય. એઓશ્રીના આમંત્રણ અને આગ્રહથી પરમ વિભૂતિ પૂજ્ય સ્વામી શ્રી શિવાનંદજી મહારાજની અમલસાડમાં પધરામણી સમયે સેવાની તક પ્રકાશકને સાંપડી અને એનામાં ધર્મપ્રિયતા ત્યારથી જાગૃત બની અને પોષાઇ.

સ્વામીજીએ સ્થાપેલા પ્રાર્થના સંઘના અમલસાડના કેન્દ્રના સંચાલક તરીકે પણ સેવા કરવાની મને તક મળી છે. પ્રાર્થનાસંઘ આધ્યાત્મિક ક્ષેત્રમાં આત્માનું ઉત્થાન કરતું કાર્ય કરી રહ્યો છે. સ્વામીજી મક્કમપણે માને છે કે ભારતનો આત્મા જાગૃત થતાં વિશ્વવ્યવસ્થા સુખમય થશે, એ ધ્યેયની પૂર્ણતા તરફ એમણે ધ્યાન ખેંચનારો આદરણીય અને અમલી રચનાત્મક કાર્યક્રમ રજૂ કર્યો છે. ભારતની જનતા એ કાર્યક્રમ અપનાવી આધિ, વ્યાધિ ને ઉપાધિઓથી મુકત થવા અને સુખમય જીવન ધોરણ જરૂર જ સ્થાપી શકાશે.

પ્રાર્થના સંઘના સંપર્કમાં આવનાર દરેક વ્યક્તિ એમના રચનાત્મક કાર્યક્રમથી માહિતગાર છે. અને જેમને માહિતી ન હોય તેમણે સ્વામિજીનો સંપર્ક સાધવો. કેટલાક મુદ્દાઓ નીચે ટાંકવામાં આવ્યા છે.

૧ યુવક યુવતિને સંયમિત જીવન અને સદ્ચારિત્ર્ય ઘડતી કેળવણીજ આપો. હાલની શાળા મહાશાળાઓને બદલે આશ્રમ પધ્ધતિથી કેળવણી બને તેટલી વહેલી તકે અખત્યાર કરવા સાચો બ્રાહ્મણ વર્ગ ઉત્પન્ન કરવા આશ્રમ કેન્દ્રો સ્થાપો. પ્રજામાંથી અજ્ઞાનતા દૂર કરવા "શ્રીમદ ભાગવત" અને "ગીતા" ના જ્ઞાનયજ્ઞ યોજી પ્રજાને કુદરતી કાનૂનોનું સાચું જ્ઞાન અને જીવન વિજ્ઞાન સમજાવતી સાચી સંસ્થા તથા વ્યકિતઓને સર્વ પ્રકારની સહાય આપો. (૨) જીવનની જરૂરિયાત ઓછી કરો. (૩) મોહ તરફ ખેંચી જતા અનિષ્ટો જેવાંકે દુકાનોની ખાણીપીણી, સિનેમા, સટ્ટાખોરી, વકીલાત, દાકતરી ધંધાઓ અને સરકારી નોકરીઓ પ્રત્યેના મોહો, પૈસા પ્રત્યેનો મોહ તથા ફેશન છોડો. (૪) **આત્મ તરફ વળો: આત્મને જાગૃત કરો** રાત્રે સુવા અગાઉ પોતાના દિવસના કામો તપાસો અને પ્રાર્થના કરો.

ભાગવત ધર્મનો આ નીચોડ છે. અને આવા કાર્યક્રમથી ભાગવત ધર્મનું સંસ્થાપન થશે એવી સ્વામિશ્રી ભદ્રજીની આત્મશ્રદ્ધા છે. આવા યજ્ઞ વિશ્વભરમાં ફેલાય, તે બળયુક્ત બને એવી શુભેચ્છા સાથે વિરમીશું.

ॐ શાંતિ શાંતિ શાંતિ:

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ૐ

વિશેષ–વકતવ્ય

આ ગ્રંથ જનતા જનાર્દનની સેવામાં રજૂ થાય છે અને તેમાં પરોક્ષ રીતે આ જીવ નિમિત્ત થાય છે, એ સંતસત્તમ પરમાત્માની કૃપા જ છે. ભારતની ચિન્તનાત્મક પ્રતિભાનું સર્વાંગસુંદર અને સર્વોત્તમ ફળ હોય તો તે ભગવતી ગીતા છે. અને એ ભગવતી ગીતાના જ સર્વમાન્ય, મનોમતિ–તોષક, રમણીય અને સત્યમય સિદ્ધાંતોનું લોકભોગ્ય રસમય ભાષ્ય તે શ્રીમદ્ ભાગવત છે. ભાગવત પ્રભુદ્રષ્ટાઓનાં ભવ્ય જીવનચરિત્રોની સંહિતા છે. શ્રુતિસંમ્મત અને હૃદયગમ્ય ભગવાનને, અનુભવની ભૂમિકા ઉપર ઉતારનારા પ્રેમવીરોની એ ભવ્ય ગાથા છે. ભગવાનના ધામમાં પહોંચાડનાર એ ભોમિયો છે. હૃદયના દ્વારનું ઉદ્ઘાટન કરનાર એ પરમાત્માનો રહસ્યમય પેગામ છે. સંતોની એ મૂર્તિમાન કૃપા છે. કલેશથી કચડાયેલા જીવો માટે એ હૃદયપાવન સંજીવની છે.

પ્રભુપ્રિય ક્રાન્તિ સર્જવાનું ભાગવતમાં અમોઘ બળ છે. એ મહાન ક્રાન્તિકારક ગ્રંથ છે. કમનસીબ છે આજના યુગનું કે એની અજોડ અને અદ્ભુત તાકાત તરફ જોઈએ તેટલું એણે લક્ષ્ય નથી જ આપ્યું. રાજકરણમાં મસ્તાન બનેલી જગતની તમામ સભ્ય ગણાતી પ્રજાઓ, રાજકીય પુરુષોદ્વારા જે લાવવા મથે છે તે લાવી શકશે કે કેમ, એ ઘેરી શંકા જ છે. જ્યારે ભાગવતનો વ્યવસ્થિત અને આ યુગને ભાવે એ રીતનો મુક્ત પ્રચાર, એની અદ્યતન છણાવટ, લોહીનું એક પણ બુંદ રેડ્યા સિવાય, બંદૂકની એક પણ ગોળી છોડ્યા સિવાય, જગતની રણરસિકતાને સહેજે ઉભરાવ્યા સિવાય, વિશ્વની પુનઃરચના અને વ્યવસ્થિતિ લાવી શકે એમ છે એ નિશ્ચિત છે.

દરેક રીતે પતિત થયેલી પ્રજાના ઉત્થાન માટે આજની આપણી સરકાર પણ, બીજી બધી યોજનાઓની સાથે ભાગવતની ગામે ગામે સપ્તાહની યોજનાઓને અમલી કરે તો જનતાને સન્માર્ગે અને સદ્બુદ્ધિએ દોરવામાં એ યોજના ખૂબ જ લાભદાયી થઇ પડે એમ છે. પણ સરકારને કાને સન્તોની વાણી પહોંચી શકતી નથી! પહોંચે તોપણ સરકાર, સરકાર હોઇને જ આવી વાતોને હસીને ઉડાવી દેવા જેટલી મગરૂબ હોય છે. આથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સરકારની કે તેની મદદની રાહ જોવા ન થંભતાં, જનતાએ જ પોતાના કલ્યાણ માટે, ભાગવતની પવિત્ર અને પાવન સંસ્કારધારાને, ભાગવતી સંસ્કૃતિની ગંગોત્રીને સતત ધારે વહેતી રાખવાની યોજનાઓને અમલી કરવી ઘટે છે. આત્માની ઉર્ધ્વગામી કૂચ માટે એ અનિવાર્ય છે.

આ માટે હવેના યુગમાં શ્રીમદ્ ભાગવતને કેવળ સંપ્રદાયનો ગ્રંથ માનવા મનાવવાની બંધિયાર મનોદશામાંથી મુક્ત થવાની જરૂર છે. શ્રીમદ્ ભાગવતે સંપ્રદાયોને પુષ્ટિ આપી છે. પણ એ માત્ર સંપ્રદાયમાં જ જકડી રાખવા જેવો ગ્રંથ નથી. ગંગાજીનાં પાવન જલ કુંડમાં ભલે રહે, પણ કુંડમાં જ ગંગાજીને રોકી ન રાખવાં ઘટે. ગંગામૈયા જેમ જીવમાત્રની પાવની છે, તેમ શ્રીમદ્ ભાગવતની ગંગા જીવમાત્રની પાવન છે. કુંડમાં રહેલાં ગંગાજળે કરોડો પાવન થાય છેજ. પણ વહેતી ગંગાની બલિહારી જુદી જ છે. આથી સાંપ્રદાયિક સાધનાનો પૂરો લાભ ઉઠાવીને, શ્રીમદ્ ભાગવતને સૌને સ્પર્શે એ રીતે રજૂ કરવાનો સમય આવી પહોંચ્યો છે. યુગે યુગે જેમ ભગવાનના, તેમ ભગવાનની વાણીના પણ, ધર્મના સંરક્ષણ, પ્રસ્થાપન અને પ્રચાર માટે નવા નવા અવતારો થાય છે અને એથી એ અવતારો થવા છતાં જેમ તેમનો પોતાનો મહિમા રજમાત્ર પણ ભ્રષ્ટ થતો નથી તેમ, ભગવાનની વાણીના પણ યુગાનુકૂળ નવા અવતારો થવા છતાં તેનો મૂળ મહિમા કદી ભ્રષ્ટ થતો નથી. વળી ભાગવતના સર્વસ્પર્શી પ્રચાર માટે ચાલુ ઘડી કરતાં વધુ ધન્ય ઘડી કઇ હશે? જ્યારે જીવ માત્ર અશાંતિ ભોગવી રહ્યો છે. કુટુંબે કુટુંબે ઘર્ષણ ચાલુ રહ્યું છે, જ્યારે પ્રજા પ્રજા વચ્ચે પણ ધમસાણ મચી રહ્યાં છે, ત્યારેજ ભાગવતની શાંતિ અને અદ્વૈતામૃતવર્ષી ધારાનો અવિરામ વરસાદ વરસાવવો જોઇએ.

ભગવાનના ગુણાનુવાદ, નામસંકીર્તન. મહિમાચિન્તન વગેરે કરતાં મોટું કોઇ કર્તવ્ય નથી. ભગવાનને અનુભવ્યા પછી જ, તેની કૃપા મેળવ્યા પછી જ, તેને હૃદયમાં ધાર્યા પછી જ, કર્તવ્યનું પણ સાચું ભાન અને આચરણ થાય છે. અને આથી યેન કેન પ્રકારેણ પણ સૌથી પહેલાં ઇશ્વરને ઓળખી લેવો એ સૌથી મુખ્ય અને એકમાત્ર કર્તવ્ય છે. ઇશ્વરને ઠીક ઠીક ઓળખ્યા પછી જ જીવનનો સાચો અને સ્થાયી આનંદ પ્રગટે છે. શ્રીમદ્ ભાગવત એ માર્ગે આપણને સુહૃદની પેરે સહાય કરે છે. માતા જેમ બાળકને, તેમ, ભાગવત સાધકને, પોતાની હેતાળ અને હુંફાળી ગોદમાં લઇ છેવટે પ્રભુના ખોળામાં રમતો કરે છે. આત્મસાક્ષાત્કારનો રસોલ્લાસ જેટલો ભાગવતમાં જોવામાં મળે છે તેટલો ભાગ્યેજ કોઈ ઠેકાણે જોવા મળશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભાગવતની રસમાધુરી ચાખતાં, એનાં પાવન રસસાગરમાં સુસ્નાત થતાં કોને તૃપ્તિ ન થાય? ભગવાન શુકદેવજીના સાન્નિધ્યે કયું પાપ ન ધોવાય, કયું પુણ્ય ન રળાય? અરે! પાપપુણ્યથી પણ પર થવાય! એટલું જ નહીં, હૃદયગ્રંથીઓ જ્યાં ભેદાય, સંશયજાળ જ્યાં છેદાય, કર્મબંધ જ્યાં નિર્વીર્ય થાય, દ્રષ્ટા, દ્રશ્ય, દર્શનના ભેદ જ્યાં ઓગળે, એક અને અદ્વિતીય સચ્ચિત્ સુખમય પદાર્થ તરીકે જાતની જ્યાં ઓળખ થાય અને દેશકાળ અને વસ્તુ પરિચ્છેદનો રીઢો અધ્યાસ પણ જ્યાં અદ્રશ્ય થાય, એકનાંજ અનેકમાં જ્યાં સાક્ષાત્ દર્શન થાય, પોતાનીજ પોતાનામાં જ્યાં વિશ્વરૂપે મહા મહિમામયી સ્થિતિ પરખાય-એવી કોઈ દિવ્ય ભૂમિકાએ ભગવાન શુકદેવજીનો સહવાસ જીવને વિહરતો કરે છે! કોટિ કોટિ નમન હો એ स्वसुखानिमृतचेताः યોગીશ્વર શુકદેવજીને અને વંદન હજો કોટિ કોટિ એ ભારતના હૃદયસમ્રાટ ભગવાન વ્યાસજીને જેમની પ્રતિભાના રસમય પ્રવાહે કોટિ કોટિ જીવોને આજે પણ આ પાવન પ્રભુરસગંગા ઉદ્ધરે છે.

પ્રસ્તુત ગ્રંથ વિષે તો મારે શું કહેવું? આ ગ્રંથ આજે જનતા સમક્ષ મૂકી શકાય છે, એનું સમગ્ર શ્રેય મુખ્યત્વે બે વ્યક્તિઓને ફાળે જાય છે! પહેલો ઋણ સ્વીકાર, પ્રભુના પંથે પડી ચૂકેલા મુરબ્બીશ્રી વેણિશંકરભાઇ શુકલનો. એમણે મારા જેવા એક તુચ્છાતિતુચ્છ અને महत्पादरजोऽभिषेकની ઇચ્છાવાળાને ભગવાન શુકદેવની ગાદી ઉપર બેસાડી મને ઉજળો કર્યો છે. હું તો એમને મારી 'મા'જ કહું છું. માતા જેમ બાળકની તેમ આવા પ્રસંગે મારી એઓ કાળજીપૂર્વકની સંભાળ રાખે છે. વળી ભગવાનના ગુણાનુવાદમાં પ્રેરે તે સાચો સગો. સેવા એમને મન સ્વાભાવિક ધર્મ છે. પરમાત્માના કૃપાપાત્ર એઓ થાય અને હવે પછીનું એમનું અવશિષ્ટ જીવન આવાં પવિત્ર અને લોકસંગ્રહી કાર્યોમાં વ્યતીત થાય અને તે રીતે જીવનનું સર્વોત્તમ પાથેય પ્રાપ્ત કરે એટલી સહૃદય પ્રાર્થના.

અને શ્રી વેણિભાઈએ તો પ્રસંગ ઉભો કર્યો પણ એ પ્રસંગને અક્ષરાવતાર આપી તેને ચિરંજીવી કર્યો તો પૂજ્યશ્રી વૈદ્ય મગનલાલ ગોવિન્દરામ વ્યાસે. એકધારા વહેતા વાણીના ધોધને એમણે કેવી રીતે ઝીલી લીધો હશે એ હજી મારે મન કોયડો જ છે! આ ગ્રંથની પ્રેસ કોપી મને જ્યારે બતાવવામાં આવી ત્યારે "શું હું આટલું બધું અને આવું આવું બોલ્યો હતો?–" એવું મને જ ભારે આશ્ચર્ય ઉપજ્યું હતું. એમનો વિદ્યાવ્યાસંગી આત્મા, કુશળ અને એકાગ્રબુદ્ધિ, કેમેરા જેવું ઝડપી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને તાદૃશ છાયાગ્રાહી માનસ અને એ સૌ કરતાં એમનો ભાગવતપ્રેમી આત્મા અને મારા પ્રત્યેની અપાર મમતા અને વાત્સલ્ય અને ઉજ્જ્વલતમ લોકહિતેષણા–આ બધુંય એમના ચરણમાં પ્રેમાશ્રુભીની વંદના જ મારામાં ઉપજાવે છે. ઘંઘાએ પીયૂષપાણી વૈદ્ય છતાં હૃદયે અને બુદ્ધિએ તો સાચે જ એમનામાં 'વ્યાસ જ' વસે છે. એમણે જો આ ભાગવતી ગંગા, શિવજીની પેરે ન ઝીલી હોત તો આ ગ્રંથને જનતા જનાર્દનની સેવામાં રજૂ કરવાનું અશક્ય જ થયું હોત. આ ગ્રંથ એમનો જ છે એમ કહેવામાં સ્હેજે અત્યુક્તિ નથી. પરમાત્મા એમના આ પવિત્ર કાર્યે પ્રસન્ન હો અને જે ભાગવત પ્રેમે એમને આ કાર્યમાં એકાગ્ર કરી એમની કને એ કરાવ્યું છે, એ ભાગવતના અધિષ્ઠાતા દેવ એમના હૃદયમાં સદા રમણ કરો એટલી આર્જવભરી સહૃદય પ્રાર્થના.

અને નવસારીની પ્રભુપ્રેમી જનતાનો તો હું કેટલો બધો ઋણી છું! આર્યવિદ્યાપ્રેમી શ્રી. બ્રિજુભાઇ અને તત્ત્વપ્રેમી શ્રી. મણિભાઇ દ્વિવેદી, આત્મીય શ્રી ભાણાભાઈ અને મુરબ્બીશ્રી લલ્લુભાઇ કંસારા વગેરે સૌનો આ તકે ઋણ સ્વીકાર ન કરૂં તો કૃતઘ્ની લેખાઉં. પરમાત્મા નવસારીની સમસ્ત જનતાનું કલ્યાણ કરો એટલી પ્રાર્થના સાથે વિરમું છું.

ગીતાકુંજ,
વાપી
તા. ૭–૩–૫૩

સંતચરણરજ,

નલિન મ. ભટ્ટ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જાતને સંબોધન

પ્રિયાત્મન્! શ્રીમદ્ ભાગવત કેવળ ગ્રંથ જ નથી. ભગવાન વ્યાસજીની ફક્ત સમાધિભાષા જ નથી. સચ્ચિદાનન્દ પરમાત્માની ચિન્માધુરીથી ઉભરાતી એ તો અક્ષર છવિ છે. સત્યારાધનાનો, પ્રભુપ્રેમનો 'સત્યં શિવં સુન્દરં'નો એ સનાતન હૃદય ધબકાર છે. એ રસ સાગર છે. એના રસનું આ-લય પાન આત્માની પરમપુષ્ટિ છે.

આત્મન્! પામવી છે તારે હૃદયની ચિરશાતા? તો જા ભાગવત પાસે. પીવી છે. તારે પરમાત્માની રસમાધુરી? તો પરવર ભાગવતની રસાળી ગોદમાં. ધોવી છે તારે સંસારની ચીકણી કાલિમા? તો પ્રયાણ કર ભાગવતના ગંગાઘાટે. અનુભવવો છે પ્રભુનો પ્રેમપરિરંભ? તો આશ્રય લે પ્રભુના એ સાક્ષરી તેજનો. સાધવો છે સનાતન સત્સંગ? તો સીધો સીધાવ ભાગવતની સોડમાં. ધોવું છે ભવદારિદ્રય? તો સંગ કર ભાગવતનો. શમાવવો છે ત્રિગુણનો સનેપાત? તો પી લે પ્રેમના અનુપાનમાં ભાગવતની રસગુટિકા. છૂટવું છે માયાપિશાચીના પરિમર્દમાંથી? તો શરણું લે ભાગવતનું. જવું છે પેલે પાર સંસાર સિંધુની? તો નિઃશંકપણે બેસ ભાગવતની અદ્ભુત નાવમાં. સરકવું છે સમાધિના દિવ્ય આનન્દમાં? તો સેવા કર ભાગવતની. વિહરવું છે મહાભાવોની રસ હેલીમાં? તો અનુસંધાન કર ભાગવતનું! મળવું છે સમર્થની સંગમાં રહેતા આત્માઓને? તો ચિન્તન કર ભાગવતનું. લૂંટવો છે આનન્દ દ્રષ્ટાઓની સંગતિનો? તો મનન કર ભાગવતનું. બનવું છે એક લહરી અનન્ત પ્રેમની? તો સ્મરણ કર ભાગવતનું. આવરવું છે સકલ વિશ્વને વ્હાલના વર્તુળમાં? તો સમાધિ લે ભાગવતમાં. આત્મન્! કલ્પતરુની ફોકટ શોધ શેં કરે છે? ભાગવત જ કલ્પદ્રુમ છે.

આત્મન્! રસનાં વર્ણન શાં? એના તો આસ્વાદ હોય, સ્વરૂપની શોધ શી? એતો નિત્યપ્રાપ્તજ છે! સ્વરૂપમાં અવસ્થાન માટે ફાંફાં શાં?– સ્વરૂપમાંથી તું કદી ચ્યુત થયોજ નથી! પ્રકાશની શોધ શી? એ તો તારામાં જ છે! તારા પ્રકાશે જગત પ્રકાશે છે. તારી સત્તા એ જગતની સત્તા છે. તારી આનન્દની એક લહરીએ જગતમાં આનન્દની રેલ રેલાય છે! તારીજ છવિ અનેક નામરૂપનાં ચોકઠામાં મઢેલી છે! તુંજ, હું અને તે રૂપે વિલસી રહેલો છે! જગતનું જ્ઞાન પણ તારૂં છે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અજ્ઞાન પણ તારૂં છે. સુખ પણ તારૂંજ છે, દુઃખ પણ તારૂંજ છે. શોક પણ તારોજ છે, હર્ષ પણ તારોજ છે! ભાન પણ તારૂંજ છે, અભાન પણ તારૂંજ છે. સત્ પણ તારૂંજ છે, અસત્ પણ તુંજ છે! જડ પણ તુંજ છે, ચેતન પણ તુંજ છે! આનન્દ પણ તુંજ છે, આનન્દાભાવ પણ તુંજ છે, જે કાંઇ છે તે તારીજ અનિર્વચનીય મહાશક્તિનો અદ્‌ભુત અને અગમ્ય મહારાસ છે! તારાથી ભિન્ન કશું નથી. તું કશાંથી નોખો નથી. તું તારામાંજ, તારે માટેજ, તારી રીતેજ, તારી સાથે, તારી જાતેજ, રમી રહ્યો છે! તારો રસાસ્વાદ લેવાને તુંજ વિભક્ત થયો છે! અદ્વૈતમાં જાણે દ્વૈત બની તુંજ પાછો એ દ્વૈતની તડને સાંધી લે છે! આત્મન્! જાગૃત થા! ઊઠ. બેઠો થા. જો. તારા મહિમાથી તું જ કેમ હેબતાય છે? તુંજ કેમ દુઃખી થાય છે? તુંજ કેમ પ્રશ્ન પૂછે છે? તુંજ તને વિસરી જઇ જાણે કાંઈ તારાથી ભિન્ન હોય એમ માનીને શેં ઊંધુ કૂટે છે? જીવન અને મૃત્યુ, શોક અને હર્ષ, સુખ અને દુઃખ, લાભ અને હાનિ, જય અને પરાજય, તાપ અને છાંયડો-બધુંય તુંજ નથી? ઓહો! ભૂલી જાય તેથી હકીકત અહકીકત બને ખરી? નટરાજ! ઘટઘટમાં તારાં જ રસભીનાં નાટય થઈ રહ્યાં છે ને? અને ભાગવત સિવાય તને તારૂં જીવનપાથેય કોણ આપશે? રસરાજ! તો પછી રસસ્નાનમાં વિલંબ શેં? ઝબકોરા એ રસના સાગરમાં અને ભગવાન શંકરાચાર્ય સાથે અનુભૂતિનો ઉલ્લાસમય સૂર ઉમેર કેઃ—

संपूर्णं जगदेव नन्दनवनं सर्वेऽपि कल्पद्रुमाः
गांगं वारि समस्तवारिनिवहः पुण्याः समस्ताः क्रियाः ॥
वाचः प्राकृतसंस्कृताः श्रुतिशिरः वाराणसी मेदिनी
सर्वावस्थितिरस्य वस्तुविषया दृष्टे परे ब्रह्मणि ॥ १ ॥

ગીતાકુંજ,
વાપી.
૭-૩-૫૩.

हरि ॐ तत्सत्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી નલિન મ. ભટ્ટ એમ. એ.
શ્રીમદ્ ભાગવતના પ્રવક્તા.
તથા
તંત્રી "ગીતાબંધુ" દ્વિમાસિક
ગીતાકુંજ, વાપી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



પ્રવકતાની વાણી ઝીલતા શ્રોતાજનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ

શ્રી નલિન મ. ભટ્ટનો આછો

જીવન–પરિચય

॥ स जातो येन जातेन यातिवंशः समुन्नतिम् ॥

"તે જન્મ્યો જન્મથી જેના પામે વંશ સમુન્નતિ"–ભર્તૃહરિનું આ અમર વાક્ય કોનાં જીવનપરિચય લખી કે રજૂ કરી શકાય એનું નિયામક છે. 'વંશ' એટલે માનવ કુલ એવો અર્થ અહીં કરવો ઘટે. પાંચ દસ માણસના કુટુંબને ઉજ્જવલ કરે તે પણ આદરણીય તો ખરો જ. પણ જન્મી જેનું જીવન માનવ જાતિને ઉજળું કરે એવું હોય તે તો વંદનીય જ છે. જેમના જીવનનો આછો પરિચય કરાવવાનું અહીં ધાર્યું છે તે આખીય માનવ જાતિને સ્પર્શી રહ્યા છે એવું કહેવાનો સ્હેજે આશય નથી. ઉલટું જેમને ઉદ્દેશીને આ લખાય છે તે ખૂબ જ અણજાણી વ્યક્તિ છે. પણ કેટલીક વેળા એવું બને છે કે જગતથી અણજાણી વ્યક્તિ અણજાણી હોવા છતાં પરિચય આપવા જેવી હોય છે. વિશાળ વ્યોમના કોઇ અણજાણ્યા ખૂણામાં ટમટમતો તારો આથેથી ખૂબ નાનો અને ઝાંખો ભલે દેખાતો હોય પણ જો સાચે જ તેની નજીક જઈ તેનું માપ અને તેજ જોવામાં આવે તો તેની સરખામણીમાં કવચિત્ સૂર્ય પણ નાનો અને નિસ્તેજ હોવાનો સંભવ છે! શ્રી નલિન મ. ભટ્ટના જીવનનાં તમામ ઝળહળતાં પાસાંઓ જોતાં, ઉપલાં કથનનાં સત્ય સમજાશે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા, ઉપનિષદો, યોગાદિ દર્શન શાસ્ત્રો વગેરે આર્ષ ગ્રંથો ઉપર વિદ્વત્તાપૂર્ણ છતાં સામાન્ય જનતા પણ સરળતાથી સમજી શકે તેવી પ્રસન્નગંભીર અને લલિત ભાષા અને શૈલીમાં મૌલિક અને સ્વતંત્ર ભાષ્યોના નિર્માતા, સંસ્કૃત, તેમજ ગુજરાતીના સિદ્ધહસ્ત લેખક, ઉચ્ચકોટિના કવિ અને અનન્ય પ્રવચનકાર શ્રી નલિન મ. ભટ્ટનું વલસાડ એ જન્મસ્થાન. જ્ઞાતિએ ચાતુર્વેદી મોઢ બ્રાહ્મણ. પરંપરાગત વિદ્યાવાન, સંસ્કારી અને પવિત્ર કુટુંબમાં ૧૯૧૦ માં જન્મ. એમના પિતાશ્રી વેદમૂર્તિ શ્રી. મણિશંકર ભટ્ટ ઉચ્ચ કોટિના યાજ્ઞિક તરીકે લબ્ધ પ્રતિષ્ઠ છે. વેદ, કર્મકાંડ, સાહિત્ય અને દાર્શનિક વિદ્યાના પરમપ્રેમી હોઇ, એઓ વિદ્વત્તા, પવિત્રતા અને સંસ્કારિતાની જીવંત મૂર્તિ સમા છે. એમનાં વૈકુંઠવાસી માતુશ્રી. સૌ. જીવીબેન પણ અતિ પવિત્ર, ધર્મપરાયણ અને સંસ્કાર સંપન્ન સતી હતાં. ગીતા વગેરે તેમને કંઠસ્થ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હતાં. ભક્તહૃદયી અને ભજનાનંદી હતાં. તા. ૧૫-૯-૫૧ ને રોજ, ઉમરેઠવાસી શ્રી. અંબાલાલ ભા. ત્રિવેદી (રીટાયર્ડ મેજીસ્ટ્રેટ) ને શ્રી. નલિન ભટ્ટે લખેલા એક પત્રનો ઉતારો, એમની આનુવંશિક પરિસ્થિતિનું સચોટ ધ્યાન આપતો હોઈ, અહીં લઇએ છીએ. એ પત્રમાં તેઓ લખે છે:-"મારા પૂ. પિતાશ્રી હાલ લગભગ ૭૦ વર્ષનાં છે. યમનિયમસંપન્ન જીવન હોઇને, હજી સ્વસ્થતા જાળવી શકયા છે. વેદવિદ્વાન છે. ભારે તપસ્વી છે. સ્વાધ્યાય અને નિત્યકર્મમાં સદા પરાયણ છે. જીવનભર, માનો એમણે વિદ્યાર્થીપણુંજ સેવ્યું છે. આ ઉમરે પણ જો કોઇ વિદ્વાન સાધુસંત આવે તો, તેમની પાસે બાળકની પેરે ભણવા જવામાં એમને સંકોચ નથી. વંશ પરંપરાની યાજ્ઞિકીવૃત્તિ છે. ભારે તેજસ્વી વૃત્તિ છે. સંસ્કૃતના સારા અભ્યાસી છે. આજે પણ એઓ મારા ઉપર અવલંબતા નથી. મારાં માતુશ્રી આજે ૭ વર્ષથી સ્વર્ગસ્થ થયાં છે. સતી હતાં. પવિત્રતાની મૂર્તિ હતાં. વિદ્યા ઉપર ભારે પ્રેમવાળાં હતાં, ગીતાજી તેમને લગભગ કંઠસ્થ હતાં. ભજનાનન્દી અને કોકિલકંઠી હતાં. પ્રાણવિયોગકાળે પણ કઠોપનિષત્ સાંભળવાની એમની વૃત્તિ હતી! મારું આખુંય કુટુંબ વિદ્યાવ્યાસંગી, કર્મનિષ્ઠ અને ભક્તિ પરાયણ સ્ત્રી પુરુષોવાળું મને જાણવા મળ્યું છે. દાદાને તો મેં જોયેલા. નર્મદાજીની તેમણે પરિક્રમા કરેલી. સાડાચાર વર્ષે તે પૂરી થયેલી! અને એ દરમ્યાન અને મોટેભાગે જીવનમાં કેવળ અપરિગ્રહી! નર્મદાની પરિક્રમા વખતે શરીર ઉપર ફક્ત એક પંચીઉં અને હાથમાં નાળીએરનું કાચલું! સાડાચાર વર્ષો સુધી નથી ઘરે કોઇને પત્ર લખ્યો-નથી રાતી પાઈ મંગાવી!! નિઃસ્પૃહ, પવિત્ર અને પરમ શંકર ભક્ત! માતાપિતાને અનુષ્ઠાન કરવાં ખૂબ પસંદ! હજીપણ પિતાજી તો કર્યેજ જાય છે! માતાજીના પૂર્વજો દીક્ષિત-સોમયાજી! થોડી પેઢીઓ ઉપર મંત્રની સિદ્ધિવાળા. અગ્નિ અને વરુણના પરમ ઉપાસક, કાશી સુધી પહોંચેલી કીર્તિવાળા. વિદ્યાસંપન્ન જીવો. ઉભયરીતે આ પ્રકારના વંશમાં આ શરીરનો જન્મ....."

એજ પત્રમાં પોતાના વિદ્યાર્થી જીવનનો ખૂબજ સંક્ષિપ્ત ચિતાર આપતાં એઓ કહે છે:-"મારી જન્મભોમ વલસાડ. ૧૯૩૪ માં લગભગ ૨૪ મે વર્ષે સંસ્કૃત ઓનર્સ સાથે એમ. એ. થયો. આખુંય કોલેજ જીવન મુંબઇની વિલ્સન કોલેજમાં. માધ્યમિક શિક્ષણ ખૂબ કથળેલું-તે વેળાની રાજકીય પ્રવૃત્તિના હિલ્લોલે. અંગ્રેજી પાંચમા ધોરણ સુધી વલસાડમાં રાષ્ટ્રિય શાળામાં અભ્યાસ. પછી તે શાળા ખોરવાઇ જતાં ચરોતર એડ્યુકેશન સોસાયટીમાંથી ૧૪-૧૫ વર્ષની ઉંમરે ગૂજરાત વિદ્યાપીઠની વિનીતની પરીક્ષા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પસાર કરેલી. ત્યારબાદ પાછો મેટ્રિક થયો. અને કોલેજમાં ગયો. ભણતી વખતે પણ ખૂબ આર્થિક મૂંઝવણ અનુભવેલી. શા. એચ. એ. બોર્ડિંગમાંથી બી. એ. થયેલ....." એમના વિદ્યાર્થી જીવનનો આ તો એમણે આપેલો સંક્ષિપ્તમય અતિસંક્ષિપ્ત ચિતાર છે. એમનું શાળાકીય જીવન અને ખાસ કરીને કોલેજ જીવન ખૂબજ તેજસ્વી અને તાત્કાલીન વિદ્યાર્થીઓમાં અગ્રગણ્ય હતું, આ આછા પરિચયમાં એ જીવનના સ્મરણીય પ્રસંગોની વીગતવાર ચર્ચા ઇષ્ટ છતાં સમાય એવી નથી. એટલે એટલું કહીનેજ સંતોષ માનીશું કે એ દિવસોમાં એમનો વિદ્યાતરસ્યો આત્મા વિદ્યાની દેવી પરએ સદૈવ અણછીપ્યોજ રહેતો. કોલેજની કારકીર્દિ દરમ્યાન પણ એમની તેજસ્વી મેધાથી પ્રાધ્યાપકો અને સહાધ્યાયીનો એમણે પ્રેમ સંપાદન કરેલો.

પણ એમણે સાચી કેળવણી તો એમના વિદ્યાગુરુ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ મહાત્મા શ્રી. હરિપ્રસાદ વૈદિક મુનિજીના શિષ્ય તરીકે મેળવી હતી. એમના ગુરુદેવનો ઉલ્લેખ કરતાં, ઉપર્યુક્ત પત્રમાંજ, તેઓ હૃદયપર્શી એકરાર કરતાં કહે છે:–"મારા જીવનમાં સાચો રાહ બતાવનાર પૂ. ગુરુદેવનું મિલન ખૂબજ આકસ્મિક રીતે થયેલું. પૂ. ગુરુજી તો મોટે ભાગે હરિદ્વારમાં રહેતા. એમનું પંજાબી બ્રાહ્મણ શરીર હતું. ઉદાસીન પંથના હતા. પરમશ્રોત્રિય અને પ્રભુનિષ્ઠ. એમના જીવન ચરિત્રમાં આ જીવે જે કાંઇ લખ્યું છે તે અલ્પોક્તિ જ છે*. એઓ ૨૭ વર્ષો સુધી, દર વર્ષે, ત્રણ મહિના માટે, તેમની હવાપાણીની અનુકૂળતા ખાતર, વલસાડ આવ્યા હતા. મને તો એમનો છેલ્લા સાત આઠ વર્ષનોજ લાભ! પણ માનું છું કે મને જે લાભ એમણે આપ્યો તે પક્ષપાતમયજ હશે! તેમનું આગમન એક અકસ્માતે થયું હતું. મુંબઇથી તેઓ વડોદરા તરફ જતા હતા. રસ્તે ક્યાંક ગાડીમાંથી ઉતરતાં, એમનો એક પગ, સરકી જતાં ખૂબ જોખમાયો. વલસાડ સ્ટેશને તેમના ઉત્તર હિંદના એક ડોકટર શિષ્યનો અચાનક ભેટો થયો. તે શિષ્યે એમને આગ્રહપૂર્વક વલસાડ ઉતારી પાડ્યા! અને પછી તો એમની વિદ્યા યોગાદિના પ્રભાવે જનતાને એઓ પ્રિય થઇ પડેલા! હું તો Inter Arts માં આવ્યો ત્યારે ગુરુજી વિષે મારા પિતાશ્રીના મોઢે ખૂબ વખાણ સાંભળ્યાં. તેમનીજ પ્રેરણાથી તેમનાં દર્શને ગયેલો. અને એમના દર્શનેજ એક ભવ્યતમ જીવનની ઝાંખી થયેલી! એમની પ્રચંડ કાયા, અગ્નિકુંડ જેવી

---

* જુઓ શ્રી નલિન ભટ્ટ કૃત ગીતાસાધન ભાષ્યોમાં સ્વામિશ્રી હરિપ્રસાદ વૈદિક મુનિજીનું જીવન ચરિત્ર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રજ્વલિત છાતી, અવર્ણનીય કંઠમાધુર્ય, અતુલ્ય વિદ્યા, અનુપમ આચરણ–બધાંથી હું તો હેબતાઇ જ ગયેલો! અને પરિણામે કોલેજ જીવનનાં "આછાં નીર ઊંડાં થઇ ગયાં." એ મહાપુરુષનો જો સંસર્ગ થયો ન હોત તો હું કદાચ માણસજ રહ્યો ન હોત! એમણે મને જીવન રાહ બતાવ્યો. અને પછી તો એમની કને વિદ્યાભ્યાસ શરુ થયો. સાત વર્ષ સુધી એઓ આવે ત્યારે કોલેજમાંથી પણ છટકી નાસતો. દર્શનશાસ્ત્રો, ઉપનિષદો વગેરેનો અભ્યાસ એ સાક્ષાત્કૃત ધર્મા–મહાપુરુષના ચરણે બેસીને કરવાનો, પરમાત્માની અનહદ કૃપાએ લ્હાવો મળ્યો, અને માનોને આજે તો ગુરુજી જ મારા દ્વારા વર્તી રહ્યા છે. એમના સિવાયનો હું કશુંજ નથી. મારો તે અધિકાર શો? એમની કૃપા જ મારો એક માત્ર અધિકાર. મારી તે સાધના શી? એમની નિરન્તર કૃપાવર્ષાજ મારી સાધના. ગુરુગ્રહગૃહીતાત્મા છું, બાકી એમની હૃદય–પકડ વગરનો હું વિજળી વિનાના તાંબાના તાર જેવો છુ. આજે પણ અચૂક તે મહાયોગીજ મને સતતપણે પ્રેરે છે એમ માનું છું. એમનું અપાર વાત્સલ્ય, અનન્ત પ્રેમ, અગાધજ્ઞાન, પરિપૂર્ણ યોગ–બધુંજ આજે તો જીવનની પરમ રમણીય સ્મૃતિજ થઈ રહી છે, એમની સાથે જીવનમાં જે દિવસો ગાળ્યા છે તે તો ગતાઃ!! મુક્તાત્માઓની પેરે એ દિવસો પાછા નહીં આવે! મને બીજું એમણે કશું જ નથી કર્યું–ક્વચિત જ એકાદ અમોઘ આશીર્વચન આપતા અને આજે તે ફળે છે. મારાં ઇશોપનિષત્ સંસ્કૃત ભાષ્યને વાંચીને તેમણે પૂ. પિતાશ્રીના ઉપર લખેલું–"નાનુજી વડા હોનહાર હૈ, ઈશ્વર ઉસે ચિરંજીવ કરેં–એમના અવિતથ સંકલ્પોનું સામર્થ્ય, મારી પવિત્ર પળોમાં હું આજે પણ અનુભવું છું. શું લખું? ગુરૂદેવના સ્મરણે પીગળી જવાય છે. એ મહામના જીવન્મુક્તની આજે મને ભારે ખોટ લાગે છે. અનાથ બાળકને જેમ માતાપિતાની હુંફાળી ગોદની સતત ઝંખના થાય તેમ મને થયા કરે છે. પણ આજે પણ એમની પ્રેરણા મને અદૃશ્ય રીતે મળતીજ રહે છે એવું હું સકારણ માનું છું," આ પત્રમાંજ નહીં, માતા પિતા અને ગુરૂજી પ્રત્યેની પરમભક્તિ વિષે એમના ગ્રંથોમાં પણ અનેકવેળા હૃદય હલાવી નાંખે એવાં ઉલ્લેખો જોવામાં આવે છે.

એમ. એ. ની પદવી પ્રાપ્ત કર્યા બાદ શ્રી નલિન ભટ્ટને ધંધો પસંદ કરવાનો પ્રશ્ન આવ્યો. એમના વિદ્યાપ્રેમી આત્માએ અધ્યાપનનો ધંધો પસંદ કર્યો! વિદ્યાપ્રેમી સાથે સેવાની વૃત્તિ એમનામાં અતિશય પ્રબળ. અધ્યાપક તરીકે ગણદેવી, પારડી, વલસાડમાં એમણે ખૂબજ વિદ્યાર્થી અને જનતાપ્રિય અધ્યાપક તરીકે નામના મેળવી. અધ્યાપક તરીકે વલસાડની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક કેળવણી સંસ્થામાં એમના જીવનનો સારામાં સારો ગાળો વીત્યો. એમના સેવામય અને ત્યાગમય કર્મણ્ય જીવનની ખરી ઝલક વલસાડમાં ખીલી ઉઠી. એમણે વિદ્યાર્થીઓ અને શિક્ષકો, જનતા અને જાહેરની નિઃસ્વાર્થી સેવાનાં અનેક મહાકાર્યો ઉપાડ્યાં અને સફળતાપૂર્વક તેમને પાર પાડ્યાં! વલલાડની વિદ્યામૃતવર્ષિણી પાઠશાળાને લગભગ એક દાયકો વિના વેતને અપૂર્વ સેવાઓ સમર્પી. શિક્ષક મંડળની પ્રસ્થાપના દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોને એક જ વ્યાસપીઠ ઉપર કામ કરતા કરી તેમની પ્રતિષ્ઠા અને સંગઠનમાં અમૂલ્ય ફાળો આપ્યો. હિન્દી પ્રચારના સેવામય કાર્યમાં અગ્રણી બની ઘરઘર હિન્દીનો સંદેશ પહોંચતો કરવા અથાક પ્રયત્ન કર્યા, વલસાડની કોઈ પણ એવી સાંસ્કારિક, આધ્યાત્મિક શૈક્ષણિક કે સામાજિક પ્રવૃત્તિ ન હશે જેમાં શ્રી નલિન ભટ્ટે પોતાનો પ્રાણ નહીં રેડ્યો હોય! એમની ગીતા ભક્તિનો જીવતો જાગતો નમૂનો તે વલસાડનો એમનો સ્થાપેલો શ્રી ગીતાસમાજ! એ ગીતાસમાજનું લગભગ પચાસ હજારના ખર્ચે બંધાયેલું ભવ્ય ગીતાસદન એ મોટે ભાગે શ્રી નલિન ભટ્ટનાં પુરુષાર્થ ખંત, ઉદ્યોગ, સેવામયતા, તપ, ચારિત્ર્ય અને શ્રદ્ધાનું પ્રતીક છે! ભગવાનના ઉપર જીવતી જાગતી શ્રદ્ધા અને અવિરત પુરુષાર્થ અને નિઃસ્વાર્થ જીવનસરણીનો ત્રિવેણી સંગમ તે શ્રી નલિન ભટ્ટનો ગીતા સમાજ અને તેનું ગીતાસદન! એક યુવાન કાર્યકર તરીકે શ્રી ભટ્ટને લોકોએ એમના કાર્યમાં કરેલી લાખોની સહાય એજ એમના જીવનને લોકો તરફથી મળેલી ભવ્ય અંજલિ નથી?

એમના જીવનની યોગમય ચર્યાનો આથી પણ મોટો દાખલો તે એમની અવિરત સાહિત્યસાધના છે. પળપળ સેવામય કાર્યમાં રહેવા છતાં, દિન પ્રતિદિન અનેક જોખમદારીભર્યાં કામો મન ઉપર ખડકાતાં છતાં, જીવનનિર્વાહ માટે પેટપૂર ખાવાનું મેળવવા માટે શાળાના જડ તંત્રમાં વેઠ કરવા છતાં, અનેક વિટંબણાઓ અને ઉપાધિઓનો સામનો કરવો પડતો હોવા છતાં એમનો અદમ્ય ઉત્સાહ, ખંત, પુરુષાર્થીસ્વભાવ, અણનમ ઇચ્છાશક્તિ, લીધેલું પૂરૂં કરવાનો વજ્ર સંકલ્પ, અવિચળ આત્મ-શ્રદ્ધા, ઉચ્ચ વિનોદની અખૂટ પૂંજી, નિઃસ્વાર્થ યજ્ઞમય જીવનવલણ, અને ધારેલી પળે તટસ્થ થઇ જવાની આવડત, નિર્દોષ અને નિષ્કપટી હૃદય, ભાવુકતા અને યોગમયતાએ એમની સાહિત્ય સેવામાં એમને સતત રોકી રાખ્યા છે! પ્રસ્થાનત્રયી ઉપર મૌલિક ગુજરાતી ભાષ્યો લખવાનો એમનો ભવ્ય મનોરથ! અવિરત પ્રવૃત્તિમાં પણ એઓ એમનો સ્વાધ્યાય ચૂકયા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નથી. પ્રાર્થના વિસારી નથી, ચિંતનને વેગળું કર્યું નથી, લેખનથી વિરક્ત થયા નથી, આચરણને નેવે ચડાવ્યું નથી. પરિણામે પરમાત્મા અને ગુરુદેવની અસીમ કરુણાથી એઓ શ્રીમદ્ ભગવદ્ગીતા, અને ઉપનિષદો ઉપર સ્વતંત્ર અને મૌલિક ભાષ્યો રચી શકયા છે. એટલું જ નહિ. નાના મોટા મળીને એમણે લગભગ પચાસ, મોટે ભાગે મૌલિક ગ્રંથો આટલી નાની ઉંમરમાં ગુર્જરીના સારસ્વત મંદિરે નિવેદિત કર્યા છે. એમના એ ગ્રંથોનાં ઉંડાણ અને હૃદય-મન-અને મતિસ્પર્શિતાનો બરોબર ઉલ્લેખ કરવા જઇએ તો એક સ્વતંત્ર ગ્રંથ લખાય એમ છે! આથી અહીં તો એટલું જ કહીને સંતોષ માનીશું કે એમના શ્રીમદ્ ભગવદ્ગીતા સાધનભાષ્યો, (ત્રણ ખંડમાં) સ્વાધ્યાયગીતા, સમશ્લોકીગીતા, ગીતાશ્રવણ, વગેરે ગીતાને લગતા ગ્રંથો, એમનું નખશિખ સ્વતંત્ર અને અનુપમ જીવનદર્શન, એમનું પાતંજલ યોગદર્શન ઉપરનું પ્રતિભામય અને શકવર્તી ભાષ્ય, એમના ઉપનિષદો ઉપરનાં હૃદયગંમ અને અપૂર્વ ભાષ્યો, કોઇપણ મહાપ્રજાને ગૌરવ આપે એવાં છે. ઇશ્વરની ખૂબ નજીક વસતા જીવની પ્રતીતિ એમના ઉપલા ગ્રંથો કરાવે છે. એમના જેવા એક ઊભય વિદ્યાનિષ્ણાત ભદ્ર પુરુષને, માધ્યમિક શાળા જેવા એક અતિ મર્યાદિત સ્થાનમાં જ સબડયા કરવું પડે એ આ યુગની એક કરૂણતા છે. એમનું સાચું સ્થાન માધ્યમિક શાળા નહીં પણ કોઈ મહાવિદ્યાલયના મુખ્ય આચાર્ય તરીકે જ છે. અમારી તો શ્રદ્ધા છે કે શ્રી નલિન ભટ્ટે જે સાહિત્ય જનતાની સેવામાં રજૂ કર્યું છે તે, જો કોઇ બીજા દેશમાં રજૂ થયું હોત તો ત્યાંની સરકારે કે જનતાએ તેમને વિદ્યાના કોઈ સર્વોચ્ચ સ્થાને નિયુક્ત કર્યા હોત! પણ આ દેશને માથે તો એ વરદાન છે કે અહીંનો માનવી જો પરદેશમાં ઝંડો ફરકાવી આવે તોજ અહીંની પ્રજાનાં ચક્ષુ તેના તરફ ખુલે છે. સ્વામી વિવેકાનન્દ અને ટાગોર એના જીવતા જાગતા દાખલાઓ છે. અસ્તુ.

શ્રી ભટ્ટને વલસાડ છોડવું પડયું! અને તે પણ ખૂબ કરુણ સંજોગોમાં. જે પ્રજાની સેવામાં એમની ભર યુવાનીના સરસમાં સરસ વર્ષો વીતાવ્યાં, જેમની સેવાની ધૂનમાં એમણે પોતાની કારકીર્દિને લાત મારી, તેજ પ્રજાના કેટલાક અગ્રણીઓ સાથે સૈદ્ધાન્તિક મતભેદ પડતાં શ્રી ભટ્ટને વલસાડ છોડવું પડયું! એ કરુણ કિસ્સો પ્રજા સમક્ષ રજૂ કરવામાં ઔચિત્યનો ભંગ થાય એટલે જ અટકીએ છીએ! શ્રી ભટ્ટે પ્રસંગ આવતાં જે કેળવણી સંસ્થામાં પોતાના પ્રાણ પૂરવામાં કચાશ નહોતી રાખી તેમાંથી રાજીનામું આપી છૂટા થયા! અને વાપી જઇ વસ્યા. ત્યાંથી પણ તેઓ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પોતાનું જીવનકાર્ય કરતાજ ચાલ્યા જાય છે! ગીતાસમાજ અને બીજી સંસ્થાઓ દ્વારા વહેતી એમની સેવાઓ જો સ્થગિત થઈ તો એમના વિકાસપ્રિય આત્માએ ગીતાબંધુ દ્વિમાસિક દ્વારા પોતાનો સેવાયજ્ઞ આજસુધી ચાલુ રાખ્યો છે. ગીતાબંધુ મહા ગુજરાતનું સર્વોચ્ચ આધ્યાત્મિક દ્વિમાસિક છે! શ્રી ભટ્ટ આજે એ દ્વિમાસિકને ભારે આર્થિક મૂંઝવણમાં પણ અડીખમ ધીરજપૂર્વક ચલાવી રહ્યા છે. ગીતાબંધુની યોજનાથી માંડીને તે ટપાલ કરવા સુધીનું, લખવાથી માંડીને તે તેની આર્થિક મૂંઝવણને પહોંચી વળવા સુધીનું તમામ કાર્ય એકલે હાથે ઘડીભર અહોભાવ ઉપજાવે એ રીતે કરી રહ્યા છે! દર બે માસે સો પાનાનું કેવળ આધ્યાત્મિક-વાંચન જનતાને પૂરું પાડવું એ રમત વાત નથી! અને એવાં કાર્યો સદૈવ ભૂખ્યાં જ રહે છે. છતાં એક રાતી પાઈની પણ આશા સિવાય એ કાર્ય કરવામાં મંડી રહેલા શ્રી ભટ્ટ સૌની પ્રશંસા અને સહાયને પાત્ર છે!

આવા કડવા કાળમાં કુટુંબનિર્વાહ માટે અધ્યાપનના ધંધાની જવાબદારી ઉપરાંત ગીતાબંધુની જવાબદારી સાથે શ્રી ભટ્ટને મહાગૂજરાત સાથેના સંબંધને લઇને સેંકડો ભાઇબહેન સાથેના પત્રવ્યવહારની પણ જવાબદારી રહે છે. શ્રી ભટ્ટ એક કુશળ પત્રલેખક છે. એમના પત્રો તો ઘણા જીવો માટે જીવનપાથેય થઇ પડે છે! એમની પત્રલેખનની કળા ઉપર સેંકડો ભાઈ બહેનો મુગ્ધ છે. એમના પત્રો જ્યારે ભાવિમાં પ્રકટ થશે ત્યારે ગૂજરાતના પત્ર સાહિત્યમાં કદાચ એ સર્વોત્તમ સ્થાન પ્રાપ્ત કરશે! પત્રોમાં પ્રકટ થતું એમનું પ્રવાહી હૃદય, નિર્મળ માનસ, ઉચ્ચત્તમ વિચારો, સ્ફટિક નિર્મળ ભાવો, ઘેરું મનોમન્થન અને દિવ્ય ઓજસ્ સાચે જ અનુપમ છે! એમનું પ્રેમાળ હૃદય અને મીઠી વાણી પત્રોદ્વારા કામણ ઉપજાવી જાય છે! એમના પત્રો મેળવવા એ એક જીવનનો લ્હાવો છે. સંતપ્ત જીવોને માટે એ સલિલદ્વીપની ગરજ સારે છે. એ ઘણાને માટે સ્વાધ્યાયની ગરજ સારે છે!

તત્વજ્ઞાનના તલસ્પર્શી અભ્યાસી અને સિદ્ધહસ્ત લેખક ઉપરાંત એઓ ઉચ્ચ કોટિના કવિ છે. કિશોરાવસ્થામાં જ એમની એ શક્તિ ડોકીઆં કરતી હતી. ૧૯૩૨માં એમનો દળદાર અને સુંદર "નલિની પરાગ" નામનો પહેલો કાવ્ય સંગ્રહ પ્રકટ થયો. કવિઓ અને સાહિત્યકારોમાં એ પ્રશંસા પામ્યો. "નલિની પરાગ" એ ખંડકાવ્યો–કથાકાવ્યો, પ્રકૃતિ–પ્રણય અને પ્રકીર્ણ ઉર્મિકાવ્યોનો રસમય સંગ્રહ છે. તાજેતરમાં જ એમનો બીજો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાવ્યસંગ્રહ–સરોજ સુરભિ નામે પ્રકટ થયો છે. ચિત્તની પ્રસન્નતા અને સંવેદનમાંથી પ્રકટેલી મધુર ઉર્મિઓનું એ કાવ્યોમાં નમણું આલેખન છે. એ કાવ્યો એમની પ્રતિભા, સંતહૃદય, શુચિતા અને પ્રસન્નતાનો સુંદર પરિચય કરાવે છે. એમના જીવનમાં કાવ્યોનું ઊંડું અવગાહન અને દર્શન બંન્ને છે. કાવ્યોની અર્થઘનતા, ભાષા વૈભવ, છંદોબદ્ધતા, અને શૈલીનો છટાદાર મરોડ, ઉર્મિનો ગંગાપ્રવાહ, વગેરે એમની લાક્ષણિકતાઓ છે. એમના કાવ્યો એમની એક અનોખી સિદ્ધિ છે. કવિશ્રી ખબરદાર કહે છે તેમ કવિતા અને તત્વચિંતનનો યોગ વિરલ હોય છે. એ વિરલયોગનાં દર્શન શ્રી ભટ્ટનાં કાવ્યોમાં થાય છે. "કવિતા એ જીવનની સમીક્ષા છે"–મેથ્યુઆર્નોલ્ડનું એ મહાસૂત્ર એમણે જીવનમાં વણી લીધું છે. એમનાં કાવ્યો સાચે જ આસ્વાદ્ય છે. એમના જેવા પ્રતિભાશીલને જો જીવનનિર્વાહની વિટંબણા ન હોય તો કદાચ મહાકાવ્યોનું સર્જન પણ એમના હાથે થાય! આપણે એવી શુભેચ્છા તો રાખીએ!

લેખક અને કવિ ઉપરાંત શ્રી ભટ્ટ અનન્ય સુંદર વકતા પણ છે. પ્રવચન વખતે એમની વાણીનો અસ્ખલિત પ્રવાહ ધારાબદ્ધ વહે છે. એમની વાણીનું માધુર્ય, મોહકતા અને લક્ષ્યવેધીપણું શ્રોતાઓને મુગ્ધ કરે છે! એમના પ્રવચનમાં પ્રાચીનને અર્વાચીન રીતે રજૂ કરવાની ભવ્ય કળા છે. અને તેમાંએ શ્રીમદ્‌ભાગવત ઉપરનાં એમનાં પ્રવચનો ખૂબ જ મનોરમ, આકર્ષક ઓજસ્વી અને પ્રસન્ન હોય છે. એમના શ્રીમુખેથી ભાગવતી કથા સાંભળવી એ જીવનનો એક લ્હાવો જ છે. ભાગવત જેવા જ્ઞાન, ભક્તિ અને કર્મના ગૂઢતમ રહસ્યોથી ભરપૂર મહાગ્રંથની કથા એઓ સંભળાવે છે ત્યારે ખરેખર તેમના સંત, ભક્ત અને જ્ઞાની હૃદયનો સાક્ષાત્કાર થાય છે! ભાગવતનાં રહસ્યો અદ્યતન શૈલીમાં રજૂ કરવાની એમની કળા ખરેખર, અનુપમ છે. પ્રાણવાન અને ઓજસ્વી વિચારોનું નિરૂપણ એટલું તો સુંદર અને આકર્ષક હોય છે કે શ્રોતાઓ એ અમૃત વાણીને સાંભળતા ઇશ્વરમયતા અનુભવે છે. એમની વાણીમાં કોઈ અજબ માધુર્ય અને મોહિની છે એમ કહેવામાં જરાયે અત્યુક્તિ નથી. એઓ બોલે છે ત્યારે એમના હૃદયની તન્મયતા સોંસરી અસર કરે છે.

એમના અંગત જીવનમાં એઓ એક નમ્ર સાધકનું જીવન વીતાવે છે. એમના પ્રેમવર્તુળમાં એક વખત આવ્યા પછી છટકવું મુશ્કેલ થાય છે! એમનો ભાવભર્યો અને પ્રેમળ આત્મા, સૌમાં પ્રભુ જોવાને માટે મથે છે. એમના અંગત સંપર્કમાં આવતા અનેક ભાઈ બહેનો એમને પોતાનાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જીવનનું અખૂટ પ્રેરણાધામ માને છે. પ્રેમ અને સત્ય, સર્વ ધર્મ સમભાવ, અને સમદર્શીપણું, સૌને માટે શક્ય તેટલું ઘસાઇ છૂટવાની વૃત્તિ અને કોઇને માટે પણ તિરસ્કારનો અભાવ, સૌ સાથે વિનયનમ્રતા અને છતાં ક્વચિત્ દાઝે એવી તેજસ્વિતા, શિષ્ટ વિનોદવૃત્તિ અને અંતર્મુખતા વગેરે અનેક ગુણો એમની જીવન સાધનાનાં દૃષ્ટફલ છે. વિદ્યમાન વ્યક્તિનાં વધુ પડતાં વખાણનો આમાં સ્હેજે આશય નથી. અંમોએ જે જોયું છે, અનુભવ્યું છે તેનો અતિસંક્ષેપમાં બ્હીતાં બ્હીતાં આછો ઉલ્લેખ કરીએ છીએ. એમનું ભાવિમાં જીવનચરિત્ર લખાય એવી ગુણસિદ્ધિઓ છે. પણ આજે તો આટલાથી જ સંતોષ માનીએ છીએ.

સમર્થ પંડિત અને પ્રવચનકાર, કવિ અને સાહિત્યકાર, તત્વચિંતક અને ધર્મોપદેશક શ્રી. નલિન ભટ્ટની તમામ ભદ્ર પ્રવૃત્તિઓ સૂતેલી માનવતાને જાગ્રત કરવાની, પ્રેમની પરિમલ, અને માનવતાની સુવાસ પ્રસરાવવાની, સેવા અને ભક્તિમય જીવનનો રંગ લગાડવાની, ભારતીય સંસ્કૃતિનો દીપ જલતો રાખવાની અને તેનો પ્રકાશ વિશ્વભરમાં ફેલાવવાની છે.

શ્રી. નલિન મ. ભટ્ટ, પૂજ્યપાદ શ્રી ભારદ્વાજ મુનિની ભાષામાં કહીએ તો "ઋષિ" છે, પૂ. સ્વામિશ્રી ગંગેશ્વરાનન્દજીના બોલમાં કહીએ તો "ગૂજરાતનું રત્ન છે" પૂ. પંડિત સાતવળેકરની ભાષાનો ઉલ્લેખ કરીએ તો "અમૂલ્ય ગુર્જર રત્ન" અને એક અભ્યાસી સજ્જનના બોલમાં કહીએ તો" Second Radhakrishnan" છે.

પરમાત્મા, એ હજી અણપ્રીછી વિભૂતિને દીર્ઘાયુઃ કરે, નીરોગી રાખે અને ગૂજરાત અને તે દ્વારા ભારતને પોતાની વિદ્યાસાધનાથી સમૃદ્ધ કરે એટલી પ્રાર્થના સાથે વિરમીએ.

અમલસાડ,
તા. ૨-૩-'૫૩.

મગનલાલ ગો. વ્યાસ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી નલિન મ. ભટ્ટ રચિત ગ્રંથો

ગૂજરાતી:—

૩ શ્રીમદ્ ભગવદ્ ગીતા સાધનભાષ્ય (૧૭૦૦ પાનાં ત્રણ ખંડમાં)
૪ ઇશોપનિષત્ સાધન ભાષ્ય
૫ કેનો ,, ,, ,,
૬ કઠો ,, ,, ,,
૭ પ્રશ્નો ,, ,, ,,
૮ મુંડકો ,, ,, ,,
૯ માંડુક્યો ,, ,, ,,
૧૦ તૈત્તિરીયો ,, ,, ,,
૧૧ ઐતરેયો ,, ,, ,,
૧૨ છાંદોગ્યો ,, ,, ,,
૧૩ બૃહદારણ્યકો ,, ,, ,,
૧૪ શ્વેતાશ્વતરો ,, ,, ,,
૧૫ જીવન દર્શન ,, ,,
૧૬ નારદભક્તિસૂત્ર ,, ,,
૧૭ શિક્ષણ દર્શન ,, ,,
૧૮ સ્વાધ્યાય ગીતા (સંપાદિત)
૧૯ ગીતાશ્રવણ
૨૦ ગીતામનન (બે ખંડમાં)
૨૧ ગીતાસારણી
૨૨ પ્રસન્નપળો (બે ખંડમાં)
૨૩ ભારતના અમર બાળકો
૨૪ નલિની પરાગ (કાવ્ય ગ્રંથ)
૨૫ સરોજ સુરભી (કાવ્ય ગ્રંથ)
૨૬ ગીતા સમશ્લોકી
૨૭ નીતિશતક સમશ્લોકી
૨૮ વૈરાગ્યશતક સમશ્લોકી
૨૯ નીતિશતક ગદ્યાનુવાદ
૩૦ પુરુષ સૂક્ત ગુર્જરાનુવાદ
૩૧ ગાયત્રી રહસ્ય
૩૨ ઇશ્વરદર્શનાનુવાદ
૩૩ ગીતાપત્રાવલિ
૩૪ પાતંજલ યોગદર્શન સાધનભાષ્ય (૩ ખંડોમાં)
૩૫ યોગીશ્વરદર્શન
૩૬ પ્રભુને પંથે
૩૭ ભાગવતની પ્રશ્નોત્તરી
૩૮ પ્રદ્મ પરિમલ (કાવ્ય ગ્રંથ)
૩૯ ભાગવતનો વિશ્વધર્મ
૪૦ ભાગવતની ગુરુપચ્ચીસી
૪૧ ભાગવત વિચાર દર્શન વગેરે

સંસ્કૃત ગ્રંથોઃ—

૪૨ સાંખ્યકારિકા પ્રદીપ ભાષ્યમ્
૪૩ નારદ ભક્તિ સૂત્ર સાધન ભાષ્યમ્
૪૪ ઇશોપનિષત્ (સંસ્કૃત) ,,
૪૫ શિક્ષણ દર્શન સૂત્રાણિ
૪૬ સંસ્કૃત ભાષોદ્ધાર પંચકમ્
૪૭ ભાટ્ટ સ્તોત્ર સંગ્રહ
૪૮ શ્રી વિષ્ણુ સહસ્રનામ ભાષ્યમ્
૪૯ વેદાનુશાશન ટીકા
૫૦ જીવનદર્શન (મૂલમાત્ર) વગેરે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ૐ

—: સમર્પણ :—

જેમણે જીવનભર યજ્ઞમય જીવન ગાળ્યું હતું,

જેઓ સાક્ષાત્ વેદમૂર્તિ અને તપસ્વી હતા,

જેમના આશીર્વાદે હું આજે પણ ઉજળો છું,

તે પરમપૂજ્ય તીર્થસ્વરૂપ વૈકુંઠવાસી પિતાશ્રી

ગોવિન્દરામ જગન્નાથ વ્યાસને આ

ગોવિન્દગુણાનુવાદ સપ્રેમ કૃતજ્ઞભાવે

સમર્પિત

—: મગન :—

卐

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ૐ

કૈલાસવાસી વેદમૂર્તિશ્રી ગોવિન્દરામ જગન્નાથ વ્યાસજી ને

—:એક અંજલિ:—

આ પવિત્ર અને ભગવદીય ગ્રંથ જેમને અર્પણ કરવામાં આવ્યો છે તે ઉદારચરિત પુરુષને અંજલિ આપવી એ ઉચિત છે. "ભઇસા"ને નામે સ્વજનો અને જ્ઞાતિમાં સુપ્રસિદ્ધ, વેદમૂર્તિશ્રી. ગોવિન્દરામ જગન્નાથ વ્યાસ, આ ગ્રંથના સંપાદક શ્રી. મગનલાલભાઇના પિતાશ્રી થાય પણ અમારા તો એઓ ગુરુવર્ય થાય છે. એમની કને વેદવિદ્યા અને યાજ્ઞિકીનું શિક્ષણ લેવાનું અમને અમારા બાળપણમાં સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું અને આથી આ તકે એ ગુરુદેવને અલ્પ પ્રેમાંજલિ આપવાની તક શેં જવા દેવી ? એ ગુરુપૂજાનો પવિત્ર આનન્દ ક્યાં ન માણવો ?

પૂ. શ્રી. ગોવિન્દરામ વ્યાસ મૂળ મોટા વરાછાના. એઓ શ્રૌત અને સ્માર્ત ઉભય વિદ્યા અને કર્મકાંડમાં અત્યંત પ્રવીણ હતા. આજે તો કાળના પરાક્રમને લઇને, સામાન્ય જનતાને શ્રૌત કર્મ કે સ્માર્ત કર્મની સૂઝ પણ નથી. પણ આજથી પચાસ વર્ષ ઉપર તો એ બન્ને કર્મકાંડની શાખાઓ પ્રચલિત હતી અને દેશને સંસ્કાર સમર્પણ કરવામાં અનન્ત કાળથી ભાગ ભજવતી હતી. સ્માર્ત કર્મ કરવામાં તો આજે પણ પ્રવીણ વિપ્રો શોધવાથી જડી આવે એમ છે. પણ શ્રૌત કર્મના જાણકાર આજે દેશમાં, દેશકાળની વિચિત્રતાને લઇને વિરલ થઈ ગયા છે ! શ્રી. ગોવિન્દરામ વ્યાસ એમના જમાનામાં આખાય મુંબઈ પ્રાંતના શ્રૌત અને સ્માર્ત કર્મકાંડના ધુરંધર પંડિત તરીકે પ્રસિદ્ધ હતા.

એમને વેદ વિદ્યા વશવર્તી હતી. પુસ્તકમાં જોયા સિવાય इषेत्वोर्जेत्वाथी માંડીને તે खंत्रह्मान्त वेदनું પારાયણ, સ્વરની પણ સ્વપ્ને પણ ભૂલ ક્યાં સિવાય ભણી શકતા હતા. અને એકલો યજુર્વેદ જ નહીં—બીજા વેદો ઉપર પણ એમને અસાધારણ કાબૂ હતો. વેદવિદ્વાનો આજે તો દુર્લભ છે. અને એ વિદ્યાની આજે નહીંવત્ કિંમત છે. છતાં વિદ્યા તો વિદ્યાજ રહે—જગત તેને માને કે ન માને એ જુદી વાત છે. વેદો ઉપરાંત વ્યાકરણ અને બીજાં શાસ્ત્રો ઉપર પણ તેમને એકધારો કાબૂ હતો. તમામ શાસ્ત્રોમાં પ્રવીણતા મેળવવા એમણે જીવનભર પ્રયત્ન કર્યો હતો અને જીવનસિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એમનો વિદ્યાવ્યાસંગ આજના જેવો કેવળ સપાટી-સ્પર્શી ન હતો. જીવનમાં ત્રીસ વર્ષ સુધી એક અને યોગમય ચિત્તે એમણે વિદ્યાદેવીની આરાધના કરી હતી. એમના એ વિદ્યા પાછળના પરિશ્રમે એમણે જે સિદ્ધિ મેળવી હતી તેનો ઉલ્લેખ યોગ્ય છે. એઓના અધ્યક્ષપણામાં જ્યારે જ્યારે શ્રૌત સ્માર્તાદિ કર્મો થતાં-મોટા મોટા યજ્ઞો થતા-તો તેમાં એમણે અગ્નેત્યાદિથી માંડીને યસ્યસ્મૃત્યા સુધીની તમામ ક્રિયાઓ કરાવતી વેળા કદી પુસ્તક કે પોથીનો ઉપયોગ કર્યો નથી. બધીજ વિદ્યાઓ કંઠસ્થ!! આજની બધીય વિદ્યાઓ પુસ્તકસ્થ! તેમની તમામ વિદ્યા સ્વાધીન! અને આ કાંઇ જેવો તેવો ફરક છે? કર્મકાંડ એમનો મુખ્ય વિષય-છતાં એઓ યોગેશ્વર શ્રી કૃષ્ણચન્દ્રના પરમપ્રેમી! એમની કૃષ્ણોપાસના અનન્ય ગણાય તેવી હતી. 'યાજ્ઞિક શિરોમણિ" ની જો ઉપાધિ એમને આપવામાં આવી હોય તો તે પણ તેમના ગૌરવને વધારે એવી ન હતી. ઉલટી એમના સંસર્ગે એ ઉપાધિ ઉજળી થઇ હોત! પણ 'ઉપાધિ' તો આજના જગતે સર્જેલી ઉપાધિ છે. અસલ તો 'રણમાં જે જીતે તે શૂર'ની મનોદશા હતી! "ઉપાધિની"ની કૃત્રિમતા તે જમાનામાં સરળ લોકજીવનને સ્પર્શી ન હતી!

એમના તેજસ્વી અને વિશાળ ભાલ પ્રદેશ ઉપરથી એમનામાં બ્રહસ્પતિની મેધાનો ખ્યાલ આવતો. એમની સુરેખ મુખાકૃતિ ઉપરથી એમનામાં રહેલા સદ્ગુણોનો ખ્યાલ આવતો. એમનું હૃદય પારદર્શક તથા ગંગાજળ જેવું નિર્મળ અને પવિત્ર હતું. અભિજાત સંસ્કારિતા હતી. એમનામાં નાના બાળક જેવી સરળતા અને નિર્દોષતા હતી. ધુરંધર વિદ્વાન હોવા છતાં તદ્દન નિરાભિમાની હતા. અમાની હોવા છતાં અન્યને માન આપવામાં ધન્યતા અનુભવતા. પરમાત્માના અનન્ય ભક્ત હતા; પરંતુ વેવલા ન હતા. અન્ય ધર્મો પ્રત્યે પણ હંમેશ માન અને આદર રાખતા. એમની પીયૂષ ઝરતી વાણી સર્વ કોઇને પ્રેરણા આપતી અને એમના પ્રત્યે પૂજ્યભાવ અને આદરમાન ઉપજાવતી. એમનું સમગ્ર જીવન સાચે જ દિવ્ય હતું. એમના જીવનમાં ઋષિ સંસ્કૃતિ છતી થતી હતી. વિદ્વત્તાની પરીક્ષા કરનારા ઘણા પ્રસંગો એમના જીવનમાં ઉપસ્થિત થયા હતા અને તે તમામ પ્રસંગોએ કાશી તેમજ અન્ય પ્રાંતોના પ્રખર પંડિતોએ એમની વિદ્વત્તાથી મુગ્ધ થઇ મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. એમના સ્વાધ્યાયગ્રંથોમાં શ્રીમદ્ ભાગવત અને વેદ મુખ્ય હતા. શ્રીમદ્ ભાગવત પારાયણ અને પ્રવચન દરમ્યાન તેઓ સ્હેજે ભાવાવેશ સ્થિતિમાં આવી જતા. ભાગવતી કથાના-જ્ઞાનયજ્ઞનાં ઘણાં અષ્ટોત્તરશત પારાયણો અને પ્રવચન કર્મો એમના અધ્યક્ષપણા નીચે થયાં હતાં. સર્વ કોઇને એઓ આત્મીય જ માનતા અને સર્વભૂતહિતેરતની ભદ્રભાવના આજીવન સેવી હતી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉપરાંત એઓનું આખુંય જીવન તપસ્વી અને ત્યાગપૂર્ણ હતું. બ્રાહ્મણ જીવનની સાચી કલ્પના કયાંયે ચરિતાર્થ થયેલી જોવી હોય તો તેમનું જીવન જોવું! આ દેશમાં બ્રાહ્મણ તો તપસ્વી જ હોય–વિદ્વાનજ હોય–ત્યાગી જ હોય–નિઃસ્પૃહજ હોય એવી જે શુચિ કલ્પના ચાલી આવી છે તેની સુરેખ મૂર્તિ તે શ્રી. ગોવિન્દરામ વ્યાસનું જીવન હતું! તપ અને ત્યાગનો મહિમા અજબ હોય છે! તપસ્વિતા અને ત્યાગ એ વેદવિદ્યાનું તો કવચ છે. એ કવચ વિનાનો વિદ્વાન સુરક્ષિત નથી હોતો. એમના જીવનની આ વિશેષતા એમને તાત્કાલીન બ્રાહ્મણ સમાજમાં પૂજ્યતા અને આદરનું પાત્ર બનાવતી હતી.

આ ઉપરાંત એમના જીવનનું એક અદ્‌ભુત લક્ષણ તો તેમની અજાત શત્રુતા હતી! "અજાતશત્રુતા"નું વિશેષણ બહુ મોઘું છે. અને એ વિશેષણને યોગ્ય બનવું એ ખૂબ મુશ્કેલ વાત છે. છતાં એમનો કોઈપણ જીવનભર શત્રુ ન હતો–નિન્દક ન હતો–ભાંડનાર પણ ન હતો એ હકીકત છે. તમામ દૈવી ગુણોની જીવનમાં છેવટની અસર તે અજાતશત્રુતા છે. આ એક ગુણે એમના તરફ તત્કાલીન સૌ વ્હાલ અને માનની નજરે જ જોતાં. એમનો પડયો બોલ ઉઠાવતા. એમને અનુકૂળ થઇ જતા. એમની આજ્ઞાનું કોઈ ઉલ્લંઘન ન કરતું! કુટુંબમાં–જ્ઞાતિમાં કે સમાજમાં એમના વ્યક્તિત્વને સૌ આદરથી આવકારતાં.

અને વાત્સલ્યની તો એઓ પ્રતિમા હતા. બાળકો ઉપર જ નહીં–એમના સંસર્ગમાં આવતા તમામ જીવો ઉપર એમની વાત્સલ્યની ગંગોત્રીની ધારા અજસ્ર વહેતી જ રહેતી! એ વાત્સલ્યનો જેમને અનુભવ થયો છે તેઓ એમને કદી ભૂલી શકતા ન હતા.

એમના જીવનને જો કોઈ એક જ શબ્દમાં વર્ણવવું હોય તો તે શબ્દ છે "પુણ્યશ્લોક." પુણ્યશ્લોક શબ્દ એના વિશાળ અર્થમાં એમના સમગ્ર જીવનને આવરી લેતો હતો. આવા પવિત્ર અને વેદવિદ્યાસંપન્ન, કૃષ્ણભક્ત અને અમાની, પ્રેમસ્નાત અને વ્રતી પુરૂષને આ ભાગવત વિચાર દર્શન ગ્રંથનું સમર્પણ થાય છે એ અત્યંત ઉચિત છે. કેમકે ભાગવતમાં પણ એમના જેવા જ પ્રભુપ્રેમી જીવોનાં જીવન ચરિત્રનો સંગ્રહ છે ને? અને આથી અમારા ગુરુદેવ શ્રી ગોવિંદરામ વ્યાસજીના કૈલાસવાસી આત્માને આ પ્રેમાંજલિ આપવામાં અમને અમારી પોતાની ધન્યતા લાગે છે. પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી એમનો અમર આત્મા આ કૃતિથી તુષ્ટ થાઓ એટલી પ્રાર્થના સાથે વિરમીએ છીએ.

વલસાડ,
૧૭-૩-૫૩.

અંજલિદાતા,
ગુરુચરણાનુરાગી,
મણિશંકર ભાનુશંકર ભટ્ટ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ सत्यं परं धीमहि । ॐ नमो भगवते वासुदेवाय ॥

શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય

[ભાગવતનું માહાત્મ્ય પદ્મ પુરાણમાં છે. એના એકંદરે છ અધ્યાયો છે. પહેલા અધ્યાયમાં નારદ અને સનક વગેરેનો સમાગમઃ નારદજીએ કહેલું ભક્તિ, જ્ઞાન અને વિરાગનાં વૃત્તાન્તનું નિવેદનઃ બીજા અધ્યાયમાં ભક્તિનાં દુઃખ નિવારણ માટેનો નારદજીનો ઉદ્યોગ છે. ત્રીજામાં સનકાદિ કુમારોને મુખે શ્રીમદ્ ભાગવતનું શ્રવણ, ભક્તિની તુષ્ટિ અને જ્ઞાન વૈરાગ્યની પુષ્ટિનું વર્ણન છે. ચોથામાં સપ્તાહ, કથામાં પ્રભુનું પ્રાકટય અને ગોકર્ણના આખ્યાનનો આરંભ વર્ણવ્યા છે! પાંચમામાં ધુન્ધુકારીનું અપમૃત્યુ, પ્રેતત્વ, ગોકર્ણદ્વારા તેના ઉદ્ધારનું વર્ણન અને છઠ્ઠા અધ્યાયમાં સપ્તાહની પારાયણ વિધિ વગેરેનું હૃદયંગમ વર્ણન છે.]

પહેલો અધ્યાય

કથામાત્ર નૈમિષારણ્યમાં...નૈમિષારણ્ય ભારતની પ્રતિભાનું મિલન સ્થાન હતું. લોકહિતની ચિન્તા અને વિચારણા ત્યાં થતી. મહર્ષિઓનાં એ મિલનમાં કોઈ સ્વાર્થી હેતુ ન હતો. ત્યાં માનવજાતિના આત્યંતિક કલ્યાણ તથા અભ્યુદયના પ્રશ્નોની તાત્વિક વિચારણા અને છણાવટ થતી. એવી ભૂમિમાં, પવિત્ર ભૂમિમાં શૌકનજીનો પ્રશ્ન: શૌનક જીજ્ઞાસુ હૃદયના પ્રતિનિધિ–ભારતનાં હૃદયનું એ ઉદ્ઘાટન દ્વાર...સૂતજી મહાન લોકશિક્ષકઃ પ્રજાજીવનને ઋષિપ્રતિભાથી પ્લાવિત કરનાર, સમાધિભાષાને લોકભોગ્ય કરનાર, સૂક્ષ્મતમ આત્મતત્વ અને તેના વ્યવહારુ અમલની ગુરૂકિલ્લી બતાવનાર પ્રભુનો મહાન પેગમ્બર–લોકગુરુ. શૌનકજીના સનાતન પ્રશ્નો–(૧) કર્ણને રસાયન સમી કથાનો સાર શો? (૨) ભક્તિ જ્ઞાન અને વિરાગથી સમૃદ્ધ થયેલ વિવેકની પુષ્ટિ કેવી રીતે થાય? (૩) માયાના મોહનું મારણ શું? (૪) કલિકાળના આસુરી જીવો માટે હૃદયશોધનનું સાધન શું? (૫) પરમકલ્યાણ શું? (૬) પાવનમાં પણ પાવન ચીજ કઈ? (૭) ભગવત્ પ્રાપ્તિનું સાધન શું? બધાય સનાતન પ્રશ્નો.....ભાગવતના જેટલુંજ એનું માહાત્મ્ય પણ અલૌકિક છે. માહાત્મ્યનું જ્ઞાન શાસ્ત્રમાં રુચિ પેદા કરે. સામાન્ય જનતા માહાત્મ્યથી આકર્ષાય અને મહાન જીવનગ્રંથોનો નિત્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંપર્ક રાખતાં શીખે! માહાત્મ્ય એ આજની પરિભાષામાં ગ્રંથાવલોકન છે. પણ બન્નેનાં પ્રયોજનોમાં ભેદ છે. આજનું ગ્રંથાવલોકન કોઈને પણ કદાચ જ સ્પર્શે. માહાત્મ્ય જનતાના હૃદય ઉપર કામણ કરી જાય છે. અને વિશાલ જનસમાજને ભાગવત જેવા મહાગ્રંથોનો સ્પર્શ કરાવી સદૈવ આદર્શનું ભાન જાગૃત રાખે છે. લોકશિક્ષાનું એ અમૂલ્ય સાધન છે. નિરક્ષરતા=Godlessness ને દૂર કરી જનતામાં સાક્ષરતાના પ્રચારનું એ અદ્વિતીય સાધન છે. માહાત્મ્યની કલ્પના જ અદ્વિતીય છે. એ ભારતીય સાહિત્યનું એક અનોખું અંગ છે. Mass ને સત્પથે સંગ્રહી-જકડી રાખી-તેને ઊંચે ને ઊંચે પ્રગતિ કરાવવા માટેની મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે... શૌનકના પ્રશ્નોના ઉત્તરમાં શ્રીમદ્ ભાગવતં શાસ્ત્રં કલૌ કીરેણ ભાષિતં એ શાસ્ત્રનું શ્રવણ-મનન-નિદિધ્યાસન "એ સૌ પ્રશ્નોના નિરાકરણ માટેની ચાવી છે...ભાગવતી કથા દેવોને દુર્લભ છે. સ્વર્ગીય સુધા તો ભાગવતની કથા સુધા સમક્ષ ફીક્કી છે. સ્વર્ગીય સુધા દેહનું ચિરંજીવપણું કદાચ દે. કથા-સુધા આત્માનું અમરત્વ દે. ભાગવતનું સપ્તાહ વિધિ એ શ્રવણ મુક્તિદાતા...નારદજીને સનત્કુમારાદિ સંતોએ સંભળાવેલાં ભાગવતનો ઉલ્લેખ...નારદજીનો કુમારો સાથેનો સંગમ-અને નારદજીની જીવન્મત માટેની કરૂણા. પૃથ્વીલોક ઉપર માનવની દીનહીન દશાનો ઉલ્લેખ-સંસારમાં સબડતા માનવનો આબાદ ચિતાર-સનાતન ચિતાર. પરિણામે યમુનાતટે ગમન. ત્યાં જોયેલાં અદ્ભુત દૃશ્યનો ઉલ્લેખ...અને ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો પ્રવેશ.....હૃદયંગમ કથા.....ભક્તિ તો માતા. જ્ઞાન વૈરાગ્ય તેના પુત્રો! માતા તરુણ અને પુત્રો વૃદ્ધ!!-ઊંધી ગંગા વહે છે-એવી ભક્તિદેવીની કરૂણ કથની!.....ભક્તિ જ જ્ઞાન અને વૈરાગ્યની જનેતા છે. ભક્તિ સિવાય જ્ઞાન અને વૈરાગ્ય જન્મેજ નહીં!.....આ મહાન શોધ-સત્યમૂલક શોધ...નારદ ભક્તિનો સંવાદ. ભક્તિની અને જનતાની દુર્દશાનું નિદાન. કલિનો સર્વત્ર સ્પર્શ છતાં કલિની મહાન ઉપકારકતા. તમામ યુગોમાં કલિયુગ શ્રેષ્ઠ છે-કેમકે कलौ केशव कीर्तनात्-પ્રભુકીર્તન માત્રથી જ પરમસિદ્ધિનો લાભ!.....××...તમામ વસ્તુઓનો સાર ચાલ્યો ગયો તેનું એક માત્ર અને સનાતન કારણઃ-कुकर्माचरणात् सारः सर्वतो निर्गतोऽधुना!!.....ભક્તિને નારદજીના સંગથી થયેલ સંતોષ..... સંતનો સંગ સંસારમલને ધોનારો જ હોય ને?-साधूनां दर्शनं लोके सर्वसिद्धिकरं परम्.....સત્સંગ એ મુક્તિનું દ્વાર છે. ભક્તિદેવી નારદજીનો ઋણ સ્વીકાર કરે છે.

॥ ઈતિ પ્રથમોધ્યાયઃ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બીજો અધ્યાય

...નારદજી ભક્તિને તેનું માહાત્મ્ય સંભળાવે છે. ખેદ અને ચિન્તાથી પર થવા સયુક્તિક કથન કરે છે...ભક્તિની સ્થાપના – ગેહે ગેહે જને જને ભક્તિની સ્થાપના માટે નારદજીની ભવ્ય અને રોમાંચક પ્રતિજ્ઞા. **હરિદ્વાસને તો એજ શોભે!** ગેહે ગેહે જને જને ભક્તિની ગંગાનું ઝરણું પહોંચતું કરવાનું એકમાત્ર કાર્ય એ નારદજીના જીવનનું ધ્યેય...ભક્તિ નારદજીના ઉપર પ્રસન્ન થઈ તેના હૃદયમાં સદૈવ વસવાની પ્રતિજ્ઞા કરે છે...ભક્તિના વચને જ્ઞાન અને વૈરાગ્યને જાગૃત કરવા માટે નારદજીનો મહાન પ્રયત્ન વેદવેદાન્તના ઘોષે અને ગીતાના પાઠે પણ એ બંનેની ઊંઘ ન ઉડી!... નારદજીને વિસ્મય અને ચિંતા ઉપજ્યાં કેમકે વેદાન્તાદિ તો જ્ઞાન વૈરાગ્યનાં પરમ સાધન મનાયાં છે!! અને આ ઠેકાણેજ ભાગવતકારની ભાગવતી સંહિતાનો લોકોત્તર મહિમા છે! જ્ઞાન વૈરાગ્યના પ્રબોધના ઉપાય માટે છેવટે નારદજી ભગવત્સ્મરણ કરે છે અને એ સ્મરણે હૃદયમાં આંતર અવાજ સાંભળે છે. સત્કર્મ કર એ સત્કર્મ કયું એનો નિર્ણય ન થતાં તત્કાલીન મોટા મોટા ઋષિમુનિઓને પૂછે છે અને કોઈની પાસે જવાબ ન મળતાં બદરીકાશ્રમમાં તપદ્વારા એનો નિર્ણય કરવા પહોંચે છે. ત્યાં બ્રહ્મકુમારોનું મિલન. સનત્કુમારાદિ સંતોની ઓળખ હૃદયને પીગળાવી નાંખે એવી છે! × × × બ્રહ્મકુમારોએ "सत्कर्म" નિર્ણય આપ્યો. सत्कर्मसूचको नूनं ज्ञानयज्ञः स्मृतो बुधैः। શ્રીમદ્ ભાગવતાલાપઃ સતુ ગીતઃ શુકાદિભિઃ વેદવેદાન્ત ગીતાદિ શાસ્ત્રોથી પણ એની ઉત્તમતા છે. કેમકે વેદના સિદ્ધાન્તોને જ લોકસુલભ કરવાની ભાગવતમાં અનન્ય કળા છે. વેદ – ઉપનિષદ – ગીતા ઉપર શ્રીમદ્ ભાગવત એ વ્યાસજીનું અમર લોકભોગ્ય ભાષ્ય છે! સૂરજ અને ચાંદ રહે ત્યાંસુધી રહેનારી સત્યના ઉપર એ જીવતી જાગતી ટીકા છે. × × × વેદાદિ શાસ્ત્રો તો વૃક્ષ–આમ્રવૃક્ષ જેવાં છે. પણ ભાગવત તો તેના ફળ જેવું છે! વૃક્ષનો જ રસ ફલમાં સંચિત થાય છે. પણ વૃક્ષ ચખાતું નથી. ફલનો સ્વાદ લઈ શકાય છે અને તેના ઉપરથી જ વૃક્ષની કિંમત અંકાય છે! ભાગવત વ્યાસજીને પણ નારદજીએ જ જણાવ્યું હતું! નારદજી બ્રહ્મકુમારોને પરમ ધન્યવાદ દે છે.

॥ ઇતિ દ્વિતીયોઽધ્યાયઃ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્રીજો અધ્યાય

નારદજીની એ જ્ઞાનયજ્ઞ કરવાની તત્પરતા. તે માટેની વિધિ અંગેનો પ્રશ્ન. કુમારોએ તે માટે આપેલી સંમતિ અને નિર્ણય...ગંગાતટ ઉપર બ્રહ્મ કુમારો સહિત નારદજીનું ગમન...વીજળી વેગે એ ખબર જનતામાં પ્રસરતાં-શ્રી भागवत पीयूषपानाय रसलंपटाः=એવા પ્રભુ પ્રેમીઓ તેમને અનુસર્યા. ભૃગુવસિષ્ઠ-ચ્યવન-ગૌતમ વગેરે પ્રાતઃસ્મરણીય મહાપુરુષો શ્રોતા તરીકે હતા! આજે ભણેલાઓને કથા તરફ સૂગ!! વિદ્વાનોને મત્સર!! શ્રીમંતો કે સત્તાધીશોને અણગમો!! કથા પુરાણો તો જાણે બહેનો માટેજ!! બહેનોએજ સંસ્કૃતિના સ્રોતને ઝરપતો રાખ્યો છે! કથા પુરાણોનો સત્સંગ તો જાણે पीतोदकाः जग्धतृणाः दुग्धदोहाः निरिन्द्रियाः નોજ પરવાનો. Retired અને Pensioners નોજ જાણે ઈજારો!! વેવલાઓનુંજ જાણે એ પર્વ!-આ આત્મઘાતી અને હીન મનોદશા છે! રાજનબાબુ અને જવાહરે પણ રોજ ભાગવતી કથા સાંભળવી ઘટે. કેમકે છેવટે તો ચક્રવર્તીઓને પણ कृत्यमस्ति गदाभृता! મોત છે ત્યાંસુધી પરમાત્માનો સૌને ખપ પડવાનોજ છે!.....

નારદજીએ કરાવેલી સપ્તાહનું પુનિત વાતાવરણ!! આજે પણ કથાનું વાતાવરણ એવુંજ પુનિત અને પ્રેરક હોવું ઘટે. હૃદયપાવન અને મનઃપાવન હોવું ઘટે! કથાનો પ્રારંભ અને સનત્કુમારાદિ સંતોએ ભાગવત મહાત્મ્યનું કરેલું અદ્ભુત પ્રવચન. જેણે ભાગવતી કથા ન સાંભળી તેનો જન્મ એળે ગયો! તે તો "जीवतशवः"-"જીવતું શબ" ગણાય! અને ભાગવત કાંઈ સાત દિવસનોજ પ્રયોગ નથી. જીવનભરનો પ્રયોગ છે!-સમજુને માટે. સંયમી અને સાધના સંપન્નને ભાગવત જરે. ભાગવતનું અપૂર્વ માહાત્મ્ય સાંભળતાં શૌનકજીનો પ્રશ્ન-આવું લોકોત્તર મહાત્મ્ય ભાગવતનું કેમ થયું? સૂતજીનું હૃદયંગમ અને સત્યમય સમાધાન-ભાગવત એ **ચોપડો નથી-ગ્રંથ નથી. પરમાત્માની वाङ्मयी मूर्ति છે.** ધરાધામ ત્યાગ કરતી વેળા ભક્તોના અવલંબન માટે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે "સ્વકીય તેજ"નું ભાગવતમાં પ્રણિધાન કર્યું છે. આ વાત કેવળ સત્ય છે. ભાગવતના નિત્યાભ્યાસીને એનો પૂરો અનુભવ થાય છે. વૈષ્ણવી માયાને તરવી હોય તો ભાગવતનું, સાધનાના અનુપાનમાં, સેવન કરવા માટેનો કુમારોનો બુદ્ધિપૂર્વકનો આગ્રહ. કથાના અર્થમાંથી તે વખતે, ભગવત્નામસ્મરણ કરતી ભક્તિદેવીનું રોમાંચક પ્રાકટય. તે દિવસથી કુમારોના આદેશથી **ભક્તોનું હૃદય એ ભક્તિનું સદન થયું છે! ભક્તિસંપન્ન ગરીબ પણ બાદશાહ છે. તે સિવાયનો બાદશાહ પણ ગરીબ છે! ભારતવર્ષનો આ એકમતે જીવન અંગેનો પવિત્ર નિર્ણય છે.**

॥ ઇતિ તૃતીયોધ્યાયઃ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચોથો અધ્યાય

..ભક્તિ ભગવાનને હાજર કરે! પરમાત્મા તો પ્રેમના ધાગાએ બંધાયેલો! કુમારોની કથાએ ભગવાનને ત્યાં પ્રત્યક્ષ થવાની ફરજ પાડી! સૌના હૃદયમાં પરમાત્માના સગુણ મંગળ મધુર સ્વરૂપની સ્ફુર્તિ થાય છે! કુમારોની કથાનો પ્રભાવ એ હતો કે સભાના સભ્યોને देहगेहात्मविस्मृतिः–દેહ ગેહ અને જાતની પણ વિસ્મૃતિ થઇ! બસ. કથાનો એજ માપગજ! જે કથા દેહાધ્યાસ ન ભૂલાવે તે કથા શાની? એ તો ભવાઈ! પરમાત્માની સ્મૃતિને સ્ફુરાવે અને જીવભાવની વિસ્મૃતિ કરાવે તે કથા. બીજા અધ્યાય કંકાસજ! કલેશજ! પશુપક્ષીઓના ઉપર પણ આજ અદ્‌ભુત અસર! હૃદયની શુદ્ધિ માટે પ્રભુ કથા સિવાય કોઈ સાધુ નથી! નારદજીનો એ એકરાર છે! કોણ કોણ આ ભાગવતી કથાથી શુદ્ધ થાય છે, એવી પૃચ્છા. પાપમાત્રને બાળીને ભસ્મ કરનારી છે આ કથા. ઉગ્રપાપો પણ આ ગંગાઘાટે ધોવાય, પ્રભુ કથાએ જે ન ચોકખો થાય તે બીજે ક્યાં થાય? પાપીઓ પણ ખોવાયેલા નથી. આ દુનિયામાં કોઇપણ ખોવાયેલું નથી, કેમકે સૌના અંતસ્તલમાં મંગલમય પરમાત્માનો નિવાસ છે! સદ્‌આત્માનો પ્રભાવ આવરણોથી ઢંકાય જરૂર પણ નાશ ન પામે. વાદળ વિખરાતાં, સૂર્યની પેરે, પાપ ધોવાતાં આત્મા ઝળહળી ઉઠે છે. આથી તો આજનો મવાલી પણ આવતી કાલનો મહાત્મા છે. હૃદયપલટા જેવી પણ ચીજ છે! આત્મા સત્ હોવાથી જ આ સંભવી શકે. અને આથી ભાગવતી કથા જેવો પવિત્ર ગંગાઘાટ છે ત્યાં સુધી માનવજાત માટે નિરાશ થવાની જરૂર નથી, ભાગવતની આ વિશાળતા, ઔદાર્ય, કરૂણા, ભૂતપ્રેમ, અને માર્જન શક્તિ બેનમૂન છે..સિદ્ધાન્તના સમર્થનમાં આત્મદેવ અને ધુંધુલીની રમણીય અને અદ્‌ભુત કથા. અપ્રજ આત્મદેવની પ્રજા માટેની ખોટી ભૂખ–સંન્યાસી સમક્ષ જીદ અને તાગું. યોગીએ આપેલું ફળ. ધુંધુલીની કુટિલતા પરિણામે ધુંધુકારીમાં ઉતરેલી એ દુષ્ટ સંસ્કારની દુર્ગંધ! માતાપિતાના સંસ્કારોનો વારસો બાળકમાં ઉતરે છે. ધુંધુલીના કુતર્કે નોતરેલો સર્વનાશ સનાતન સંદેશથી ભરપૂર છે... ×××–યોગીએ આપેલાં ફળથી ગાયને અવતરેલ ગોકર્ણ!–તેના સંસ્કારો. ધુંધુકારીની આવૃત્તિ સમાજનું સત્યાનાશ આણે. ગોકર્ણની આવૃત્તિ સમાજને અને જગતને દીપાવે! ધુંધુકારીની ખલતા–નીચતા–દુષ્ટતાનું આબાદ રેખાચિત્ર!!...આજના જગતમાં ધુંધુકારીની વધુમતિ જોવા,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મળી શકે એમ છે! સમાજશાસ્ત્રીઓએ સમાજમાં "ધુંધુકારીઓ" કેમ અવતરે છે એનું સૂક્ષ્મપ્રથક્કરણ કરવું ઘટે છે! ધુંધુકારીએ માતા-પિતાને પણ ત્રાહિ પોકરાવી! સંસ્કારી આત્મદેવને "કુસંતાન" નો સંતાપ પીડે છે. અને ગોકર્ણની સલાહથી સાંઠ વર્ષે ગૃહત્યાગ કરી વનવાસ સ્વીકારે છે!! ધુંધુકારી જન્મે તેના માતપિતા માટે વનવાસજ સર્જાયો હોયને? ગોકર્ણ-સત્પુત્રે બતાવેલા રાહે-ભાગવતના દશમસ્કંધના પાઠથી તેની સદ્‌ગતિ... ભાગવતના માહાત્મ્યની દૃષ્ટિએ નહીં તો એક સામાજિક જીવનની દૃષ્ટિએ પણ આત્મદેવની કથાનો સંદેશ સૌએ સાંભળવા જેવો છે! સામાજિક જીવનની કાળી બાજુ અને ધોળી બાજુની અદ્‌ભુત સરખામણીદ્વારા ધોળી બાજુને જે ઉજ્જળ રીતે ચીતરી, માનવને સત્પથે મૂકવાની-ચલાવવાની જે અજબ ખૂબી-જે સફળ યુક્તિ આત્મદેવની કથામાં જોવામાં આવે છે તે એનમૂત છે!.....

ઈતિ ચતુર્થોઽધ્યાય;

પાંચમો અધ્યાય

પિતાના ગૃહત્યાગ બાદ માતાની ધુંધુકારીએ કરેલી સતામણી અને પરિણામે માતાનો આપઘાત. ધુંધુકારીનો વેશ્યાસંગ અને પરિણામે અપમૃત્યુ!! બીજું શું થાય? દુઃસંગ સર્વનાશને આમંત્રણ છે. અપમૃત્યુ પામેલ ધુંધુકારીને પ્રેતત્વની પ્રાપ્તિ! કાળાં કર્મો કોઇને ન છોડે! યાત્રાએ ગયેલા ગોકર્ણજીએ ભાઇના અપમૃત્યુના સમાચાર સાંભળી તેનું ગયાશ્રાદ્ધ કર્યું! ભાઇને? ભાઈ ભાઈનો પ્રેમ તો અવર્ણનીયજ હોય! ગોકર્ણનું યાત્રામાંથી પુનરાગમન અને પ્રેત રૂપે ધુન્ધુકારીનું મિલન, તેની આવી અવદશા-દુર્ગતિથી ગોકર્ણને છૂટેલી દયા!...ધુન્ધુકારીનો હૃદયસ્પર્શી પાપનો એકરાર, તેમાંથી છૂટવા માટે ગોકર્ણજીને શરણે જાય છે! સૂર્ય ભગવાન દ્વારા તેની પ્રેતત્વની મુક્તિ માટે શ્રીમદ્ ભાગવત સપ્તાહના વાચનનો આદેશ. ગોકર્ણે કરેલી સપ્તાહ! ધુન્ધુકારીએ કરેલું વિધિપૂર્વકનું શ્રવણ! વાંસની ગાંઠ પણ જો ભેદાય તો ચિત્તની કે હૃદયની કેમ ન ભેદાય?.....

भिद्यते हृदयग्रंथिः छिद्यन्ते सर्वसंशयाः ॥ क्षीयन्ते चास्यकर्माणि सप्ताह श्रवणेकृते-

આજ છે ભાગવતનું ફળ...જો હૃદયગ્રંથીનું ભેદન ન થયું-સંશયોનું છેદન ન થયું-કર્મોનો ક્ષય ન થયો તો જાણવું કે Something is rotten in the state of Denmark!!-કથા શ્રવણે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ધુંધુકારી માટે વિમાન. બીજાઓ માટે ન આવ્યું!!...કેમ ન આવ્યું?– તો શ્રવણ તેટલુંજ પૂરતું નથી. મનન અને નિદિધ્યાસન પણ કરવું જોઇએ. **ખાવું તેટલુંજ અગત્યનું નથી. ચાવીને ખાવું ઘટે!** અર્થાત્ શ્રવણની પણ પૂર્ણ વિધિ છે! એ વિધિપૂર્વક જો શ્રવણ ન થાય તો એ ધારેલું ફળ ન આપે!.....××××.....ગોકર્ણે બીજી વખત કથા કરી. તેમને ભગવાન સ્વયં આવીને આત્મીય તરીકે સ્વીકારે છે!.....બ્રહ્માનન્દમાં ડૂબાડે એવી આ કથા છે!

॥ ઈતિ પંચમોધ્યાય ॥

છઠ્ઠો અધ્યાય

છઠ્ઠા અધ્યાયમાં સપ્તાહ વિધિનું નિરૂપણ, કથા કરાવનારે વિત્તશાઠ્ય ન કરવું ઘટે!...બાધા ન ઉતારવી ઘટે! કથા માટે આમંત્રણ પત્રિકા કાઢવી ઘટે. અર્થાત્ **કથામાં નિમિત્ત ભલે વ્યકિત થાય. તેનો લાભ સમસ્ત સમાજને મળવો ઘટે!** કથામાં આમન્ત્રિતોની પૂરી આગતા સ્વાગતા કરવી ઘટે. અર્થાત્ પરોણાઓની વ્યવસ્થામાં પૂર્ણ કૌશલ્ય અને દક્ષતા રાખવી ઘટે. મંડપ વગેરેની વિશાળ જગ્યાએ રચના કરવી! બને ત્યાં સુધી, ઘર ખૂણે જ કથા કરાવવાનો આગ્રહ ન સેવવો ઘટે! ઉપરાંત વ્યાસપીઠ ઉપર શુકાસને જેની વરણી કરીએ તે–

विरक्तो वैष्णवो विप्रो वेदशास्त्रविशुद्धिकृत् ॥
दृष्टान्तकुशलो धीरो वक्ता कार्योऽतिनिःस्पृहः ॥

આવી યોગ્યતાવાળાનેજ પસંદ કરવો ઘટે!...**વ્યાસની વરણીમાં કેવળ સ્વજનપણું કે સંબંધે આવેલું પૂજ્યત્વ ગજદોરી ન હોવી ઘટે.** ઉપલી મર્યાદા ન જળવાય તો વિદ્યાની કિંમત ઘટે. અને પરિણામે શાસ્ત્રની કિંમત પણ ઉતરે! અર્થાત્ **વ્યાસની વરણીમાં કેવળ ધર્મ-બુદ્ધિ જ પ્રધાન હોવી ઘટે. વ્યવહારબુદ્ધિ નહીં.**.....× × × — પસંદ કરેલા વ્યાસજીનું નિત્ય પૂજન અર્ચન વગેરે પરમપ્રેમથી થવું ઘટે × × × × પારાયણ માટે અવશ્ય વ્યાસ જેવા જ બીજા વિપ્રની વરણી કરવી. × × × જપ માટે પણ બ્રાહ્મણોની અને વેદશાસ્ત્ર સંપન્ન બ્રાહ્મણોની વરણી કરવી ઘટે. × × ×—**સાંભળનારે સંસારને વિસરીને કથામાં આવવું ઘટે. સંસાર લઇને નહીં.** × × × નિયમાવલિનું પાલન કરવા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આગ્રહ રાખવો–વક્તાએ અને શ્રોતાઓએ. × × × સમાપ્તિને દિવસે મહોત્સવ કરવો. × × × વ્યાસ પૂજનમાં મણા ન રાખવી. × × × યથાશક્તિ પણ પરમ શ્રદ્ધાભક્તિથી સપ્તાહ સમાપ્તિ કરવી. × × × આમ નારદજીને કુમારોએ વિધિ સંભળાવી. અને ભાગવતી કથા અથથી ઇતિ સુધી સંભળાવી! નારદજી એ કારણે કૃતાર્થ થયા અને જ્યાં કુમારોનો આભાર માને છે અને તે દ્વારા પોતાની કૃતાર્થતા વર્ણવે છે ત્યાં તો ભગવાન શુકદેવજીનું યદૃચ્છાએ તે સભામાં આગમન થાય છે! શુકદેવ તે શુકદેવ જ!! એક અને અદ્વિતીય!! માનવ ઇતિહાસમાં શોધ્યો ન જડે બીજો એ મહાત્માની તોલે! આવતા શુકદેવજી પ્રેમ્ણા યઠન્ ભાગવતં શનૈઃ શનૈઃ જ આવે છે!—પ્રસંગના ઉપર મોડીઉં થાય છે! × × × શુકદેવજીનું તો પીયર જ ભાગવત!! × × × અને જ્યાં પરમભક્ત ત્યાં તેની પાછળ પાછળ ભગવાન! શુકદેવજીના આગમને માનો ભગવાન તેમની પાછળ પાછળ પધાર્યા અને એ ઉત્સવનો અપાર આનન્દ! ભક્તો ભેગા મળે એટલે તો હરિકીર્તન જ થાયને? × × × × અદ્ભુત કીર્તન! પ્રસન્ન પરમાત્માનું કુમારોને વરદાન કે જ્યાં જ્યાં ભાગવતની સપ્તાહ થશે ત્યાં ત્યાં પ્રહ્લાદ વગેરે તમામ ભક્તો સહિત હું હાજર રહીશ. × × × અને આ કેવળ સત્ય છે! ભાગવતી કથાનું વાતાવરણ જ ભગવાનની કમનીય હાજરીથી ભરપૂર હોય છે! × × × × આર્ષવાણીનો સનાતન સંદેશ છે કે "क्षेमाय वै भागवतं प्रगर्जति" ક્ષેમનું સ્વાધીન સાધન છતાં, સુલભ સાધન છતાં જે પ્રમાદ કરે છે તે અભાગી છે. કેમકે याथार्थ्यात् नहि भुवने किमप्यसाध्यम्–સત્યની આરાધના માટે અપ્રાપ્ય કશું જ નથી. કેમકે સત્ય પરમાત્મા છે. અને એ સત્ય નારાયણ જ ભાગવતનો પરમ આરાધ્ય દેવ છે. સત્ય સૌના ઉપર પ્રસન્ન હો.

॥ हरिः ॐ तत् सत् ॥

॥ इति षष्ठोऽध्यायः ॥

॥ इति भागवतमाहात्म्यम् ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભાગવત વિચાર–દર્શન

॥ सत्यं परं धीमहि ॥

પરમાત્મ પ્રેમી ભાઈઓ અને બહેનો,

××××.....×× વિશ્વરૂપે પિંજરિત થયેલી પરમાત્માની પ્રતિભા જો ક્યાંયે ભાષામાં–શબ્દોમાં–અક્ષરોમાં પિંજરિત થઈ હોય તો તે ભાગવતમાં છે. ભાગવત પરમાત્માનું ચેતન શરીર છે. ભાગવતમાં પરમાત્માનું હૃદય ઉદ્ઘાટિત થયેલ છે. ભાગવત ગ્રંથ નથી–ગંગાઘાટ છે. સાક્ષાત્કાર પામેલા જીવોના પરમ ઉલ્લાસની એ સંહિતા છે. પરમાત્માને જોતાં જોતાં અનુભવેલી દિવ્યતાની એ સમાધિમય ગાથા છે! જેમણે એ રસરાજનાં દર્શન કરવાં હોય તેમને માટે એ પથપ્રદર્શિની જ્યોતિ છે! મહાભારતમાં જો ભારતની બુદ્ધિ, રામાયણમાં જો ઉદાત્ત ગૃહજીવનની મહાગાથા તો ભાગવતમાં ભારતની હૃદયસંપત્તિ છતી થયેલી છે! × × × × सत्यं परं धीमहि એ ભારતના રાષ્ટ્રજીવનનો મહામન્ત્ર છે. એ અનન્ત યુગોની એકમાત્ર મહાસાધના છે. ભારતની સંસ્કૃતિનો એ મુદ્રાલેખ છે..... ईश्वरः सद्योहृद्यवरुध्यतेऽत्र...આ કાંઈ જેવી તેવી પ્રતિજ્ઞા છે? ઈશ્વરને સૌ હૃદયમાં કબ્જે કરવો હોય–અપરિમિત–દેશકાલ વસ્તુ પરિચ્છેદ શૂન્યને જો હૃદયમાં સાક્ષાત્ કરવો હોય તો ભાગવતનાં રસપાન કરવાં ઘટે છે. કેમકે એમાં–વાસ્તવનું અનુભવજન્ય વર્ણન છે. જીવ–જગત અને જગદીશ્વરને લગતાં નિર્બાધ દર્શનોની એ મહાસંહિતા છે..... ઋષિઓના મહામેળામાં–શૌનક વગેરેનો પ્રશ્ન.....એ પ્રશ્ન એ વિશ્વશાન્તિનો પ્રશ્ન છે.....વિશ્વશાન્તિ અને કલ્યાણના પ્રશ્નોની તો આજે પણ Uno માં ચર્ચા થાય છે!.....પણ માનો એ તો વરુનાં ટોળાં–વરુઓની સમિતિ બકરી માટે શાન્તિની શોધ કરે છે!... જીવોનું એકાન્ત કલ્યાણ શામાં વસે છે?..... ભગવાનનો અવતાર પ્રાણી-માત્રના ક્ષેમ અને અભ્યુદય માટેજ હોય છે.....ભગવાનનાં ગુણ કર્મો ન સાંભળવાનાં હોય તો કોનાં? ભગવાનનો યશ તો કલિમલ શોધક હોય છે!... પ્રેમીઓ પ્રેમપાત્રનાં ગુણ કર્મના કીર્તન શ્રવણે જ પ્રસન્ન થાય! પ્રભુપ્રેમીઓ પ્રભુનાં ગુણ કર્મના શ્રવણ કીર્તને જ રાચે. .. શૌનક વગેરેના સનાતન પ્રશ્નોમાં માનવજાતિ માટે જે કરુણાભરી છે તે અનન્ય છે. તમામ વાદોનું નિરાકરણ થતાં આત્મવાદનું મહત્વ સમજાશે!.....આત્માને જાણ્યા સિવાય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શાન્તિની શોધ એ આકાશનો વીંટો વાળવા જેવા બાલિશ પ્રયત્ન છે..... શૌનક વગેરેના પ્રશ્નો એ માનવજાતિના ચિરંતન કલ્યાણની શોધના પ્રશ્નો છે.....સૂતજીના જવાબો માનવજાતિ માટે હંમેશ ધ્યેય છે.....માનવનું કે પ્રાણીમાત્રનું શ્રેયનું સરનામું છે ભગવાનની કથાના શ્રવણ અને કીર્તનમાં.....હૃદયગ્રંથીઓનું ભેદન ન થાય, સંશયોનું છેદન ન થાય–કર્મોનું કર્તન (કાપણી) ન થાય ત્યાં સુધી માનવને ચેન ક્યાંથી હોય?... એ બધાંને માટે આત્માનો–ભગવાનનો ભક્તિદ્વારા સાક્ષાત્કાર એક માત્ર ઉપાય છે.....वासुदेवः सर्वमिदं નો મહાનુભવ વિરલનેજ થાય! સત્યનો અનુભવ કઠોર સાધના માંગે છે!...ભગવાન મેળવવા મુશ્કેલ નથી. એને મેળવવા માટેની સાધનામાં સ્થિરપણે લાગી રહેવું મુશ્કેલ છે. ભગવાન અને આ વિશ્વ જૂદાં નથી. ભગવાન જ આ વિશ્વરૂપે પ્રતીત થઈ રહ્યા છે. એ એવી રીતે કેમ વર્તે છે એ પ્રશ્ન જ અસભ્ય છે....માણસની ઇચ્છાનો થાહ નથી તો પ્રભુની ઇચ્છાનો કેવી રીતે મેળવવો?.....વિશ્વરૂપે ભગવાન જ અવતીર્ણ છે....જગત શાન્તિ માટે કે વ્યક્તિગત શાન્તિ માટે આ સત્યનો સ્વીકાર અનિવાર્ય છે....જ્યાં સુધી એકનો જ આ અનેકરૂપે વિસ્તાર છે એ નહીં સમજાય ત્યાં સુધી રાગદ્વેષના પ્રચંડ પરિબળો કેવી રીતે શમે?... અવતારવાદ હિન્દી પ્રતિભાની અનન્ય શોધ છે. એમાં કેવળ સત્યની જ આરાધના છે....ભગવાનના ચોવીસજ નહીં–બધુંજ અવતારરૂપ છે....આ છે મુખ્ય ધ્યેય...વિશેષરૂપે પ્રભુનો અવતાર બુદ્ધિગમ્ય છે.....ભાગવતી કથાનો બીજપ્રક્ષેપ આ ત્રીજા અધ્યાયમાં છે.....ઋષિઓના પ્રશ્નના અનુસંધાનમાં વ્યાસજી જેવાને પણ પ્રભુભક્તિ સિવાય ચેન ન હતું એ મહાસિદ્ધાન્તનો ઉલ્લેખ ચિન્તનીય છે...કેવળ કોરાં જ્ઞાનમાંથી પ્રભુ ટપકતો નથી. ભગવાન વાતચીતનો વિષય જ નથી. એતો ज्ञानयोगव्यवस्थितिःનો વિષય છે. ભગવાનને અંગે સાચું સમજાય, જ્ઞાન થાય ત્યારબાદ તેનો યોગ આચારમાં અમલ થવાનો વિષય. જ્ઞાનમાત્ર–પછી તે સાચું કે ખોટું,–વર્તનમાં ધરમૂળનો પલટો લાવે છે. સાચું સમજાય તો સાચું થાય અને જીવાય. ખોટી સમજ પડે તો ખોટું થાય અને ખોટું જીવાય! વ્યાસજીનામાં જ્ઞાનની ખોટ નથી. જગતને ૩૭ મહાકાવ્યો આપે તેની જ્ઞાનગરિમાનું શું પૂછવું? ઈશ્વર કરતાં બીજેજ નંબરે મહામુનિ વ્યાસજી આવે! અને છતાં એ જ્ઞાનનો મેરુ ભારરૂપ પણ હોઈ શકે છે. મોટા મોટા દિગ્ગજ પંડિતો પણ સંભવ છે કે પ્રભુના સાચા સ્વરૂપના અનુભવથી રહિત હોય! પરમાત્મા–માતાની પેરે જ્ઞાનનો વિષય નથી. વ્હાલનો વિષય છે. માતાને માપવાની ચેષ્ટા જેમ નઠોરતા છે તેમ પ્રભુને માપવાની ચેષ્ટા નાદાની છે.....સરસ્વતીનો કિનારો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

...ભગવાન વ્યાસના હૈયાને આજે કળ ન હતું. અતિજ્ઞાની છતાં અંતરમાં ચેન ન હતું. અંતરમાં કોઈ અકથ્ય વેદના હતી. ભારે મનોમંથન ચાલી રહ્યું હતું. પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપના દર્શન માટે તાલાવેલી હતી, વ્યાસ ભગવાન તો પરમાત્માના કૃપાપાત્ર – લાડીલા હતા. પરમભક્ત હતા; છતાં તેના અંતરમાં કોઇ અકથ્ય અનુતાપનો ચરુ ઉકળતો હતો. શૂન્ય મનસ્ક જેવા લાગતા હતા. એ અરસામાં પરમાત્માની યોજનાનુસાર નારદજીનું તે સ્થળે આગમન થાય છે. નારદજી વ્યાસ ભગવાનને કુશળ પૂછે છે અને જણાવે છે કે હે ભગવન્! મહાભારત રચીને આપે જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે. તમારૂં જીવન ધન્ય–કૃતાર્થ થયું છે. આમ છતાં તમારા વદન પર ગ્લાનિ છવાયલી કેમ જણાય છે? આપના અંતરમાં અશાંતિ હોય તેવું કેમ લાગે છે? આપ તો સમર્થ જ્ઞાની છો–આત્મજ્ઞ છો. તરતિ શોકં આત્મવિત્–આથી આપને શોક કે ખેદ ન હોવો ઘટે. પુરાણોના કર્તા મહાજ્ઞાનીને શોક કેવો? નારદજીનું કથન સાંભળી ભગવાન વ્યાસજી કંઈક સ્વસ્થતા પ્રાપ્ત કરે છે. અને નારદજીને કહે છે કે, હે નારદજી આપ તો હંમેશ પરમાત્માના સંસર્ગમાં રહેનારા છો. ત્રિલોકમાં વિચરનારા છો. તમે મારા હૃદયની વ્યથા વાંચી શક્યા છો. છતાં આપના જેવા પ્રભુના પરમભક્ત સમક્ષ હૈયું ખોલું છું. મારા અંતરને ચેન નથી એ આપનું કહેવું બીલકુલ સત્ય છે. મારી એવી સ્થિતિ કેમ થઈ તેની મને પોતાને કશી સમજ પડતી નથી. કૃપા કરી આપ એનું કારણ જણાવો અને પરમશાંતિ પ્રાપ્ત કરવાનો માર્ગ પણ જણાવો. નારદજી વ્યાસ ભગવાનને જણાવે છે કે, ભગવન્! આપના તુલ્ય કોઈ જ્ઞાની પૃથ્વીના પટ પર જન્મ્યો નથી. કોઈ માતાએ આપના જેવો પુત્ર જન્માવ્યો નથી. છતાં આપની અંતરવ્યથા હું સમજી શકું છું. આપ પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપના દર્શન માટે ઝંખી રહ્યા છો; પરંતુ પરમાત્મા કેવળ જ્ઞાનથી પ્રત્યક્ષ થતા નથી. પરમાત્મા સ્વયં જ્ઞાનસ્વરૂપ છે; પરંતુ તે જ્ઞાન સાથે પ્રેમ ચાહે છે. સાગર જેટલો નહીં તો ગાગર જેટલો પણ પ્રેમ જરૂર માંગે છે. પ્રેમ સિવાયનું જ્ઞાન ભારરૂપ જ લાગે. કોરું જ્ઞાન એ જ્ઞાન નથી–કટારી છે. જ્ઞાનનો ભાર ત્યારે જ નથી લાગતો–જ્યારે તે પ્રેમસ્વરૂપે પ્રગટે છે. આપે ખૂબ જ લખ્યું છે; પરંતુ એક કાર્ય કર્યું નથી. અને તેથી જ તમને અંતરમાં ખટકો રહે છે. તે કાર્ય એ કે તમે પરમાત્માના ગુણોનું વર્ણન કર્યું નથી. પરમાત્માના યશોગાન ગાયાં નથી. વાણી જો પરમાત્માના ગુણાનુવાદ માટે ન હોય તો તે વાણી વ્યભિચારિણી છે. જે વાણી ભગવાનના પ્રેમમાં ભીંજાયલી ન હોય તે કાગડાની વાણી છે. એ તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાગડાછાપ જ કહેવાય. હંસ છાપ માણસોની એ વાણી ન હોય. કાગડા માટે ખાવાના ઉત્તમ પદાર્થો હોય છતાં તેને મેલું ચૂંથવામાં જ મઝા આવે છે. જે મેલું ચૂંથે તે કાગડો. દુનિયાની કુથલીમાં જે વાણીનો વપરાશ કરે તે કાગડા છાપ. હંસ વિવેકી પ્રાણી છે. પાણી સાથે મળેલા દૂધમાંથી તે દૂધ જ પીએ છે. એ હંસ ક્ષીર ન્યાય. તે મુજબ આપે જ્ઞાનની ગંગા વહેવરાવી છે; પરંતુ તે સાથે પરમાત્મા પ્રત્યેના અનન્ય પ્રેમનો સંયોગ કરાવ્યો નથી. જો જ્ઞાન સાથે પ્રેમ ભળે તો પછી બાકી શું રહે! પરમાત્મા વિશુદ્ધ પ્રેમ ચાહે છે. આપે સવાલાખ શ્લોકોનું મહાભારત રચ્યું, પણ તે વૃથા સમજો. હૃદયની કૃતાર્થતા તો પરમાત્માના ગુણાનુવાદમાં જ રહેલી છે. સરિતા સમુદ્રને મળે છે ત્યારે જ કૃતાર્થ થાય છે ને? અતિશય નૈષ્કર્મ્યજ્ઞાન–પરમાત્માના પ્રેમ વિનાનું જ્ઞાન તારક નથી. ભગવાને ત્રણ વસ્તુઓને મહત્વની માની છે. મસ્તક, હૃદય અને હાથ. એ ત્રણમાં ખરી કિંમત તો હૃદયની જ છે. હૃદય લાગણીનું ધામ છે. પ્રેમનું પોષણ ધામ છે. પરમાત્માને એ હૃદય વંદે નહીં તો ગમે તેટલું જ્ઞાન–કર્મયોગ–નકામાં છે. આપે હૃદયથી પ્રભુના યશોગાન ગાયાં નથી તેનું જ એ પરિણામ છે. આપની પાસે અખૂટ જ્ઞાન છે. ભદ્ર કીર્તિ છો. હવે આપ આપના હૃદયની અશાંતિનો ખીલો દૂર કરવા સમાધિ સાધો. પરમાત્માના ગુણ–કર્મ–વીર્યનું પરિશીલન કરો. પરમાત્માના ગુણ ધર્મ કર્મનો જાતઅનુભવ લો. અચ્યુત–ભગવાન–કદાપિ છેહ દેનારો નથી. પરમાત્માના સાક્ષાત્ ધર્મો અનુભવો અને તેનું વર્ણન કરો. ... ... હું તો પરમાત્માનો પ્રેમી છું એ આપ જાણો છો. પ્રભુએ કોઈ ધન્ય પળે વિશ્વરૂપે પ્રગટ થવાનું મુનાસીબ ધાર્યું. આ વિશ્વને આપ પરમાત્મ સ્વરૂપ જ સમજો. ટૂંકમાં प्रादेशमात्रं भवतः प्रदर्शितम् – આપે હવે? અણુમાંથી પહાડ કરવાનો છે. તપ તથા યજ્ઞાદિનું ફળ જણાવતાં નારદજી કહે છે એનું અંતિમ ફળ તે પરમાત્માની પ્રાપ્તિ–પરમાત્માનું આલિંગન. પરમાત્મા શ્રેષ્ઠકીર્તિ છે. તેનો ગુણાનુવાદ કરો. પરમાત્માને નહીં મળેલી વાણી ગટર જેવી છે. પરમાત્માને મળેલી વાણી ગંગા જેવી પવિત્ર છે, માટે પરમાત્માના ગુણાનુવાદના પવિત્ર ગંગા પ્રવાહમાં અવગાહન કરો. આગળ ચાલતાં નારદજી જણાવે છે કે પરમાત્માના સંપૂર્ણ કૃપાપાત્ર બનવા માટે, પરમાત્માનું સ્વરૂપ સમજવા અને જાણવા માટે આકરી સાધના કરવી પડે છે. એ સાધનાના અનેક પ્રકારોમાં શ્રેષ્ઠ પ્રકાર સત્સંગ છે. સત્સંગ એ તો મુક્તિનું દ્વાર છે. પરમાત્માના ધામમાં લઇ જનારી કેડી છે. પરમાત્માના મહેલને શોધવાનો ભોમિયો–પથપ્રદર્શક જ્યોતિર્ધર જો કોઈ હોય તો તે સત્સંગ છે. નારદજી અહીં પોતાનો દાખલો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપતાં જણાવે છે કે હું પૂર્વે બ્રાહ્મણનો પુત્ર. મારા પિતા તો ગુજરી ગયા હતા. એક સમયે સંતો અમારે ત્યાં આવ્યા. હું તથા મારી માતા સંતો-સંન્યાસી યોગીઓની સેવા કરવા લાગ્યાં. સંતો ખૂબ જ્ઞાની અને તપસ્વી હતા. દરરોજ કથા કરતા. હું પણ શ્રદ્ધાપૂર્વક કથાશ્રવણ કરતો. સંતો મારી નિષ્કામ સેવાથી પ્રસન્ન થતા. સંતોની સેવા કદી નિષ્ફળ જતી નથી. આમ સેવા કરતાં મારા હૃદયની શુદ્ધિ થઇ. માણસ મેલો હોય ત્યાં પરમાત્મા પ્રવેશ કરતો નથી. બાકી પરમાત્મા તો આપણી ચૉમેર ફેલાયેલો છે. ભગવતી ગીતાના સાતમા અધ્યાયમાં ભગવાને પોતાનો ખ્યાલ આપતાં પરા પ્રકૃતિ અને અપરા પ્રકૃતિ એમ બે પ્રકારનો પ્રકૃતિ ભેદ બતાવ્યો છે... ... ... અગ્નિ, વાયુ, આકાશ, જળ અને પૃથ્વી એ બધાં પરમાત્માના જ સ્વરૂપો છે. આપણે જ પરમાત્માને આપણી પાસે આવવા દેતા નથી. એ તો હંમેશ આપણી પાસે આવવા તત્પર જ હોય છે... ... મોટા માણસો ગલીકૂંચીમાંથી આવતા નથી. ગંદે રસ્તે કદી નજ આવે. તો જે જગન્નિયંતા છે, સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય જે ક્ષણમાં કરી શકે છે એવા જગપિતા-પરમાત્મા પોતાના બાળકોથી દૂર રહેવાનું કદી ઇચ્છી શકે ખરા ! પરમાત્મા આપણા હૈયામાં આવવા માંગતા નથી એમ કહેવું એ બીલકુલ ગલત છે. એ તો ચોવીસે કલાક આપણા સહુના હૈયામાં જાગતા જ હોય છે. પરમાત્મા માનના ભૂખ્યા નથી. એ તો અમાની છે-અમાની માનદો માન્યો લોકસ્વામી ત્રિલોકધૃક્ મેલા અંતરમાં પરમાત્મા કદી વાસ કરતા નથી. આપણને આત્મસુખ મળે નહીં તેના કરતાં બીજી મોટી સજા કઇ?.....સત્સંગનું સેવન કરવાથી નારદજીના રજોગુણ તથા તમોગુણ નષ્ટ થયા. પરમાત્મામાં રુચિ ઉત્પન્ન થઇ અને તેના હૃદયમાં પ્રભુની મૂર્તિ રૂઢ થઇ ગઇ. અને પરમાત્માના હંમેશ આશીર્વાદ મળતા રહે એવા અંતરના આશીષો સત્સમાગમથી પ્રાપ્ત કરી શક્યા.....નારદજીની વાણી સાંભળી વ્યાસ ભગવાનનું કુતૂહલ વધતું ગયું અને નારદજીએ તેમના ગત જન્મનો જે વૃત્તાન્ત કહ્યો, તેનું સ્મરણ કેમ રહ્યું તે જાણવાની ઇચ્છા થઈ. પરમાત્માના ગુણાનુવાદનું એ પરિણામ છે એમ જણાવી નારદજી વધુમાં કહે છે કે જેણે પરમાત્માના ગુણાનુવાદ ગાયા નથી તેને જ શોક થાય છે. હર્ષ, શોક, સુખ, દુઃખ, હાનિ, લાભ એ બધા આવેગો, મનુષ્યના ચિત્તને વિક્ષિપ્ત કરી નાંખે છે ને તેને વશ રાખવામાં જ જ્ઞાનની કસોટી છે. કસોટી વખતે જ જ્ઞાન કામમાં આવે છે.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નરસિંહ મહેતા, મીરાંબાઇ, તુલસીદાસ વગેરે પ્રેમથી પ્રભુને વશ કરી શક્યા હતા. જીવનની પ્રત્યેક ક્ષણ પ્રભુના ગુણાનુવાદમાં ગાળવી જોઇએ... એક ગામમાં એક સંત મહાત્મા હંમેશ કથા કરતા હતા. અનેક ભાવિકો કથા શ્રવણ કરવા જતા. ગામના એક શ્રીમંત શેઠ પણ ભગવાનમાં પોતાની ભક્તિ અને આસ્થા હોવાનો દંભ રાખી કથામાં જતા. સાથે પોતાના એક પુત્રને પણ લઇ જતા. થોડા દિવસ કથા સાંભળ્યા બાદ બાળકને તે કથાનો ભારે રસ લાગ્યો. શેઠે મનમાં વિચાર્યું કે બાળકને કથા સાંભળવાનો રસ જાગે એ ઠીક નહીં. રખેને તેનું કુમળું હૈયું સત્સંગ અને કથા શ્રવણના પ્રભાવે પ્રભુ પ્રતિ ઢળી ગયું તો મોટી આફત ઉભી થશે. એ વિચારે શેઠે બાળકને કથા સાંભળવા પોતાની સાથે આવવાની ના પાડી. બાળકને શેઠનો મનાઇ હુકમ સાંભળી આશ્ચર્ય થયું. બાપાની મનાઈ છતાં બાળકે તો કથામાં જવાની હઠ લીધી. પણ શેઠ એકના બે થયા નહીં. શેઠનું એ પ્રકારનું વર્તન જોઇ શેઠાણીએ શેઠને કહ્યું કે તમે જાઓ છો તો પછી બાળકને શા માટે જતાં રોકો છો? બાળકને તો કથા સાંભળી ખૂબ આનંદ થાય છે. માટે તમારે સાથે લઈજ જવો પડશે. શેઠે મનમાં વિચાર્યું કે શેઠાણી વિફર્યાં એટલે મામલો હાથથી જશે. આથી તેણે ખૂબ ગંભીર વદને શેઠાણીને કહ્યું કે તને તો કશી અક્કલ નથી. અમે કાંઈ ભગવાનના ભક્ત નથી. લોકોને બતાવવા ખાતરજ હું તો ત્યાં જાઉં છું. પ્રભુની વાત મારા હૈયામાં પેસી ન જાય તેની હું ખૂબ સાવધાની રાખું છું. હૈયામાં ઉપદેશ ઉતરી ન જાય તે માટે હું તો છાતી પર કવચ રાખીને બેસું છું. અને એક કાને સાંભળી બીજા કાને ત્યાંને ત્યાંજ કાઢી નાંખી જેવો જાઉં છું તેવોજ, પ્રભુના નામના જરાપણ સ્પર્શ વિના, ધોયેલા મૂળા જેવોજ ઘેર પાછો આવું છું. મને તો પ્રભુની કશી પડી નથી. એ તો દેખાવમાત્રજ છે. નાના બાળકના હૈયામાં જો અત્યારથી પ્રભુ પ્રત્યે આસ્થા જાગે તો પછી તે ધંધોજ ન કરે. અને વેપારધંધાનું સત્યાનાશ વળે. આપણે તો પૈસો એજ પરમેશ્વર. તું ગાંડી જેવી કશું સમજે નહીં અને નકામી લમણાંઝીક કરે છે. શેઠાણી વાત સમજી ગયાં અને બાળકને આડું અવળું સમજાવી કથામાં જતો બંધ કર્યો. વિષયસુખના કીડાઓ અને દ્રવ્યોપાર્જનમાંજ જીવનની કૃતિશ્રી માનનારાઓ જન્મોજન્મ પણ પ્રભુની કૃપા પ્રાપ્ત કરી શકે નહીં.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

.....નારદજીની મનોદશા જુદીજ હતી. તેને તો પરમાત્માની ધૂન લાગી હતી.... નાના નારદજી પીપળાના વૃક્ષ નીચે બેસી હૃદયમાં રહેલા પરમાત્માનું ચિંતન કરવા લાગ્યા. પરમાત્મા બાળકોને બહુ જલ્દી પ્રાપ્ત થાય છે. પ્રભુ પ્રાપ્તિનું મુખ્ય સાધન પવિત્રતા પણ છે. Cleanliness is next to Godliness. પરમાત્માનું એકાગ્ર ચિત્તથી ધ્યાન ધરતાં નારદજીના હૈયામાં પ્રેમની સરિતાનો પ્રવાહ વહેવા લાગ્યો. અમેરિકા જેવા દૂર દેશ ગએલો પુત્ર, વતન પાછો ફરતો હોય અને વતનથી જ્યારે તે ત્રણ ચાર માઈલજ દૂર હોય ત્યારે માતાપિતાની અધીરાઈ જેમ વધી જાય છે તેમ પ્રભુ જેમ જેમ પાસે આવે તેમ ભક્તની અધીરાઇ પણ વધે છે. પ્રેમના આંસુએ જ્યારે પરમાત્મા ઉપર ધસી આવે છે ત્યારે તેની ચિન્માધુરી પ્રત્યક્ષ થાય છે. પ્રેમ રોમરોમ વ્યાપ્ત થતાંજ પ્રભુ છતો થાય છે. પ્રેમ હંમેશાં પ્રેમપાત્ર માટે કાંઇક કરવા માગે છે. એમાં લાગણીવેડાને સ્થાન નથી. સાચો પ્રેમ સમર્પણ માંગે છે. પરમાત્માની પ્રાપ્તિ માટે શ્વાસે શ્વાસે રોમે રોમે પ્રેમના ફૂવારા ઊડવા લાગ્યા. નારદજીના આનંદનો કોઈ પાર ન રહ્યો. દુન્યવી પદાર્થોની પ્રાપ્તિનો એ આનંદ ન હતો. પરમાત્માની પ્રાપ્તિનો એ દિવ્ય આનંદ હતો. પરમાત્મા સત્‌ચિત્ આનંદ સ્વરૂપ છે. એ સ્વરૂપનું દર્શન થતાં ભવનાં બંધનો તૂટી જાય છે. જન્મમરણના ફેરા બંધ થાય છે. અને પ્રભુના પ્રેમપાત્ર બને છે. સાચું સુખ, સાચો આનંદ પ્રભુભક્તિ અને તે દ્વારા થતી પ્રભુપ્રાપ્તિમાંજ રહેલો છે.....

દુન્યવી પદાર્થોની પ્રાપ્તિ અને તેના ઉપભોગમાં સાચું સુખ નથી. સાચો આનંદ નથી. નિદ્રાવસ્થામાં માનવીને તનનું કશું ભાન હોતું નથી. નિદ્રાધીન માનવી તે વખતે બધુંજ ભૂલી જાય છે. સવારથી સાંજ સુધી હું, હું, મારું મારું કરતો પ્રાણી ઊંઘમાં બધું ભાન ભૂલે છે. છતાં એ સ્થિતિ દુઃખદાયક નથી. ઊંઘ એ પરમાત્માનું મિલન છે. પરમાત્મા સાથે જીવાત્મા તદ્રૂપ બની જાય છે. પણ જીવાત્મા જો મેલો હોય તો પરમાત્મા તેને અળગો રાખે છે. સ્વચ્છ બાળકને પિતા છાતી સરસો ચાંપે છે. પણ ગંદો હોય તો અળગો રાખે છે. અને સ્વચ્છ થવાની સૂચના આપે છે. તેજ પ્રમાણે પરમાત્મા શુદ્ધ–પવિત્ર હૈયામાં તુરતજ પ્રવેશે છે. મેલા હૈયાથી દૂર રહે છે. હૈયાનો મેલ દૂર થતાં તરતજ પ્રસન્નતાથી પ્રવેશ કરે છે. પરમાત્માની યોજનાજ એવી છે કે જીવને હાજરી નોંધાવવીજ પડે. પરમાત્માને મળવા જ્યારે જઇએ છીએ ત્યારે સાથે કાંઈ લઈ જઇએ છીએ ખરા? શું લઇને જવું જોઇએ તેનો કદી વિચાર આવે છે ખરો? પ્રત્યેક જીવાત્માએ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ બાબત ખાસ વિચારવી જોઇએ. સત્કર્મરૂપી ભેટ લઇને જનારની ભેંટ પ્રભુ હોંશથી સ્વીકારે છે. દુષ્કર્મવાળાથી તો જવાયજ શાનું? તેને તો દૂરજ રહેવું પડે. પ્રભુની પાસે જવા માટે સત્કર્મરૂપી ભાથું બાંધવું જોઇએ...

.....આત્માનું સુખ એજ સાચું સુખ છે. એ નિરૂપાધિક સુખ છે. બહારના પદાર્થોનું સુખ અનિત્ય છે. જ્યાં સાત્વિક ચિત્તની એકાગ્રતા ત્યાં આત્માનો સાચો આનંદ પ્રતિબિંબિત થાય છે. કુતરું હાડકું ચાવતું હોય ત્યારે તે એમજ માનતું હોય છે કે હાડકામાંથી સરસ સ્વાદ આવે છે. એ એની અજ્ઞાન દશા છે કારણકે હાડકું ખાવા જતાં તેનું જડબું છોલાય છે. તેમાંથી લોહી નીકળે છે. તેજ લોહી તે ચાટે છે; પરંતુ તેને ભાન નથી કે હાડકામાં નથી સ્વાદ, નથી લોહી. આત્માના ભાન વગરનાની એજ દશા હોય છે.....

સત્ય સ્વતંત્ર છે–આત્મા સ્વતંત્ર છે, આનંદમય છે. आत्मनस्तुकामाय सर्वमिदं प्रियंभवति ચંદ્રની શીતલતા, આકર્ષકતા, મનોહરતા, લાલિત્ય એ તો સૂર્યની પાસેથી ચંદ્રે ઉછીના લીધેલાં છે. આત્માની નીચોવણીનું સુખ એ તો દુન્યવી સુખ છે. સીધા આત્મા પાસે જાઓ.....હે મનુષ્ય! તું તો અમૃતનું સંતાન છે. પરમાત્માનો વંશજ છે. એટલુંજ જો ધ્યાનમાં રાખી સત્કાર્યમાં પ્રવૃતિ રહે તો સનાતન સુખની પ્રાપ્તિ થશેજ એમાં કોઈ શક નથી.

.....પરમાત્મા સુંદરતાનું ધામ છે. જેણે એક વખત તેને જોયો તે ગાંડો બને છે. મનમાં મેલ હોય તેવાઓની નજરમાં તે આવતો નથી. સત્સંગથી નારદજીને પરમાત્માનું દર્શન થયું અને બીજા જન્મમાં પાર્ષદ બનશે એવું વરદાન આપ્યું. નારદજીના આનંદનો પાર ન હતો..... વીણા વસાવી એકજ ધંધો લીધો. હૃદયપલટો કરવાનો. ભગવાનને ગમે તેના હૈયામાં સ્થાપવા એ તેનું જીવનવ્રત થઇ પડ્યું.....સત્સંગ થયા પછી સંસારની આસક્તિ રહે તો તે કાચો સત્સંગ છે. નારદજીનો જીવનવૃત્તાંત સાંભળી વ્યાસ ભગવાન મુગ્ધ થાય છે. "પરમાત્માને ગાતા ગાતા દુઃખી દુનિયાને ઉદ્ધારવા તમે પરિભ્રમણ કરી રહ્યા છો અને જીવનને ધન્ય કર્યું." એવા ઉદ્‌ગારો વ્યાસજીના મુખમાંથી સરી પડ્યા. નારદજીના ગયા પછી વ્યાસ ભગવાને સરસ્વતી નદીના કિનારે પ્રાણાયામદ્વારા મન વગેરે ઇન્દ્રિયોને ખેંચી હૃદય–ચિત્તને સ્વસ્થ કરી તેને સત્વગુણમાં ડૂબાવી દીધું અને સમાધિસ્થ થયા. યોગ કોને કહેવો?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યોગ કોને કહેવો ! योग : चित्तवृत्तिनिरोध : ચિત્તવૃત્તિનો નિરોધ તે યોગ એમ યોગશાસ્ત્રમાં કહ્યું છે. સમાધિમાં જે કોઈ જીવાત્મા જાય છે તેના લક્ષણો સૂર્યના ઉદય જેવાં છે. સૂર્ય ઉગતાં જ પ્રકાશ લાવે છે. પ્રકાશ એ સૂર્યનો સ્વભાવ છે. તેમ સમાધિમાં પ્રવૃત્ત જીવાત્માને પ્રકાશ–પરમાત્મતત્વનો પ્રકાશ દેખાય છે. મનની ઓરડીમાંથી સ્વભાનની વિદાય તે મનની ઊંચામાં ઊંચી સાત્વિક અવસ્થા છે.....મન તો બાબરા ભૂત જેવું છે. મન મારી નાંખવા જેવી ચીજ નથી. મન કદી મરતું નથી પણ શાંત થાય છે. દુનિયાના મહાપુરુષો મનથી જ કામ લે છે. મેલા મનના તોફાનનો પાર નથી.....મનરૂપી ગોળપાપડીની નિંદા ન થાય.....ચિત્ત નિસ્તરંગ મહોદધિ જેવું હોવું જોઇએ. ચોકખા દર્પણ જેવું–ફોટોગ્રાફીના લેન્સ જેવું સ્પષ્ટ રાખવું જોઇએ.....પરમાત્માની માયા જ સૃષ્ટિરૂપે પ્રવર્ત્તી રહેલી છે એમ સમજવું. જગત, જીવ અને પરમાત્મા એ જુદા નથી અને તેથી જ ત્રિગુણાત્મક જગત કહેવાય છે. પરમાત્મા સત્‌ચિત્ આનંદસ્વરૂપ છે એ સમાધિ અવસ્થામાં ભગવાન વ્યાસજીએ જોયું અને અનુભવ્યું.....માયા તો પરમાત્માની કિંકરી છે અને જીવાત્મા પુત્ર છે. એ જીવાત્માના સુખને માટે ભાગવત સંહિતા રચવામાં આવી. શ્રીમદ્ ભાગવત એ ભગવાનના ગુણાનુવાદનો, અદ્વિતીય ભક્તિ અને જ્ઞાનની રસલ્હાણ કરતો દિવ્ય ગ્રંથ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપરનું એ મહાભાષ્ય છે. પરમાત્માની પ્રાપ્તિનો એ રાજમાર્ગ Royal road to God છે. મહર્ષિ વ્યાસનો એ સંદેશ છે. પ્રેમપત્રિકા છે કે હે જીવો ! તમારૂં મૂળ સ્વરૂપ તો પરમાત્મરૂપ જ છે. એ સ્વરૂપને છતું કરવા તો અઢાર હજાર શ્લોકોનું શ્રીમદ્ ભાગવત રચ્યું. મહર્ષિ શુકદેવજી પણ પરમાત્મા આગળ કોઈ ચીજ નથી. પરમાત્માના ગુણ જ એવા છે કે શુકદેવજીને પાછા વાળવા માટે યુક્તિ કરવી પડી. આત્મારામ – હૃદયગ્રંથી તૂટી જતાં મોટા ઋષિમુનિઓને પણ પરમાત્માના ગુણાનુવાદ વગર ચેન પડતું નથી. શુકદેવજી અસંપ્રજ્ઞાત દશામાં રહેતા હતા તે પણ પ્રભુના ગુણાનુવાદથી સંપ્રજ્ઞાત સ્થિતિમાં આવી પડ્યા. નિર્ગુણમાંથી સગુણમાં આવી ગયા. સગુણની જે મઝા છે–જે આનંદ છે તે નિર્ગુણમાં નથી. પરમાત્માની રૂપમાધુરી–રસમાધુરી અજબ છે. પરમાત્માને પણ સૃષ્ટિ સર્જન બાદ એકલા રહેવું ગમ્યું નહીં; એટલે બેકલા થયા. આપણે બધા જીવો તો બેકલા છીએ જ તો પછી એકલા શા માટે થવું ? ભગવાને અગિયાર ઇંદ્રિયો આપી છે તેનો સદુપયોગ કરવો જોઇએ. તેને ગમે તેમ બહેકાવવી ન જોઇએ. તેમના ઉપર સખત પકડ રાખવી જોઈએ જેથી તેઓ સ્વૈરવિહાર ન કરી શકે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંયમરૂપી લગામથી તમામ ઇંદ્રિયોને કાબૂમાં રાખી, તેમને ઇશ્વરાભિમુખ બનાવવી જોઇએ. ભગવાન મળ્યા પછી તો સંસારમાં રહેવાની કોઈ ઓર મઝા આવે છે.

ભાગવતની પૂર્વ ભૂમિકાની રચના.....શ્રીમદ્ ભાગવત એ ભગવાનની પ્રાપ્તિ માટેનો ગ્રંથ છે અને તેથીજ લોકસંગ્રહનો અદ્વિતીય નમૂનો છે... અશ્વત્થામાએ સતી દ્રૌપદીના દીકરાઓની હત્યાનું ગોઝારું કૃત્ય કર્યું. એ દુષ્કૃત્યથી તો દુર્યોધનને પણ ખૂબ દુઃખ થયું અને પોતાના કુળનું નિકંદન કાઢવાના અતિ નિંદ્ય કૃત્ય માટે અશ્વત્થામાને ખૂબ ઉપાલંભ–ઠપકો પણ આપ્યો. પુત્રોના વિયોગથી દ્રોપદીના દુઃખનો કોઈ પાર ન રહ્યો. ખૂબ કલ્પાંત કરવા માંડ્યું. અર્જુનના ક્રોધનો પણ પાર ન હતો. દ્રોપદીનું હૃદય-વિદારક કલ્પાંત તેનાથી સહન થઈ શક્યું નહીં, એટલે તેણે દ્રોપદીને સાંત્વન આપતાં પ્રતિજ્ઞા લીધી કે અશ્વત્થામાની ખોપરી પર બેસી તું સ્નાન કરીશ ત્યારેજ મારા આત્માને શાંતિ થશે. અર્જુનનો વૈરાગ્નિ ભભૂકી ઉઠ્યો હતો. અશ્વત્થામાને પકડવા માટે તેઓ ઘર બહાર નીકળી પડ્યા: અર્જુનની સામે ઉભા રહેવાની કોઇની તાકાત ન હતી. અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્ર છોડ્યું. આથી અર્જુન ભગવાનને શરણે ગયો. ભગવાને કહ્યું, ગભરાઇશ નહી. બ્રહ્માસ્ત્રની સામે બ્રહ્માસ્ત્ર છોડ. અર્જુને તેમ કર્યું અને તુરતજ અશ્વત્થામાને મહાત કરી, તેને રથના પૈડાં સાથે બાંધી દ્રોપદી પાસે લઇ જાય છે. દ્રોણાચાર્ય ગુરુની પ્રતિમારૂપ અશ્વત્થામાને જોતાં જ સતી દ્રોપદીનું હૃદય દ્રવી જાય છે. અને મનમાં વિચારે છે કે ગુરુપુત્રની આ શી દશા ? એ ભલે ગોઝારો હોય પણ તેનું આ અપમાન હું સહન કરી શકતી નથી. અર્જુન અશ્વત્થામાનો શિરચ્છેદ કરવા તૈયાર થાય છે એટલે દ્રોપદી તેને તેમ કરતાં રોકે છે અને અર્જુનને ગદ્‌ગદિત થઇ કહે છે કે હે દેવ ! એનો વધ કરશો નહીં. ગમે તેમ પણ એ ગુરુપુત્ર છે. વળી એની માતા હજુ જીવે છે. હે અર્જુન ! હું જેમ મારા પુત્રો માટે વિલાપ કરું છું તેમ તેની માતાને માટે એવો વખત ન આવો. તેની માતા કૃપિને પુત્રવિયોગનું દુઃખ ન હો ! અર્જુન ! એને છોડી મૂક ! દ્રૌપદીની સહિષ્ણુતા–ક્ષમા અને દયાની ભાવના જોઇ અર્જુન ઠંડોગાર બની જાય છે. દ્રોપદી અશ્વત્થામાને બચાવે છે. છેવટે અશ્વત્થામાનું વપન (મૂંડન) કરાવી તેને છોડી દે છે. પુત્રોની હત્યા કરનાર અશ્વત્થામા પ્રત્યે ક્ષમાવૃત્તિ દાખવનાર દ્રૌપદીને અનેક વંદન હો ! આજે તો આપણે નાના સરખા અપરાધ માટે પણ વૈરવૃત્તિ રાખીએ છીએ. અને વેરનો બદલો વેરથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લેવાની જ બૂરી આદત પડી ગઈ છે. પ્રેમ અને ક્ષમાનો મહિમા આપણે ભૂલી જ ગયા અને પરિણામે આપણું અધઃપતન થયું ! આપણા ભાઇઓ અને બહેનો સતી દ્રૌપદીના જેવા ઉદાત્ત ભાવનાવાળા અને ક્ષમાશીલ ક્યારે બનશે ?

અપમાનિત અને વૈરાગ્નિથી પ્રજ્વલતા અશ્વત્થામાએ અભિમન્યુની પત્ની ઉત્તરા જે ગર્ભવતી હતી તેના ગર્ભનો નાશ કરવા માટે બ્રહ્માસ્ત્ર છોડ્યું. ઉત્તરા ભયભીત બની કૃષ્ણ પરમાત્માને શરણે જાય છે. પોતાના ગર્ભની રક્ષા માટે શ્રીકૃષ્ણને પ્રાર્થના કરે છે. ભગવાન તો ભક્તની રક્ષા કાજે સદૈવ તત્પરજ હોય છે. ભગવાને બ્રહ્માસ્ત્ર સામે સુદર્શન છોડી ઉત્તરાના ગર્ભનું રક્ષણ કર્યું. ભગવાનની કરુણાથી ઉત્તરાને પુત્ર પ્રાપ્તિ થાય છે. એ પુત્ર તેજ પરિક્ષિત. પરમાત્મા સર્વશક્તિમાન છે તો પછી તેને માટે કશું અશક્ય નથી. કુન્તામાતા પછી પ્રભુની સ્તુતિ કરે છે. પ્રભુ પ્રસન્ન થઈ વરદાન માગવા કહે છે. એ વખતે કુન્તામાતા શું માંગે છે ? કુન્તામાતા વરદાન માગે છે કે હે પ્રભુ આપની કૃપાનો પાર નથી. આપ તો ભક્તવત્સલ છો. હું આપની પાસે એજ માગું છું કે વિપદઃ સન્તુ નઃ શશ્વત્ અમને હંમેશાં દુઃખ આપજો. અમે તમારા ભક્તો છીએ. સુખમાં અમે તમને સંભારવાનું ભૂલી જઇએ માટે હંમેશ દુઃખ આપો કે જેથી આપનું હરઘડી સ્મરણ રહે. તે સાથે આપનું સ્મરણ કરતાં આપના દર્શન અમને થાય.–થયા કરે એટલું આપની પાસે માગું છું. ભગવાનના દર્શન થયા કરે પછી બાકી શું રહે ? ભગવાન કુન્તામાતાની વિનતિ સ્વીકારે છે. કુન્તામાતાના આનંદનો પાર નથી. ભગવાન દ્વારકા જવા તૈયાર છે; પરંતુ કુન્તામાતાની વિનતિથી થોડા વધુ દિવસ તેમને ત્યાં રહે છે...યુધિષ્ઠિરના અનુતાપનો પાર નથી. રાજ્ય પ્રાપ્તિ માટે બાંધવોનો વધ ! તેમના આર્યહૃદયને ક્ષાત્રધર્મની દલીલ દિલાસો આપી શકતી નથી. હિંસા એ હિંસાજ પછી તેને ગમે તેવા સોહામણાં સ્વાંગમાં સજો. યુધિષ્ઠિરનો મહાવ્રતી આત્મા બેચેન હતો. ભીષ્મ પાસે કૃષ્ણના કહેવાથી જાય છે...ભીષ્મપિતામહનું ખરું નામ તો દેવવ્રત હતું. ભીષ્મ-પિતામહ એટલે સ્વચ્છંદ મૃત્યુઃ ઉત્તરાયણ કાળ આવી રહ્યો હતો. ભગવાનને દર્શન આપવું હતું. આથી કૃષ્ણ પરમાત્મા યુધિષ્ઠિર વગેરે પાણ્ડવો સાથે ભીષ્મપિતામહ પાસે જાય છે. ભીષ્મપિતામહ બાણશય્યા પર સૂતા છે. એ તો ભારતનો દિવ્યાત્મા હતો.

...કૃષ્ણ પરમાત્માના દર્શનથી ભીષ્મ પિતામહ કૃતાર્થ થઈ તેમની સ્તુતિ કરે છે. આ સ્તુતિ ખૂબજ ભાવવાહી છે. જુઓ શ્રીમદ્ ભાગવત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રથમ સ્કંધ સં. ૯ શ્લોક ૩૨ થી ૪૨ ભીષ્મપિતામહઃ મહાપ્રયાણ કરે છે અને પરમાત્માના સ્વરૂપમાં તેમનો અમર આત્મા મળી જાય છે.

...બ્રહ્મચર્યની મહત્તા માટે ભીષ્મપિતામહના જીવન તરફ દૃષ્ટિ નાંખો. બ્રહ્મચર્યના બળ આગળ પરમાત્મા પણ રંક થઈ જાય છે. તેનો પ્રભાવ તો જુઓ. મૃત્યુને પણ થંભાવી દેવાની તાકાત બ્રહ્મચર્યમાં રહેલી છે. ब्रह्मचर्येण देवाः मृत्युमुपाघ्नत–તેનો મહિમા અવર્ણનીય છે. બ્રહ્મચર્યના પાલનમાં જ બ્રહ્મજ્ઞાન અને બ્રહ્મની–પ્રભુની પ્રાપ્તિ રહેલી છે. આ વસ્તુ જેટલી વહેલી સમજાય તેટલો માનવજાતનો અભ્યુદય વહેલો થશે....ત્યાર બાદ ભગવાન શ્રીકૃષ્ણનું દ્વારકાગમન...દ્વારીકાવાસીઓએ કરેલું ભગવાનનું અભિનંદન અને તેમણે કરેલો પુર પ્રવેશ...પરીક્ષિત શબ્દનો અર્થ એ થાય છે કે ચારે તરફથી જન્મતા પહેલાં, પ્રભુને જોવાની તક જેને સાંપડી છે તે–તેનું નામ પરીક્ષિત. ગર્ભમાંથી જ પરમાત્માને જોવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયેલું એટલે જ તેનું નામ પરીક્ષિત રાખવામાં આવ્યું હતું. કુરૂકુળનું એ છેલ્લું બીજ હતું. અભિમન્યુનો પુત્ર પરીક્ષિત એટલે યુધિષ્ઠરને તેના પ્રત્યે અગાધ પ્રેમ. મૂડી કરતાં વ્યાજ વધુ વહાલું જ હોય...કુરૂકુળના ઉદ્ધારક, પરાક્રમી, કુળદીપકને જોઈ યુધિષ્ઠિર ખૂબ આનંદ અનુભવે છે...પરીક્ષિતનો જન્મોત્સવ...પરીક્ષિતના ગુણોનો ઉલ્લેખ...સૌએ મોઢે કરવા જેવો–એનું કાવ્ય...વિદુરજીના ઉપદેશથી ગાન્ધારી સહિત ધૃતરાષ્ટ્રનું વનપ્રસ્થાન... અર્જુનજી ભગવાનના બોલાવ્યા દ્વારકા જાય છે. અર્જુનને દ્વારકા ગયાને સાત મહિના વીતી જાય છે છતાં અર્જુન પાછો ફરતો નથી એટલે યુધિષ્ઠરને ખૂબ ચિંતા થવા લાગી. અપશુકનો થાય છે. ભીમને બોલાવી વાત કરે છે. એટલામાં જ અર્જુન ત્યાં આવી પહોંચે છે. અર્જુનનું વદન તેજ વગરનું દેખાય છે. મ્લાન અને નિસ્તેજ વદન જોઈ બધા વિચારમગ્ન બને છે. જેના ધનુષ્યના ટંકારથી દુશ્મનોના ગાત્રેગાત્ર શિથિલ થઈ જતાં તે મહાપરાક્રમી અર્જુન ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યો...યુધિષ્ઠિર પૂછે છે કે હે અર્જુન તને આ શું થયું? તું આટલો બધો વિલાપ શા માટે કરે છે? મહાકષ્ટે સહેજ સ્વસ્થતા મેળવી અર્જુન દુઃખદ સમાચાર આપતાં જણાવે છે કે! હું શું કહું? એ પરમાત્મા તો આ દુનિયામાંથી અંતર્ધાન થઈ ગયા! યદુઓનો નાશ થયો છે. જતાં જતાં પરમાત્માએ મને ઇન્દ્રપ્રસ્થ જવાની આજ્ઞા કરી– આટલું બોલતાં તો અર્જુનનો કંઠ પુનઃ રૂંધાયો. ભગવાનના વિયોગની અસહ્ય યાતનાથી તે પુનઃ રડવા લાગ્યો. યુધિષ્ઠિર વગેરે સર્વને પણ એવુંજ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દુઃખ થાય છે. પ્રભુની માયા તો દુરત્યયા છે. તેની લીલા ન્યારી છે. અહીં સર્વને ગીતાનું જ્ઞાન તાજું થાય છે...અર્જુનનો "સખાવિયોગ" સાહિત્યની દુનિયામાં એક અમર કાવ્ય છે.

...પરીક્ષિતને રાજગાદી સોંપી યુધિષ્ઠિર વગેરે હિમાલય ચાલી જાય છે ભારતનો મહાઆદર્શ–યોગેનાન્તે તનૂત્યજામ્–છતો થાય છે. અને ત્યાં પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં દેહ વિસર્જન કરે છે.

પરીક્ષિત દિગ્વિજયને બહાને રાજ્યની બહાર નીકળે છે. માર્ગમાં કૃષ્ણકથા સાંભળે છે. ગાય બળદના જોડાંને વાત કરતાં સાંભળે છે...ધર્મ પૃથ્વીને પૂછે છે કે તું આવી નબળી–કૃશ કેમ થઈ ગઇ? ધર્મરૂપી બળદના ચાર પગ–સત્ય, શૌચ, દયા અને તપ. કૃષ્ણ પરમાત્માના મહાં પ્રસ્થાન બાદ પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી, જેમ આજે ગાંધીજી ગયા બાદ દેશની તેમ, પરીક્ષિતનું તો ધર્મરાજ્ય હતું. તેમાં કલિને પ્રવેશ કરી અધર્મનું સામ્રાજ્ય ફેલાવવું હતું. પરીક્ષિતે જાણી લીધું કે તેના રાજ્યમાં કલિનો પ્રવેશ થઇ ચૂકયો છે. આથી તે અસ્વસ્થ બને છે અને કલિને પકડી પાડે છે. પરીક્ષિત રાજા કલિનો વધ કરવાની ઇચ્છા દર્શાવે છે. એ સમયે કલિ પોતાનો વધ ન કરવા રાજાને વિનવે છે. ખૂબ કાલાવાલા કરે છે, પગે લાગે છે. અંતે પરીક્ષિત રાજા તેને તેના રાજ્યની હદમાંથી ચાલી જવાની આજ્ઞા કરે છે. કલિ ખૂબ આજીજીપૂર્વક તેને રાજ્યમાં રહેવા દેવા વિનવે છે. છેવટ શરણાર્થી એવા તેને ક્ષાત્રધર્મને લીધે પાંચ જગ્યાએ રહેવા જણાવે છે. એ પાંચ સ્થાનો તે આ રહ્યાં (૧) જુગાર (જૂઠ) (૨) મદ્ય (૩) સ્ત્રીઓ, (૪) કસાઈખાનું–હિંસા (૫) સુવર્ણ—આજે પણ અને કોઈપણ કાળે કલિનું આજ સરનામું હશે.

...કલિયુગના લક્ષણ સત્યાનૃતં વાણિજ્યમ્–વાણિજ્યમાં સાચ અને જૂઠનું મિશ્રણ આ વસ્તુ કેટલી વાહિયાત છે? વેપારી સમજાવેલો સમજતો નથી. જૂઠ એ તો પ્લેગનાં જંતુઓ છે. વાણિજ્યમાં અસત્ય દાખલ થતાં માણસાઇ મરી પરવારી! નૈતિક અધઃપતન થવા માંડ્યું; અને ખાનદાની–ઇમાનદારી નાશ પામી. અર્થઃ ઈશ્વરપુત્રઃ એ સૂત્ર જ જ્યાં જીવનમાં ભૂલી જવાય ત્યાં નીતિ નાશ અને વિનાશ સિવાય બીજા શેની આશા રાખાય? .....કલિયુગના પાંચ પ્રચાર ખાતાંઓ હવે આપણે જાણ્યા. અને તે સત્ય જ છે. નળરાજામાં તલપૂર જગ્યામાંથી કલિનો પ્રવેશ થયો એવો ઉલ્લેખ પણ જોવામાં આવે છે.....મનુષ્યમાં મદ આવે છે ત્યારે તેનો વિનાશ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થાય છે. સત્તાનો મદ, ધનનો મદ, પાંડિત્યનો મદ, એ ત્રણ મદ ઘાતક છે... ત્રણ ઈષણા (૧) લોકેષણા, (૨) વિત્તેષણા, (૩) પુત્રેષણા. મદની મદિરા ગાંડપણજ લાવે કે કાંઇ બીજું ? પરીક્ષિત તો ધર્મરાજાનો વંશજ હતો. સત્ય અને ધર્મપરાયણ હતો. છતાં તેણે પણ અધર્મનું આચરણ કર્યું. એક દિવસે રાજા પરીક્ષિત મૃગયા રમવા વનમાં જાય છે. શિકારની પાછળ ફરતાં ફરતાં થાકી જાય છે. મધ્યાહ્નનો સમય છે. સૂર્યના પ્રખર તાપને લઈ તેને તરસ લાગે છે. તૃષાથી વિહ્વળ બનેલો રાજા પાણીની તપાસ કરે છે. એટલામાં થોડે દૂર એક ઋષિનો આશ્રમ દેખાય છે. એ આશ્રમ શમીક નામના ઋષિનો હતો. રાજા ત્યાં જાય છે. ઋષિનો પુત્ર સ્નાન માટે બહાર ગયો હતો. ઋષિ સમાધિ અવસ્થામાં હતા. એટલે તેમને ત્યાં કોણ આવ્યું છે તેનું તેમને ભાન ક્યાંથી હોય ? મહારાજા પરીક્ષિત તરસથી આકુળવ્યાકુળ બનેલા હતા. આશ્રમમાં ગયા પણ તેનો કોઇ આદરસત્કાર કરતું નથી. સન્માન કરે પણ કોણ ? શમીક ઋષિ સમાધિમાં. પત્ની વ્યવહાર કામે બહાર અને તેનો પુત્ર સ્નાન માટે બહાર ગયેલ. પોતાને આવકાર ન મળતાં મહારાજાને ક્રોધ ચડે છે. હું મહારાજા હોવા છતાં આ ભિક્ષુક બ્રાહ્મણ મને આવકાર પણ આપતો નથી ? મને પાણી પણ પૂછતો નથી ? એને કેટલું અભિમાન ચડ્યું છે ! ઠીક છે. એ બ્રાહ્મણને પણ શિક્ષા થવાની જરુર છે. એમ મનમાં વિચારી રાજા આજુબાજુ નજર ફેરવે છે ત્યાં એક વાડ પર મરેલા સાપને જોયો. રાજા તે સાપને ઉપાડી લાવી ઋષિના ગળામાં પહેરાવી ચાલતા થયા. પોતે શું કરી રહ્યા છે તેનું ભાન ક્રોધના આવેશમાં રાજાને રહ્યું નહીં. રાજાના અધર્મકૃત્યની વાત કર્ણોપકર્ણ વહેતી થઇ. ઋષિપુત્ર જે બહાર ગયા હતા તે એ સાંભળી તુરત આશ્રમમાં આવ્યા. પિતાના ગળામાં સાપ જોઇ તેનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો. રાજાનો ધર્મ તો રક્ષણ કરવાનો છે. રક્ષણનો પોતાનો ધર્મ ચૂકી સત્તાના મદમાં આવું અધર્મકૃત્ય થાય તે કેમ સહન થઈ શકે ? ભગવાન કૃષ્ણચંદ્રને જતાંજ વાર લાગી ? રાજાઓ આવો અધર્મ કરતા થઈ ગયા ? શમીક ઋષિનો પુત્ર શૃંગીઋષિ મહાતેજસ્વી અને ગાયત્રીનો પરમ ઉપાસક. તેણે હાથમાં પાણી લઇ સંકલ્પ મૂક્યો-વાણીરૂપી વજ્ર ફેંક્યું. "જેણે ધર્મનું-મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે એવા કુલાગારને આજથી સાતમે દિવસે તક્ષક નાગ કરડજો, અને તેનું મૃત્યુ થજો." એ પ્રમાણે શાપ આપે છે. એટલામાં શમીક ઋષિ સમાધિમાંથી જાગૃત થાય છે. બધો વૃત્તાંત સાંભળે છે. ઋષિને ભારે દુઃખ થાય છે. પુત્રને કહે છે કે હે બાળક ! તેં ક્રોધાવેશમાં મહાન અનર્થ કર્યો. મહાપાપ કર્યું. બ્રાહ્મણે એવો ક્રોધ કરવો ન ઘટે. સર્વ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનર્થનું મૂળ ક્રોધ છે. તને પણ તપનો મદ ચઢ્યો. અને મદ ચઢે એટલે અનિષ્ટજ થાયને? પુત્રને ઠપકો આપી ઋષિ ખૂબ પશ્ચાત્તાપ કરે છે અને પોતાના પુત્રના પાપ માટે પ્રભુની પાસે ક્ષમા યાચે છે. ઋષિ તુરતજ પરીક્ષિત રાજાને સમાચાર પાઠવે છે. ઋષિનો સંદેશો મળતાં રાજાને આનંદ થાય છે. આલોક અને પરલોક ત્યાજ્ય માની કૃષ્ણ પરમાત્માનું શરણું લેવાનો નિશ્ચય કરે છે. ગંગા કિનારે જઇ સાત દિવસ ઉપવાસ કરી પ્રભુસ્મરણમાં દેહને ગાળી નાંખવાનો નિર્ણય કરે છે. પરીક્ષિત રાજાનો નિશ્ચય જાણી સઘળા ઋષિમુનિઓ મહાત્માઓ તેમની પાસે આવે છે. ગંગા કિનારે પ્રાયોપવેશન કરી શરીરનો ત્યાગ કરવાનો નિશ્ચય રાજા જાહેર કરે છે. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થાય છે. તેનું મૃત્યુ જોવા બધા ત્યાંજ રહે છે. રાજા ઋષિઓને પ્રશ્ન કરે છે, હે મહાપુરુષો! પળે પળે મૃત્યુ ધસી રહ્યું છે તો હવે મારું કર્તવ્ય શું છે તે જણાવો. પરીક્ષિત રાજા પ્રાણી માત્રની જીભરૂપ છે. તેમના આ પ્રશ્નથી પરમાત્માની કરુણા ત્યાં સંતરૂપે વિરાજમાન થાય છે. એ સમયે પરમાત્મા ત્યાં ભગવાન શુકદેવજીને મોકલી આપે છે. શુકદેવજી તો પરમાત્માના પરમલાડિલા ભક્ત. Dynamic Personality–દિગંબર–પ્રલંબબાહુ–દેવના જેવી કાંતિ. શુકદેવજી મંદ હાસ્ય કરતાં પધારે છે. તેમને જોતાંજ સર્વે ઋષિમુનિઓ ઊભા થઈ તેમને આવકાર આપે છે. વ્યાસ ભગવાન પણ ઊભા થઈ દીકરાને આવકારે છે. શુકદેવજીને જોઇ પરીક્ષિતના આનંદનો પાર ન રહ્યો. તેણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. બ્રહ્મર્ષિઓ અને રાજર્ષિઓના સમૂહે શુકદેવજીને સર્વોચ્ચ આસન પર બેસાડ્યા. પરીક્ષિત રાજા પુનઃ પગે પડી શુકદેવજીને પ્રાર્થનાપૂર્વક પ્રશ્ન પૂછે કે:—

अतः पृच्छामिसंसिद्धिं योगिनां परमं गुरुम्
पुरुषस्येह यत्कार्यं म्रियमाणस्य सर्वथा ॥ १ ॥
यत् श्रोतव्यं अथो जाप्यं यत्कर्तव्यं नृभिः प्रभो !
स्मर्तव्यं भजनीयं वा ब्रूहि यद वा विपर्ययम् ॥ २ ॥

॥ इति प्रथम स्कन्धः ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ

॥ अथ द्वितीय स्कंधः ॥

.....પરીક્ષિતજીના અને તેને નિમિત્તે જગતનાં પરમ સૌભાગ્યે ભગવાન શુકદેવનું આગમન થયું છે. અને ભગવાન શુકદેવજી તો अकुण्ठमेघस् કદી કુંઠિત ન થાય એવી મેધાવાળા હતાં! પરીક્ષિતનો પ્રશ્ન થાય એટલોજ જાણે વિલંબ હતો! અર્જુને જેમ ભગવાનનાં તેમ પરીક્ષિતે મહાત્મા શુકદેવનો માનો યુગયુગનાં મન તોડાવ્યાં.....શુકદેવજી તો પ્રતિભાપુંજ! ભારતવર્ષનું ચિન્તન નવનીત! ઋષિ હૃદયનો એ સનાતન ધબકારો!..... પરીક્ષિતનો જેવો પ્રશ્ન તેવો જ ભગવાન શુકદેવનો સનાતન પ્રત્યુત્તર છે- तस्माद् भारत! सर्वात्मा भगवान् हरिरीश्वरः। श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छताऽभयम् ।.....जन्मलाभः परः पुंसां अन्ते नारायणस्मृतिः.....योगीनां नृप! निर्णीतं हरेर्नामानुकीर्तनम्.....ભારતવર્ષનો આ અંતિમ મહાનિર્ણય છે. જે સંસ્કૃતિ મોતનો વિચાર કર્યા સિવાય જીવનનાં મૂલ્ય આંકે છે...માણસે જો મરવાનું છે તો મોતના પ્રકાશમાં જીવનને મૂલવવું જોઇએ. મોત જેવી અગત્યની હકીકતને વીસરીને જીવનનાં સાચાં ધ્યેય કદી નક્કી નહીં થઇ શકે. ભારતની વિચક્ષણ બુદ્ધિએ નિર્ણય આપ્યો છે અને ભારે બુદ્ધિપૂર્વકનો નિર્ણય આપ્યો છે કે મરણધર્મા મનુષ્ય માટે સૌથી મોટું અને એકમાત્ર કર્તવ્ય છે-સર્વાત્મા-હરિ-ભગવાન-ઈશ્વરનું શ્રવણ-કીર્તન-સ્મરણ-નામજાપ!! દુનિયાની કોઇ સંસ્કૃતિએ આટલો ઈશ્વર ઉપર ભાર મૂક્યો જાણ્યો નથી... એ ઇશ્વરનિષ્ઠ સંસ્કૃતિને પ્રતાપે હજી આપણે જીવી રહ્યા છે.....અનેક સંસ્કૃતિઓ નામશેષ થઇ ગઈ છે. ભારતની હજી જીવે છે-કારણ? આપણા જીવનના પાયામાં ઈશ્વર સિંચાયો છે! ભગવાનને ભૂલીને ભારતે કશું કર્યું નથી-કરવા ઈચ્છ્યું નથી.....અને મરવું એ જો હકીકત છે તો ઉત્તમમાં ઉત્તમ રીતે મૃત્યુને કેવી રીતે આવકારવું? કેવી રીતે મૃત્યુની સાથે પ્રેમમાં પડવું? કેવી રીતે મોતને પ્રિયાની પેરે આલિંગન દેવું? મનુષ્યને માટે ગૌરવયુક્ત મૃત્યુ છે-યોગધારણાદ્વારા.....યોગધારણાદ્વારા ઉત્ક્રમણ એ ભારતવર્ષની એક પરમહંસલાથી ભરપૂર શોધ છે.....તે માટે જીવનભર ધારણા ધ્યાન અને સમાધિમય રહેવું ઘટે. મોત સુધારવું હોય તો જીવન સુધારવું..... જીવનસુધાર વિના મોતસુધાર અશક્ય છે. આથી જીવનભર વિશ્વમાં-સ્થૂલમાં પણ પ્રભુ ભાવન;-ब्रह्मदृष्टिः उत्कर्षातनો સિદ્ધાન્ત.....વિરાટમાં શુભ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ધારણા.....એ ધારણાના વર્ણનમાં રહેલું ઉદાત્ત કાવ્ય!.....ભગવાનનું હાસ્ય એટલે?–શુકદેવજીનો પ્રબુદ્ધ આત્મા કહે છેઃ–हासो जनोन्मादकरी च माया અને સૃષ્ટિ?–તો दुरन्तसर्गो यदपांग मोक्षः!! ભગવાનનું રહેઠાણ?–તો મનુજો નિવાસઃ આખોએ અધ્યાય ઉચ્ચ વિચારો અને અધ્યાત્મ કાવ્યથી ભરપૂર છે.....સ્થૂલ ઉપરથી સૂક્ષ્મ અને ચિત્તપ્રસાદક ધારણાનો અભ્યાસ. ભગવાનના સગુણ હૃદયંગમ રૂપનું ધ્યાન! ધીરે ધીરે દેશકાળની કલ્પનાને પણ કાતરી નાંખવાની છે!.....આત્મા ત્રિવિધ પરિચ્છેદ વિનાનો છે ને? એટલે આત્મામાં રહેવા ઇચ્છનારે દેશ-કાલ–વસ્તુના પરિચ્છેદથી પર થવું ઘટે!.....काले च देशे च मनो न सज्जयेत्–.....નિર્વિચાર સમાધિમાં દેશ-કાલ–કામ–કારણ–નિમિત્તથી પર થવાય છે! એમાંથી ઋતંભરા પ્રજ્ઞાનો જન્મ થાય છે!.....સદ્યોમુક્તિ ચરમદેહી જ્ઞાનીની.. ક્રમમુક્તિ સાધકની. સિદ્ધાવસ્થા થઇ ન હોય ત્યાં સુધી જ વિલંબ.....तस्य तावदेव विलंबः यावन्न मोक्ष्यते अथ संपत्स्यते।.....જન્મજન્મની સાધનાના પુણ્ય સંચયે સદ્યોમુક્તિ મળે છે.....સદ્યોમુક્તિ જ મુક્તિ.....પણ મુમુક્ષુઓ કેટલા? દુનિયાની કોઈપણ પળે બુભુક્ષુની જ વધુમતિ હોય છે! ભોગાભ્યાસી જ ઉભરાય; યોગાભ્યાસીની ભીડ ન હોય!!.....આથી જણ જણની કામના અનુસાર અનન્તદેવોની ઉપાસના.....રાજાની સાથે સીધી ઓળખ થતી હોય તો તલાટી સાથે બેસી ન રહેવું ઘટે!.....અનેક દેવોએ પરમાત્માની જ વિવિધ શક્તિઓ છે. ઝાડપાંદડાંને ન વળગતાં મૂળને જ વળગવું ઘટે છે..... શુકદેવજીનો તો ભવ્ય નિર્ણય છે કે-अकामः सर्वकामो वा मोक्षकाम उदारधीः। तीव्रेण भक्तियोगेन यजेत पुरुष परम् ॥.....ભગવાનને જ સૌએ ભજવા જોઈએ. ભગવાનનું ભજન કે પ્રસન્નતા મેળવવાં મુશ્કેલ નથી!.....શૌનકને પ્રશ્ન પૂછતાં આવડે છે. મોટા ભાગના જીવોને પ્રશ્ન પૂછતાં નથી આવડતો. ગુરુગત રહસ્ય વિદ્યાને પ્રકટ કરાવવાની પણ કળા છે ને? ભગવત્પરાયણ ઇન્દ્રિયો એ જીવનનું સૌભાગ્ય છે. સંસારપરાયણ ઇન્દ્રિયો એ જીવનનું વૈધવ્ય છે.....મહારાજા પરીક્ષિતનો સૃષ્ટિની ઉત્પત્તિને લગતો સનાતન પ્રશ્નઃ– विवित्सामि–भगवान् आत्ममायया। यथेदं सृजतै विश्वं..... ભગવાનની તો આ ક્રીડા જ છે.....ગુરુદેવને કેટલી ભવ્ય અંજલિ આપે છે?–शाब्दे ब्रह्मणि निष्णातः परस्मिँश्च भवान् खलु!! શુકદેવજી શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ નહીં તો બીજો કોણ?.....શુકદેવજીનું મંગલાચરણ તો જીવનનું ભવ્યતમ દર્શન છે. કલ્યાણગરજુ જીવોએ શુકદેવજીની એ મહાપ્રાર્થના મોઢે કરવા જેવી છે. હૃદયને ધોવું છે? નિર્મળ કરવું છે? તો પરમ પ્રેમથી શુકદેવજીનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ પ્રતિભાભર્યું ભગવત્સ્મરણ ભાવુક હૃદયે સાર્થ રોજ ગાઓ... ભગવાનનું એ પરમ સ્તવન છે....આપણે પણ પ્રભુને પ્રાર્થો કે સમે ઋષીણાં ઋષભઃ પ્રસીદતામ્...નારદજીને પણ પરમતત્ત્વ વિષે બ્રહ્માજીએ જણાવ્યું નહીં ત્યાં સુધી કલ્પના ન હતી!...તત્ત્વોની ઉત્પત્તિ એક અગત્યની વાત છે...બ્રહ્માંડનું વર્ણન એ ભવ્ય માનસના ઉદાર ખ્યાલો છે.....ભાગવત વેદનું જ અપ્રતિમ રસ ફળ છે. વેદના જ સિદ્ધાન્તોનું લોકભોગ્ય મનોરમ શૈલીમાં એ વર્ણન છે...પુરુષ સૂક્ત અર્થનું વિરાટ સ્વરૂપે વર્ણન.....ભાગવતમાં અવતારોનું ભારે મહાત્મ્ય છે. એ તો સત્યં પરં ધીમહિનો સાક્ષાત્ પ્રયોગ છે...બીજ સ્વરૂપે બધાય અવતારોનું સંક્ષેપમાં વર્ણન. એનાજ વિશેષ વિસ્તાર રૂપે ભાગવત કર્મ ગુણ-સ્વરૂપનું વિસ્તારે વર્ણન તે ભાગવતનો વિષય છે.....પરીક્ષિતના અનેક પ્રશ્નો.....ચતુઃશ્લોકી ભાગવતનો બ્રહ્માજીને ભગવાન તરફથી સાક્ષાત્ ઉપદેશ...બ્રહ્માજી સૃષ્ટિ કરે છે તે પણ પરમાત્માની આજ્ઞા અને ઇચ્છાથી... બ્રહ્મા એક નથી.....અનન્તકોટિ બ્રહ્માંડો અને તેના અનન્તકોટિ બ્રહ્માઓ... ભગવાનના આનન્ત્યનો ઉપદેશ.....પુરાણોનાં દશ લક્ષણો.....સર્ગ; વિસર્ગ; સ્થાન; પોષણ; ઊતિ; મનવંત્તર; ઈશકથા; નિરોધ; મુક્તિ; આશ્રય;..... બધાનાં લક્ષણ.....ભાગવતમાં એ બધાંયની ગૂંથણી.....ભારતનો ભગવાન ઐશ્વર્યશીલ છે! એ અનન્ત દેવો દ્વારા વર્તે છે.....આથી એ એક છતાં અનન્ત છે.....તમામ વિરોધી વિધાનોની પરમાત્મા એ સમન્વયભૂમિ છે. અનન્ત વિરોધોમાં એ એકજ અવિરોધી છે.....અધ્યાય અંતે વિદુર મૈત્રેયની સંવાદ કથાનો બીજ પ્રક્ષેપ. શૌનકના પ્રશ્ન રૂપે.....સૂતજીનું પ્રતિવચન અને કથાનો ત્રીજા સ્કન્ધમાં શુભ પ્રવેશ.....

॥ इति द्वितीय स्कन्धः ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ

तृतीय स्कन्धः

.....વિદુરજી ધર્માવતાર હતા. ધર્મ ને અધર્મ સાથે કેમ ભજે? કુરુકુળનાં કાળાં કર્મો તેમણે નજરોનજર જોયાં હતાં. એમનો ધર્મમય આત્મા કકળી ઊઠયો હતો. એમણે પાંડવોને ન્યાય થવો ઘટે એવી દલીલો કરી હતી. પરિણામે દુર્યોધન એમનું ભરસભામાં અપમાન કરે છે. અપમાનિત થતાં માનધની વિદુરજી ધનુબાણ તજી તીર્થયાત્રાના બહાને રાજ્યભૂમિનો ત્યાગ કરે છે. તીર્થોમાં ફરતાં યમુનાતીરે–तत्रोध्धवं भागवतं ददर्श મહાભાગવત ઉદ્ધવજીનાં મિલન થાય છે. અને ભગવદ્ ભક્તોનાં મિલને તો ભગવદ્ગુણાનુવાદજ હોય ને? તેઓ તો मच्चित्ता मद्गतप्राणाः बोधयन्तः परस्परम्। कथयन्तश्चमां नित्यं तुष्यन्ति च रमन्तिच–એવી ભગવાનની ઉક્તિ અનુસાર ભગવન્મયજ હોય!.....પરમ ભાગવત પુરુષનાં દર્શન થતાં વિદુરજીનો પ્રેમી આત્મા ભગવાનના અને યાદવકુળના કુશળ પૂછે છે..... અને ઉદ્ધવજી!! प्रतिवक्तुं न चोत्सेहे–જવાબ આપવા જેટલા પણ ઉત્સાહી ન રહ્યા! કારણ?–તો औत्कण्ठ्यात् स्मारितेश्वरः!! પરમાત્માના સ્મરણમાં પીગળી જવું ભગવાનના સ્મરણ માત્રે ઓગળી જવું–તમામ સાત્વિક ભાવ વિકારોના શિકાર થવું એ તો મહાભાગ્ય છે! ઉદ્ધવજી વિદુરજીની પૃચ્છાએ કેવા થઈ ગયા? ભાગવતકારે નોંધ્યું છે–पुलकोद्भिन्नसर्वांगः मुञ्चन्मीलद्दृशा शुचः। पूर्णार्थो लक्षितस्तेन स्नेहप्रसर संप्लुतः!! અંગે અંગે રોમ ફૂટયાં! મીચેલી આંખમાંથી પ્રેમની ગંગા જમુના વહેવા લાગી! સ્નેહના પ્રસરમાં ડૂબી ગયા! કૃતાર્થતાનાં જ એ લક્ષણ ને?.....સ્નેહીની સ્વાભાવિક તીવ્રસ્મૃતિ જ સ્નેહનું પારિતોષિક! મહાભાવ સમાધિમાં સહેજે સરકાવે તે સાચો સ્નેહ! ઉદ્ધવજીની આવી જ ગોપી અવસ્થા હતી! પ્રભુના વિરહે વિષાદ પામેલા ઉદ્ધવજી પરમાત્માશ્રી કૃષ્ણચંદ્રની બાલલીલાથી માંડીને તે સ્વધામારોહણ સુધીની કથાઓ સંક્ષેપમાં કહે છે–એમનાથી કહેવાઈ જ જાય છે! પ્રેમપાત્રનાં ગુણાનુવાદ સિવાય પ્રેમી જીવે જ કેવી રીતે? પ્રભુના કે પ્રેમીના અનિચ્છાએ પણ ગુણાનુવાદ થતાજ રહે–જો પ્રેમ એ પ્રેમજ છે તો!! માછલું પાણી વિના કેવી રીતે ટકે? ચોથા અધ્યાયના અંત સુધી પરમાત્માની લીલાના પરમ પ્રેમથી ઉદ્ધવજી ગુણગાન કરી વિરમે છે! બાકીનું જીવન પ્રભુભજનમાં ગાળવા માટે પ્રભુનીજ આજ્ઞાથી બદરિકાશ્રમમાં પોતે સંચરે છે. એવું વિદુરજીને જણાવે છે. પોતાને સાક્ષાત્ પ્રભુ પાસેથી પ્રસાદીમાં મળેલાં જ્ઞાન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માટે ઉદ્ધવજીને વિદુરજી પ્રાર્થના કરે છે! ઉદ્ધવજી પરમાત્માએ સ્વયં મૈત્રેયજીને એ માટે આદેશ કર્યો છે એમ વિદુરજીને કહી વિદુરજીની અનુજ્ઞા લઈ બંન્ને ભાગવત પુરુષો પરવરે છે! છેલ્લી પળે પણ પરમાત્માશ્રી કૃષ્ણચંદ્રે પોતાને યાદ કર્યો-પ્રભુની એ પ્રેમોદારતા ઉપર વિદુરજી ગળગળા થઈ જાય છે! અને ગંગા કિનારે મૈત્રેયજીના આશ્રમે જ્ઞાન અને ધર્મલાભ માટે સંચરે છે!.....ગુરુ પાસે કેવી રીતે પહોંચવું ઘટે છે! तद्विज्ञानार्थंस गुरुमेवाभिगच्छेत्-તે પરમાત્માના વિશેષજ્ઞાન માટે શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુ કનેજ જાય-પણ કેવી રીતે? समित्पाणिः!! એટલે પૂરા વિનમ્ર શિષ્ય ભાવે!... વિનમ્ર શિષ્યભાવ સિવાય કદી ગુરુનો હૃદય હિમાલય નહીં ઝરપે! વિદ્યાની ગંગોત્રી કે જન્મોત્રી નહીં પ્રકટે!! સાચું શિષ્યત્વ હશે તો પાષાણમાં પ્રભુ પોતે ગુરુરૂપે બોધ દેશે!.....વિદુરજીના પ્રશ્નોની પરંપરા! .....આજે તો મોટે ભાગે પ્રશ્ન કરવાની કળા પણ ભાગ્યેજ સિદ્ધ હોય છે! જ્યાં વ્યવસ્થિત ચિન્તન કે વિચાર કરવાની આવડત ન હોય ત્યાં કદી મુદ્દાસર પ્રશ્ન પૂછવાની કળા ન જન્મે! મોટે ભાગે આજે તો માનવ મન ધુંધવાયેલું જ જોવામાં આવે છે. સુસ્પષ્ટ વિચારશક્તિના અભાવે જીવનના મૂળભૂત પ્રશ્નો અંગે પૂછતાં પણ આવડતું જણાતું નથી!.....વિદુરજીના પ્રશ્નાનુસાર મૈત્રેયજી સૃષ્ટિના ક્રમનું ભવ્ય વર્ણન આપે છે.....સૃષ્ટિ પાછળ પરમાત્માની ઇચ્છા જ એક માત્ર મૂળ કારણ છે! સર્વજ્ઞ અને સર્વશક્તિ પરમાત્માનો લીલાવિહાર જ સૃષ્ટિ છે! સૃષ્ટિ પાછળ કારણની શોધ નિરર્થક છે! કેમકે ભગવાનજ પોતે, પોતાનામાં પોતાને માટેજ પ્રેમદ્વારાજ રમે છે ત્યાં પ્રશ્ન શો? લીલાવિહાર "अपर्युनुयोज्य"-પ્રશ્ન ન પૂછી શકાય એવો જ હોય છે! હાં, પ્રભુ જો સૃષ્ટિથી કોઈ સાતમાં આસમાનમાં દૂર હોત, મારા અને આપનાથી જૂદો હોત તો તો તેને સવાલ પૂછી શકાત! પણ તેજ જ્યાં સર્વરૂપ અને સર્વનામ છે, आत्मनिविभक्तात्मा છે ત્યાં પ્રશ્ન પૂછવાનો હોઈ શકે નહીં-છતાં બુદ્ધિપૂર્વક માનવ મર્યાદામાં સૃષ્ટિક્રમ ચિંતવી શકાય એવો છે! અને એટલી જ માનવ મતિની મહત્તા છે! બાકી એકલા "તર્કેગ" તો અહીં પાર પમાય એવો નથી! 'છે' તેનો વ્યવસ્થિતમાં વ્યવસ્થિત, બુદ્ધિગમ્ય અને તર્કથી અવિરોધી વિચાર થઈ શકે છે. અને એ વિચારો જ મૈત્રેયજી વિદુરજીને દર્શાવે છે!.....મહત્, અહંકાર, પંચતન્માત્રા, અગીઆર ઇન્દ્રિયો, અને પંચમહાભૂતરૂપી તત્ત્વોની ઉત્પત્તિ-જડતત્ત્વો એકલાં કશું ન કરી શકે! આથી તે તે તત્ત્વાત્મક દેવો ભગવાનને સ્તવે છે. ભગવાનનો જ્યારે "अनुप्रवेश" થાય-तत् सृष्ट्वा तदेवानुप्राविशत्-થાય ત્યારે સૃષ્ટિમાં સ્વત્વ આવે!

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્થાત્ જ શાસ્ત્રમાં જેને "जगदान्ध्यप्रसंग अने पूतिभावप्रसंग" કહે છે તે દૂર થાય! ભગવાનના પ્રવેશ સિવાય જગત આંધળું! આત્મા વિના તો સૂનું જ ને? અને તે ઉપરાંત ચેતનને લઇને જગતમાં કો'વાટ નથી લાગતો! આ મૂળ વાતો ધ્યાનમાં ન રહે તો સૃષ્ટિપ્રકરણ સમજવું મુશ્કેલ બને!..... અને સાતમા અધ્યાયમાં તો વિદુરજી ઉપનિષદની ભાષામાં કહીએ તો અતિ પ્રશ્નો-તર્કાતીત પ્રશ્નો-અનુભવે જ જેનો જવાબ મળે એવા સનાતન પ્રશ્નો ઉઠાવે છે!.....અને એ ઠેકાણે ભાગવતની ભારે સમન્વય શક્તિનો પરચો જોવા મળે છે. ઋષિબુદ્ધિ જે પરમ સમાધાન આપે છે તે ઋષિબુદ્ધિ જ આપી શકે એવું છે! વિદુરજી પૂછે છે-બ્રહ્મન્! ચિન્માત્ર, અવિકારી નિર્ગુણ પરબ્રહ્મ પરમાત્મામાં લીલા પૂરતા પણ ગુણો કે ક્રિયા કે સંગ કેવી રીતે સંભવે? સૂર્યમાં અંધારૂં આવે કેવી રીતે? એક જ ભગવાન સ્વરૂપે સચ્ચિદાનન્દ તો જીવરૂપે દુર્ભાગી કે ક્લેશાક્રાન્ત કેવી રીતે? કેટલા ગંભીર અને સનાતન પ્રશ્નો છે? અને મૈત્રેયજીનો જવાબ પણ તેટલો જ ભવ્ય છે! તેઓ કહે છે-सेयं भगवतो माया यन्नयेन विरुध्यते!! માનવબુદ્ધિને જે પડકારે-હંફાવે-મુંઝવે-ગુંચવે-સાચું સમજવા ન દે!-તેના તર્કને પામર કરે એજ તો ભગવાનની માયા! છે છતાં નથી બતાવે, નથી છતાં છે બતાવે એવી વિલક્ષણ શક્તિ જ માયાને? અર્થાત્ અંધારૂં ક્યાંથી આવ્યું તેની ચર્ચા જ કર્યા કરવી છે કે અંધારૂં કાઢવું કેવી રીતે એના ઉપર પ્રયત્નને કેન્દ્રિત કરવો છે? અંધારું ક્યાંથી આવ્યું તે કલ્પના અંત સુધી નક્કી નહીં થાય! પણ ક્ષણવારમાં એ ક્ષીણ થઈ શકે છે એ સત્ય છે! ચન્દ્રોદય થતાં કે દીવો સળગતાં એ ક્યાં જાય છે?-ક્યાંથી આવે છે ને ક્યાં જાય છે એ અગત્યનું નથી, એ જાય છે એ અગત્યનું છે!! વળી અંધારૂં એટલે? ઓછું અજવાળું! વિજ્ઞાનની ભાષામાં તો There is nothing like darkness!! વેદાન્તને એજ કહેવાનું છે કે આદિ મધ્ય કે અંતમાં બ્રહ્મ-ભગવાન સિવાય બીજું કશું હતું નહીં-છે નહીં-હશે નહીં.

અર્થાત્ આ અનુભવનો વિષય હોઇને એકલી ચર્ચા જ અહીં ન કામ આવે! વિદુરજીને આ અજ્ઞાન સંકટમાંથી ઉગરવાનો ઉપાય એટલે કે માયાને મ્હાત કરવાની સાધના પણ મૈત્રેયજી બતાવે છે-અને તે સૌને માટે સદાકાળ ઉપયોગી છે सवै निवृत्तिधर्मेण, वासुदेवानुकम्पया। भगवद्भक्तियोगेन तिरोधत्ते शनैरिह-નિષ્કામ કર્મયોગ, પ્રભુકૃપા અને પ્રભુભક્તિ-આ ત્રણ માયાનાં અંતર્ધાન માટે ઉપાયો છે! ઉપાયોનું આચરણ અગત્યનું છે! માયાની હાય હાય કર્યા કરવી એ અપરાધ છે!...વિદુરજીનાં મનનું ભારે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સમાધાન થાય છે. વિદુરજી વળી પ્રશ્નોની હારની હાર પૂછે છે...એ બધાય પ્રશ્નોના જવાબ દીધા હોત તો બીજાં બે ચાર ભાગવતો લખવાં પડ્યાં હોત !...મૈત્રેયજી સૃષ્ટિ પ્રકરણને આગળ ધપાવે છે. ભગવાનના નાભિકમલમાંથી ...બ્રહ્માની ઉત્પત્તિ...માતા સાથે બાળકનો નાળથી તો સંબંધ ! ભગવાનની જીવનપોષક રસનાડથી તો જગતનું જીવન ધબકે છે !...બ્રહ્માજીની કરેલી ભગવત્ સ્તુતિ...ભાગવત મહાસ્તુતિઓનો સંગ્રહ છે। ભગવાનના અનુભવે મળેલી પ્રસન્નતાના એ વાણીબદ્ધ ઉમળકા ભર્યા સત્યમય ઉદ્ગારો છે... બ્રહ્માજીની એ મહાસ્તુતિ છે. મંગલસ્તુતિ છે...ભગવાન બ્રહ્માજીને વરદાન આપે છે. સૃષ્ટિના સર્જન માટે આદેશ દે છે ! અને બ્રહ્માજી દશ પ્રકારની સૃષ્ટિ સરજે છે। મનવન્તર વગેરેના કાળની મર્યાદાઓનો ઉલ્લેખ કરે છે. મનુષ્ય વગેરેનાં આયુષ્યનાં વર્ણન કરે છે.. સૃષ્ટિ પ્રકરણનો એક મહાન વિચાર સૌએ ધ્યાનમાં લેવા જેવો છે ! સૃષ્ટિ પ્રકરણનો આવા ગ્રંથોમાં શાને વારંવાર ઉલ્લેખ હોય છે ?–આખી સૃષ્ટિજ બ્રહ્માજીની છે. એટલે કે દાદાની છે. આખી સૃષ્ટિ આપણી સગી છે. માનવ, સૃષ્ટિકુટુંબનો એક સભ્યમાત્ર છે. દાદાની સૃષ્ટિમાં જેટલો માનવનો, તેટલો જ માકડનો કે મર્કટનો પણ જીવવાનો હક્ક છે, આ મહાસત્ય માણસ ન ભૂલે, સૃષ્ટિ અને તેના જડચેતન પદાર્થો પોતાના જ ઉપાયોગ કે ઉપભોગ માટે છે એવી દુષ્ટ કલ્પનામાં ન રાચે માટે સૃષ્ટિ પ્રકરણ મહત્વનું છે ! ભગવાનને જોવા નીકળેલ માનવી કોઇને પણ પીડીને–ભગવાનનાં જ સગાંને દૂભવીને ભગવાનને રાજી નહીં કરી શકે ! સૃષ્ટિ પ્રકરણનો આ મહાસિદ્ધાન્ત જો અમલી થાય તો. સૃષ્ટિ પરસ્પર ભાવન માટે છે, પરસ્પરોપકારાર્થ છે, એક બીજાના અવલંબે અહીં ધપવાનું છે એ સમજાય ! એટલે કે સૃષ્ટિમાંથી યજ્ઞીયજીવનનો ઉપદેશ સંભળાવવો ઘટે...સનક વગેરેનો, રુદ્ર, મરીચિ વગેરે, સરસ્વતી, તથા વેદ વગેરેની ઉત્પત્તિનાં વર્ણનો પણ મૈત્રેયજી કરે છે. એટલે કે બ્રહ્માજીના સર્જન પ્રયોગોનો સુંદર ઇતિહાસ રજૂ કરે છે ! અને છેવટે સર્જન શક્તિના સર્વાંગ સુંદર અને ધન્યતમ નમૂના તરીકે મનુમહારાજ અને મહારાણી શતરૂપા ઉત્પત્તિનો ઉલ્લેખ કરે છે–માનવ શરીર તો ઉપનિષદ્‌ની ભાષામાં કહીએ તો સુકૃતં વાવવતેદં !! . અને હવે વરાહ અવતાર...અને આવી કથાઓ આવે ત્યારે હિન્દુતત્ત્વજ્ઞાનના મહાગ્રંથ વિચારોને સમજવા કે તેની કદર કરવા ભલા બુદ્ધિશાળીઓ પણ મુંઝાઈ જાય છે ! ભગવાને ભુંડનો અવતાર લીધો ! એણે રામકૃષ્ણાદિનો અવતાર લીધો હોય તો તે તો જાણે સમજાય ! અક્કલમાં આવે ! પણ હિન્દુઓના ભગવાન 'મત્સ્ય' 'કચ્છપ' 'હયગ્રીવ' 'વરાહ' 'નૃસિંહ' પણ થાય ! પણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આજ ઠેકાણે હિન્દુઓની અગાધ પ્રતિભાનો વિજય છે! માનવ આકૃતિએજ ભગવાને અવતાર લેવો જોઇએ એવું ભગવાનના ઉપર નિયન્ત્રણ લાદનારા આપણે કોણ? અને ભગવાન જો આપણું નિયન્ત્રણ જ સ્વીકારે તો તેનું ઇશ્વરપણું ક્યાં જાય? અને માનવ શરીર જ એને વહાલું છે અને બીજાં શરીરો એને અકારાં છે એમ માનનાર કે મનાવનાર ઘમંડી નથી? આવું માનનાર ભગવાનને માનો ભાલાથી વીંધી નાંખે છે! ભગવાન જો ભગવાન જ છે તો તે कर्तुमकर्तुमन्यथाकर्तुं समर्थः છે! એના લીલાવિહારને માનવ આકૃતિમાં જ સીમિત કરવા કહેવાનું અતિ સાહસ બુદ્ધિશાળી ન કરે. એક વાંદરને પૂછયું કે મનુષ્ય શરીર કેટલું સુંદર છે? વાંદરે જવાબ આપ્યો–સુંદર તો હશે પણ એને પૂંછડી ક્યાં છે? પૂંછડી વગર તે વળી કોઈ સુંદર હોઈ શકતું હશે? જ્યાં પૂંછડી નથી ત્યાં સુંદરતા હોઇ જ કેવી રીતે શકે? આ ન્યાયે માનવ પણ વિચારે છે ત્યારે વિચિત્ર લાગે છે! ભગવાને ક્યાં કેવી રીતે કયા પ્રયોજને કેમનું પ્રકટવું એ એની ઇચ્છાને અધીન છે! માણસની ઇચ્છા જો "अनवगाह्य"–માપી ન શકાય એવી હોય તો પછી ભગવાનની એવી હોઈ શકે છે એ સમજતાં અકળાવું ન ઘટે! મૂળ વિચારોનું મહાસૌંદર્ય ન સમજાય તો સંભવ છે કે આવી વાતો અનર્થ ઉપજાવે અને કથાના ગાતા મહાવિચક્ષણ ભગવાન વ્યાસજીને કે બીજા મહર્ષિઓને અન્યાય કરી બેસે!...વરાહ અવતાર વેદાવતાર છે. યજ્ઞાવતાર છે. वरान्बूते इतिवराहः=સૌને જે વરદાનો જ આપે છે–કોઇને પણ શાપ નહીંજ–એવા તો ભગવાન જ છે ને? કોઈપણ સ્થાવર જંગમ એમ કહી શકે એમ નથી કે તેને ભગવાન તરફથી કશું વરદાન નથી મળ્યું. ઋગ્વેદનો ઋષિ કહે છે–नकिः इन्द्र! न ददिति–હે પરમાત્મન્! એવો કોઈ નથી જેને તેં કંઇ ન આપ્યું હોય!.....અને પૃથ્વીનો વરાહ ઉદ્ધાર કરે છે..... હિરણ્યાક્ષ વધ કરે છે..... હિરણ્યાક્ષની કથા પાછળનો ઇતિહાસ..... વીરરસની હેલી વરસે છે.... .ભાગવત તો રસસાગર છે ને? તમામ રસોનું અદ્ભુત પીણું તે ભાગવત છે.....હિરણ્યાક્ષવધ પછી વળી બ્રહ્માજીએ કરેલી વિવિધ સૃષ્ટિનું વર્ણન...અને મનુમહારાજના વંશનો પ્રસ્તાવ શરુ થાય છે.....વિદુરજી પ્રશ્ન કરે છે–મહાત્મન્! સ્વાયંભૂ મનુની પવિત્ર કથા આપ મને કહો. તેમના પ્રિયવ્રત અને ઉત્તાનપાદ પુત્રોનો વંશ–તેમની દેવહૂતિ નામની દીકરી જેમને કર્દમ પ્રજાપતિ સાથે વળાવી હતી તેનો વંશ વિસ્તાર વગેરે કહો. અને ભગવાન મૈત્રેયજી કથા પ્રસંગ આગળ કહે છે....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

.....આપણા સહુનો જન્મ પરમાત્માની ઇચ્છાથી થયો છે. તેથી જ પરમાત્મા મહાન છે. વધાવવા, વંદવા અને પૂજવા યોગ્ય છે. પરમાત્મા તો અનંત શક્યતાનો ઉત્પાદક છે. જન્મ એ જન્મ નથી, પરંતુ પરમાત્માએ આપેલ અનંત શક્યતાઓ છે.

Lives of great men all remind us,
We can make our lives sublime.

ભગવાનની યોજના-વ્યવસ્થા અજબ છે. જીવાત્માદ્વારા તે સૃષ્ટિની વ્યવસ્થા કરે છે..... દેવહૂતિ સ્ત્રી હોવા છતાં વિકાસની ઉચ્ચતમ ભૂમિકા પર જઈ શક્યા. જીવન વિકાસશીલ છે. વિકાસપ્રિય છે. પ્રાણીમાત્ર એ વિકાસ પ્રયત્નથી સાધી શકે છે.

કર્દમઋષિને પણ બ્રહ્માજીએ સૃષ્ટિની વૃદ્ધિ માટે આદેશ આપ્યો હતો. પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી હતી. પ્રજા ઉત્પન્ન કરવી એ ઈશ્વરીય કાર્ય છે. પણ ગમે તેમ અને ગમે તેવી નહીં. કર્દમઋષિ પ્રજા ઉત્પન્ન કરવામાં રહેલી જવાબદારી સમજતા હતા. ગૃહસ્થાશ્રમમાં દાખલ થયા પછી જે પ્રજા ઉત્પન્ન કરવામાં આવે તે ઉત્તમોત્તમ હોવી જોઇએ. બુદ્ધિએ ઉત્તમ કોટિની હોવી જોઇએ. બુદ્ધિહીન પ્રજા એ પરમાત્માની નારાજી છે. મનની દશાએ ઉત્તમોત્તમ સંકલ્પો !-વિચારોવાળી અને શરીરની દૃષ્ટિએ દૂધમલ જેવી પ્રજા ઉત્પન્ન કરવી જોઇએ. આ અંગે વેદ અને દર્શનશાસ્ત્રોનું રહસ્ય સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ.

ભગવાન કર્દમઋષિ સરસ્વતી નદીને કિનારે જઈ દસ હજાર વર્ષો સુધી તપશ્ચર્યા કરે છે! લગ્ન કરવા પહેલાં એટલે કે લગ્ન માટેની લાયકાત પ્રાપ્ત કરવા માટે એવી ઉગ્ર તપશ્ચર્યા કરે છે! આપણે તો ૨૦-૨૫ વર્ષની ઊંમરે તો પરણી બેસીએ છીએ એટલું જ નહીં-પૂરા ગૃહસ્થી બની જઇએ છે. વેદમાં તો લગ્ન માટેની વય ૪૮ વર્ષની જણાવેલી છે. જેની સાથે લગ્નગ્રંથીથી જોડાવાનું હોય તે કન્યા પણ વિદુષી હોવી જોઇએ. ગાર્ગી, મૈત્રેયી વગેરે ઋષિપત્નીઓ મહાવિદ્વાન હતી. આપણા દેશમાં પરમ વિદુષી કન્યાઓ ઉત્પન્ન થવી જોઇએ. નાનપણમાં એટલે કે ૧૮ વર્ષની ઊંમરમાં, (સરકારે તો પુરુષ અને સ્ત્રીને અનુક્રમે ૧૮ અને ૧૪ વર્ષે લગ્ન કરવાની છૂટ કાયદાથી આપી દીધી છે!) લગ્ન એ દીન-હીન મનોદશા છે. વેદમાં જણાવ્યા મુજબ ૪૮ વર્ષની વયનો પુરુષ લગ્નને યોગ્ય ગણાય. હિંદુસ્તાનની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રજાના વર્તમાન સમયનું આયુષ્ય પ્રમાણે જે સરેરાશ ૨૩ વર્ષનું હોવાનું સરકારી આંકડાઓ જણાવે છે તે મુજબ-તો બે વખત જન્મીને મરણ પામ્યા બાદ ત્રીજા જન્મની વય તે વેદકાળમાં લગ્નની વય મનાતી.

નાનપણમાં લગ્ન કરવાં તે આપણા દેશનું સામુદાયિક મહાપાપ છે. લગ્ન પહેલાં પતી-પત્નીએ ભારે સંયમપૂર્વક તપ કરવું જોઇએ. એટલે કે શરીર અને બુદ્ધિનો સંપૂર્ણ વિકાસ સાધવો જોઇએ. વેદ તો કહે છે કે સંપૂર્ણ યોગ્યતા પ્રાપ્ત કરનાર સ્ત્રી-પુરુષનેજ પરણવાનો અધિકાર છે. સ્ત્રીઓમાં ઊંચા આત્માઓ આવે છે. આપણા દેશની વર્તમાન લગ્ન વય એ દેશનું પતન સૂચકજ છે. એ પતન હરગીઝ અટકવું જ જોઇએ. વેદનો ઉપદેશ; લગ્નની બાબતમાં પણ પ્રત્યેક સ્ત્રી પુરુષોએ જીવનમાં વણી લેવો જોઇએ.....

ततः समाधियुक्तेन क्रियायोगेन कर्दमः संप्रपेदे हरिं भक्त्या-

तपःस्वाध्यायईश्वरप्रणिधानानिक्रियायोगः-આત્માનું જ્ઞાન થાય તેવાં શાસ્ત્રો, ધર્મગ્રંથોનું અધ્યયન અને પરિશીલન ને સ્વાધ્યાય. પરમાત્માના ચરણોમાં સમર્પિત થવું તે ઇશ્વિર પ્રણિધાન વિચારમય જીવન જીવવું તે તપ આ ત્રણનો એટલે કે તપ, સ્વાધ્યાય અને ઇશ્વર પ્રણિધાન-આ ત્રણનો સમન્વય તે ક્રિયાયોગઃ કર્દમઋષિએ દસ હજાર વર્ષ સુધી સમાધિપૂર્વકનો ક્રિયાયોગ કર્યો. અંતે ભગવાન તેમના પર પ્રસન્ન થાય છે અને તેમને દર્શન આપે છે. ભગવાનને પ્રગટ થયેલા જોઇને કર્દમના હૈયાનાં હરખનો પાર નથી. સાષ્ટાંગ પ્રણામ કરી ભગવાનની સ્તુતિ કરે છે. લોહચુંબકની સામે લોખંડની કણિકા સ્વયમેવ ખેંચાય તેમ ભગવાનરૂપી લોહચુંબક તરફ કર્દમઋષિ ખેંચાયા. ભગવાનને પોતાની સમક્ષ હાજર કરવા અને બોલાવવા એ બાળકની રમત નથી. હજારો વર્ષોની અનન્ય ભક્તિ અને તપશ્ચર્યાને અંતેજ પ્રભુ પ્રસન્ન થઈ દર્શન આપે છે. અને પ્રભુ તો ક્ષણ માટે-બે ચાર મિનિટ માટેજ બોલે છે. ભગવાનને બોલાવવા એ તો ભક્તનું કર્તવ્ય છે. ભગવાનના મૌનને તોડનાર ભક્તો આજે પણ છેજ. પ્રલ્હાદ અને ધ્રુવ જેવા ભક્તો ભગવાન પાસે બોલાવે છે. એ બોલની મીઠાસ તો જૂઓ! ભગવાન એક વખત બોલે એટલે તે આખી દુનિયામાં સચવાઈ રહે છે. ગીતાજીની જેમ. ગીતા તો પરમાત્માનો માર્ગ બતાવનારો સાધનગ્રંથ છે.....આપણે આપણી યોગ્યતા વધારીએ તો પરમાત્મા આપણી ઇચ્છાઓ જરૂર પૂર્ણ કરેજ.....બ્રહદારણ્યકમાં.....पांडित्यं निर्विद्य.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાંડિત્ય મેળવ્યા પછી તેનામાં વૈરાગ્ય આવે છે. અને પછી મુનિ થઈ જાય છે. બ્રહ્મને જાણનાર મુનિ કેમ થાય છે? જે પરમાત્માની સાથે બોલે છે તે બીજાની સાથે બોલતો નથી. તેને બોલવા જેવું કશું રહેતું જ નથી. ભક્તની મનોદશા–ईशावास्यमिदं सर्वं यत्किं च जगत्या जगत्। तेन त्यक्तेन भुंजीथाः या गृधः कस्य स्विद्धनम्. આવી ભક્તની મનોદશા હોય છે. યજુર્વેદના ૪૦ મા અધ્યાયમાં તેનું વર્ણન આપેલું છે. ભક્તને માટે જેવા જોઈએ તેવા પદાર્થો પરમાત્માએ તૈયાર જ રાખેલા હોય છે पूर्णमदः पूर्णमिदं..... દુનિયા ખોડખાંપણ વગેરેની નથી. ભગવાનનું મૌન તોડાવી તેનું મૌન ભક્ત લે છે અને ભગવાન પાસે બોલાવે છે:–

ભગવાન કર્દમ ઋષિને કહે છે કે તેં શા માટે મારું આરાધન કર્યું છે, તે હું જાણું છું. તારી ઈચ્છા મુજબ મેં તારે માટે યોજના કરીજ રાખી છે. હે પ્રજાપતિ! મારું પૂજન કદી નિષ્ફળ જતું નથી. તેમાં પણ તારા જેવાની આરાધના તો નિષ્ફળ જાય જ નહીં. હવે બે ચાર દિવસમાં સમ્રાટ્ મનુમહારાજ પોતાની દીકરી દેવહૂતિને લઈને તને શોધતા તારી પાસે આવશે. દેવહૂતિ સાથે તારાં લગ્ન થશે. તારી છેલ્લામાં છેલ્લી પ્રજામાં હું સ્વયં જાતે માતા દેવહૂતિના પેટે જન્મ લઈશ. કપિલ મુનિના રૂપે ભગવાન અવતાર લે પછી શું બાકી રહે! તમામ જીવ ઉપર દયા કરી પ્રાણીમાત્રની રક્ષા કરીશ. આખા જગતના તમામ જીવોને નિર્ભયતાનો માર્ગ મારે બતાવવાનો છે. હું માતા દેવહૂતિના પેટે જન્મ લઈ જગત ઉપર તત્વને લગતી સંહિતા–સાંખ્ય અને યોગ નામના શાસ્ત્રો–પ્રવર્તાવીશ. ભક્તને ત્યાં તો ભગવાનને પડ્યાપાથર્યા રહેવું પડે છે તે બીલકુલ સત્ય છે. ભગવાનના અંતર્ધાન થવા પછી ભગવાન કર્દમઋષિ બિંદુ સરોવર પરના પોતાના આશ્રમમાં આવે છે. ભગવાનની આંખમાંથી પ્રેમના બિંદુ સરી પડે છે અને તેનાથી સરોવર બને છે. એ ઉપરથી તેને બિંદુ સરોવર કહેવામાં આવે છે. એ બિંદુ સરોવર પરના પોતાના આશ્રમમાં કર્દમ ઋષિ બેઠા છે. એટલામાં ભગવાન મનુમહારાજ, પોતાની પત્ની તથા પુત્રી દેવહૂતિ સાથે ત્યાં આવે છે. કર્દમ તો તપમાંથી ઉઠેલા એટલે અગ્નિ જેવી ધગધગતી દેદીપ્યમાન કાયા! લલાટમાંથી તેજના બિંદુ પડે એવી સુંદર મુખવાળી દેવહૂતિ પણ ત્યાં હાજર છે. દેવહૂતિના લાવણ્યનો પાર ન હતો. દેવહૂતિ માતા જ્યારે કન્યાવસ્થામાં હતા ત્યારે મહેલમાં દડો ઉછાળતા હતા. એ સમયે એક ગંધર્વની દૃષ્ટિ તેમના પર પડી. દેવહૂતિનું સૌન્દર્ય જોતાં જ તે બેભાન બની ગયો. મોહિની જેવાં અનુપમ લાવણ્યવાળી, તિલોત્તમા જેવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ મનુમહારાજની દીકરી! કર્દમ ઋષિ મનુમહારાજનું સ્વાગત કરે છે. મનુને કર્દમ પ્રજાપતિ કહે છે, હે મહારાજ! આપનું પરિભ્રમણ પ્રજાના સંરક્ષણ માટે હોય છે. રાજા એ રાજા નથી પણ પરમાત્માની પાલક શક્તિ છે. આથી તમે પૂજ્ય છો. મનુમહારાજ સ્વાગતનો પ્રત્યુત્તર આપતાં જણાવે છે કે, બ્રાહ્મણ એ વિદ્યા શક્તિ છે, ક્ષત્રિય એ રક્ષણ શક્તિ છે. આથી બ્રાહ્મણ અને ક્ષત્રિય એક બીજાના પૂરક છે. હું મારી દીકરી દેવહૂતિને આપને આપવા લાવ્યો છું. હું અતિ નમ્રતા-પૂર્વક પ્રસ્તાવ રજૂ કરૂં છું કે, એ મારા પુત્રો પ્રિયવ્રત અને ઉત્તાનપાદની એ વ્હાલસોઈ બેન છે. મને મારી દીકરી પ્રત્યે અત્યંત વાત્સલ્ય છે. આપ મારી પુત્રીનું પાણિગ્રહણ કરી પત્ની તરીકે સ્વીકારી મને કૃતાર્થ કરો! તમારે બીજી કશી જ ચિંતા કરવાની નથી. એ પોતે ઉંમર, શીલ, અને ગુણની દૃષ્ટિએ પતિને શોધે છે–નારદજીને એક વખત પરણવાનો અભરખો જાગેલો, તેનો ફજેતો થયેલો તે સુવિદિત છે. મારી દીકરીએ નારદજીદ્વારા તમારાં વર્ણન સાંભળેલાં ત્યારથી તે તમને વરવા ઉત્સુક છે. કર્દમઋષિ કહે છે કે તમારી પુત્રીને પત્ની તરીકે મેળવવા માટે તો દસ હજાર વર્ષનું તપ કર્યું. મહારાજ! તમારી પુત્રીનો સ્વીકાર કરૂં પણ એક શરતે, તમારી દીકરીદ્વારા મને પ્રજા ઉત્પન્ન થાય એટલે હું તેની સાથે રહીશ નહીં. તમારી દીકરીને વિલાસી જીવન જીવવું હોય તો મને તેની જરૂર નથી. પ્રજા થયા બાદ ભાઈબેન તથા મા–દીકરી જેવો વહેવાર રહેશે.

આ દેશનાં લગ્ન, કામનાની સંતૃપ્તિ માટે નહીં, પરંતુ પરમાત્માને પ્રસન્ન કરવા માટે છે. યોગ્ય સંતતિ ઉત્પન્ન કરી કામનો ત્યાગ કરવા માટે છે. વાસનાના ત્યાગ, અને સંયમને માટે છે. દેવહૂતિ આ હકીકત સાંભળે છે. તે પણ ભારે તેજસ્વી હતી. શરતનો સ્વીકાર કરે છે. પુનઃ કર્દમ તેને જણાવે છે કે તું મારૂં તેજ એક વખત ધારણ કરે પછી હું પરમહંસ ધર્મની દીક્ષા લઇશ. વિવાહ નક્કી થાય છે. લગ્ન થાય છે. માતા પિતા દીકરીને વળાવે છે. લગ્નને અંતેનો એ રસોત્સવ છે. લગ્ન બાદ દીકરીને સાસરે વળાવવા જેવો કરૂણ, મધુર અને નિર્દોષ પ્રસંગ મળવો મુશ્કેલ છે. એ રસોત્સવ હિંદુ સંસ્કૃતિએ પેદા કર્યો છે. દીકરીને સાસરે વળાવતી વખતે સર્વની આંખમાંથી ગંગા યમુનાના ધોધ વહે છે. દેવહૂતિને વળાવી મનુમહારાજ તેમના રસાલાને લઈને રાજધાનીમાં જાય છે. ત્યાંથી ઘરઘામણ મોકલી આપે છે. કર્દમઋષિ અને દેવી દેવહૂતિએ ઘર માંડ્યું છે. વર્ષો વીતી જાય છે પરંતુ તેઓનો સંસાર પતિ–પત્નીનાં સાંસારિક ધર્મ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વગરનો રહે છે. લગ્ન અને તેમાં રહેલી ભાવના પ્રત્યેક મનુષ્યે સમજવાં જોઇએ. લગ્ન એ માનસિક અને સાંસ્કારિક વિચારોનું મિલન છે. સાંસ્કારિક ભાવના અને વિચારોની એકાગ્રતા છે. લગ્ન એટલે પ્રભુતામાં પગલાં પાડવાં. વયનાં કે રૂપનાં કજોડાં નભાવી શકાય. સંસ્કારનાં કજોડાં ન નભાવાય. ગૃહસ્થાશ્રમને સુંદરમાં સુંદર બનાવવો હોય તો સંસ્કારનું મિલન થવું જોઇએ. પતિના મનને પારખવાવાળી ઉમાદેવી ભગવાન શંકરને પ્રસન્ન કરે તેમ દેવી દેવહૂતિએ કર્દમની સેવા કરવા માંડી.

સંસારને નંદનવન સમું બનાવવા માટે સ્ત્રીઓ માટે આટલી વસ્તુઓ અનિવાર્ય છે:—

(૧) વિશ્રમ્મેણ=પતિમાં સંપૂર્ણ વિશ્વાસ (૨) આત્મશૌચેન=તનની અને મનની પવિત્રતા. (૩) ગૌરવેણ=સ્વમાન અને તેજસ્વિતા (૪) દમેન=ઇંદ્રિયોનો સંયમ. (૫) શુશ્રષયા=સેવા. (૬) સૌહૃદેન=ભલમનસાઇ (૭) અને સૌથી અગત્યનું મધુરયાગિરા=પ્રસન્ન મધુરવાણી–આટલા સદ્‌ગુણો આર્ય સ્ત્રીમાં હોવા જ જોઇએ.

વાણીમાં જો માધુર્ય–મીઠાસ ન હોય તો તે વાણી કેવો અનર્થ ઉપજાવે છે, કેવું ભયંકર પરિણામ લાવે છે તે સમજાવવા એક દૃષ્ટાંત જાણવા જેવું છે.

એક સમયની વાત છે. એક હતા સંન્યાસી. તપસ્વી અને વિદ્વાન. બધી રીતે સરસ પણ તેમની વાણી બહુ જ ખરાબ. વાણીમાં કટુતાનો જ વાસ. એક દિવસ તે સંન્યાસી ફરતા ફરતા એક ગામમાં આવ્યા. ગામને પાદરે એક તળાવ હતું ત્યાં મુકામ કર્યો. એ સમયે ગામના પટેલ પણ પાદરે આવેલા હતા. તેમણે સંન્યાસીને જોયા. પટેલે સંન્યાસીની પાસે જઈ પ્રણામ કરી ગામમાં પોતાને ઘેર આવવા વિનંતિ કરી. સંન્યાસી મહારાજે વિનંતિ સ્વીકારી અને પટેલની સાથે તેમના ઘેર ગયા. પટેલ–પટલાણીએ સંન્યાસીનું ભાવભીનું સ્વાગત કર્યું. પ્રેમથી બન્નેએ તેમની સેવા કરવા માંડી–સંન્યાસી તો સ્વયંપાકી–સ્વહસ્તે રસોઈ બનાવી જમતા હતા. એટલે પટેલને ત્યાંનું ભોજન તેમનાથી લઇ શકાય તેમ ન હતું. આથી પટેલે તેમને પૂછ્યું મહારાજ! આપને માટે કેવા પ્રકારના ભોજનની વ્યવસ્થા કરૂં! મહારાજે કહ્યું મારે બીજા કશાની જરુર નથી. હું તો ખીચડી પકાવીશ. પટેલે ચોખા, દાળ, મસાલો વગેરે ખીચડીની વસ્તુઓ આપી. ઘી તથા દહીં આવ્યાં. સંન્યાસીએ ખીચડી તૈયાર કરી. જમવાને હજુ વાર હતી કારણ કે તેમને થોડું નિત્ય કર્મ બાકી હતું તે પતાવવાનું હતું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પટેલને ત્યાં એક ભેંસ હતી. ખૂબ માતેલી. પટેલને ત્યાં ઘાસચારો અને દાણાપાણીનો ટોટો નહીં. ભેંસને ખૂબ ખવરાવતા અને તેની કાળજી પણ ખૂબ રાખતા. આથી ભેંસ હંમેશા તાજી અને માતેલી રહેતી. સંન્યાસીએ તે ભેંસને જોઇ પટલાણીને કહ્યું, પટલાણી! તમારી ભેંસ તો ખૂબ જાડી અને માતેલા હાથી જેવી છે. ન કરે નારાયણ અને ભેંસ મરી જાય તો તેને આ સાંકડી બારસાકમાંથી કાઢશો કેવી રીતે? સંન્યાસીની ઝેર જેવી કડવી વાણી સાંભળી પટલાણીને ખૂબ દુઃખ થયું. પણ કશું બોલી નહીં–ગમ ખાઇ ગઈ. એટલામાં પટેલ બહારથી આવ્યા. પટલાણીએ સંન્યાસીની કાળજીભી વાણીની પટેલને ફરિયાદ કરી. પટેલને પણ તે સાંભળી ભારે દુઃખ થયું. એટલામાં પટેલનો દીકરો બહારથી ઘરમાં આવ્યો. રુષ્ટ પુષ્ટ અને પ્રચંડકાય છોકરાને જોઈ સંન્યાસી બાવાથી બોલ્યા સિવાય રહેવાયું નહીં–તેમણે પટેલ તથા પટલાણી બન્ને કહ્યું કે તમારો આ દીકરો ખૂબ જાડો અને અલમસ્ત છે. એનું શરીર એવું ભારે છે કે ન કરે નારાયણ ને મરી જાય તો તેની હાડડી ઘરમાંથી બહાર કાઢશો શી રીતે? સંન્યાસીને પોતાના દીકરા માટે આવી અમંગળ અને કડવી ઝેર જેવી વાણી બોલતાં સાંભળી પટેલના ક્રોધનો પાર ન રહ્યો. પટલાણી તો ક્રોધે ભરાયલાં હતાં જ તેમાં સંન્યાસી મહારાજે તેના દીકરાની વાત કરી બળતામાં ઘી હોમ્યું એટલે પટેલ તથા પટલાણી સામે જ પડેલું લાકડું લઇ સંન્યાસીને મારવા તૈયાર થઈ ગયા. સંન્યાસી ગભરાયા અને ખીચડીને પોતાની ઝોળીમાં નાંખી ત્યાંથી નાસવા લાગ્યા, પટેલ પણ સંન્યાસીની અમંગલ-દુષ્ટ વાણી બોલવાની ખો ભૂલાવવા તેમની પાછળ દોડ્યા. સંન્યાસી તો જીવ લઇને નાસતા હતા. ઝોળીમાંથી ખીચડી, શાક બહાર નીકળતાં હતા. સંન્યાસીને આવી રીતે નાસતા જોઇ લોકોને આશ્ચર્ય થયું! રસ્તામાં જે મળે તે પૂછે કે મહારાજ! આપ આમ ગભરાયલા નાસો છો કેમ! સંન્યાસી નાસતા નાસતા જવાબ આપે છે કે "ઝીલો રે ઝીલો એ તો મારો વાણીનો રસ" એટલે કે મારી કડવી વાણીના પ્રતાપે મારે નાસવું પડે છે! આ ઉપરથી એ સમજવાનું છે કે હંમેશાં મધુર વાણી બોલાવી. सत्यं ब्रूयात् प्रिय ब्रूयात् न ब्रूयात् सत्यमप्रियम्. સત્ય અને પ્રિય વાણી બોલવી. સત્ય છતાં પણ અપ્રિય થઈ પડે એવી વાણી કદી ઉચ્ચારવી નહીં. સુવાક્યથી સ્નેહ વધે અને કુવાક્યથી વૈર વધે. ભીમને બોલતાં ન આવડતું એટલે કુરુક્ષેત્ર થયું. દુનિયામાં મોટામાં મોટું વશીકરણ છે મીઠી વાણી. પરમાત્મા પણ મીઠી મધુર વાણીથી પ્રસન્ન થાય છે-વશ થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવતી દેવહૂતિ કામ ક્રોધ, લોભ, મોહ દ્વેષ અને પાપથી રહિત પવિત્ર અને સેવાપરાયણ બની પતિ સેવા કરતા. કર્દમ ઋષિ તો અગ્નિ જેવા તેજસ્વી હતી. પોતાની ફરજમાં જરા પણ પ્રમત્ત ગાફેલ રહ્યા સિવાય એક નિષ્ઠાથી પતિની સેવા બજાવ્યે જતાં હતાં. દેવહૂતિની પતિભક્તિથી કર્દમ ઋષિ સંતુષ્ટ રહેતા. પતિ જ્યારે તુષ્ટ થાય ત્યારે પત્નીના સૌભાગ્યનો કોઈ પાર રહેતો નથી. હિંદુ સંસારમાં પતિ પ્રેમમાં વિભાગ એ આર્ય રમણી માટે અસહ્ય વસ્તુ બની જાય છે...પતિપ્રેમ આગળ તે કોઇપણ અન્ય વસ્તુ વગર ચલાવી લેવા હંમેશ તૈયાર હોય છે. સીતાને રામ મળે, સાવિત્રીને સત્યવાન મળે, નળને દમયંતી મળે, એટલે એવા એક અને અવિભાજ્ય પ્રેમ આગળ સ્વર્ગનું સુખ પણ તુચ્છ છે ! એનોના તપથી તો સંસાર ટકી રહ્યો છે, એ બીલકુલ સત્ય છે અને તે સત્યનો સ્વીકાર કરવો જ જોઇએ. ભાગવતી કથા મોક્ષ તો આપે જ છે પણ તે સાથે લૌકિક સુખ પણ આપે છે. જે વર્તમાન જીવનને વખોડે છે તે ભવિષ્યને બગાડે છે. ભાગવત સપ્તાહ સાંભળવાથી આલોક, પરલોક અને આત્માનું સુખ મળે જ છે.

આ દેશની સૌથી વધુ પ્રતિભાશીલ વ્યક્તિ અને સનાતન–વેદ ધર્મના ઉદ્ધારક ભગવાન શંકરાચાર્ય. તેમના પ્રેમી તે વાચસ્પતિમિશ્ર. વાચસ્પતિમિશ્રે બ્રહ્મસૂત્ર ઉપર ભામતી નામની ટીકા લખી હતી, એમના જીવનનો–ઇતિહાસ ખાસ જાણવા જેવો છે. એ વાચસ્પતિમિશ્રના યુવાવસ્થામાં જ લગ્ન થયેલાં. બન્ને પતિ પત્ની સાથે એકજ ઘરમાં રહેતા. વાચસ્પતિમિશ્ર ભારે વિદ્યા–વ્યાસંગી. રાતદિન વિદ્યોપાસનામાં જ લીન. એ સ્થિતિમાં એંસી વર્ષ વહી ગયાં ! પોતાને પત્ની છે અને પોતે ગૃહસ્થધર્મમાં છે તેનું પણ તેને ભાન ન રહ્યું. લગ્નને એંસી વર્ષ થઈ જવા છતાં એક પણ દિવસ તેમના પત્નીના મુખમાંથી એવો એક શબ્દ પણ ન નીકળ્યો કે આપણા લગ્ન થયેલા છે. પોતાના પતિને પરિણીત જીવનનું તેણે સ્મરણ પણ કરાવ્યું ન હતું. પોતે હંમેશ પતિની સેવા બજાવ્યે જતાં. વાચસ્પતિમિશ્રની પત્નીનું નામ હતું ભામતી. એંસીમે વર્ષે પણ તેમનું લેખન કાર્ય અવિરત ચાલુ જ હતું. એંસીમાં વર્ષે એક દિવસ ગ્રંથ લખતી વખતે દીવેલના કોડિયામાં તેલ ખૂટયું. દીવો ઝાંખો પડતો જતો હતો. ભામતી દેવીએ જોયું તો કોડિયામાં તેલ ન હતું. એટલે તેણે તુરત તેમાં તેલ પૂર્યું. તેલ પૂરાતાં દીવાનો પ્રકાશ વધ્યો. પ્રકાશ વધતાં વાચસ્પતિમિશ્રે ઊંચે જોયું. ભામતી દેવીને ઉભેલાં જોયાં. તે વખતે તેમને પોતાના લગ્નનું સ્મરણ થયું અને ભામતી દેવીને કહ્યું " દેવી ! આપણા તો લગ્ન થયેલાં ને ? દેવી ! તમે અને મેં જો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંસાર સુખ ભોગવ્યું હોત તો આપણે ઘેર સંતતિ હોત! તેં આજ સુધી મારી એક નિષ્ઠાથી સેવા કરી છે. નિષ્કામભાવે સેવા કરી છે. કદી સંસાર સુખનું સ્મરણ પણ કરાવ્યું નથી. તે માટે અભિલાષા પણ સેવી નથી. ખરેખર! તું તપસ્વીની છે. સતી છે. દેવી! હું તારો અપરાધી છું. ભામતી દેવી પતિને સાંત્વન આપે છે. પતિની સેવા એજ સ્ત્રીનો સાચો ધર્મ છે. એમ જણાવી શાંત રહે છે. વાચસ્પતિમિશ્રને ચેન પડતું નથી. તે પુનઃ ભામતી દેવીને કહે છે કે હે દેવી! તેં મને ખરેખર તુષ્ટ કર્યો છે. મારે તને સંતતિ આપવી જ જોઇએ. પણ દેવી! વિકાર પુત્રોથી નામના ન રહે. મારે તને સૂર્ય ચંદ્રની જેમ અમર બનાવવી જોઇએ. આથી તેમણે બ્રહ્મસૂત્ર ઉપર ભામતી ટીકા લખી ભામતી દેવીને વિચારપુત્રી આપી અમર બનાવ્યા. વંદન હો એ અમર ભામતી દેવીને!

એજ પ્રમાણે ભગવાન કર્દમઋષિને માતા દેવહૂતિએ પ્રસન્ન કર્યા. કર્દમ ઋષિ પણ પ્રભુના ધ્યાન અને સમાધિમાં મગ્ન રહેતા. પોતાનાં લગ્ન થયેલાં છે અને દેવહૂતિ તેમના પત્ની છે તેનું પણ તપશ્ચર્યા આગળ તેમને ભાન રહ્યું ન હતું. દેવહૂતિ પણ અનન્ય ભાવે પતિની સેવા કર્યે જાય છે. તેની કાયા પણ કંતાઈ ગઇ છે.

કર્દમને એક દિવસ સ્મરણ થયું કે દેવહૂતિ તેમની ધર્મપત્ની છે. દેવહૂતિની સેવાથી પ્રસન્ન થયેલા કર્દમે તેને વરદાન માગવા કહ્યું! ભગવતી દેવહૂતિ શરમાયાં. તેને લાજ લાગી. પછી તેણે પોતાના સ્વામી કર્દમઋષિને કહ્યું કે, મહાત્મન્! બીજું તો કાંઇ નહીં પણ તમારૂં વચન તમને યાદ દેવરાવું છું. ભોગ ભોગવવાની પણ ખૂબી છે ને?.....

.....વસિષ્ઠઋષિને ત્યાં ૬૦ હજાર વિદ્યાર્થીઓ રહેતા હતા. ઋષિ ભારે ઐશ્વર્યસંપન્ન. વિદ્વાન અને ત્યાગી. તપસ્વી જીવન. છતાં દરીદ્રી ન હતા. સુંદર મહેલોમાં રહેતા. તેમનો આશ્રમ આજના સુંદર મહેલ કરતાં પણ વધુ સૌન્દર્ય સંપન્ન હતો. આપણા ઋષિઓ મોટે ભાગે સંસારી જ હતા. દેવી દેવહૂતિનો ઊત્તર સાંભળી ભગવાન કર્દમે શું કર્યું? તેણે કહ્યું, દેવી! આજસુધીના મારા તપની અને તત્વચિંતનની વિભૂતિઓ તને બતાવું. તું તો રાજકન્યા છે. એટલે તારે માટે રાજવૈભવો જોઇએ. પોતાના યોગના બળે તેમણે એક મહાન વિમાન તૈયાર કર્યું. તેમાં મહેલ રચ્યો. અને દેવહૂતિને કહ્યું કે તું બિંદુ સરોવરમાં જઈ સ્નાન કરી આવ. દેવહૂતિ સ્નાન કરવા જાય છે. સરોવરમાં જઈ હજારો કુમારિકાઓ હાજર થઈ જાય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે અને તેને સ્નાન કરાવે છે. દેવહૂતિનું શરીર રૂપરૂપના અંબારસમું બની ગયું. યોગેશ્વર કર્દમઋષિ મહાન તેજસ્વી. દેવહૂતિ સૌન્દર્યની પ્રતિમા. તપ અને યોગની પ્રતિમારૂપ કર્દમઋષિ. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થાય છે.

કસમયનો વૈરાગ્ય કામનો નથી. નવયુવાનોએ સંપૂર્ણ ઐશ્વર્ય પ્રાપ્ત કર્યા પછી ત્યાગવાનું છે. દુનિયાની સમગ્ર શક્તિઓ પેદા કરવી અને પછી ત્યાગ કરવો. ભગવાન કર્દમ અને દેવી દેવહૂતિ વિમાનમાં બેસી ફરવા નીકળ્યા છે. દેવહૂતિ કહે છે, ભગવન્! મારે પૃથ્વી જોવી છે. પતિપત્ની વિમાનમાં બેસી પૃથ્વીના પર્યટને જાય છે. જગતની યાત્રા કરીને પાછા આવી સો વર્ષ સુધી સંસારસુખ ભોગવે છે. અને પાછા તપમાં લાગી જાય છે....માયાને તો પનોતીની માફક પગ નીચે કચડી નાંખવી જોઈએ. તપને માટે હિમાલય જવાની જરૂર નથી. મન જો વિકારો અને વાસનાથી ભરેલું જ રહેતું હોય તો હિમાલયમાં પણ શાંતિ મળવાની નથી. સંપૂર્ણ ઐશ્વર્યપૂર્ણ જીવન તે સાચું જીવન. વૈરાગ્ય એટલે પ્રેમ. કુટુંબ સ્ત્રીપુત્રાદિ પરથી પ્રેમ ખસેડી, આખી દુનિયા પર પ્રેમ કરતા શીખવું તેનું નામ વૈરાગ્ય. પરમાત્મા ક્યાં નથી? તે તો સર્વત્ર છે. તેને મેળવવા માટે તપ-ગુણનો ભેખ લેવો જોઈએ! ગમે તેવા બાવાને જોઈ મુગ્ધ ન થવું.

કર્દમ ઋષિને નવ દીકરીઓ દેવી દેવહૂતિથી ઉત્પન્ન થાય છે. ત્યાર બાદ તેને પોતાની મૂળ પ્રતિજ્ઞા યાદ આવે છે. દેવહૂતિને કહે છે, દેવી! આપણને પ્રજા થઈ છે. હવે પ્રતિજ્ઞા મુજબ મારે જંગલમાં તપ કરવા જવું જોઇએ. દેવહૂતિ એ સાંભળી ગદ્‌ગદિત થઈ જાય છે. અને કહે છે, મહારાજ! આપના જેવા મહાન પતિ પાસે લેવા જેવું લઈ શકી નથી. તમે તો જશો. તમારી પ્રતિજ્ઞા પાલનના માર્ગમાં હું આડે ન આવીશ. પણ મારી વિનતિ સાંભળો. આ દીકરીઓ તો પારકું ધન છે. દીકરીઓના વિવાહ-લગ્ન કરતા જાવ અને ખોળાનો ખુંદનાર આપતા જાવ. કર્દમ ઋષિ કહે છે દેવી! તારી વિનતિ સ્વીકારૂં છું. પણ આપણે દરિદ્રી દીકરો ન જોઇએ. પરમાત્મા સ્વયં દીકરો થઇ અવતરે એવું તું તપ કર. પરમાત્માનું પૂજન કર. થોડા સમયમાં તારે પેટે ભગવાન સ્વયં પુત્રરૂપે જન્મ લેશે. પ્રસન્ન પતિ પત્ની પર કેવો ખુશ થાય છે! હે દેવી! તું વ્રતી છે, સંયમી છે. શીલવતી છે. શ્રદ્ધાપૂર્વક ઇશ્વરનું સ્મરણ કર. મારી કીર્તિને દિગંતમાં ફેલાવનાર પરમાત્મા જાતે જ તારી કુંખે જન્મ લેશે. પતિની આજ્ઞા મુજબ દેવહૂતિએ પરમાત્માનું ભજન આરંભી દીધું. થોડા જ સમયમાં પરમાત્મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વયં અવતાર લે છે. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થાય છે. દુંદુભિનાદ થાય છે. દિશાઓ અને નદી નાળાંઓ પવિત્ર થાય છે. કોઇ મહાન વિભૂતિ જગતમાં અવતરે છે ત્યારે એમ જ બને છે. કપિલ ભગવાનનો જન્મ થતાં દેવો હાજર થઈ ભગવાનની સ્તુતિ કરે છે. કર્દમ ઋષિ પછી નવ દીકરીઓને નવ ઋષિઓ સાથે પરણાવે છે. અને પછી દેવીને કહે છે, દેવી! સ્વયં ભગવાને તારે પેટે જન્મ લીધો છે. એ તારા હૃદયની ગ્રંથી ભેદી તારો ઉદ્ધાર કરશે. પરમાત્માએ કર્દમને ત્યાં અવતાર લઈ કર્દમ તથા દેવહૂતિને મુક્તિ અપાવી. કર્દમઋષિ પણ કપિલ ભગવાનની ભારે સ્તુતિ કરે છે અને પછી તપશ્ચર્યા માટે જંગલમાં ચાલ્યા જાય છે.

બિંદુ સરોવર પરના આશ્રમમાં માતા-પુત્ર રહે છે, એક દિવસની વાત છે. કર્દમ જંગલમાં ચાલી ગયા. કપિલ મુનિ તો જન્મથી અકર્મણ્ય હતા. આંબાને મોર આવે. પણ કેરી આવતાં મોર ખરી પડે તેમ કપિલમુનિને કશું કરવાપણું હતું જ નહીં. માતાને ખબર પડે છે કે તેનો દીકરો તો સ્વયં ભગવાન છે. માતા શિષ્ય અને દીકરો ગુરુ બને છે! દેવહૂતિમાતા મનોમન ભગવાનને વંદન કરે છે. એક બાજુ દીકરો અને બીજી બાજુ સ્વયં ભગવાન. માતા દેવહૂતિ શિષ્યભાવે હવે પુત્રરૂપે અવતરેલા પરમાત્માને કહે છે, હે ભગવન્! ઇન્દ્રિયોની તૃપ્તિમાં આજસુધીનું જીવન વ્યતીત થયું. હવે મને ચેન નથી. હું અંધારામાં સબડું છું. હૈયાના અંધારાને દૂર કરી પ્રકાશમાં લઈ જવા માટે તમે મારા પેટે અવતર્યા છો. મારો મોહ, અજ્ઞાન, અંધકાર દૂર કરવા આપ યોગ્ય છો. મારા અહંતા અને મમતારૂપી સંસારના છેદ ઉડી જાય અને નિર્મળ થઇ શકું તે માટે તારૂં શરણ લીધું છે. હે પરમાત્મા! તમે તો સંસારવૃક્ષને છેદનારા કુહાડારૂપ છો. પ્રકૃતિ અને પુરુષ નામના તત્વને જાણવા તમારી પાસે આવી છું. માટે તે મને સમજાવો. માતાની આજ્ઞા થઈ. કપિલમુનિ માતાને પુરુષ અને પ્રકૃતિના તત્વોની વિસ્તૃત સમજ આપે છે. એ તત્વજ્ઞાનની રજૂઆતમાં તો કપિલમુનિએ જ્ઞાનનો ધોધ વહાવ્યો છે. માતાને શરણે આવેલી જોઈ કપિલ ભગવાનની આંખમાં ઝળઝળિયાં આવી જાય છે. માતાનો ઉદ્ધાર કરવાનો તો ભગવાનનો સંકલ્પ જ હતો.

અહીં સાંખ્ય અને યોગશાસ્ત્રની શરૂઆત થાય છે. પુરૂષ અને પ્રકૃતિના જ્ઞાન માટે સાધના કરવી પડે છે. આધ્યાત્મિક યોગ-આત્માને પ્રાપ્ત કરવા ચિત્તની એકાગ્રતા-આત્માની પ્રાપ્તિ માટેનો યોગ તે આધ્યાત્મિક યોગ. જેણે કલ્યાણ પ્રાપ્ત કરવું હોય તેણે યોગની સાધના કરવી ઘટે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આલોક પરલોક માટે એનો ઉપયોગ થઈ શકે છે. આત્માની પ્રાપ્તિ માટે યોગનો વિનિયોગ હોવો ઘટે. ભગવાન કપિલદેવ પોતાની માતાને કહે છે કે યોગની સાધનાથી સુખ અને દુઃખથી તું પર થઇ જશે અને બદલામાં અવ્યય અને અક્ષય્ય સુખ મળશે. સુખનું સરનામું પોતાનો આત્મા જ છે. દુન્યવી સુખદુઃખ તો આગન્તુક છે. આત્મા સુખસ્વરૂપ છે તે જાણવું શી રીતે? પ્રથમ ચિત્તની પરમશુદ્ધિ સમાધિદ્વારા કરવી. ભગવાન કપિલદેવ પોતાની માતાને યોગ શિખવે છે. ભગવાન કપિલમુનિ કહે છે કે આપણી અને પરમાત્માની વચ્ચે મનની દિવાલ છે. એ દિવાલને તોડવી જોઇએ. એ દિવાલને જમીનદોસ્ત કરવી તેનું નામ યોગ. બંધન અને મોક્ષ મનની કલ્પનાઓ છે. આત્મા તો હંમેશ મુક્ત જ છે. આ બંધન અને મુક્તિના સંબંધમાં એક સુંદર બોધપ્રદ દૃષ્ટાંત છે!

એક કુંભાર દંપતી. તેમને એક છોકરો. ઘરે ૩૩ ગધેડાં. છોકરો તો જમાના અનુસાર અંગ્રેજી ભણે એટલે ઘરના કામમાં ભાગ્યે જ રસ લે! ગધેડાંઓની માવજત પતિપત્ની કરે. છોકરો એ વિષે કશું ન જાણે. એક દિવસની વાત. કુંભારને વ્યવહાર કામે બહાર જવાનું થયું. કુંભારણ માંદી પડી! ગધેડાંની સેવા છોકરાને ભાગે આવી. તે સવારના પહોરમાં ગધેડાંને પાણી પાવા કોઢારામાંથી છોડવા ગયો! જઇને જુવે તો કોઈ ગધેડાંના ગળામાં ફાંસો નહીં. તેને મઝા આવી! ગધેડાંને તેણે ડચકાર્યાં! પણ ગધેડાં સ્હેજે હાલે નહીં! છોકરાએ વિચાર્યું—ડચકારાથી ગધેડાં નહીં ચાલે. તેણે તેમનાં પૂછડાં આમળ્યાં. પૂછડાં આમળ્યાં છતાં ગધેડાં તો તસુ પણ હાલ્યાં નહીં! છોકરાએ માન્યું—ગધેડાંની જાત ને? એટલે ડીફ્ણીઆ સિવાય એ તો ચાલે જ નહીં! તરત તેણે તે પ્રયોગ કર્યો! ડીફ્ણીઆં ઝીંકતા પણ ગધેડાં જેનું નામ! તસુ પણ ચાલ્યાં નહીં. છોકરો નવાઈ પામ્યો. ગળામાં કે પગમાં કે ક્યાંએ ફાંસો કે બંધન તો છે નહીં! છતાં ગધેડાં હાલતાં કેમ નથી! તે સીધો પહોંચ્યો પોતાની માતા કને! નવાઈની વાત માતાને જણાવી! માતાએ હસતાં હસતાં કહ્યું—એટા! એ તો કળા છે! આપણે ગરીબ માણસો! બધાં ગધેડાંને બાંધવા જેટલાં દોરડાં ક્યાંથી લાવીએ? એટલે તારા બાપુએ એમને એવો સજ્જડ વહેમ ઘૂસાડયો છે કે તેઓ બધાં બંધાયેલાં જ છે! સાંજે દરેકના ગળાં બાંધતા હોય તેમ અને સવારે છોડતા હોય તેમ તારા બાપુ તેમના ગળામાં ચાળો તેટલો કરી આવે છે. અને ગધેડાં માની બેઠાં છે કે તેઓ રોજ બંધાય છે અને રોજ છૂટે છે! અને વગર બંધે કે વગર છોડવેજ તેઓ બંધાયેલાં કે છૂટેલાં પોતાની જાતને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માની બેઠાં છે! તું પણ તેમના ગળામાંથી ફાંસો છોડતો હોય એવા ચાળા કરી આવ! એટલે તેઓ ચાલતાં થશે. બાળકે તેમ કર્યું! અને તે કરતાં-વેંત ડચકારતાં બધાંય ગધેડાં ચાલવા લાગ્યાં!

માનવ સ્વભાવ પણ વિના બંધને બંધાઇ માયાના બંધનમાં આવી, પશુવૃત્તિ સેવી ફોકટ બંધાઈ રહેલો છે. ખરી રીતે તો માનવી આત્મા શુદ્ધ, બુદ્ધ અને નિરંજન છે. પણ મનની કલ્પના એજ મોક્ષ અને બંધન છે એ વાત સમજતો નથી. એ ખોટી સમજ દૂર કરવા યોગની જરૂર છે. યોગ એટલે આત્માને સાચી કલ્પનાથી વિભૂષિત કરવો તે અર્થાત્ પરમાત્માને જોવાનો ઉપાય. તે માટે પ્રથમ આવશ્યક અંગ સત્સંગ છે. આસક્તિ તો આત્માનો ઘરડો–વૃદ્ધ ન થાય તેવો પાશ છે. પાશને એટલે આસક્તિને દૂર કરવી જોઇએ. સાધુ કોણ? સાધુના લક્ષણઃ– સહૃદયી, અજાતશત્રુ, તિતિક્ષાસંપન્ન, દયાપૂર્ણ, નિરપેક્ષ, પરમાર્થવૃત્તિ એ સાધુતાનાં લક્ષણો છે. વળી સીધો ચાલે તે સાધુ. તનથી ભલે વાંકો હોય પણ મનથી સીધો એટલે પવિત્ર હૃદયવાળો અને પ્રભુભક્ત, પ્રાણીમાત્રનું કલ્યાણ ઇચ્છનારો હોવો જોઇએ.

સત્સંગથી શું થઈ શકે? સત્સંગનું ફળ શું? સજ્જન–સંત સમાગમદ્વારા પરમાત્મતત્વનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. સત્સંગ તો હૈયાનું અને કાનનું રસાયણ છે. એ રસાયણના સેવનથી ભવના રોગો દૂર થાય છે. પરમાત્મામી કથા જેવી કોઈ કથા નથી. તે જ્ઞાન સત્સંગથી મળે છે. સત્સંગથી મોક્ષમાર્ગમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય પછી પ્રભુ પ્રત્યેનો પ્રેમ. પ્રેમનું ગાઢ સ્વરૂપ તે ભક્તિ. ભક્તિમાંથી વૈરાગ્ય જન્મે અને પ્રભુ ચિંતનમાં ચિત્ત ચોંટેલું રહે. એ થાય એટલે યોગમાં પ્રવેશ. યોગના આઠ અંગ છે એટલે તેને અષ્ટાંગ યોગ કહેવામાં આવે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. એ બધું પ્રાપ્ત થતાં અજ્ઞાનાંધકાર દૂર થાય અને જ્ઞાનની દીપ્તિ વધે તેમ થતાં પરમાત્માનું નિકટત્વ સધાય અને અંતે પરમાત્માની પ્રાપ્તિ થાય.

ભક્તિનું સ્વરૂપઃ—

નિષ્કારણ પ્રેમ તે ભક્તિ. सा तु अस्मिन् परमप्रेमरूपा अमृतस्वरूपा च (નારદ ભક્તિ સૂત્ર) ભક્તિ એ શરતી સોદો નથી અને તેથી ભગવાન જલ્દી ખુશ થાય છે. નિર્મળ, નિષ્કારણ પ્રેમ, લાભવૃત્તિ શૂન્ય પ્રેમ, નિષ્કામ પ્રેમ, રાખનાર ભક્તની ભગવાન તાવણી કરે છે. સમુદ્રમિલન માટે નદી જેમ યાત્રા આરંભી માર્ગમાં આવતા ખાડાટેકરા, પહાડ, વનો, કાંટા, વગેરેમાંથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ માર્ગ કાઢી સમુદ્ર ખારો હોવા છતાં પણ તેને ભેટી, બદલાની કશીજ અપેક્ષા વગર પોતાની જાતને સમર્પિત કરે છે તેમ જીવરૂપી નદી પરમાત્મારૂપ સમુદ્ર તરફ ધસે અને જીવનરૂપ લવણ પ્રાપ્ત થાય ત્યાં સુધી પોતાનું પ્રયાણ ચાલુ જ રાખે અને છેવટ પરમાત્મારૂપી સમુદ્રને મેળવી તેમાં લીન થાય તેનું નામ ભક્તિ.....કૃષ્ણપરમાત્માને આપણે 'રાધાકૃષ્ણ' નામથી સંબોધીએ છીએ પરંતુ ભાગવતમાં 'રાધા' નામની ગેરહાજરી છે. એનું કારણ શું? એનું કારણ એમ કહેવાય છે કે પરીક્ષિત રાજાને ભાગવતી કથા સાત દિવસ સાંભળતાં મોક્ષ પ્રાપ્ત થયો; પરંતુ ભગવાન શુકદેવજી તો પ્રભુની પાસે પહોંચેલો જીવાત્મા હતો. અને તેઓ જો "રાધેકૃષ્ણ" એમ કૃષ્ણના નામોચ્ચારની સાથે રાધાનું નામ લે ત્યારે એટલે કે "રાધેકૃષ્ણ" બોલતાની સાથે તેમને છ માસની ભાવ સમાધિ થઈ જતી. સાત દિવસની ભાગવતી કથા સંભળાવીને પરીક્ષિત રાજાનો મોક્ષ કરવાનો હતો. તે દરમિયાન જો 'રાધા'નું સ્મરણ થઈ આવે તો ભાવ સમાધિ આવી જાય અને ભાગવતી કથાનું કાર્ય અટકી પડે અને તેમ થતાં પરીક્ષિતને મોક્ષ પણ ન મળે. એથી ભગવાન શુકદેવજીની ભાગવતી કથામાં રાધાના નામનો ક્યાંયે ઉલ્લેખ થયો નથી.....

.....શ્રદ્ધા એટલે કે આસ્તિક અને સાત્વિક બુદ્ધિ–શ્રદ્ધા પરમાત્માના માર્ગે લઈ જનારો રાજમાર્ગ છે. પરમાત્માની કથાનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ અને મનન કરવું. સંકીર્તન કરવું. પરમાત્મા સમરસતત્વ છે, સર્વવ્યાપી છે. પ્રકૃતિએ પેદા કર્યું છે તે ભિન્ન છે, એમ માની પ્રભુમાં દત્તચિત્ત થવું વગેરે ભક્તિના સાધનો છે.....સૌનો એમાં સમાન અધિકાર છે.....

સાચું વેદાન્ત સાધના માગે છે. પ્રાણીમાત્ર પ્રત્યે નિર્વૈરભાવ એ સાચું દર્શન છે. અરિસામાં જોતાં તેમાં આપણું પ્રતિબિંબ પડે. હૈયું એ દર્પણ જ છે. ઊંદર બીલાડી જેવાનાં કુદરતી વેર ભૂલાય છે તો પછી માનવી માટે પ્રશ્ન જ રહેતો નથી. ક્રોધનો આવેશ જાતની સાથે લડવામાં છે. ક્રોધ સામે આંતરવિગ્રહ કરવો તે નિર્વૈરભાવ છે. આસક્તિરહિત થવું એ પણ સાધનાનું એક આવશ્યક અંગ છે કારણ કે,

धनानि भूमौ पशवश्च गोष्ठ भार्यागृहद्वारि जनः स्मशाने,
देहश्चितायां परलोकमार्गे कर्मानुगो गच्छति जीव एकः

કર્મ માનવીનો વફાદાર સેવક. જે કર્મ કરે છે તેજ મૃત્યુ બાદ જીવાત્મા સાથે જાય છે. જો મરવાનું જ છે અને તે સત્ય જ છે. મૃત્યુ અનિવાર્ય જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે, મરણ એ પ્રકૃતિ જ છે, બધું અહીં છોડીને જીવાત્માને એક દિવસ જવાનું જ છે તો પછી જે વસ્તુઓ સાથે આવનાર નથી તે પ્રત્યેનું મમત્વ–આસક્તિનો આજથી જ, આ ઘડીથી ત્યાગ કરતાં શીખવું જોઇએ....

મગજને સીનેમાનો પડદો બનાવો તો જ અનાસક્તિ કેળવાય. સીનેમાના પડદા પર અનેક દૃશ્યો આવે અને જાય–અનેક પાત્રોદ્વારા અનેક ભાવો અભિવ્યક્ત થાય અનેક પ્રકારની ક્રિયાઓ થાય. પણ ફીલ્મ બંધ થતાં તે ફ્રેંચી પડદો તો પોતાના મૂળ સ્વરૂપમાં એટલે કે સ્વચ્છ જ રહે છે. કોઇપણ ચિત્ર તેના પર અંકિત થઈ જતું નથી. તે પ્રમાણે ચિત્તનો પડદો હોવો ઘટે. આપણી પ્રગતિનું રોધક તત્વ તે આસક્તિ છે. એને દૂર જ રાખવી જોઇએ. આસક્તિ દૂર થતાં પ્રગતિના દ્વાર ખુલ્લાં થઈ જશે.

સ્વધર્મ એટલે પોતાનો ધર્મ. મહેનત કરવી એ શરીરનો ધર્મ. ઉદ્યોગ એટલે ઊંચે લઈ જનારો યોગ. દેશની–દેહની અને આત્માની ઉન્નતિ કરે તે ઉદ્યોગ. તે માટે શરીરનો ઉદ્યોગ એટલે કે પ્રયત્ન–મહેનત કરવાં પડે. ઉદ્યોગમાં ભીખનો સર્વથા નિષેધ છે. મનનો સ્વધર્મ એટલે ઉચ્ચ વિચાર, આત્માનો સ્વધર્મ એટલે ઉચ્ચ નિષ્ઠા. જેનું હૃદય પવિત્ર અને વિશાળ હોય તેજ સામાનો અપરાધ ક્ષમા કરી શકે. પવિત્ર ભાવે ભગવદ્ સ્મરણ કરનાર અને જેનો પ્રભાવ પડે તેનો યોગ સાચો. હિતમુક્–શરીરને હિતકારી હોય તેવો આહાર કરવો. શરીરને બગાડે તેવો ખોરાક ન લેવો. ખાવામાં અકરાંતિયાપણું ન હોય. ગમે તેમ બખલાટવાનું ન હોય. હિતકર છતાં મિતાહાર અલ્પાહાર કરવો જોઇએ. શરીર પરમાત્માનું મંદિર છે તેને રોગિષ્ટ ન બનાવો. વ્યાધિથી મેલું ગંદુ ન કરો. શરીર ઈશ્વરભક્તિ માટે છે અને તેથીજ તેને સ્વસ્થ અને આરોગ્યપૂર્ણ રાખવું જોઇએ. વગર સમજે ઉપવાસો કરીને પણ સ્વાસ્થ્ય બગાડવું ન જોઇએ. જીવનનું સૌંદર્ય સપ્રમાણતામાં છે. માટે દરેક વસ્તુનો સપ્રમાણ અને વ્યવસ્થિત ઉપયોગ કરવો.

પવિત્ર અન્ન કયું? જે અન્ન પાછળ પસીનો પડયો હોય તે પવિત્ર. હરામ મળેલું ગોઝારું. ગુરુગોવિન્દસિંહના જીવનનો એક પ્રસંગ છે. ગુરુગોવિન્દસિંહજી એક ગામમાં ગયા. એક લુહાર અને તે ગામનો રાજા બંન્ને તેમના શિષ્ય. ગુરુજી લુહારને ત્યાં ઉતર્યા અને પ્રસાદ લીધો. રાજાજીના અતિ આગ્રહે પણ તેમને ત્યાંનો કણિકો ન લીધો! રાજાને બૂરું લાગ્યું. ગુરુજી પાસે આવી પૂછયું–ગુરુદેવ? આ સેવકની ભિક્ષા કાં ન સ્વીકારી?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગુરુજીએ કહ્યું દેવ! તમોએ મારે માટે શું બનાવ્યું હતું. જવાબ મળ્યો–માલપૂડા. ગુરુજી કહે એ પૂડામાંથી કાંઈ રહ્યું હોય તો મંગાવો. રાજાએ પૂડો મંગાવ્યો. ગુરુજીએ એક હાથમાં રાજાનો પૂડો લીધો. બીજામાં જાત મહેનતના પરસીનાનો લુહારનો રોટલો લીધો. બંન્નેને નીચોવ્યા! આશ્ચર્ય!! લુહારના રોટલાના ટુકડામાંથી દૂધની ધારા ઝરપી! રાજાના માલપૂડામાંથી લોહીની ધારા ટપકી! દૃષ્ટાન્તનો સાર સમજાય એવો છે!

સાચો સંન્યાસી કે સાચો સેવક જ્યાં જશે ત્યાં હરામનું ન ખાશે. શ્રમ વિનાનું ખાવું એ દ્રોહ છે. પાપ છે. હિતભુક્નો સાચો અર્થ તો શ્રમપૂર્વક એટલે કે જાત મહેનત કરીને મેળવેલું અન્ન ખાવું એ થાય છે... તેન ત્યક્તેન મુઞ્જીથાઃ એ ઉપનિષદ્ના ઋષિના ઉપદેશને જીવનમાં ઉતારી તે પ્રમાણેનુંજ વર્તન રાખવાથી જરુર ઈશ્વરની પ્રસન્નતા મેળવી શકાશે....

.....બિંદુ સરોવર પરના પોતાના આશ્રમમાં ભગવાન કપિલ મુનિ અને માતા દેવહૂતિ વચ્ચેનો પુરૂષ અને પ્રકૃતિ અંગેનો સંવાદ સાચે જ અજોડ છે. માનવ જાતને મુક્તિ અપાવનારો અને પ્રભુની સમીપ લઇ જનારો છે.

ગુરુ આસન પર પુત્ર–ભગવાન કપિલમુનિ વિરાજમાન થયા છે અને માતા દેવહૂતિ શિષ્યા તરીકે પ્રશ્નો પૂછે છે કે હે ભગવન્! પુરૂષ અને પ્રકૃતિના લક્ષણો ક્યાં! કૃપા કરી જણાવો. માતાના પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન કપિલદેવ કહે છે કે મૂળ એ તત્ત્વો છે. પ્રથમ પ્રકૃતિ અને બીજું પુરુષ. પુરૂષના પણ બે પ્રકાર. એક આત્મા એટલે જીવાત્મા અને બીજો પરમાત્મા. આત્મતત્વ નિત્ય છે. નિત્ય એટલે હંમેશ હોનારું, ત્રણે કાળમાં જે રહેજ છે તે. એને નિત્ય કહો, સત્ય કહો, એ એકજ છે. વળી આત્મા નામનું તત્વ નિત્ય એટલે કે સત્ય એટલે કે અવિનાશી, ત્રિકાલાતીત. કાળનો પણ કાળ. કાળનો પણ કોળીયો કરી જનારૂં તત્વ તે આત્મતત્વ. ઉપનિષદ્માં આત્માનું વર્ણન આપવામાં આવ્યું છે. આત્મતત્વનું બીજું નામ છે પુરૂષતત્વ મૃત્યુર્યસ્યોપસેચનમ્ મોત પણ જેને માટે ચટણી જેવું છે–એવા પરમાત્માની કાળ શક્તિ બ્રાહ્મણ ક્ષત્રિયથી માંડીને પ્રાણીમાત્રને કરડી ખાય છે. પરંતુ પરમાત્માને માટે તો કાળ સહિત સમસ્ત બ્રહ્માંડ ખોરાક રૂપ છે. આથી જ તે કાળનો પણ કાળ છે. આત્મતત્વ એ મૃત્યુને મારી નાંખનારૂં તત્વ છે. શરીર બદલાય છે પણ આત્મા બદલાતો નથી. ભગવતી ગીતાની શરુઆતમાં જ ભગવાન કૃષ્ણચંદ્ર અર્જુનને સમજાવે છે કે, હે અર્જુન!

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥

પંડિતો એટલે આત્મજ્ઞાનીઓ. આત્મજ્ઞાનીઓ જેનો શોક કરવો યોગ્ય નથી તેનો શોક કરતા નથી. કેમ શોક કરતા નથી? કારણ કે હું કે તું આ જગતના કોઇપણ આત્માનો નાશ કરવા શક્તિમાન નથી. આત્મા મૃત્યુ નામની અવસ્થામાંથી પસાર થવાય છે પરંતુ એ બધા ખ્યાલો દેહભાવના છે, આત્માના નહી. આત્મા શુદ્ધ છે એટલે કે ત્રણ ગુણના ગુણધર્મ જેને લેપી શકતા નથી એવું નિરંજન તત્વ તે આત્મા. આત્મા સુખદુઃખ મોહ અનુભવ કરે છે. સત્વમાંથી સુખ, રજમાંથી દુઃખ, અને તમથી મોહ. આત્મા અનુભવિતા છે. એ ત્રણ ગુણોથી પર હોવાથી ત્રિગુણાતીત કહેવાય છે. એને ગુણ સાથે નહાવાનું-સ્નાનસૂતક નથી. 'હું' અને 'મારું'-અહંતા અને મમતારૂપી એને કેન્સરનું દર્દ થયેલું છે. તે દૂર કરવાનું કાર્ય-પ્રયોજન-આત્માનું છે. અધ્યાત્મજ્ઞાન એ તે દર્દ મટાડવા માટેની રેડિયમ ટ્રીટમેન્ટ છે. આત્મા મૂળમાં શુદ્ધ છે તે ઉપરાંત બુદ્ધ પણ છે. સર્વતંત્ર-સ્વતંત્ર પણ છે. આત્મા સૂર્યની જેમ હંમેશ ચેતન અને સ્વપ્રકાશ છે. આત્મા છે તો સૂર્યાદિનું જ્ઞાન થાય છે. મને ઊંઘમાં ખબર ન પડી કે સવાર ક્યારે થઈ એ મને ખબર ન પડી એ ખબર કેવી રીતે પડી? જો આત્મા ચેતનસ્વરૂપ ન હોત તો ઊંઘનું સ્મરણ કેવી રીતે થાત? અર્થાત્ ઊંઘમાં પણ આત્માની અત્યંત સૂક્ષ્મ ચેતનાશક્તિ હોય જ છે. એક વૃત્તિનો ઉદય અને બીજી વૃત્તિનો અસ્તનું અખંડ પ્રકાશન થાય છે માટે આત્મા ચેતન છે. માળાના મણકામાં સુતરનો ધાગો જેમ પરોવાયલો રહે છે તેમ આત્મા સૌમાં ચેતનરૂપ રહેલો જ છે. આત્માસ્વરૂપે શુદ્ધ, બુદ્ધ અને મુક્ત છે.

પરમાત્માની ઇચ્છાથી જે ફરતી રહે છે તે પ્રકૃતિ. એ પ્રભુની અનિર્વચનીય શક્તિ છે. તેના ત્રણ સ્વરૂપ છે. સત્વ, રજ અને તમ. એ તત્વો સ્થૂલ અવસ્થામાં જણાતા નથી. માટે અતીન્દ્રિય છે. અનુમાનગમ્ય છે. વસ્તુમાત્રના સુખદુઃખનું મૂળ કારણ પ્રકૃતિ છે. કાર્યના ગુણધર્મ કાર્યના મૂળમાં હોવા જ જોઇએ. જેમકે શ્રીખંડ એ દૂધનું કાર્ય છે. દૂધ સફેદ ન હોય તો શ્રીખંડ પણ સફેદ ન હોય. એજ પ્રમાણે રૂ, સુતર, કાપડનું સમજવું. જેમ ઘી-દહીં દૂધમાં જ છે તે પ્રમાણે તિલેષુ એવ તૈલ તલમાં તેલ રહેતું જ હોય છે. બીજ અને વૃક્ષની કાર્યકારણની અભંગ સાંકળ છે તે સૂક્ષ્મતમ પ્રકૃતિ છે. પ્રકૃતિ કરતાં કાર્ય જગતમાં સૂક્ષ્મ કોઈ પદાર્થ નથી. તેનાથી પ્રકૃતિથી સૂક્ષ્મ છે જીવાત્મા. જીવાત્માથી પણ બારીક-સૂક્ષ્મતત્વ પરમાત્માનું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરમાત્મા કેવો છે? પરમાત્મા નિર્ગુણ-સગુણ બ્રહ્મ છે. પરમાત્માની ઇચ્છાથી પ્રકૃતિમાં ક્ષોભ ઉત્પન્ન થવાથી ત્રણ પરિણામ આવે છે અને તેથી જગત ઉત્પન્ન થાય છે. પ્રકૃતિનું અસ્તિત્વ શા માટે? એનું પ્રયોજન શું? ભોગ અને અપવર્ગ પ્રકૃતિથી પ્રાપ્ત થાય છે. ભોગ=સુખદુઃખનો અનુભવ. અને સુખદુઃખનો અનુભવ કરતાં આત્મજ્ઞાન થાય. આત્મા આત્મામાંજ રહે એ આત્માની સ્વરૂપાવસ્થામાંથી આત્માની મોક્ષ નામની સ્થિતિ થાય છે. ટૂંકમાં કર્મના વિપાક માટે પ્રકૃતિનું પ્રયોજન છે.

પાયાનું તત્વજ્ઞાનઃ—

પ્રાણીમાત્રને ભોગ અને અપવર્ગ આપવા માટે પ્રકૃતિનું પ્રયોજન છે. સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણના ફળ રૂપે છે. જાતિ, જન્મ, આયુષ્ય, ભોગ અને મોક્ષ માટે પ્રકૃતિની પ્રવૃત્તિ છે. પ્રાણીમાત્રને અંતે મોક્ષ અપાવવા માટે એનું પ્રયોજન છે. પરમાત્માની યોજનામાં પ્રકૃતિ છેવટે સ્વરૂપાવસ્થા પ્રાપ્ત કરવા માટે છે. પ્રકૃતિ પરમાત્માની ઇચ્છાથી પ્રવર્તે છે. જે જીવાત્મા ભોગ ભોગવી ચૂકે છે અને વિવેકજ્ઞાનને લીધે પ્રકૃતિનાં ત્યાગ કરતાં શીખે છે, પ્રકૃતિ એ મારું સ્વરૂપ નથી એવું જ્યારે તેને ભાન થાય, પ્રકૃતિને વંદના કરતો થાય, ત્યારે તેની પ્રકૃતિનું સાચું તત્વ સમજાયું માનવું. જ્ઞાન, ભકિત અને કર્મ એમાંથી કોઇપણ એકનું અવલંબન કરવાથી નિષ્ઠા ઉત્પન્ન થાય અને તેમ થતાં પોતાની જાતને જાતની માન્યતામાંથી-ભ્રમણામાંથી છોડાવી શકાય. અહીં ત્રણ મુખ્ય માર્ગનું સૂચન કરવામાં આવે છેઃ-(૧) ભક્તિ (૨) જ્ઞાન (૩) કર્મ. એ ત્રણે યોગોમાંથી કયો વધુ સારો એ તકરારનો કશો અર્થ નથી. માર્ગ સાથે તકરાર ન હોય. પરમાત્માને મેળવવા માટે એ બધા જ માર્ગો સારા છે. માણસની સમજ જ્યારે દેવાળામાં જાય છે ત્યારે જ એવી વાહિયાત તકરાર થાય છે.

ગમે તે યોગ સ્વીકારો. બધા જ પ્રભુના પંથો છે. પસંદગીમાં આસ્થા-શ્રદ્ધા એ મહત્વની વસ્તુ છે. જે એકના પર આસ્થા હોય તેનું અવલંબન કરવું ભગવાને તો સ્પષ્ટ કહ્યું છે કે એક પણ માર્ગ-યોગ ઉપર આસ્થા છે? હોય તો ચાલવા માંડો. જે ચાલતો જ નથી અને રસ્તાનું વર્ણન જ કર્યા કરે તે ઓછો ડાહ્યો છે. ડાહ્યો તો રસ્તા પર ચાલવા માંડે. ચાલવાનું મહત્વ છે, રસ્તાનું નથી. आकाशात् पतितं तोयं यथागच्छति सागर सर्व देवनमस्कारः केशवं प्रतिगच्छति-આ એક ભારે શોધ છે. વિશ્વશાંતિના મૂળ આ શ્લોકમાં છે. દુનિયાની બધી પ્રજાઓ એમ સાચું સમજે કે બધા ધર્મો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રભુ પ્રેરિત છે તો કોઈ તકરાર જ ન રહે. હિંદુ ધર્મની મહત્તા તો જૂઓ! ભગવાનના અવતારોનો વિચાર તો કરો! સર્વધર્મ સમન્વયની ભાવના હિંદુ ધર્મમાં જ મળશે. તમામ ધર્મો એક જ પરમાત્માએ પ્રવર્તાવેલા છે.

કર્મયોગઃ—એને એક કન્યાકાળવાળી કુમારી સાથે સરખાવી શકાય. કર્મયોગ એ કુમારી અવસ્થા છે. આપણી દીકરીની કન્યાકાળમાં આપણે કેટલી બધી કાળજી રાખીએ છીએ! બધી રીતે તેને યોગ્ય બનાવવા માટે કેટલો બધો પરિશ્રમ અને સાવધતા રાખીએ છીએ? તેજ પ્રમાણે જીવાત્મા એ કન્યા છે. પરમાત્મારૂપી વર સાથે પરણાવવા માટે તેને યોગ્યતા પ્રાપ્ત કરાવવાની છે એ યોગ્યતા આપનારો છે કર્મયોગ. એમાં સ્વાર્થનો છેદ ઉડાવી નિષ્કામ કર્મ કરવાનું છે. દુનિયાની તમામ વસ્તુઓમાં સ્વાર્થ એ સૌથી ભૂંડી વસ્તુ છે. જેની બુદ્ધિમાં સ્વાર્થ છે, 'અહં' ના મધ્યબિંદુથી જે આગળ જતો જ નથી તેને પ્રભુ ભારે સજા કરે છે. જે પરાર્થે જીવે છે તે ન્યાલ થાય છે. તેને ચિત્તની શુદ્ધિ મળે છે. કર્મયોગ શુદ્ધિપ્રદ છે. ભક્તિયોગ એ નવોઢા યોગ છે. નવોઢાની લાગણીઓ, ભાવો, વૃત્તિઓ વગેરે કેવાં હોય છે? તરતની પરણેલી પત્નીના મનોભાવો કેવા હોય! સૌ સગાંની સેવામાં રત છતાં નવોઢા પતિપ્રાણ રહે છે. અને પરમાત્મા જો પતિ છે તો જીવરૂપી નવોઢાનાં આ બધાં–અખિલ વિશ્વ સગાંવહાલાં છે. ભક્તનું જીવન ઉલ્લાસમય હોય છે. જ્ઞાનયોગ પ્રૌઢાવસ્થા છે. માતા–પિતા પીઢ લોકો છે. બધા ઉપર તેની નજર હોય છે. સૌને જોઇને તેઓ રાજી રહે છે. પોતે કશું ન કરે પરંતુ બધે નજર રાખવાનું ન ચૂકે. તેજ પ્રમાણે જ્ઞાની માણસને સમાજમાં નીરાંત–નિવૃત્તિ–આપવામાં આવે છે. તેનું એકમાત્ર કાર્ય નિરીક્ષણનું છે. કર્મ અને ભક્તિ યોગના ઉપર એનું સતત પરીક્ષણ રહે છે!

રામનું હૃદય સીતા. બહિઃપ્રાણ લક્ષ્મણ. સીતા બન્નેને રસમય રાખે. લક્ષ્મણ કર્મયોગ છે, ભાઇ ભાભીની સેવા માટે સદા તત્પર. કર્મયોગ અને જ્ઞાનયોગની વચ્ચે મીઠાસ ભરનાર તે ભક્તિયોગ. ભક્તિનો રસમય પ્રવાહ કર્મને પણ રસમય રાખે છે. ભક્તિ જો કર્મમાં મળી હશે, તો કર્મમાં કંટાળો ન લાગે. ભક્તિ એ પ્રેમની સંજીવની તાકાત છે. સીતા જેમ રામની તેમ ભક્તિ જ્ઞાનની સેવા કરે છે. જ્ઞાન વગરની ભક્તિ માણસને પાયમાલ કરે છે. આ ત્રણે યોગનો સમન્વય કરનારી છે ગીતા. દરેક જીવાત્માએ ગીતા જ્ઞાન પ્રાપ્ત કરવું જ જોઇએ. એ જ્ઞાન–ગીતાજ્ઞાન–આપણી પ્રજાને નવું કૌવત આપશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતા દેવહૂતિ, કપિલ ભગવાનને કહે છે, "બેટા તું મારી કૂખે ઉત્પન્ન થયેલો દીકરો માત્રજ નથી પણ મારી બીડાયલી આંખને ઊઘાડનાર પરમાત્મા છે. ભક્તિયોગ કેવી રીતે સિદ્ધ થાય તે મને સમજાવ." કપિલ ભગવાન ભક્તિની સવિસ્તર સમજ આપે છેઃ-ભક્તિના તામસ, રાજસ, સાત્વિક અને નિર્ગુણ એવા ચાર પ્રકાર છે. ચોરી કરવાના કાર્યમાં સફળતા મેળવવા માટે ચોર પણ સત્યનારાયણની કથા માને. ભગવાન તેને સત્યનારાયણની કથાનું ફળ પણ આપે છે અને ચોરી કરવાથી જે ફળ મળે તે પણ આપે છે. ચોરી કરવાથી લાગતું પાપ સત્યનારાયણની કથાથી દૂર થઈ જતું નથી. તે પાપનું ફળ તો ભોગવવુંજ પડે પરંતુ તે સાથે સત્યનારાયણની કથાથી મળતું પુણ્ય પણ ભોગવે. જે કોઈ જીવાત્મા જે કાંઈ કરશે તેને તે પ્રમાણે પરમાત્મા જરુર પહોંચતું કરશે. આપણા દેશમાં હાલ તામસ અથવા રાજસ ભક્તિ ચાલે છે. પરીક્ષામાં પાસ થવા માટે વિદ્યાર્થી બાધા લે છે તેમ, સ્ત્રીપુત્રાદિ, વિત્ત-કીર્તિ વગેરેની ઈચ્છાથી આજે ભગવાનની ભક્તિ કરવામાં આવે છે.....

.....એક અંધ મનુષ્યને કોઈ સાધુ સંતે જણાવેલું કે ભક્તિથી ભગવાન પ્રસન્ન થાય છે. આથી આંધળાએ ભગવાનની ભક્તિ કરવા માંડી. ભગવાન પ્રસન્ન થયા અને વરદાન માગવા કહ્યું. આંધળો કહે-"હે પ્રભુ! આપ પ્રસન્ન થઈ વરદાન માગવાનું કહો છો તો મારે એટલુંજ માગવાનું કે મારા પ્રપૌત્રને રાજગાદી પર બેઠેલો હું મારી આંખે જોઈ શકું." ધન્ય છે ને આંધળાની બુદ્ધિને! ભગવાનને પણ કેવો સપડાવે છે! આ પ્રકારની ભક્તિ એ રાજસી ભક્તિ છે. સાત્વિક ભક્તિમાં બીજી ઇચ્છા તો નહીં પણ ભગવાન મળે તો સારું એટલી પણ ભાવના રહે છે. નિર્ગુણ ભક્તિ સર્વથી શ્રેષ્ઠ છે. કપિલ ભગવાન કહે છે હે મા! ગંગાજીનો પ્રવાહ જેમ અસ્ખલિતપણે સમુદ્ર તરફજ વહે છે, તેમ હૈયાની ભક્તિનો પ્રવાહ બદલાની અપેક્ષા સિવાય પરમાત્મારૂપી સમુદ્રને મેળવા માટે અકુણ્ઠિત ગતિથી વહેતો રહેવો જોઇએ.....પ્રાણીમાત્રનું હૃદય પ્રભુનું મંદિર છે. પરમાત્માના ગુણનું સ્મરણ થાય-ભાન થાય તે માટે સાત્વિક ભક્તિ કરવી જોઇએ. નિર્ગુણ ભક્તિથી ચિત્તની અતિશય પાવન સ્થિતિ મેળવી શકાય અને તેમ કરવું એ કર્તવ્ય છે. કર્મમાત્ર નિસ્વાર્થભાવે કરવાં જોઇએ. પ્રાણીમાત્રમાં પરમાત્મા વસેલો છે એમ માનવું, સત્સંગ સેવવો, આત્મજ્ઞોની પૂજા કરવી, દીન દુઃખીની સેવા કરવી અને સતત પ્રભુ સ્મરણ કરવું. આથી ભક્તિયોગ પ્રભવે છે.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

.....સંસારમાં વહુ જેવું જીવન ગાળે છે તેવું નિરહંકારી જીવન ગાળવું. એવી રીતે જો જીવન જીવવામાં આવે તો પરમાત્મા જે અંતઃકરણમાં રહેલો છે તેનું મિલન થશે. ભગવાન જલ્દીથી મળે તેવો પણ એક માર્ગ છે. સૃષ્ટિમાં ચાર જાતના પ્રાણીઓ છે. ઉદ્ભિજ્જ, અંડજ, જરાયુજ, સ્વેદજ– આ બધાંય ગોવિંદના પ્રાસાદો–ઘરો છે. જરાયુ–ગર્ભમાંથી ઉત્પન્ન થયેલાં. અંડજ–ઈંડામાંથી ઉત્પન્ન થયેલા, સ્વેદજ–મેલમાંથી ઉત્પન્ન થયેલા. ઉદ્ભિજ્જ વનસ્પતિઓ.....એક ગાલ પર ચુંબન અને બીજા પર તમાચો એ વહાલ બતાવવાની અણઘડ રીત છે. આ બધાં પ્રાણીઓ પ્રભુનાં સ્વેચ્છાથી સ્વીકારેલાં આસનો છે. કોઇપણ પ્રાણીને મન વાણી કર્મથી દૂભવવું એ પરમાત્માને ચીપીયો મારવા જેવું છે. પ્રેમભક્તિ સૌના ઉપર વહાલ વરસાવવામાં કૃતાર્થતા માને છે.

.....કાશી દેશમાં કાશીરાજ નામના રાજા હતા. ભારે વિદ્વાન અને જ્ઞાની. રાજાના આત્મજ્ઞાનની ખ્યાતિ સાંભળી છ વિદ્વાન ઋષિઓ રાજાને ત્યાં જાય છે. ઋષિઓને જોઈ રાજાને આશ્ચર્ય થાય છે. તે મનમાં વિચાર કરે છે કે મારા રાજ્યમાં કોઈ ચોર નથી, કોઈ લંપટ નથી, કોઈ દારૂડીઓ નથી. તો પછી આ મહાત્માઓને અહીં કેમ આવવું પડ્યું હશે? રાજાએ પ્રેમથી તેઓનું સ્વાગત કરી તેઓના આગમનું કારણ ખાનગીમાં પૂછ્યું. ઋષિઓએ જણાવ્યું કે અમે તો તમો ભારે અત્મજ્ઞાની છો એ સાંભળી આત્મજ્ઞાન માટે આવ્યા છીએ. રાજાએ બીજે દીવસે દરેક ઋષિને વારાફરતી ખાનગીમાં બોલાવી પૂછવા માંડ્યું. એકને પૂછ્યું કે પૃથ્વી એ શું છે? પૃથ્વી એ પરમાત્માનું ચરણ છે. બીજાને પૂછ્યું આકાશ શું છે? તેણે જવાબ આપ્યો કે આકાશ તે પરમાત્માનું મસ્તક છે. આમ છએ ઋષિઓ પરમાત્મા સંબંધી પોતપોતાનું નિરનિરાળું મંતવ્ય રજૂ કરે છે. છેવટ રાજા તેઓને જણાવે છે કે બધાનું જે મંતવ્ય છે–જે સમજ છે તેમાં + (વત્તા)ની નિશાની મૂકી દો. આપણી સમજ ખંડ દશાની છે. સમગ્રતાની દૃષ્ટિએ જોઇએ તો સર્વભૂતમાં પરમાત્મા વિરાજમાન છે. આપણે તેને પ્રેમથી નહીં સ્વીકારીએ તોપણ તે પોતાની જાતને પ્રસ્થાપિત કરે છે. સત્ય તે સત્યજ રહે છે. सत्यान्नास्ति परोधर्मः સમજુ, પ્રબુદ્ધ જીવ પ્રાણીમાત્રમાં પરમાત્માનું અનુસંધાન કરશે. પ્રેમ હંમેશ તાબેદારી માગે છે. પ્રાણીમાત્રને ચાહવું એ માનવી ધર્મ છે. ભાગવત માનવધર્મનીજ સમજ આપે છે. मनसैतानि भूतानि प्रणमेत् बहुमानयन् । પ્રાણીમાત્રનું બહુમાન કરવું જોઇએ. એટલે કે પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમથી વર્તવું જોઇએ. પૂરાં માનથી વર્તવું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જોઇએ. ઇશ્વર જીવનકલારૂપે પ્રાણીમાત્રમાં પ્રવેશેલો છે. ટૂકડો રોટલો જાય પણ કૂતરાની જાત તો જણાય ને? એ પ્રાણીમાત્ર પ્રત્યેના વર્તન પરથી પરમાત્મા આપણા માર્કસ મૂકે છે.....ભગવાન તો પોતાના સ્વરૂપનું દાન કરવા પણ હંમેશ તૈયારજ હોય છે.

જન્મથી મૃત્યુ પર્યંતનો નાટકઃ—એનો પ્રથમ અંક ગર્ભાવસ્થા. માતાનું પેટ સાંચેજ રહેવા જેવી જગ્યા છે? મેલામાં રહેવાનું કોને મન થાય? ત્યારબાદ બીજો અંક તે જન્મ. બાલ્યવસ્થા કેવી દુઃખમય હોય છે? વળી બોલતાં શીખે નહીં ત્યાં સુધી તો ભારે દુઃખ. ત્યારબાદ યુવાની. એટલે ઇન્દ્રિયોની ભારે તાણાતાણી. પછી પરણે અને પછી પસ્તાય. પછી છેલ્લે ઘડપણ આવે. ઘડપણ એ ખરાબમાં ખરાબ દશા છે. પણ તે આવેજ છે. એ કાળનો નિયમ છે. આમ જગતમાં માતાના ઉદરમાં સ્થાન લેવાથી તે મૃત્યુ પર્યંત સંસ્કારની રંગભૂમિ પર ત્રણ-ચાર અંકનો જીવન નાટક ભજવવાનો હોય છે. પરંતુ તેમાં જેની જીવન અંગેની સાચી સમજ હશે તેજ પરમાત્માને મેળવી શકશે, બાકી ચોરાસી લાખના ફેરામાંથી છૂટવું સહેલું નથી. તે માટે પ્રભુની ભક્તિ સિવાય કોઈ માર્ગ નથી.

.....કાશીમાં એક વૃદ્ધ બ્રાહ્મણ હતા. તેણે જીવનના ૮૦ વર્ષ નકામાં ગુમાવ્યાં હતા. ન ભણ્યા ન ભગવાનને ભજ્યા. એંસી વર્ષની ઉંમરે તેને ભણવાનું મન થઈ આવ્યું અને પાણિની વ્યાકરણનું डुकृञ्करणे સૂત્ર ગોખવા લાગ્યા. એ વૃદ્ધ બ્રાહ્મણ જ્યારે વ્યાકરણનો ધાતુ ગોખતા હતા તે વખતે અચાનક ભગવાન શંકરાચાર્યનું તે સ્થળે આવવું થયું. વૃદ્ધ ઉંમરે વ્યાકરણ ગોખતા બ્રાહ્મણને જોઈ શંકરાચાર્યને દુઃખપૂર્વકનું આશ્ચર્ય થયું. તેમણે પૂછયું. "મહારાજ! આ શું કરો છો?" બ્રાહ્મણે કહ્યું: "વ્યાકરણનો અભ્યાસ કરવો છે એટલે ધાતુ ગોખું છું." શંકરાચાર્યને એ સાંભળી હસવું આવે છે અને કહે છે. "હે મહારાજ! જીવનની સંધ્યાકાળે ભણવાનું હોય કે ભગવાનનું ભજન કરવાનું હોય!" એ જીવાત્માની આ કરુણતાથી પીગળી જઇ એ ઉપરથી ભગવાન શંકરાચાર્ય 'ચર્પટ પંજરિકા' નામનું સ્તોત્ર લખે છે. અને તેમાં भज गोविंदं भज गोविंदं भज गोविंदं मूढ मते। प्राप्ते संन्निहिते मरणे नहि नहि रक्षति डुकृञ करणे॥ એ પ્રમાણેનો ઉપદેશ આપે છે. કહેવાનો હેતુ એ છે કે કાળ સામે આવીને ઊભો હોય, શરીર જર્જરિત થઇ ગયું હોય, કંઠમાં કફ ભરાઇ ગયો હોય, એકદંડી શ્વાસ ચાલતો હોય, છતાં મૂર્ખ માનવી દુનિયાની માયા, મમતા છોડતો નથી, વાસનાઓનો ત્યાગ કરતો નથી. એવા મોહ અને માયામાં લપટાયેલા જીવની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મુક્તિ ક્યાંથી થાય? સાચું સુખ તો પરમાત્માની ભક્તિમાં, તેના નામ-સ્મરણમાં રહેલું છે. મૃત્યુએ આપણા કેશ પકડેલા જ છે. કોઇપણ ક્ષણે તે આપણા દેહનો કોળીયો કરી શકે છે એમ માની પ્રભુ સ્મરણમાં જ જીવન વીતાવવાની પ્રત્યેક માનવીએ ઇચ્છા રાખવી જોઇએ. મૃત્યુ વખતે સાચું આશ્વાસન અધ્યાત્મશાસ્ત્ર જ આપે છે. ભગવાન શંકરાચાર્યના ઉપદેશથી બ્રાહ્મણના અજ્ઞાનનાં આવરણો દૂર થાય છે અને પ્રભુભક્તિમાં બાકીનું જીવન વ્યતીત કરે છે.

કપિલ ભગવાન પ્રાણીમાત્રનો કરૂણ ઇતિહાસ વર્ણવી છેવટે માતા દેવહૂતિને કહે છે, 'હે મા! બુદ્ધિભ્રમ રાખશો નહીં. અને જીવનપર્યંત ધીરતાથી પ્રભુ ભક્તિપરાયણ રહેજો. મરવાની પણ કળા છે. સાંખ્ય અને યોગશાસ્ત્રના જ્ઞાનને-ઉપદેશને જીવનમાં ઉતારી મૃત્યુની કળા સાધ્ય કરજો. મૃત્યુને મારતાં શીખજો. અનધિકારીને કદી આ ઉપદેશ આપશો નહીં. દુનિયામાં સાચું જ્ઞાન આપનારથી વધુ પૂજ્ય, વધુ આદરણીય, વધુ વંદનીય અને વધુ ઉદ્ધારક બીજો કોઇ નથી. गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः મનુષ્યમાં રહેલા સદ્‌ગુણો પૂજવા યોગ્ય છે. તેમાં જાતિ અગર વયને કશું સ્થાન નથી. પરમાત્માનું નામ જેની જીભને ટેરવે હોય, સતત પ્રભુનું નામસ્મરણ શુદ્ધ ભાવ અને શ્રદ્ધાથી કરતો હોય, એવો ચાંડાલ પણ બ્રાહ્મણ કરતાં વિશેષ શ્રેષ્ઠ છે. કપિલ ભગવાન અંતે માતાને કહે છે કે હે માતા! મેં જે ઉપદેશ આપ્યો છે, પ્રભુની પ્રાપ્તિ માટેનો જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે સરળતાથી પ્રસ્થાન કરી શકશો અને તેમ કરતાં ટૂંક સમયમાં જ જીવન્મુક્તિ પામશો. બ્રહ્મવાદીઓ મારા માર્ગને અનુસર્યા છે અને જીવન્મુક્ત થયા છે. તમે શ્રદ્ધાપૂર્વક એ માર્ગનું અવલંબન કરજો. તમે જરૂર જીવન્મુક્ત થશો. માતાને ઉપદેશ આપ્યા બાદ ભગવાન કપિલદેવ તપશ્ચર્યા માટે ત્યાંથી જવાની માતા પાસે અનુજ્ઞા માગે છે. માતાનું હૈયું પુત્ર પ્રત્યેના વાત્સલ્યથી ભરાઇ આવે છે. પણ સાંસારિક આવેગોને વશ ન થવું જોઇએ એ જ્ઞાનનું લક્ષણ છે તેનું સ્મરણ થતાં માતા ભારે હૈયે, વાત્સલ્યથી ઉભરાતા હૃદયે પુત્રને આશિષ આપે છે. ભગવાન કપિલદેવ માતાની આજ્ઞા અને આશિષ લઇ ત્યાંથી પ્રયાણ કરે છે. માતા દેવહૂતિ યોગ સાધના કરી યોગસિદ્ધિ પ્રાપ્ત કરે છે અને યોગબળથી જ દેહત્યાગ કરી મોક્ષને પામે છે.

तृतीय स्कंध समाप्त

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચક્ષુ ગ્રંથ

દક્ષ પ્રજાપતિને સતી નામની એક કન્યા હતી. દેવહૂતિની પેરે સતીનું ચરિત્ર પણ રોમાંચક છે. સતીએ યોગાગ્નિદ્વારા દેહત્યાગ કર્યો હતો. દક્ષ પ્રજાપતિ તો વત્સલ પિતા હતા તો પછી સતીને દેહત્યાગ કરવાનું કારણ શું? શંકર સાથે વૈરનું કારણ શું? એવા વિદુરજીના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મૈત્રેયજી કહે છે કે દક્ષ પ્રજાપતિએ એક યજ્ઞ કર્યો હતો. એ યજ્ઞમાં વિષ્ણુ ભગવાન સિવાયના બધા દેવો આવ્યા હતા. દક્ષ પ્રજાપતિ જ્યારે સભામાં આવ્યા ત્યારે બ્રહ્માજી અને શંકર ભગવાન સિવાયના બધા દેવોએ ઉભા થઈ તેનું સન્માન કર્યું. દક્ષે બ્રહ્માજીને વંદના કરી. પણ પોતાના આગમને શંકર ઊભા ન થયા તેથી દક્ષ પ્રજાપતિને ખોટું લાગ્યું. કન્યાનો પિતા તો પોતાના પિતા કરતાંય વધારે ઊંચો છે. માણસને માણસ બનાવવા માટે જે દીકરી આપે તેને હલકો ગણવો એ કેવો અત્યાચાર! શંકર ભગવાન તો દક્ષ પ્રજાપતિના જમાઈ હતા. તે ઉભા ન થયા તેથી દક્ષ પ્રજાપતિને ઘણું ખોટું લાગ્યું. એટલુંજ નહીં પોતાનું ભયંકર અપમાન લાગ્યું. અને મોટાઓનો જેમ પ્રેમ મોટો તેમ દ્વેષ પણ મોટો. દક્ષ પ્રજાપતિએ ક્રોધાવેશમાં ભર સભામાં કહ્યું કે હે દેવો! આ શંકરની ચર્ચા તો જૂઓ!

"चितामस्मालपो गरलमशनंदिक्पटधरो
जटाधारी कंठे भुजगपतिहारी पशुपतिः
कपाली भूतेशो भजति जगदीशैकपदवीम्"

શરીર પર સ્મશાનની રાખ ચોળનારો, ઝેર ખાનારો, દિશાઓરૂપી વસ્ત્ર પહેરનારો, જટાધારી, સર્પોના આભૂષણ ધારણ કરનારો પશુઓનો પતિ, હાથમાં ખોપરી લઈ ભીક્ષા માગનારો, ભૂતોનો ઈશ...વગેરે આવા શંકરને મારા પિતાના આગ્રહથી મારી કમલલોચના કન્યા આપી! છતાં તે મને માન આપવા ઉભો ન થયો અને મારું અપમાન કર્યું. આથી હું શાપ આપું છું કે શંકરના અનુયાયીઓ બધા ભ્રષ્ટાચારી થજો વગેરે. શંકર જે સ્વયં શિવસ્વરૂપ છે તેણે એ સાંભળી મૌન રાખ્યું. શાંત બેસી રહ્યા. દ્વેષ મોટાને નાનો બનાવે છે. દક્ષ પ્રજાપતિ મોટા સ્થાન પર એટલે તેમનો દ્વેષ પણ મોટો. શંકર ભગવાન તો શાંત રહ્યા, પણ તેના પાર્ષદ નંદીથી સહન થયું નહીં એટલે તેણે દક્ષ પ્રજાપતિને સામો શાપ આપ્યો કે દક્ષના અનુયાયીઓ ભ્રષ્ટ થશે. નંદીના શાપથી દક્ષ વધુ ઉશ્કેરાયા. સામસામી ગાળાગાળીનો વિનિયમ થવા લાગ્યો. અપ્રસન્ન થયેલા શંકર ભગવાન તો ત્યાંથી શાંતિથી ચાલી નીકળ્યા. પરંતુ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

संभावितस्य चाकीर्ति र्मरणादतिरिच्यते। પોતાની પ્રતિષ્ઠા કલંકિત બને તેના કરતાં મૃત્યુને મહાપુરુષો વધુ પસંદ કરે છે. યજ્ઞ પૂરો થાય છે. બધા પોતપોતાના સ્થાન પર જાય છે. સસરા જમાઈ વચ્ચે ઝઘડાનું બીજ રોપાય છે. કોઈને કોઈની જરૂર રહી નથી. બ્રહ્મા ભોળા હતા...તેમણે બધા પ્રજાપતિઓમાં દક્ષને ઉચ્ચ સ્થાન આપ્યું. સ્થાન સર્વોપરિ હતું. વાંદર અને તે દારૂ પીએ. પછી તેને ભૂત વળગે. અને અધૂરામાં પૂરો છેવટે વીંછી ડંખે! એટલે પછી પૂછવું જ શું?

यौवनं धनसंपत्तिः प्रभुत्वं अविवेकिता।
एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम्॥

દક્ષની આવી પરિસ્થિતિ માનવી રહી! પ્રજાપતિઓમાં પણ અગ્રગણ્ય થતાં તેમણે યજ્ઞનો આરંભ કર્યો. શંકર ભગવાન સિવાય બધા દેવોને આમંત્ર્યા. કૈલાસ પરથી બધા દેવો યજ્ઞમાં ભાગ લેવા જતા હતા. દેવોમાં પણ વિઘ્નસંતોષીઓ હતા. તેઓ ઈરાદાપૂર્વક શંકર ભગવાનના સ્થાન પરથી જવા લાગ્યા. સતીએ બધા દેવોને જતા જોયા. તેને કુતુહલ થયું. બધા ક્યાં જાય છે તે જાણવાની ઈચ્છા થઇ આવી. આથી તેણે ત્યાંથી પસાર થતા દેવોને પૂછ્યું કે તમો બધા ક્યાં જાઓ છો? દેવોએ જણાવ્યું કે તમારા પિતા દક્ષ પ્રજાપતિ મહા યજ્ઞ કરે છે ત્યાં જઇએ છીએ. શું તમને ખબર નથી? સતીએ મનમાં વિચાર્યું કે મારા બાપને ત્યાં યજ્ઞ થાય અને અમને આમંત્રણ ન મળે એ બનવું અશક્ય છે. મારા બાપ આમંત્રણ આપવાનું ભૂલી ગયા હશે...હવે સતીના મનમાં એ યજ્ઞના જ વિચારો આવે છે. દીકરીનું હૃદય પીયેરને માટે હંમેશ ઝંખતું હોય છે તેમ સતીનું મન પણ પીયેર તરફ ખેંચાય છે. સાસરે રહેતી દીકરી પીયેરની જ્યારે ઝંખના કરે છે ત્યારે તેનું હૃદય સમજવું જોઇએ. દીકરીઓના ત્યાગ આગળ સંન્યાસીઓના ત્યાગ ફીક્કા છે. સ્ત્રી એ કોઇપણ અવસ્થામાં પૂજ્ય છે....આ તો સતી હૃદય હતું. બાપને ત્યાં યજ્ઞ છે એટલે ત્યાં જવાનો તેણે નિશ્ચય કર્યો, સ્ત્રીઓની વાણીની મીઠાસ અપૂર્વ હોય છે. એ મીઠાસ પુરુષોને પાગલ બનાવે છે. એક દિવસની વાત છે. સીતામાતા ગોદાવરી નદી પર પાણી ભરવા ગયેલાં ત્યાં સુંદર હંસો જોવામાં આવતાં તેઓને જોવામાં થોડો વખત વધુ રોકાયાં. એકાએક આશ્રમનું સ્મરણ થતાં ત્યાંથી પોતાના આશ્રમ તરફ જવા દોડવા માંડ્યું. પોતાને આવતાં વિલંબ થયો એટલે તેણે દૂભાયેલા રામચંદ્રજીનું મીઠી મધુર વાણીથી મન મનાવી લીધું. એ પ્રસંગનો ઉલ્લેખ કરતાં વાસંતી સખી રામને કહે છે:—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अस्मिन्नेव लतागृहे त्वमभवस्तन्मार्गदत्तेक्षणः
सा हंसैः कृतकौतुका चिरमभूद् गोदावरीसैकते ॥
आयान्त्या परिदुर्मनायितमिव त्वां वीक्ष्य बद्धस्तया
कातर्यादरविन्दकुड्मलनिभो मुग्धः प्रणामांजलिः ॥

એજ પ્રમાણે સતી પણ શંકર ભગવાનને મધુર વાણીથી કહે છે કે હે દેવ! તમારા સસરાને ત્યાં યજ્ઞ છે. બધાં દેવો જાય છે. ચાલો આપણે પણ જઇએ. શંકર કંઈ બોલ્યા નહીં એટલે સતી પુનઃ કહેવા લાગ્યા, હે દેવ! મારી બેનો પણ ત્યાં આવવાની છે. સ્વામીઓ સાથે બેનોને બાપને ત્યાંથી વિદાયગીરી પણ મળશે. શંકર મૌન રહ્યા. આથી સતી મનમાં દુભાયાં તો ખરા પરંતુ આગળ ચલાવ્યું. હે દેવ! તમે કેમ કંઈ બોલતા નથી! બાપને મળવા જવાની ઈચ્છા નથી, પરંતુ મારી સ્નેહાળ માતાને મળવાની ઈચ્છા છે. માને મળવા તો જવા દો? આટલી વિનમણી છતાં પણ શંકર તો મૌનજ ધારણ કરી રહ્યા છે. તેમ છતાં પણ સતી કહે છે કે તમને પુરુષોને શી પડી છે? તમને કશામાં હંસલોજ ન મળે. તમારે તો બસ સમાધિ, સમાધિ અને સમાધિજ. અમે તો સંસારી જીવો. સંસારમાં લપેટાયેલા. સ્ત્રી હૃદયની ભાવના કેવી હોય છે તે તો સમજવા પ્રયત્ન કરો! મારી જન્મભૂમિના દર્શન કરવા જવાની એક વખત તો રજા આપો! હવે શંકર મૌન તોડે છે. તે સતીને કહે છે કે હે સતી! તારા બાપનું સાચું જૂઠું તેહું પણ છે ખરૂં! તેડાં વગર તને કેવી રીતે મોકલું! સતી વળતો જવાબ આપે છે, કે દેવ! મારા બાપનું ભલે તેડું ન હોય પણ બાપને ઘેર જવા માટે તેડાંની જરુર હોતી નથી. પતિ, પિતા અને ગુરુને ઘેર વગર આમંત્રણે પણ જઇ શકાય છે એમ શાસ્ત્રો પણ કહે છે. માટે હે દેવ! મને રજા આપો. શંકર ભગવાન કહે છે કે દેવી! એ ત્રણ જગ્યાએ વિના આમંત્રણે જવાય ખરું પણ માન જળવાતું હોય તો. તું ત્યાં જાય તેમાં મને કશી પંચાત નથી, પરંતુ વહાલાંનાં વાંકા બોલ વજ્ર કરતાં પણ ખરાબ હોય છે. મારી ના છતાં પણ તું હઠ કરીને જશે તો તેમાં તારૂં કલ્યાણ થશે નહીં. संभावितस्य स्वजनात् पराभवः.....પોતાના વહાલાં સ્વજનો તરફથી તિરસ્કાર મળે તેના કરતાં મૃત્યુ વધુ પ્રિય હોય છે. તું જશે પણ ત્યાં તને તિરસ્કારજ મળવાનો છે. અપમાન અને અવગણના સિવાય બીજું કશું મળવાનું નથી. આ મારો શાપ છે એમ ન માનીશ. એ હકીકતજ છે. સતી માટે આથી કોયડો ઉપસ્થિત થયો. એક બાજુ પતિ પ્રેમ, બીજી બાજુ પિતા પ્રેમ. એ બેમાંથી કોને વધુ મહત્વ આપવું એ વિચારે સતી,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સહેજ મૂંઝાયાં. પણ અંતે પિયરના પ્રેમની જીત થઈ. બળવાખોર સ્પીરીટથી ધકેલાતાં સતી બહાર આવી ગયાં. તેમ કરવાનો તેનો હક્ક પણ હતો. દ્વિધાગતિમાંથી નીકળી જવાનો નિશ્ચય કર્યો. દેવી હઠે ચઢયાં. શંકર ભગવાન કશું બોલ્યા નહીં. દેવી નંદી પર આરૂઢ થઈ પિતાને ત્યાં જવા કૈલાસથી નીકળી ચૂકયાં. શંકરનું બધું સૈન્ય પણ તેમની સાથે જાય છે. સતીના હરખનો કોઈ પાર નથી. સતી યજ્ઞમંડપ પાસે આવી પહોંચે છે. યજ્ઞમંડપમાં પ્રવેશ કરે છે, પણ કોઇ તેનું સ્વાગત કરતું નથી, અરે! તેની સાથે કોઇ બોલતું પણ નથી. કારણ? દક્ષ પ્રજાપતિની બધાને આજ્ઞા હતી કે કોઈએ તેની સાથે વાત પણ કરવી નહીં. કોઈપણ તેની સાથે ન બોલ્યું પણ ફક્ત તેની મા પ્રસૂતિદેવી તેને ભેટી પડી. દક્ષ પ્રજાપતિએ તો દીકરી તરફ નજર પણ ન કરી. બાપ ન બોલે તો જીવતર ધૂળ છે એમ સતીને લાગ્યું. સતીએ યજ્ઞમંડપમાં નજર ફેંકતાં ત્યાં શંકરનો ભાગ ન જોયો. આથી તેમને ભારે ક્રોધ અને દુઃખ થયાં. હૈયામાં લાહ્ય લાગી. પોતાના પતિનુ આવું ભયંકર અપમાન તેનાથી સહન ન થયું. આથી સતી છંછેડાયેલી નાગણની અદાથી પોતાના પિતાને કહે છે કે હે પિતા! મારા પતિના અપમાનનો બદલો હું તમને હમણાં જ આપું છું. તમે મને દેહ આપ્યો છે. તમારા અન્નથી તે પોષાયો છે. તે દેહને રાખવો એ મહાપાપ છે. એ દેહને ધિક્કાર છે. હું શું કરીશ તે જાણી લો. હું આ દેહનો તમારા બધાની સમક્ષ અહીંજ ત્યાગ કરીશ. દુભાયલા અને અપમાનીત સતીના બોલથી બધા સ્તબ્ધ થયા. ઉત્તર દિશા તરફ મુખ રાખી સતી બેઠા. પ્રાણાયામ શરુ કર્યો. નાભિચક્ર ચઢાવ્યું. પ્રાણનું ઉત્થાન કરવા માટે ઉદાન વાયુ ઉત્થાપિત કર્યો. ધારણા કરી અત્યારે આ ક્ષણે જ અગ્નિ સળગો એવી તીવ્ર ભાવના કરી. તુરત જ અગ્નિ પ્રગટયો. જ્વાળા નીકળી. સતીના દેહને જ્વાળાએ ઘેરી લીધો. એ સમયે સતી અનન્ય ભાવથી માત્ર શંકરનું સ્મરણ કરતાં હતાં. દેવીનું શરીર બળવા લાગ્યું. ક્ષણવારમાં દેવી યજ્ઞમંડપમાં જ બળીને ભસ્મ થયાં. દેવીને બળતાં જોઈ દેવીનું સૈન્ય લડાઇ કરવા લાગ્યું. પરંતુ ભૃગુના મંત્રબળે પેદા થયેલ દેવોએ તેને ભગાડયું. નારદજીએ એ બનાવની હકીકત શંકર ભગવાનને જણાવી. શંકરના ક્રોધનો પાર ન રહ્યો. તુરત સમાધિ લીધી. તાંડવ નૃત્ય વખતનું ધૂર્જટીનું સ્વરૂપ પ્રગટ થયું, જટા પછાડી. એ વખતે ત્યાં વીરભદ્રની ઉત્પત્તિ થાય છે. શંકર તેમને દક્ષના યજ્ઞનો વિધ્વંસ કરી નાંખવાની આજ્ઞા કરે છે. વીરભદ્ર નવા ઉત્પન્ન થયેલા ગણ સમુદાય સાથે દક્ષને ત્યાં જાય છે અને યજ્ઞને ખેદાન મેદાન કરી નાંખે છે. દક્ષનું માથું ધડથી જુદું થાય છે. હાહાકાર થઇ રહ્યો છે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બ્રહ્માજી આથી ખૂબ ગભરાઇને બધા દેવો સાથે શંકર ભગવાન પાસે જાય છે. તેમની સ્તુતિ કરે છે અને દક્ષના અપરાધ માટે ક્ષમા યાચે છે. શંકર તો ભોળાનાથ! તેમનો ક્રોધ શાંત થાય છે. અને બ્રહ્માજીને કહે છે કે બકરાનું માથું લઈ આવો અને દક્ષના ધડને ચોંટાડો એટલે તે જીવતો થશે. બ્રહ્માજી શંકરની આજ્ઞા પ્રમાણે કરે છે. દક્ષના ધડને બકરાનું માથું ચોંટાડે છે–દક્ષ પ્રજાપતિ જીવતા થાય છે. દક્ષના હૃદયમાં વિમલ ભાવ ઉત્પન્ન થાય છે. દીકરી યાદ આવે છે. શંકર ભગવાનની માફી માગે છે. એ સમયે ત્યાં ભગવાનનો પ્રાદુર્ભાવ થાય છે.

મનુ મહારાજના બે પુત્રો પ્રિયવ્રત અને ઉત્તાનપાદ. ઉત્તાનપાદ રાજાની બે પત્ની. એક સુરુચિ અને બીજી સુનીતિ. સુરુચિનો પુત્ર ઉત્તમ અને સુનીતિનો ધ્રુવ. સુરુચિ રાજાની માનીતી રાણી હતી. સુનીતિ અણમાનીતી હતી સંસારના ભોગો અને વિષયોને યથેચ્છ રીતે ભોગવવા તેનું નામ સુરુચિ. નીતિમય અને પવિત્ર જીવન ગાળવું તેનું નામ સુનીતિ. સંસારમાં રચ્યાપચ્યા રહેનારને સુરુચિ જ ગમે. સુનીતિ તેને અણગમતી જ હોય. જીવનના ભવ્ય નિશ્ચયો સુનીતિને ત્યાં આવે છે. બન્ને રાણીઓને રાજા જુદા જુદા મહેલમાં રાખે છે. એક દિવસ રાજા ઉત્તાનપાદ સુરુચિના મહેલમાં બેઠા છે. તેના ખોળામાં સુરુચિનો પુત્ર ઉત્તમ બેઠો છે. ધ્રુવ પણ તે વખતે ત્યાં હાજર છે. ધ્રુવના મનમાં પણ થયું કે હું પણ બાપના ખોળામાં બેસું. ધ્રુવ બાપના ખોળામાં બેસવા જાય છે ત્યાં સુરૂચિ તેને અટકાવે છે અને તેને કહે છે કે ધ્રુવ! તું જાણે છે કે તું મારી શોક્યના પેટથી જન્મેલો છે. મારા પેટે જન્મ લે અને પછી બાપનો ખોળો ખુંદવા આવજે. સુરુચિના એ શબ્દોએ–એ વાક્પ્રહારે ધ્રુવજીને વીંધી નાંખ્યો, પણ ધ્રુવજી સિંહ બચ્ચો હતો. માતાના કડવા બોલથી તેને ભારે આઘાત થયો. શબ્દબાણથી વીંધાયેલા હૈયે તે ત્યાંથી ચાલી નીકળ્યો. બાપ આ દૃશ્ય જુએ છે છતાં કશું બોલતા નથી. રડતો રડતો ધ્રુવ પોતાની માતા સુનીતિ પાસે જાય છે. દીકરાને રડતો જોઈ માતાને આશ્ચર્ય થાય છે અને રડવાનું કારણ પૂછે છે. એટલામાં દાસી આવે છે અને સુનીતિને બધી હકીકત જણાવે છે. બનાવની વિગત જાણી સુનીતિને પણ ભારે વ્યથા થાય છે અને તે પણ રડે છે.....અશ્રુ એ પાંચમો વેદ છે. (છઠ્ઠો લખેદ) થોડીવારે શાંત થયા બાદ સુનીતિ પોતાના પુત્રને કહે છે કે બેટા! તું ખોટું ન લગાડીશ. તું એક દુર્ભાગિનીનો દીકરો છે. બેટા! હવે તું એવો પ્રયત્ન કર કે તારા બાપના ખોળા કરતાં પણ તને મહાન ખોળો મળે! ઉત્તમ તેના બાપના ખોળામાં બેઠો તો તું પરમપિતા પરમેશ્વરના ખોળામાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બેસવા માટે–તેને મેળવવા પ્રયત્ન કર. આ સાંભળી ધ્રુવજી જે હજુ તો પાંચ જ વર્ષનો બાળક છે તે માતાને પૂછે છે કે હે મા! તે પરમેશ્વર ક્યાં મળશે? તે ક્યાં રહે છે? માતા કહે છે કે તે (પરમાત્મા) જંગલમાં રહે છે. બસ. માતાનો ઉત્તર સાંભળતાંજ ધ્રુવજી જંગલમાં જવા તૈયાર થાય છે. માતાનું વત્સલ હૃદય રોમાંચ અનુભવે છે. પરંતુ ધ્રુવજી એટલે અડગ નિશ્ચયબળ. તેણે તુરત જ જંગલમાં જઈ પરમપિતા પ્રભુને મળવાનો નિશ્ચય કર્યો. માતાને વંદન કરી અનુજ્ઞા અને આશીર્વાદ માંગ્યા. માતા આજ્ઞા આપે છે અને આશિષ આપે છે કે બેટા! શિવાઃ સન્તુ તે પન્થાનઃ તારા માર્ગો કલ્યાણકારી હોજો! માતાના આશિષ મેળવી ધ્રુવજી જંગલનો માર્ગ લે છે. આ વાતની નારદજીને ખબર પડે છે. બાળકોને પકડવા તો નારદજી હંમેશાં અધીરા હોય છે! ધ્રુવજીને જંગલને વાટે જતા જોઈ નારદજી તેની સામે આવે છે. ધ્રુવજી તેને પગે લાગે છે. નારદજી તેને પૂછે છે, 'બેટા! ક્યાં જાય છે?' ધ્રુવજી કહે-ભગવાન-પરમપિતાને ખોળવા અને મળવા. નારદજી કહે છે, 'તે તો બહુ મોટા માણસ છે તને તે નહીં મળે.' નારદજી તેને પાછા વાળી ઘેર જવા સમજાવે છે. ધ્રુવજી કહે છે કે મારી માતાએ કહ્યું છે કે ભગવાન મળશેજ. મને મારી માતાના વચનમાં અડગ શ્રદ્ધા છે. એટલે ભગવાનને મળ્યા સિવાય હું કદી પાછો ફરનાર નથી. બાળકનો દૃઢ નિશ્ચય જાણી નારદજી પણ ખુશ થાય છે. અને ધ્રુવજીને કહે છે તારી માતાએ કહ્યું છે તે બીલકુલ સત્ય છે. તું અનન્ય ભાવે તન્મનસ્ક થઇને ભગવાન વાસુદેવને ભજવા માંડ. ધ્રુવજી પૂછે છે કે ભગવાન કેવા છે? નારદજી ભગવાનનું વર્ણન કરતાં જણાવે છે કે યમુના નદીના કિનારે મધુવનમાં ભગવાન રહે છે. ધ્રુવજી ફરી પ્રશ્ન કરે છે કે ભગવાનને મેળવવા શું કરવું પડશે. તે કેવો છે? ભગવાનના સ્વરૂપનું વર્ણન કરતાં નારદજી કહે છે ભગવાન મેઘશ્યામ છે. વીજળી જેવી નીલ તેમની કાંતિ છે. શંખ ચક્ર ગદા પદ્મ ધારણ કરે છે. દેખાવડા છે. જોતાં-વેંત ગમી જાય એવા છે. એક વખત તેને જોયા પછી બીજું જોવાનું જ નહીં ગમે. ઘણા સરસ છે. ઘણા દયાળુ છે. વૈજયન્તી માળા તેના ગળામાં શોભે છે. અને તેજના અંબારૂપ છે...બેટા! તારે તે સ્વરૂપના દર્શન કરવાં હોય તો હું કહું તેમ કરજે. દરરોજ યમુનાના નીરમાં નહાવું. અને ૐ નમો ભગવતે વાસુદેવાય એ મંત્રનો જાપ કરવો. એ પ્રમાણે અડગ શ્રદ્ધાથી ભગવાનની ભક્તિ કરવાથી તને ભગવાન જરુર મળશે. એટલું કહી આશીર્વાદ આપી નારદજી ત્યાંથી ચાલી જાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ધ્રુવજી નારદજીના ઉપદેશ અનુસાર સાધના કરે છે. ઉગ્ર તપશ્ચર્યા આદરે છે. શરુઆતમાં ત્રણ ત્રણ દિવસને આંતરે કોઠાં અને બોર ખાય છે. એક મહિનો એ પ્રમાણે વીતી ગયો. પણ ભગવાન ન આવ્યા. બીજે મહિને તપની માત્રા ઉગ્ર બનાવે છે. અને છ છ દિવસને આંતરે વૃક્ષના પાંદડાં ખાઇને રહે છે. પણ ભગવાન ન હાલ્યા. ત્રીજો મહિનો આવ્યો. તે મહિનામાં વધુ ઉગ્ર તપશ્ચર્યા આદરે છે. નવ દિવસે એક વાર પાણી પીએ છે. ત્રણ મહિના બાદ પણ ભગવાન ન મળ્યા એટલે ચોથે મહિને પાણી પીવાનું પણ છોડે છે. અને બાર દિવસે એકવાર વાયુ ભક્ષણ કરે છે. હજુ ભગવાન મળતા નથી. પાંચમે મહિને વાયુ ભક્ષણ પણ છોડ્યું એટલે કે શ્વાસ લેવાનું પણ બંધ કર્યું. સંપૂર્ણ પ્રાણાયામ કરવા માંડ્યો. અને ઝાડના ઠુંઠાની જેમ એક પગે ઉભો રહેવા લાગ્યો. પાંચમાં માસને અંતે ધ્રુવજીની અતિ ઉગ્ર તપશ્ચર્યાથી ત્રણલોક થરકાંપ થવા લાગ્યા. દેવો બધા ભગવાન પાસે જઈ પ્રાર્થના કરે છે. ભગવાન તેઓને કહે છે કે ગભરાશો નહીં, મારો દીકરો મને પોકારી રહ્યો છે. હું તેને દર્શન આપવા જાઉં છું. ઉત્તાનપાદના પુત્રનો આત્મા મારા આત્મા સાથે જોડાઈ ગયો છે. ભગવાન બાળભક્તને મળવા જાય છે, ગરુડ પર બેસી ભગવાન મધુવનમાં પધારે છે. ધ્રુવજીને તો તેનું કશું ભાન જ નથી. ભગવાન તેને સચેત કરે છે. ભાનમાં લાવે છે, ભક્ત ધ્રુવ, ભગવાનના સાક્ષાત દર્શન કરે છે. સાષ્ટાંગ પ્રણિપાત કરે છે. તેની આંખમાંથી અશ્રુનો પ્રવાહ વહી રહ્યો છે. હૈયું ગદ્‌ગદિત છે. બોલાતું પણ નથી. ભગવાનના રૂપને પી જતો જાણે ભગવાનને ભેટવા જાય છે. ભગવાન ધ્રુવજીના ગાલ પર શંખનો સ્પર્શ કરે છે. શંખનો સ્પર્શ થતાં જ જુગ જુગ જૂનાં અંધારા ચાલ્યા જાય છે. આંખમાંથી ગંગા યમુનાના ધોધ વહે છે. ધ્રુવજીની વાચા ખુલે છે અને ભગવાનની સ્તુતિ કરે છે:-योऽन्तः प्रविश्य ममवाचमिमां प्रसुप्तां વગેરે-આ સ્તુતિ અંતરના અપાર ભક્તિ ભાવની વહેતી ગંગા છે. સૌએ મોઢે કરવા જેવી છે. ભગવાન ધ્રુવજીને ધ્રુવસ્થાન આપે છે. ધ્રુવજી પ્રેમના આંસુથી ભગવાનના ચરણ ધોઈ નાંખે છે. ધ્રુવજીની પ્રેમમયી નિશ્ચલ ભક્તિથી ભગવાન મળ્યા પણ ધ્રુવજીને સંતોષ ન થયો. પરમાત્માને મળ્યા પણ મેં માંગ્યું શું-તેવો તેને પરિતાપ થયો. ભગવાનની આજ્ઞાથી ધ્રુવજી પોતાના ઘેર જાય છે. ઉત્તાનપાદ રાજાને ધ્રુવજીના આગમનની ખબર પડે છે. રાજધાનીમાં મહોત્સવ થાય છે. ધ્રુવજી પ્રથમ પિતાને પ્રણામ કરે છે. પછી સુરૂચિને પગે લાગે છે. સુરૂચિ કહે છે, દીકરા તું મારો કુલદીપક છે. માતા સુનીતિના હૈયામાં પ્રેમના પાતા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઝરપવા લાગ્યા છે. પુત્રને છાતી સરસો ચાંપી આશિષ આપે છે. ત્યારબાદ ઉત્તાનપાદ રાજા, ધ્રુવજીને રાજગાદી પર બેસાડે છે. પોતાના ભાઈ ઉત્તમનું ખૂન થયાના સમાચાર સાંભળી ધ્રુવજી યક્ષો સામે લડાઈ શરૂ કરે છે. છેવટ મનુ મહારાજને વચ્ચે પડવું પડે છે. મનુ ભગવાન કહે છે 'બેટા આ શું કરે છે? આપણા કુળમાં આવું કૃત્ય ન શોભે. એકના અપરાધને ખાતર બધાને દંડ! બેટા! એક કામ કર. લડાઈ જવા દે. તિતિક્ષા, કરૂણા અને મૈત્રીભાવથી જ ભગવાન પ્રસન્ન થાય છે. મનુમહારાજની આજ્ઞાથી લડાઇ બંધ રહે છે. કુબેરજી જાતે ધ્રુવજીને મળવા આવે છે. અને વરદાન માગવા કહે છે...ધ્રુવજી છત્રીસ હજાર વર્ષ સુધી રાજ્ય કરે છે. છત્રીસ હજાર વર્ષને અંતે ધ્રુવજી પાછા જંગલમાં ચાલ્યા જાય છે અને ભગવાનની આરાધના કરે છે. ધ્રુવજી માટે છેવટે ભગવાન વિમાન મોકલે છે. ધ્રુવજી પાર્ષદોને પ્રણામ કરે છે અને યમદેવની રજાથી સદેહે સ્વર્ગમાં જાય છે. થોડે દૂર જતાં ધ્રુવજીને માતા યાદ આવે છે. માતાને છોડીને મારે સ્વર્ગમાં શું કરવું એ વિચારે વિમાન ઉભું રખાવે છે. પાર્ષદો કહે છે કે, હે ધ્રુવજી! ચિંતા ન કરો જૂઓ તમારા માતા તો સ્વર્ગમાં જઈ રહ્યા છે ધ્રુવજી સ્વર્ગમાં પધારે છે. નારદજીને સૌથી વધુ આનંદ થાય છે. ધ્રુવજીનું આખ્યાન સાચે જ પવિત્ર, ધન્ય અને યશને તથા આયુષ્યને આપનારૂં તથા પાપનાશક છે એટલું જ નહીં પણ પ્રભુની પ્રાપ્તિ કરાવનારૂં પાવનાખ્યાન છે.....

...વેન રાજા મહાદુષ્ટ અને જુલમગાર હતો. સરમુખ્યારશાહીથી જ રાજ કરતો. તેના દમન અને જુલમથી પ્રજા ત્રાસી ગઇ હતી. એક વખત રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે મારા રાજ્યમાં કોઈપણ વ્યક્તિએ કદી યજ્ઞયાગાદિ કરવાં નહીં. તેમજ સાધુ, સંત, સંન્યાસી, બ્રાહ્મણ કે ભીખારીને કોઈપણ પ્રકારનું દાન કરવું નહીં. રાજાના દમનથી પ્રજામાં અસંતોષની આગ તો જલતી જ હતી. તેમાં એ પ્રકારના ઢંઢેરાએ બળતામાં ઘી હોમ્યું. રાજ્યની પ્રજામાં ખળભળાટ પેદા થયો. અને રાજાના હુકમનો વિરોધ કરવા અને તેનો અનાદર કરવા માટે રાજ્યની પ્રજાએ ભારે ચળવળ ઉપાડી. પ્રજાએ જાહેર કર્યું કે જે રાજા પ્રજાની ઇચ્છા વિરૂદ્ધ રાજ્ય કરે તેને પદભ્રષ્ટ કરવો જોઇએ. લોકોના ધિક્કારથી બળી રહેલો રાજા શું કરવાનો છે? પ્રજાપક્ષ તરફથી નિવેદન કરવામાં આવ્યું કે જે રાજા પ્રજાનું પાલન કરી શકતો નથી, જેની પ્રજા સુખ-શાંતિમાં રહી શકતી નથી તે રાજા થવાને યોગ્ય નથી. એવા રાજાને રાજ્ય કરવાનો કશો જ અધિકાર નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાજાએ પ્રજાના એ પ્રકારના નિવેદના ન્યાયમાં જણાવ્યું કે પ્રજા જો કોઇ પણ પ્રકારનો વિરોધ કરશે તો તે સાંખી લેવામાં આવશે નહીં. વિરાટ સામે વ્યક્તિનું સંઘર્ષણ શરૂ થયું. પ્રજાની પ્રચંડ ઇચ્છાશક્તિ આગળ રાજાનું શું ગજું ! પ્રજાએ રાજાને પદભ્રષ્ટ કર્યો. ઋષિમુનિઓએ રાજ્યની વ્યવસ્થા જાળવી રાખી. વેનની માતાએ તેનું શરીર સાચવી રાખેલું. તેમાંથી પૃથુરાજા ઉત્પન્ન થાય છે. પૃથુરાજા એ ભારતનો સૌથી પ્રથમ ઇજિનેર અને શિલ્પી રાજા હતો. પ્રજાના વ્યવસ્થિત જીવન માટે તેણે પ્રારંભ કર્યો. પૃથુના રાજ્યમાં ભારે દુષ્કાળ પડે છે. પૃથુએ પૃથ્વીને દોહી હતી. તેણે વિચાર્યું કે પૃથ્વીને દંડ કરવો જોઇએ. રાજાના નિર્ણયથી પૃથ્વી ગભરાય છે અને રાજાની ક્ષમા યાચે છે. પૃથુરાજા રાષ્ટ્રની સમૃદ્ધિ વધારે છે. પાણીના બંધો બંધાવ્યા, નહેરો ખોદાવી, અનેક રાહત કાર્યો આરંભ્યા અને પ્રજાને દરેક પ્રકારે સુખ આપ્યું.....કોણે કોણે પૃથ્વીમાંથી શું શું દોહ્યું...પૃથ્વીની તમામ વિદ્યા સંપાદન કરી. Out of chaos he produced casmos...

.....પૃથુરાજા અશ્વમેધ યજ્ઞ કરે છે. ઇંદ્ર તેનો વિધ્વંસ કરે છે. આથી પૃથુ રાજા ઇન્દ્ર સામે લડાઈ જાહેર કરે છે. પૃથુ તો પરમાત્માનો અંશ હતો. અત્રિ ઋષિએ રાજાને સમજાવ્યા કે હે રાજન્! તમે તથા ઇન્દ્ર બન્ને પરમાત્માની વિભૂતિઓ છે. એથી તમારે બન્નેએ યુદ્ધ કરવું એ શોભાસ્પદ નથી. ઋષિની આજ્ઞાથી રાજા વૈરત્યાગ કરે છે. ભગવાન પ્રસન્ન થાય છે અને પૃથુના યજ્ઞમાં સ્વયં પ્રગટ થાય છે. ભગવાન પૃથુ રાજાને કહે છે કે ઇન્દ્રે તારા યજ્ઞનો ભંગ કર્યો છતાં તેં તેને ક્ષમા આપી એ યોગ્યજ કર્યું છે. ક્ષમા વીરસ્ય ભૂષણમ્—પૃથુ પુણ્યશાળી જીવ હતો. પરમાત્માની સ્તુતિ કરે છે. પરમાત્મા પ્રસન્ન થઇ વરદાન આપે છે. વરદાનમાં પૃથુ શું માંગે છે? તેની માગણી ખરેખર આશ્ચર્યજનક છે. પૃથુ રાજા કહે છે કે હે ભગવન્! તમારા ગુણાનુવાદનું શ્રવણ કરવા માટે મને દશ હજાર કાન આપો. લક્ષ્મી સાથે લડાઇ ન થાઓ! લક્ષ્મીજીની જેમ આ જીવને તમારા હૃદયમાં હંમેશ માટે સ્થાન આપો! ભગવાન રાજાની માગણી સ્વીકારે છે. અને જણાવે છે કે થોડા દિવસમાં સનત્કુમાર વગેરે સંતો તારે આંગણે આવશે. તેઓ તને ઉપદેશ આપશે. અને અંતે તારી મુક્તિ થશે. પૃથુના બીજા યજ્ઞમાં સનત્કુમાર વગેરે ચાર કુમારોનું આગમન થાય છે. તેઓના દર્શનથી પૃથુના આનંદનો પાર રહેતો નથી. સનત્કુમાર વગેરે ઋષિઓ પૃથુ રાજાને આત્મજ્ઞાનનો ઉપદેશ આપે છે. રાજા વેદાન્તનું જ્ઞાન પ્રાપ્ત કરે છે અને ઋષિઓને કહે છે કે, હે ઋષિવર્યો! મારી જાત, સ્ત્રી પુત્રાદિ, તમામ તમારા ચરણોમાં અર્પણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરૂં છું. ઋષિઓ રાજાની ત્યાગવૃત્તિથી પ્રસન્ન થઇ આશિષ આપે છે કે હે રાજન્! તારૂં કલ્યાણ હો! ત્યારબાદ યજ્ઞ મહોત્સવ પૂરો થાય છે. રાજા વાનપ્રસ્થાશ્રમ સ્વીકારે છે. અને છેવટે સંન્યસ્ત દીક્ષા લઈ યોગદ્વારા પ્રાણ ત્યાગ કરે છે. તેની સ્ત્રી અર્ચી સતી થાય છે.

પ્રાચીનબર્હિ.....તેના પુત્રો પ્રચેતા.....તેઓ જંગલમાં તપ કરવા જાય છે. તપશ્ચર્યાથી રૂદ્રભગવાન પ્રસન્ન થાય છે અને રૂદ્રગીતનો ઉપદેશ મેળવે છે. પ્રાચીનબર્હી તો મોજીલા હતા અને સામાન્ય માનવીના જેવું તેમનું જીવન હતું. આથી નારદજીને ચિંતા થવા લાગી અને તેને પરમાત્માનો નાદ લગાડવા માટે નારદજી તેની પાસે જાય છે અને તેમને હિંસાપ્રધાન તથા ભોગમય જીવનની નિષ્ફળતા સમજાવે છે અને પ્રભુમાં દત્તચિત્ત થવામાં જ આત્માનું કલ્યાણ છે એવો ઉપદેશ આપતાં પુરંજનનું દુનિયાના ઇતિહાસમાં અજોડ એવું આખ્યાન સંભળાવે છે:—

પુરંજનો પાખાળ

પુરંજન નામના રાજાને અવિજ્ઞાત નામનો મિત્ર હતો. એક દિવસ રાજાને વિચાર આવ્યો કે મારે એક સુંદર નગરી હોવી જોઇએ. નગરી સિવાયનો રાજા કેવો? પ્રજા વિનાનો હું પ્રજાપતિ શાનો? આથી સુંદર અને અલૌકિક નગરીની શોધ માટે તેણે પૃથ્વીનું પરિભ્રમણ કર્યું. કરોડો નગરી જોઈ, પણ એક પણ નગરી તેને પસંદ પડી નહીં. આખરે તે ભરતખંડ-જે કર્મભૂમિ છે ત્યાં આવ્યો. હિમાલય પર્વતની દક્ષિણે એક સુંદર નવદ્વારની નગરી તેના જોવામાં આવી. ત્યાં તેને એક સોળ વર્ષની નવયૌવના સુંદરીનાં દર્શન થયાં. એ યુવતી રૂપરૂપનો અંબાર હતી. જાણે ચંદ્રમાંથી કોરેલી! માનો કપૂરમાંથી કોરેલી સૌન્દર્યધન યુવતી હતી! તેના શિર પર પાંચ ફેણનો નાગ છત્રરૂપ હતો. દસ સખીઓ સહિત તેને આવતી જોઈ રાજા તેના પ્રત્યે આકર્ષાયો. સુંદરી પણ રાજાને જોઈ તેના પ્રત્યે આકર્ષાઈ. દૃષ્ટોદૃષ્ટ મળી અને બન્નેના મનમાં મોરવણ પડી ચૂક્યું. બન્ને મળે છે. પરસ્પર સંભાષણ થાય છે. પોતાનું કુળ-વંશ વગેરે જણાવવાનો યુવતી ઇન્કાર કરે છે. નાગ તેના શરીરનો રક્ષણકર્તા છે. બન્નેના ગંધર્વ લગ્ન થાય છે. સો વર્ષ સુધી વૈભવી અને વિલાસી જીવન ગાળવાની શરત થાય છે. પછી નગરીમાં પ્રવેશ કરે છે. એ નગરીને નવ દ્વાર હતાં-ઉપર સાત અને નીચે બે. જ્યાં જવું હોય ત્યાં જુદે જુદે રથળેથી જઇ શકાય. રાણીએ પોતાની કળાથી રાજાને લટ્ટુ Hen-pecked husband બનાવી દીધો. રાજા-રાણી ખૂબ મોજમજાહ-આનંદ વિલાસમાં રહે છે. તેમને અગણિત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંતતિ થાય છે. રાજાનું તારુણ્ય ક્ષીણ થતું જાય છે. પુત્ર–પૌત્રાદિના લગ્ન–મરણ–જન્મ વગેરે સાંસારિક માયાજાળમાં બન્ને ગૂંથાયલા રહે છે. પછી બનતું આવ્યું છે તેમ ધીમે ધીમે બન્નેનો પ્રેમ પણ ક્ષીણ થતો જાય છે. ડાહ્યા માણસે તો ઘડપણમાં સંસાર છોડી જંગલમાં જવું જોઈએ. અર્થાત્ સંન્યાસાશ્રમ સ્વીકારવો જોઈએ. પુરુષની ધન ઉપાર્જન કરવાની શક્તિ હોય ત્યાંસુધી બધા તેને ચાહે છે. તે શક્તિ જ્યારે જતી રહે છે ત્યારે પોતાની પત્ની પણ તેના પ્રત્યે અનુરાગ રાખતી નથી यावद्वित्तोपार्जनशक्तः तावन्निजपरिवारो रक्तः ! પત્નીનો પ્રેમ પતિ પરથી પોતાનાં છોકરાંઓ પ્રતિ ઢળે છે.....આથી માનવીએ સમજી લેવું ઘટે કે જગતમાં કોઇ કોઈનું કોઈ નથી. બધાં સ્વાર્થનાં સગાં છે. સાચો સગો તો પરમાત્મા. તેનું નામસ્મરણ જ સત્ય છે..... રાજારાણી જ્યારે સંસારની માયામાં લપેટાયલાં છે તે સમયે એક યવનાધિપતિ પોતાના ૭૨૦ નું સૈન્યને લઇને ત્યાં આવી ચઢે છે. બધા શૂરા લડવૈયા હતા. યવનરાજાએ પોતાના મિત્રભયને સાધ્યો. એટલામાં એક કાળકન્યા વિકરાળ રૂપવાળી આવી. તેણે સ્વયંવર કરવાની ઈચ્છા દર્શાવી. નારદજી જે તે વખતે ત્યાં આવી ચઢયા હતા તે પહેલાં ઝડપાયા. નારદજી કહે છે તું તો મારી બેન છે. આથી ક્રોધમાં આવી નારદજીને શાપ આપે છે કે મને ન સ્વીકારનારા જાઓ તમારો પગ કદી પણ ઠરશે નહિં–સ્થિર રહેશે નહીં. આ શાપથી પણ નારદજી ખૂશ થયા. કારણ કે તે તો એ બલા ટાળવા જ ઇચ્છતા હતા. અને તેણે ભયને તેની સાથે ભેરવ્યો. તેણે હુમલો કર્યો. સ્ત્રીના રક્ષક નાગે તેનો સામનો કર્યો, પણ ચારે બાજુના રોજબરોજના હુમલાથી સ્ત્રીને અકળામણ થઈ. સ્ત્રીના રક્ષક નાગને કારમો ઘા લાગ્યો અને તે મરણ પામ્યો. સ્ત્રીનું રક્ષણ જતું રહ્યું. તેની હાર થઇ. ભય નગરીમાં પ્રવેશ કરે છે. અને રાજાને પોતાની સાથે આવવા જણાવે છે. બળજબરીએ લઈ જાય છે.....રાજાને પૂર્વજીવન યાદ આવે છે. પૂર્વજન્મમાં ધણીયાણીનું ધ્યાન ધરવાને લીધે તે સ્ત્રી રૂપે થયો. મલયધ્વજ રાજાને ત્યાં પરણી. મલયધ્વજની અંત ઘડી પછી સતી થવા અગ્નિમાં ઝંપલાવવાની તૈયારી કરતાં કોઇએ તેનો હાથ પકડી કહ્યું, "પુરંજન ! ઓળખે છે ! હું અને તું તો સખા છીએ. બન્ને એક જ માનસ સરોવરના હંસો છીએ." તેની સામે જોતાં બધું સ્મરણમાં આવતાં પુરંજન કહે છે, "તને છોડી હું બહુ ભમ્યો. અંતે અવિજ્ઞાત સખો તેને સાચા સ્વરૂપની સમજ રાખે છે. આ આખ્યાન એ રૂપક છે. શ્રીમદ્ ભાગવતમાં અનેક રૂપકો છે. રૂપકોદ્વારા સૂક્ષ્મ સિદ્ધાન્તોને ઋષિ પ્રતિભાએ લોકભોગ્ય કરવાનો મહાકિમિયો સાધ્યો છે. परोक्षप्रियाः हि देवाः–વિદ્વાનો પરોક્ષપ્રિય છે ! રૂપકો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભાગવતની એક અનોખી કળા છે. પુરંજન રાજાનું આખ્યાન એ તો આધ્યાત્મશાસ્ત્ર છે. દુનિયાના વાઙ્મયનું એ અજોડ આખ્યાન છે. તેમાં માનવમાત્રનો ઇતિહાસ સમાઇ જાય છે. પુરંજન એટલે જીવ. અવિજ્ઞાત સાથી તે ઇશ્વર. તેનાથી એટલે ઇશ્વરથી જીવ કોઈ અણુજાણ અધન્ય પળે છૂટો પડી જાય છે. નગરી એટલે અનંતકોટી જન્મ.....છેવટ ભારતમાં આવે છે. આપણા દેશનું એ ગૌરવ છે. અહીં મુક્ત થવા સૌ જીવો આવે છે. તેને-જીવને-મનુષ્ય શરીર મળ્યું. નવદ્વાર એટલે નવ ઇન્દ્રિયો. કન્યા તે કુલીનબુદ્ધિ. પાંચ ફેણવાળો નાગ એટલે પંચ પ્રાણ. દસ સેવિકાઓ એટલે દસ ઇન્દ્રિયો. બુદ્ધિ અને આત્માનું મિલન થતાં આત્મા અને અનાત્માના ગુણધર્મો વગેરેનું અન્યોન્યમાં આરોપણ થતાં આત્મા, સ્વરૂપ ભૂલી, જીવ બને છે! એ અવિદ્યાનું કપટયન્ત્ર છે. આત્મા સ્વરૂપે નિષ્પ્રપંચ છે. અવિદ્યા તેને પ્રપંચી કરે છે!.....(આખાંય રૂપકનું સુંદર નિર્વચન શ્રી. ભટ્ટે અહીં કર્યું હતું. સંપાદક.).....કાળ કન્યાના બધા જ ભુજંગો-Lovers!! સૌને એ બલાત્ ભોગવે! અર્થાત્ બધાં જ ઘરડાં થાય! વિલાસી જીવન ટકતાં નથી!.....અવિજ્ઞાત સખાનું પુરંજન ને પ્રબોધન.....ઇશ્વરની કરુણા વિના કોઈ જીવ સાચા અર્થમાં પ્રબુદ્ધ થઈ શકતો નથી. આત્માનો જીવભાવ એની પતિત અવસ્થા છે. આથી જ-એનો ઉદ્ધાર કરતો હોઇને-જીવભાવ ટાળતો હોઇને પરમાત્મા પતિતપાવન છે!.....એક સિંહણ ગર્ભિણી થઈ, પ્રસૂતિ થઇને તે તરત ગુજરી ગઈ! નાનાં સિંહશિશુને જંગલનો એક ભરવાડ લઈ ગયો! ઘરનાં બકરાં સાથે તેને પાળ્યું-પોષ્યું-ઉછેર્યું-મોટું કર્યું! સંગદોષે સિંહનું બચ્ચું બકરૂં થઈ ગયું! ઘાસ ખાય ને બેં બેં કરે!! બી'તું ફરે અને નાસભાગ કરે! એ વીસરી ગયું પોતાનું સ્વરૂપ! માયા શું શું નથી વીસરાવતી? એક દિવસની વાત! એક વનરાજે તે બચ્ચાંને બકરાંના ટોળામાં ભાળ્યું! તેને ભારે નવાઇ લાગી! પોતાનો જાતભાઈ!! તેનું આવું વર્તન!! તેનાથી ન સહેવાયું! ત્રાડ મારી છલંગ ભરી બકરાંનાં ટોળામાં કૂદ્યો! બકરાંની નાસભાગ થઇ ગઇ! પેલું સિંહશિશુ પણ બેબાકળું બન્યું! મોટા સિંહે તેને ગળચીમાંથી પકડ્યું! પેલું બચ્ચું-તો હોંસકોસ વિનાનું થઈ ગયું! કેળના પાનની પેરે ધ્રૂજવા લાગ્યું! આવી બન્યું એમ તેને મનમાં લાગ્યું. રોવા કકળવા લાગ્યું! પણ વનરાજ એમ છોડે એમ ક્યાં હતો? વનરાજે તેને કહ્યું-તું તો અસ્મદીય છે. સિંહ છે. પેલું કેમ માને? સજ્જડ ખ્યાલ બંધાઇ ગયેલો કે હું તો બકરૂં જ છું! છેવટે સિંહે તેને નિર્મળ સરોવરમાં તેનું મોં બતાવ્યું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પોતાના મોં સાથે સરખાવી ખાત્રી કરી લેવા જણાવ્યું. બીતાં બીતાં બચ્ચાંએ તેમ કર્યું ! ને તરત તેને સ્વરૂપનું ભાન થયું ! બેં બેં કરતું તે ગગનભેદી ગર્જના કરવા લાગ્યું ! જીવાત્મા બકરૂં બન્યું. પરમાત્મા સિંહ ! જાતને ઓળખે ત્યારે નિર્ભીક બની ગરજે !!.....પુરંજનને અવિજ્ઞાત સખો સ્વરૂપનું દર્શન કરાવે છે. પુરંજન ત્યારેજ મુક્ત થાય છે ! જીવાત્મા સિંહનું બચ્ચું છે. અન્નના (પ્રકૃતિના) સંસર્ગે દીન થઇ સંસારનો ભરવાડ હાંકે તેમ ચાલે ! કોઈ યોગ્ય ગુરુરૂપી સિંહની નજરે પડતાં, તે તેને તેનું મૂળ સ્વરૂપ પૂરવાર કરી બતાવે ! અને ત્યારેજ નૈનંછિન્દન્તિ શસ્ત્રાણિનો અભય બોધ–તેમાં રહેલી દયા તેને સમજાય છે.....નારદજી પ્રચેતાઓ અને પ્રાચીનબર્હિને ઉદ્ધરે છે.....ઉત્તાનપાદનો વંશ ત્યાં પૂર્ણ થાય છે.....

॥ इति चतुर्थ स्कन्धः ॥

મનુના બીજા પુત્ર પ્રિયવ્રતની કથા.....બ્રહ્માજીની વિનવણીથી તે અનિચ્છાએ પરણે છે..... ગૃહસ્થાશ્ર પરમાત્માને પ્રાપ્ત કરવામાં કદી આડે આવતો નથી. આડે આવે છે એમ કહેવું એ તદ્દન વાહીયાત અને ગલત છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ શત્રુઓને તો ઘરમાં કે જંગલમાં જ્યાં જીતીશું ત્યાં મોક્ષજ છે. આ પ્રમાણે ઉપદેશ મળે છે ત્યારે પ્રિયવ્રત રાજા લગ્ન કરે છે. હજારો વર્ષ રાજ્ય અને સંસાર ભોગવે છે.....તેમના પછી નાભિરાજા અને મરુદેવી રાણી પુત્રેષ્ટિ યજ્ઞ કરે છે. તે પુણ્યે ઋષભદેવનો અવતાર–ભગવાનનો અવતાર થાય છે.....રાષ્ટ્રને શાંતિ અને સંસ્કૃતિનો અમૂલ્ય વારસો આપી યોગચર્યા માટે તેઓ અવધૂત થઇ જાય છે. યોગને લઇને મળતી સિદ્ધિઓનો પણ ત્યાગ કરે છે.....અપૂર્વ અવધૂત દશામાં રહે છે. તેમના સો પુત્રોમાંથી નવ પુત્રો તો મહાયોગીઓ હતા. તેઓ જન્મથી યોગમાર્ગે પ્રવૃત્ત થાય છે. ભરત નામના મહામુનિને (પુત્રને) રાજ્ય સોંપી અંતે સદેહે મુક્તિ પ્રાપ્ત કરે છે. ભરત પણ પિતાની આજ્ઞા પ્રમાણે લગ્ન કરી, અહંકારમાંથી પાંચ તન્માત્રાની પેરે, પાંચ પુત્રોને ઉત્પન્ન કરે છે. ભરત રાજા રાજ્ય છોડી પુલહ આશ્રમમાં જઇ ગાયત્રીની ઉપાસના કરે છે. નાની સરખી શુભ વાસના પણ બંધનનું કારણ થઈ પડે છે. તે હકીકત ભરતમુનિનું આખ્યાન પૂરવાર કરે છે. આસક્તિની છાંટ પણ અનેક અવતારો દે. પરમ અનાસક્તિજ તારક છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગંડકી નદી પર પુલહાશ્રમમાં ભરત રાજા નિવાસ કરે છે. એક દિવસ નદીમાં સ્નાન કરવા જતી વખતે સિંહની ત્રાડ સાંભળે છે. ચારે તરફ દૃષ્ટિ નાંખે છે. એવામાં એક સિંહ એક હરણીના શિકાર માટે તેના તરફ ધસ્યો જતો જોવામાં આવે છે. હરણી પોતાનાં ટોળાં સાથે ખૂબ ભયગ્રસ્ત બનીને નાસે છે. પરંતુ સિંહની ફાળ આગળ હરણીનું શું ગજું! જીવ બચાવવા હરણી નદીમાં ઝંપલાવે છે. તે ગર્ભવતી હતી. ભયના કારણે પ્રસવ થઇ જાય છે. હરણી પંચત્વ પામે છે. તેનું બચ્ચું પાણીમાં તણાતું જાય છે. એ દૃશ્ય જોઇ ભરત રોમાંચ અનુભવે છે. તેને માનવધર્મ યાદ આવે છે. દયા એ પરમધર્મ છે. આસક્તિ–મમતા પાપ છે. કારણ કે તે અહંકારનાં સંતાનો છે. આથી દયાથી પ્રેરાઇને ભરત રાજા પેલા હરણીનાં બચ્ચાંને પાણીમાંથી બહાર લાવી બચાવે છે. બચ્ચાને પોતાના આશ્રમમાં લઇ જાય છે. ખૂબ પ્રેમથી તેનું લાલન–પાલન કરે છે. બાળકની જેમ તેની સંભાળ રાખી ઉછેરે છે. બચ્ચું મોટું થતું જાય છે. ભરતની તેના પ્રત્યેની માયા વધતી જાય છે. તેનું ચિત્ત તે બચ્ચાંનાં લાલનપાલનમાંજ પરોવાયલું રહેવા માંડ્યું. ભગવાનની ભક્તિ મોળી પડવા લાગી. ભગવાન ભૂલાવા લાગ્યા. ભરતમુનિ તેને ખાંધે ચઢાવી ચરવા લઇ જાય! પુત્રના જેવું તેના પ્રત્યે વાત્સલ્ય વરસાવે! ઘડીભર પણ બચ્ચાને અળગું ન કરે! આમ દિનપ્રતિદિન બચ્ચાંની માયા ઉપેક્ષિત રોગની પેરે વધવા લાગી. રાજ્યવૈભવનો ત્યાગ કરનારને માયા વળગી! બાવામાંથી સંસારી બનવા જેવું થયું. માયા આસક્તિ દિવસે એવડી અને રાત્રે ચોવડી થવા લાગી. એટલે થયા છેવટે સંસ્કારભ્રષ્ટ!! મૃત્યુ સમયે પણ તેનું ચિત્ત હરણામાં રહ્યું. આથી મૃત્યુ બાદ બીજા જન્મમાં તેમને મૃગદેહ મળ્યો. પરંતુ ભગવાનની દયાથી તેને પૂર્વજન્મનું સ્મરણ કાયમ રહ્યું. તેને ખૂબ પશ્ચાત્તાપ થાય છે મૃગદેહે પણે તે પ્રભુ સ્મરણપૂર્વક દેહ પાડે છે. બીજા અવતારે એક બ્રાહ્મણને ત્યાં જન્મ લે છે.

માત–પિતાની ઇચ્છા બાળકને શ્રૌત–સ્માર્ત કર્માનુષ્ઠાન તત્પર બનાવવાની. પરંતુ બાળકમાં ખૂબ જડતા હતી. જડતાને લઇનેજ જડ ભરત કહેવાયા. આ જડતા એની અતિચેતન અવસ્થા હતી! માતા પિતા મરણ પામે છે. ભાઇઓના આશ્રયે રહે છે. પરમહંસ જેવી સ્થિતિવાળા ભરતથી ભાઇઓ પણ કંટાળ્યા. તેઓ તેને રાત્રે ખેતર સાચવવા મોકલે, પણ ત્યાં જઇ એસી રહે. કશું સાચવે નહીં. એક દિવસની વાત છે. જંગલમાં ચોરોના રાજાએ ચંડિયાગ આરંભ્યો. તેમાં બલિદાન માટે પશુ જોઇએ. પશુ છટકી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગયું ! પશુની શોધમાં માણસો નીકળ્યા. અંધારી રાત હતી. ભરત ખેતર સાચવતા હતા !! ચોરના માણસોએ તેને પશુ માની પકડયો, બાંધ્યો. અને લઈ ગયા. પણ તે તો ન બોલે કે ન ચાલે. યજ્ઞમંડપ આગળ લઈ જઈ તેને થાંભલા સાથે બાંધે છે. તેના વધ માટે રાજા મ્યાનમાંથી તલવાર બહાર કાઢે છે. ભરતના મોં પર જરાયે ગ્લાનિ–ભાવવિકાર નથી. સ્વસ્થ ચિત્તે ઊભો રહે છે. બ્રહ્મર્ષિનું તેજ વિલસી રહ્યું છે. ચોરોનો રાજા જેવો ભરતનું મસ્તક છેદન કરવા જાય છે એટલે દેવી પોતેજ પ્રભુના લાલને બચાવવા પ્રગટ થાય છે અને દુષ્ટોનો પોતાના ખડ્ગથી સંહાર કરે છે. પ્રભુનો લાલ બચી જાય છે. જાણે કશું બન્યુંજ નથી એ રીતે ભરતમુનિ, અદ્વૈત ભાવથી, મૃત્યુનો જેને ડર નથી. તનનું કે મનનું અભિમાન નથી એવી સ્થિતિમાં ત્યાંથી ચાલી નીકળે છે. એવામાં રહૂગણ નામનો રાજા પાલખીમાં બેસી ત્યાંથી પસાર થાય છે. તેને પાલખી ઊંચકનાર એક ભોઇની જરુર પડે છે. ત્યાંથી પસાર થતા ભરતમુનિને પાલખી ઊંચકવા બોલાવે છે. જેના હૈયામાં ભગવાનનુંજ સ્મરણ છે એવા ભરતમુનિ પાલખી ઉંચકીને ચાલતાં જીવહિંસા ન થાય તે માટે ધીમે ધીમે, જોઇ જોઇને પગલાં ભરે છે. પાલખી અસ્થિર રહે છે. રાજા ગુસ્સે થાય છે, પરંતુ જડ ભરત ન બોલે કે ન ચાલે. રાજાનો ક્રોધ ખૂબ વધે છે, ભરતમુનિનું ખૂબ અપમાન કરે છે. રાજાનું અભિમાન જોઇ, જડ ભરત જેના મુખ પર તેજ ઝળકી ઉઠ્યું હતું તેણે રાજાને કહ્યું કે "હે રાજન્! શરીર, મન, મતિ તો પ્રતિભાસિક સત્તાવાળી અનિત્ય ચીજો છે. આત્મા અજર અને અમર છે. તેનો વિચાર કર! હું જાડો છું, ચલાતું નથી. છતાં જવું છે. એ બધા ખ્યાલો ખોટા છે. આત્માની ઉત્પત્તિ, વૃદ્ધિ કે અંત નથી. આત્માને ઓળખવા માટે રાગદ્વેષથી પર થવું જોઇએ." આ સાંભળી રાજા ભયથી ધ્રુજી ઉઠે છે. પાલખીમાંથી ઊતરી ભરતમુનિને પગે પડે છે. ત્યાં તેને ભરતમુનિ ઉપદેશ આપે છે.....

.....આ દુનિયાનું રહસ્ય હસ્તામલકવત્ કરવા માટે પરમાત્મતત્વને પીછાનતા શીખવું જોઇએ. પરમાત્મા આ દુનિયાથી જુદો નથી. સાતમા આસ્માને રહેતો નથી. બ્રહ્માંડરૂપ, કદી ન સમજાય તેવી રીતે સર્વસ્વરૂપ થઇને રહેલો છે, એવી દૃઢ માન્યતા, ભાગ્યશાળી પવિત્ર આત્મામાં થાય છે... એક દીવાની સાથે અનંત દીપોની શકયતા રહેલી છે. તેમ એક સંત સાથે અનંત સંત સૌભાગ્ય મળે છે.....એક જીવાત્મા પરમાત્મા સાથે એકરૂપ થઈ ગયો છે તો અનન્ત જીવો પણ થશે. પરમાત્માની પસંદગીમાં આવેલા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉપર પરમાત્માની કૃપા હોય છે. પરમાત્મા ઉપર આપણી બળજબરી ચાલતી નથી. પરમાત્મા તો આપણા પુરુષાર્થને અનુકંપિત કરે છે. ભક્તિને મળવામાં પરમાત્મા વિલંબ કરતાજ નથી. ભરતજી પૂર્વજન્મમાં એક નાના જીવની આસક્તિમાં પડ્યો એટલે તેને આસક્તિની સજા મળી. પ્રભુપ્રેમ આસક્તિને ધોઇ નાંખે છે. ગંગાજળ જેમ મેલોને દૂર કરી પવિત્ર કરે છે તેમ. આસક્તિરૂપી મેલ સાફ થતાં પરમાત્માનું આવાહન કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. પ્રેમ પરમાત્માના દર્શન કરાવે છે. મોહ એ અજ્ઞાન છે. સત્યમાંથી પ્રેમ પ્રગટે છે. જૂઠમાંથી મોહ ઉત્પન્ન થાય છે. મોહની સજા ભારી હોય છે. જન્મ મરણ એ મોહની સજા છે જે જીવાત્મા સંતની દયાથી, પરમાત્માની કૃપાથી પરમાત્માને ભજે છે તેનો ઉદ્ધાર થઇ જાય છે. રહૂગણ રાજાને સત્સંગ પ્રાપ્ત થયો છે–પરમાત્માની પ્રાપ્તિનો અરૂણોદય તે સત્સંગ. અરૂણોદય પ્રાપ્ત થતાં સૂર્યોદયની ખાત્રી થાય છે. સત્સંગનો ઉદય થતાં પરમાત્મારૂપી સૂર્યોદયની ખાત્રી થાય છે. સત્સંગ મેળવવા માટે યોગ્યતા પણ હોવી જોઇએ. સત્સંગની સૌથી મોટી યોગ્યતા તે નિરભિમાનપણું છે. રહૂગણ રાજા હતો એટલે મદ હતો. એ મદ ઉતારવા મહાત્મા ભરત સચોટ જવાબ આપે છે. તેના મનને પાતળું કરી નાંખે છે. મહાત્મા ભરત કહે છે, 'હે રાજન! તારે આત્મજ્ઞાન અને શાંતિ જોઇએ છે? તો ઉપનિષદ્માં ભૂમા નામની વિદ્યા છે તે જાણી લે. છાંદોગ્ય ઉપનિષદ્માં ગુરુ સનત્કુમાર અને શિષ્ય નારદજીનો સંવાદ છે.....तरति शोकं आत्मवित् એ નારદજીએ સાંભળેલું. શોક છે કઇ ચીજ? પ્રિય વિયોગે ચિત્તનો સંતાપ એ શોક. પ્રિયના વિરહમાં જ માનવી ઝૂરતો હોય છે. આપણને શાંતિ નથી, ચેન નથી, ઉના તવા ઉપર ચાલતા હોઇએ એમ લાગ્યા કરે છે. ત્રણ તાપનો શોક દૂર કરીએ એવી સર્વના હૈયામાં અભિલાષા હોય છે. પ્રાણીમાત્ર અજ્ઞાનથી વિદ્ધ છે. પ્રિયના વિરહથી ઉત્પન્ન થનારો મનઃસંતાપ તે શોક છે તો પ્રિય કોણ? આપણો વહાલો કોણ? સહુથી વહાલી ચીજ કયી? વિવેક સિવાય સાચા પ્રિયને કોણ સમજાવે? આત્મજ્ઞાન તો પ્રાણીમાત્રને છેજ પણ પ્રાણીમાત્ર પોતાને જ ચાહે છે. પોતાના સ્વરૂપની તે ચિંતા કરતો નથી. સ્વરૂપ અને પરરૂપ એ દુનિયાના બે રૂપો છે. આત્મા આપણામાં છે–આપણે છીએ. અને તે વહાલી ચીજ હોવાથી દુનિયાની દરેક ચીજ વહાલી લાગે છે. સ્વરૂપ એટલે આત્મા પરરૂપ એટલે પ્રકૃતિ. પરરૂપનાં દર્શનની સજા એટલે શોક. तरति शोकं आत्मवित्–જાતનો જાણકાર શોક તરે. જે જાણશે તે ચાહશે. એટલે સમજપૂર્વક તમારી જાતને ચાહો એટલે જાતનો ખ્યાલ આવશે. આપણી કાયા–શરીરને જ આપણે આત્મા માની બેઠા છીએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રાણીમાત્ર મૂળ અવસ્થાએ એટલું બધું મોટું છે કે તેનું માપ નીકળી શકતું જ નથી. શાસ્ત્રમાં આત્માને લગતું વિશુદ્ધ ચિંતન છે. દેશ કાળના પરિચ્છેદો તેને નડતા નથી. આપણે આપણી જાતે જ કેવા મોટા થઈ શકીએ છીએ? પોતાના ઘરમાં રહેતા હોવા છતાં કોઇ પૂછે કે ક્યાં રહો છો? તો આપણે ઘરનું નહીં પરંતુ શહેર-કે ગામ જ્યાં રહેતા હોઇએ તે જણાવીએ છીએ. તે છોડી અન્ય જીલ્લામાં જઇએ તો પોતાના જીલ્લાને વતન તરીકે ઓળખાવીએ છીએ. પરપ્રાન્તમાં જઇને ગૂજરાતી તરીકે ઓળખાવીએ છીએ. પરદેશમાં જઇએ તો ત્યાં હું ભારતીય છું અથવા હિંદી છું એ રીતે આપણી જાતને ઓળખાવીએ છીએ આખા દેશની સાથેની તન્મયતા બતાવીએ છીએ. હિંદના મટીને એશિયાવાસી બની જઇએ છીએ. અરે! ચંદ્રલોકમાં જવાનું થાય તો આપણી જાતને પૃથ્વીલોકના વતની તરીકે ઓળખાવીશું. પછી બ્રહ્માંડમાં ઉભો રાખે અને બીજા બ્રહ્માંડમાં જઇએ તો આપણે ત્યાં, "હું સૂર્યગ્રહનો નિવાસી છું એ પ્રમાણે આપણી જાતને ઓળખાવીએ. આમ વામન મટી વિરાટ સ્વરૂપ બની જઇએ છીએ. પછી પરમાત્મા કહે કે તું કોણ છું તો કહું કે હું તું છું. માણસ પોતાની જાતને ખૂબ જ નાની માની બેઠો છે. પરંતુ તે ખૂબ જ મોટી છે. આત્માના બરાબર પરિચય સિવાય શોકની નિવૃત્તિ થતી નથી. આત્માનો જાણકાર શોકને તરી જાય છે. શોક અજ્ઞાનમાંથી જ જન્મે છે. હે સનત્કુમારજી! મને શોકને પાર આનંદભૂમિમાં લઈ જાઓ નારદજી વળી પૂછે છે કે. "સાચા પ્રેમનું ઉદ્ભવસ્થાન કયું" સનત્કુમારજી કહે છે કે, "હે દેવાર્ષિ નારદ! તું જાણી લે કે અલ્પમાં સુખ નથી. મૂમામાં સુખ છે. એને અલ્પત્વ નથી. આત્મા કોઈ દિવસ પ્રમાણથી મપાતો નથી. જ્ઞાનના ત્રણ સાધનો છે. (૧) પ્રત્યક્ષ પ્રમાણ (૨) અનુમાન પ્રમાણ અને (૩) શાસ્ત્ર પ્રમાણ. આ ત્રણેની માપણીમાં આવે એવો આત્મા નથી. પ્રત્યક્ષની પહોંચમાં આત્મા આવી શકતો જ નથી. વિષયો અને ઇન્દ્રિયોના સંયોગોને લઈ પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. અયમાત્મા-આ આત્મા જોઈ શકાય તેવી ચીજ નથી. ભગવાન નજરે દેખાય એવો છે કે કેમ? પ્રત્યક્ષ જેટલું ખાત્રી કરાવનાર અન્ય પ્રમાણ છે કે કેમ? પ્રત્યક્ષ પ્રમાણ શંકાઓને મારી નાંખે છે. આંખ, નાક, કાન, જીભ વગેરેનાં પ્રત્યક્ષથી આત્મા પકડાતો નથી. હવામાં પાણીના ભેજના બિંદુ રહેલા છે. હવામાં પાણીના બિંદુ દેખાતાં નથી માટે નથી એમ કહેવું એ ડાહ્યા માણસના બોલ ન કહેવાય. પાણીના લોટામાં બરફ મૂકીએ તો લોટાની બહાર પાણીના ઝીણાં ઝીણાં બિંદુઓ આવેલાં જણાશે. હવામાં પાણીનાં બિંદુ ન હતાં તો એ આવ્યાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ક્યાંથી? નજરે ન પડે માટે તે વસ્તુ નથી એમ ન માનવું. એના નવ કારણો છે. આંખનું કાજળ પોતાથી ન જોઈ શકાય, પરંતુ બીજો માણસ જોઇ શકે છે. પોતાનાથી ન દેખાય એટલે કાજળ નથી એમ કહેવાય ખરૂં?...

વસ્તુ અતિ દૂર હોય તો ન દેખાય તેમજ અતિ નિકટતાને લીધે. પણ હોય છતાં ન દેખાય. પ્રત્યક્ષ પ્રમાણ તો ઇન્દ્રિયોનું પ્રમાણ છે. ન દેખાય છતાં આત્મા છે જ. અનુમાન પ્રમાણથી પણ આત્મા પકડાતો નથી. અનુમાનની સામગ્રી હોવા છતાં પણ તે પકડાતો નથી. કાર્ય પ્રત્યક્ષ છે તો કાર્યનું કારણ હોવું જ જોઇએ. કીડી મંકોડીઓ એકાએક નીકળી આવે ત્યારે કહેવાય છે કે હવે વરસાદ આવશે. વરસાદ હજુ પ્રત્યક્ષ આવ્યો નથી છતાં એ પ્રમાણે અનુમાન થાય છે.....

શાસ્ત્ર પ્રમાણઃ—એટલે પર પ્રત્યક્ષ પ્રમાણઃ મનને યોગની સાધનાદ્વારા આત્માનાં ઊંડાણમાં ઉતારવું. તેમ થતાં આત્માનો અનુભવ થશે..... यतो वाचो निवर्तन्ते.....तद्धाम परमं मम-એટલે વાણીથી પર છે. સમાધિ-દ્વારા આત્માનો જાત અનુભવ કરીને ઋષિમુનિઓએ તેનાં કરેલાં વર્ણનો તે શાસ્ત્રરૂપે અસ્તિત્વમાં આવેલાં છે. આજે શાસ્ત્ર પ્રત્યે લોકોને સૂગ છે. એ સૂગ દૂર કરવા માટે શાસ્ત્રીય જ્ઞાનના પ્રચારની જરૂર છે. એ માટે વિદ્વાનોની પરિષદો યોજવી જોઇએ. શાસ્ત્રો તો માબાપ જેવાં છે. જીવ દીકરી અને શાસ્ત્રો માબાપ. માબાપ દીકરીને પરણાવી પાદર સુધી વળાવે છે. પછી પતિનો સંયોગ કરાવવો તે માબાપનું કામ નથી તેમ સમાધિ સુધી શાસ્ત્રો માર્ગદર્શન કરાવે છે પછી પ્રભુનો સંપર્ક તો સ્વયમેવ થાય. તે તો સ્વસંવેદ્ય જ હોય! એક પંચાંગમાં લખ્યું હોય કે અમુક દિવસે વરસાદ આવશે. પછી ચાર પાંચ પંચાંગ લઇ તેને નીચોવું તોપણ પાણીનું એક ટીપું પણ તેમાંથી પડશે નહીં. એટલે કે શાસ્ત્રને નીચોવવાથી પરમાત્મા ટપકતો નથી. જો કોઇ કેવળ શાસ્ત્રને વળગી પરમાત્માની પ્રાપ્તિ ઇચ્છે છે તે ભીંત ભૂલે છે. પરમાત્મા તો अपाणिपादो जवनो गृहिता पश्यत्यचक्षुः सशृणोत्यकर्णः છે.....શાસ્ત્રો એ પરમાત્મા તરફ લઇ જનારો રાજમાર્ગ છે. શાસ્ત્રો એ પરમાત્મા તરફ લઇ જનારી કેડી છે. આત્માને મેળવવાની સાધનાસરણી છે...ब्रह्मविद् आप्नोति परम्. શાસ્ત્રો અભ્રાન્ત દર્શનો છે. પૂર્વાનુભવીઓનાં આત્મદર્શનનો નકશો છે. દરેકે પરમાત્માનો જાત અનુભવ કરવાનો છે...આપણે બેઠા હોઇએ, નજરે જોતા હોઇએ અને કહીયે કે આપણે જન્મ્યા તે કેમ માની શકાય? એનો શો જવાબ! અહીં કહેનાર સત્યથી વેગળો છે. જન્મ્યા છીએ તોજ બેઠા છીએ અને તોજ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જોઈએ છીએ એ સત્ય છે...આથી આત્મા મેળવવા યોગ્ય છે. સો વર્ષે નહી તો કલ્પનાને અંતે પણ આત્મા પ્રમાણોથી મળતો નથી. એ, મેળવવાના રસ્તા પર ચાલવાથી મળે છે. ગીતાના ૧૩મા અધ્યાયમાં ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ યોગમાં એનું વિશદ વર્ણન છે.

ભગવાન કહે છે કે તમામ ક્ષેત્રમાં હું જ છું. બધા ક્ષેત્રજ્ઞો તે પણ હું જ છું એમ માન. એમ ન લાગે ત્યાં સુધી સાધના અધૂરી છે. "જ્યાં સુધી આત્મતત્વ ચિન્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી" એ નરસિંહ મહેતાની કાવ્યપંકિત ખૂબ જ બોધપ્રદ છે. એ અનુભવવેણ છે...પરમાત્માની કેડી એવી સરસ છે કે ચાલવાની મઝા આવે છે. વળી એ રસ્તો કાંટાળો પણ છે, પણ નિરાશ થવાની જરૂર નથી. રસ્તે ચાલતાં પડી જવાય તો પણ કોઇ ચિંતા નથી. પતનમાંથી ઉદ્ધારનાર કોઇ તત્વ છેજ. પડવું એમાં શરમ નથી પણ પડયા પછી પડયાપાથર્યા બેસી રહેવું તેમાં શરમ છે. ચઢવું જ હોય તો મહાન પ્રયત્નો કરવા જ જોઈશે. મહાન પાપીને પણ દુનિયામાં નિરાશ થવાની જરૂર નથી. ભગવાન કહે છે કે મહાપાપી, વંઠેલ, જગતના ઉતાર સમો માણસ પણ જો હૃદયપલ્ટો કરી મારી પાસે આવે તો હું તેનો ઉદ્ધાર કરૂં છું...સત્યની શોધ પૂરી થઈ નથી. એ વિકાસનો માર્ગ છે. ભગવાન કહે છે કે હું તમામ ક્ષેત્રોમાં હાજરા હજૂર છું....શ્રીમદ્ ભાગવત એ તો ગીતા ઉપરનું સુંદર અનુપમ મહાભાષ્ય છે. ગીતાના સિદ્ધાંતો અને વેદના સિદ્ધાંતોનો સુંદર સમન્વય શ્રીમદ્ ભાગવતમાં છે. अमानित्वं...दुःखदोषानुदर्शनम्–એ આત્મજ્ઞાનનાં સાધનો છે. સત્યની પ્રથમ આરાધના અમાનિત્વ છે. ભગવાન મહોર મારે છે કે તેને પ્રાપ્ત માટે નિરભિમાની થાઓ. એટલે કે પ્રાણીમાત્રનો સ્વીકાર કરતા થાઓ. કલ્પનાનો ઢગલો ખડકવાની જરૂર નથી...अदंभित्वम्–આપણું કરેલું આપણે ન જાણીયે તે અદંભિત્વ. પરમાત્માની યોજનામાં એકાંતજ નથી... આપણે જેવા નથી તેવા જગતમાં રજૂ થવાની જરુર નથી. મહાત્માપણાની પરીક્ષા વખતે જો ટકી ન શકાય તો તે મહાત્માપણું નથી. દંભ છે, અને તેથી તે તિરસ્કૃત છે. સિંહનો લેબાશ ધારણ કરનાર શિયાળની છેતરપીંડી લાંબો સમય ટકી શકતી નથી. દંભ ઉઘાડો પડયા વગર રહેતો જ નથી. સત્યનો વિરોધી અવગુણ તે દંભ. ઋષિનો બોલ છે કે सत्यमेवजयते–સત્યનીજ જીત થાય છે. સત્ય એ દેવયાન પન્થાઃ છે સત્યથી ઋષિઓ એ પંથે ચાલે છે. છેવટે તો મોક્ષ અવસ્થા એજ નિર્દંભ અવસ્થા છે...અવસ્થા ચાર છેઃ—

(૧) જાગૃત (૨) સ્વપ્ન (૩) સુષુપ્ત (૪) તુરીય...

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આત્મા નિષ્પ્રપંચ છે એટલે મૌલિકરૂપમાં આત્મા વિરાજમાન થાય ત્યારે દંભ છૂટે છે. વ્યાવહારિક દંભ છૂટે તો પરમાત્મા આશીર્વાદ આપશે કે એના સંકલ્પો સત્ય હો! એનું કલ્યાણ હો. નાનું સરખું માંડૂક્ય ઉપનિષદ્ આત્માની અવસ્થાતીતતાની સમજ માટે બસ છે. એક માણ્ડૂક્યોપનિષદ્નું બરાબર સેવન કરવામાં આવે તો મુક્તિ ધ્રુવ છે. એ ઉપનિષદ્માં આત્માનું જ્ઞાન સભર ભરેલું છે...

...આ જગતમાં પ્રત્યેક આત્મા પોતાનું કર્તવ્ય કરવા આવે છે. પરમાત્મપ્રેમી પારકાના કર્તવ્યને જોશે નહીં. તે તો પોતાનાં કર્તવ્યો જ કરતો ચાલ્યો જશે. દુનિયા શું કહે છે તે તરફ તે ન જોશે ન જરાયે ધ્યાન આપશે. લોકને જેમ કરવું હોય તેમ કરે પણ મારે શું કરવું જોઇએ તે મારે જ વિચારવું જોઇએ એમ પ્રત્યેક માનવીએ વિચારવું જોઇએ. માણસે દુનિયાને સુધારવાનો મોહ ન રાખવો. દુનિયા તો ધોબીઘાટ છે. મેલ ધોવા માટે એનો ઉપયોગ થાય છે. પ્રાણીમાત્રની સાથે સદ્ભાવ રાખે તે પોતાનો સ્વાર્થ જ સાધે છે. ભગવાન ગીતાના ૧૩ મા અધ્યાયના ૨૦ થી ૨૬ શ્લોકમાં આવી સાધનસંપત્તિ બતાવી છે. જીજ્ઞાસુએ દિવસમાં એક કલાક માટે પણ આ સાધનસરણી પર વિચાર કરવો જોઈએ. પરમાત્મા મેળવવા જાતની શુદ્ધિ કરવી.

પરમાત્મા સાથે મિલન પામેલો જીવ તે યોગી. પરમાત્માને મળેલા જીવો તે યોગીઓ. યુજ્ એટલે જોડવું. તે પરથી યોગી શબ્દ બન્યો. એટલે પરમાત્મા સાથે જોડાયેલો-મિલન પામેલો જીવાત્મા તે યોગી. દરેક મનુષ્યે પ્રાતઃકાળમાં ઉઠી દંતધાવન, શૌચ સ્નાન વગેરે વિધિઓથી પરવારી એક શાંત જગ્યામાં બેસી ભગવાનની પ્રાર્થના કરવી. શરીરને પવિત્ર કરવું. માનસિક સ્નાન કરવું. પ્રથમ પ્રાર્થના એ કરવી કે હે પ્રભુ! सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः। सर्वे भद्राणि पश्यन्तु माकश्चिद् दुःखमाप्नुयात्.

સર્વ શબ્દમાં આપણી જાતથી લઈ સમગ્ર બ્રહ્માંડની કલ્પના છે. સ્થાવર જંગમ સર્વનું સુખ ઇચ્છવું એવી ભવ્ય કલ્પના છે. એક જ આત્મા પ્રાણીમાત્રમાં છે તો સહુનું સુખ ઇચ્છવું એ ધર્મ થઇ પડે છે. આખું વિશ્વ પરમાત્માનું હૃદય છે. તમામ પ્રાણી પરમાત્માના અંગોપાંગ છે. નાનું સરખું દરદ હોય પણ તે આખા શરીરને પીડા કરે છે-દુઃખ આપે છે. જગત એ પરમાત્માનું શરીર છે. પરાઇ બુદ્ધિ કરનાર દુઃખી થાય છે. સુખી થાય એટલે શું? સુખ કયા પદાર્થનું નામ છે? આપણને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગમે તેનું નામ સુખ. ઝેર એ સાપનું સુખ. દુધપાક આપણને ગમે એ આપણું સુખ! પ્રાણીમાત્રને ગમતું હો એમ માણસ બોલે છે પણ વર્તનમાં મૂકવાનું આવતાં કસોટી થાય છે. પ્રાણીમાત્રની ઇચ્છા પ્રભુ પૂર્ણ કરો એવી ભદ્ર ભાવના રાખવી તેનું નામ સુખ. જગતના સુખની કલ્પના કરનારને પરમાત્મા પ્રથમ સુખ આપે છે. સર્વના સુખમાં પોતાનું સુખ માનનાર સુખી થાય છે. એ રીતે ઊંચા જીવનના પાયા મંડાય છે. આપણા પોતાના સુખની કલ્પના કરવાની ગંદી–બૂરી ભાવના જવી જ જોઇએ... સહૃદયની પ્રાર્થના જીવનમાં ક્રાંતિ કરે છે. નિરામયતા એટલે સર્વની નીરોગિતા. सर्वेभद्राणि पश्यन्तु સૌના દર્શન કલ્યાણમય હો! પ્રાણીમાત્ર ત્રિવિધ દુઃખથી રહિત હો! આવી ભાવના રાખવાથી પરમાત્માની કરૂણાથી હૃદયની શુદ્ધિ થશે. આખા દિવસમાં જે કાંઇ શુભ મારાથી થાય તે હે પ્રભુ! તારી પ્રસન્નતાને માટે હજો! એવી ભાવના રાખવી...ઘરમાં વડિલનું માન કેમ જળવાય છે? કારણ કે વડિલ ઘરમાં બધાને ખવડાવીને ખાય છે.

.....ભગવાન બધામાં એકજ છે. જેને જે રૂપે ભજવો હોય તે રુપે ભજવો. ये यथामां प्रपद्यन्ते तान् तथैवभजाम्यहम् । જેને જે કેડી પરથી જવું હોય તેને તેમ કરવાની સ્વતંત્રતા છે. બધાજ ધર્મો પ્રભુને ત્યાં લઈ જનારા રાજમાર્ગો છે. પ્રભુ તો સહુનું કલ્યાણ કરનારા જ છે. ધાર્મિક ઝગડો એ મૂર્ખતા છે. ધર્મ આચરવામાં છે. ઝગડામાં નથી. આપણું શ્રેષ્ઠત્વ આચરણમાં બતાવવું જોઇએ. સનાતન ધર્મ સર્વશ્રેષ્ઠ છે. રામ અને કૃષ્ણને પણ એક બાજુ ખેંચી લઇએ તોપણ ધર્મનું માળખું તૂટી પડે તેમ નથી. હિંદુ ધર્મમાંથી ૨૪ અવતારો કાઢી નાંખીએ તોપણ વાંધો નથી. હિંદુ ધર્મ–સનાતન ધર્મ તો સમુદ્રના જેવો વિશાળ છે. તમામ ધર્મોને સમાવવાની એનામાં તાકાત છે. હિંદુ ધર્મ કોઇની હડધૂતમાં માનતો નથી. જે ધર્મમાં રામ અને કૃષ્ણ છે તે શું જરા જરામાં અભડાઈ જાય? એ તો પ્રાણીમાત્રને પાવન કરનારો છે. પતિતપાવન છે. રામકૃષ્ણના નામ માત્રથી પવિત્ર થવાશે. આપણે એક રીતે ઇશ્વરને કેદ કરવાની મૂર્ખતા કરીએ છીએ. ધર્મ ગયો તેનું દુઃખ નથી પણ અધર્મ આચરીએ છીએ તે દુઃખદ છે. આ કળીજુગ નથી. સત્યયુગ તો અત્યારે પણ છે. આપણી બુદ્ધિને વાંકાપણું આવી ગયું છે. પરમાત્મા પ્રત્યેક ક્ષણે છે જ તો પછી કલિ ક્યાંથી આવ્યો?.....यतः अभ्युदयनिश्रेयससिद्धिः स धर्मः ધર્મનો સાચો અર્થ એજ છે. આત્માનું આત્યંતિક કલ્યાણ કરે તે ધર્મ. જો ધર્મ એ અભ્યુદય અને નિશ્રેયસને આપનારો છે તો હિંદુ જાતિ દલિત અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દુઃખી કેમ? જવાબ સ્પષ્ટ છે. આપણે આપણો ધર્મ છોડયો છે. તેથી આપણું અધઃપતન થયું છે. સંધ્યા એ તો અંતરાત્માના પ્રાગટય માટેનું સાધન હતું અને છે. સંધ્યા ગઈ તેના બદલામાં કંઈ આવ્યું છે કે નહીં? હા! સંધ્યાને બદલે પ્રાર્થના આવી. વાગા બદલાય છે. દેવ બદલાતા નથી. જગદાત્મા પ્રત્યેક ક્ષણે વાગા બદલે છે. ધર્મનો બાહ્ય આકાર બદલાયો છે પણ ધર્મ તો તેજ છે. ભગવાન સિવાય તો કોઇને કદી ચેન પડવાનું જ નથી. જગત ભ્રષ્ટ થયું છે એમ માનવું ગલત છે. અસલના લોકો સારા હતા, આજના પણ સારાજ છે અને આવતી કાલના પણ સારાજ રહેવાના છે. પ્રભુ કર્મ પ્રમાણે સર્વને દોરી રહ્યો છે.

આપણે વિશાળ દૃષ્ટિથી જગતને જોતાં શિખવું જોઇએ. વિશ્વની તમામ સંસ્કૃતિઓની આજે તાવણી થઇ રહી છે. બધી સંસ્કૃતિઓમાં જે મેલ ભરાયો છે તે એ તાવણીથી નીકળી જવાનો છે અને તેમ થતાં સંસ્કૃતિઓ તેના મૂળ શુદ્ધ સ્વરૂપમાં બહાર આવશે. હિન્દુધર્મ કદી નાશ પામવાનો નથી તેમ તેઓની એકજ કલ્પનામાં રહેવાનો પણ નથી. સંસ્કૃતિની તાવણીના પ્રસંગે તો આનંદ પામવો જોઇએ. સોનું બદલાતું નથી તેનો ઘાટ નવો કરવાનો છે. નવો ઘાટ થતાં કાંઈ સોનું સોનું મટી જતું નથી. જૂના ઘરેણાં ભંગાવી નવા ઘાટના બનાવીએ તેમ ધર્મનું સમજવું. ધર્મના નવા આકારો–નવાં બીબાંઓદ્વારા આવવાના જ છે. તમામ પ્રજાઓનો સંસર્ગ થવાનો જ છે. વેદ પ્રવર્તિત ધર્મ–વૈદિક સનાતન ધર્મ સુંદર સ્વરૂપે દુનિયામાં પ્રસરવાનો છે અને તમામ પ્રજા તેના ઝંડા નીચે આવવાની જ છે. પ્રચંડ પ્રવાહ ધસી રહ્યો છે. ઘોડાપૂરે જગત ફેરવાવાનું હોય ત્યારે તેમાં બધા તણાવાના જ. વિરાટના પરિવર્તનના સમયે ભાગવત–વેદ–ગીતા ઉપનિષદના ધર્મનો પ્રચાર થવાનો જ છે. તમામને–વિશ્વની તમામ પ્રજાને એના સિદ્ધાંતો સ્વીકાર્યા સિવાય છૂટકો થવાનો જ નથી. આ રીતે વિચારતાં વેવલા, પોમલાં, નમાલાં ન બનવું ઘટે. વેવલાપણા માટે તો વેદની લાલ બત્તી છે. શુદ્ધ ભાવના અને તે પ્રમાણેનું વર્તન એ પ્રેમનું ચિન્હ છે. કેવળ બાહ્ય આકારો ઉદ્ધારી શકનાર નથી. હિન્દુધર્મ તો મિનિટે મિનિટે જીવતો ધર્મ છે. ક્ષણે ક્ષણે નવા નવા સ્વરૂપે વિકાસ પામતો ધર્મ છે. આત્માને જેવો છે તેવો ન બતાવવો અને જેવો નથી તેવો બતાવવા પ્રયત્ન કરવો એ મહાન પાપ છે. ધર્મની કસોટીનો સમય આવી પહોંચ્યો છે. તેની અગ્નિ પરીક્ષા થવાની છે. કંદનને અગ્નિમાં નાંખતાં તેની વિશુદ્ધિ થાય છે તેમ અગ્નિ પરીક્ષાથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ધર્મની પણ વધુ વિશુદ્ધિ થશે. જીવન છે ત્યાંસુધી હિન્દુધર્મ નાશ પામવાનો નથી. ધર્મની-સંસ્કૃતિની દોડદોડમાં હિન્દુ લોકો જ જીતવાના છે. એનો એટલે કે હિન્દુ સંસ્કૃતિનો-હિન્દુધર્મનો-દિગ્વિજય થવાનો જ છે તેમાં કોઈ શક નથી. મનુમહારાજની વાણી સત્ય થવાનીજ છે. એ વાણી એ છે કે एतद्देश प्रसूतस्य सकाशादग्रजन्मनः। स्वेस्वं चरित्रंशिक्षेरन् पृथिच्यां सर्वमानवाः॥ આ દેશની માટીમાંથી ઉત્પન્ન થયેલા બ્રાહ્મણોદ્વારા બધા ધર્મ શિખશે. એ બ્રાહ્મણ કેવળ જાતિએજ બ્રાહ્મણ ન હોય. જાતિ અનિવાર્ય નથી. મહાભાષ્યમાં ભગવાન પતંજલિ મુનિ કહે છેઃ-તે એતે શબ્દાઃ ગુણવાચકાઃ ન જાતિવાચકાઃ-જન્મે બ્રાહ્મણ અને ગુણે બ્રાહ્મણ હોય તો સોનામાં સુગંધ મળવા જેવું છે. તેમ ન હોય તો એટલે જન્મે બ્રાહ્મણ ન હોય તો ગુણે બ્રાહ્મણ હોય તો પણ તે પૂજ્ય છે. જેમકે ગાંધીજી. જન્મે બ્રાહ્મણ પણ કર્મે ચંડાલ હોય તો તે બ્રાહ્મણ નથી પણ ચંડાલજ છે. બ્રાહ્મણ પૂજ્ય તો છે પણ ગુણો સંપન્ન ન હોય તો તેનો કશો અર્થ નથી. જાતિ કેળવાય છે. ગુણ કેળવાતા નથી. વિશ્વામિત્ર ઋષિ જાતિએ ક્ષત્રિય હતા પણ કર્મથી બ્રાહ્મણ થયા. આપણે જો કર્મે બ્રાહ્મણ ન થશું તો પ્રજા તરીકે આપણું અસ્તિત્વ રહેવાનું નથી.... સ્વામી દયાનંદ સરસ્વતીએ દેશને બચાવ્યો છે. ઊંચે જનારને ના કેમ પડાય? વેદ ભણવાનો અધિકાર તમામ વર્ણોને છે તેનો ઇન્કાર કરી શકાય તેમ નથી. ઇન્કાર કરવો એજ અધર્મ છે.

ઋગ્વેદ સૌ વેદોમાં મુખ્ય છે. તેના ઉપર ઐતરેય બ્રાહ્મણ ગ્રંથ છે. તેના રચયિતા મહીદાસ ઐતરેય. મહીદાસ ઐતરેય શૂદ્રપુત્ર હતા! છતાં આપણે અહિંદુત્વ બનાવી શૂદ્ર જાતિ માટે જ્ઞાનનો પંથ બંધ કરી શકી-એજ નહિ. ભગવાન શંકરાચાર્ય બ્રહ્મસૂત્રમાં અધ્યાસભાષ્યમાં કહે છે કે, હે જીવ! તારે પરમાત્મા સાથે બ્રહ્મભાવ પામવો હશે તો અધ્યાસને-પ્રાદેશિક સાંસ્કૃતિક કે કોઈપણ પ્રકારના અધ્યાસને દૂર કરવાજ પડશે. જીવનનો મહાન વિગ્રહ પરમાત્મા અને આપણી વચ્ચેની દિવાલના ખ્યાલને તોડવામાં છે. એ દિવાલ દૂર કરવી મુશ્કેલ વાત છે: છતાં શક્ય છે. સમજી લો કે હું અને બધા શિવોડહં શિવોડહં છીએ. પ્રાણીમાત્રની ઓળખાણ એકજ છે અને તે "ગોવિંદ" છે. શાસ્ત્રનો ન ભૂલાય એવો એ ધ્વનિ છે. ભૂમા કવિ કહે છે કે સુખના વિશાળ ખ્યાલો પરમાત્મા સાથેની તન્મયતામાં છે. જડભરતે રહૂગણ રાજાને પણ એજ કહ્યું છે. બધી સાધનસરણીની શરુઆત અહીંજ છે. મહાત્માઓના ચરણરજનો માથે અભિષેક ન થાય ત્યાં સુધી ઉન્નતિ નથી. સંતસેવા અને સત્સંગથી વેદાન્તના ઉચ્ચ ખ્યાલોમાં તન્મયતા આવે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દ્વેષરાગ રહિત સ્થિતિ એ સત્ય. હિમાલયના શિખરો પારનેરાના શિખરો બને-દેખાય-એ સ્થિતિ રાગદ્વેષ રહિત થવાથી જ પ્રાપ્ત થાય. તમામ જન્મોમાં મનુષ્ય જન્મ સર્વશ્રેષ્ઠ છે. મનુષ્ય યોનિ સિવાય અન્ય યોનિયોમાં મહાત્માઓનો સમાગમ-સત્સંગ થતો નથી. આથી મનુષ્ય યોનિ એ મુક્તિ-દ્વાર છે. આ જ્ઞાન લાધે છે ત્યારે રહૂગણ જડભરતને નમન કરે છે. તે કહે છે, દુનિયાની વૃદ્ધાવસ્થાને મારા નમન હો. આ બ્રહ્માંડની તમામ વૃદ્ધાવસ્થા-ભૂતકાળને વંદન હો. ભવિષ્યકાળ એટલે દુનિયાના બાળપણને નમન હો. દુનિયાના તારુણ્યને નમન હો! બાળક ભવિષ્યકાળ, તારુણ્ય વર્તમાનકાળ અને વૃદ્ધાવસ્થા એ ભૂતકાળ છે. બટુકથી માંડીને તે દાદા-વડદાદા સુધી સહુને પ્રણામ હો! ब्रह्म जानाति इति ब्राह्मणः બ્રહ્મને-પરમાત્માને-જાણે તે બ્રાહ્મણ. એવા બ્રાહ્મણો આખી પૃથ્વી પર ફરનારા છે. ઇંગ્લંડ તથા અમેરિકામાં પાકતા ઊચ્ચ જીવો પણ બ્રાહ્મણ જ છે. આઇન્સ્ટાઇન પણ મોટો બ્રાહ્મણ છે. અણુની શોધ કણાદ ઋષિની છે. વિદ્યા જ્યાં હોય તે બ્રાહ્મણ. બાહુબળ ત્યાં ક્ષત્રિય, ઉદ્યોગ ત્યાં વૈશ્ય અને સેવા ત્યાં શૂદ્ર. અવધૂત તો પર કોટિના બ્રાહ્મણ છે. कणान्अत्ति इति कणादः કણ કણ ખાઈ તેણે અણુવાદ સ્થાપિત કર્યો. કણાદ તો મહાન દાર્શનિક ઋષિ હતા. પ્રાણીમાત્રનું કલ્યાણ કરવાની વૃત્તિવાળા હતા.....

ભૂગોળ વર્ણનઃ—भूत्रः गोलः भूगोलः એટલે કે સત્તાનું વર્તુળ. પરમાત્માની પરમસત્તાનું મહાવર્તુળ તે ભૂગોળ! આજની ભૂગોળ સાથે મળતી આવે તેવી ભાગવતની ભૂગોળ નથી. એમાંનાં વર્ણન અગત્યનાં નથી. મહાત્મા શુકદેવે વર્ણવેલો નકશો અને આજનો નકશો મેળ ખાય તેમ નથી. ત્યારે શું સત્યના આરાધક શુકદેવજીએ આવી ભૂગોળ લખીને લોકોને છેતરવાનો આશય રાખ્યો હતો? નહીં જ. તેમનો આશય તેવો ન હતો. ભાગવતનું કલેવર, પ્રવૃત્તિ જોશું તો લાગશે કે મહારાજા પરિક્ષિતને શાપ થયો હતો. સાત દિવસમાં તેનો મોક્ષ કરવાનો હતો. આત્માને લાગતો મોતનો ભય કેવળ અજ્ઞાનથી જન્મે છે. જ્ઞાનથી તે ભય નષ્ટ થાય છે. આથી એ પ્રાણીમાત્રનો પ્રશ્ન છે. શુકદેવજી કહે છે, હે અમૃતના સંતાનો! મોત જો આવવાનું જ છે તો પછી તેનાથી ભયભીત શા માટે થવું? હાથીના પગલામાં જેમ બધાં પગલાં સમાઈ જાય છે તેમ દુનિયાના તમામ ભયો મોતમાં સમાઈ જાય છે. મોત સાથેની મલ્લ કુસ્તીમાં મોતને મહાત કેમ કરવું? આત્મજ્ઞાનથી જ મોતને મહાત કરી શકાય છે. મોતને હું એટલે આત્મા મારી શકું છું. મોત એ તો કેવળ કલ્પના છે. મૃત્યુ એટલે દેહનો ફેર. ઇન્દ્રિયોનો ફેર.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરિસ્થિતિનો ફેર. સંબંધનો ફેર. આત્મા પરિસ્થિત્યંતરજ પામે છે. તો પછી હું આત્મરૂપ છું, ગમે ત્યાં જઇશ, ગમે તે ખોળિયામાં રહીશ તેનો ખેદ નથી. આ એક ઊંચું ચિંતન છે...કૃષ્ણ પરમાત્મા તો પૂર્ણાવતાર હતા. ઇશ્વરની સ્વેચ્છાથી એવા જીવાત્મા પ્રાણીમાત્રના ઉદ્ધાર માટે જન્મે છે. આત્માનું અમરત્વ જાણી લીધા પછી. જનમવું પડે તો તેમાં અધિક આનંદ છે. નરસિંહ મહેતાએ ગાયું છે કે "હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે. આત્માને જાણી લીધા પછી જન્મવામાં કંટાળો આવતો નથી. મઝા આવે છે. પણ એક વખત આત્માને બરાબર પીછાની લેવો જોઇએ. આત્મા અજર અમર છે એમ સંપૂર્ણ અનુભવાત્મક જ્ઞાન મેળવ્યા પછી જીવવામાં મઝા આવે છે. ડરને દેશવટો અપાય એટલે પરમાત્મા પ્રત્યક્ષ થાય. જગત એ આત્માની રમત છે. જન્મથી લઈ મૃત્યુપર્યંત બધા ભાગ ભજવવાના છે. સાપ હોય પણ સાપના બધા ઝેરી દાંતો તોડી નાંખ્યા પછી તેનો ડર શો ? એવા આત્મજ્ઞાનીઓ તો સંસારની શોભા છે. શુકદેવજી છેવટ પરીક્ષિતને કહે છે, તું મરીશ એ પશુ બુદ્ધિનો ત્યાગ કર, ભયમાત્રનો ત્યાગ કર. તું જનમ્યો નથી જન્મવાનો નથી માટે પશુબુદ્ધિનો ત્યાગ કર. આનંદ અને અમૃતત્વની પ્રાપ્તિ એ ભાગવતનો પ્રધાન સૂર છે. લગ્ન વખતે મુખ્ય વસ્તુ તો વરકન્યાનો હસ્તમેળાપ છે. એ કાર્ય ઢોલ–વાજીંત્રો વગર થઇ શકે છે. અલબત્ત લગ્નના ઉત્સવના આનંદની વૃદ્ધિ કરનારા એ તત્વો છે; પરંતુ લગ્ન માટે તે અનિવાર્ય નથી. પરણવું એ અગત્યનું છે. કેવી રીતે પરણવું તે અગત્યનું નથી. તેમ આત્મા અમર છે. જન્મમરણ એ કેવળ ભ્રાંતિ છે. ભગવાન શુકદેવજીએ આ મૂળ વસ્તુ ભાગવત દ્વારા ઠસાવી છે-પ્રતિપાદિત કરી છે. એ મૂળ વસ્તુના પોષક તરીકે બાર સ્કંધો છે. પાંચમો સ્કંધ એ ભૂગોળ છે. આખું બ્રહ્માંડ એ પરમાત્માનું સ્થૂળ સ્વરૂપ છે. આ પૃથ્વી એ પૃથ્વી નથી પણ પરમાત્માની અષ્ટધા પ્રકૃતિમાંની એક પ્રકૃતિ છે. નવખંડ ધરતી, સાતદ્વીપો, અને સાત સમુદ્રો એ પ્રભુ સ્વરૂપ છે. ભાગવતની ભૂગોળનો મુખ્ય મુદ્દો તો પરમાત્મા સ્થૂળ સ્વરૂપે પણ વિદ્યમાન છે એ બુદ્ધિ ઉત્પન્ન કરવાનો છે. એજ આદેશ છે. અદ્‌ભુત રસની ઉત્પત્તિ માટે અને કાવ્ય સૃષ્ટિની રચના માટે વર્ણનો છે. સૃષ્ટિની વિશાળતા, સૌન્દર્ય, અને બ્રહ્માંડની રચના એ બધા પરમાત્માના સ્થૂળ સ્વરૂપ પર પ્રીતિ ઉપજે એ આશયની પરિપૂર્તિ માટે છે. માનવે અલ્પ ન બનવું જોઇએ. ઘર હોય પણ ઘરની મમતા ન હોય, એ ઘરમાંથી એક દિવસ વિકલ્પ લેવાનીજ છે એમ માનવું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જોઇએ એટલે આસક્તિ રહિત જીવવું જોઇએ. ઋષિઓનો હંસલો તપાસવાની જરુર છે. એ હંસલો કેટલો વિકસિત અને કેટલો વિશાળ!

ઉપનિષદમાં પરમાત્માના ચાર પાદ વર્ણવ્યા છે. એક પાદ સૂર્ય અને ચંદ્ર છે એટલે કે જ્યોતિ નામનો પાદ છે. આપણી અને સૂર્યની વચ્ચે લાખો માઇલનું અંતર છે. આપણાથી સૂર્ય નવ કરોડ માઇલ દૂર છે એમ કહેવાય છે. એ અંતર મપાયું કેવી રીતે? તેજોવત્સરથી. સૂર્યનું પ્રથમ કિરણ પૃથ્વી ઉપર કેટલી મિનિટમાં આવે તે પરથી એ અંતર મપાય છે. પ્રકાશનું કિરણ એક સેકન્ડમાં એક લાખ અને છયાસી હજાર માઇલની રાક્ષસી ઝડપથી–વેગથી ધસે છે. એટલે એક તેજોપળ થઈ એવી ૬૦ તેજોપળની એક મિનિટ થાય. એ પ્રમાણે વર્ષ ગણી લેવું! ધ્રુવના તારાનું જે તેજ જોઇએ છીએ તે આજથી આવા ૬૫ વર્ષે (તેજોવત્સર) નીકળેલું. ગાર્ગી ઉપનિષદમાં પ્રશ્ન કરે છે કે સૂર્ય અને ચંદ્રને પણ પોતાના શાસનમાં કોણ રાખે છે? આ અક્ષર પરમાત્માની આજ્ઞામાં સૂર્ય અને ચંદ્ર સાથે રહે છે. પરમાત્મા બધાનું અંદરથી નિયમન કરે છે. બૃહદારણ્યકનો ઋષિ કહે છે:–આ પૃથ્વી પરમાત્માનું શરીર છે; પરંતુ પૃથ્વી તેને જાણતી નથી. તું અને પરમાત્મા કોઈ જૂદી ચીજ નથી. પરમાત્માની અનિર્વચનીય શક્તિઓ છે. અર્જુન ગીતામાં કહે છે તેમ પરમાત્મા અનંતવીર્ય, અનંત વિક્રમ છે. પૃથ્વીથી ૧૩ લાખ ઘણો મોટો સૂર્ય! તેવાં તો અસંખ્ય બ્રહ્માંડો છે. એ બધાં બ્રહ્માંડો પરમાત્માના રોમકૂપમાં તરવરે છે. પરમાત્માના રુંવાના ખાડામાં છે. વેદમાં સપ્તમંડળમાં કહે છે કે પૃથ્વીના કણ કણમાં બ્રહ્માંડ છે. એક વખત બ્રહ્માંડના અધિપતિ બ્રહ્માજીને અભિમાન થયું કે આવડા વિશાળ બ્રહ્માંડનો હું માલિક છું. ભગવાને વિચાર્યું કે બ્રહ્માજીમાં ઢેડો પેઠો છે એનું અભિમાન ઉતારવું જોઇએ. એક વખત બ્રહ્માજી ભગવાનને ત્યાં જાય છે. તે વખતે દ્વાર પર ભગવાનના ચોપદારોએ તેને અટકાવ્યા. ચોકીદારે બ્રહ્માને ત્રણ કલાક અટકાવ્યા. તે વખતે એક પછી એક મોટા બ્રહ્માઓ તેની પાસેથી પસાર થાય છે. બ્રહ્માજી ચોપદારને પૂછે છે કે એ બધા કોણ છે? ચોકીદાર જણાવે છે કે એ બધા બ્રહ્માઓ છે. તમે કયા બ્રહ્માંડના બ્રહ્મા છો તે અમારે ચોપડામાં જોવું પડશે. અહીં શુકદેવજી અનંત પ્રતિભાથી કહે છે કે એ સાંભળી બ્રહ્માનું અભિમાન ઓગળી જાય છે. બ્રહ્માંડ તો પ્રભુની આંખનો પલકારો છે. આપણે આપણું અજ્ઞાન કબૂલ કરવા જેટલા નમ્ર નથી. અભિમાનમાં રહી વિશાળનો આનંદ ગૂમાવીએ છીએ. ઋષિની જેમ નમ્રતાથી પ્રભુની પાસે જઇએ. દરેક જીવ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રભુ સાથે સંકળાયલો છે. પરમાત્મા એક છીંક ખાય એટલે બ્રહ્માંડના ટૂકડા થઈ જાય. અર્જુન ભગવાનને કહે છે કે તમારા સમાન કોઈ નથી તો તમારાથી અધિક હે પ્રભુ! કોણ હોઈ શકે? ભગવાન પળવારમાં દેવોનાં અભિમાન ગાળી નાંખે છે તો મનુષ્યનું શું પૂછવું!

ભાગવતમાં તો પ્રકાશલોક છે તો પછી નરક કેવું? એમાં પણ એક વિચારસરણી છે. If God is good from where the evil Comes? સ્વર્ગમાં વળી નરક કેવું? આપણને તળેટીમાંથી જોવાની ટેવ પડેલી છે. શિખર પરથી જોવાને ટેવાયલા નથી. આપણે તો ગિરિશૃંગ પરથી તળેટીમાં ઊતરી પડ્યા છીએ. ગિરિશૃંગ પર જઇને જોઇએ તો પૃથ્વી તળેટીમાંથી જોતાં ભયંકર લાગતી હતી તે ઉપરથી જોતાં સૌન્દર્યપૂર્ણ ચિત્ર જેવી લાગે છે. જીવનમાં ઊંચે રહેવાની ટેવ પાડીએ તો નીચેનું સૌન્દર્ય દેખાય. પુણ્યના ધવલશૃંગ પરથી જોવું જોઇએ. માણસની હીન વૃત્તિનો પણ લાભ ઉઠાવવો જોઇએ. ભય માણસને દુષ્ટ કામ કરતાં અટકાવે છે. નરકનો ખ્યાલ માણસ જાતને ખરાબ કામ કરતાં અટકાવે છે. ભગવાનની દુનિયાના આશ્ચર્યનો કોઈ પાર નથી. ભાગવત સાંભળવા બેઠેલા જીવોને નરકનો ડર રાખવાની જરુર નથી. નરક એ તો પાપી વૃત્તિઓને કાબૂમાં લેવા માટેનો એક ડર છે. પરંતુ સમજણ સિવાય પાપને અટકાવવાનો કોઇ સાચો ઉપાય નથી. આપણા ઋષિઓએ નરકનો ભય ઉપસ્થિત કરીને પ્રજાને સન્માર્ગ પર લાવવાનો પ્રયત્ન કર્યો છે. સાચી સમજદ્વારા માનવસમાજને પાપમાંથી ઉગારવાનો એ પ્રયત્ન છે. પાપ છે તો દયા કયાં છે? દુનિયામાં અનંત પાપો છે તો એ પાપને ધોવા માટે ધોબીઘાટ–ગંગાઘાટ છે કે કેમ? છતાં ભગવાને એ તમામ પાપનો નાશ કરવાનો માર્ગ પણ રાખ્યો છે. પરમાત્મા પાપીઓને શિક્ષા કરે છે તેમ તેના પ્રત્યે દયા પણ રાખે છે. His judgement is always tempered with mercy પરમાત્મામાંથી તો હમેશ દયા જ વહે છે. આટઆટલાં પાપ પછી પણ પરમાત્મા દરેક જીવને ઉદ્ધરવાની તક આપે છે. कथाशब्दमात्रेण कंपन्ते पापानि. તો પછી તેના શ્રવણથી તો પાપ ઊભું જ કયાં રહે? પરમાત્માની અગાધ દયા સંબંધી કવિ કલાપિના એક કાવ્યની પંક્તિ બીલકુલ સત્ય છે. પરમાત્માને ઉદ્દેશી કવિ કહે, "ધોવા બૂરાઈ પાપની ગંગા વહે છે આપની." પરમાત્મા તો પ્રેમની ગંગાનું જળ જ વહેવરાવે છે. ભગવાન તો પોતાના બાળકોના પાપની હંમેશ ક્ષમા જ આપે છે. कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति પુત્ર કુપુત્ર થાય પણ માતા કદી કુમાતા થતી નથી. તેમ પ્રભુ પોતાના બાળકો પ્રત્યે તો હંમેશ અમીદૃષ્ટિ જ રાખે છે.....

इति पंचमस्कन्धः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નરકનો અર્થ એ છે કે, તેનાથી નીચી અવસ્થામાં જવું અથવા અગિયારમા સ્કંધમાં ભગવાન ઉદ્ધવને કહે છે કે નરક એટલે તમોગુણનો ઊભરો. ચિત્તમાં ટાવ્યો ટળે નહીં એવો તમોગુણ ઊભરે ત્યારે કંઇ ન સૂઝે એવી અવસ્થા થાય તે નરક. સદસદ્ વિવેકબુદ્ધિ ત્યારે બ્હેર મારી જાય છે. જેવી બુદ્ધિ તેવાં આચરણ. આચરણોનો આધાર બુદ્ધિ. મેલાં કાર્યનું ફળ તે પાપ અને પરિણામે નરકની યાતના. કર્મોના ફળ ભોગવવાં પડે છે તે જાણી રાજા પરીક્ષિત નિવૃત્તિ પ્રવૃત્તિના ફળો–તેના માર્ગો પૂછે છે. ભગવાન શુકદેવજીએ કર્મના ફળો, મનુ, મન્વન્તરો ભૂગોળ વગેરેનું વર્ણન કરી છેવટ નર્કનું વર્ણન કર્યું. રાજા પરીક્ષિત કહે છે કે નરકની વાતથી મને ત્રાસકો પડ્યો છે કે પાપમાંથી છૂટાય કે કેમ? હું રાજા હોઈ વધુ પાપી હોઈશ. તો એમાંથી છૂટવાનો કોઇ ઉપાય છે ખરો? જે શાસ્ત્રમાં એક પાને નર્કનું વર્ણન છે તે શાસ્ત્રમાં બીજે પાને એવું વિધાન છે ખરૂં કે જેથી પાપની વૈતરણી તરી જવાય? એવો કોઈ સ્વાધીન ઉપાય છે ખરો? થઇ ગયું તે થઈ ગયું. બાણમાંથી તીર તો છૂટી ગયું પણ હવે તેને રોકવાનો કોઇ માર્ગ છે ખરો? બનેલા બનાવ ઉપર અશ્રુપાત કરવો એ ભારતવર્ષમાં ઉત્પન્ન થયેલાનું કામ નથી. ભારત તો કર્મભૂમિ છે. બુદ્ધિનો ઉપયોગ કરી છૂટવાનો માર્ગ શોધનારની એ ભૂમિ છે. શુકદેવજી કહે છે કે મનસા, વાચા કર્મણા કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત કરવાથી પાપ-નિવૃત્તિ થાય છે. પાપની ગુરુતા અને લઘુતાના પ્રમાણમાં મરણ પહેલાં પ્રાયશ્ચિત્ત કરવું. જેમ ચતુર વૈદ્ય પ્રથમ રોગનું નિદાન કરી અનુપાન સહિત ઔષધ આપી રોગને દૂર કરે છે તેમાં હાજી હા કરનાર શિષ્ય તરે નહીં. તેથી આગળની કોટિ પૂછનાર શિષ્ય તરે છે. રાજા કહે છે એ વાત તદ્દન સાચી પરંતુ કોઇને પગ પર કુહાડો મારવાનું ગમતું નથી. તેમ અનિચ્છાએ પાપ થઈ જાય તેની નિવૃત્તિ કેમ થાય? પરીક્ષિતજી કહે છે કે પ્રાયશ્ચિત કર્યા પછી પણ ફરી પાપ થાય તો તેની સ્થિતિ હાથીના સ્નાન જેવી થાય. હાથીને પાણીમાંથી બહાર કાઢવો એ માવતની પરીક્ષા છે. પાપ કરતાં પ્રાયશ્ચિત કરવામાં જ વધુ સમય જાય તેનું શું? શુકદેવજી કહે છે કે પ્રાયશ્ચિત તો જે આત્મતત્વ જાણતો નથી તેણે કરવાનું છે. સાચું આત્મજ્ઞાન મળે નહીં ત્યાંસુધી પાપને અટકાવી શકાતાં નથી. સાચું પ્રાયશ્ચિત તો સાચું આત્મજ્ઞાન જ છે. માણસ સ્વસ્વરૂપને પીછાને પછી પ્રાયશ્ચિતને કે પાપને અવકાશ જ રહેતો નથી. તે મનુષ્ય જળકમળવત્ ત્રિગુણથી પર થઈ જાય છે. પ્રાયશ્ચિત્તં વિમર્શનમ્–આપણું આખું જીવન વર વગરની જાન જેવું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હું કોણ છું તેનું નિરાકરણ કરવાનું છોડી, પારકા વિષે, જગત વિષે માનવ એટલું બધું જાણે છે કે તેનું જ્ઞાન ભારરૂપ થઈ પડે છે.....

.....ઉદ્દાલકઋષિને શ્વેતકેતુ નામનો પુત્ર હતો. ઋષિ પરમપવિત્ર, વિદ્વાન અને પરમાત્માના પરમભક્ત હતા. શ્વેતકેતુ નાનો હતો ત્યારથી તેને સદ્વિદ્યાસંપન્ન બનાવવાનો ઋષિનો વિચાર હતો. તેણે વિચાર્યું કે મારા કુળમાં કોઈ મૂર્ખ હોઈ શકે નહીં. આથી બાળકને યજ્ઞોપવીત સંસ્કાર કર્યા બાદ દસમે વર્ષે વિદ્યાભ્યાસ માટે ગુરુકુળમાં મોકલ્યો. ગુરુના આશ્રમમાં બાર વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરી મહાપંડિત બની પોતાને ઘેર આવ્યો. શ્વેતકેતુને પોતાના જ્ઞાનનું ખૂબ અભિમાન હતું. જ્ઞાનનો ઘમંડી શ્વેતકેતુ ઘેર આવ્યા બાદ માતાપિતા વગેરે વડિલો સાથે તોછડાઇભર્યું અને અવિવેકી વર્તન રાખવા લાગ્યો. કોઇની સાથે વાતચીત ન કરે, કોઈની દરકાર ન કરે તેમજ કોઇને નમંન પણ કરે નહીં. તેના આ પ્રકારના વર્તનથી પિતાને ખૂબ આઘાત થયો. એક દિવસ તે તત્વદર્શી પિતાએ પુત્રને પૂછ્યું કે હે પુત્ર! તું શું ભણી આવ્યો તે કહે તો ખરો? ઘમંડી પુત્રે જણાવ્યું કે એમાં તમે શું સમજો? પુત્રના આવા ઉદ્ધત જવાબથી પિતાને ખૂબ દુઃખ તો થયું પરંતુ પિતાએ શાંતિ રાખી કહ્યું કે તું એવું કંઇ ભણ્યો છે કે જેનાથી ચળકતું અજ્ઞાન દૂર થાય અને ખોટી વિદ્યાનો તાવ ઉતરે!..... જ્યારે હું ફક્ત ચાર જ વસ્તુ જાણતો હતો ત્યારે હાથીની પેરે મદોન્મત્ત બની ગયો હતો. Little knowledge is always dangerous:- હું સર્વજ્ઞ છું એવું મને અભિમાન હતું. પરંતુ જ્ઞાની પાસેથી સાચું જ્ઞાન પ્રાપ્ત થતાં મારો અહંકાર-મદ-ગળી ગયો. સાચો જ્ઞાની વિનમ્ર અને નિરહંકારી હોય.....તારૂં જ્ઞાન તો તું ઘમંડી હોવાથી તારૂં અધઃપતન કરનારૂં નીવડશે-તેજસ્વી અને તત્વદર્શી પિતાના પ્રતિભાશાળી ઉપદેશથી શ્વેતકેતુના અભિમાનનો કેફ ઉતરી જાય છે. તેને પોતાના અભિમાન માટે પશ્ચાત્તાપ થાય છે. પિતા પાસે જ્ઞાનની યાચના કરે છે. પિતા તેને તત્વમસિનું જ્ઞાન આપે છે. મતલબ એ છે કે સાચું જ્ઞાન આત્મજ્ઞાનમાંથી જ નીકળે છે-મળે છે-તેમ ન થાય ત્યાં સુધી માનવી માયાની પકડમાંથી મુક્ત થઇ શકતો નથી.....માંદા માણસનો ખોરાક જો નિરોગી જીવ ખાય તો તે માંદો જ ન પડે. પણ સારાનો ખોરાક માંદો ખાવા જાય તો મરી જાય. આ દુનિયામાં ભૂખથી કોઈ મર્યા નથી. જે મર્યા છે તે અજીર્ણથી જ મર્યા છે. અન્ન શબ્દનો અર્થ अद्यते भूतैः अत्ति च भूतानि इति अन्न છે. આપણે પ્રથમ દાળભાત ખાઇએ છીએ અને અંતે દાળભાત આપણને ખાઇ જાય છે. પથ્યાન્નના ખાનારને રોગ થતો નથી.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

...તપ, સંયમ, ત્યાગ, શૌચ વગેરેથી આત્મશુદ્ધિ કરવી તે પણ પ્રાયશ્ચિત છે. બીજો ઉપાય છે પરમાત્માની ભક્તિ. પરમાત્માની ભક્તિથી પર કોઈ સાબુ પાપનો મેલ ધોનારો નથી. અંતઃકરણનું મેલું વસ્ત્ર ભક્તિરૂપી સાબુ ધોઈ નાંખે છે. પાપને દૂર કરવા માટે ભગવાનને ઊંચે છતાં સહેલો માર્ગ બતાવ્યો છે. સરળ અને મફત ઉપાય બતાવ્યો છે. અને તે છે પરમાત્માનું નામ સ્મરણ... પરમાત્મા બુદ્ધિના હુમલાથી હાંફી ન જાય...તે માટે ખૂબ વિવેક બુદ્ધિથી વિચારો અને જુઓ કે ભગવત્ સ્મરણ એ પ્રાયશ્ચિત માટે સર્વશ્રેષ્ઠ ઉપાય છે યા નહીં! એક પાંચ ફૂટના માનવીની પણ આબરૂ છે તો અમાપ એવા પરમાત્માની આબરૂ–નામની કિંમત કેટલી અકલ્પ્ય હોય? પરમાત્માના નામની કિંમત આગળ કરોડો કોહીનૂરની કિંમત કોઈ હિસાબમાં નથી. વિવેક બુદ્ધિ પર ફરી વળેલી છારી દૂર કરવાથી એ સત્ય સમજાશે. પરમાત્માની મહત્તા માપવાનો કોઇ માપદંડ નથી. ગાંધીજીને પણ લાંબા સમયે લાગ્યું કે પરમાત્માના નામ સ્મરણથી વધુ ઉન્નત અને તારક અન્ય કોઈ ચીજ નથી. પ્રભુનું નામ સ્મરણ એજ સાચો તરણોપાય છે. મહર્ષિ પતંજલિ કહે છે. તજ્જપઃ તદર્થભાવનમ્ પરમાત્માના સ્મરણથી–ઈશ્વરપ્રણિધાનથી આત્માનું સ્વરૂપજ્ઞાન થાય છે અને તેમાં દિવાલરૂપે રહેલા ૧૪ દોષોની નિવૃત્તિ થાય છે. વ્યાધિ, સ્ત્યાન, સંશય, પ્રમાદ, આલસ્ય, અવિરતિ, ભ્રાંતિદર્શન, અલબ્ધ ભૂમિકત્વ, અનવસ્થિતત્વરૂપી ચિત્ત વિક્ષેપો આત્મજ્ઞાનની આડે આવનારા ૧૪ અંતરાયો છે.

(૧) વ્યાધિઃ–ભગવાનનું નામ સ્મરણ કરનારને વ્યાધિ કદી ન થાય. પ્રાકતન જન્મના કર્મના ફળ રૂપે વ્યાધિનો ભોગ બને તે જૂદી વાત છે. ભગવાનના નામ સ્મરણથી ચિત્તની સાત્વિકતા ઉત્પન્ન થાય છે. સાત્વિકતામાં રોગની ઉત્પત્તિ થઈ શકતી નથી. પ્રભુના લાલને માનસિક વ્યાધિ કદી ન પીડે.

૨ સ્ત્યાનઃ—એટલે અકર્મણ્યતા. કર્મ કરવા જેવું લાગે છતાં તે કરવા માટે યોગ્યતા ન લાગે. એ અયોગ્યતા પણ નામસ્મરણથી દૂર થાય છે.

૩ સંશયઃ—શાસ્ત્રોના ઉપદેશોમાં શંકા. શાસ્ત્ર, ગુરુ, ઉપદેશ, આત્મા પરમાત્મા તથા પરલોક એ બધું સાચું હશે કે કેમ એવી શંકા થવી તેનું નામ સંશય. આ પ્રકારની શંકાઓ ચિત્તને ડહોળાવી નાંખનારી હોય છે. ચિત્તની અવસ્થા ઘડિયાળના લોલક જેવી છે. લોલક જેમ સ્થિર રહેતું નથી તેમ ચિત્ત પણ સ્થિર રહેતું નથી અનિર્ણયાત્મક મનોદશા એટલેજ સંશય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રમાદઃ—ગાફેલપણું – અસાવધતા તમોગુણની વૃદ્ધિ કે કફ વગેરેને લઇને શરીર મન વગેરેની કુદરતી પ્રવૃત્તિનો અભાવ એટલે આળસ. આલસ્ય-આળસ. પરમાત્માનું નામ સ્મરણ કરનારને આળસ સ્પર્શ કરી શકતું નથી. માણસ પોતાના હિતમાં જેટલો આળસુ છે તેટલો બીજા કશામાં નથી. અવિરતિ દુનિયા–સંસારની આસક્તિ. દુનિયાનું–માયાનું વળગણ તેનું નામ અવિરતિ.

વિરાગઃ—રાગનો અભાવ. રાગના અભાવથી જ વિરાગ આવે છે.

ભ્રાન્તિદર્શનઃ—ભ્રાન્ત=ભમેલું. અર્થાત્ ચોમેર ભટકતી સમજ. પરમેશ્વરમાં પત્થર દેખાવો તેનું નામ ભ્રાન્તિ. ભ્રાન્તિ એ વ્યભિચારિણી સમજ છે. અલભ્ય ભૂમિકત્વ–મનની ઊંચામાં ઊંચી ભૂમિકા પર જવાનો અભાવ અને ભાગ્યયોગે ઊંચી ભૂમિકાનો લાભ પણ થાય, પણ તેમાં ઠરાય નહીં એવી અવસ્થાતે અનવસ્થિતત્વ.....પરમાત્માના નામસ્મરણ કરનારનો ચિત્તવિક્ષેપ દૂર થાય છે. ઊંચી ભૂમિકાનો લાભ થાય છે. એવા ઊંચા જીવાત્માઓ જ ટકી શક્યા છે. ઊંચામાં ઊંચી ભૂમિકા પર રહેનારની જે તાકાત તે નામસ્મરણ આપે છે. પ્રલ્હાદની ઊંચામાં ઊંચી ભૂમિકા હતી. વિક્ષેપોના પાંચ સહોદરો છેઃ–દુઃખ, દૌર્મનસ્ય (મનના કરમાવાપણાનો ભાવ) કંપ, શ્વાસ-પ્રશ્વાસ.

ભગવાન શુકદેવજી કહે છે કે, પરમાત્માના નામસ્મરણ સિવાય આ દુનિયામાંથી ઉગારનાર કોઈ નથી. પરમાત્માના નામને માપવા માટેનું એ સત્ય વિધાન છે. પરમાત્માનું નામ લીધું તેણે તમામ પુણ્ય મેળવ્યું, તમામ પાપોને દૂર કર્યાં, તમામ સંતોને વંદન કર્યું એમ માનવું. પરમાત્માના નામનું સ્મરણ એ પ્રલ્હાદનો સત્સંગ. પ્રલ્હાદને વિચારભ્રષ્ટ કરવાને હિરણ્યકશિપુએ અનેક પ્રયત્નો કર્યાં. પણ જેમ કમળ પાણીથી અલિપ્ત રહે છે. (પાણીમાં રહેતું હોવાં છતાં) તેવી રીતે પ્રલ્હાદને કોઇપણ વસ્તુ અસર કરી શકી નહીં. તેના ચિત્તને ડગાવી શકી નહીં. ગાંધીજી સવાર–સાંજ પ્રાર્થના કરતા એની પ્રાર્થના અર્થાત્ પ્રભુનામસ્મરણમાં અજબ તાકાત હતી. દુનિયાના નાસ્તિકો તેને ભમાવવા આવતા, છતાં જીવનના છેલ્લા શ્વાસ સુધી અરે ! ગોળીના ઘા સમયે પણ મુખમાંથી હે રામ ! નીકળ્યું ! એનું નામ સાચી સમજ. સાચી સમજવાળો જીવાત્મા ગમે તેવો બનાવ બને છતાં મનમાં ન દુભાય. તે એમ જ માનશે કે મારા લાલને (પરમાત્માને) જે ગમ્યું તેજ સાચું !...સુવર્ણ વસંતમાલતીની ગોળી તેના યોગ્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુપાનમાં લેવાને બદલે ગમે તેવા અનુપાનમાં લેવામાં આવે તો નુકસાન કરે-નુકસાન ન કરે તો પણ ધારેલો ગુણ તો નજ આપે. પરમાત્માના નામરૂપી સુવર્ણ વસંતમાલતીની ગોળી તો જીવનના તમામ વ્યધિઓને હરનારી મહામાત્રા બની જાય છે. ચિત્તની શુદ્ધિ માટે પ્રયત્ન કરો. પરમાત્મા છ માસમાં તો શું છ સેકન્ડમાં પ્રાપ્ત થઇ શકે તેવો છે. અજામિલનું દૃષ્ટાંત એની સાખા પૂરે છે.

અજામિલ મહાન સદાચારી બ્રાહ્મણ હતો. પણ દુસ્સંગથી ભ્રષ્ટ થયો. દાસી સાથે સંસાર માંડયો. પ્રેમાળ-પતિપરાયણા પત્નીને કાઢી મૂકી. દાસીના સંગમાં ૮૮ વર્ષ વીતી ગયા. દાસી સાથેના સંસારમાં તેને ૧૦ દીકરા થયા. છેલ્લા દીકરાનું નામ નારાયણ હતું. નારાયણ સૌથી નાનો હોવાથી તેનાં પ્રત્યે તેને ઘણું વાત્સલ્ય હતું. અજામિલ મરણ પથારીએ પડયો છે. મૃત્યુસમય તદ્દન નજીક હતો. છેલ્લો શ્વાસ ચાલતો હતો. એ સમયે પોતાનો પુત્ર જેનું સાંકેતિક નામ નારાયણ હતું તે નામથી દીકરાને બોલાવ્યો. એમ કરવામાં તે પ્રભુનું નામ લેતો હતો એમ ન હતું. કારણ કે પ્રભુને તો તેણે સંપૂર્ણ વિસાર્યા હતા. અંતકાળે યમના દૂતો તેના જીવાત્માને લઈ જવા આવ્યા. જગતમાં મોતના જેવું બીજું કોઇ ભયંકર ચિત્ર નથી. આ જગતમાં અસંખ્ય માનવીઓ જન્મ્યા અને મૃત્યુ પામ્યા. પૃથ્વીના કણ કણમાં અકેક ખોપરી દટાયલી છે. પરમાત્માનું બીજું નામ વનમાળી છે. માળી જેમ બાગને તેમ પરમાત્મારૂપી વનમાળી જગતના બાગને મોતથી સુંદર રાખે છે. મૃત્યુ છે માટેજ જગત સુંદર છે. Death is most beautiful મૃત્યુ તો અતિ સુંદર ચીજ છે. એ મિત્ર છે. જીવનને અભિનંદન નહીં, મૃત્યુનો તિરસ્કાર નહીં. પરમાત્મા જનેતા છે. અણસમજુ બાળકને ધવડાવતી મા તેને એક સ્તનથી બીજે સ્તને ખસેડે તો બાળક કકલાણ કરી મૂકે છે. પરમાત્મારૂપી મા જીવરૂપી બાળકને એક જીવનનાં સ્તનથી બીજા જીવનના સ્તને ખસેડે છે. એ ખસેડવાની ક્રિયા તે મોત છે! પણ તે ન સમજતો જીવ-શિશુ મોત સામે ચીચીઆરી પાડે છે. પરમાત્મા જીવાત્માને મૃત્યુદ્વારા એક ખોળીઆમાંથી બીજા ખોળીઆમાં મૂકે છે. આત્માના વિહાર માટે સુંદર શરીર મળતું હોય તો તેને આનંદથી વધાવી લેવું જોઇએ.....જેમ માતા નાનપણથી બાળકને ખોળ પાય છે તેમ જન્મથી જ પરમાત્માના નામનો ખોળ પાવો જોઇએ. બાળપણમાં ડોસીમાઓ ભૂતપ્રેતનું ઇન્જેકશન આપે છે તે કદી ભૂલાતું નથી. એને બદલે રામ-કૃષ્ણ-ગોવિંદ-નારાયણ એ નામોતું બાળકને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્મરણ કરાવ્યા કર્યું હોય તો તેનો ભવ સુધરી જાય.....અજાણ અને અજ્ઞાન સ્ત્રીને પરણવાનો અધિકાર આપવો ન જોઇએ. ઠીક! હવે અજામિલ પાસે પેલા યમદૂતો આવે છે. દૂતોને જોઈ ભયગ્રસ્ત બનેલા અજામિલે, હે નારાયણ! હે નારાયણ! હે નારાયણ! એમ ત્રણ વખત પોતાના દીકરાને બૂમ પાડી. તેજ ક્ષણે ભગવાનના દૂતો ત્યાં હાજર થઇ જાય છે. યમરાજ અને ભગવાનના દૂતો ભેગા થઈ જાય છે. યમના દૂતો ભગવાનના દૂતોને અટકાવે છે. અંધકાર અને પ્રકાશ વચ્ચેના યુદ્ધ જેવી સ્થિતિ ઉભી થઇ. ભગવાનના દૂતોએ યમના દૂતોને ખખડાવી નાંખ્યા અને કહ્યું, ખબરદાર! એના જીવ ઉપર હાથ નાંખવાનો તમને અધિકાર નથી. આ દૃશ્યથી અજામિલ અજાયબી પામે છે. યમના દૂતો ભગવાનના દૂતોને કહે છે કે, અમારા ધર્મરાજાના આદેશથી આ પાપી જીવને લેવા આવ્યા છીએ. ધર્મ એટલે વેદમાં વર્ણવેલો તે ધર્મ. આ બ્રાહ્મણ અધર્મશીલ છે. માટે તે મહાપાપી છે. આ સાંભળી ચારે સિદ્ધપુરુષો-(ભગવાનના પાર્ષદો) કહે છે કે જગત જેના ખોળામાં માથું મૂકીને ઊંઘી જાય છે, જેના બોલે જગત ચાલે છે, તેને ધર્મની ખબર નથી તો બીજાનું શું થશે? પરમાત્માનું નામસ્મરણ થતાં જ બધાં પાપો ભસ્મીભૂત થઈ જાય છે. મરતી વખતે નારાયણનું સાંકેતિક નામ લેવા છતાં એ પ્રભુનું નામ હોવાથી એનાં પાપો નષ્ટ થઇ ગયાં છે...ભાગવત પાપ કરવાના પરવાના આપતું નથી. માણસથી જાણ્યે અજાણ્યે પાપ થઈ જાય અને શુદ્ધ બુદ્ધિથી ભગવદ્ સ્મરણ કરે તો તે પાપ મુક્ત થઇ જાય છે. યમના દૂતોને પાછા જવું પડે છે. એ રીતે અજામિલને અનાયાસે પણ ભગવાનનું નામ બોલવાથી મુક્તિ મળે છે. પૂર્વ જન્મના કોઈ દોષને લઈ અજામિલ શૂદ્ર દાસીના સંગમાં પડે છે. પાપ કર્મમાં રત રહે છે. પરંતુ ભગવાનના નામોચ્ચાર માત્રથી તેનાં પાપો બળી ભસ્મ થાય છે. પ્રભુના નામસ્મરણથી અનન્ત પાપો ક્ષણમાં ભસ્મીભૂત થાય છે. પાપી મનુષ્ય પણ પરમાત્માના નામનો આસરો લે તો તેના પાપો દૂર થયા વિના રહેતાં નથી. અજામિલના જીવનની મુખ્ય વાત એ છે કે- अनुतापो महान् आसीत् स्मरताऽशुममात्मनः જાગ્યા ત્યાંથી સવાર માની પ્રભુના નામનો શુદ્ધ હૃદયથી જાપ કરવો. અજામિલને પરમાત્માની શક્તિનું ભાન થતાં તેણે બધા દુરાચારો છોડ્યા અને ભવિષ્યમાં પાપ ન થાય તેની સાવધાની રાખી.

"હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડુબકી દઇને પુણ્યશાલી બને છે."

(કલાપી)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પશ્ચાત્તાપની ભટ્ટીમાં સઘળાં પાપો પીગળી જાય છે. માટે પરમપ્રેમથી પ્રભુનું નામસ્મરણ કરવું. પરીક્ષિત રાજા શુકદેવજીને પૂછે છે કે યમદેવની આજ્ઞાનો ભંગ કદી થયો નથી તો અજામિલના સંબંધમાં કેમ ભંગ થયો? શુકદેવજી ટૂંકમાંજ જણાવે છે કે પરમાત્મા કરતાં કોઈજ મોટું નથી. તેજ સર્વ શક્તિમાન છે. સાંદીપનિ ઋષિનો પુત્ર મૃત્યુ પામ્યો. સાંદીપનિ તો કૃષ્ણના ગુરુ! ઋષિપત્ની કૃષ્ણ ભગવાન પાસે પોતાના મૃતપુત્રની માગણી કરે છે. ગુરુપત્નીની માગણીની કૃષ્ણથી અવગણના થઈ શકતી નથી. કૃષ્ણ ભગવાન યમદેવને આજ્ઞા કરે છે કે મારા ગુરુના પુત્રને સોંપી દો.! ત્યાં કહે છે–મત્શાસનપુરસ્કૃતઃ! ભગવાનના શાસનને યમ પણ ન ઉલ્લંઘી શકે! યમને આજ્ઞા પાળવી પડે છે. પુત્રને પાછો સોંપે છે. મતલબ એ છે કે પરમાત્મતત્વથી કોઈ વિશેષ નથી. પ્રભુનાં નામ સ્મરણથી બધા ભવસાગરમાંથી તરી જાય છે. મૃત્યુને કિનારે ગયેલા–સ્મશાનમાં ગએલા માનવીઓ પણ નામસ્મરણના પ્રતાપે પાછા આવ્યા છે. યમદેવ તેના દૂતોને આજ્ઞા કરે છે કે જ્યાં ભગવાનનું નામ હોય ત્યાં તમારે પ્રવેશ કરવો નહીં. પરમાત્માના નામનું મહાત્મ્ય હજાર ફેણવાળો શેષનાગ રાત દિવસ ગાય તો પણ તેનો અંત આવતો નથી. પરમાત્માના સ્વરૂપને પહોંચેલા જીવજ થોડું સમજી શકે છે. જગતના તમામ દર્દો માટે સહેલામાં સહેલો ઉપાય ભારતની પ્રતિભા પાસે કયો છે? એમ કોઈ પ્રશ્ન કરે તો તેનો જવાબ એકજ છે અને તે એ કે પ્રભુનું નામસ્મરણ. દુનિયાના મનુષ્યમાત્ર માટે સૌથી ગુહ્ય ધર્મ પરમાત્માનું નામ લે તે છે. એ નામનો ગૌરવ, આદર–પ્રચાર કરવો એજ ઉત્તમ કાર્ય છે. પરંતુ એથી ૧૪ અંતરાયો દૂર થાય છે કે કેમ તે પણ જોતા રહેવું. પરમાત્મા પરમદાર્શનિક છે. જીવનમાં પરિણામે પ્રત્યક્ષ થશે. એ સનાતન કોયડો ભગવાન શુકદેવજીએ ઉકેલ્યો છે.....સ્વયંભૂ–ઉત્તાન પાદની વંશાવળી–પ્રચેતાઓ પરમાત્માની સ્તુતિ કરે છે. તેમને ત્યાં દક્ષ પ્રજાપતિ ઉત્પન્ન થાય છે. જગતમાં જન્મેલા તમામ, દક્ષ પ્રજાપતિના પુત્રો અને પુત્રીઓ છે. દક્ષ પ્રજાપતિની આ બધી પ્રજા છે. તો આપણે માંહોમાંહે સગા શું થયા? પશુ પક્ષી વગેરે પણ પરમાત્માનાંજ બાળકો છે. મનુષ્ય તો છેજ–આ સૃષ્ટિનો કિરીટ–તાજ–તે મનુષ્ય છે. એના ઉપર જોખમદારી પણ વિશેષ છે.....

.....એક બ્રાહ્મણ સ્ત્રી પુત્રાદિ મળી દસ માણસનું કુટુંબ. એ કુટુંબ ખૂબ દરિદ્રાવસ્થામાં રહેતું. આટલુ મોટું કુટુંબ હોવા છતાં નસીબ યોગે ગરીબીનો ભોગ બન્યું હતું. બ્રાહ્મણને પોતાની એ પ્રકારની દરિદ્રાવસ્થાથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ખૂબ દુઃખ થતું. એક દિવસ તેના એક મિત્રે કહ્યું કે જો તું ભૂતની સાધના કરશે તો તને ધન મળશે અને ગરીબાઈ દૂર થશે. મિત્રના કહેવાથી બ્રાહ્મણે ભૂતની સાધના કરવાનું નક્કી કર્યું ઘરની તમામ વ્યક્તિઓને પોતાની સાથે આવવા જણાવ્યું. કુટુંબકબીલાને લઈ બ્રાહ્મણે તો પોતાના મિત્રના જણાવ્યા મુજબ પીપળાના ઝાડ નીચે મુકામ કર્યો. રાત્રિનો સમય હતો. બ્રાહ્મણે પોતાના ચારે દિકરાને જુદું જુદું કામ સોંપ્યું. પીપળાના ઝાડ ઉપર ભૂત બેસીને બ્રાહ્મણની ચર્ચા જોયા કરતો હતો. તેણે વિચાર્યું કે આ બ્રાહ્મણ પાસે તો કાંઇ છે નહીં એ ખાવાનો શું? આ બધી ધાંધલ શા માટે? ભૂત, બ્રાહ્મણને પૂછે છે કે તું શું કરે છે? બ્રાહ્મણે કહ્યું કે હું રસોઈ કરૂં છું. ભૂત કહે છે તારી પાસે તો કંઈ છે નહીં તું રાંધવાનો શું અને ખાવાનો શું? બ્રાહ્મણે કહ્યું કે તને બારીને ખાઇશું. બ્રાહ્મણે તેના છોકરાઓ તથા બીજાઓને પેલા ભૂતને પકડવાનો હુકમ કર્યો. બધાએ મળી ભૂતને પકડયો. તેને એવો તો બાંધ્યો કે જરા પણ ચસાય નહીં. ભૂતે વિચાર્યું કે આ બ્રાહ્મણ તો મારી નાંખવાનો. હવે થાય શું? તેણે બ્રાહ્મણને કહ્યું કે ભાઈ! તું મને શા માટે સતાવે છે? તારે જોઇએ છે શું? બ્રાહ્મણે કહ્યું કે મારે ધનનો ખજાનો જોઈએ છે. તે ક્યાં છે તે બતાવે તોજ તને છોડીશું. નહીં તો મારી નાંખશું. ભૂતે બ્રાહ્મણને ખજાનો બતાવ્યો. બ્રાહ્મણે તે બધું ધન ત્યાંથી લઈ લીધું. દસ માણસોના સંપથી સુદામા જેવો બ્રાહ્મણ ધનવાન થઇ ગયો..... સ્ત્રીઓના પેટમાં બાળક રહી શકે છે પણ વાત રહી શકતી નથી. એક દિવસ તેની પડોશણ બાઇ બ્રાહ્મણ પત્નીને પૂછે છે કે તમને આટલું બધું દ્રવ્ય ક્યાંથી મળ્યું? બ્રાહ્મણ પત્નીએ કહ્યું કે તને રાત્રે કહીશ. પેલી પડોસણ બાઈ પણ દરિદ્ર હતી. રાતના બ્રાહ્મણ પત્નીએ પડોસણ બાઇને બધી હકીકત જણાવી દીધી. તે બાઇને પણ પૈસાદાર થઇ જવાનું મન થઇ ગયું. તેના ઘરમાં પણ ઘણા માણસો હતાં; પરંતુ કોઇમાં સંપ ન હતો. પેલી બાઇ પણ પોતાના ઘરના બધા માણસોને લઈ તે પીપળાના ઝાડ નીચે ગઈ. અને પેલા બ્રાહ્મણની જેમ કરવા લાગ્યા. પીપળા નીચે ચૂલ ખોદી લાકડાં લાવી ઢગલો કર્યો. ભૂતે પૂછ્યું કે આ બધું શું કરો છો? પેલી બાઇના પતિએ જવાબ આપ્યો કે અમે તને બાળવા માટે ચિતા તૈયાર કરીએ છીએ. ભૂત બધું સમજી ગયો. તેણે બ્રાહ્મણને પકડી ખૂબ માર માર્યો. આથી બધા ત્યાંથી નાસી છૂટયા. કોઈ મદદે આવ્યું નહીં. બ્રાહ્મણે ખૂબ કાલાવાલા કર્યા ત્યારે તેને છોડયો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તાત્પર્ય એ કે સંપ-સંગઠન હોય તો સૃષ્ટિમાં બધું વશ થઇ શકે છે. સ્થાવરજંગમ સૃષ્ટિ સાથે એકરાગિતા સાધવી જોઇએ. વિશ્વકુટુંબની ભાવના રાખી એક બીજા સાથે પ્રેમથી વર્તવું જોઇએ. परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ–એ ઊંચામાં ઊંચી ભાવના છે.....

અઘમર્ષણ તીર્થમાં દક્ષપ્રજાપતિ તપ કરે છે. ઉગ્ર તપશ્ચર્યાથી પ્રભુ પ્રસન્ન થાય છે. તેને પત્ની આપે છે. અને તેમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, દેવ, દાનવ. માનવ વગેરે. દેવ-દાનવ વચ્ચે તો અણબનાવ આદિથી ચાલતો જ આવ્યો છે. બન્યું એમ કે ત્વષ્ટા નામના દેવને રચના નામની પત્ની હતી. તે રાક્ષસી હતી. તેને વિશ્વરૂપ નામનો પુત્ર હતો. તેણે બૃસ્પતિની ગેરહાજરીમાં ઇન્દ્રનું ગોરપદું સંભાળેલું. ઇન્દ્રને તો ત્રણલોકનું ઐશ્વર્ય મળ્યું હતું. બૃહસ્પતિ એક સમયે ઇન્દ્રના દરબારમાં જાય છે. પોતાના ગુરૂ દરબારમાં આવ્યા. પરંતુ ઇન્દ્રે તેને આવકાર આપ્યો નહીં. આથી બૃહસ્પતિ તુરત જ દરબાર છોડી ચાલી નીકળે છે. ગુરૂ ક્યાં ગયા તેની કોઇને ખબર ન પડી. દૈત્યો તો તક જોયા જ કરતા હતા. તેઓએ દેવો પર હુમલો કરવાનો વિચાર કર્યો. ગુરુ તો ચાલ્યા ગયા હતા. મોસાળ દૈત્ય કુળમાં. આથી ઇન્દ્રાદિ દેવો ખૂબ ગભરાયા. વિશ્વરૂપ પાસે નારાયણ કવચ નામની વિદ્યા છે તે વિદ્યાના બળે તે દૈત્યોના ત્રાસમાંથી બચાવશે એમ વિચારી બધા દેવોએ વિશ્વરૂપ પાસે જઇ તેને પુરોહિતપણું સ્વીકારવા વિનતી કરી. જેને કોઇને બહારની વિક્રિયા (ભૂત પ્રેતાદિની) હોય તેણે નારાયણ કવચનો પાઠ કરવો અને નારાયણ કવચ બાંધવું. એ રક્ષા માટેની પ્રાર્થના છે. ઇંદ્રે આ કવચનો આશ્રય લઇ અસુરોને હરાવેલા. વિશ્વરૂપને મોસાળ પ્રત્યે પક્ષપાત હતો. જેણે યજ્ઞમાંથી ભાગ મોસાળ પહોંચાડયો. આ ખબર પડતાં ઇન્દ્ર વિશ્વરૂપનું માથું ઉડાવી દે છે. ઇન્દ્રને બ્રહ્મહત્યા લાગે છે. વિશ્વરૂપનો પિતા ત્વષ્ટા–એટલે શિલ્પી. એટલે કે ગર્ભની અંદર આકાર આપનારી પરમાત્માની શક્તિ તે ત્વષ્ટા. એટલે પરમાત્માની શકિત. જ્યાં ત્વષ્ટાને ખબર પડે છે કે ઇન્દ્રે તેના પુત્રનો વધ કર્યો છે તેજ ક્ષણે તે ઇન્દ્રનો નાશ કરવાની પ્રતિજ્ઞા લે છે.. વિચાર શકિત એ બ્રાહ્મણશકિત.....ત્વષ્ટા યજ્ઞાગારમાં જઈ હોમ કરે છે. યજ્ઞકુંડમાં આહુતિ પડતાં તેમાંથી એક રાક્ષસ ઉત્પન્ન થાય છે. તેનું નામ વૃત્રાસુર. વૃત્રાસુર રાક્ષસને ઇન્દ્ર વધ કરવાની ત્વષ્ટા આજ્ઞા કરે છે. ઇન્દ્ર ગભરાય છે. બધા દેવો ભગવાન પાસે જાય છે. દેવ લોકો આત્મબળ ઉપર ઝઝૂમે છે. દાનવો અભિમાનમાં મસ્ત રહે છે. દેવોની પ્રાર્થના સાંભળી ભગવાન કહે છે કે, વૃત્રાસુરને હરાવવાનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કે મારવાનો કોઈ ઉપાય નથી. ફક્ત એકજ ઉપાય છે. કોઈ મહાન સંતના હાડકાં લાવો. તેમાંથી વજ્ર નામનું હથિયાર બનાવો તો તે હથિયારથી વૃત્રાસુરને મારી શકશો. દેવો પૂછે છે કે ભગવાન ! એવો સંત મળે ક્યાં ? ભગવાન કહે છે કે હે દેવો ! એવો ફક્ત એકજ ઋષિ છે. પૃથ્વીલોકમાં દધીચિ નામના ઋષિ છે તેમની પાસે જાઓ અને તેના હાડકાંની માગણી કરો. દેવો દધીચિ ઋષિ પાસે જાય છે. ઋષિ દેવોના દર્શનથી પ્રસન્ન થાય છે અને પરમપ્રેમથી બધાનું સ્વાગત કરે છે. ત્યારબાદ ઋષિ ઇન્દ્રને કહે છે કે હે દેવો ! આપના આગમનનું કારણ શું છે ? જવાબ આપવાની ઇન્દ્રની હિંમત થતી નથી. તેની જીભ ઉપડતી નથી. થોડીવાર મૌન રહી અતિવિનમ્ર ભાવે કહ્યું કે, મહારાજ ! અમે આપના હાડકાં માગવા આવ્યા છીએ. આપના જેવા સહનશીલ માટે ન સહન થાય તેવું છે શું ? દધીચિ કોણ હતા ? તે ઇશાવાસ્ય ઉપનિષદ્‌ના દ્રષ્ટા હતા. હિંદુ સંસ્કૃતિના પાયા જેવા હતા. દધીચિના જીવનનો ઉપદેશ એ હતો કે ત્યાગપૂર્વક જીવનનો ઉપભોગ કરો. દધીચિ ઋષિએ તો ઘટઘટમાં પરમાત્માનું દર્શન કર્યું હતું. કલ્યાણકારી પરિબળોનો સંહાર થતો અટકાવવો હતો. ઇન્દ્રની પ્રાર્થના સાંભળી ઋષિ તો ખૂબ પ્રસન્ન થાય છે. પોતાની ધર્મપત્નીને કહે છે હે દેવી ! જગતના કલ્યાણને માટે ઇન્દ્રને મારાં હાડકાંની જરૂર છે. હું મારું શરીર અર્પણ કરવા તૈયાર છું પરંતુ તારી સંમતિ છે કે કેમ ? મારા શરીર ત્યાગથી તને વૈધવ્ય પ્રાપ્ત થશે. તે સ્થિતિ તારાથી કેમ સહન થઇ શકશે ? ત્યારે ઋષિપત્ની કહે છે, મહારાજ ! મારૂં વૈધવ્ય એ જગતનું સૌભાગ્ય હશે. ધન્ય છે એ ઋષિપત્નીને. વંદન હો એ દેવીને કે જે અન્યના સુખને ખાતર પોતાના સૌભાગ્યને ગુમાવવા જેટલી મહાન ત્યાગ વૃત્તિ દાખવે છે. પત્નીની સંમતિ મળ્યા બાદ દધીચિ ઋષિ સમાધિમાં બેસે છે. યોગદ્વારા પ્રાણનું રૂંધન કરે છે અને પરમાત્મસ્વરૂપમાં લીન થઇ જાય છે. ઋષિના શરીરના હાડકામાંથી વજ્ર બનાવવામાં આવે છે. ઋષિનું હાડકું એટલે અગાધ તપો બળ–તે વજ્ર લઈ ઈન્દ્ર વૃત્રાસુરનો નાશ કરવા જાય છે. દેવોની અને દાનવોની સેનાઓ વચ્ચે તુમુલ યુદ્ધ થાય છે..... મૃત્યુ જન્મ સાથે જડાયલું જ છે તો મૃત્યુ જરુર પસંદ કરવા જેવી વસ્તુ છે.....વૃત્રાસુરની સેના ભાગે છે. પછી વૃત્રાસુર એકલો લડે છે. પરિઘ નામના શસ્ત્ર વડે તે દેવોને ભાજીમૂળાની જેમ ચોંદી નાંખે છે. છેવટ ઇન્દ્રની સામે આવી જાય છે. લડતાં લડતા ઇન્દ્રના હાથમાંથી વજ્ર પડી જાય છે. અને વૃત્રાસુર પાસે જઈ પડે છે. અહીં વૃત્રાસુરની ખેલદિલી તો જૂઓ ! તે કહે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે કે હે ઈન્દ્ર ! તારી તાકાત હું જાણું છું. તારા વજ્રનો ભેદ પણ હું જાણી ગયો છું. તારી ગદા નિષ્ફળ જશે પરંતુ તારું વજ્ર નિષ્ફળ જનાર નથી. માટે તારા વજ્રને ફરીથી ધારણ કર. તારા વજ્રમાં પરમસંતનું બળ છે. તેં સંતના તપના બળે જ હું મરીશ. તું તો નિમિત્તમાત્ર છે. પછી વૃત્રાસુર ભગવાનની સ્તુતિ કરે છે. વૃત્રાસુર જો કે રાક્ષસ હતો, પરંતુ પરમાત્માનો ભારે ભક્ત હતો. તે પ્રાર્થના કરે છે:—अजातपक्षाइव मातरंखगाः स्तन्यं यथा वत्सतराःक्षुधार्ताः प्रियंप्रियेवव्युषितंविषण्णा मनोरविन्दाक्ष दिदक्षतेत्वाम् હે ! કમલનયન પરમાત્મા ! મારૂં મન તમારા દર્શન માટે તરફડી રહ્યું છે. જેમ પાંખ ન ફુટી હોય તેવાં પક્ષી માતૃદર્શન માટે આતુર હોય, ગાયનું વાછરડું માતાને ઝંખે, તેમ મારૂં મન તમારા દર્શન માટે તલસી રહ્યું છે. પરદેશ ગયેલા પ્રિયુની વિરહી પત્ની જેમ પતિની પ્રતીક્ષા કરે છે તેમ હે પ્રભુ ! તમારા દર્શન માટે અધીરો બન્યો છું. પ્રભુ પ્રાર્થના બાદ વૃત્રાસુર અને ઇન્દ્ર સામસામા યુદ્ધ કરે છે. ઇન્દ્ર વૃત્રાસુરને અંજલિ આપતાં કહે છે કે હે દાનવ તું સિદ્ધોસિ—તું સિદ્ધપુરૂષ છે. પરમાત્મામાં તારી વૃત્તિઓને લીન થતી જોઇ હું પ્રસન્ન થયો છું. છેવટ વૃત્રાસુરનો વધ થાય છે તે વખતે તેના શરીરમાંથી નીકળેલું તેજ પ્રભુમાં ભળે છે. ઇન્દ્રને બેવડી બ્રહ્મહત્યા થાય છે. તે યજ્ઞદ્વારા પાપમુક્ત બને છે. અહીં પ્રશ્ન એ થાય છે કે વૃત્રાસુરમાં શુદ્ધ પરમાત્મપરાયણ બુદ્ધિ થઈ શી રીતે? એવી શુદ્ધ બુદ્ધિ થવા માટે પૂર્વજન્મનું ચરિત્ર જવાબદાર છે.

શૂરસેન દેશમાં ચિત્રકેતુ નામનો મહાપ્રતાપી અને ચક્રવર્તિ રાજા રાજ્ય કરતો હતો. રાજાને અનેક રાણીઓ હતી. અનેક પ્રકારનું સુખ અને ઐશ્વર્ય હતાં છતાં સંતતિ સુખ ન હતું. એક દિવસ અંગિરા ઋષિ ફરતા ફરતા રાજાને ત્યાં આવી ચઢે છે. રાજા તેનું પરમપ્રેમથી સ્વાગત કરે છે. ઋષિ કુશળ પૂછે છે. રાજાને સંતતિ ન હતી તેનું ભારે દુઃખ થતું હતું. તમામ પ્રકારના સુખ વૈભવો હોવા છતાં સંતતિના અભાવે તેને ચેન ન હતું. છેવટ ઋષિને પોતાનું દુઃખ જણાવે છે. અંગિરા ઋષિ તેની પાસે પુત્રેષ્ટિ યજ્ઞ કરાવે છે. અને યજ્ઞની પ્રસાદી તેની મુખ્ય રાણી કૃતદ્યુતિને ખવરાવે છે. ઋષિએ પ્રથમથીજ ચિત્રકેતુને જણાવ્યું હતું કે તને પુત્ર પ્રાપ્તિનો આનંદ પણ થશે અને શોક પણ થશે. યજ્ઞ પ્રસાદના ભક્ષણથી રાણીને આધાન રહે છે અને પુત્ર જન્મ થાય છે. રાજા તથા રાણીના આનંદનો પાર નથી. આખા રાજ્યમાં પુત્રજન્મનો આનન્દોત્સવ ઉજવાય છે. રાજાની અન્ય રાણીઓ વંધ્યા હોવાથી તેઓનામાં અદેખાઈનું ઝેર વ્યાપે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અદેખાઈ એ અણઘડ સ્ત્રીસ્વભાવનું પ્રધાનલક્ષણ છે. અદેખાઈ એ પલવડી (ગરોળી) જેવી વસ્તુ છે. એનો ગંર જરા જેટલો પણ દૂધમાં પડે તો બધું દૂધ ઝેરી થઈ જાય. તેમ અદેખાઇના ભોગ બનનારનું પણ આવીજ બને છે. જીવનભરનું તમામ સુખ નાશ પામે છે.

એક દરિદ્ર બ્રાહ્મણ પત્ની, છૈયાં છોકરાં વગેરે મોટો પરિવાર પરંતુ અન્નને અને દાંતને વેર એવી સ્થિતિ. ધણીઆણી જ્યારે બ્રાહ્મણને ધંધો કરવા જણાવે ત્યારે તે વેદાન્તની વાત કરે. પત્ની કહે કે મને તમારું વેદાન્ત ખપતું નથી. તે કહેતીઃ—

"એ તો જ્ઞાન મને ગમતું નથી ઋષિરાયરે,
લાવો બાળક માગે અન્ન લાગું પાયરે."

એ પ્રમાણે પત્ની હંમેશ પોતાના પતિને કહ્યા કરે. એવામાં કોઇએ બ્રાહ્મણને જણાવ્યું કે જો તું સમુદ્રની ઉપાસના કરશે તો સમુદ્ર પ્રસન્ન થઇ તને એક શંખ આપશે અને તે શંખ તારી તમામ ઇચ્છાઓને કામધેનુની જેમ પરિપૂર્ણ કરશે. બ્રાહ્મણ સમુદ્રની ઉપાસના કરવા સાગર કિનારે જાય છે. ઉપાસનાથી વરુણદેવ પ્રસન્ન થાય છે અને તેને શંખ આપે છે. વરુણદેવ બ્રાહ્મણને કહે છે કે તારી ઉપાસનાથી પ્રસન્ન થઈ તને આ શંખ આપું છું. એ શંખ તને જે જોઇએ તે આપશે પરંતુ શરત એટલીજ છે કે તને જે મળે તેનાથી બમણું તારા પડોશીને મળશે. બ્રાહ્મણ શંખ લઈ ઘેર જાય છે. શંખનું પૂજન કરી તેની પાસે દરરોજ કાંઇને કાંઈ માગે. પ્રથમ લાખો રૂપિઆનું દ્રવ્ય માગ્યું. પછી બંગલા વાડી એમ માગ્યું. બ્રાહ્મણ જે માગે તે પ્રમાણે શંખ આપે પણ તેના પાડોસીને તેનાથી બધું બમણું મળતું જાય. પડોસીનું સુખ જોઇ બ્રાહ્મણની સ્ત્રીની અદેખાઇનો પાર ન રહ્યો. એક દિવસ બ્રાહ્મણ બહાર ગયો ત્યારે તેની સ્ત્રીએ શંખનું પૂજન કરી સાત પેઢીનું દારિદ્ર માગ્યું. પડોસીને ચઉદ પેઢીનું દારિદ્ર મળે તે માટે અદેખાઇથી તેણે એ પ્રમાણે માગ્યું. બ્રાહ્મણે ઘેર આવી દરિદ્ર સ્થિતિ જોઈ. તેને વલોણું થવા માંડયું. સ્ત્રીએ એને ચિંતામાં નાંખી દીધો. પડોસીને હેરાન કરવાના હેતુથી એક દિવસ તેણે શંખનું પૂજન કરી પોતાની એક આંખ ફૂટી જાઓ એવી માગણી કરી. એમ કરવાનો હેતુ એ કે પડોસીની બન્ને આંખ ફૂટી જાય અને તે આંધળો થાય. અદેખાઈ એ કેટલી બૂરી ચીજ છે તેનું આ ઉદાહરણ છે. અદેખાઈ એ વિનાશનું મૂળ છે. અદેખાઇથી વિવેક આંધળો થઇ જાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અન્ય રાણીઓ જેઓ ઈર્ષ્યાથી બળીજળી રહી હતી તેઓએ પેલા પુત્રને મારી નાંખવાનો નિર્ણય કર્યો. પુત્રને રમાડવાને બહાને લઈ ઝેર આપે છે. પુત્ર મરણ પામે છે. રાજા તથા રાણી પુત્રના મૃત્યુ સમાચારથી ખૂબ વિલાપ કરે છે. એટલામાં અંગિરા ઋષિ અને નારદમુનિ રાજાને જ્ઞાનનો ઉપદેશ કરવા આવે છે. રાજાને સંસારની અનિત્યતા સમજાવે છે. અને શોક છોડવા જણાવે છે. નારદજી પણ ઉત્તમ પ્રકારનો બોધ આપે છે. અંગિરા ઋષિ અને નારદજીના ઉપદેશથી ચિત્રકેતુ રાજાનો શોક દૂર થાય છે. તે શાંતિ મેળવે છે. વધુમાં નારદજી મંત્રદ્વારા રાજાના મૃત પુત્રને જીવંતો કરી હાજર કરે છે. અને નારદજી તેને કહે છે કે મારા યોગબળે હું તને આયુષ્ય આપું છું. તું તારા બાપનું રાજ્ય આનંદથી કર. તારા માતા પિતા શોક કરે છે માટે તેનું રાજ્ય તું ભોગવ. પુત્ર નારદજીને જણાવે છે કેઃ– હે ભગવન્! (હે રાજન્!) આ બધા કયા જન્મમાં મારા માતા પિતા હતા અને કયા જન્મમાં હું તેમનો માતા પિતા હતો તે કોઈ જાણતું નથી. જેમ એક રૂપિયો અનેક હાથમાં ફરે છે તેમ જીવાત્મા અનેક ખોળિઆ ધારણ કરતો ફરતો રહે છે. એ સંબંધ તો મમત્વ પૂરતોજ છે. બાકી કોઈ કોઇનો માતા પિતા નથી, કોઈ કોઈના પુત્ર નથી. એ બધા માયાના અને અજ્ઞાનના ભ્રામક ખ્યાલો છે. હું મુક્ત છું. હવે મારે દેહના બંધન જોઇતાં નથી. પુત્રના–જીવાત્માના આ પ્રકારના જવાબથી રાજાની આંખ ઉઘડે છે. પછી નારદજી તેને બ્રહ્મવિદ્યા શિખવે છે. પુત્રની હત્યા કરનાર સ્ત્રીઓ પોતાનું પાપ કબૂલ કરે છે. અને પ્રાયશ્ચિત્ત કરે છે. નારદજી ચિત્રકેતુને અનંત વિદ્યા આપે છે જેની ઉપાસનાથી સાત દિવસમાં રાજાને પ્રભુ દર્શન થાય છે. ત્યારબાદ રાજા દ્રોણાચલ પર્વત પર જઇ તપ કરે છે. ચિત્રકેતુ મહા તપસ્વી બની જાય છે. અનેક સિદ્ધિઓનો સ્વામી બને છે. એક દિવસ વિમાનમાં વિહાર કરતો તે ઋષિઓએ કરેલા યજ્ઞની મહાસભામાં આવી ચડે છે. ત્યાં ભગવાન શંકર પાર્વતીજીને ખોળે બેસાડીને સભામાં વિરાજ્યા છે. ચિત્રકેતુને પ્રભુની આ ચર્ચા અસભ્ય લાગી અને ચિત્રકેતુ મહાદેવના આ પ્રકારના વર્તનની ત્યાં જાહેરમાં ટીકા કરે છે. મર્યાદાને ઉલ્લંઘી ન બોલવાના બોલ બોલે છે. શંકર ભગવાન તો એ સાંભળી મૌન રહ્યા પણ પાર્વતીજીથી એ સહન થયું નહીં. તે ક્રિન્નાયાં. ત્રિગુણથી પર એવા શંકર ભગવાન–પોતાના પતિના અપમાનથી પાર્વતીજી ક્રોધમાં આવી જઇ ચિત્રકેતુને શાપ આપે છે કે તારો રાક્ષસયોનિમાં જન્મ થજો. ચિત્રકેતુ દેવીના શાપથી ખુશ થાય છે. તેને શાપથી કશુંજ દુઃખ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થતું નથી તેને મન શાપ અને વરદાન બન્ને સરખાં છે. કારણકે તે બહુ ઊંચી કોટિનો જીવ હતો. ચિત્રકેતુનો શાપિત આત્મા રાક્ષસ યોનિને પ્રાપ્ત કરે છે અને ત્વષ્ટાને ત્યાં વૃત્રાસુરરૂપે જન્મે છે. આ પ્રમાણે વૃત્રાસુર એ શાપિત જીવાત્મા હતો પરંતુ ભગવાનનો પરમભક્ત હતો. પૂર્વજન્મના સંસ્કારના પડછાયાથી રાક્ષસીયોનિમાં જન્મ્યા હતા. અને તેથીજ તેણે ભગવાનની સ્તુતિ કરી હતી. એકજ જન્મની સાધના પ્રભુને પ્રાપ્ત કરાવી શકતી નથી. પ્રભુ પ્રાપ્તિ માટે જન્મ જન્મની સાધના જોઇએ.

દિતિદેવી દક્ષ પ્રજાપતિનાં પુત્રી હતાં. દિતિના દીકરા તો દૈત્ય હતા તે દેવ કેમ થયા? જેની જન્મે જ દૈત્ય યોનિ છે તેને ઇંદ્રે દેવત્વ કેમ આપ્યું? દીકરાઓના નાશથી દિતિના હૈયામાં શોક હતો. દિતિમાતા હંમેશ ઉદાસીન રહેતાં. એક દિવસ કશ્યપઋષિ તપ કરી બહારથી ઘેર આવે છે ત્યારે, દિતિના મન પર ગ્લાનિ–ઉદાસીનતા જોઇ ઋષિ કહે છે કે દેવી! તમે ઉદાસ કેમ છો? હું તારા પર પ્રસન્ન છું. માગ! તારે શું જોઈએ છે? તું માગશે તે આપીશ. દેવીએ કહ્યું કે મારે તો ઇંદ્રને મારનાર દીકરો જોઇએ છે. પત્નીની આ માંગણીથી ઋષિ દુઃખી થયા અને મનોગત કહ્યું, અરેરે! દેવીનો મોહ જતો નથી. સંસારની નાનામાં નાની વ્યાખ્યા તે "મારું અને તારું, હું અને તું." ઋષિએ કહ્યું કે દેવી તને તારી ઇચ્છા પ્રમાણેનો પુત્ર મળશે, પણ તે માટે તારે તપ કરવું પડશે. દેવી! તમારે મોટા મોટા યમનિયમોનું પાલન કરવું પડશે. હિંસા ન થાય, જૂઠું ન બોલાય, અમંગલ વસ્તુનો સ્પર્શ ન થાય, દુર્જન માણસ સાથે બોલાય નહીં. નખ કપાય નહીં વગેરે કડક યમનિયમોનું પાલન કરવાની સૂચના આપી. એમ કરવામાં કશ્યપઋષિનો આશય એ હતો કે દેવી ક્યાંય પણ ભૂલ કરે. ઇંદ્રનો નાશ થાય એમ ઋષિ ઇચ્છતા ન હતા. દેવી કોઈ પ્રકારે વ્રતમાં ચૂકે તો ઇંદ્ર બચી જાય. આથી જ એવી કડક સાધના મૂકી. દિતિએ બધી વાત કબૂલ રાખી અને વ્રતો પાળવાની શરૂઆત કરી. ઇંદ્રને એ બાબતની ખબર પડી છે કે એ વ્રતથી માસીને પુત્ર થશે અને તે મારો જ નાશ કરશે. આથી ઇંદ્રે યુક્તિ રચી. તે માસી પાસે આવે છે અને કહે છે કે માસીબા! તમે તો મહાન વ્રત લીધું છે. તમારી પાસે કોઈ દીકરો નથી માટે હું તમારી સેવામાં રહીશ. ઇંદ્ર દેવોનો રાજા પણ સ્વાર્થસાધક. તે માસીબા પાસે રહે છે અને ખૂબ સેવા ઊઠાવે છે. માસી પાસે રહેવામાં ઇંદ્રની દાનત એ હતી કે માસીબા વ્રતમાં જરા પણ ચૂકે તો તેનો લાભ લેવો અને વ્રત ભંગ થતાં વ્રતનો પ્રભાવ ઓછો થાય. દિતિમાતા એકનિષ્ઠાથી ખૂબ સાવધાનીથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યમનિયમોનું પાલન કરે છે. માતાને ગર્ભ રહે છે. ઇંદ્ર રોજ છિદ્ર જોતો રહે છે પણ તે મળતું નથી. પણ વિધિના લેખ મિથ્યા ન થાય. પરમાત્માને ઇંદ્રને મારનાર પેદા થાય તે પસંદ નહોતું. એક દિવસ દેવી સાયંકાળે પગ ધોવાનું ભૂલી ગઈ. ઇંદ્ર તરત જ માતાના ઉદરમાં પ્રવેશ કરે છે. માતાના ઉદરમાંના બાળકના સાત ટૂકડા કરે છે...દેવ કરતાં માનવ યોનિ મોટી છે... એ સાત ટૂકડાના સાત પુત્રો થાય છે. વળી તેના સાત સાત ટૂકડા કરે છે એટલે ૪૯ પુત્રો થયા. માતાને આશ્ચર્ય થાય છે કે આટલા બધા પુત્રો ઉત્પન્ન કેમ થયા? દિતિ કહે છે કે હું ઇંદ્રને અભયદાન આપું તો તે સાચી વસ્તુ જ કહેશે. દેવી ઇંદ્રને કહે છે કે બોલ ઇંદ્ર! બોલ! તેં શું કર્યું? ઇંદ્ર કહે છે કે મા! મને માફ કરો. એ કૃત્ય મેં કર્યું છે. મા! એ બધા તમારા પુત્રો મારા ભાઈ થયા. મારા અપરાધને ક્ષમા આપો. આ રીતે ૪૯ મરુતોનો જન્મ થાય છે અને તેઓને ઇંદ્ર દેવલોકમાં લઈ જાય છે..... પુંસવન વ્રત વિધિ.....

इति षष्ठःस्कंधः

૭ મો સ્કંધ

પરીક્ષિત રાજા બીજો સંશય વ્યક્ત કરે છેઃ—પરમાત્મા સમદર્શી છે. તેને કશો ભેદભાવ નથી તો પછી તે દેવોનો પક્ષ કેમ લે છે? દૈત્યોનાં સંહારમાં કેમ રસ લે છે? શુકદેવજી એ સંશયનું પણ નિવારણ કરે છે. યમદેવે નચિકેતાના પ્રશ્નોના ઉત્તરો આપ્યા તે પ્રમાણે શુકદેવજી પરીક્ષિત રાજાના સંશયો પણ દૂર કરે છે. એવા પ્રશ્નોમાંથી તો પરમાત્માના ગુણાનુવાદથી ભરેલી કથાનો જન્મ થાય છે. આ આખી સૃષ્ટિ પરમાત્માની વિહારભૂમિ છે. દેવ, દૈત્ય, મનુષ્ય, પશુપંખી વગેરે પ્રભુનું જ સર્જન છે. કરોળિયો જેમ જાળ ગૂંથે છે તેમ પ્રભુ સૃષ્ટિની જાળનું ઉત્પન્ન કરે છે. એમાં પરમાત્મા મારનાર તરીકે મારે છે અને મરનાર તરીકે મરે છે એ મૂળ સત્ય છે. પરમાત્મા આમ કેમ વર્તે છે તે પ્રશ્ન નથી. પરમાત્માથી જુદી કોઈ વસ્તુ હોય તો જ હે પરીક્ષિત! તારી એ કલ્પના ટકી શકે! પરમાત્મા જ સર્વરૂપે વિરાજમાન છે અને પોતાની રીતે પોતાનામાં જ ક્રીડા કરે છે. ભેદબુદ્ધિના પ્રબળ સંસ્કારોને લઇ અભેદબુદ્ધિના ભેદ જાણી શકાતા નથી. એ ઊંડી સમજણની ભૂમિકા પર જઇએ તો જ મનનું સમાધાન થઇ જાય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બંગાળમાં મહાત્મા રામકૃષ્ણ પરમહંસ પરમ ભાગવતી પુરુષ હતા. તેમના મહાન શિષ્ય તે મહાત્મા વિવેકાનંદ. મહાત્મા રામકૃષ્ણ પરમહંસદેવને કંઠમાળનો વ્યાધિ થયો હતો. બધા શિષ્યો ગુરુદેવની પરમપ્રેમથી સેવા કરે. સ્વામી વિવેકાનંદ સૌમાં મોખરે હતા. ગુરુની સિદ્ધિ આશ્ચર્યજનક હતી. દેવીના પરમ ઉપાસક. નજરમાત્રથી સામાના વ્યાધિઓ દૂર કરતા; પરંતુ પોતા માટે કશું ન કરતા. એક દિવસ સ્વામી વિવેકાનંદ પોતાના ગુરુને કહે છે કે, ભગવન્! માને કહોને કે તમારૂં દુઃખ દૂર કરે? શિષ્યના આગ્રહને વશ થઈ સ્વામી રામકૃષ્ણ મા પાસે (કાલિકાદેવી પાસે) જાય છે. માની પ્રાર્થના કરે છે. મા પ્રત્યક્ષ થઇ કહે છે કે, બેટા! તું એકરૂપે રોગી તો બીજીરૂપે નિરોગી નથી? આ દ્વૈતભાવ તારામાં આવ્યો ક્યાંથી? માના વેણ સાંભળી રામકૃષ્ણ કરૂણ આક્રંદ કરે છે અને સાષ્ટાંગ પ્રણિપાત કરી માને પ્રાર્થે છે કે, હે મા! મને ક્ષમા કર. રામકૃષ્ણને અદ્વૈતનું ભાન મા કરાવે છે.....

પ્રભુના ઐશ્વર્યને કોઈ માપી શકતું નથી. પરમાત્માની અનંતશક્તિથી બધા કારભાર ચાલે છે. વ્યાસજીએ બ્રહ્મસૂત્રમાં કહ્યું છે કે, ઇશ્વરમાં વિષમતા કે નિર્ગુણતા (નિર્દયતા) નથી તેઓ દયાળુ જ છે. છતાં આપણે તેનામાં વિષમતા આરોપીએ છીએ. આપણામાં વિષમતા છે તેથી જ આપણને શંકા થાય છે. મહાભારતના સમયની વાત છે. યુધિષ્ઠિર મહારાજા રાજસૂય યજ્ઞ કરે છે. તેમાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્રનું પૂજન પ્રથમ કરવામાં આવે છે. શિશુપાલ કૃષ્ણના પૂજનનો વિરોધ કરે છે. શિશુપાલનો આથી વધ થાય છે. તે વખતે શિશુપાલના શરીરમાંથી જ્યોતિ નીકળી પરમાત્મામાં લીન થઇ જાય છે. નારદજીને જોઇને યુધિષ્ઠિર પૂછે છે કે, ભગવન્! શિશુપાલની જ્યોતિ પરમાત્મામાં કેવી રીતે મળી. વેન રાજાએ ભગવાનની નિંદા કરી તો તેને નરક મળ્યું. શિશુપાલે પણ ભગવાનનો વિરોધ કર્યો તો પછી તેની જ્યોતિ પરમાત્મામાં કેમ લીન થઇ? નારદજી કહે છે કે હે રાજા! તારા જેવા પુણ્ય શ્લોકને આવી શંકા થાય તે આશ્ચર્યજનક છે. સાંભળ! પરમાત્મા સમ છે, વિષમ નથી. પરમાત્માનું કોઇપણ ભાવે ચિંતન કરો તે મળે જ છે અને ઉદ્ધારે છે. કામ, દ્વેષ, ભય, પ્રેમ અને ભક્તિ એ પાંચ પ્રકારમાંથી કોઇપણ પ્રકારે પરમાત્મામાં જેનું મન તન્મય થાય તેનો પરમાત્મા ઉદ્ધાર કરે છે. ગોપીઓને કામના દ્વારા મોક્ષ મળ્યો. ભૂલમાં અગ્નિને અડાય-સ્પર્શ થાય તો પણ તે બાળીને ભસ્મ કરે તેમ ભગવાન તો જૂએ છે પોતાની મોટાઇને. તે કહે છે કે ભલે! કામનાદ્વારા પણ ગોપીઓ મારી પાસેજ આવે છે ને? ગોપીકાઓએ ગુણમય દેહનો ત્યાગ કર્યો હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ પ્રભુના ગુણગાનમાં તન્મય હતી. એટલે પ્રભુએ તેઓનો ઉદ્ધાર કર્યો. કંસ ભયથી પણ પરમાત્માનેજ ભજતો હતોને? દ્વેષથી, ચીડથી પણ શિશુપાલ પરમાત્માનુંજ ચિન્તવન કરતો હતો તેથી તેનો મોક્ષ થયો. યાદવો પ્રભુની દયાથીજ તરી ગયા. કૃષ્ણ પરમાત્માનો અર્જુન પર અગાધ પ્રેમ હતો એટલેજ યુગ યુગના મૌન તોડીને પણ ગીતારૂપી વાણી વહેવડાવી. અગિયારમાં સ્કંધમાં ભગવાન ઉદ્ધવજીને કહે છે કે હું તો ભક્તોની ચરણરજથી મારી જાતને પાવન કરું છું. અગાઉ જણાવેલા પાંચ પ્રકારમાં વેન એકેમાં આવતો ન હતો આથી વેન નરકે જાય તેમાં શી શંકા? શિશુપાલ અને તેનો ભાઇ તો ભગવાનના દ્વારપાલો હતા. કુમારોના શાપથી તેઓની આ ગતિ થયેલી. હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપુ એ બે ભગવાનના દ્વારપાલો હતા. સનત્કુમાર વગેરેને તેઓએ ભગવાનને ત્યાં જતા અટકાવેલા એટલે તેમણે શાપ આપ્યો હતો. સનત્કુમારે શાપ આપતાં જણાવ્યું હતું કે ભગવાનના ક્રોધનો ભોગ થઇને ત્રણ જન્મે પાછા ભગવાનને પ્રાપ્ત કરી શકશો. દિતિને એ બે પુત્રો હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપરૂપે અવતર્યા હતા. બન્ને પુત્રો ખૂબ દુઃખ આપે છે. પોતાનો દ્વેષ પુત્રના મરણ માટે યોજાય એનું કારણ? બન્ને પુત્રો તેજસ્વી હતા. તેઓએ ભારે તપ કર્યું અને વરદાન મેળવ્યું. હિરણ્યાક્ષનો નાશ ભગવાને વરાહ અવતારે કર્યો. હિરણ્યકશ્યપુએ નિશ્ચય કર્યો કે વિષ્ણુએ વરાહરૂપે મારા ભાઇનો નાશ કર્યો છે તો હું ઇશ્વરનો નાશ કરીશ. ઇશ્વરનું અસ્તિત્વ મીટાવી દઇશ. ઇશ્વરનો ઇન્કાર કરનારા આજેજ નથી. અસલ પણ હતા. તેઓએ ઇશ્વરનો દેશનિકાલ કરવા પ્રયત્ન કરેલો. પણ ભગવાનની મોટાઇ તો જુઓ! તેમને પણ તેમણે અમર કર્યા! આમ વિચારી તેણે સહુથી પ્રથમ ભગવાનના એજન્ટો સંત-સંન્યાસી-બ્રાહ્મણ-તપસ્વી-ગાય-ધર્મ-યજ્ઞ-યાગાદિ વગેરે જે પરમાત્માના એજન્ટો તેનો નાશ કરવાના કાર્યમાં પ્રવૃત્ત થયો. બ્રાહ્મણોની ક્રિયાના મૂળમાં વિષ્ણુ રહેલા છે એટલે પ્રથમ બ્રાહ્મણોનો નાશ કરવા માંડ્યો. હિરણ્યકશિપુની બુદ્ધિ ખૂબ બગડી હતી. ઘેર આવીને જૂએ છે તો પોતાના માતા તથા ભાઇની પત્નીને શોકમાં ડૂબેલાં જોયા...માતાને કહે છે કે, હે મા! ભગવાન સાથે લડતાં મોતને ભેટે તે મોત નથી પણ ગૌરવ છે. સન્મુખ છાતીએ ઘા ઝીલવામાં શૂરવીરનું સાચું શૌર્ય છે. મા! પ્રાણીઓનું મિલન વિયોગ માટે જ હોય છે! પરબે પાણી પીવા ભેગા મળેલા જીવો પુનઃ પોતપોતાની દિશામાં વહી જાય છે! પરિવર્તન પામતા સંસારમાં એક અપરિવર્તી છે આત્મા. એ આત્માનો જાણકાર શોકમુક્ત થાય! મા! ઉશીનર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નામના દેશમાં સુયજ્ઞ નામે રાજા હતો. રણમાં શત્રુને હાથે તે ચિરનિદ્રામાં ઢળ્યો. તેની પાછળ તેનાં સ્વજનોએ વિલાપ કરી મૂક્યો. યમદેવ સાક્ષાત્ બાળ સ્વરૂપે આવી તે સ્વજનોને જગતના અભંગ મહા–કાયદાની સમજ આપે છે! મોત ધ્રુવ છે. એમાંથી કોઇ મુક્ત નથી. મોતથી બીવું એ મોતને આપેલી મચક છે! એ મોતનો વિજય છે. એનાથી ન બીવું અને એનો હસતે મોંએ સ્વીકાર કરવામાં મોતનો પરાજય છે. વળી ગયેલાં શોક શાને કરે? કેમકે રહેલાંઓ પણ જવાનાં જ છે! ઉપરાંત મોત કોનું? દેહનું કે આત્માનું? આત્મા સ્વરૂપે જ અમૃત છે! તો તેનું મોત કઈ રીતે નીપજે? ઇશ્વર પણ તેને મારી ન શકે. આત્મામાં મોતની સામગ્રી જ નથી! અને દેહમાં અમૃતતાની સામગ્રી નથી. એ સ્વરૂપે જ ક્ષણભંગુર છે! ઇશ્વર પણ તેને બચાવી ન શકે! આ સત્ય છે. અને આથી જ દિગ્વિજયી છે! વળી જનાર પાછળ વિલાપ કરવાથી તે પાછો આવે ખરો? જો ન આવતો હોય તો રોવાનો શો અર્થ? જો લાગણી કાબૂમાં ન જ રહેતી હોય તો એ નિર્બળતા જ છે! અને નિર્બળને તો જીવવાનો પણ શો હકક? લાગણી આપણને પરવશ કરે એમાં વિવેકનો પરાજય છે! બાળ સ્વરૂપ યમદેવનો આ ઉપદેશ સ્વજનો ઉપર કામણ કરે છે! સૌ શોકરહિત થાય છે. માટે મા! શોક તો પામર કરે! હિરણ્યકશિપુના આ ઉપદેશે દિતિ અને તેની પુત્રવધૂ ક્ષણવારમાં શોક તજી સ્વસ્થ થાય છે! અને તત્ત્વમાં ચિત્ત પરોવે છે!

હિરણ્યકશિપુ, રાજ્યમાં સુવ્યવસ્થા સ્થાપી એકાંતમાં–જંગલમાં ગયો. તેણે વિચાર્યું કે પ્રથમ હું મરૂં જ નહીં એવું વરદાન મેળવ્યા પછી વિષ્ણુ સાથે વેર બાંધવું. પોતાની જાતને તે અજેય અજરામર કરવા ઇચ્છતો હતો. કેવો મહાન સંકલ્પ! તેણે આત્માને બિનહરીફ બનાવી એકચક્રી રાજ્ય કરવાની ઇચ્છા રાખી. સંકલ્પમાં ભારે બળ હોય છે. સંકલ્પની અતૂટ એકાગ્રતામાં આત્માનું અસીમ બળ રેડાય છે. આથી વજ્રસંકલ્પી માણસ ધાર્યું કરી શકે છે. એ પ્રમાણે વિચાર કરી ભારે તપશ્ચર્યા આદરે છે. એક અંગૂઠા પર ઉભો રહી સેંકડો વર્ષ સુધી ઉગ્ર તપ કરે છે. એના તપની આગથી દેવોનાં સ્થાનો બળવાં લાગ્યાં. દેવો ગભરાય છે અને બ્રહ્માજી પાસે જઈ કહે છે કે, મહારાજ! આ દૈત્ય તમારૂં રાજ્ય છીનવી લેવા ઇચ્છે છે. બ્રહ્માએ કહ્યું ઠીક છે. જોઇ લેવાશે.....તપમાં આશય બૂરો હોય તો પરિણામ પણ ભયંકર આવે છે. ભસ્માસુરે તપશ્ચર્યા કરી ભગવાન શંકરને પ્રસન્ન કર્યા. પણ તેની બુદ્ધિ મેલી હતી. તેની દાનત બગાડે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાર્વતીજીનું રૂપ જોઇ તે મોહે છે. અને પોતાનો જ વિનાશ નોતરે છે. તેણે શંકર પાસે વરદાન માગ્યું કે હું જેના મસ્તક પર હાથ મૂકું તે બળીને ભસ્મ થઈ જાય. શંકર તો ભોળા. દૈત્યની દુષ્ટ દાનતની ખબર ન હતી. તથાસ્તુ કહી વરદાન આપી દીધું. વરદાન મળતાં જ ભસ્માસુરનું પોત પ્રકાશે છે. પાર્વતીજીને મેળવવા માટે શંકર ભગવાનનો જ નાશ કરવા ઇચ્છે છે. તે શંકરના માથા પર હાથ મૂકવા દોડે છે. શંકર પણ આથી ગભરાયા પરમાત્માને આ બનાવથી ચિંતા થાય છે. તે બટુકરૂપ ધારણ કરી ત્યાં આવે છે અને પોતાના વાણી કૌશલ્યથી ભસ્માસુરને એવો મોહાંધ બનાવી દે છે કે તે પોતાનો હાથ પોતાના જ મસ્તક પર મૂકી દે છે. અને પોતે જ બળીને ખાખ થઇ જાય છે. શંકર ભગવાન બચી જાય છે. આમ બૂરી દૃષ્ટિનો આખરી અંજામ પણ ખતરનાક જ આવે છે. આજનો અણુંબોમ્બ એ ભસ્માસુર જ છે.

હિરણ્યકશિપુની ઉગ્ર તપસ્યાથી બ્રહ્માજી પ્રસન્ન થઈ તેની પાસે જાય છે અને કહે છે કે બેટા! તારૂં તપ અજોડ છે. હું તારા પર અતિ પ્રસન્ન છું. માગ, માગ! હું તારી ઇચ્છા પરિપૂર્ણ કરીશ. હિરણ્યકશિપુ બ્રહ્માજીની સ્તુતિ કરે છે અને પછી કહે છે કે, હે ભગવન્! મારા મનગમતા વરદાનો આપવાના હોય તો મારી માગણી એ છે કે, તમારા પેદા કરેલાં પંચ મહાભૂતોથી મારૂં મૃત્યુ ન થાય. ધરની અંદર કે બહાર, દિવસે કે રાત્રે સ્થાવર અને જંગમથી ન થાય. શસ્ત્રાસ્ત્રથી પણ ન થાય. કોઇપણ પ્રકારે મારૂં મૃત્યુ ન થાય. જીવ પોતાની ચતુરાઈ વાપરવા જતાં કેવી છક્કડ ખાઇને પડે છે તે જોઇશું. મૃત્યુ એ પ્રભુનો મહાન સંકલ્પ છે તે કદી મિથ્યા થતો નથી. એક બુદ્ધિવાળો માણસ જીતે છે અને અનેક બુદ્ધિવાળો–બુદ્ધિના મદમાં નાશ પામે છે.

એક સરોવરમાં બે માછલા રહેતાં હતા. સાથે એક દેડકો પણ રહેતો હતો. એક માછલાનું નામ સહસ્રબુદ્ધિ હતું અને બીજાનું શતબુદ્ધિ હતું. દેડકાનું નામ એકબુદ્ધિ હતું. એક દિવસ કેટલાક માછીમારો સરોવર પર આવ્યા અને માછલા પકડવાની વાતો કરવા લાગ્યા. માછીમારોની વાત સાંભળી બધા વિચારમાં પડી ગયા. ગભરાવા લાગ્યા, પણ પેલો શતબુદ્ધિ સહસ્રબુદ્ધિને કહે છે કે, ગભરાઇશ નહીં તેઓને આવવા તો દે! મારી પાસે તેના પંજામાંથી છટકવાની અનેક કળા છે. એકબુદ્ધિ દેડકા! તું પણ ગભરાઇશ નહીં. દેડકાએ મનમાં વિચાર્યું કે અનેક બુદ્ધિઓનું કામ મારૂં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નહીં. મારી તો એક જ બુદ્ધિ અને તે પલાયન કરવાની-નાસી જવાની. આથી એકબુદ્ધિ દેડકો તો ત્યાંથી નાસી ગયો-પેલા બે તો ત્યાં જ રહ્યા. એટલામાં માછીમારો સરોવરમાં ઉતરી જાળ નાંખે છે. સહસ્રબુદ્ધિ અને શતબુદ્ધિએ જાળમાંથી છટકવા ભારે પ્રયત્નો કર્યા, પણ છેવટે પકડાઇ ગયા અને માર્યા ગયા. પછી માછીમારો સહસ્રબુદ્ધિ અને શતબુદ્ધિને ખભા પર નાંખી જાય છે. એકબુદ્ધિ દેડકો જે નાસી ગયો હતો તેના જોવામાં આવે છે. દેડકાને બોલાવી તે કહે છે, કે પ્રિયે! જો તો ખરી આ શું છે તે?

शतबुद्धिः शिरस्थोऽयं लम्बते च सहस्रधीः ।
एकबुद्धिरहं भद्र । क्रिडामि विमले जले ! ॥

શતબુદ્ધિ અને સહસ્રબુદ્ધિ માછીઓના વાંસા પર લટકે છે. અને હું એકબુદ્ધિવાળો આનંદ કરૂં છું.-સંસારના વિમલજળમાં ક્રીડા કરૂં છું.

.....બ્રહ્માજી હિરણ્યકશિપુને તથાસ્તુ કહી વરદાન આપે છે. રાજાએ તપ કર્યું. ભોગ ભોગવ્યા, પણ ભોગની પાછળ રાગ વધે છે. ઇન્દ્રિયજન્ય સુખની લાલસા વધે છે. હિરણ્યકશ્યપુનો રાગ વધે છે. તેને ચાર પુત્રો હતા તેમાં પ્રલ્હાદ ગુણે સૌથી મોટો હતો. તે મહાન પુરુષોની સેવામાં રહેતો. પ્રલ્હાદજીનું રેખાચિત્ર અતિ સુંદર છે:-નારદજી યુધિષ્ઠિરને કહે છે કે. પ્રલ્હાદ એ નક્કી જુદી જ કોટિનો દીકરો હતો. બાપ બ્રહ્મદ્વેષી અને દીકરો સદાચારસંપન્ન. એક દુરાચારી, બીજો સદાચારી. સત્યમેવ જયતે જે વેદવાક્ય છે, જે જગતનો મહાન અનુભવ છે તે શુકદેવજી સ્પષ્ટ કરે છે. પ્રલ્હાદજી જીતેન્દ્રિય, સત્યાગ્રહી અને આત્મવત્ સર્વભૂતેષુની ભાવનાવાળો, વડિલોમાં ઈશ્વરની ભાવના રાખવાવાળો, અનેક સમૃદ્ધિઓથી સંપન્ન હોવા છતાં તેનામાં મદ ન હતો. અમાની હતો. દુન્યવી સુખદુઃખના સ્પર્શથી પર હતો. જન્મે અસુર હતો, પણ તેનું તેને કશું લેપન ન હતું. પરમાત્માના ગુણ ગાતાં પાર આવે નહિ. અસુરોના દેવ શત્રુઓ હતા છતાં દેવ સભામાં જ્યારે પ્રલ્હાદજીનો ઉલ્લેખ થતો ત્યારે બધા દેવો તેને વંદના કરતા. ભગવાન વાસુદેવ પર તેનામાં કુદરતી પ્રીતિ હતી, તેની દિનચર્યા વર્ણવતાં ભગવાન શુકદેવજી કહે છે:—

न्यस्तक्रीडनको बालो जडवत् तन्मयस्तया ।
कृष्णगृहगृहीतात्मा न वेद जगदीदृशम् ! ॥ १ ॥
आसीनः पर्यटन् अश्नन् शयानः प्रपिबन् ब्रुवन् ।
नानुसन्धत्त एतानि गोविन्दपरिरंभितः ॥ २ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

क्वचित् रुदति वैकुण्ठचिन्ताशबलचेतनः ।
क्वचित् हसति तत् चिन्तास्हा उद्गायति क्वचित् ॥ ३ ॥
नदति क्वचिदुत्कण्ठो विलज्जो नृत्यति क्वचित् ।
क्वचित् तदभावनायुक्तस्तन्मयोऽनुचकारह ॥ ४ ॥
क्वचिदुत्पुलकस्तूष्णीं आस्ते संस्पर्शनिर्वृतः ।
अस्पन्दप्रणयानन्दसलिलामीलितेक्षणः ॥ ५ ॥

તે ઊન્મનીવસ્થામાં જ રહેતો. બાહ્ય જગતના આનંદની તેને કશી દરકાર ન હતી. આપણે તો માયાગૃહગૃહીતાત્મા છીએ. પ્રલ્હાદ કૃષ્ણ કૃષ્ણગૃહગૃહીતાત્મા હતો. પરમાત્માએ તેનું મન પકડેલું હતું. પ્રલ્હાદને કોઈ સમજી શકતું ન હતું. પ્રભુ અંદરથી પ્રલ્હાદને ભેટેલા જ રહેતા. એટલે તેને પરમાત્માનું આલિંગન મળેલું જ રહેતું. પ્રલ્હાદને પરમાત્મા ભેટેલા ત્યારે કેવી સ્થિતિ થતી! ભક્ત અને પરમાત્મા વચ્ચે પ્રિય અને પ્રિયતમ ભાવ હોય છે. ચૈતન્ય મહાપ્રભુનો દાખલો મોજૂદ છે. પરમાત્મા રસમય છે. અને તેનો જીવાત્મા અનુભવ કરે છે. रसो वै सः એ પરમાત્માનું સ્વરૂપ છે.....

.....બાપ અને દીકરા વચ્ચે આટલું બધું વૈર કેમ?.....રાજા પ્રલ્હાદને પાઠશાળામાં ભણવા મૂકે છે. થોડા સમય બાદ તે પ્રલ્હાદજીને બોલાવી પૂછે છે કે, બેટા! ભણવામાં તને સૌથી સરસ વસ્તુ કઈ લાગી? પ્રલ્હાદજી જવાબ આપે છે કે, પિતાજી! સંસારનો આંધળો કૂવો છોડી જંગલમાં જઈ ભગવાનનું ભજન કરવું એજ મને સૌથી સરસ લાગે છે. આ સાંભળી હિરણ્યકશ્યપુ પર જાણે વિજળી પડી. શિક્ષકોને બોલાવી ધમકાવ્યા. પ્રલ્હાદજીને તેની કશી જ અસર થતી નથી. તે વખતે તો બધાને ધમકાવી જવા દે છે. થોડા માસ બાદ ફરીથી પ્રલ્હાદને બોલાવી પૂછે છે કે, પ્રલ્હાદ તું કોઈ ઉત્તમ પાઠ ભણ્યો છે? પ્રલ્હાદ કહે, હા, બાપુ! પિતા કહે છે કે બોલ ત્યારે. પ્રલ્હાદ કહે છે કે,

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ॥
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥
इतिपुंसार्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणा
क्रियते भगवत्यद्धा तन्मन्येऽधीतमुत्तमम् ॥

એ નવધા ભક્તિ મારે માટે શ્રેષ્ઠ શિક્ષણ છે. આ સાંભળી હિરણ્યકશ્યપુના ક્રોધનો પાર ન રહ્યો. દીકરાને ઊંચકીને જમીન પર અફાળ્યો. ગુરુઓને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ધમકાવ્યા. ગુરૂઓએ કહ્યું, રાજન્! તમારા દીકરાની બુદ્ધિ જ એવી છે. અમને ઠપકો આપવો યોગ્ય નથી. ફરીથી તે પ્રલ્હાદજીને કહે છે કે, ઓલ દીકરા! તારામાં આવી બુદ્ધિ આવી ક્યાંથી? પ્રલ્હાદજી દૃઢતાથી જવાબ આપે છે કે, બાપુ! પરમાત્મા પરની ભક્તિ કોઈની આપેલી આવતી નથી. દીધેલી દેવાતી નથી. હિરણ્યકશિપુના શરીરમાંથી ક્રોધનો અંગાર વછૂટે છે. પોતાના જ પુત્રનો નાશ કરવા માટે હુકમ કરે છે. પ્રલ્હાદની ઉંમર તો પાંચ છ વર્ષની હતી. રાજાનો હુકમ થતાં તેના મર્મસ્થાનોમાં શસ્ત્રોના પ્રહાર થવા લાગ્યા. પ્રલ્હાદે પરમાત્મામાં મન જોડી દીધું. તેને કોઈપણ શસ્ત્ર જરાપણ ઇજા કરી શકયું નહીં! આથી તેને સમુદ્રમાં નાંખ્યો પણ તેમાંયે તે ડૂબ્યો નહીં. પર્વત પરથી નીચે ફેંકયો છતાં કાંઇપણ ન થયું, ઝેર પાયું તો તે પણ અમૃતરૂપ બની ગયું. હાથીના પગ નીચે કચડાવ્યો પણ હાથીના પગ તો તેને ફુલ જેવાં લાગ્યા. સર્પદંશો કરાવ્યા પણ કંઇજ અસર થઈ નહીં. પ્રલ્હાદને મારવાના શક્ય તેટલા તમામ ઉપાયો અજમાવ્યા પણ તે તમામ નિષ્ફળ નીવડ્યા. પ્રલ્હાદજીનો વાળ વાંકો કરી શકાયો નહીં. પ્રલ્હાદ ન મર્યો ત્યારે હિરણ્યકશિપુના હૈયામાં ફાળ પડી કે, આ છોકરો મારા મોતનું કારણ તો ન બને! ગુરુપુત્રના કહેવાથી પુનઃ પ્રલ્હાદને પાઠશાળામાં જવા દે છે.....

.....પ્રલ્હાદ જ્યારે માતાના ઉદરમાં હતા ત્યારથીજ તેણે ઇશ્વરનું તત્વજ્ઞાન મેળવી લીધું હતું. નારદજી પ્રલ્હાદજીના માતાને પોતાના આશ્રમમાં લઈ ગયા હતા તે વખતે તે સગર્ભા હતી. પોતાના આશ્રમમાં તેને રાખીને પરમાત્માનું તત્વજ્ઞાન સમજાવ્યું હતું. પ્રલ્હાદજીએ ગર્ભમાં એ જ્ઞાન મેળવ્યું હતું અને તેનું તેને જન્મ બાદ સ્મરણ પણ રહ્યું હતું.....પછી તો ગુરુની ગેરહાજરીમાં પ્રલ્હાદની પ્રેમ પાઠશાળા ચાલે છે.....પાઠશાળાના આચાર્યોએ છેવટે હિરણ્યકશિપુને ખબર આપી કે તમારો દીકરો હવે હાથમાં રહેતો નથી. માટે હવે તમને યોગ્ય લાગે તેમ કરો. હિરણ્યકશિપુને ભયંકર ક્રોધ ચઢે છે. દીકરાને બોલાવી ખૂબ દબડાવે છે. દીકરો પોતાના મન્તવ્યમાંથી જરાપણ મચક આપતો નથી. છેવટ રાજા પોતાના હાથેજ પોતાના પુત્રનું ખૂન કરવાનો વિચાર કરે છે. પુત્રનો વધ કરતા પહેલાં કઠોરવાણીમાં પ્રલ્હાદને ફરીથી પોતાનો માર્ગ બદલવા કહે છે. ભગવાનની ભક્તિ–કે નામરમરણનો ત્યાગ કરવા કહે છે પણ પ્રલ્હાદ અડગ રહે છે. પ્રલ્હાદ હાથ જોડી શાંત ચિત્તથી ઊભો રહ્યો છે. વિવેક અને વિનયને તો ટૂકડો. એ તો સત્યમાં જડાયલો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આત્મા હતો. પિતાને નમન કરી રહ્યો છે. પિતા તેના વિનયથી છંછેડાય છે. દીકરો બાપને ઠંડે કલેજે કહે છે કે, બાપુ! મારું બળ તેજ તમારું બળ છે. આ પ્રાણીમાત્રનું બળ પરમાત્માજ છે. તમે પાપના આસુરી ભાવો છોડો. મનને સ્વસ્થ કરો. આ દુનિયામાં આપણો કોઈજ દુશ્મન નથી. આપણું ન જીતાયલું મનજ આપણું દુશ્મન છે. અંતરના છ શત્રુઓને ન જીતી શકે તે દસ દિશાઓને જીતે છતાં કાયર છે. જેણે પોતાનો આત્મા જીત્યો છે તેને ક્રોધ વૈર–મદ—મત્સર–અહંકાર કશું જ હોતું નથી. અહીં તો બાપ હોળીછાપ! દીકરો ગંગાછાપ! બાપ અગ્નિ તો દીકરો હિમજળ. પ્રલ્હાદના શબ્દો સાંભળી હિરણ્યકશિપુ સળગી ઊઠે છે. તેનો ક્રોધ ઉછળે છે. તે કહે છે કે, હરામખોર! મારી સામે તું ફાવે તેમ લવારા કરે છે! મારા કરતાં કોઈ બીજો ઇશ્વર છે ક્યાં? બોલ! તારો ઈશ્વર સર્વત્ર છે તો આ થાંભલામાં કેમ નથી! હોય તો બતાવ! તારા હરિને હવે તને બચાવવા બોલાવ. તારું મોત હવે આવી રહ્યું છે. બોલાવ તારા ઈશ્વરને. તારો હરિ તો મારી મુક્કીને પણ જીરવી શકશે નહીં. અને સામેના સ્તંભમાં એક મુક્કી જોરથી મારી. સ્તંભમાં મુક્કી મારતાં તો મારી પણ પછી જાય ક્યાં? ભગવાને જાણ્યું કે મારો ભક્ત ભીડમાં છે. અને ભગવાન તો ભક્તભીડભંજન કહેવાય! ભક્તની વહારે ધાય છે. ભયંકર અવાજ થાય છે. અવાજ ક્યાંથી આવ્યો તે જણાતું નથી. એટલામાં સ્થંભ ફાટે છે અને નૃસિંહ ભગવાનનું પ્રાગટ્ય થાય છે. ભગવાનના એ પ્રાગટ્યનું વર્ણન ખરેખર હૃદયંગમ છે. શુકદેવજી કહે છેઃ—

मीमांस्यमानस्य समुत्थितोग्रतो-नसिंहरूपस्तदलं भयानकम्
प्रतप्तचामीकरचण्डलोचनं ह्युरत्सटाकेसरजृम्भिताननम्-
करालदंष्ट्रंकरवालचञ्चलक्षुरान्तजिह्वं भ्रकुटीमुखोल्बणम्
स्तब्धोर्ध्वकर्णं गिरिकन्दराद्भुतव्यात्तास्यनासं हनुभेदभीषणम्-

...નૃસિંહરૂપે લોહસ્થંભમાંથી ભગવાનને પ્રગટ થયેલા જોઈ હિરણ્યકશિપુના ગાત્ર ગળી જાય છે. તેણે જાણ્યું કે મારૂં નિકંદન કાઢવા એ તુસખો ગાત્ર ગળી જાય છે. તેણે જાણ્યું કે મારૂં નિકંદન કાઢવા એ તુસખો અજમાવવામાં આવ્યો છે. પોતે બ્રહ્માજી પાસે વરદાન માગેલું તેથી વિરુદ્ધ સ્વરૂપ જોઈ તે થરકાંપ થાય છે. છતાં પોતાની તમામ શક્તિઓ એકત્રિત કરી ગદા લઈ નૃસિંહ ભગવાન પર તૂટી પડે છે. પરંતુ ભગવાન તુરત જ તેને પોતાના પંજામાં ઝડપી લઈ સજ્જદ્વારના ઉંબર પર લઈ જઈ પગ નીચે દબાવી, નખથી તેને ચીરી નાંખે છે અને તેના આંતરડાનો હાર કરી ગળામાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નાંખે છે. અને પ્રભુ રૂધિરરૂપ કેસરથી અર્ચિત થયેલા સોહે છે. રાક્ષસનો નાશ થાય છે. સ્વર્ગમાંથી દેવો યક્ષો, કિન્નરો ભગવાનના પર પુષ્પવૃષ્ટિ કરે છે, તેની સ્તુતિ કરે છે, પરંતુ ભગવાનનો ક્રોધ શાંત થતો નથી. આખરે બ્રહ્માજી લક્ષ્મીજીને ભગવાનો ક્રોધ શાંત કરવા ત્યાં મોકલે છે. લક્ષ્મીજી પણ ભગવાનનું અકલ્પ્ય રૂપ જોઈ મૂર્છા ખાય છે. બ્રહ્માજી છેવટ ભગવાનના પરમ ભક્ત પ્રલ્હાદજીને પ્રભુનો ક્રોધ શાંત કરવા પ્રેરે છે. પ્રલ્હાદ તો નિર્લેપ, શોકરહિત હતો. તે ધીરે ધીરે પ્રભુની પાસે જઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે. અને પ્રભુના પગનો સ્પર્શ કરે છે. ભગવાનના સ્પર્શે જેમ ભક્તને તેમ ભકતના સ્પર્શે ભગવાનને પણ થયું. બાળક ભકતને જોઇ પ્રભુની ક્રોધ સમાધિ તૂટે છે. કાળરૂપી સાપના દંશથી અભય આપનાર પરમાત્મા પ્રેમપરિપ્લુત થઇ ભકતને હાથ, પકડી ઉઠાડે છે અને તેના મસ્તક પર પોતાનો હાથ મૂકે છે. ભગવાનના સ્પર્શથી પ્રલ્હાદના જન્મજન્માંતરના મેલ ધોવાઈ ગયા. ભગવાન પોતાનું રુદ્ર સ્વરૂપ સંકેલી પોતાના દિવ્ય સ્વરૂપનું દર્શન આપે છે. પ્રલ્હાદ જમીન પર પડી ભગવાનના ચરણ કમળને પોતાના હૈયા સરસા ચાંપે છે. તેનું હૈયું રોમાંચ અનુભવે છે. નેત્રોમાંથી આંસુનો ધોધ વહી રહ્યો છે. વાચા પ્રેમગદ્‌ગદ બને છે. પ્રલ્હાદજી પરમાત્માનું પ્રેમ ગદ્‌ગદિત કંઠે એકાગ્રતાથી સ્તવન કરે છે. અનંત કોટિ બ્રહ્માંડવાળા પરમાત્માના પરમ સૌન્દર્યરૂપનું દર્શન થાય છે. ધ્રુવના જેવી અજોડ સ્તુતિ કરે છે. પ્રલ્હાદની સ્તુતિ મોઢે કરવા જેવી છે. ભગવાન પ્રસન્ન થાય છે અને પ્રલ્હાદજીને વરદાન માગવા કહે છે. ભગવાન કહે છે કે, બેટા માગ! તારી તમામ મનઃકામના પૂર્ણ કરીશ. મારું દર્શન કરનારને પુનર્જન્મ નથી. તે ભવતાપ મુક્ત બને છે. માટે તારી ઇચ્છા હોય તે માગ! ભયવાન જેવા ભગવાન પધારે, દર્શન આપે અને વરદાન માગવા કહે ત્યારે પણ ના કહેનાર નિષ્કામ ભકતનો દાખલો પ્રલ્હાદજી પૂરો પાડે છે. ભગવાનની લોભાવનારી વાણીથી પણ ન લોભાતાં તે કહે છે કે, હે ભગવાન! વિનિયમ વડે પ્રસન્ન થનાર મારો પ્રેમ નથી. મારો પ્રેમ વિશુદ્ધ નિષ્કામ પ્રેમ છે. ભગવાન્! મારે કશું જોઈતું નથી. ભગવાનના આગ્રહને વશ થઈ તે કહે છે કે મારા હૃદયમાં કશી કામનાજ ન રહે, એજ વરદાન હો. તથાસ્તુ કહી ભગવાન બીજું કાંઈ માગવા કહે છે ત્યારે પ્રલ્હાદજી કહે છે કે હે પરમાત્મન્! મારા બાપુએ તમારી ભારે નિંદા કરી છે તે નરકના અધિકારી બન્યા છે માટે તેની દુર્ગતિ ન થાય એ માગું છું. ભગવાન કહે છે કે બેટા! એ તે કાંઈ માગવાની ચીજ છે? જેના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કુળમાં તારા જેવો કુલપાવન અને પ્રભુનો લાડીલો દીકરો જન્મે છે તેની તો એકવીસ આગલી અને પાછલી પેઢીઓ તરીજ ગઈ છે માટે કોઈ ચિંતા ન કર! આ મન્વન્તર તો તારે ભોગ ભોગવવાના છે. તે ભોગવીને અંતે તું મારા સ્વરૂપમાંજ લીન થઇ જશે. એટલું કહી ભગવાન ત્યાંથી અંતર્ધ્યાન થાય છે.....

.....ત્યાર બાદ નારદજી મહારાજ યુધિષ્ઠિરને વર્ણ અને આશ્રમ ધર્મ શિખવે છે. બ્રહ્મચર્ય, ગ્રહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચારે આશ્રમોના ધર્મો વિશદતાથી સમજાવે છે. દુનિયામાં આજે ભારે પરિવર્તન થઈ રહ્યું છે. ભારે ક્રાન્તિ થઈ રહી છે. એ ક્રાન્તિ અને પરિવર્તનને અનુકૂળ ધર્મોની આજે અનિવાર્ય આવશ્યકતા ઉપસ્થિત થઈ છે. આપણા વર્ણાશ્રમ ધર્મો એ સનાતન ધર્મો છે પણ આજે Changing Condition of the world–જગતની પલટાતી પરિસ્થિતી લક્ષમાં રાખી તેમાં સમયને અનુકૂળ એવા ફેરફારો કરવા અત્યંત જરૂરી છે. જો તેમ ન કરીશું તો ભયંકર આંધી ફરી વળશે અને ક્રાન્તિના પ્રવાહમાં ગમે ત્યાં ખેંચાઇ જઇશું.*

॥ इतिसप्तम स्कंध ॥

अष्टम स्कंध

.....પરમાત્માને લગતું જ્ઞાન મનુષ્યમાં કાળક્રમ અને તમોગુણથી ઢંકાઇ જાય છે. પૃથ્વીમાં જેમ પાણીનું પાતાળઝરણું રહે છે તેમ મનુષ્ય હૃદયમાં પણ પરમાત્મ પ્રેમ અહંકારની શિલાદ્વારા ઢંકાયલો રહે છે. પરમાત્માની ભક્તિદ્વારાજ એ અહંકારની શિલા ભેદાય છે. અહંકારની દિવાલ એ સેતુબંધ જેવી છે, પરંતુ પરમાત્મ પ્રેમરૂપી સાગર ઉલવાતાં એ સેતુબંધ તૂટી જાય છે. ગુરુકૃપા, સત્સંગ અને પ્રેમથી અજ્ઞાનના પડળો દૂર થાય છે. હૃદય ઉપરના તમામ આવરણો ખસી જાય છે અને અહંકારની અભેદ્ય જેવી મનાતી શિલાના ચૂરેચૂરા થઇ જાય છે. મહારાજા પરીક્ષિત દ્વારા આપણને એ વસ્તુના જ્ઞાનની ભેટ પ્રાપ્ત થાય છે.

પરીક્ષિતરાજા ભગવાન શુકદેવજીને પૂછે છે:–હે ભગવન્! જ્યાં જ્યાં ભગવાનનો પ્રાદુર્ભાવ થાય છે–જન્મ થાય છે ત્યાં ત્યાં તે સર્વવ્યાપી,

---

* વધુ માટે જુવો શ્રી નલિન ભટ્ટકૃત "ભાગવતનો વિશ્વધર્મ"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્ઞાનસ્વરૂપ, સ્વયંપ્રકાશ, અસંગ, અજન્મા અને સનાતન પરમાત્મા દુઃખીઓના દુઃખમાત્રને હરે છે, ભક્તોના પાપોનો નાશ કરી તેઓનો ઉદ્ધાર કરે છે. हरति दुःखान् त्रिविधान् इति हरिः ત્રિવિધ તાપને મટાડે તે હરિ. એવા મહીયાન્ સર્વશ્રેષ્ઠ પરમાત્માના ગુણાનુવાદ સાંભળવાની મારી તીવ્ર ઇચ્છા છે. વિશ્વભાવન ભગવાને ભૂતકાળમાં–મન્વન્તરોમાં જે જે લીલાઓ કરી, વર્તમાન મન્વન્તરમાં–યુગમાં–જે જે કરી રહ્યા છે તથા ભવિષ્યના મન્વન્તરોમાં જે જે લીલાઓ કરશે તેનું વર્ણન કૃપા કરી સંભળાવો. ભગવાન શુકદેવજી, મન્વન્તરોની ભગવાનની લીલાઓનું વર્ણન કરી પરીક્ષિત રાજાને સંતોષ આપે છે. શતરૂપા અને મનુનો ઇતિહાસ વર્ણવે છે..... જે હંમેશાં પ્રગતિશીલ છે એનું નામ જગત..... સ્થાવરજંગમ જગતમાં પરમાત્માનો આવાસ છે. માટે પરમાત્માનું અનુસંધાન કરવું ઘટે. આખું જગત પરમાત્માથી આવાસ્ય હોવાથી તેમાં રસમય પ્રભુનો છલકાતો, ઉભરાતો, ચાખવા જેવો–મસ્ત રહેવા જેવો રસાસ્વાદ માણવામાં અનેરો આનંદ રહેલો છે.....

...ईशावास्यमिदंसर्वम्...तेनत्यक्तेन भुञ्जीथाः मागृधः कस्यस्विद्धनम् ! પ્રભુ પ્રસન્ન થઇને જે આપે તેમાં સંતોષ માનવો. જે કાંઈ આપણી પાસે હોય તેનો ત્યાગપૂર્વક ઉપભોગ કરવો. ભગવાનના જેવી ભેટ કોઈ આપી શકે તેમ નથી. ચતુર્વિધ પુરુષાર્થને માટે ભગવાને માનવ શરીર આપ્યું છે એ ભગવાનની જેવી તેવી ભેટ છે? ભગવાને તો માનવીને સર્વસ્વ આપેલું જ છે. એકે એક પુરૂષાર્થને યોગ્ય શરીર આપ્યું છે તે કાંઈ આપણાં કર્મની જ માત્ર બલિહારી નથી. એ તો પ્રભુની દયારૂપી ભેટ છે. શરીરનો ભોગ ભોગવવો પણ તે પ્રભુનો પ્રસાદ છે એમ માનીને. ત્યાગની ભાવનાથી તુલસીપત્ર મૂકીને શ્રીકૃષ્ણાર્પણ કરીને અર્થાત્ સર્વકર્મફલત્યાગ કરી-પરમાત્માને સમર્પિત થઇને તેની આજ્ઞાઓનું યથાર્થ પાલન કરીને જીવવું જોઇએ...

ગાર્ગી અને યાજ્ઞવલ્ક્ય ઋષિ વચ્ચેનો સંવાદ અતિ બોધપદ છે. મહાસતી ગાર્ગી પૂછે છે:–મહારાજ! સાચો બ્રાહ્મણ કોણ? અને કૃપણ કોણ? યાજ્ઞવલ્ક્ય પ્રત્યુત્તરમાં જણાવે છે કે જે કોઇ જીવાત્મા પરમાત્માને પીછાનીને જગતમાંથી જાય છે તે સાચો બ્રાહ્મણ અને જે જાણ્યા સિવાય સંચરે તે કૃપણ. આત્માને જાણવાની પરમાત્મા તક આપે છે છતાં તેને ન જાણે તે કંજુસ છે. માનવદેહ પ્રાપ્ત કરીને આત્મજ્ઞાન ન મેળવ્યું તો પછી શરીરરૂપી પરમાત્માનું અજોડ શિલ્પ આપણે વેડફી નાંખ્યા સમાન છે. પરમાત્માએ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણામાં મૂકેલા વિશ્વાસનો દ્રોહ કર્યો કહેવાય. અને તેમ કરવાથી પરમાત્મા અપ્રસન્ન, અસંતુષ્ટ અને નારાજ રહે છે. પરમાત્માએ સોંપેલી જવાબદારી અદા ન કરવી એ કૃતઘ્નીપણું છે. પરમાત્માની નારાજી એટલે જ માનવીનું ત્રિવિધ દુઃખ. માનવ શરીર તો પરમાત્માનું વિહારસ્થાન મંદિર છે. એ પવિત્ર મંદિરને આપણે રજોગુણ-તમોગુણથી ભ્રષ્ટ કરીએ છીએ. તેને ઉકરડો બનાવી દુષ્ટ વિચારો, નિંદા, કુથલી અને રાગદ્વેષની બદબોથી તેને ભરી દઇએ છીએ. પરિણામે તેમાંથી સુગંધને બદલે દુર્ગંધ નીકળે છે....નજીવી ગણાતી એ પૈસાની સાવરણી કરોડો રૂપિયાથી બંધાયલા મહેલને સાફ કરે છે. સાવરણી વસ્તુતઃ મંગલમય અને પવિત્ર ચીજ છે. કારણ કે તે મહેલોને-ઘરોને હંમેશ સ્વચ્છ રાખે છે. સાવરણી આપણા દત્તાત્રય છે. અરે! તેથી પણ વધુ છે. આંગ્લકવિ શેકસપીયર કહે છે તેમ આપણે માટે તો દૃષ્ટિ હોય તો Sermons in stones. books in running brooks

Tongues in trees and good in everything છે. પત્થરમાં ગિરિપ્રવચનો ભરેલાં છે. સરિતાઓમાં બોધના મહાપ્રવચનો ભરેલાં છે. અંતરમાં રહેલી સાવરણી અંતરાત્માના મેલને સાફ કરનાર છે. હૃદયશુદ્ધિરૂપી સાવરણીથી અંતરમાં રહેલો કચરો સાફ કરવો જોઇએ. હૃદય એ ધોબીઘાટ છે. ભગવાનને ત્યાં શ્રી અને વિદ્યાની ખોટ નથી. તે તો સ્વચ્છ વિશુદ્ધ પ્રેમની ભિક્ષા માગે છે. તે ન આપવી એ નરી કૃતઘ્નતા છે. ઉપનિષદનો ઋષિ કહે છે-નાયમાત્મા પ્રવચનેનલભ્યઃન મેધયા ન બહુધા શ્રુતેન પ્રભુ જ્ઞાનથી, તપથી કે પ્રવચનોથી પ્રસન્ન થાય તેમ નથી. એવી સામગ્રીઓ એ અગત્યની ચીજ નથી. હૃદયનો શુદ્ધ ભાવ એ અગત્યની વસ્તુ છે. ભગવાન તો કહે છે કે-यत्करोषियदश्नासि यज्जुहोषिददासियत्। यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम्। ભગવાન જ્યારે પ્રેમની ભિક્ષા માગે છે ત્યારે કહે છે કે હે માનવી! તારે કંઈ જોઇતું હોય તો તારી પાસેનું બધું મને અર્પણ કર!.....હે મનુષ્ય! તું લાલચ ન રાખ! દુન્યવી પદાર્થો તો આપણે માટે ટ્રસ્ટરૂપે છે. તે પરત્વે મમત્વની મહોર ન માર! જે પર આપણી સત્તા નથી તે પર સત્તા સ્થાપવા જવું એ બાલિશતા છે. આ સ્થાવર જંગમ બધું પ્રભુનું જ છે. આપણે માત્ર ટ્રસ્ટીઓ તરીકેજ વર્તવાનું છે. ભગવાન શુકદેવજી ચાર મનુઓનાં યામ, સ્વારોચિષ, ઉત્તમ અને તામસનાં વર્ણનો સંભળાવે છે.

તામસ નામના મન્વન્તરમાં પ્રભુ હરિરૂપે પ્રગટ થાય છે અને ગજેન્દ્રના દુઃખ હરી તેને મોક્ષ આપે છેઃ-એ મન્વન્તરમાં હરિમેધસ્ ઋષિની પત્ની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હરિણીના ગર્ભથી હરિના રૂપમાં ભગવાન અવતાર ધારણ કરે છે. અને ગજેન્દ્રનો મોક્ષ કરે છે. ગજેન્દ્રમોક્ષ એ મહાભારતમાં પણ પંચરત્નોમાંનું એક છે.

ક્ષીર સાગરમાં ત્રિકૂટ નામનો એક ઊંચો પર્વત. એ પર્વત પર લોખંડ, ચાંદી અને સોનાનું એમ ત્રણ શિખરો. તેનાથી બધી દિશાઓ પ્રકાશિત રહેતી. એ પર્વત પર ગાઢ જંગલ હતું. તળેટી પર એક સુંદર સરોવર હતું. એ ઘોર જંગલમાં એક હાથી રહેતો હતો. મહાપરાક્રમી હતો. જંગલના હિંસક પશુઓ પણ તેનાથી થરકાંપ રહેતા. જો તેની સૂંઢમાં વાઘ કે સિંહ પણ ભૂલેચૂકે આવી જતો તો ધોબીનાં કપડાં પેરે ઝીંકાઇ જતો. હાથણી તથા પોતાનાં બચ્ચાંઓ સાથે એક દિવસ ફરતો ફરતો પેલા સુંદર સરોવર પાસે આવી પહોંચે છે. ચૈત્ર માસનો ધીકતો તાપ હતો. હાથીથી તાપ સહન થઈ શકતો નથી. આથી તે ઘણો આકુળવ્યાકુળ બન્યો, તૃષા પણ ખૂબ લાગી હતી. સરોવરને જોઈ આનંદ પામે છે. હાથીઓને હંમેશ જળક્રીડા ખૂબ ગમે છે. હાથણીઓના વૃંદ સાથે હાથી સરોવરમાં ઊતરે છે-સ્નાન કરે છે. સૂંઢમાં પાણી ભરી ફૂવારાની જેમ ઉરાડે છે. જાણે પોતે પોતાના ઉપર અભિષેક કરતો હોય! એ સરોવરમાં એક મગર રહેતો હતો. હાથી ઉન્મત્ત બની સરોવરમાં ક્રીડા કરી રહ્યો હતો તે વખતે પેલા મગરે આવી હાથીનો પગ પકડ્યો. મગરના મુખમાં કોઈપણ પ્રાણી પકડાય પછી તેની ચૂડમાંથી નીકળી શકતું નથી. હાથીના પગને મગરે પોતાના મુખમાં ખૂબ જોરથી પકડ્યો. હાથી ખૂબ અકળાયો. છૂટવા માટે અનેક પ્રયત્નો કર્યા. પોતાની તમામ શક્તિનો-બળનો ઉપયોગ કર્યો પણ મગર પગ છોડે નહીં અને હાથી સરોવરના ઊંડા જળમાં ઘસડાતો જાય. હાથણી પૂછડું પકડી તેને બહાર લાવવાની ખૂબ ખેંચતાણ કરે છે પણ વ્યર્થ. અન્ય હાથીઓ, હાથણીઓ અને તેના બચ્ચાંઓ હતાશ બની ખૂબ આક્રંદ કરવા લાગ્યા. ગજેન્દ્ર અને ગ્રાહ બંને પોતપોતાની સંપૂર્ણ શક્તિથી એકબીજા સાથે લડી રહ્યા હતા. કોઈ વખત હાથી પોતાના બળથી ગ્રાહને ખેંચી કાઢતો તો કોઇ વાર ગ્રાહ-મગર-હાથીને અંદર ખેંચી જતો. આ પ્રમાણે ગજગ્રાહની લડાઈ હજારો વર્ષ સુધી ચાલુ રહી. છેવટ હાથીની શક્તિ ક્ષીણ થઇ ગઇ. ગ્રાહની શક્તિ ક્ષીણ થઇ ન હોવાથી તે હાથીને ખેંચવા લાગ્યો. હાથીનો પ્રાણ સંકટમાં આવી પડ્યો. આથી હતાશ થયેલા ગજેન્દ્રે અંતે વિશ્વના એક માત્ર આશ્રય ભગવાનનો આશ્રય લેવાનો નિર્ણય કર્યો. જેની બીકથી મૃત્યુ પણ ડરે છે-નાસભાગ કરે છે-मृत्युर्धावतिपंचमः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એવા ભગવાનની આર્તનાદથી સ્તુતિ કરે છે. એ સ્તુતિ ખૂબ જ સુંદર અને ભગવાનને પ્રસન્ન કરનારી તથા સર્વ સંકટોને દૂર કરી મોક્ષને આપનારી છે. દરેક મનુષ્યે ગજેન્દ્રે કરેલી ભગવાનની સ્તુતિ હંમેશ પ્રાતઃકાળમાં કરવા જેવી છે. ગજેન્દ્ર સ્તુતિ કરે છે કે, હે પરમાત્મન્! પૂર્વજન્મના ફળરૂપે મને આ શિક્ષા થઈ છે. સંકટ સમયની સાંકળ હે પ્રભુ તમે જ છો. આથી સ્થાવર જંગમમાં વ્યાપેલા પરમાત્મા! હું આપને વંદન કરૂં છું. સર્વશક્તિમાન, સર્વઐશ્વર્યસમ્પન્ન, નિત્યયુક્ત, પરમાનંદ, જ્ઞાનસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા આપના ચરણમાં હું નમસ્કાર કરૂં છું. હે પ્રભુ! આપ તો સમસ્ત વેદ અને શાસ્ત્રોનું પરમતત્વ છો. મોક્ષ સ્વરૂપ છો. પરમ કરૂણામય અને ભક્તવત્સલ છો. સમસ્ત પ્રાણીઓના હૃદયમાં આત્મારૂપે આપ વિરાજમાન છો. આપ અવિનાશી સર્વ શક્તિમાન, અવ્યક્ત, ઇન્દ્રિયાતીત અત્યન્ત સૂક્ષ્મ. અને પતિતોદ્ધારક છો. આપ સ્વયંજ્યોતિ છો. હે પરમાત્મા! મારો ઉદ્ધાર કરો! હાથીની યોનિ-બહાર તેમજ અંદર-ચારે તરફથી અજ્ઞાનના આવરણથી ઢંકાયલી છે. હું તો આત્મા પ્રકાશને ઢાંકનાર અજ્ઞાનના આવરણમાંથી છૂટવાની ઇચ્છા રાખું છું. હે પરબ્રહ્મ! પરમાત્મા! હું આપને શરણે છું. મારી રક્ષા કરો. હે વિશ્વનિયંતા! હે અજન્મા! પરમાનંદસ્વરૂપ! યોગેશ્વર! આપના ચરણમાં હું મારી મુક્તિ માટે પ્રાર્થના કરૂં છું. આપની શક્તિ અનંત છે. આપ શરણાગત વત્સલ છો. ભક્તભીડ ભંજન છો. આપના મહિમાનો-લીલાનો કોઈ પાર નથી. હે દયાનિધિ, કરૂણાસાગર! મને બચાવો! મારી પ્રાર્થના આપ સ્વીકારી મારો ઉદ્ધાર કરો. એ પ્રમાણે ગજેન્દ્ર ભગવાનની વારંવાર સ્તુતિ કરે છે.....પરમાત્મા તો સ્વયંભૂ છે. પરમાત્માને કોણ પેદા કરે છે? અરે એ તો અજન્મા છે. સ્વપ્રકાશ અને સ્વયંભૂ છે. વિશ્વની વ્યવસ્થામાં અવ્યવસ્થા ન કરવી તે બુદ્ધિશાળીનું લક્ષણ છે. અવ્યવસ્થા પેદા કરવી મહાન ગુનો છે. શાસ્ત્રો કહે છે કે આ જગત કોઈ દિવસ પરમાત્માની અંદર પેદા થયું નથી. એની મૂળમાં ઉત્પત્તિ નથી, લય નથી, તો પછી સ્થિતિ હોયજ ક્યાંથી? બુદ્ધિદશાએ વિચાર કરીએ તો શરૂઆતમાં આ દુનિયા નથી. અજાતિવાદ કહે છે કે આ જગત પરમાત્મામાંથી ઉત્પન્ન થયું નથી. જે જગત દેખાય છે તે સત્ય નથી. બુદ્ધિથી વિચારો તો સૃષ્ટિ ઉત્પન્ન થઈજ નથી તે ભૂતકાળમાં ન હતી ભવિષ્યમાં નથી તો વર્તમાનમાં સંભવીજ શી રીતે શકે? જો એમ છે તો આ દેખાય છે તે છે શું? આપણને જે દેખાય છે, આપણે જે માનીયે છીએ તે આપણી અજ્ઞાનતાનો ચમકારો માત્ર છે. પરમાત્માથી ભિન્ન કંશુંજ નથી. આ બધું સત્સ્વરૂપજ છે. તેથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ ભ્રમમાત્રજ છે. દૃષ્ટિવિકાર છે. .....પ્રથમ પ્રભુમાં પ્રભુ જોતાં. પત્થરમાં પત્થર જ જોતા. પછી પત્થરમાં પ્રભુ દેખાય...તો પછી અજન્માના નિધન શા ? પરમાત્માનો પરમાત્મા કોઇ નથી.....જો બે ઇશ્વર હોય તો બન્ને વચ્ચે ભારે ઘર્ષણ ઉભું થાય. Tussel થાય. બન્ને ઇશ્વર સત્ય સંકલ્પ છે તો તેમાં ન કોઇની હાર થાય કે ન કોઇની જીત થાય. અને જો એકની હાર થાય તો બીજો અનીશ્વરજ પૂરવાર થાય. બે ઇશ્વર હોય તો વિશ્વની વ્યવસ્થા ટકે જ નહીં. તેમાં અવ્યવસ્થાજ ઉત્પન્ન થાય. આથી ઇશ્વરનો કોઇ ઇશ્વર નથી. તે તો એક અને અવિભાજ્યજ છે. તેને જન્મ નથી. મરણ નથી. આદિ નથી અંત નથી. તે અનાદિ અજન્મા છે. ઉત્પત્તિ, સ્થિતિ, લય કશું જ તેને સ્પર્શતું નથી. અને તે સ્વયંભૂ છે. પોતાની માયાદ્વારા આ જગતને વિકસાવ્યું છે. પોતાના સ્વરૂપમાંજ, પોતાની અચિન્ત્ય શક્તિ–માયાથી આ બધું જગત ચિત્ર ઉત્પન્ન થયું છે. પરપોટા અને તરંગ પાણીથી જુદા નથી. તેમ આ બધી સૃષ્ટિ પરમાત્મામય જ છે. આપણને તત્વજ્ઞાન પચતું નથી. કારણ કે આપણને ઇન્દ્રિયોના રસો ચાખવાની ઇચ્છા થાય છે. તેથી તેને વિભિન્નરૂપે જોઇએ છીએ.....પરમાત્માએ પોતાના શિવત્વને છોડી જીવત્વને પેદા કર્યું.....તે પોતાના રસને પોતે ચાખવા માટે પોતે વિભિન્ન સ્વરૂપે રજૂ થયા. સમુદ્રમાં તરંગ હોય. તરંગનો સમુદ્ર બનતો નથી. તેમ શંકરાચાર્ય કહે છે કે હું તારો છું. તું મારો નથી. Indian philosophy is not for arm chaired philosophers. તે પાછળ તો સાધનાનું બળ જોઇએ છે. સાધનામય જીવન જોઇએ છે. પરમાત્માને મેળવવા માટે તેને ચાખવા માટે, ભક્તિરૂપી રસ ચાખવાની વૃત્તિ હોવી ઘટે. બુદ્ધિશાળીએ બુદ્ધિનો દુર્વ્યય ન કરતાં સમતુલના કરવી જોઇએ. અને સત્યનું પરીક્ષણ કરતાં શિખવું જોઇએ. સાધના સિવાય ભારતીયતત્વજ્ઞાન કદી સમજાવાનું નથી. જગદ્ગુરૂ શ્રીમદ્ શંકરાચાર્યે મહર્ષિ અરવિંદ ઘોષે, મહર્ષિ રમણે તેમજ મહર્ષિ શિવાનંદે એક જ શ્લોકમાં આખું તત્વજ્ઞાન કહ્યું છે. ब्रह्म सत्यम् जगन्मिथ्या जीवो ब्रह्मैवः–અર્થાત્ બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે. બન્ને એક જ છે. આથી જ પરમાત્માને પીછાનવા માટે તેના સ્વરૂપને જાણવા માટે આકરી સાધના આવશ્યક છે એટલું જ નહીં અનિવાર્ય છે. પરમાત્મા તમામ કારણરૂપ છે. માટી એ ઘડાનું ઉપાદાન કારણ છે. કુંભાર એ નિમિત્ત–કારણ સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણરૂપી અરણીમાં ઢંકાયલો ચેતનરૂપ અગ્નિ–જીવનું રક્ષણ કરનાર પરમાત્મા છે. એ ત્રણ ગુણોના ક્ષોભરૂપ જગતને પ્રભુએ પ્રગટ કર્યું છે. ભગવાન સ્વયંપ્રકાશ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેને પોતાની ચમક માટે કોઇની ચમક પર આધાર રાખવો પડતો નથી. પરમાત્મા ગુણ, સત, અસત્ સ્વરૂપ નથી. મનુષ્ય, પશુ, પક્ષી, પ્રાણી, વનસ્પતિ ચિત્ત અંતઃકરણ એ બધાનો નિષેધ કરતાં બાકી રહે નિષેધકર્તા ! તે પરમાત્મા છે. એ દરેકમાં છે છતાં નથી...ભાગવત એ કલ્પતરૂ છે. એમાં સર્વવેદોનો સમાવેશ થયેલો છે પરમાત્માને શાસ્ત્રમાં બે રૂપે વર્ણવેલા છે. વિધિમુખે પરમાત્માનું વર્ણન છે. તથા ભગવાનનું નેતિ રૂપે નિષેધમુખે વર્ણન કરવામાં આવેલું છે. બધા તત્વોનો છેદ ઉડાવતાં બાકી રહે-જેને આપણે 'હું' કહીએ છીએ તેજ પરમાત્મા. પરમાત્મા પરિપૂર્ણ છે, એ ગુણરૂપ નથી.

જેમણે યોગદ્વારા કર્મ અને વાસનાઓને બાળી નાંખ્યાં છે એવા યોગીઓ પરમાત્માનું દર્શન કરી શકે છે. જેની ઇન્દ્રિયો કાબુમાં નથી તેને પરમાત્માનું દર્શન થતું નથી. બૃહદારણ્ય ઉપનિષદનો ઉપદેશ છે કે જે જાતે અશેષ છે. પરિપૂર્ણ છે. અને જે પૂર્ણમાંથી પૂર્ણ બાદ જતાં પણ શેષ પૂર્ણ રહે છે તેજ પરમાત્મા પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે. એવા પરમાત્માને અનેક વંદન હો ! એ પ્રમાણે ગજેન્દ્ર નિર્ગુણ પરમાત્માની સ્તુતિ કરે છે.

શુદ્ધાંતઃકરણની પ્રાર્થનાથી ભક્તવત્સલ ભગવાનને અકળામણ થઈ. તમામ દેવોના દેવ પરમાત્મા હરિરૂપે ગરુડ પર આરૂઢ થઈ હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરી ગજેન્દ્રને મુક્ત કરવા પધારે છે. ભગવાનને આવતા જોઇ ગજેન્દ્ર સૂંઢથી કમળપુષ્પ તોડીને પરમાત્માને વધાવે છે. તે સમયે ભગવાન શ્રીહરિ કહે છેઃ બેટા ! તેં મને આર્તનાદથી પોકાર્યો. મને શુદ્ધ હૃદયથી યાદ કર્યો છે તો તને હું કેમ ભૂલું ? આથી જ હું તારી વહારે ધાયો છું. એમ કહી ભગવાન ગરુડ પરથી ઉતરી હાથી તથા ગ્રાહ-મગરને બહાર ખેંચી કાઢે છે. સુદર્શનચક્રથી મગરનું મુખ ચીરી નાંખી હાથીના પગને મુક્ત કરે છે. અને ગજેન્દ્રનો ઉદ્ધાર કરે છે. ત્યારબાદ પરમાત્મા ગજેન્દ્રને કહે છે કે તેં જે પ્રકારે મારી સ્તુતિ કરી તે પ્રમાણે જેએ હંમેશ મારી સ્તુતિ કરશે તેને પ્રાણાંતે પણ હું નિર્મળ મતિ આપી તેનો મોક્ષ કરીશ. આ એક રૂપક છે. એનું તાત્પર્ય એ છે કે હાથી જેવું મદોન્મત્ત પ્રાણી પોતાનો અહંકાર છોડી પરમાત્માને શરણે જાય છે તો પરમાત્મા તેનું રક્ષણ કરે છે તો પછી મનુષ્ય પ્રાણી પણ જો શ્રદ્ધાભક્તિ-પૂર્વક પરમાત્માનું નામ સ્મરણ કરે તો તેની કદી અવગતિ થતી નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं भास्वानुदेष्यतिहसिष्यंति पंकजश्रीः
इत्थं विचिन्तयति कोषगते द्विरेफे हाहन्तहन्त नलिनीं गजउज्जहार॥

એ શ્લોકનો જે ભાવાર્થ છે તેજ આ ગજગ્રાહનું રૂપક છે. જીવ એ મદગળતો માતંગ છે. સંસાર એ સરોવર છે. મોહ એ મગર છે. સૃષ્ટિ અને સંસાર એ બન્ને જુદા છે. સૃષ્ટિ એ પ્રભુની પેદાશ છે. સંસાર એ આપણે ઉત્પન્ન કરેલી વસ્તુ છે. મનુષ્ય મદાંધ છે. એથી તને હાથીના જીવ સાથે સરખાવ્યો છે. આ જગતમાં દરક માનવીએ અહંકાર રહિત બની મોહ અને મત્સરનો ત્યાગ કરી એકબીજા સાથે હળીમળીને રહેવું જોઇએ. અને આપણને ઉત્પન્ન કરનાર અને રક્ષણ કરનાર પરમાત્માને તો કદી ભૂલવા ન જોઇએ. ગજેન્દ્ર પૂર્વજન્મમાં રાજા હતો. ભગવાનનો પરમભક્ત હતો. અગસ્ત્યઋષિના શાપથી તેનો અજ્ઞાનથી પૂર્ણ એવી હાથીની યોનિમાં જન્મ થયો હતો. પરંતુ પૂર્વજન્મની ભક્તિના પુણ્યથી તેને પ્રભુનું સ્મરણ રહ્યું હતું અને પ્રભુ સ્મરણથીજ તેની મુક્તિ થઇ હતી. ગજેન્દ્ર મોક્ષ આખ્યાન એ માનવજાતની અમર કહાણી છે....

... . દેવો અને દાનવો વચ્ચે યુદ્ધ થાય છે. તેમાં દુર્વાસા મુનિના શાપથી દેવોનો પરાજય થાય છે. એક સમયે ઇંદ્ર રાજાની સવારી નીકળે છે. દુર્વાસા મુનિ સામેથી આવે છે. ઇંદ્રને જોઇને પોતાના ગળામાં હાર હતો તે આશીર્વાદ તરીકે ઇંદ્રને મોકલે છે. ઇંદ્રને અભિમાન હતું કે તે દેવોનો પણ રાજા છે. એટલે તેને ઋષિના ગળામાંનો હાર એ મહાન અપમાન જેવું લાગે છે. ઇંદ્ર તરતજ તે હાર હાથીના પગ નીચે કચડાવી નંખાવે છે. ઇંદ્રના આ કૃત્યથી દુર્વાસા મુનિને ક્રોધ ચઢે છે અને શાપ આપે છે. भ्रष्टश्रीः भव એટલે કે તારૂં ઐશ્વર્ય નાશ પામો. દૈત્યોએ દેવો પર ચઢાઈ કરી અને દેવોને સ્વર્ગમાંથી હાંકી કાઢયા. આથી બધા દેવો ગભરાઇને બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજી તથા દેવો ક્ષીર સાગરને કિનારે જઈ ભગવાન વિષ્ણુની પ્રાર્થના કરે છે. પ્રભુ પ્રગટ થાય છે અને દેવોને કહે છે કે હે દેવો! અત્યારે અસુરોના વિજયનો કાળ છે. તમારૂં દૈવ વિપરીત છે. આથી તમે હાલ અમૃત ઉત્પન્ન કરો. તે માટે તમારે દૈત્યોનો પણ સહકાર સાધવો પડશે. માટે તેઓ સાથે પણ સંધિ કરી લો. સમુદ્રમાં તમામ વનસ્પતિઓ નાંખો. મંદાર નામના પર્વતનો મંથન દંડ કરો. વાસુકી નામના નાગદેવનું નેતરૂં બતાવો. અને એક બાજુ તમે દેવો અને બીજી બાજુ અસુરો મળી મંથન કરો. એ કાર્યમાં હું તમને મદદ કરીશ...દેવ એટલે સંત શક્તિ અને દૈત્ય એટલે આસુરી શક્તિ. અશિવ દાનવ શક્તિ ભગવાનના વચનાનુસાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઇંદ્ર, દૈત્યોના રાજા બલિ પાસે જાય છે. ઇંદ્રને આવતો જોઈ બલિરાજાએ વિચાર્યું કે દુશ્મન જ્યારે મારે બારણે આવ્યો છે તો મારે તેનું અપમાન ન કરતાં સ્વાગત કરવું જોઇએ. આથી બલિરાજા ઇંદ્રનું સ્વાગત કરે છે. ઇંદ્ર અને બલિરાજા વચ્ચે સંધી-સુલેહ થાય છે.....

.....લડાઈ-સંગ્રામના દિવસો વેપારીઓ માટે દિવાળીના દિવસો છે. પ્રજા માટે ભયંકર યાતનાનો સમય છે. આથી સંગ્રામ રાષ્ટ્રના જીવનમાં કદી આમંત્રણ આપવા જેવી વસ્તુ નથી. શૂરવીર તે કે જે સ્વભાવ ઉપર વિજય મેળવે. જગતશાંતિ માટે શાંતિના દૂતો કામ કરે છે. વર્તમાન પ્રકારની લડાઇ અને ખૂનમાં કશો તફાવત નથી. Nationalism is the worst possible disease..... રાષ્ટ્રીયતાના જેવો બીજો કોઈ ભયંકર ચેપી રોગ નથી. આ દુનિયામાં શાંતિ જોઈતી હોય તો પ્રત્યેક ઘેર અને દેશદેશાંતરમાં શ્રીમદ્ ભાગવતની કથા કરવી જોઇએ. ભાગવતના તત્વજ્ઞાનનો તેના સાચા અર્થમાં જગતભરમાં પ્રચાર કરવો જોઇએ. શ્રીમદ્ ભાગવત, રામાયણ અને મહાભારત જેવા આપણા હિન્દુ સંસ્કૃતિના ગ્રંથો કેવળ હિન્દુને માટે જ નથી પરંતુ જગતની તમામ પ્રજાની શાંતિ માટે કેટલા મહામૂલા છે તેનું ભાન આજના આપણા આગેવાનોને નથી. આજે રેડિયા પરથી વાહિયાત વાતો રજૂ કરવામાં આવે છે. આપણું હિન્દુપણું સંકુચિત ન હોવું ઘટે. એ સંકુચિત હતું પણ નહીં. ભાવના તો એ હોવી ઘટે કે First I am a man and then anything else. હું પ્રથમ માનવ છું અને બીજું બધું તે પછી. ભાગવત માનવતાનો-માનવધર્મનો પ્રચાર કરે છે. રાષ્ટ્રીયતાના ખોટા ખ્યાલો દૂર થવા જોઇએ. આજની દુનિયા તાર-ટેલીફોન-રેડિયો-ટેલીવીઝન અને વિમાન વગેરે પ્રકારના વૈજ્ઞાનિક સાધનોના પ્રતાપે એકબીજાની તદ્દન નજીક આવી ગઈ છે. એમાં caste, creed અને colourના ભેદો દૂર કરવા જ જોઇએ. આથી તદેવલગ્નં સુદિનંતદેવ-જે પળે સત્યનો સ્વીકાર કરીએ તેજ ઉત્તમ મુહૂર્ત માની વિશ્વબંધુત્વ અને માનવતાના પ્રવાહ માટે પ્રયત્નશીલ થવું જોઇએ. આપણું હિન્દુત્વ માણસ માણસને ભેટતાં અટકાવતું નથી. એ તો વિશ્વબંધુત્વ શિખવે છે. સંગ્રામો ધર્મના હોવા જોઇએ. એકબીજા દેશ સાથે લડે તેમાં સામાન્ય પ્રજાનો સંહાર શા માટે થવો ઘટે? લડવું એ વાત જ બૂરી છે. આપણે જગતમાં એકબીજાને પ્રેમથી ભેટવા, વહાલ વધારવા અને શાંતિથી જીવવા આવ્યા છીએ. તો પછી લડાઇનો વિચાર જ વાહિયાત ગણાવો જોઇએ. વહાલની વૃદ્ધિ માટે પ્રયત્ન એજ આજની અગત્ય છે.....વિનોદને વિગ્રહમાં ફેરવવો ન જોઇએ.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નાહક સત્તા અને સામ્રાજ્ય લોલુપ મદાંધ નેતાઓના એકબીજા સાથેના વિચારોની અથડામણથી સામાન્ય પ્રજાના જીવનની હોળી શા માટે કરવી જોઇએ?.....હિંદુ ધર્મ ઉત્તમ ક્યારે ગણાય? એની હૂંફમાં આવેલો કોઈ પણ જીવ આશ્વાસન પ્રાપ્ત કરે ત્યારે. દુનિયાની નેતાગીરીને આજે ફેર ચઢેલો છે. આધ્યાત્મિક દૃષ્ટિએ વિચાર ન કરીશું તો તો ભાવિના બાગડેલ વડિલોને પિંડ આપવાનો પણ ઇન્કાર કરશે. અને શ્રાદ્ધ પણ ન કરશે..... Need of the present generation is spiritualism and not nationalism–આજની પ્રજાને આત્મજ્ઞાનની–તત્વજ્ઞાનની જરુર છે. રાષ્ટ્રવાદની આવશ્યકતા નથી.....Spiritual Baptism of the world is the necessity of the hour.....ઉત્તમ ચીજ છે સમાધાન વૃત્તિ. પહેલાં ગાંડા બનવું અને પછી ડહાપણની માત્રાનો ઘસારો પીવાનો શો અર્થ?.....ઇંદ્ર અને બલિ વચ્ચે સમાધાન થાય છે. બધા ભેગા થઇને અમૃતમંથન કરવા નીકળે છે. બધાએ ભેગા થઇને મંદાર પર્વતને ઊંચકી ચાલવા માંડયું. પણ થોડું ચાલતાં થાકી ગયા. ભગવાન મદદે આવ્યા. ગરુડે ચાંચથી પર્વતને ઉપાડયો અને ક્ષીરસાગરને કિનારે ગયા. ધીમે રહીને પર્વતને પૃથ્વી પર મૂકયો અને પછી સમુદ્રમાં નાંખ્યો. ભગવાનને તો લીલા કરવી હતી! તેણે કાચબાનું રૂપ લીધું. વાસુકી નાગનું નેતરું બનાવ્યું. સાપનું મુખ દૈત્યો પકડે છે. અને પૂછડું દેવો પકડે છે અને વલોવણું શરુ થાય છે. વર્ષો વીત્યાં પણ અમૃત ન નીકળ્યું. પણ રત્નો નીકળ્યાં. વધુ વલોવણું કરતાં ઝેર નીકળ્યું. દેવો અને દૈત્યો બધા ગભરાયા. તેઓ બધા ભગવાન શંકર પાસે ગયા અને તેમની ભારે સ્તુતિ કરી. કાલિદાસ કવિએ કહ્યું છે કે સ્તુતિ કોને અપ્રિય હોય? વખાણ કોને ન ગમે? સ્તુતિથી શંકર પ્રસન્ન થાય છે. દેવો વગેરે શંકર ભગવાનને કહે છે કે હે મહાદેવ! આપના સિવાય આ ઝેર કોણ પી શકે? શંકરે દેવી પાર્વતી સામે જોયું. પાર્વતીજીએ સંમતિ દર્શાવી. દેવી કાંઈ પાગલ ન હતી. તેણે કહ્યું તમે તો મહાદેવ છો. જગતના કલ્યાણને માટે ઝેર પણ પીવું ઘટે. અન્ય દેવો તો કૃપણ છે. તમે તો દેવોના પણ દેવ-મહાદેવ છો માટે જરુર દેવોની પ્રાર્થના સ્વીકારો. શંકર ભગવાન વિનતિનો સ્વીકાર કરે છે. શંકર ભગવાન વિષને હથેળીમાં લઇને ગટગટ પી ગયા. એ ઝેરને તેમણે ગળામાંજ પચાવી દીધું. ગળાથી નીચે જવાજ ન પામ્યું. આથી તે નીલકંઠ કહેવાયા. પ્રાણી માત્રના કલ્યાણને માટે ઝેર તો કોઈ શંકરજ પીએ! સંસારરૂપી સાગરમાં આત્મમંથન કરી જ્ઞાનરૂપી અમૃત પ્રાપ્ત કરવું એનું નામ સમુદ્રમંથન. શંકર અને હાલાહલ-વિષપાનનો મૂળમાં અર્થ સમજવો જોઇએ. શંકર એટલે શિવ–કલ્યાણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સર્વનું કલ્યાણ કરનાર તે શંકર. વિષ–ઝેર એટલે સંસાર કટુસંસાર પી જવો એજ સાચું વિષપાન!

.....વિનોદ તો જીવનનું મહત્વનું પ્રજીવકનક તત્વ.–Vitamin છે. હિંદુ ધર્મ તો વેદાંત હસતાં હસતાં શીખો એમ કહે છે. સાચું વેદાંત તો આનંદ આપનારૂં છે. ઉન્નત કરનારૂં છે. વેદાન્ત વાંચીને વિનોદને મારી નાંખવો ન જોઇએ. વિનોદ તો ઉત્તમ ઔષધ છે.....સમુદ્રમંથનમાંથી લક્ષ્મીજી નીકળ્યાં. મોહિની જેવાં–રૂપરૂપનો સૌંદર્યનો અવતાર! લક્ષ્મીજીને જોતાંજ દેવો અને દૈત્યો બન્નેના મન લલચાયાં. દેવ લોકો આનંદમાં આવી લક્ષ્મીજી પર અભિષેક કરવા લાગ્યા. લક્ષ્મીજી કોને આપવા એ પ્રશ્ન ઉપસ્થિત થયો. છેવટે બધાએ મળી નિર્ણય કર્યો કે એનો નિર્ણય લક્ષ્મીજીને પોતાનેજ કરવા દેવો. તેને જે પસંદ પડે તેની પાસે જાય. લક્ષ્મીજીએ ચોતરફ નજર નાંખી. દેવો તેને નિસ્તેજ લાગ્યા. ભગવાન વિષ્ણુ સિવાય તેને કોઈ પસંદ પડ્યું નહીં. લક્ષ્મીજી વિષ્ણુ ભગવાનને વરમાળા આરોપે છે. ભગવાન સિવાય લક્ષ્મીજી બીજા પાસે જાય છે ત્યારે તે દુઃખ ઉત્પન્ન કરે છે. લક્ષ્મીજી પછી અમૃત ઉત્પન્ન થાય છે. અમૃત નીકળતાં દૈત્યો અમૃતકુંભ લઇ નાસે છે. દાનવોમાં તકરાર પડે છે. દાનવો અમૃતકુંભ લઇ ગયા તેથી દેવોને ભારે દુઃખ થયું. દેવોનું દુઃખ દૂર કરવા ભગવાન મોહિનીરૂપ ધારણ કરે છે. મોહિનીરૂપ ધારણ કરેલ સ્ત્રીને જોતાંજ દૈત્યો અત્યંત મોહવશ બને છે. મોહિની દેવોને અમૃત પાય છે. મોહિની સ્વરૂપમાં અંધ બનેલા દાનવોએ તો મોહિની બન્નેને અમૃતનું વિભાજન કરશે, વહેંચી આપશે એમ નક્કી કરેલું. પરંતુ મોહમાં દાનવો લટ્ટુ બનતાં મોહિનીએ બધું અમૃત દેવોને પાયું. આથી દૈત્યો ખીજવાય છે અને બન્ને વચ્ચે લડાઈ થાય છે. ભયંકર યુદ્ધમાં બલિરાજાનો વધ થાય છે એટલામાં નારદજીનું તે સ્થળે આગમન થાય છે. નારદજી ઊભયપક્ષને કહે છે કે તમે તો મોસિયાતો છો માટે માંહોમાંહે લડવું યોગ્ય નથી. નારદજીની સલાહથી યુદ્ધવિરામ થાય છે. બલિરાજાના હાડકાં લઈ દૈત્યો જંગલમાં ચાલી જાય છે ત્યાં તેઓ તેમના ગુરુ શુક્રાચાર્યને બધો વૃત્તાંત જણાવે છે. શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા હતી. સંજીવની વિદ્યાથી તે બધાને (દૈત્યોને) સજીવન કરે છે. બલિરાજા જીવતા થાય છે. યજ્ઞીયતાદ્વારા તેના તેજની તે વૃદ્ધિ કરે છે. યજ્ઞીયતા એટલે નિઃસ્વાર્થ જીવન. બલિરાજા સો અશ્વમેધ યજ્ઞ કરે છે. યજ્ઞને અંતે તેને દૈવી શસ્ત્ર તથા રથ મળે છે. ભાર્ગવોનું તેજ મળે છે. બલિરાજા રણશીંગા વગાડતાં સૈન્ય સાથે ઇંદ્ર પર ચઢાઇ લઇ જાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભાર્ગવઋષિના તેજ સાથે બલિને આવતો જોઇ ઇંદ્રના હાંજા ગગડી જાય છે. હારેલામાં આંતર ક્રોધ આવે છે. જીતેલા વિલાસમાં પડે છે. દેવો વિલાસમાં પડી ગયા હતા. સ્વર્ગની ભૂમિ ભોગવિલાસની ભૂમિ બની ગઇ હતી. બલિરાજાનો સામનો કરવા માટે બૃહસ્પતિ ઇંદ્રને કહે છે. ઇંદ્રની હિંમત થતી નથી. બૃહસ્પતિ દેવોને સ્વર્ગ છોડી ચાલી જવા જણાવે છે. દેવો સ્વર્ગ છોડી જાય છે. બલિ સ્વર્ગનો કબજો લે છે. પહેલાં દેવો જીત્યા હતા. પછી દાનવો જીત્યા. પૃથ્વીમાં પણ બલિરાજાની આણ પ્રવર્તવા લાગી. યુદ્ધમાંથી યુદ્ધ જાગે છે. ધિક્કારથી ધિક્કાર વધે છે. પ્રેમથી પ્રેમ વધે છે. દેશની નેતાગીરીએ પ્રેમના પાઠ ભણાવવા જોઇએ જેથી વારંવાર વિગ્રહ ન જાગે. દેવોના પરાજયથી દેવોની માતા અદિતિને ચેન ન પડ્યું. તેને ભારે દુઃખ થયું. કશ્યપઋષિ તપ કરવા ગયા હતા ત્યાંથી પાછા આવે છે. આનંદરહિત આશ્રમને જોઈ દુઃખી થાય છે. શોકનું કારણ પૂછતાં અદિતિ બધો ઇતિહાસ કહે છે, અદિતિ કશ્યપઋષિને કહે છે કે જ્યાંસુધી મારા પુત્રને સ્વર્ગનું રાજ્ય ન મળે ત્યાંસુધી મને સુખચેન મળશે નહીં. અહન્તા-મમતા સ્વર્ગમાં પણ રહે છે! કશ્યપઋષિ કહે છે.–હે દેવી! તારી મનો-કામના પૂર્ણ કરવા માટે તું ભગવાનની ઉપાસના કર. તેની દયાથી તને જે પુત્ર થશે તેજ બલિને હરાવી શકશે. ભગવાન તારી ઇચ્છા પૂર્ણ કરશે. ભગવાનની ભક્તિ કદી નિષ્ફળ જતી નથી. અદિતિ પયોવ્રત નામનું વ્રત કરે છે. ભગવાન પ્રસન્ન થાય છે. ફાલ્ગુન માસમાં પયોવ્રત વિધિપૂર્વક તેર દિવસ સુધી જે સ્ત્રી કરશે તેને ત્યાં પરમાત્મઅંશી પ્રજા જન્મશે. અદિતિમાતાને પ્રભુ પ્રથમ અંતરમાં દર્શન આપે છે. અદિતિ હૈયામાં શંખ ચક્ર પદ્મ ગદાધારી ભગવાનનાં દર્શન કરે છે: તેના આનંદનો કોઈ પાર નથી. પૂર્ણકાળે ભગવાનનો જન્મ થાય છે તે વખતે આકાશમાંથી દેવો પુષ્પની વૃષ્ટિ કરે છે. અલૌકિક સ્વરૂપવાન્ પુત્રને જોઈ માતાના આનંદની સીમા રહી નથી. ભગવાનનું ચતુર્ભુજ રૂપ ધ્યાનગમ્ય રૂપ છે. એ પંચમહાભૂતના કોઈ તેજમાંથી ઉત્પન્ન થતું નથી. ભગવાન માતાપિતાને દિવ્યરૂપના દર્શન કરાવે છે. પછી પોતાનું દિવ્યસ્વરૂપ સંકેલી લઈ બટુક વામનસ્વરૂપ ધારણ કરે છે. એજ ભગવાનનો વામનાવતાર. યોગ્યકાળે વામન ભગવાનને ઋષિ યજ્ઞોપવીત સંસ્કાર કરે છે. ભગવાન બૃહસ્પતિ જનોઈ આપે છે. ભગવતી ભૂમિમાતાએ મૃગચર્મનું દાન કર્યું. ચંદ્ર ભગવાને દંડ આપ્યો. અદિતિ-માતાએ લંગોટી આપી. બ્રહ્માજીએ કમંડળ આપ્યું. સવિતાએ ગાયત્રી ઉપદેશ કર્યો. માતાએ રૂદ્રાક્ષની માળા આપી. અપર્ણાએ ભિક્ષા પીરસી.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

.....બલિરાજા યજ્ઞ કરતા હતા. વામન ભગવાન બલિના યજ્ઞમાં જાય છે. બલિરાજા તેના સ્વરૂપથી પ્રસન્ન થઇ જે જોઇએ તે માગવા કહે છે. વામનજી કહે છે. હે રાજન્! તું પ્રલ્હાદજીનો પ્રપૌત્ર છે. પ્રલ્હાદના કુળમાં ખમીર વગરનો–કૃપણ કોઈ જન્મ્યો નથી. વચન આપી કોઇ ફરી ગયો નથી. વચન આપીને ના પાડે તેવો નિઃસત્વ કોઈ જન્મ્યો નથી. દુનિયામાં પ્રાણ આપનારા મળે છે પણ તત્પાત્રે દાન આપનારા થોડા–બહુ જ થોડા હોય છે. તારા કુળમાં તો હિરણ્યાક્ષ જન્મ્યો હતો. તેણે તો ભગવાનને પડકાર કર્યો હતો. ભગવાન તો, માન, ભયને લઇને તેના હૈયામાં છૂપાઇ ગયા હતા. મહાન કુળમાં ઉત્પન્ન થયેલો તું મને ઇચ્છા પ્રમાણે માગવાનું કહે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. પ્રલ્હાદજીનો તું પ્રપૌત્ર છે. હું મારી યાચ્ચા લઇ આવ્યો છું. કેમકે याच्चा मोघा वरमधिगुणे नाधमे लब्धकामा– દાન આપનારાઓમાં ઉત્તમ એવા હે સમ્રાટ્! મારે તારી પાસે થોડી જમીન જોઇએ છે. રાજા બલિ કહે છે: બોલ બટુક! તારે કેટલી જમીન જોઇએ છે. તારી વાણીથી હું પ્રસન્ન થાઉં છું. બટુક કહે છે કે મારે મારાં પગલાંના માપની ત્રણ પગલાં જમીન જોઇએ છે.....બ્રાહ્મણ કોણ? અપ્રરિગ્રહી-જરૂર જેટલું જ ઇચ્છે તે બ્રાહ્મણ.....ટોલ્સ્ટોય કહે છે કે માણસને ફક્ત સાત ફૂટ જગ્યાની જ જરૂર હોય છે.....બલિરાજા બટુકની માંગણી સાંભળી કહે છે કે હે બ્રાહ્મણ પુત્ર! તારી મતિ જોઈ મને ખેદ થાય છે. છેવટ તો તું બાળક જ ને? તારી વાણી તો ખૂબ જ મીઠી છે. પણ સ્વાર્થ સાધવે તું મુરખ લાગે છે.....

બલિનું બંધન કેમ થયું? પરમાત્માએ પૃથ્વી પર પોતાના નામની તકતી મારી નથી. કોઇ ઠેકાણે તેનું નામનિશાન નથી. ભગવાનનો એક જ સૂર્ય એકધારો અનન્તકાળથી પ્રકાશદાન કરતો જાય છે. મોટા સંન્યાસીઓએ પણ દાન કરવું જોઇએ. યજ્ઞ, તપ અને દાન તો સદૈવ કરવાંજ જોઇએ. દાન એટલે ખાખી બંગાલી બની જવું એવો અર્થ નથી. ગૃહસ્થાશ્રમીઓએ વિવેકપૂર્વક દાન કરવું જોઇએ. જે ગૃહસ્થાશ્રમી ફાવે તેમ પૈસો વેડફે તેના પર ભગવાન અપ્રસન્ન રહે છે. જે દાનથી આપણા જીવનમાં વિચ્છેદ પડે તે દાન ન કરવું. પોતાના આશ્રમ નિભાવ પૂરતું રાખી વધારાનું પવિત્ર કાર્યોમાં ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક ખર્ચવું..... દરેક વ્યક્તિએ શ્રમ કરવો જોઇએ. આ દુનિયામાં હરામનું ખાવાનો કોઇને અધિકાર નથી.....ઘરનું કામ એનો કરે એ યોગ્ય છે પરંતુ એકલું રસોઇ જ સંભાળીને બેસી રહેવું યોગ્ય નથી. અન્ય સામાજિક કામો પણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરવાં જોઇએ. પુરૂષોએ પણ પોતાની શક્તિ પ્રમાણે વ્યવસાય કરવોજ જોઇએ. ધનના પાંચ વિભાગ કરવાઃ–ધર્માય એટલે ધર્મકાર્યમાં આવકનો દસમો ભાગ ખર્ચવો. યશસે–કીર્તિ–આબરૂ-પ્રાપ્ત કરવા માટે. આબરૂ એ મોટી મૂંડી છે માટે સત્કીર્તિ સંપાદન કરવા માટે પણ ખર્ચ કરવું. મોટાઇનાં હમેશાં મૂલ્ય ચૂકવવા પડે છે. તૈત્તરીય ઉપનિષદમાં કહ્યું છે કે શ્રદ્ધયા દેયં, અશ્રદ્ધયા અદેયં શ્રિયા દેયં, હ્રિયા દેયં, મિયાદેયં, સંવિદા દેયમ્ અશ્રદ્ધાથી કદી ન આપવું. શ્રિયા એટલે પોતાના ગૌરવને છાજે તે પ્રમાણે. લોકલાજને ખાતર પણ દાન કરવું. ભયના માર્યા પણ દાન આપવું પડે છે. પણ બધું સંવિદા દેયમ્ અર્થાત્ જે કાંઈ આપો તે સમજપૂર્વક આપો. દાન તો ખેતરમાં નાંખેલો દાણો છે. ઉખર ભૂમિમાં નાખેલો દાણો જેમ નકામો જાય તેમ અપાત્રે આપેલું દાન પણ નકામુંજ જાય છે. અંગ્રેજીમાં જેને Creative donation કહે છે તેવું દાન ઉત્પાદક હોવું જોઇએ. વેદ વિદ્યાના ઉત્પાદન અર્થે દાન આપવું જોઇએ. વળી વ્યવસ્થિત રીતે દાન આપવું. વિદ્યાદાન માટે હજારો વિદ્યાર્થીઓ તરફડે છે તો તેવાઓને દાન આપવું એ અગત્યનું છે. આજના સમયમાં દાનની દિશા બદલવાની ખાસ જરૂર છે. જે દાનથી આપનાર કે લેનારને અથવા સમાજને લાભ ન થતો હોય તેવું દાન નકામું છે. તે દાન નથી. દાનનો ભ્રમ છે. યશ માટે, કામાય એટલે પવિત્ર ઇચ્છાઓ જેવી કે યાત્રાઓ માટે, સ્વજનાય એટલે પોતાના સગાંવહાલાંઓ માટે, દાન કરવું. આ પાંચ પ્રકારે દ્રવ્યના ભાગ પાડી જીવનાર મનુષ્ય કદી દુઃખી થતો નથી. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે દાતવ્યમિતિ યદ્દાનં... સાત્વિકં સ્મૃતમ્। અર્થાત્ જે દાન કરવું તે પાછું ન આપી શકે તેવાને, યોગ્ય સ્થળે, યોગ્ય સમયે અને પાત્ર જોઇને આપવું. એ પ્રકારના દાનને સાત્વિક દાન કહેવામાં આવે છે. શુક્રાચાર્ય કહે છે. હે રાજન્ તું મૂર્ખ ન થા. કર્તવ્ય અને અકર્તવ્યનો નિર્ણય કરવાનું કાર્ય હવે બલિને માથે આવી પડ્યું. સૂડી વચ્ચે સોપારી જેવી તેની સ્થિતિ બની ગઈ. એક બાજુ સત્ય અને બીજી બાજુ વહેવાર. શુક્રાચાર્યનું કહેવું પણ સાચું હતું. અને આપેલાં વચનનું પાલન કરવું તે પણ સાચું હતું બલિરાજા ભારે વિમાસણમાં પડે છે. ગુરૂના વચનનું ઉત્થાપન એ તો ભારે વાત! વચનભંગ થવું કે ગુરૂનું માન રાખવું! ગુરૂદેવના કથન માટે તેને ભારે માન છે. બીજી બાજુ સત્યનું પાલન કરવાનું છે. સત્ય કઠોર ત્યાગ માગે છે. આત્માની દૃઢતા માગે છે. આત્માની તારક શક્તિમાં અવિચળ શ્રદ્ધા માગે છે. છેવટ બલિ નિર્ણય કરી નાંખે છે. ગુરુજીને તે જણાવે છે કે મહારાજ! તમે કહો છો તે સત્ય છે. ગૃહસ્થો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માટે એ સાચું છે. મારે સત્ અને અસત્ સાથે વિરોધ છે. તમારા ઉપદેશ સાથે વિરોધ નથી. મારે મારૂં બોલવું પાળવું કે તોડવું? મને લાગે છે કે મારે મારૂં વચન પાળવુંજ જોઇએ. સત્ય માંડવાળ માગતું નથી. સત્ય છેવટે પણ પ્રગટયા સિવાય રહેતું નથી. બોલ અને બાણ વહેલા વહેલા વગર વિચારે નીકળવાં ન જોઇએ. હાથીના દાંત વહેલા નીકળતા નથી અને નીકળ્યા પછી અંદર જતા નથી. માટે બોલ અને બાણ છોડતાં પહેલાં ખૂબ વિચાર કરવો. બલિ તો સત્યનો અવતાર હતો, બલિ કહે છેઃ– હે ગુરુદેવ! મને માફ કરજો! હું પ્રલ્હાદના દીકરાનો દીકરો છું. એક વખત વચન આપીને ફરી જાઉં એ તો કદી ન બને. સત્યાન્નાસ્તિ પરો ધર્મઃ સત્યથી મોટો કોઈ ધર્મ નથી. પૃથ્વી એક દિવસ બોલી હતીઃ–અસત્યને ટપી જાય તેવો બીજો કોઈ અધર્મ નથી. હું બધું સહન કરી શકું છું. પર્વતોનો ભાર સહન કરી શકું છું, પણ જૂઠનો ભાર સહન કરી શકતી નથી. બલિ કહે છેઃ– મને નરકનો ડર નથી. અસુખનોડર નથી. દુઃખના સમુદ્રથી ડરતો નથી. સ્થાન ભ્રષ્ટતાથી ડરતો નથી. પણ આ બ્રાહ્મણને છેતરવાથી જેટલો ડરૂં છું તેટલો કોઈથી ડરતો નથી. મારો નિશ્ચય છે કે મારે ત્રણ ડગલાં પૃથ્વી આપવી જ. યજ્ઞ તો ભગવાનની પ્રસન્નતા માટે છે. તે જ્યારે સાક્ષાત્ છે ત્યારે (તેઓ જો મને છેતરવા આવ્યા હશે તોપણ) મારૂં તો કલ્યાણ જ છે. હે ગુરુદેવ! મારી પાસે અધર્મનું આચરણ ન કરાવો! રામચંદ્ર ભગવાન જેમ એકવચની હતા–રામો દ્વિર્નૈવમાષતે–તેમ બલિ પણ એકવચની જ હશે. આ સાંભળી શુક્રાચાર્યને તાનો લાગ્યો. તેણે કહ્યું કે, હે મૂર્ખ શું હું તારો શત્રુ છું? ક્રોધાવિષ્ટ ગુરુ શાપ આપે છે કે ટૂંક સમયમાંજ તું તારી શ્રીથી ભ્રષ્ટ થશે. બલિરાજાને શાપની કોઇ ચિંતા નથી. રાજા તેવી રાણી. બલિ જેવો દૃઢ તેવી મહારાણી પણ દૃઢ રહે છે. વામન ભગવાન મંદ મંદ હસે છે. મહારાણી વિંધ્યાવલીએ એ વખતે શું કર્યું? તેના રૂપનો પાર ન હતો. આભૂષણોથી અલંકૃત હતી. સોનાનો કળશ પાણીથી ભરીને લાવે છે અને મહારાજાને કહે છે કે હે મહારાજ! રખે પાછી પાની કરતા! આ શરીર પર ફક્ત મંગળસૂત્ર રહેશે તો બસ છે. મહારાજ! આ રહ્યું પાણી હાથમાં લો! બન્ને પતિપત્ની હાથમાં પાણી લે છે. ભગવાન વામનના હાથમાં પાણી આપે છે. તેજ વખતે વામન ભગવાન વિરાટ થઈ જાય છે. સ્વર્ગમાંથી પુષ્પવૃષ્ટિ થાય છે. ગંધર્વો નૃત્ય કરવા લાગ્યા છે. અનંત વિરાટ સ્વરૂપ તેજ ક્ષણે પ્રગટ થયું. એ ત્રિગુણાત્મક સ્વરૂપ હતું. ત્રણલોક સુધી પહોંચેલું એ વિશ્વસ્વરૂપ હતું. વિશ્વરૂપ દર્શન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક અર્જુન ને બીજા બલિરાજાને થયા. જ્યાં જ્યાં ત્યાગ ત્યાં ત્યાં ત્યાગના પુણ્યપ્રભાવે ભગવાન વામન મટી વિરાટ સ્વરૂપ ધારણ કરે છે. ત્રણ લોકની પૃથ્વી મળતાં વામન પણ વિરાટ થઈજ જાય ને! સ્થાવરજંગમ સર્વમાં પરમાત્મા જ છે. કર્મફળ ત્યાગથી જ એ વિરાટ સ્વરૂપનાં દર્શન થાય છે. ભગવાને બે પગલાંથી સ્વર્ગ અને પૃથ્વી માપ્યાં. પછી ભગવાન બલિને કહે છે કે હે રાજન્! બોલ! ત્રીજું પગલું ક્યાં મૂકું? ગંગા નદીની ઉત્પત્તિ, ભગવાનનો પગ સત્યલોકમાં પહોંચ્યો ત્યારે દેવોએ તેના પગ ધોયેલા ત્યાંથી થયેલી. દાનવો ભગવાનની આ પ્રકાર છેતરપીંડીથી ક્રોધે ભરાય છે. બટુકના રૂપમાં આવી આપણને છેતર્યા છે એમ કહી ખૂબ ક્રોધાયમાન થાય છે. વામનજી નાના થયા એટલે દૈત્યો તેના ઉપર આક્રમણ લઈ જાય છે. બલિરાજા તેઓને અટકાવે છે. ભગવાન બલિને બાંધવાની ગરૂડને આજ્ઞા કરે છે. વચન આપીને સામાને છેતરે તે નરકનો અધિકારી છે માટે એને બાંધી નરકમાં લઇ જાઓ. ભગવાન તો એમ કહી બલિની અગ્નિ પરીક્ષા કરતા હતા, પણ બલિ મચક આપે તેવો ન હતો. બલિ કહે છે કે ભગવાન્! હજુ મારી પાસે એક ભૂમિ છે. દેહની માલિકી બલિની હતી. દેહનું મમત્વ હજુ બલિને હતું. બલિ રાજા પોતાનું શરીર ભગવાનને સોંપી દે છે..... આ બનાવની ખબર પ્રલ્હાદજીને પડે છે. પ્રલ્હાદજી ત્યાં આગળ આવે છે. પ્રલ્હાદજીને ત્યાં આવેલા જોઈ ભગવાનનો અને ભગવાનના દર્શન થતાં પ્રલ્હાદજીના આનંદનો પાર ન રહ્યો! પ્રલ્હાદજી કહે છેઃ—ભગવાન્ તમે ઠીક કર્યું. એને (બલિને) ઇંદ્રપદના વૈભવનો મદ ચઢયો હતો. તમે તો મહાન કૃપા કરી કે તેનું સર્વસ્વ હરી લીધું. એટલામાં વૃદ્ધ પ્રપિતામહ બ્રહ્માજી કહે છે: ભગવાન્! આવું ન કરો! એણે જાત સોંપી દીધી છે. સર્વસ્વનું દાન દીધું છે છતાં એને બંધન! એ ન હોવું જોઇએ. ભગવાન કહે છેઃ— હે બ્રહ્માજી! હું જેના ઉપર અનુગ્રહ કરૂં છું તેનું ધીરે ધીરે સર્વસ્વ હરી લઉં છું. મદ મમત્વ અને માનને દૂર કરવા મેં તેના પર અનુગ્રહ કર્યો છે. હું બલિ પર પ્રસન્ન છું. મેં શું કર્યું તે જાણો છો? બલિએ સત્યને છોડયું નથી માટેજ કહું છું કે એ મારી અજેય માયાને આ ક્ષણેજ તરી ગયો છે. આટલું થાય છતાં તેણે સત્ય છોડયું નથી. હે બલિ! તું પાતાળમાં જા! સુતલમાં જા! મારી યોજના પ્રમાણે તારે ત્યાંજ જવાનું છે. મેં તને પાંચ મિનિટ બાંધ્યો પણ હું તારે બારણે ઉભો રહી ચોવીસે કલાક પહેરો ભરી તારી રક્ષા કરીશ! બલિ કહે છે. ભગવાન્! તમારી કૃપાનો પાર નથી. તમારી આજ્ઞાનું પાલન કરવું. એ મારો ધર્મ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બલિ યજ્ઞ પૂરો કરે છે. પછી બલિ અને તેનું રાક્ષસકુળ સુતલમાં જઈ રાજ્ય કરે છે. ભગવાન આ પ્રમાણે બલિ પાસેથી બધું છીનવી લઈ ઇંદ્રને રાજ્ય સોંપે છે. પરમાત્માનું આ આખ્યાન સાંભળનારનું હંમેશ કલ્યાણ જ થાય છે. તેની કદી દુર્ગતિ થતી નથી. આ આખ્યાનના રૂપકના મુખ્ય મુદ્દાઓ એ છે કે બલિ એટલે ઉપહાર=ન્યોછાવરી. પરમાત્માને ખાતર જીવનનું સમર્પણ કરે તે બલિ. વામન = અતિશય સુંદર, બીજો અર્થ નાનો. પરમાત્મા જેના પર અનુગ્રહ કરે છે તેનું અભિમાન છીનવી લે છે–તેની પાસે ત્રણ ડગલાં પૃથ્વી એટલે પંચમહાભૂતનું બનેલું શરીર ઉપરનું મમત્વ હરી લે છે. ઉપરાંત (૧) જાગૃત (૨) સ્વપ્ન અને (૩) સુષુપ્તિ. એ ત્રણ અવસ્થા એ ત્રણ ડગલાં. સુષુપ્તિ એટલે અજ્ઞાન અવસ્થા. એ જાય નહીં ત્યાં સુધી તુરીયાવસ્થા એટલે કે મુક્તાવસ્થા પ્રાપ્ત થતી નથી. ત્રીજુ પગલું એજ સુષુપ્તિ અવસ્થા. તેમાંથી સ્વપ્નાવસ્થા અને તેમાંથી જાગૃત અવસ્થા. મૂળમાં અજ્ઞાન એ સુષુપ્તિ અવસ્થા છે. તેમાંથી સ્વપ્ન સૃષ્ટિ અને તેમાંથી જાગૃત સૃષ્ટિ. આખી દુનિયાનો કારભાર ગળાથી માથા સુધી ચાલે છે. એ ત્રીજી અવસ્થાને જો ભગવાન સર કરી લે તો ભવના બંધન છૂટી જાય છે. ત્રણ અવસ્થા હરી લઇને ભગવાન તેને અભયદાન આપે છે. બલિ એટલે ત્યાગ. ત્યાગથી પરમાત્મા વામન મટી વિરાટ થાય છે. વિરાટનું વિરાટને સોંપી દઇએ તો વામન વિરાટ થઇને ઉભો રહેશે. આપણી કૃતજ્ઞ પ્રજાએ બલિનું એટલે ત્યાગનું શું સ્મારક કર્યું તે જાણો છો? ત્યાગની પ્રજાએ શી કદર કરી છે તે જાણો છો? એક જીવાત્મા જ્યારે સંપૂર્ણ સમર્પણ કરે છે ત્યારે દુનિયા તેની કેવી કદર કરે છે તે દધીચી ઋષિ અને બલિ રાજાના જીવન ઇતિહાસથી સમજાશે. બલિનું બેસતા વર્ષે પૂજન કરવામાં આવે છે એ તેનું સ્મારક છે. સ્મારક, ગરીબ માણસની પણ પહોંચમાં આવે એવાં હોવા જોઇએ. આપણી પ્રજાએ બે સ્મારક કહેલાં છે. એક સ્મારક પ્રજા વ્યાપી અને તે શ્રાદ્ધ. શ્રાદ્ધ એ પ્રજાવ્યાપી છે. સહેલા સસ્તાં અને બાપદાદાના મહાન કાર્યોની યાદ તાજી કરાવે એવાં ચિર સ્મારકો છે. બીજું તે બલિપૂજા જેવું સ્મારક.....

...બ્રહ્માજી પાછલા કલ્પના અંતમાં સુતા હતા તે વખતે બ્રાહ્મ નામનો નૈમિત્તિક પ્રલય થયો હતો. એ સમયે તમામ લોકો સૃષ્ટિ-સમુદ્રમાં ડૂબી ગયાં હતાં. બ્રહ્માજી નિદ્રાધીન થતા હતા તે વખતે તેના મુખકમલમાંથી વેદ બહાર નીકળી પડયા અને જે સમયે હયગ્રીવ નામના દૈત્યે તે લઈ લીધા. ભગવાને દૈત્યનું એ કૃત્ય જાણી લીધું અને વેદને પુનઃ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રાપ્ત કરવા માટે મત્સ્યાવતાર ધારણ કર્યો. એ સમયમાં સત્યવ્રત નામના રાજર્ષિ પ્રભુના પરમભક્ત હતા, એજ સત્યવ્રત વિવસ્વાન-સૂર્યના પુત્ર શ્રાદ્ધદેવ તરીકે ગણાયા અને તેને જ ભગવાને વૈવસ્વત મનુ બનાવ્યા. એક દિવસની વાત છે. રાજર્ષિ કૃતમાલા નદીમાં તર્પણ કરે છે. તે વખતે તેમની અંજલિના પાણીમાં એક નાની માછલી આવી પડે છે. રાજા સત્યવ્રત માછલીને પાણીમાં ફેંકી દે છે. માછલી રાજાની પ્રાર્થના કરે છે અને પાણીમાંના જળચર પ્રાણીઓથી બચાવવા કાકલુદીભરી વાણીમાં વિનંતી કરે છે. રાજાને તે સમયે જ્ઞાન ન હતું કે સ્વયં ભગવાન માછલીના રૂપમાં આવેલા છે. સત્યવ્રતને માછલીની દયા આવે છે અને તેને પોતાના કમંડળમાં નાંખી પોતાના આશ્રમમાં લઈ જાય છે. એક જ રાત્રિમાં માછલી મોટી થઈ ગઈ. રાજાએ આથી તેને મોટા ઘડામાં મૂકી, ત્યાં પણ તે એટલી વધી કે તેમાં રહી શકે તેમ ન હતું. સત્યવ્રત ત્યાંથી ઉપાડી તેને સરોવરમાં મૂકે છે ત્યાં પણ તે એટલી મોટી થઇ જાય છે કે તેનાથી આખું સરોવર ઢંકાઇ જાય છે. છેવટે તેને સમુદ્રમાં મૂકે છે. મત્સ્ય પોતાને સમુદ્રમાં ન રાખવા વિનંતી કરે છે. સત્યવ્રતને આશ્ચર્ય થાય છે અને મત્સ્યને પૂછે છે કે મત્સ્યનું રૂપ ધારણ કરી મને મોહિત કરનાર આપ કોણ છો? આપ જરૂર સર્વશક્તિમાન સર્વઅન્તર્યામી શ્રીહરિ જ છો એવી મારી ખાત્રી છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર આપ સ્વયં પરમાત્મા છો. આપને હું નમસ્કાર કરૂં છું. સત્યવ્રતની પ્રાર્થના સાંભળી ભક્તવત્સલ ભગવાન કહે છે કે હે સત્યવ્રત! આજથી સાતમે દિવસે ત્રણલોક (સ્વર્ગ, મૃત્યુ, પાતાળ) સમુદ્રમાં ડૂબી જનાર છે. તે સમયે મારી યોજનાનુસાર તારી પાસે એક નૌકા આવશે. તે સમયે સમસ્ત પ્રાણીઓના સૂક્ષ્મ શરીરો તથા સપ્તર્ષિઓને લઇ તારે તે નૌકા પર ચઢી જવું. ધાન્યના બીજો પણ સાથે રાખવાં. ભયંકર આંધી ચઢી આવશે. નાવ ડગમગવા લાગશે. દિશાઓ અંધકારથી વ્યાપ્ત થશે તે સમયે હું મારા આ સ્વરૂપમાં ત્યાં હાજર થઈશ. તે સમયે તમારે વાસુકી નાગથી મારા શીંગડાને તે નાવ બાંધવું. તારી નાવને હું સમુદ્રમાં ખેંચી જઈશ તે વખતે તને મારા મહિમાનું, મારા પરમ બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન થશે. એટલું કહી ભગવાન ત્યાંથી અંતર્ધાન થાય છે. પ્રલયકાળ આવે છે. પૃથ્વી જળમાં ડૂબવા લાગી છે. એ સમયે નાવ દેખાય છે. સત્યવ્રતરાજા સપ્તર્ષિઓ અને વનસ્પતિઓ તથા સૂક્ષ્મશરીરો સાથે નાવમાં બેસે છે. રાજા ભગવાનનું સ્મરણ કરે છે. એ સમયે મત્સ્યના રૂપમાં ભગવાન પ્રગટ થાય છે. ભગવાનની આજ્ઞાનુસાર વાસુકી નાગવડે તે નાવને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાનના શીંગડા સાથે બાંધી લે છે. સત્યવ્રત પ્રભુની સ્તુતિ કરે છે. હે અંતર્યામી, પરમાત્મા! આપ સત્યસ્વરૂપ છો! પરબ્રહ્મ છો! સર્વાત્મા છો! અભીષ્ટની સિદ્ધિ પણ આપની કૃપાથી જ મળે છે. પ્રાણીમાત્રના આપ આરાધ્યદેવ છો! પરમપૂજનીય પરમેશ્વર છો. હું આપના શરણે આવ્યો છું. હે ભગવન્ મારા હૃદયની ગ્રંથીઓને તોડી નાંખી મને આપના સ્વરૂપનું દર્શન કરાવો–જ્ઞાન આપો! સત્યવ્રતની સ્તુતિથી પ્રસન્ન થઇ ભગવાન, સમુદ્રમાં વિહાર કરતાં કરતાં તેને આત્મજ્ઞાનનો ઉપદેશ આપે છે. પોતાના સ્વરૂપનું વર્ણન કરતાં જ્ઞાનભક્તિ અને કર્મયોગનો ઉપદેશ કરે છે. એ ઉપદેશો જેમાં સંગ્રહાયેલા છે તે "મત્સ્યપુરાણ" નામથી પ્રસિદ્ધ છે. ત્યારબાદ પ્રલયના અંતે જ્યારે બ્રહ્માજીની નિદ્રામાંથી જાગૃત થાય છે તે વખતે ભગવાન હયગ્રીવ દૈત્યનો વધ કરે છે અને તેની પાસેથી વેદને પાછો મેળવી બ્રહ્માજીને આપે છે. ભગવાનની કૃપાથી સત્યવ્રતરાજા જ્ઞાનસંપન્ન થઈ આ કલ્પમાં વૈવસ્વત મનુથી ઓળખાયા છે.....

.....ભાગવત એ મહાકાવ્ય પણ છે. કાવ્યમાં રસ હોય. રસહીન કાવ્ય કે જીવન નિરર્થક! રસમાં એક અદ્‌ભુત રસ પણ છે! આવાં આખ્યાનો અદ્‌ભુત રસની પુષ્ટિ કરે. ઉપરાંત પરમાત્માના નિરંકુશ લીલાવિહારનો બોધ દે. ભગવાને મત્સ્યાવતાર કેમ લીધો એ પ્રશ્ન જ અયોગ્ય છે. પ્રભુને પૂછનારા આપણે કોણ! એનો લીલાવિહાર અચિન્ત્ય જ છે. પોતાની કૃતાર્થતા માટે એ પત્થર પાસે પણ પ્રભુતાભર્યાં કાર્ય કરાવી શકે! ઘાસનાં તણખલાંદ્વારા પણ એ બ્રહ્માંડને સરજે! ઉપનિદ્દની ભાષામાં કહીએ તો કૂટસ્થાવેદ?–એ પરમાત્માને આવો–અચિન્ત્ય માયાવિહારીરૂપી–કથંનો જેમાં અવકાશ જ નથી એવી રીતે વિહાર કરનાર તરીકે કોણ જાણે? અને કથાના ખોખાં ભાગવતમાં મહત્વનાં નથી. એમાં છલબલ ભરેલો હરિરસ અગત્યનો છે. કથા તો હરિરસના સ્રાવ–ઝરપણ માટે નિમિત્તમાત્ર છે. આટલું સૌ સમજો.....

इति अष्टमः स्कन्धः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

नवम स्कंध

...નવમા સ્કંધમાં સૂર્ય અને ચંદ્રના વંશનું વર્ણન કરવામાં આવ્યું છે. વંશ વર્ણન કોનાં થાય ? જીવન ચરિત્ર કોનાં લખાય ? જયંતીઓ કોની ઉજવાય ? વંશવર્ણન તેના થાય જેના વંશમાં યજ્ઞીય, તપસ્વી, પરમાત્મપ્રેમી જીવન. જીવનારા, પરાર્થે જીવન ઘસી નાંખનારા, આદર્શ અને યજ્ઞમય એટલે ત્યાગમય જીવન જીવનાર, લોકસંગ્રહને માટે મરી ફીટનાર, માનવ જાતના ઉદ્ધારને કાજે જીવનનું સમર્પણ કરનાર મહાન આત્માઓ જન્મે, તેવાઓના જીવન ચરિત્ર લખાય. તેવાઓની જ જયંતી ઉજવાય. જેમણે ચરિત્ર લખાય તેવું જીવન જીવી બતાવ્યું હોય, જયંતીને યોગ્ય જીવન પ્રકટાવ્યું હોય, માનવ જાતને માટે પ્રેરણાદાયક થાય એવાં જીવનનો આવિષ્કાર કાર્યો હોય, માનવોન્નતિ કરનારૂં હોય એવું જીવનસૌરભ દાખવ્યું હોય, તેવા યુગપુરૂષો, મહાપુરૂષો અને શકવર્તીઓના જીવનવંશ આલેખાય. તેવાઓની જયંતીઓ ઉજવાય. જેઓની Dynamic personality હોય સૂર્યના જેવી ભભકતી પ્રતિભા હોય, ભવ્ય અને ચમકતું વ્યક્તિત્વ હોય, તેઓ જ માનવજાતને ભવ્ય અને ઉન્નત, પવિત્ર અને શાંતિમય, સદાચારી અને પરમાર્થી જીવનના બોધપાઠ આપી શકે. તેવા જ માનવ જગતને સાચી દૃષ્ટિનાં, સાચી સમજનાં, સાચાં જ્ઞાનના આંચકા અને ધક્કા આપી શકે. ભારતવર્ષ પાસે સાચા જીવનની દૃષ્ટિ છે. આત્મજ્ઞાનનો વારસો છે. એની સંસ્કૃતિ જગતભરમાં અજોડ છે...સૂર્ય–ચંદ્રના વંશનું વર્ણન સંતતિને અવિચ્છિન્ન રાખનારૂં છે. જેઓ એ વંશાવલીનું શ્રવણ કરશે તેઓનો વંશ વિધ્વંસ પ્રભુકૃપાએ કદી થશે નહીં. પરીક્ષિત રાજા ભગવાન શુકદેવજી સમક્ષ સૂર્ય અને સોમ વંશના રાજાઓનું ચરિત્ર જાણવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરે છે. શુકદેવજીના હૃદયમાં રૂંધાયલો જ્ઞાનનો ઝરો ઝરપવાની તકજ શોધતો હતો. અતિપ્રસન્ન થઇ શુકદેવજી જણાવે છે કે સેંકડો વર્ષ સુધી માનવ વંશનો ઇતિહાસ વર્ણવવામાં આવે તો પણ તેનો અંત આવે તેમ નથી. ઇતિહાસનો અર્થ इति+ह+आस=એ પ્રમાણે સાચેજ બન્યું હતું એવો થાય છે. સત્ય ઘટનાઓનું ક્રમબદ્ધ સંકલન એટલે ઇતિહાસ. વૈરાગ્ય અને પરમાત્મ દર્શનની પ્રાપ્તિ માટે એ ઇતિહાસ જાણવો જરુરી છે. સાચો ઇતિહાસ તો લોકજીવનનો છે. લોકો કેમ જીવ્યા હતા તે આપણે ગુલામી દશામાં ભૂલી ગયા. આપણો ઇતિહાસ એટલે લોક જીવનના ધબકતા જીવનનું આલેખન. હિંદની આકાંક્ષા, ભવ્ય પ્રયત્નો, ભવ્ય અને ઉગ્ર સાધના, સફળતા અને નિષ્ફળતા એ બધું જાણવા માટે તો વેદ રામાયણ અને મહાભારત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉલેચવા પડશે. તેમાં રહેલા ધ્વનિનો નાદ ગાજતો કરવો પડશે. દેશાંતરમાં પ્રચાર કાર્ય કરવું પડશે. કાળના પરાક્રમને તે જાણી, તેમાંથી બચવા માટે માનવજાત કલંકિત ન થાય તે ખાસ જોવું ઘટે. कालाय तस्मै नमः- તે કાળને નમસ્કાર હોજો ! કાલકૃત પરાક્રમથી વસ્તુમાત્ર સ્મૃતિશેષ થઈ જાય છે તે જાણવું ઘટે. વિચારવા યોગ્ય તો એ છે કે ઇતિહાસ જગતના પદાર્થ પર ટીકા સમાન છે, એ જાણવા જેવું છે અને તેથી જ જાણવું જોઇએ. 'મારૂં અને તારૂં' એ ભાવનાનું ઉદ્મણું કરવું જોઇએ. તેમાં ઇહિહાસ મદદરૂપ બનવો જોઇએ. ઇતિહાસ એ સનાતન સત્યની સંહિતા છે એવો ધ્વનિ ભાગવતમાં ૧૨ મા સ્કંધના પૃથ્વીગીતમાં છે. તેમાં ઇતિહાસ છતો થાય છે. ભૂતકાળના શાણપણને પકડો, ગાંડપણને નહીં. શાણપણનો વર્તમાનમાં વિનિયોગ કરો. ભવિષ્યની આકાંક્ષા બાંધવામાં એનો ઉપયોગ કરો. પુણ્યશ્લોક મનુષ્યોની નામાવલિમાં આપણું નામ શરીક કરાવવા પ્રયત્ન કરો. સૂર્યચંદ્રની વંશાવલી જાણ્યા પછી આપણું વર્તમાન યુગનું સો વર્ષનું જીવન કેવું ક્ષણિક છે તેનો ખ્યાલ સ્હેજે આવશે. આપણું તો विद्युत्चलं जीवितम्= વિજળીના ચમકારા જેવું ક્ષણિક જીવન છે. એ સો વર્ષના જીવનમાંથી ૫૦ વર્ષ તો ઊંઘની મૂર્છામાં જાય છે. બાર વર્ષ બાળપણમાં અને બાર ઘડપણમાં જાય છે. બાકી રહેલા પચીસ વર્ષમાં ચતુર્વિધ પુરૂષાર્થ સાધવાનો છે. જીવનની તમામ કળાઓમાં પારંગત થવાનું છે. Life is short and art is long. ટૂંકા જીવનમાં જીવનના તમામ ક્ષેત્રોમાં, કળાઓમાં પાવરધા થઈ સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની છે. એ તમામ કળાઓનું એકાયતન તે જીવનકળા. જીવનની કળાના સૌથી ઊંચામાં ઊંચા શિખરે પહોંચવાનું છે. એ સર્વોચ્ચ શિખર તે પ્રભુની પ્રાપ્તિ. એ પ્રભુપ્રાપ્તિના શિખરે પહોંચ્યા તો માનવું કે જીવન અને મૃત્યુ વચ્ચેની દોડદોડમાં જીત્યા. નહીં તો મોતના ફંદામાં ફસાયા ! જીવન અને મૃત્યુ વચ્ચે દ્વંદ્વ યુદ્ધ ખેલાય છે અને તેમાં હંમેશ જીવન જ જીત્યું છે, મોત કદી જીત્યું નથી. આપણે તો અનલ્પનું સુખ મેળવવું છે અને તે માટે સાધનાની જરૂર છે. એ સાધના તેજ ભાગવતી કથા.

...ઇક્ષ્વાકુ રાજાના વંશમાં શર્યાતિ નામનો મહાપરાક્રમી રાજા થયો. એક દિવસ સૈન્ય અને કુટુંબ સહિત રાજા જંગલમાં જાય છે. ત્યાં એક સ્થળે ચ્યવન ઋષિનો આશ્રમ હતો. નાનકડી ઝૂંપડી એ આશ્રમ હતો. રાજાની પુત્રી સુકન્યા તેની સખીઓ સાથે વનની શોભા જોતી ફરતી હતી. એટલામાં તેના જોવામાં એક માટીના ઢગલામાં બે આંખો આગીઆના પ્રકાશ જેવી ચમકતી જોવામાં આવી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૂતૂહલ વૃત્તિથી તેણે એક કાંટો લઇ બન્ને આંખોમાં ભોંક્યો એટલે તેમાંથી લોહી નીકળવા લાગ્યું. સુકન્યાને એથી આશ્ચર્ય અને ગભરામણ થયાં. ચ્યવનઋષિ એ માટીમાં ઢંકાયલા હતા અને તપશ્ચર્યા કરતા હતા.–એ તો હતા ભાર્ગવવંશ જ–એટલે મહાન ક્રોધી સ્વભાવના. એજ સમયે રાજા શર્યાતિના સૈન્યના મલ–મૂત્ર બંધ થઈ ગયાં. આથી રાજાને પણ આશ્ચર્ય થયું. તેણે બધાને પૂછ્યું કે ચ્યવન ઋષિના આશ્રમાં કોઇએ કાંઈ અનુચિત કાર્ય તો નથી કર્યું? સુકન્યાએ ગભરાતાં ગભરાતાં કહ્યું કે પિતાજી! સાચે જ મારાથી અપરાધ થયો છે. એ ચળકતી આંખો જોઈ અને રમતમાં અજાણપણે કાંટો ભોંકી ફોડી નાંખી. એ શું હતું તેની મને કશી ખબર ન હતી. આ સાંભળી રાજાને ખૂબ ગભરાટ થયો અને તે સ્થાન પર જઈ ઋષિની ખૂબ સ્તુતિ કરી. ઋષિનો ક્રોધ રાજાની નમ્રતાથી શાંત થયો. ઋષિએ કુંવારી કન્યા સુકન્યાને પોતાની સાથે પરણાવવાની માગણી કરી. માતપિતાએ સુકન્યાને અભિપ્રાય પૂછ્યો. સુકન્યા કહે છે કે મારા અપરાધનું ફળ મને મળવું જ જોઇએ. જગતના કલ્યાણ અર્થે ભલે મારૂં જીવન બગડે. મને તેની કશી ચિંતા કે શોક નથી. હું ઋષિ સાથે લગ્ન કરવા ખુશી છું. વૃદ્ધ અને અંધ ચ્યવન ઋષિ સાથે સુકન્યાના લગ્ન થાય છે. નવયૌવના પત્નીના કલ્યાણ માટે ચ્યવન મુનિ યૌવન પ્રાપ્ત કરવા માટે તપશ્ચર્યા આદરે છે. સતી સુકન્યા પોતાની એકનિષ્ઠાથી સેવા બજાવે છે, એક સમયે બે અશ્વિનીકુમારો ચ્યવન મુનિના આશ્રમમાં આવે છે ઋષિ તેઓનું યોગ્ય સ્વાગત કરે છે. ત્યારબાદ ઋષિ પોતાને યૌવન આપવા માટે અશ્વિનીકુમારોને જણાવે છે. અશ્વિનીકુમારો તો દેવોના વૈદ્ય હતા. મુનિ કહે છે કે, યુવાન સ્ત્રીને આકર્ષી શકે એવું યુવાન શરીર અને સૌન્દર્ય હે અશ્વિનીકુમારો તમે મને આપો! એના બદલામાં હું તમારી કંઈક સેવા કરીશ, અશ્વિનીકુમારો પ્રસન્ન થઈ ઋષિને સાથે લઈ એક કુંડમાં પ્રવેશે છે અને નીકળે છે તે સમયે કુંડમાંથી ત્રણ વ્યક્તિઓ બહાર આવે છે. ત્રણેની આકૃતિ અને તેજસ્વિતા એકસરખાં હતાં. સતી સુકન્યા પોતાના પતિને ઓળખી શકી નહીં એટલે તેણે અશ્વિનીકુમારોનું શરણું લીધું. તેઓએ ચ્યવન ઋષિ બતાવ્યા. સતી અતિ પ્રસન્ન થયાં.

..... કેટલોક સમય બાદ શર્યાતિ રાજા યજ્ઞ કરવાની ઈચ્છાથી ચ્યવન ઋષિના આશ્રમ પર જાય છે. ત્યાં જઈ જુએ છે તો પોતાની પુત્રી સુકન્યા એક તેજસ્વી નવજુવાન સાથે બેસીને વાતો કરી રહી છે. સુકન્યા પિતાને જોતાં ઉઠીને વંદન કરે છે. રાજા તેને આશીર્વાદ ન આપતાં કહે છે કે હે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દુષ્ટા! આ તું શું કરી રહી છે? વૃદ્ધ ચ્યવન ઋષિને છોડી તું પરપુરૂષ સાથે ચેષ્ટા કરી રહી છે? ધિક્કાર છે તને! તારો જન્મ ઉચ્ચ કુળમાં થયેલો હોવા છતાં આવી દુષ્ટ બુદ્ધિ તને ક્યાંથી સૂઝી? તેં તો ઉભય કુળને કલંક લગાડયું છે. સુકન્યાએ પિતાના વચનો શાંત ચિત્તે સાંભળ્યાં. મંદ મંદ હસતાં જણાવ્યું કે પિતાજી! એ આપના જામાતા ચ્યવન મુનિજ છે. સુકન્યા પિતાને ઋષિના યૌવન અને સૌંદર્યનો વૃત્તાંત કહે છે. શર્યાતિ વિસ્મય પામે છે. ત્યારબાદ ચ્યવનઋષિ રાજા શર્યાતિને સોમ યજ્ઞ કરાવે છે. અને સોમપાનના અધિકારી ન હોવા છતાં અશ્વિનીકુમારોને યજ્ઞમાં સોમપાન કરાવે છે. એથી ઇંદ્ર ક્રોધે ભરાય છે. ચ્યવનઋષિ મંત્રબળે ઇંદ્રના હાથનું સ્તંભન કરે છે. અને ઇંદ્રના હાથ જૂઠા થઈ જાય છે. શક્તિ આગળ સૌકોઈ નમે છે. દેવોદુર્બલઘાતકઃ–દેવો દુર્બળને મારે છે. સબળ આગળ સ્વયં પરાજીત થાય છે. માતાને બલિદાનમાં બકરૂં વધેરવામાં આવે, કોઇ વાઘનું તો બલિદાન નથી આપતું? એ તો Survival of the fillest છે ને? બધા દેવલોકો અશ્વિનીકુમારોને ભાગ આપવાનું કબૂલે છે. ચ્યવનઋષિ અશ્વિનીકુમારોએ તેના પર કરેલા મહાન ઉપકારનો એ રીતે બદલો વાળે છે. એ સમયથી ભારતને કાયાકલ્પનો પ્રયોગ પ્રાપ્ત થયો. 'ચ્યવનપ્રાશાવલેહ' જે સર્વત્ર પ્રસિદ્ધ ઔષધ છે તે ત્યારથી અસ્તિત્વમાં આવ્યું હોવાનું મનાય છે.....

શર્યાતિના વંશમાં નાભાગ નામનો રાજા જન્મે છે. નાભાગ મહાપંડિત હતો. વર્ષો સુધી ગુરુકુળમાં રહી વિદ્યા સંપાદન કરી હતી. તેના ભાઇઓએ પિતાની બધી સંપત્તિ માલમિલકત પોતપોતામાં વહેંચી લીધી. નાભાગ માટે કશું રહેવા દીધું નહીં. નાભાગ જ્યારે ગુરુને ત્યાંથી વિદ્યા સંપાદન કરી ઘેર આવે છે ત્યારે પોતાના ભાગ સંબંધી પોતાના ભાઇને પૂછે છે. ભાઈઓ જણાવે છે કે, તમારા ભાગમાં તમને પિતાજી આપ્યા છે. નાભાગ પિતાને એ હકીકત જણાવે છે. પિતા કહે છેઃ બેટા! અંગિરસ ગોત્રના બ્રાહ્મણ એક યજ્ઞ કરી રહ્યા છે. તેના કર્મમાં ભૂલ થાય છે. તું ત્યાં જા અને મહાત્માઓને વૈશ્વદેવ સંબંધી બે સૂક્ત સંભળાવ. જ્યારે તેઓ સ્વર્ગપ્રતિ પાછા જશે ત્યારે યજ્ઞમાં બચેલું તમામ ધન આપતા જશે. નાભાગ યજ્ઞમાં જાય છે. બે સૂક્તો સંભળાવે છે. યજ્ઞને અંતે તેને ધન પ્રાપ્તિ થાય છે. તેને ધન લઇને જતાં અટકાવવામાં આવે છે અને તેના અધિકારી શંકર ભગવાન છે એમ કહી તે આપી દેવા જણાવે છે. નાભાગ શંકર પાસે જઈ સ્તુતિ કરે છે અને અપરાધની ક્ષમા યાચે છે. શંકર ભગવાન તેની ધર્મપરાયણતા અને સત્યનિષ્ઠાથી પ્રસન્ન થાય છે અને કહે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે કે, બેટા! તું વેદોને બરાબર ભણ્યો છે. હવે હું તને સનાતન બ્રહ્મ-તત્વનું દાન આપું છું. એમ કહી તેને બ્રહ્મજ્ઞાન આપે છે અને તે ધન પણ આપે છે.....

આવા ભક્ત નાભાગને ત્યાં પરમાત્માના પરમભક્ત લાડીલા ભક્ત અંબરીષ જન્મ્યા હતા. અંબરીષ રાજા મહાન સમ્રાટ છતાં પ્રભુ ભક્ત! ઐશ્વર્યસંપન્ન છતાં અનાસક્ત. અભાવનો ત્યાગ તે ત્યાગ નથી. અહીં તો સત્તા સંપત્તિ અને વૈભવનો પાર ન હતો છતાં ત્યાગ હતો. મહારાજ જનકની માફક ઐશ્વર્યમાં રહેવા છતાં તેથી અલિપ્ત હતા. આત્મનિષ્ઠ હોવાથી તેની વિષયો પરત્વેની નિષ્ઠા પીગળી ગઇ હતી. અંબરીષે તેની તમામ ઇંદ્રિયોને પરમાત્માના કાર્યમાં રત કરી હતી. મન પરમાત્માની પૂજામાં, વાણી પરમાત્માના ગુણાનુવાદ ગાવામાં, હાથ પ્રભુનું મંદિર વાળીઝુડી સાફ રાખવામાં, આંખ પરમાત્માની સ્મૃતિ કરાવનાર મૂર્તિમાં, કાન ભગવાનના મંગળમય ગુણાનુવાદ–કથા સાંભળવામાં, નાક ભગવાનના ચરણકમલની તુલસીના સુગંધ માટે, શરીર ભક્તોને ભેટવા માટે, જીભ ભગવાનના નૈવેદ્યના સ્વાદ માટે, પગ યાત્રા માટે. એમ શરીરની તમામ ઇંદ્રિયોનો ઉપયોગ પરમાત્માના કામમાં જ કરતા. અનેક અશ્વમેધ યજ્ઞો પણ પ્રભુ પ્રસન્નતા માટે કર્યા હતા. તપસ્વી અને યજ્ઞીય જીવન ગાળી પ્રજાપાલન કરતા હતા. ધીમે ધીમે તેની તમામ આસક્તિઓ છૂટી ગઈ. અંબરીષની અનન્ય ભક્તિથી પ્રસન્ન થઇ ભગવાને તેની રક્ષા માટે સુદર્શનચક્ર ત્યાં ફરતું રાખ્યું હતું. અંબરીષની પત્ની પણ ધર્મનિષ્ઠ અને પતિભક્તિપરાયણા હતી. તે પણ સંસારથી વિરક્ત હતી. એક સમયે તેણે ભગવાનની પ્રસન્નતા માટે એક વર્ષ પર્યંત હરિતાલિકા એકાદશીનું વ્રત લીધું. વ્રતનો સમય પૂર્ણ થતાં કાર્તિક મહિનામાં તેણે ત્રણ દિવસના ઉપવાસ કર્યા અને યમુનાજીમાં સ્નાન કરી ભગવાનની પૂજા કરી. બ્રાહ્મણોનું પૂજન કર્યું–દાન દક્ષિણા આપ્યાં. ગાયોનું, વસ્ત્રોનું, સુવર્ણ તથા ચાંદીનું એમ દરેક પ્રકારનાં દાન આપ્યાં. ત્યારબાદ જ્યારે રાજા પારણાં કરવાની તૈયારીમાં હતા તે સમયે શાપ તથા વરદાન બન્ને આપવામાં સમર્થ એવા દુર્વાસાઋષિ ત્યાં આવી પહોંચ્યા. ઋષિને જોતાં જ અંબરીષે ઊઠીને પ્રણામ કર્યાં. આસન પર બેસાડ્યા અને તેમની પૂજા કરી અને ભોજન માટે પ્રાર્થના કરી. ઋષિએ પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને બાકી રહેલું નિત્યકર્મ કરવા નદી પર ગયા. ત્યાં બ્રહ્મનું ધ્યાન ધરતા યમુનાના પાણીમાં સ્નાન કરવા લાગ્યા. એમ કરતાં ખૂબ સમય નીકળી ગયો છતાં ઋષિ આવ્યા નહીં. આ બાજુ દ્વાદશી ફક્ત એક ઘડીભર જ બાકી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રહી હતી અને પારણાં તો દ્વાદશીમાંજ થવાં જોઇએ. રાજા ધર્મસંકટમાં આવી પડયા. ભોજન કરાવ્યા સિવાય ભોજન કરવું તેમજ દ્વાદશીમાં પારણાં ન કરવાં એ બન્ને દોષ છે. આથી રાજાએ બ્રહ્મણોની પાસે એ સંબંધી નિર્ણય માગ્યો. બ્રાહ્મણોએ કહ્યું જળ પીવું એ ભોજન કરવા બરાબર છે અને નહીં કરવા બરાબર પણ છે. રાજાએ આથી મનમાં પ્રભુનું ધ્યાન ધરી જળપાન કરી પારણું કર્યું. અને દુર્વાસાના આગમનની રાહ જોવા લાગ્યા. એટલામાં દુર્વાસા સામેથી આવતા જણાયા. રાજાએ વંદન કર્યું. દુવાર્સા સમજી ગયા કે રાજાએ પારણું કરી લીધું છે. એ સમયે દુવાર્સાને ખૂબ ક્ષુધા લાગી હતી. દુવાર્સાના ક્રોધનો પાર ન હતો. તેણે કહ્યું કે હે રાજા! તેં ધર્મનું ઉલ્લંઘન કર્યું છે. આજે હું તારો અતિથિ છું. ભોજન માટે તેં મને નિમંત્રણ આપ્યું હતું છતાં મને ભોજન કરાવ્યા વિના તેં ભોજન કર્યું છે. તારા એ મહાન અપરાધનું ફળ હું તને હમણાંજ આપું છું. આમ કહી ઋષિએ પોતાની જટા પછાડી અંબરીષને મારી નાંખવા માટે એક કૃત્યા ઉત્પન્ન કરી. કૃત્યા હાથમાં તલવાર લઈ અંબરીષ પર તૂટી પડી. રાજા અંબરીષ જરાપણ ગભરાયા નહીં ભક્તના રક્ષણને માટે પરમાત્માએ પહેલેથીજ સુદર્શન ચક્ર ત્યાં મૂકયું હતું. એ ચક્રે તુરતજ કૃત્યાને બાળીને ભસ્મ કરી નાંખી. અને પછી તે ચક્ર દુર્વાસા ઋષિ તરફ ધસ્યું. દુર્વાસા ભયભીત બની પ્રાણ બચાવવા માટે ત્યાંથી નાસવા લાગ્યા. ચક્ર પણ ઋષિની પાછળ દોડવા લાગ્યું. સ્વર્ગલોક, દેવલોક, આકાશ, સમુદ્ર વગેરે જ્યાં જ્યાં ઋષિ ગયા ત્યાં ચક્રે તેનો પીછો પકડયો, અને છેવટે ઋષિ બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ કહ્યું કે હે મહારાજ! ભગવાનના ભક્તનો દ્રોહ કરનારને બચાવવાની અમારી શક્તિ નથી. આથી નિરાશ થઇ ઋષિ શંકર ભગવાન પાસે ગયા. સુદર્શન ચક્ર તો તેની પાછળ દોડતું હતું. શંકરે પણ તેને બચાવવાની પોતાની અશક્તિ જણાવી કહ્યું કે એ ચક્ર તો ભગવાનનું શસ્ત્ર છે માટે તમે વિષ્ણુ ભગવાનને શરણે જાઓ! દુર્વાસા વૈકુંઠમાં જાય છે. ભગવાન લક્ષ્મીજી સાથે બેઠા છે. દુર્વાસા ધ્રૂજતા ધ્રૂજતા ત્યાં જઇ ભગવાનના ચરણમાં પ્રણામ કરે છે. અને પ્રાર્થના કરે છે હે પરમાત્મન્! હે પરબ્રહ્મ! હે વિશ્વનિયંતા! હું મહાન અપરાધી છું. મારી રક્ષા કરો. મેં આપના લાડીલા ભક્તનો અપરાધ કર્યો છે. આપના નામસ્મરણ માત્રથી પણ પાપી મુક્ત થાય છે. દુર્વાસાની પ્રાર્થના સાંભળી ભગવાન કહે છે કે હે દુર્વાસામુનિ! હું તો સદાસર્વદા મારા ભક્તને આધીન છું. જે ભક્ત મારા ચરણમાં સમર્પિત થયેલો છે તેને મારાથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છોડાય કેમ? સતી સ્ત્રી જેમ પાતિવ્રત્યથી પોતાનાં પતિને વશ કરે છે તેમ ભક્ત પ્રેમભક્તિથી મને બાંધી લે છે. દુર્વાસાજી આપને બચવાનો એક જ ઉપાય છે અને તે એ કે જેનો દ્રોહ કરવાથી આપને આ આપત્તિમાં સપડાવું પડયું છે તેની પાસે આપ જાઓ. આપ રાજા અંબરીષની પાસે જાઓ અને તેની ક્ષમા માગો. એમ કરશો તોજ તમને શાંતિ મળશે. ભગવાનની સલાહથી દુર્વાસા રાજા અંબરીષ પાસે આવી દીનહીન બનીને તેના પગે પડે છે. રાજાને શરમ આવે છે. અંબરીષ રાજા ભગવાનના ચક્રની સ્તુતિ કરે છે. રાજાની પ્રાર્થનાથી ચક્ર શાંત થાય છે. દુર્વાસાઋષિ ચક્રની આગથી મુક્ત થતાં રાજા અંબરીષને આશીર્વાદ આપી તેની પ્રશંસા કરે છે.

જે સાચા સાધુઓ સામે પડકાર ફેંકે છે તેનું અકલ્યાણ જ થાય છે. વિદ્યા અને તપ તો પરકલ્યાણ માટે, છે તેનો દુર્વ્યય થાય તો તેજ વિદ્યા તેનો વિનાશ કરનારી થઇ પડે છે.

.....ભક્તિ સુદર્શનની જનેતા છે. સુદર્શન એટલે સમ્યક્જ્ઞાન. સમ્યક્જ્ઞાન સમક્ષ દુર્વાસા–દુષ્ટવાસના ટકી શકતી નથી! સુદર્શન હંમેશાં દુર્વાસાની પાછળ પડે છે. તેને નમાવ્યા સિવાય રહેતી નથી.....ગૃહસ્થીઓ માટે અંબરીષનું આખ્યાન ભારે બોધક છે. ગૃહસ્થમાત્ર અંબરીષ થઇ શકે છે.....

.....ભારતની સંસ્કૃતિના બે પાયાઓ તે ભગવાન રામચંદ્ર અને પૂર્ણ પુરૂષોત્તમ યોગેશ્વર શ્રીકૃષ્ણ. આ દેશના લોકો રામ અને કૃષ્ણને કદી ભૂલશે નહીં. રામ અને કૃષ્ણ કદી ભૂલાશે પણ નહીં. બન્ને પ્રજાના હૃદય સમ્રાટો છે. સ્થૂલ અને સૂક્ષ્મ બન્ને રીતે પ્રજામાનસ ઉપર રામ અને કૃષ્ણનું એકહથ્થુ સામ્રાજ્ય છે. રામાયણની પુનિત ગંગા જ્યાં સુધી પ્લાવિત રહેશે ત્યાં સુધી ભારતીય સંસ્કૃતિ કદી નાશ પામશે નહીં. આર્ય સંસ્કૃતિ રામાયણ, ભાગવત અને ગીતાથી અજર અને અમર રહેશે. ભગવાન રામચંદ્રની કથા અંતરાત્માને પ્લાવિત કરનારી કથા છે. ઉત્તર હિંદમાં તો તુલસીદાસનું રાજ છે. રામાયણ, મહાભારત અને ભાગવતની ગાથા દેશને એક કરશે. દેશની સાંસ્કારિક એકતા લાવશે. દેશની મંગલ અભિલાષાઓ પૂર્ણ કરશે. એનો લાભ ઉઠાવવામાં આવશે તો અકલ્પિત ફાયદાઓ થશે. આપણા દેશની કમનસીબી છે કે આપણા દેશની બ્રાહ્મણ શક્તિનો નેતાઓ ઉપયોગ કરતા નથી. બ્રાહ્મણોના જેટલી તો જવાહરલાલ નહેરૂની પણ સત્તા નથી. સ્ત્રીઓને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હલનચલન કંકણ અને મન તથા ચૂલા પર બ્રાહ્મણોની સત્તા છે. આજના સમયમાં પ્રકાન્ડ પંડિત અને લોકહિતની ભાવનાવાળા કર્મણ્ય અને વિદ્વાન બ્રાહ્મણોની જરૂર છે. દેશના કલ્યાણ અર્થે, લોકસંગ્રહાર્થે જીવવા ઇચ્છિતા બ્રાહ્મણોની જરૂર છે. વર્તમાન સમયમાં તો old wine in new bottles ની જરૂર છે. એ રીતે જો દેશનું ઉત્થાન કરવામાં આવે તો દેશનું કલ્યાણ થઈ જાય. રામાયણ એ જીવતો જાગતો ગ્રંથ છે. એના રહસ્ય બરાબર સમજી તેને વર્તમાન જીવનમાં કેમ ઉતારવા તે જાણવાની જરૂર છે. સાંસ્કારિક એકતા અને સાંસ્કારિક સમાનતા, રામાયણ અને મહાભારત, ભાગવત અને ગીતા તથા ઉપનિષદોના જ્ઞાનના પ્રચારથીજ આવશે. આજે વ્યાસ અને વાલ્મિકીઓ પેદા કરવાની જરૂર છે. મહાભારત અને શ્રીમદ્ ભાગવત એ વ્યાસની અને રામાયણ એ વાલ્મીકિની યશ ગાથાઓ છે..... મહાત્મા ગાંધીજી અત્યાર સુધીના સંતોના સમન્વયરૂપ હતા.....

.....મહારાજા દશરથ પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવે છે. ચરૂમાંથી ચાર ભાગ કરી યજ્ઞ પ્રસાદી તરીકે ત્રણ રાણીઓને ભાગ આપે છે. કૌશલ્યા માતાથી રામચંદ્ર જન્મ ધારણ કરે છે. ચૌદ વર્ષની ઉંમરે તેણે જે કામ કર્યું તે ગજબનાક છે. જનકરાજાને ત્યાં સીતાજી સાથે લગ્ન થાય છે. કાયાની પાછળ છાયા તેમ રામની પાછળ લક્ષ્મણ. રામચંદ્રજી ભગવાન શંકરના ધનુષ્યનો ભંગ કરે છે. એ સમાચાર વિજળી વેગે પરશુરામને પહોંચે છે. પરશુરામને સમાચાર સાંભળી આંચકો લાગે છે. પરશુરામ શંકર ભગવાનના શિષ્ય થાય! તે ક્રોધે ભરાય છે. અને ત્યાં જાય છે. પરશુરામને આવતા જોઈ રામચંદ્રજી લક્ષ્મણને કહે છે કે એ તો ભગવાન ભાર્ગવ પરશુરામ છે. શાંત અને વીરરસની મિશ્ર પ્રતિમા સમાં! પરશુરામ ત્યાં આવી કહે છે કે ધનુષ્યભંગનું ખરાબ કામ કરનાર છે કોણ? આ સાંભળી લક્ષ્મણનો પિત્તો ઉછળે છે. કારણ કે લક્ષ્મણ ભારે તેજસ્વી હતા. સ્હેજમાં ઉશ્કેરાઇ જતા. દશરથ રાજાએ બન્નેને પરશુરામને વંદન કરવા જણાવ્યું. રામચંદ્રજી પગે લાગે છે. પરશુરામ આશીર્વાદ આપે છે કે રણમાં તારો વિજય થાઓ! રામને શંકરભગવાનનું ધનુષ્ય ભાંગવાનું કારણ પરશુરામ પૂછે છે. રામચંદ્રજી જવાબ આપે છે કે મારો સ્પર્શમાત્ર થતાંજ બાણ ભાંગી ગયું. આ જવાબથી તે ક્રોધે ભરાય છે રામનો સંહાર કરવા આવેલા પરશુરામ લડાઈની તૈયારી કરે છે. પણ રામનું મુખારવિંદ જોતાં તેને ભાવ ઉત્પન્ન થાય છે. પરંતુ બીજીજ પળે ક્રોધ ઉત્પન્ન થાય છે. તે વિચારે છે આહ! એ ભલે શિશુ હોય પણ મારા ગુરુ શંકરભગવાનનું બાણ એ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચપળ બુદ્ધિના બાળકે શેરડીના સાંઠાની જેમ ભાંગી નાંખ્યું! નાગના બચ્ચાને જીવવાજ શા માટે દેવા! પરશુરામ શાપ આપવાનો વિચાર કરે છે પણ આખરે તો બ્રાહ્મણ હૃદય ને! માતા રેણુકાનું માથું ઉડાવનાર પરશુરામને ભારે મનોમંથન થયું. રામચંદ્રજીના ગુરુ વિશ્વામિત્રને પણ તેણે સંસ્કારી ગાળો દીધી. ગુરુની નિંદા થતાં રામચંદ્રજી કહે છે કે હે બ્રાહ્મણ! આ ગળામાં સીતાની વરમાળ પડો અગર તમારા કુહાડાની તીક્ષ્ણ ધાર પડો. અમારી તરતની પરિણીત સ્ત્રીઓની આંખમાં સૌભાગ્યના કાજળ અંજાવ અગર વૈધવ્ય આવો! અમે સુખ જોઈએ કે યમદેવનું મોઢું જોઈએ પણ રાઘવકુળમાં ઉત્પન્ન થયેલો રામ બ્રાહ્મણ સામે શસ્ત્ર ન ઉપાડે! તમારે જે કરવું હોય તે કરી લ્યો! એ હતી રામની ઠંડી તાકાત! રામ અને કૃષ્ણ આર્ય સંસ્કૃતિમાં જીવશે ત્યાં સુધી હિંદુ સંસ્કૃતિ અજેય અને અમર રહેશે. હનુમાનજીનું પાત્ર પણ અજોડ અને અદ્‌ભૂત છે. સુંદરકાન્ડમાં હનુમાનજીના ઉડ્ડયનનું વર્ણન આવે છે તે સાંભળતાંયે રોમાંચ ખડાં થાય! જે હિંદ પાસે પોતાની ઉન્નતિ માટે આવાં અણમોલ રત્નો પડેલાં છે. અખૂટ અને ભવ્ય સમૃદ્ધિઓ રહેલી છે. તેને બીજા દેશ પાસે ભીખ માગવાની જરૂર નથી (અહીં શ્રી ભટ્ટે ભગવાન રામચંદ્રના જીવનની સુંદર અને ભાવાવેશ પરિપૂર્ણ છણાવટ કરી સૂર્યવંશની સમાપ્તિ કરી હતી.–સંપાદક)

ચંદ્રવંશ:—

પુરૂરવાનું ચરિત્ર.....જમદગ્નિ ઋષિ એ સપ્તર્ષિઓમાંના એક હતા. તેમને પાંચ પુત્રો હતા. તેમાંના છેલ્લા તે પરશુરામ ભગવાન. પરશુરામનો યશ સમસ્ત જગતમાં પ્રસિદ્ધ છે. હૈહય–ક્ષત્રિય વંશના નાશ માટે ભગવાને સ્વયં પરશુરામનો અવતાર લીધો હતો. અને એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રિય કરી હતી. ક્ષત્રિય રાજાઓ દુષ્ટ, જુલ્મગાર, બ્રાહ્મણદ્વેષી, વિષયલંપટ અને અન્યાયી હોવાથી તેઓનો નાશ કરવા ભગવાનને પરશુરામ રૂપે અવતાર ધારણ કરવો પડ્યો. ક્ષત્રિયો ખૂબ અન્યાયથી રાજ્ય કરવા લાગ્યા. રાજસત્તા અન્યાયી થાય ત્યારે બ્રાહ્મણોની ફરજ છે કે તેને પડકાર કરે. વાત એમ બની કે જમદગ્નિ રૂષિ જંગલમાં એકાંતમાં પોતાના આશ્રમમાં રહી તપશ્ચર્યા કરતા હતા. સહસ્રબાહુ અર્જુન શિકાર ખેલવા માટે તે જંગલમાં આવ્યો. દૈવવશાત્ તે જમદગ્નિઋષિના આશ્રમમાં આવી ચડે છે. જમદગ્નિ ઋષિ પાસે એક કામધેનું ગાય હતી. તેના પ્રતાપથી તેને ઇચ્છે તે વસ્તુ મળી રહેતી. સહસ્રબાહુ અર્જુનનું, જમદગ્નિ ઋષિ ભવ્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વાગત કરે છે. રાજાઓની સમૃદ્ધિને પણ આંજી નાંખે એવી ઋષિ પાસે સમૃદ્ધિ હતી. રાજાને ખબર પડે છે ઋષિ પાસે કામધેનું છે. અને તેનો આ પ્રતાપ છે. રાજસત્તા બળજબરીથી પ્રજા પાસેથી તેની માલિકીની વસ્તુ વસ્તુ પડાવી લે તે ભારે અન્યાય કહેવાય. રૂષિને કહ્યા વગર સત્તાના મદમાં રાજા કામધેનું લઇ જાય છે. પરશુરામ બહાર ગયા હતા. તેમણે આશ્રમમાં આવતાં કામધેનુ લઇ ગયાની વાત જાણી ખૂબ રોષે ભરાયા. ડરપોક અને બાયલી પ્રજા અન્યાય સામે અવાજ ઉઠાવી શકતી નથી. પરશુરામ સહસ્ત્રાર્જુનનો વધ કરે છે. અને કામધેનુને પાછી આશ્રમમાં લાવે છે. પછી તીર્થાટન કરવા જાય છે. એક સમયે પરશુરામ ભાઇઓની સાથે બહાર ફરવા ગયા હતા ત્યારે તેની ગેરહાજરીનો લાભ ઉઠાવી સહસ્ત્રાર્જુનનું વેર વાળવા માટે તેના પુત્રો આશ્રમમાં આવ્યા અને તપમાં બેઠેલા જમદગ્નિઋષિનું ખૂન કરી તેનું માથું કાપી નાંખ્યું. માતા રેણુકાએ ખૂબ આક્રંદ કરવા માંડયું. માતાજીના કરૂણ આક્રંદનો અવાજ પરશુરામના કાને પડતાં તુરત આશ્રમમાં આવે છે. પિતાનું ખૂન થયેલું જોઇ ખૂબ દુઃખી થાય છે. અને ક્રોધાવિષ્ટ બની માહિષ્મતી નગરીમાં જઈ સહસ્ત્રાર્જુનના તમામ પુત્રોનો વધ કરે છે. પરશુરામે જુલ્મી રાજાઓ-ક્ષત્રિઓને ખતમ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. જુલ્મીઅંશનો નાશ કરવા માટે જ તેણે ક્ષત્રિઓનો સંહાર કર્યો તેને પૃથ્વી કે રાજ્યનો લોભ ન હતો. તેમનો અન્યાય સામે પડકાર હતો.

...બ્રાહ્મણ અને ક્ષત્રિય શક્તિ, સમાજ કે દેશ કે પ્રજાનું ધારણ અને સંવર્ધક બળ છે. તેમાં બ્રાહ્મણ શક્તિના નિયમન હેઠળ ક્ષત્રિય શક્તિએ રહેવું ઘટે! એટલે કે બાહુબળનું, પવિત્ર બુદ્ધિબળ જો નિયન્ત્રણ ન કરે તો વિફરેલું બાહુબળ યાતના અને સીતમનો સમાજ ઉપર વર્ષા કરી શકે. પરશુરામને માટે Terretorial agrandisement નો તો પ્રશ્ન જ ન હતો! એટલે પ્રાદેશિક ભૂખ માટે યુદ્ધ કે વિગ્રહ કરવાનો એમને શોખ ન હતો. એમના નિઃક્ષત્રીયકરણ માટે એક જ હેતુ હતો અને તે અન્યાયનો પ્રતીકાર!...નહુષ અને તેનો યયાતિ...

.....નહુષરાજાનો પુત્ર યયાતિ મહાપરાક્રમી રાજા હતો. તેને દેવયાની અને શર્મિષ્ઠા નામની બે પત્નીઓ હતી. દેવયાની દૈત્યોના ગુરુ શુક્રાચાર્યની પુત્રી હતી અને શર્મિષ્ઠા રાક્ષસરાજ વૃષપર્વાની રાજકુમારી હતી. શુક્રાચાર્ય બ્રાહ્મણ હતા. યયાતિ ક્ષત્રિય હતો. બ્રાહ્મણની દીકરીને ક્ષત્રિય પરણ્યો કેવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચપળ બુદ્ધિના બાળકે શેરડીના સાંઠાની જેમ ભાંગી નાંખ્યું! નાગના બચ્ચાને જીવવાજ શા માટે દેવા! પરશુરામ શાપ આપવાનો વિચાર કરે છે પણ આખરે તો બ્રાહ્મણ હૃદય ને! માતા રેણુકાનું માથું ઉડાવનાર પરશુરામને ભારે મનોમંથન થયું. રામચંદ્રજીના ગુરુ વિશ્વામિત્રને પણ તેણે સંસ્કારી ગાળો દીધી. ગુરુની નિંદા થતાં રામચંદ્રજી કહે છે કે હે બ્રાહ્મણ! આ ગળામાં સીતાની વરમાળ પડો અગર તમારા કુહાડાની તીક્ષ્ણ ધાર પડો. અમારી તરતની પરિણીત સ્ત્રીઓની આંખમાં સૌભાગ્યના કાજળ અંજાવ અગર વૈધવ્ય આવો! અમે સુખ જોઈએ કે યમદેવનું મોઢું જોઈએ પણ રાઘવકુળમાં ઉત્પન્ન થયેલો રામ બ્રાહ્મણ સામે શસ્ત્ર ન ઉપાડે! તમારે જે કરવું હોય તે કરી લ્યો! એ હતી રામની ઠંડી તાકાત! રામ અને કૃષ્ણ આર્ય સંસ્કૃતિમાં જીવશે ત્યાં સુધી હિંદુ સંસ્કૃતિ અજેય અને અમર રહેશે. હનુમાનજીનું પાત્ર પણ અજોડ અને અદ્‌ભૂત છે. સુંદરકાન્ડમાં હનુમાનજીના ઉડ્ડયનનું વર્ણન આવે છે તે સાંભળતાંયે રોમાંચ ખડાં થાય! જે હિંદ પાસે પોતાની ઉન્નતિ માટે આવાં અણમોલ રત્નો પડેલાં છે. અખૂટ અને ભવ્ય સમૃદ્ધિઓ રહેલી છે. તેને બીજા દેશ પાસે ભીખ માગવાની જરૂર નથી (અહીં શ્રી ભટ્ટે ભગવાન રામચંદ્રના જીવનની સુંદર અને ભાવાવેશ પરિપૂર્ણ છણાવટ કરી સૂર્યવંશની સમાપ્તિ કરી હતી.–સંપાદક)

ચંદ્રવંશ:—

પુરૂરવાનું ચરિત્ર.....જમદગ્નિ ઋષિ એ સપ્તર્ષિઓમાંના એક હતા. તેમને પાંચ પુત્રો હતા. તેમાંના છેલ્લા તે પરશુરામ ભગવાન. પરશુરામનો યશ સમસ્ત જગતમાં પ્રસિદ્ધ છે. હૈહય–ક્ષત્રિય વંશના નાશ માટે ભગવાને સ્વયં પરશુરામનો અવતાર લીધો હતો. અને એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રિય કરી હતી. ક્ષત્રિય રાજાઓ દુષ્ટ, જુલ્મગાર, બ્રાહ્મણદ્વેષી, વિષયલંપટ અને અન્યાયી હોવાથી તેઓનો નાશ કરવા ભગવાનને પરશુરામ રૂપે અવતાર ધારણ કરવો પડ્યો. ક્ષત્રિયો ખૂબ અન્યાયથી રાજ્ય કરવા લાગ્યા. રાજસત્તા અન્યાયી થાય ત્યારે બ્રાહ્મણોની ફરજ છે કે તેને પડકાર કરે. વાત એમ બની કે જમદગ્નિ રૂષિ જંગલમાં એકાંતમાં પોતાના આશ્રમમાં રહી તપશ્ચર્યા કરતા હતા. સહસ્ત્રબાહુ અર્જુન શિકાર ખેલવા માટે તે જંગલમાં આવ્યો. દૈવવશાત્ તે જમદગ્નિઋષિના આશ્રમમાં આવી ચડે છે. જમદગ્નિ ઋષિ પાસે એક કામધેનું ગાય હતી. તેના પ્રતાપથી તેને ઇચ્છે તે વસ્તુ મળી રહેતી. સહસ્ત્રબાહુ અર્જુનનું, જમદગ્નિ ઋષિ ભવ્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વાગત કરે છે. રાજાઓની સમૃદ્ધિને પણ આંજી નાંખે એવી ઋષિ પાસે સમૃદ્ધિ હતી. રાજાને ખબર પડે છે ઋષિ પાસે કામધેનું છે. અને તેનો આ પ્રતાપ છે. રાજસત્તા બળજબરીથી પ્રજા પાસેથી તેની માલિકીની વસ્તુ વસ્તુ પડાવી લે તે ભારે અન્યાય કહેવાય. રૂપિને કહ્યા વગર સત્તાના મદમાં રાજા કામધેનું લઇ જાય છે. પરશુરામ બહાર ગયા હતા. તેમણે આશ્રમમાં આવતાં કામધેનુ લઇ ગયાની વાત જાણી ખૂબ રોષે ભરાયા. ડરપોક અને બાયલી પ્રજા અન્યાય સામે અવાજ ઉઠાવી શકતી નથી. પરશુરામ સહસ્ત્રાર્જુનનો વધ કરે છે. અને કામધેનુને પાછી આશ્રમમાં લાવે છે. પછી તીર્થાટન કરવા જાય છે. એક સમયે પરશુરામ ભાઇઓની સાથે બહાર ફરવા ગયા હતા ત્યારે તેની ગેરહાજરીનો લાભ ઉઠાવી સહસ્ત્રાર્જુનનું વેર વાળવા માટે તેના પુત્રો આશ્રમમાં આવ્યા અને તપમાં બેઠેલા જમદગ્નિઋષિનું ખૂન કરી તેનું માથું કાપી નાંખ્યું. માતા રેણુકાએ ખૂબ આક્રંદ કરવા માંડયું. માતાજીના કરૂણ આક્રંદનો અવાજ પરશુરામના કાને પડતાં તુરત આશ્રમમાં આવે છે. પિતાનું ખૂન થયેલું જોઇ ખૂબ દુઃખી થાય છે. અને ક્રોધાવિષ્ટ બની માહિષ્મતી નગરીમાં જઈ સહસ્ત્રાર્જુનના તમામ પુત્રોનો વધ કરે છે. પરશુરામે જુલ્મી રાજાઓ–ક્ષત્રિઓને ખતમ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. જુલ્મીઅંશનો નાશ કરવા માટે જ તેણે ક્ષત્રિઓનો સંહાર કર્યો તેને પૃથ્વી કે રાજ્યનો લોભ ન હતો. તેમનો અન્યાય સામે પડકાર હતો.

...બ્રાહ્મણ અને ક્ષત્રિય શક્તિ, સમાજ કે દેશ કે પ્રજાનું ધારણ અને સંવર્ધક બળ છે. તેમાં બ્રાહ્મણ શક્તિના નિયમન હેઠળ ક્ષત્રિય શક્તિએ રહેવું ઘટે! એટલે કે બાહુબળનું, પવિત્ર બુદ્ધિબળ જો નિયન્ત્રણ ન કરે તો વિફરેલું બાહુબળ યાતના અને સીતમનો સમાજ ઉપર વર્ષા કરી શકે. પરશુરામને માટે Terretorial agrandisement નો તો પ્રશ્ન જ ન હતો! એટલે પ્રાદેશિક ભૂખ માટે યુદ્ધ કે વિગ્રહ કરવાનો એમને શોખ ન હતો. એમના નિઃક્ષત્રીયકરણ માટે એક જ હેતુ હતો અને તે અન્યાયનો પ્રતીકાર!...નહુષ અને તેનો યયાતિ...

.....નહુષરાજાનો પુત્ર યયાતિ મહાપરાક્રમી રાજા હતો. તેને દેવયાની અને શર્મિષ્ઠા નામની બે પત્નીઓ હતી. દેવયાની દૈત્યોના ગુરુ શુક્રાચાર્યની પુત્રી હતી અને શર્મિષ્ઠા રાક્ષસરાજ વૃષપર્વાની રાજકુમારી હતી. શુક્રાચાર્ય બ્રાહ્મણ હતા. યયાતિ ક્ષત્રિય હતો. બ્રાહ્મણની દીકરીને ક્ષત્રિય પરણ્યો કેવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રીતે? દેવયાની સુંદર અને પરાક્રમી હતી. દેવયાની અને શર્મિષ્ઠા બન્ને સખીઓ હતી. એક દિવસ રાજકુમારી શર્મિષ્ઠા પોતાની સખીઓ તથા દેવયાની સાથે વનમાં ફરવા નીકળી. ત્યાં એક સરોવર હતું. બધી સ્ત્રીઓ સરોવરમાં જળક્રીડા કરે છે. વસ્ત્રો કિનારા પર મૂક્યાં છે. એ સમયે ભગવાન શંકર તથા સતી પાર્વતી નંદી પર બેસી ફરવા નીકળે છે. તેમને જોતાં બધી સ્ત્રીઓ લજ્જાન્વિત બને છે અને ઝડપથી બહાર નીકળી વસ્ત્ર પરિધાન કરે છે. ઉતાવળમાં ભૂલથી રાજકુમારી શર્મિષ્ઠા દેવયાનીનું લુગડું પહેરે છે. બન્ને વચ્ચે તકરાર થાય છે. દેવયાની તેજાબી સ્વભાવની હતી. કઠોર અને તીક્ષ્ણ વાગ્બાણથી શર્મિષ્ઠાને તિરસ્કારે છે. શર્મિષ્ઠા ખૂબ ક્રોધે ભરાય છે. અને દેવયાનીનો તે પણ ભારે તિરસ્કાર કરે છે. છેવટે માર્ગમાં દેવયાનીના વસ્ત્રો છીનવી લઇ તેને કુવામાં નાંખી દે છે અને ત્યાંથી પોતાના મહેલમાં ચાલી જાય છે. દેવયાની કુવામાંથી પોતાને બહાર કાઢવા માટે બૂમ મારી રહી હતી એ સમયે શિકારેથી પાછો ફરતો રાજા યયાતિ ત્યાંથી પસાર થતો હતો. બૂમ સાંભળી કુવા પાસે આવે છે. દેવયાની વસ્ત્રહીન હતી. રાજા પોતાનો ફેંટો કુવામાં ફેંકે છે. અને દેવયાનીને બહાર કાઢે છે. દેવયાની પોતાની સાથે લગ્ન કરવા રાજાને વિનવે છે. ક્ષત્રિય, બ્રાહ્મણની કન્યા પરણે એ શાસ્ત્રસંમત હોવાથી રાજા દેવયાનીની માંગણી મંજૂર કરે છે. દેવયાનીનો વૃત્તાંત સાંભળી તેની સાથે ગાંધર્વ લગ્ન કરે છે. દેવયાની બ્રાહ્મણની પુત્રી હતી; પરંતુ તેને કોઈ બ્રાહ્મણ પત્ની તરીકે સ્વીકારશે નહીં એવો શાપ હતો. દેવોના ગુરુ બૃહસ્પતિનો પુત્ર કચ, દૈત્ય ગુરુ શુક્રાચાર્ય પાસે મૃત સંજીવની વિદ્યા શીખતો હતો. દેવયાની કચને ચાહતી હતી. વિદ્યાભ્યાસ પૂરો કરી કચ ત્યાંથી જવા નીકળ્યો ત્યારે દેવયાનીએ પોતાની સાથે લગ્ન કરવાની માંગણી કરી. ગુરુ પુત્રીની સાથે લગ્ન કરવાં એ શાસ્ત્ર વિરૂદ્ધ હોવાનું જણાવી તે તેનો અસ્વીકાર કરે છે. પ્રેમભંગથી નિરાશ થયેલી દેવયાની કચને શાપ આપે છે કે તારી વિદ્યા નિષ્ફળ હજો, કચ પણ દેવયાનીને શાપ આપે છે કે કોઇપણ બ્રાહ્મણ તને પત્ની તરીકે સ્વીકારશે નહીં. આમ બન્નેએ એકબીજાને શાપ આપ્યા હતા એ હકીકત દેવયાની યયાતિને જણાવે છે. ગાંધર્વલગ્ન બાદ દેવયાની પોતાના પિતા શુક્રાચાર્ય પાસે આવે છે અને શર્મિષ્ઠાનો અનિચ્છનીય વર્તાવ કહી સંભળાવે છે. શુક્રાચાર્યને ખેદ થાય છે અને દેવયાનીને લઈ ત્યાંથી વનમાં જવા નીકળે છે. શર્મિષ્ઠાના પિતા વૃષપર્વાને પણ બનાવની ખબર પડે છે. શુક્રાચાર્ય ગુરુના શાપની બીકથી તે ગભરાય છે અને શુક્રાચાર્યને પગે પડી ક્ષમા યાચે છે. તે સમયે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શુક્રાચાર્ય દેવયાની કહે તેમ કરવા તૈયાર હોય તોજ પાછા ફરવાનું જણાવે છે. રાજા કબૂલ થાય છે. દેવયાની વૃષપર્વા રાજાને કહે છે કે હું જ્યાં પરણું ત્યાં શર્મિષ્ઠાએ મારી દાસી તરીકે આવી સેવા કરવી. રાજા શરત મંજૂર રાખે છે. શુક્રાચાર્ય દેવયાનીનાં યયાતિ સાથે લગ્ન કરે છે. શર્મિષ્ઠા દાસી તરીકે દેવયાનીને ત્યાં રહે છે અને સેવા કરે છે. સૂક્ષ્મ રીતે વેર લેવાની વૃત્તિ જેવી સ્ત્રીઓમાં હોય છે તેવી પુરુષોમાં હોતી નથી. દેવયાનીને યયાતિથી પુત્ર થાય છે. શર્મિષ્ઠાને પુત્રકામના જાગે છે. તે પણ યયાતિને ચાહતી હતી. બન્ને પ્રેમમાં પડે છે. શર્મિષ્ઠાને પણ યયાતિથી ગર્ભ રહે છે અને પુત્ર જન્મે છે. દેવયાની ખૂબ તેજાબી હતી. તેને જ્યારે આવી ખબર પડે છે ત્યારે યયાતિને છોડીને પોતાના પિતાને ઘેર ચાલી જાય છે. અને પિતાને બધી હકીકત જણાવે છે. દીકરીઓનો બાપ પર ભારે પ્રભાવ હોય છે. શુક્રાચાર્ય યયાતિને શાપ આપે છે કે તું આજ ઘડીએ વૃદ્ધ થઇ જા. શાપના પ્રભાવે રાજા વૃદ્ધ બની જાય છે. શુક્રાચાર્ય પાસે જઇ શાપમાંથી મુક્ત કરવા પ્રાર્થના કરે છે. શુક્રાચાર્યને દયા આવે છે. તે કહે છે કે, તારી વૃદ્ધાવસ્થા કોઇ લે અને તને જુવાની આપે તો તે તને મળશે. યયાતિ ખૂબ કામાંધ-વિષયલોલુપ થઈ ગયો હતો. તેને પાંચ પુત્રો હતા. પુત્રો પાસે પોતાને યુવાની આપવા માંગણી કરે છે. પિતાની ભ્રષ્ટ બુદ્ધિ જોઈ ચાર છોકરાઓ તેનો તિરસ્કાર કરે છે. રાજા સૌથી નાના દીકરા પુરુ પાસે જઈ તેની યુવાની માગે છે. પુરુ પોતાની યુવાની પિતાને આપે છે અને તેનું વૃદ્ધત્વ પોતે લે છે. યયાતિરાજા યુવાવસ્થા પ્રાપ્ત કરી એક હજાર વર્ષ સુધી વિષયભોગ ભોગવે છે. દેવયાનીને ખૂબ પ્રેમથી ચાહે છે. દેવયાની પણ પતિ સેવાપરાયણ રહી સતીધર્મનું પાલન કરે છે. હજાર વર્ષ વિલાસી જીવન જીવવા છતાં તેને ભોગ તૃપ્તિ થતી નથી. એક દિવસ રાજાને ભાન થાય છે. તેના હૃદયમાં વૈરાગ્યની ભાવના જાગૃત થાય છે. દેવયાનીને રાજા કહે છે કે હે દેવી!

यत्पृथिव्यां व्रीहियवं हिरण्यं पशवः स्त्रियः ।
न दुह्यन्ति मनःप्रीतिं पुंसः कामहतस्य च ॥
न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूयएवाभिवर्धते ॥

જે મનુષ્યનું ચિત્ત વિષયોપભોગમાં જ ચોંટેલું રહે છે તેવા મનુષ્યને માટે આ દુનિયાનું તમામ ધાન્ય, સુવર્ણ, પશુઓ અને સ્ત્રીઓ મળે તોપણ તેનાથી તે સંતુષ્ટ થતો નથી. વિષયોના ભોગથી ભોગવાસના-કામવાસના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કદી શાંત થતી નથી પરંતુ અગ્નિમાં ઘીની આહુતિ આપતાં જેમ અગ્નિ વધુ પ્રજ્વલિત થાય છે તેમ ભોગેચ્છાઓ પણ ભોગથી વધતી જાય છે. તેનો કદી અંત આવતો નથી. तृष्णा न जीर्णा वयमेव जीर्णाः આપણે ઘરડા થઇ જઇએ છીએ પણ તૃષ્ણા-ભોગેચ્છા કદી ઘરડી થતી નથી. भोगाभ्यासमनु विवर्धन्ते रागाः...बलवान् इन्द्रियग्रामः विद्वांसमपिकर्षति !!

આત્મભાન થતાં યયાતિ પોતાના પુત્ર પુરુને તેની યુવાની પાછી આપે છે અને પોતાનું વૃદ્ધત્વ લે છે. પુરુને રાજ્ય સોંપી પ્રભુભક્તિ માટે વનમાં ચાલી જાય છે.

કાણાં ઘડામાંથી જેમ પાણી ધીમે ધીમે વહી જાય છે તેમ દેહમાં ભોગરૂપી કાણું પડતાં તેમાંથી આત્મજ્ઞાન ચાલી જય છે. આથી શક્તિઓનું ઉર્ધ્વીકરણ Sublimation કરવું જોઇએ. ભોગોના ત્યાગ કરી પ્રભુમાં દત્તચિત્ત થવું જોઇએ. જીવન કેમ જીવવું જોઇએ, જીવનનું ધ્યેય શું હોવું ઘટે (ભોગ કે ભક્તિ) જીવનની ઇતિ કર્તવ્યતા શેમાં! તેના અનુભવનો વારસો દુનિયાને યયાતિએ આપ્યો છે.

પુરુરવા પછી દુષ્યન્ત અને પછી ભરત રાજગાદી પર આવે છે. ભરત શક્તિનો ભારે ઉપાસક હતો. જીવતાં સિંહના બચ્ચાં સાથે એ ખેલ ખેલતો. ભરત પછી તેના વંશમાં રન્તિદેવ રાજ્યાસન પર આવે છે.....

..... રન્તિદેવનો વિમલયશ દિગંતવ્યાપી છે. જેવો વિમલયશ તેવો વિરલત્યાગ. तेनत्यक्तेन भुञ्जीथाः એનો મુદ્રાલેખ. યજ્ઞીય જીવન જીવવામાં જ જીવનની ધન્યતા અનુભવી. એને વિત્તેષણા, ભોગેષણા, પુત્રેષણા કે દારેષણા-કશી જ ઇષણા-ઇચ્છા ન હતી. તપસ્વી-ત્યાગમય-પવિત્ર અને પ્રભુમય જીવન એ તેનું ધ્યેય હતું. પ્રારબ્ધાનુસાર જે કાંઈ મળી આવતું તેમાં તે સંતોષ માનતા. પોતે ભૂખ્યા રહી ભૂખ્યાને અન્નદાન કરતા. કોઇપણ વસ્તુમાં તેને મમત્વ ન હતું. એક સમયની વાત છેઃ-રાજ્યમાં ભયંકર દુષ્કાળ પડે છે. અન્નની કણિકા પણ મળતી નથી. રન્તિદેવને ૪૮ દિવસના ઉપવાસ થાય છે. ઉપવાસને અંતે એક શેર સાથવો મળે છે. ભગવાન રન્તિદેવની અગ્નિ પરીક્ષા કરે છે. એક શેર સાથવો પોતાના છોકરાઓને વહેંચી પોતે થોડો ખાવા જાય છે ત્યાં એક બ્રાહ્મણ અતિથિના રૂપમાં આવે છે. ભૂખ અને તૃષાથી વ્યાકુળ બ્રાહ્મણને જોઈ પ્રાણીમાત્રમાં પ્રભુને જોનારે રંતિદેવ પોતાનું ભોજન બ્રાહ્મણને આપી દે છે. ત્યારબાદ બીજા અતિથિઓ આવે છે. તેઓને પણ થોડું થોડું વહેંચી આપે છે. તમામ ભોજ્ય પદાર્થ આ રીતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભૂખ્યા અતિથિઓને આપી દે છે. હવે તેની પાસે માત્ર પાણી જ બાકી રહ્યું છે. રાજા પાણી પીવા જાય છે એટલામાં એક ચાંડાલ આવે છે અને તૃષા છીપાવવા પાણીની માંગણી કરે છે. રંતિદેવ પાણી પણ આપી દે છે. निसर्गकरुणोनृपः ! તેના ધૈર્યની અને પ્રભુમાં અટલ શ્રદ્ધાની કોઈ સીમા નથી. આ અતિથિ મૂળમાં અતિથિ ન હતા. સ્વયં ભગવાન રંતિદેવની કસોટી કરવા પધાર્યા હતા. ભગવાનની અગ્નિ પરીક્ષામાંથી રંતિદેવ પસાર થાય છે. ભગવાન પ્રસન્ન થઈ દર્શન આપે છે અને વરદાન માગવા કહે છે. રંતિદેવ પરમાત્માની પ્રાર્થના કરે છે અને કહે છે કે હે પરમાત્મન્! મારી અન્ય કશી કામના નથી. હું કશું ઇચ્છતો નથી. હું માત્ર એટલું જ માગું છું-ઇચ્છું છું કેઃ—

नकामयेऽहं गतिमीश्वरात् परामष्टर्द्धि युक्तामपुनर्भवंच ॥
आर्तिं प्रपद्येऽखिल देहभाजामन्तः स्थितो येन भवन्त्यदुःखाः ॥
नत्वहं कामये राज्यं नसुखं नापुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणिनां आर्तिनाशनम् ॥

હે ભગવન્ ! દુનિયાના પ્રાણીમાત્રનું દુઃખ રંતિદેવ પાસે આવો અને તમામ સુખ પ્રાણીમાત્રને પ્રાપ્ત થાઓ એજ મારી ઇચ્છા છે ! કેવી ભવ્ય અને ઉદાત્ત ભાવના ! કેવો ભવ્ય ત્યાગ ! જે દેશમાં રંતિદેવ જેવા ત્યાગીઓ પાક્યા છે તે દેશ પર ભગવાનના આશીર્વાદ હંમેશ ઉતરતા રહેશે. તેનું કદી અભદ્ર થશે નહીં...

...ત્યાર બાદ ભાગવતી કથાની કૂચ યદુવંશમાં પ્રવેશે છે. યદુવંશ તો પરમાત્માના અવતરણનો વંશ. નદીની યાત્રા, સમુદ્રમાં, છેવટે વિસર્જિત થવા. ભાગવતની નવસ્કંધ સુધીની કૂચ ભાગવતના હૃદયરૂપ દશમા સ્કંધમાં વિસર્જિત થવા ! યદુવંશનું ટૂંકાણમાં વર્ણન કરી નવમા સ્કંધના અંતમાં ભગવાન શુકદેવજી, માનો, ત્વરાથી ભગવાન કૃષ્ણચન્દ્રનું જીવનચરિત્ર ટૂંકમાં, બીજ સ્વરૂપે વર્ણવી જાય છે !...ભગવાન કૃષ્ણચંદ્રના જીવનની વાત આવે અને શુકદેવજીને સમાધિ-લગભગ અસંપ્રજ્ઞાત સમાધિ વહેવા માંડે ! એમને પ્રયત્ને બહિર્ભાન કરાવવું પડે !..... વધુ એ દશમા સ્કન્ધમાં જ જોઇશું.

इति नवमस्कन्धः

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ नमो भगवते वासुदेवाय ॥

દશમ સ્કંધ ભાગવતનું હૃદય છે. ભાગવતનું એ હૃદય કેવી રીતે છે તેનો નિર્દેષ બાળલીલામાં કરવામાં આવ્યો છે. સત્યાવતાર પરમાત્મા કૃષ્ણચંદ્ર એ ભાગવતના આરાધ્યદેવ છે. જગત પર જેણે કામણ કર્યું છે, એવા યોગેશ્વર શ્રીકૃષ્ણચંદ્ર પર જેને પ્રીતિ નથી તે દુર્ભાગી જીવ છે. ભગવાનનું સુંદર ચિત્ર હૃદય પર અંકિત થતાં જે ઉલ્લાસ આવે છે તેની મોહિની કોઈ જુદી જ છે. ભગવાન રામચંદ્ર તો ધીરગંભીર! પરંતુ જેના જીવનના તમામ પાસાં ઝળહળતાં, કામણભર્યાં, જાદુભર્યાં હોય તો તે શ્રીકૃષ્ણચંદ્ર. ઋષિ પ્રતિભાની સર્વતોમુખી, અને તમામ ચિંતનને લોકભોગ્ય કરનારી પ્રતિમા કૃષ્ણ છે. ભાગવતનો કૃષ્ણ ગોપીકાનંદન, યશોદાનંદન, કે નંદનંદન જ નથી; પરંતુ પ્રાણીમાત્રના દેહનો નંદન – અંતર્યામી છે. શ્રીકૃષ્ણના જીવનને યથાર્થ સમજવા ભલા ભલા વિદ્વાનો અને તત્વજ્ઞો પણ મૂંઝાય છે. સત્ય હિરણ્મય પાત્રથી ઢંકાયલું છે, हिरण्मयेन पात्रेण सत्यामिहितं मुखम्–વિરોધાભાસથી ભરપૂર લાગે છે. તે માત્ર છીછરા ચિંતનનું પરિણામ છે. કૃષ્ણાવતાર એટલે સત્યાવતાર. કૃષ્ણનો અવતાર એટલે પરમાત્માને પૃથ્વી પર ઉતારવાનો પ્રયાસ. ભાગવતનો કૃષ્ણ તો સત્યસ્વરૂપ. સત્યથી ભરપૂર જીવન–સત્યના અને અહિંસાના પરમ ઉપાસક અને પરમ આચાર્ય મહાત્મા ગાંધીજી. વાછરડાને મારી નાંખે એમાં જેમ અહિંસા અને હિંસાનો વિરોધાભાસ લાગે છે, મૂળમાં એ અહિંસા જ હતી; પરંતુ અહિંસાને સમજવાની દૃષ્ટિ ન હોવાથી જ વિરોધાભાસ લાગે છે. સત્યસ્વરૂપ યોગીશ્વર કૃષ્ણને સમજવામાં સત્યસ્વરૂપ બનવું ઘટે. અહિંસાના પરમાચાર્ય ગાંધીજીએ એક સત્યાગ્રહની લડત દરમીયાન શ્રી. મોરારજી દેસાઈને એક વખત કહ્યું હતું કે સ્વાતંત્ર્યની લડતમાં તું રગદોળાઇ જાય તેથી મને લેશમાત્ર રંજ થશે નહીં. તારૂં માથું અને ખોપરી મારા પગ નીચે આવશે તો મને ભારે આનંદ થશે. એવા તો ગાંધીજીના જીવનમાંથી અનેક દાખલાઓ મળી આવે તેમ છે. પંડિત જવાહર જેવા પણ ગાંધીજીના જીવનને સમજી શકતા નહીં.....

ભક્તના બે પ્રકાર એક કૌશલ્યા છાપ અને બીજો સીતા છાપ..... કૌશલ્યા છાપ કેવળ નામે અને લાડે રાચે. સીતા છાપ કેવળ કામે અને અનુસરણે રાચે.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીકૃષ્ણના જીવનમાં તો અનેક એવા પ્રસંગો ગૂંથાયલા છે. યોગશાસ્ત્રને પચાવ્યા વગર તેની ગીતા અને ભાગવત સમજાશે નહીં. યોગેશ્વરને સમજવા માટે ભગવાન પતંજલિનું યોગશાસ્ત્ર અને તેની વિચાર ભૂમિકા પચાવવી જોઇશે. આપણી નવયુવાન પેઢીને એનું રહસ્ય સમજાતું નથી. બુદ્ધિવાદના આ યુગમાં બુદ્ધિવાદથી બધી વસ્તુ સમજાવવાની અને સમજવાની જરૂર છે. જે બુદ્ધિથી પણ પર છે તે માટે સંતો અને શાસ્ત્રોના પ્રમાણોમાં અને કથનમાં શ્રદ્ધા રાખવી જોઇએ. કેટલીક વસ્તુઓ એવી છે જે સમજાવવાથી સમજાતી નથી પણ તેના અનુભવથી–અંતરમાં અનુભૂતિ થવાથી જ સમજાય છે. પરમાત્મા સંબંધીના જ્ઞાન માટે–આત્મજ્ઞાન માટે અંતર્મુખ થવું પડશે. ઋષિઓની સામુદાયિક પ્રતિભા તે કૃષ્ણનું જીવનચરિત્ર. વડની ઊંચાઇ મેથીની ભાજીની પણી કે મૂળથી મપાય નહીં, તેમ મહાપુરૂષોના જીવનની ઊંચાઇ અને ઊંડાણ સામાન્ય સમજથી કે અધૂરાં જ્ઞાનથી માપી શકાતાં નથી. મહાન જીવનને માપવાના માપદંડ તો જુદા જ હોય છે, હોવાં જોઇએ. ભગવાનના યોગનું અનુકરણ કોઇ કરતું નથી. લીલા અને રાસક્રીડા કરવા તૈયાર થઇ જઇએ પણ ગોવર્ધન પર્વત ઉઠાવવા કે કાલિય નાગ નાથવા કોઇ તૈયાર નથી. તેમ કરવાની કોઈની તાકાત નથી. એ પ્રમાણે ભગવાન પૂર્ણાવતાર યોગેશ્વર કૃષ્ણચંદ્રના ગુણાનુવાદ ગાવાની પણ યોગ્યતા મેળવવી જોઇશે. યદુવંશમાં જન્મી વિશ્વાત્મા ભગવાને જે લીલાઓ કરી તે જાણવાની ઇચ્છા પરીક્ષિત રાજા શુકદેવજી સમક્ષ વ્યક્ત કરે છે. ભગવાન શુકદેવજી ઉલ્લાસમય બને છે અને કહે છે કે ઊત્તમશ્લોક પરમાત્માના ગુણાનુવાદમાં કોને પ્રીતિ ન થાય! हरेर्गुणाक्षिप्तमतिः भगवान् बादरायणः જેનું ચિત્ત પરમાત્મા સાથે સંલગ્ન છે એવા વ્યાસ ભગવાન શુકદેવજી કહે છે કે કૃષ્ણના કુળ સાથે તો મારે ભારે સંબંધ છે. એણે તો મહાન ઇતિહાસ પેદા કર્યો છે. શુકદેવજી કહે છે કે હે રાજન્! તને કંઇ ભૂખ તરસ લાગે છે કે નહીં? શું તને એ વેગો પીડતા નથી? પરીક્ષિત કહે છે કે હે ભગવન્! પાણી પણ છોડી દીધેલા એવા મને ભૂખ પણ બીલકુલ સતાવતી નથી. હરિકથારૂપ અમૃત પીતાં ભૂખ તરસનું મને ભાન પણ નથી. એ બંન્નેથી હું પર થઈ ગયો છું.....

.....ભાગવતનો દશમ સ્કંધ તો શુકદેવજીનું પીયર. એ સ્કંધમાં શુકદેવજીની સંપૂર્ણ રસમયી પ્રતિભાનાં સ્પષ્ટ દર્શન થાય છે. શુકદેવજી પ્રસન્ન થઈ રાજાને કહે છે કે, રાજન્! ધન્ય છે તને. તારી બુદ્ધિ નૈષ્ઠિક થઇ છે. અર્થાત્ તારા હૈયામાં અવ્યભિચારિણી પ્રીતિ ઉત્પન્ન થઇ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાનની કથાને લગતો પ્રશ્ન તેની ચરણ સેવાની પેરે ત્રણેને એટલે કે વકતા, શ્રોતા અને પ્રશ્ન કરનારને પાવન કરે છે. રાજન્! સાંભળ. દૈત્યોના અને દુષ્ટ રાજાઓનો ભાર પૃથ્વી પર ખૂબ વધી ગયો હતો. પૃથ્વી એ પાપાત્માઓના અસહ્ય ભારથી પીડાવા લાગી. એ ભારમાંથી મુક્ત થવા માટે બ્રહ્માજી પાસે જઇને પ્રાર્થના કરે છે. બ્રહ્માજી, શંકર તથા અન્ય દેવતાઓને તથા ગાયના રૂપમાં આવેલી પૃથ્વીને લઇને ક્ષીરસાગરના તટ પર જઈ સર્વાન્તર્યામી પરમાત્માની સ્તુતિ કરે છે. બ્રહ્માજીને સમાધિ ચઢે છે. સમાધિમાં ભગવાનની વાણી તેને સંભળાય છે. ભગવાન કહે છે કે પૃથ્વીની પીડા હું જાણું છું. તમે કોઈ ચિંતા ન કરશો. પૃથ્વીના દુખ દૂર કરવા હું અવતાર લઇશ. પણ હે દેવો! તમારે બધાએ અગાઉથી યદુવંશમાં જન્મ લેવો. હું વસુદેવના ગૃહે જન્મ લેનાર છું. તો મારા મનોરંજન માટે સુરાંગનાઓએ પણ ત્યાં અવતરવું, ત્રણ લોકને મોહિત કરનારી માયા પણ ત્યાં અવતરશે અને મદદ કરશે. સહસ્રફણાવાળા શેષનાગ અનંત વાસુકીની શક્તિ પણ મારૂં પ્રિય કાર્ય કરવાને માટે મારા અંશરૂપે મોટાભાઇ બલભદ્રરૂપે જન્મ લેશે. એ પ્રમાણે કહી ભગવાન અંતર્ધ્યાન થાય છે. દેવો અને પૃથ્વીને આનંદ થાય છે. મથુરામાં ઉગ્રસેનના પુત્ર કંસનું રાજ્ય ચાલે છે. દેવકીજી કંસના બેન થાય છે. દેવકીજી ઉપર કંસને ખૂબ વહાલ છે. વસુદેવજી સાથે દેવકીના લગ્ન થાય છે. બેનને સાસરે વળાવતી વખતે વસુદેવ–દેવકી જે રથમાં બેઠાં છે તે રથને કંસ પોતે હાંકે છે. થોડે દૂર જતાં કંસને સંબોધીને આકાશવાણી થાય છે કે હે મૂર્ખ! જેને રથમાં બેસાડીને તું લઈ જાય છે તેના આઠમા ગર્ભ–સંતાનથી તારું મૃત્યું થશે. મોતના ડરથી કંસમાં અવિવેકનો સંચાર થયો. તલવાર ખેંચી નિર્લજ્જ બની પોતાની બેન દેવકીનો વધ કરવા તૈયાર થાય છે; એ સમયે વસુદેવ તેને એવું ગોઝારું કૃત્ય ન કરવા ખૂબ સમજાવે છે. પણ કંસ એકનો બે થતો નથી. બેનને મારી નાંખવા કૃતનિશ્ચયી બને છે. વસુદેવજીએ વિચાર કર્યો કે હવે યુક્તિથી કામ લેવું જોઇએ. બને ત્યાં સુધી માણસે મૃત્યુથી બચવા પ્રયત્ન કરવો જોઇએ. છતાં મોત આવે જ તો તે માટે મનુષ્ય અપરાધી નથી. ભવિષ્યની વાત કોણ જાણે છે? વસુદેવજી પુનઃ કહે છે કે, હે ભાઇ! તું એક કામ કર. દેવકીના પેટે આઠમી પ્રજા થાય તે તને મારનાર છે એજ ડર તને છે ને? જો એમ હોય તો તેની ચિંતા ન કરીશ. દેવકીને જેટલા છોકરા થશે તે તમામ તને જન્મતાંની સાથે સોંપી દઇશ. પછી કંઇ વાંધો છે? કંસને ગળે વાત ઉતરે છે. વસુદેવ અને દેવકીને કારાગારમાં રાખે છે. દેવકીને પુત્ર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જન્મે છે. એ પ્રથમ પુત્રને લઇ વસુદેવ કંસને આપવા જાય છે. પુત્રને વધાર્થે સોંપતા માતા પિતાના હૈયાંને કયું દુઃખ ન થયું હશે! એક બાજુ સત્યનું પાલન અને બીજી બાજુ પુત્ર વાત્સલ્ય. સત્ય વધારે કે પુત્ર પ્રેમ? માતાપિતાનું સત્યાચરણ કેટલું સ્વચ્છ છે તે તો જુઓ! પુત્રને સોંપતાં દેવકીના હૈયામાં વલોપાત ન થયો હોય? ગૂમો ન પડયો હોય? પિતાના વાત્સલ્યપૂર્ણ હૃદયને શું ન થયું હોય? પણ સત્યના આગ્રહી–સત્યવાન વસુદેવ સત્યને વળગી રહ્યા. સત્યસેવીને ત્યાંજ સત્યસ્વરૂપ ભગવાન પણ અવતરે ને? તેણે પુત્રને લઇ જઈને કંસના ખોળામાં મૂકયો. કંસનો હૃદયપલટો થાય છે. દીકરો પાછો આપે છે અને વસુદેવને કહે છે કે આઠમો પુત્ર મને આપજો પણ अव्यवस्थित चित्रत्तानांम् प्रसादोपि भयंकरः અસ્વસ્થ–જેની બુદ્ધિ સ્થિર નથી તેની મહેરબાની પણ ભયંકર હોય છે. કંસની પાસેથી પુત્રને પાછો મેળવી વસુદેવજી જાય છે. એટલામાં નારદજી કંસ પાસે આવે છે અને કહે છે કે તેં પુત્રને પાછો આપ્યો પણ એના બધાજ પુત્રો દેવપુત્રો છે. આ પ્રથમ પુત્ર પણ દેવપુત્ર છે. યદુવંશમાં ઉત્પન્ન થયેલ તમામ સ્ત્રીપુરુષો દેવો જ છે. વસુદેવ વગેરે વૃષ્ણીવંશી યાદવો તેમજ નંદ તથા દેવકી તેમજ અન્ય સર્વ યાદવો એ સર્વ દેવો જ છે. નારદજીનું કથન સાંભળી કંસને ખાત્રી થઇ ગઇ કે યદુવંશમાં દેવતાઓએ જ જન્મ લીધો છે અને દેવકીના ઉદરમાંથી સ્વયં વિષ્ણુ ભગવાનજ તેનો નાશ કરવા જન્મ લેનાર છે. આથી કંસે તુરતજ વસુદેવને બોલાવી તેની પાસેથી પુત્રને લઇ મારી નાંખ્યો અને વસુદેવ તથા દેવકીને હાથકડી પહેરાવી બંદીવાન બનાવી કેદખાનામાં પૂરી દીધા. કંસને ખબર હતી કે તે પૂર્વ-જન્મમાં કાલનેમિ નામનો દૈત્ય હતો અને ભગવાને તેનો નાશ કર્યો હતો. કંસ મહાપરાક્રમી હતો, તેણે યદુવંશના મુખ્ય માણસો તથા પોતાના પિતા ઉગ્રસેનને પણ જેલમાં પૂર્યા. ત્યારબાદ તે બધા યાદવોને ત્રાસ આપવા લાગ્યો. તેના પાપનો ઘડો ભરાતો જતો હતો. દેવકીજીના છ પુત્રોને એ પ્રમાણે મારી નાંખે છે. યદુઓ કંસના જુલ્મના ભોગ બનતા હોવાથી ભગવાનને ચિંતા થાય છે. ભગવાન યોગમાયાને બોલાવે છે અને તેને ગોપ–ગોપીઓથી અલંકૃત એવા ગોકુલમાં જવાની આજ્ઞા કરે છે અને જણાવે છે કે ગોકુલમાં નંદ નામના રાજાને ત્યાં વસુદેવની બીજી પત્ની રોહિણી રહેલી છે. આ સમયે મારો શેષનાગરૂપી અંશ દેવકીજીના ગર્ભમાં છે તેને દેવકીજીના ઉદરમાંથી ઊઠાવી રોહિણીના ગર્ભમાં મૂકો. અને તમે નંદરાજાની પત્ની યશોદાના પેટે જન્મ ધારણ કરો. દેવકીજીમાં મારી સંકર્ષણ શક્તિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિદ્યમાન છે તેને રોહિણીના ગર્ભમાં સ્થિત કર. પછી અષ્ટમ ગર્ભ તરીકે હું દેવકીમાતાના પેટે જન્મ લઈશ. હું તને વરદાન આપું છું કે જગતમાં બધા તને અનેક નામોથી પૂજશે. તું મારા તેજને દેવકીના ગર્ભમાંથી સ્ખલિત કરી રોહિણીના ગર્ભમાં લઇ જશે તે રામ કહેવાશે. રંજયતીતિ રામઃ લોકોને આનંદ આપનાર હોવાથી તે રામનામે ઓળખાશે. વળી બલિષ્ઠ હોવાથી બળરામ પણ કહેવાશે. ભગવાનની આજ્ઞાથી યોગમાયા દેવકીના ગર્ભમાંથી સાતમો ગર્ભ સ્ખલિત કરી રોહિણીના ગર્ભમાં સ્થિત કરે છે. દેવકી માતાને કસુવાવડ થઇ છે એમ જાહેર કરવામાં આવ્યું. વાસ્તવમાં દેવકીના પુત્ર છતાં બળરામ કહેવાયા રોહિણીના પુત્ર. પરમાત્મા તો ભક્તને અભયદાન આપવાવાળા છે. પોતાના અંશ સ્વરૂપે તે વસુદેવના હૈયામાં પ્રવેશ કરે છે. એ સમયે આકાશમાંથી દુંદુભીનાદો થાય છે. પુષ્પની વૃષ્ટિ થાય છે. વસુદેવજીના હૈયામાં ભગવાનની તેજકળાંનો પ્રવેશ થતાં તેનું સ્વરૂપ બદલાઇ જાય છે. સૂર્યના જેવી કાન્તિવાળા બની જાય છે. ભગવાને મનદ્વારા વસુદેવમાં આત્મનિક્ષેપ કર્યો હતો. પોતાના મનની અંદર ભગવાનની જે છબી હતી તે વસુદેવજી દેવકીજીમાં મનથી નિક્ષિપ્ત કરે છે. મનઃસંચારદ્વારા ભગવાન દેવકીજીમાં પ્રવેશ કરે છે. અકર્મણ્ય વિદ્વાનમાં સરસ્વતી જેમ રૂંધાયલી રહે છે તેમ કંસના કારાગારમાં પરમાત્માવાળી દેવકીજી શોભતી ન હતી. એક દિવસ કંસ દેવકીમાતાને મળવા આવે છે. જોતાં વેંતજ તે આભો બની જાય છે. તેને દેવકી કોઇ જુદીજ દેખાઈ. દેવકીજીના મુખ પર તેજ વિલસી રહ્યું હતું. દેવકીના પ્રભાવ વર્તુલથી કંસ અંજાય છે. તેને મનમાં દેવકાકા ઉતરી ગયા કે દેવકીએનમાં જરૂર મને મારનારો હોવો જોઇએ. કંસનો હૃદયપલ્ટો થાય છે. તે મનોગત વિચારે છે કે શું મારે એનને મારી નાંખવી? ગર્ભવતી એનને મારી નાંખવાથી લોકો મને શું કહેશે? દેવકી તરફ દૃષ્ટિ કરતાંજ તેનો દુષ્ટ ભાવ દબાયો. કંસ ત્યાંથી ચાલી જાય છે અને આઠમા ગર્ભના જન્મની રાહ જુએ છે. ભાવિ કદી મિથ્યા થતું નથી. દેવકીદ્વારા જોએલી ભગવાનની પ્રતિભાથી પણ તેના હૈયાં પર કેવી અસર થાય છે? દેવકીજીના ઉદરમાં ભગવાન વિરાજમાન થયા છે તે પ્રથમ બ્રહ્માએ જાણ્યું. સૂર્યના ઉદયની ચંડોલ પક્ષીને પ્રથમ ખબર પડે છે પછી બીજા પક્ષીઓને પછી ઢોરોને અને પછી મનુષ્યને!! મનુષ્યમાંયે છેલ્લી સૂર્યવંશીઓને! (સૂર્યોદય પછી ઉઠનારાઓને)

પરમાત્મા અવતરે તો લોકોનું કલ્યાણજ કરે. કંસના કારાગારમાં વસુદેવ-દેવકી બેઠા છે ત્યાં બ્રહ્મા, શંકર, નારદ વગેરે દેવો આવે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે અને ભગવાનની સ્તુતિ કરે છે. ભાગવતની શરૂઆતમાં જ લખ્યું છે કે સત્યં પરં ધીમહિ. દેવો સ્તુતિ કરે છે કે હે ભગવન્! આપ સત્યવ્રત છો. સત્યને જ પ્રવર્તાવનાર છો. સત્યરૂપી આધારવાળા, સત્યના પણ સત્યસ્વરૂપ, ઋત અને સત્યરૂપી નેત્રોવાળા છો. હે પરમાત્મન્! અમે તમારે શરણે આવ્યા છીએ. હે ભગવન્! તમારે જન્મ લેવાની જરૂર હોતી નથી; પરંતુ આત્મવિનોદ અને લીલા ખાતર આપ જન્મ ધારણ કરો છો. અન્ય અવતારો પ્રમાણે આપનો આ અવતાર થવાનો છે, આપ પૃથ્વી પરનો ભાર દૂર કરવાના છો. હે યદુનંદન! આપના ચરણમાં અમે વંદન કરીએ છીએ. દેવકીમાતાને તેઓ કહે છે કે હે દેવકીમાતા! ધન્ય છે તમારા જીવનને. આપણા બધાના કલ્યાણ અર્થે પુરાણ પુરુષોત્તમ પરમાત્મા આપની કૂખમાં રમે છે. માટે હે મા! કંસનો તને ભય ન હજો! તારો આ દીકરો આખી દુનિયાનો ઉદ્ધાર કરશે એમ કહી સર્વ દેવો પોતપોતાના સ્થાને જાય છે...

.....શુકદેવજી કહે છે કે હે રાજન્! સર્વગુણસંપન્ન પરમાત્માના મંગળમય જન્મનો સમય આવી રહ્યો છે. શ્રાવણ વદ અષ્ટમીનો દિવસ. રોહિણી નક્ષત્ર. મધ્યરાત્રિનો સમય. તે સમયે બધું શાંત થઇ જાય છે. મંગળમયતાની છોળો ઉછળી રહી છે. તમામ નદીઓનાં પાણી સ્વચ્છ થઈ ગયાં છે. સુખદાયી સ્પર્શવાળો મધુર સમીર મંદ મંદ વાવા લાગ્યો છે. પુષ્પોની મધુરી સુવાસ પ્રસરી રહી છે. બ્રાહ્મણોના ઘરનો અગ્નિહોત્રનો અગ્નિ શોભવા લાગ્યો છે. સાધુ પુરુષોના મન નિર્મળ થયાં છે. કારણ કે આજે અજન્મા પરમાત્મા જન્મ ધારણ કરનાર છે. ભગવાનના પ્રાકટયનો સમય થાય છે ત્યારે સ્વર્ગમાં દેવોની દુંદુંભીઓનો નાદ થાય છે. ગંધર્વો અને કિન્નરો મધુર સ્વરે સંગીત લલકારે છે. સિદ્ધ ચારણો પ્રભુનાં યશોગાન ગાય છે. વિદ્યાધરીઓ અપ્સરાઓ સાથે નૃત્ય કરવા લાગી છે. દેવો સ્વર્ગમાંથી પુષ્પવૃષ્ટિ સાથે ભગવાનની સ્તુતિ કરે છે. જલધરો સાગરની માફક ગર્જના કરે છે. પરમાત્માના સ્વાગત માટે આખી પૃથ્વી તૈયારી કરી રહી છે. બરાબર મધ્યરાત્રિએ દેવકી માતાના ગર્ભમાંથી પૂર્ણિમાનો ચંદ્ર જેમ સોળે કળાએ પૂર્વમાંથી ઉદય પામે તેમ પરમાત્મા પ્રકટ થાય છે. ભગવાનનું પ્રાકટય થતાંની સાથે જ કમળના જેવા સુંદર અને વિશાળ નેત્રો, ચાર સુંદર હાથો શંખ, ચક્ર, ગદા, પદ્મ વગેરે આયુધોથી શોભી રહ્યા છે. ગળામાં કૌસ્તુભમણિ છે. વૈજયન્તિ માલા શોભી રહી છે. પીળો પીતાંબર પરિધાન કર્યો છે. મેઘ જેવી નીલ-શ્યામસુંદર કાંતિ છે. મુગુટમાં વૈદુર્યમણિ શોભી રહ્યો છે. કાનોમાં કુંડલો પહેરેલાં છે. વાંકળીઆ વાળો છે. કેડમાં કંદોરો પહેરેલો છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરમાત્માનું આવું અદ્ભુત સ્વરૂપ જોતાં જ વસુદેવજી વિસ્મય પામે છે. હૈયામાં આનંદ માતો નથી. પરમાત્માના સ્વરૂપનાં દર્શન થતાંજ ભગવાનના જન્મની વધાઈમાં દસ હજાર ગાયોનું બ્રાહ્મણોને દાન કરવાનો મનથી સંકલ્પ કરે છે. વસુદેવજી ભગવાનના ચરણોમાં પ્રણામ કરી સ્તુતિ કરતાં કહે છે કે હે પરમાત્મન્! આપનો અમારે ત્યાં જન્મ એ અમારાં અહોભાગ્ય છે. આપનું સ્વરૂપ જ આનંદ છે. ત્રિગુણાત્મક જગતના કર્તા, ધર્તા, અને હર્તા આપ જ છો. દૃશ્ય જગતને આપનાથી ભિન્ન માનનારાઓ અજ્ઞાની છે. આપ તો સમસ્ત ક્રિયાઓ-ગુણો અને વિકારોથી અલિપ્ત છે. હે પરમ-ઐશ્વર્યમય પરમાત્મન્! દુનિયામાં પાપનો ભાર વધી ગયો છે, ધર્મનો નાશ થઈ રહ્યો છે, ત્યારે ધર્મના રક્ષણ કાજે અને અધર્મના નાશ માટે આપે અમારે ત્યાં જન્મ ધારણ કરી આખા જગતનો ઉદ્ધાર કરવાનો આપનો સંકલ્પ સિદ્ધ કરો!

દેવકીજી પુત્ર તરફ દૃષ્ટિ કરે છે એટલે તેને પણ પરમાત્માના સર્વ લક્ષણોનાં પુત્રમાં દર્શન થાય છે. પરમાત્માનું મનોરમ સ્વરૂપ જોઇ પુલકિત બને છે. ભારે ઝડપથી દીકરાની પાસે જઈ સ્તુતિ કરે છે. ભગવાન સાકાર રૂપે આવ્યા છે છતાં દેવકીજી નિર્ગુણરૂપની ભક્તિ કરે છે. દેવકીજી કહે છે ભગવન્! મૃત્યુરૂપી સર્પથી બીધેલાને ક્યાંયે શાંતિ મળતી નથી, પરંતુ હે પ્રભુ! તારા શરણમાં સર્વને શાંતિ મળે છે. આપ સર્વ શક્તિમાન અને ભક્તભીડભંજન છો. હે અજન્મા પરમાત્મન્! આપે મારે ત્યાં જન્મ લઇ મને કૃતાર્થ કરી છે. આપ મારે ઘેર પધાર્યા છો તો આપના પ્રેમીઓના, ભક્તો દુઃખ અને દર્દને દૂર કરવાનું આપનું કર્તવ્ય છે. આપનું આ ચતુર્ભુજ દિવ્ય સ્વરૂપ તો ધ્યાનની વસ્તુ છે. માટે આપનું એ દિવ્ય સ્વરૂપ સંકેલી લ્યો. હે મધુસૂદન! મારો ભાઈ પાપી કંસ તારો જન્મ થયો છે તે ન જાણો! જાણશે તો તને મારવા આવશે માટે તે ન જાણે તેમ કર! તારા આ રૂપને અદૃશ્ય કરી દે અને મને નાના બાળકનું-કનૈયાનું રૂપ બતાવ!

દેવકી માતાજીની સ્તુતિ સાંભળી ભગવાન તેને કહે છે કે માતા! તમારા પ્રથમ જન્મમાં તમે પ્રશ્નિત અને આ વસુદેવ સુતપા નામના પ્રજાપતિ હતા. મહાન તપસ્વી જીવન હતું. મારી અનન્ય ભાવે ભક્તિ કરતા. તમારી ભક્તિથી પ્રસન્ન થઇ મેં તમને દર્શન આપ્યું હતું અને વરદાન માગવા જણાવ્યું. ત્યારે તમે બન્નેએ મારા જેવા પુત્રની ઇચ્છા દર્શાવી. મારા વચનનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાલન કરવા મેં તમારે ત્યાં જન્મ લીધો અને પ્રશ્નિગર્ભ નામથી વિખ્યાત થયો. ત્યારબાદ બીજા જન્મમાં તમે અદિતિ અને વસુદેવ કશ્યપ હતા. એ વખતે પણ મેં તમારે ત્યાં જન્મ લીધો અને 'ઉપેન્દ્ર' ના નામથી વિખ્યાત થયો. નાનો હોવાને લઇ લોકો મને વામન પણ કહેતા. હે સતી દેવી! તમારા આ ત્રીજા જન્મમાં પણ મેં તમારા પુત્ર તરીકે તમારે ત્યાં જન્મ લીધો છે. મારા વચનને સત્ય કરવા, તેનું પાલન કરવા હું અવતર્યો છું. હે માતાપિતા! તમે મારી જરાયે ચિંતા ન કરશો. મારૂં ચિંતન કરવાથી અંતે તમે મારા સ્વરૂપને પ્રાપ્ત થશો. આટલું કહી ભગવાન પોતાની આત્મમાયાથી પોતાના દિવ્ય સ્વરૂપને સંકેલી લે છે અને માતપિતાના દેખતાં તરતના જન્મેલા બાળકના રૂપમાં ફેરવાઈ ગયા. ભગવાનની પ્રેરણાથી સૂતિકાગૃહમાંથી પુત્રને ગોકુળમાં લઇ જવાની વસુદેવ તૈયારી કરે છે. એજ સમયે નંદનબાબાના પત્ની યશોદાના ઉદરથી ઇશ્વિરની યોજનાનુસાર યોગમાયાનો જન્મ થાય છે. બાળ ભગવાનને છાબમાં સુવાડી વસુદેવજી કારાગારમાંથી બહાર નીકળવાની તૈયારી કરે છે. કારાગારના દરવાજાઓ બંધ છે. તમામ દરવાજાએ તાળાં વાસેલાં છે. ચોકિયાતો સતત ચોકી પહેરો ભરી રહ્યાં છે. આવી પરિસ્થિતિમાં બહાર નીકળવું શી રીતે તેની વસુદેવને મૂંઝવણ થાય છે. પણ ભગવાનની લીલા અદ્‌ભુત હોય છે. એમના પ્રાકટયે તો હૃદયનાં દ્વાર ખુલી જાય તો પછી કારાગારનાં ખુલે એમાં શી નવાઈ? ભગવાનની યોગમાયા શક્તિથી તમામ પુરવાસીઓ અને ચોકિયાતો ઘોર નિદ્રાને વશ થાય છે. કારાગ્રહના તાળાંઓ આપોઆપ તૂટે છે. દરવાજાઓ આપમેળે ઉઘડે છે. ભગવાન કૃષ્ણચંદ્રને લઈને વસુદેવજી રાજમાર્ગ પરથી પસાર થાય છે. તે સમયે વાયુની મંદમંદ લહરીઓ સાથે ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો છે. શેષનાગ, ફણાઓની છત્રી ધરી ભગવાનની આગળ ને આગળ જાય છે. એ સમયે યમુના નદીમાં ભયંકર પૂર આવેલાં છે. પોતાના ચીણરૂપી પુષ્પોથી યમુનામાતા જાણે ભગવાનના વધામણાં લે છે! સમુદ્રે જેમ રામચંદ્રજીને માર્ગ કરી આપ્યો હતો તેમ યમુનાજી ભગવાનને માર્ગ કરી આપે છે. ભગવાનને લઈ વસુદેવ ગોકુળમાં આવે છે. ત્યાં પણ બધા ભારે ઊંઘમાં પડેલા છે. નંદને ઘેર જઈ યશોદા-માતા જ્યાં સુતાં છે ત્યાં તેમની સોડમાં ભગવાનને રાખે છે અને યોગમાયાને ત્યાંથી ઉપાડી લઇ પાછા મથુરામાં પોતાના કારાગૃહમાં આવી પહોંચે છે. દેવકીજીને તે કન્યા સોંપે છે. પોતે હાથપગમાં ફરીથી બેડીઓ પહેરી લે છે. દરવાજાઓ પહેલાંની જેમ બંધ થઇ જાય છે. પરમાત્માના અંતર્ધાનથી તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાછાં હૃદયનાં કે કારાગારનાં બારણાં બંધ જ થાય ને? યશોદામાતાને પોતાને બાળક જન્મ્યું છે એટલી તો ખબર હતી; પરંતુ નિદ્રાવશને લઇ પુત્ર હતો કે પુત્રી તેની ખબર ન હતી, કારણ કે યોગમાયાની શક્તિના પ્રભાવથી યશોદાજી ગાઢ નિદ્રામાં પડ્યાં હતાં. પરમાત્માની અચિન્ત્ય શક્તિથી કારાગૃહના દ્વાર જેમ ઊઘડી જાય છે તેમ તેની કૃપા થતાં હૃદયનાં દ્વાર પણ ખુલી જાય છે.....

.....દેવકીજીની સોડમાં મૂકેલી નવજાત બાળકી રડે છે. રડવાનો અવાજ કારાગારના પહેરગીરોના કાન પર પડતાં તેઓની ઊંઘ ઉડી જાય છે અને બાળકના જન્મના સમાચાર તુરત કંસને પહોંચાડે છે. કંસ તો બાળકના જન્મની પ્રતીક્ષા કરતો જ હતો. સમાચાર સાંભળતાં તેનો ભય વધે છે. હાથમાં ખડ્ગ લઇ કારાગારમાં જાય છે. દેવકીમાતાના ખોળામાંથી દીકરીને છીનવી લે છે. દેવકીમાતા ખૂબ વિલાપ કરે છે અને આર્ત વાણીમાં પોતાના ભાઈ કંસને કરગરીને કહે છે કે હે ભાઈ! મારા સાત સાત તેજસ્વી દીકરાઓને તો તેં મારી નાખ્યા. આ એક દીકરી તો રહેવા દે! શું તારા હૈયામાં જરાપણ દયા નથી? પણ કંસ જેનું નામ! સ્વાર્થાન્ધ બનવાથી તેના હૈયામાં પ્રેમનું ઝરણું સુકાઈ ગયું હતું. બેનની પ્રાર્થનાની પણ પાષાણ હૃદય પર કશી અસર ન થઇ. કંસ છોકરીના કોમળ પગને હાથમાં પકડી ધોબી જેમ કપડાંને તેમ એક શિલા પર તેને પછાડે છે; પરંતુ તેજ વખતે તેના હાથમાંથી તે છૂટી આકાશમાં ચાલી જાય છે. કૃષ્ણની એ નાની બેન કંઇ સામાન્ય કન્યા ન હતી. એ તો મહામાયા હતી. આકાશમાં જઈ અષ્ટભુજા દેવીસ્વરૂપે પ્રકટ થાય છે. તેના તેજનો કોઈ પાર નથી. દેવીને જોતાં જ કંસ ચિત્રવત્ થઈ જાય છે. દેવી કહે છેઃ હે મૂર્ખ કંસ! મને તું મારી શકે તેમ નથી. તને મારનારો તો જગતમાં જન્મી ચૂક્યો છે.....એટલું કહી દેવી અંતર્ધાન થાય છે. દેવીની વાણી સાંભળી કંસને ભારે પશ્ચાત્તાપ થાય છે. નમ્રતાપૂર્વક કહે છે કે બેન! હું મહાપાપી છું. મહાદુષ્ટ છું. તારા તમામ બાળકોને મારી નાંખ્યાનું મને ભારે દુઃખ થાય છે. બેન! મનુષ્યો જ જૂઠું બોલે છે એમ નથી, દેવો પણ જૂઠું બોલે છે તે મેં આજે જ જાણ્યું. મેં સાંભળેલું કે તારો આઠમો ગર્ભ મારો નાશ કરશે. શું દેવનું પણ જૂઠું! ખેર! બેન! શોક ન કરશો. બધું પ્રારબ્ધાધીન છે. માટીના અનેક પ્રકારના વાસણો બને છે અને તૂટે-ફૂટે પણ છે. તેથી મૂળમાં જે માટી છે તે બદલાતી નથી. તેજ પ્રમાણે જન્મ અને મૃત્યુનું સમજવું. મૂળમાં રહેલો આત્મા તો અજર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને અમર જ છે. મનુષ્ય વાસ્તવમાં પોતાના મૂળ સ્વરૂપને જાણતો ન હોવાથી મારૂં–તારૂં કર્યા કરે છે અને સ્વયં દુઃખી થાય છે. विवेक भ्रष्टानां भवति विनिपातः शतमुखः ગંગામાતાની જેમ વિવેકભ્રષ્ટ થનારની અનેક પ્રકારે અવનતિ થાય છે. ગંગાજીનું એક વખત પતન થયા પછી તે તેને અટકાવી શકી નહીં. સ્વર્ગવાસીની ગંગામૈયાને પડવાનું મન થયું. ભગવાન શંકરના માથા પર પડે છે. ત્યાંથી પર્વત પર, ત્યાંથી જમીન પર અને છેવટ સમુદ્રમાં પડે છે અને તે પણ પાંચ વખત (પાંચ મુખથી) અર્થાત્ એક વખત પતનની શરૂઆત થઇ કે પછી તે પતન અટકતું નથી. દેવીની આકાશવાણીમાં વિશ્વાસ રાખી કંસ, દેવકીમાતા તથા વસુદેવજીની ક્ષમા યાચે છે અને કારાવાસમાંથી મુક્ત કરે છે. કંસનું ક્ષમાયાચન Even devils quote scriptures નો શ્રેષ્ઠ નમૂનો નથી શું? આ બનાવની હકીકત કંસે બીજે દિવસે પોતાના મંત્રીમંડળને કહી સંભળાવી. તેણે કહ્યું કે મને મારનારો તો જન્મી ચૂક્યો છે. ક્યાં અને કોણ! તેની ખબર નથી. હવે શું થાય? રાજાના મંત્રીઓ દુષ્ટબુદ્ધિના હતા. તેઓ સલાહ આપે છે કે છેલ્લા ત્રણ દિવસમાં જન્મેલા રાજ્યના તમામ બાળકોને દૂધ પીતાં કરી દો! રાજાને કુબુદ્ધિ સુઝી. પોતાના બચાવનો ઉપાય તો તે શોધતો હતો એટલે મંત્રીઓની સલાહ તેને ગળે ઊતરી ગઇ. રાજ્યભરમાંના તમામ નવા જન્મેલાં બાળકોનો નાશ કરવાના ખાનગી હુકમો છોડે છે. શુકદેવજીનું વચન છે કે મહાપુરુષોની અવગણના અને અપરાધ કરવાનું પરિણામ પણ મહા ખતરનાક જ હોય છે.....પ્રબળ પરિબળો પાપના ઉપચયે પતિત થાય! સામ્રાજ્યો પણ પાપના ફળે ઑસરી જાય છે!.....કંસની પાપવૃત્તિ અને કૃતિ એના ભાવિ પતનની પૂર્વભૂમિકા છે!.....

ભગવાન શુકદેવજી કહે છે. नन्दस्त्वात्मज उत्पन्ने जाताह्लादो महामना! નંદરાજાને એક દાસીએ આવી મંગલ સમાચાર આપ્યા કે મહારાજ! આપણે ત્યાં લાલ જન્મ્યો છે. આ મંગળમય સમાચાર સાંભળતાં નંદજીનું હૈયું આનંદોલ્લાસથી ઉભરાઇ જાય છે. આનંદોત્સવ ઉજવવાનો ઢંઢેરો પીટાવે છે. નંદજીને ઉત્તરવયમાં પુત્ર પ્રાપ્તિ થઇ એટલે તેના આનંદની સીમા નથી. સ્નાન કરી પવિત્ર બનીને સુંદર વસ્ત્રાભૂષણ પરિધાન કરે છે. બ્રાહ્મણોને બોલાવી દેવપૂજન તથા સ્વસ્તિ વાચન કરાવી પુત્રના જાતકર્મ સંસ્કાર કરાવે છે. લાખો ગાયો, સુવર્ણ, હીરા–મોતી વગેરેનું દાન કરે છે. બ્રાહ્મણો નંદબાબાને તથા લાલાને આશીર્વાદ આપે છે. પ્રત્યેક નર–નારી ગોપ–ગોપીના મુખમાંથી "નંદજીને ત્યાં લાલો જન્મ્યો, લાલો જન્મ્યો"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એવા શબ્દો જ નીકળી રહ્યા છે. ઘેર ઘેર આનંદની હેલી વરસી રહી છે. આખા ગોકુળમાં ઘરે ઘર તોરણો બંધાય છે. આંગણાઓ ભાતભાતના રંગબેરંગી સાથિયાઓથી શોભી રહ્યા છે. શરણાઇઓના મધુર સૂરો સંભળાઇ રહ્યા છે. દીપમાળાઓ ઝળહળી રહી છે. આનન્દ અને ઉત્સાહની સરિતા વહી હોય એવો અવર્ણનીય આનંદ વ્યાપી રહ્યો છે. ગોપીઓના આનંદનો તો કોઇ પાર રહ્યો નથી. સુંદર વસ્ત્રો અને આભૂષણોથી શરીરને શણગારી ઝભલાં, ટોપી વગેરે જાત જાતની ભેટો લઈ ગોપીકાઓ યશોદાની પાસે જાય છે. લાલાનો જન્મ એટલે આનંદનો મહાસાગર "નંદ ઘર આનંદ ભયો આજ સબ ગોકુલમેં આનંદ" ગોપીઓ લાલાને આશીર્વાદ આપે છે. ભગવાનના જન્મ દિવસથી આરંભી દસ દિવસ પર્યંત ગોકુલમાં ભગવાનનો જન્મોત્સવ ઉજવાય છે. ગોપ ગોપીઓ દહીં–માખણનાં ગોરસો લાવી એક બીજા ઉપર નાંખે છે. દહીં–તથા હળદરના પાણીનો છંટકાવ કરે છે. નંદજી દેવી રોહિણીનો પણ ભારે સત્કાર કરે છે કારણ કે તેઓ માનતા હતા કે રોહિણીના પગલાંથી તેમને ત્યાં પુત્ર જન્મ થયો છે!

ભગવાને દેવકીજીને પેટે જન્મ લીધો તેની વૈકુંઠમાં લક્ષ્મીજીને ખબર ન હતી. ખબર થતાંની સાથેજ લક્ષ્મીજી દરરોજ નંદજીને ત્યાં ભગવાનને જોવા આવવા લાગ્યા. બધાં ઐશ્વર્યો પરમાત્મા સાથે ત્યાં છતા થાય છે.

यत्र योगेश्वरः कृष्णः यत्र पार्थोधनुर्धरः ।
तत्र श्री विजयो भूति र्ध्रुवानीतिमतिर्मम ॥

જ્યાં જ્યાં પરમાત્મા ત્યાં ત્યાં લક્ષ્મી. ઐશ્વર્ય અને વિજય રહેલાંજ હોય છે તેમાં કોઇ શક નથી.....

.....નંદબાબા તો કંસના ખંડિયા રાજા હતા. ખંડણી ભરવાનો તેને હુકમ મળવાથી ગોપોને રાજ્યનો કારભાર તથા રક્ષણ કાર્ય સોંપી કંસનો વાર્ષિક કર ભરવા નંદબાબા મથુરા જાય છે. નંદબાબા અને વસુદેવજીનું મિલન થતાં બન્નેના હૈયામાં આનંદ ઉભરાય છે. વસુદેવજી ખૂબ પ્રેમપૂર્વક નંદબાબાનો આદરસત્કાર કરી પોતાને ત્યાં રાખે છે. વસુદેવજી નંદબાબાને કહે છે, નંદજી! તમારે ત્યાં તમારી ઉત્તર વયે દીકરો થયો. પ્રભુની મહાકૃપા થઈ. તમારો લાલો તથા મારો પુત્ર અને તેની માતા રોહિણી તથા યશોદાજી વગેરે કુશળ તો છે ને? પછી વસુદેવજી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નંદબાબાને કહે છે કે નંદજી! હવે તમે અહીં વધુ ન રોકાતાં ગોકુળ જાઓ કારણકે ત્યાં ભારે ઉત્પાતો થઇ રહ્યા છે. નંદબાબા મથુરાથી ગોકુળ પાછા ફરે છે. આ બાજુ ગોકુળમાં શું થઇ રહ્યું છે તે જોઇએ.

ભગવાન કૃષ્ણચંદ્રનું સૌથી પ્રથમ પરાક્રમ તે પૂતનાનો વધ. પૂતના મહાભયંકર બાલઘાતિની રાક્ષસી હતી. કંસની આજ્ઞાથી તે બાળકોનો નાશ કરવા નીકળી હતી. તે આકાશમાં ઉડી શકતી અને ઇચ્છા મુજબ સ્વરૂપ બદલી શકતી, એક દિવસ ઉડીને તે ગોકુલમાં આવી પડે છે. પોતાની માયાવી શક્તિથી એક સુંદર સ્ત્રીનું સ્વરૂપ ધારણ કરે છે. ભગવાનને મળવા જે કોઈ આવે તે કદી દરિદ્રી રહેતો નથી. આંતર શોભા એ ખરી શોભા છે. પૂતના પાસે આંતર શોભા ન હતી એટલે તેણે બનાવટી આકર્ષક અને મનોહર સ્વરૂપ લીધું હતું. તેના સૌન્દર્યથી જોનાર અંજાઇ જતાં! પૂતના ફરતી ફરતી નંદબાબાના ઘરમાં આવે છે. રાખના ઢગલામાં જેમ અગ્નિ છૂપાયલો હોય તેમ ભગવાને પોતાના તેજને છૂપાવી રાખ્યું હતું. ભગવાન તો ભારેલા અગ્નિ સમાન હતા. સુંદર સ્ત્રીના રૂપમાં આવેલી પૂતના નંદજીના ઘરમાં એક પલંગ પર સુતેલા બાળકને જુએ છે. કૃષ્ણ તો દુષ્ટના કાળજ હતા. તે તો બધું જાણતાજ હતા એટલે પૂતનાને જોઇ તેણે આંખો બંધ કરી દીધી. પૂતના બાળકને પલંગ પરથી ઉઠાવી પોતાના ખોળામાં લે છે. માસીબા પાસે ભેટ લેવા ભાણીઓ તૈયારજ હતો. બાળક એ પરમાત્માની બાળ–શિશુ પ્રતિમા છે. કવિ નાનાલાલે કહ્યું છે કે પૃથ્વીને પાટલે બાળક એ પ્રભુનો પયગંબર છે એ બીલકુલ સત્ય છે. અહીં તો સ્વયં ભગવાન બાળસ્વરૂપે હતા. એ તો કામણગારો કાનુડો હતો.....કૃષ્ણના "કૃ" માં પણ કૂક છે. એ કૂકમાં ભેરવાયો તે કદી છૂટે નહીં. ભગવાનની ચૂડમાં એક વખત આવ્યા પછી એ ચૂડમાંથી છૂટાતું નથી અને ભગવાન છોડતો પણ નથી. નાગની ચૂડથી મૃત્યુ થાય પણ ભગવાનની ચૂડ અતિ સુખદાયી અને પરિણામે મોક્ષદાયી છે. મખમલની મ્યાનમાં છૂપાયલી કાતીલ કટારી જેવું પૂતનાનું હૃદય હતું. બાહ્ય દેખાવમાં અતિ સુંદર જણાતી પૂતના અંતરથી મહા ઝેરી નાગણ હતી. ભગવાન પૂતના તરફ જોતા નથી ને આંખો બંધ કરીને પડી રહ્યા છે. પૂત એટલે દીકરો અને ના એટલે નહીં. જેને દીકરો નથી તે પૂતના!! આથી પૂતનામાં પણ વહાલ ઉભરાય છે. બાળક સાપને દોરડી માની પકડે તેમ પૂતના બાળકને ખોળામાં લઈ લે છે. યશોદામાતા તો ભોળાં હતાં. રોહિણીમાતા પણ ત્યાં હાજર હતા પરંતુ બન્ને પૂતનાના તેજથી પ્રભાન્વિત બની ગયાં. પૂતનાની તો દાનતજ દુષ્ટ હતી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અણિયાળી અને તેજાબી મનની હતી. કુટિલ ચેષ્ટાઓવાળી હતી. મ્યાનમાં રાખેલી તલવાર જેવી હતી, પરંતુ તેના રૂપરંગથી યશોદાજી અને રોહિણીનું વ્યક્તિત્વ અંજાઇ ગયું. બન્ને ચિત્રવત્ ઉભા રહ્યાં. પૂતના પણ ભાગ્યશાળી ને કે તેણે ભગવાનને ખોળામાં લીધા! પૂતના માસી તો સ્તન પર કાતિલ ઝેર ચોપડીને આવ્યાં હતાં. કૃષ્ણને ખોળામાં લઇ કાતીલ ઝેરવાળું સ્તન તેના મોઢામાં મૂકયું. કૃષ્ણલાલજી તો કહે કે ઓહો! માસીના થાનનું દૂધ તો યશોદામાના દૂધ કરતાં પણ વધારે મધુર લાગે છે. લાલો તો માસીની છાતી પર એવો વળગ્યો કે છૂટે જ નહીં! તેણે થાનનું દૂધ અને ઝેર ચૂસી લીધું પણ પછી તેના પ્રાણ ચૂસવા લાગ્યો. પૂતનાનું એકેએક મર્મસ્થાન ભેદાવા લાગ્યું. બૂમ પાડવા લાગી કે મને છોડ! મને છોડ! પણ ભાણિયાને માસી ખૂબ જ વહાલી હતી તે છોડે શેનો? પરમાત્મા કોઈપણ જીવાત્માને એક વખત પકડે પછી તેને કદી છોડતો નથી. પણ તેની ખૂબી જ એ છે કે તે કોઇને વહેલો વહેલો પકડતો જ નથી તેમજ વહેલો પકડાતો પણ નથી. તેનાથી પકડાયા પછી છૂટવું કોઇને ગમતું પણ નથી. ભગવાનની પકડ આગળ દુનિયાની બાદશાહી પણ તેને ફીકકી લાગે છે. પૂતનાના તમામ ગાત્રો શિથિલ થઇ જાય છે. અસહ્યવેદનાથી આકુળવ્યાકુળ બની જાય છે. મરણની ઘડી ગણાઈ રહી હતી. મરતાં મરતાં તેને તેનું મૂળ સ્વરૂપ–ચૂડેલ–રાક્ષસી સ્વરૂપ લેવું પડયું. પૂતના ઉછળીને ધરની બહાર પડી. બહાર પડતાં તે પહાડ જેવી બની ગઇ...દંભ કદી ટકતો નથી. ખરૂં સ્વરૂપ પ્રગટ થયા સિવાય રહેતું નથી... દુનિયામાં માતૃત્વનો ઊંચામાં ઊંચો, નિષ્કામ, નિષ્કપટ અને ભોળપણનો નમૂનો તે યશોદા માતા. ગોપીઓ યશોદા માતાને ઉધડો લે છે. કનૈયાને પૂતનાના શરીર પરથી પ્રેમથી રૂના ગાભલાની જેમ છોડવી લાવે છે. નંદનો લાલો કામણગારો કાનુડો બધા વેશો મૂકે છે. કોમળ–માખણછાપ નંદકુમાર બચી ગયો તેથી બધાને આનંદ થાય છે યશોદા માતાએ તેની રક્ષા કાજે અનેક બાધા આખડીઓ લીધી હતી. આ જગતમાં માતૃપ્રેમ આગળ બધું ગૌણ છે. ઇશ્વરથી બીજે નંબરે જો કોઇ પ્રેમ હોય તો તે માતાનો પ્રેમ છે. યશોદા માતા કનૈયાને નવરાવી સ્વચ્છ કરે છે. અને રક્ષા બાંધે છે. ગોપીકાઓ પણ રક્ષાના માંદળીઆ બાંધે છે. માતાએ બાંધેલી રક્ષાથી ભગવાન કૃષ્ણ છેવટ સુધી રક્ષાયલાજ રહ્યા હતા! ત્યાર પછી યશોદા માતા પરમપ્રેમથી સ્તનપાન કરાવે છે અને પછી પારણામાં ઝૂલાવે છે. નંદબાબા બહારથી આવે છે. પૂતનાનું ભયંકર શબ જોઈ આશ્ચર્યચકિત થાય છે...પૂતનાનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અગ્નિસંસ્કાર કરવાનો હતો. પ્રચંડ કાયાવાળી રાક્ષસીના શબને ગોકુળના તમામ ગોપ–ગોપીઓ ભેગા થઇને પણ ઉંચકી શકે તેમ ન હતા. આથી કુહાડાથી તેના શરીરના ટૂકડા કરવામાં આવ્યા અને પછી દૂર લઈ જઈ અગ્નિસંસ્કાર કર્યો. પૂતનાનો દેહ બળતો હતો ત્યારે તેમાંથી નીકળતો ધૂમાડો સુગંધ આપતો હતો. યોગેશ્વર શ્રીકૃષ્ણચંદ્રના સ્પર્શથી તેના તમામ પાપો બળીને ભસ્મ થઈ ગયાં હતાં. એટલે પુણ્યમય શરીર બની જવાથી તેમાંથી અગરૂ અને ચંદનના ધૂપ જેવી સુગંધ દૂર દૂર સુધી પ્રસરી રહી હતી. આટલી ભયંકર રાક્ષસી પણ આ રીતે ભગવાનને પ્રાપ્ત કરી ભવસાગરમાંથી તરી ગઇ તો પછી ગોકુળના ગોપ–ગોપીઓ, ગાયો અને માતાઓ તરી ગઈ હોય તો તેમાં આશ્ચર્ય શું ? જેનાં ભગવાને પયઃપાન કર્યાં તેનાં ભાવિનાં પયઃપાન ભગવાને હર્યાં...પ્રભુ પોતાની મહત્તા તરફ જુવે છે, જીવાત્માઓની ક્ષુદ્રતા તરફ નહીં. એની નિકટ આવનાર જીવ ગમે તેટલો ગયોવીત્યો હોય તો પણ પ્રભુ તેનો ઉદ્ધાર કરે છે...પૂતના વધના પ્રસંગનો જે બોધ છે એ ચિરંતન છે ! એનું કાવ્ય પણ મનોરમ છે !...કૃષ્ણલીલા કદી વાસી નહીં થાય ! કાળ એને નીરસ કે વિરસ નહીં કરી શકે ! ભગવાનની બાળલીલા તો જગત ઉપરનું એનું વશીકરણ છે ! યોગેશ્વર કૃષ્ણનું જીવન સોળે કળાએ પરિપૂર્ણ છે ! ઋષિપ્રતિભાનું પરમાત્માને લગતાં ચિંતનનું કૃષ્ણની આજુબાજુ અદ્‌ભુત વણાટકામ થયેલું છે....

.....ભગવાનની વર્ષગાંઠ–જન્મજયંતીનો મંગળ દિન એટલે જગતનો મહોત્સવ. નંદબાબાને ઘેર ભારે ઉત્સવ થઇ રહ્યો છે. વ્રજરાણી યશોદામાતા ઉત્સવકાર્યમાં રોકાયલાં હતાં. આ બાજુ કંસ બાળકના નાશ માટે ઉપાયો શોધ્યાજ કરતો હતો. તે એક દૈત્યને ગાડાના રૂપમાં ગોકુલમાં નંદજીને ત્યાં મોકલે છે. ગાડામાં દહીં–માખણના ગોરસો મૂકેલાં છે. નંદજીના ઘર આગળ ગાડું આવે છે. યશોદામાતા આવેલાં સ્ત્રી–પુરૂષોના સ્વાગત કાર્યમાં રોકયલાં રહે છે. પોતાના લાલને મશરૂની ગાદી ઉપર ગાડા નીચે સુવાડે છે. પારણામાં ન સુવાડ્યા તેથી ભગવાન રીસાય છે. સુતા સુતા પગ ઉછાળવા લાગ્યા. આ તો ભગવાનની લાત હતી ને ? ગાડું એ ગાડુ ન હતું, રાક્ષસ ગાડાંના રૂપે આવ્યો હતો તે ભગવાન તો જાણતાજ હતા ને ? ભગવાને લાત મારી ગાડાંને ઉછાળ્યું. અંદરના દહીં–દૂધ–માખણના ગોરસો ઉથલી પડયાં અને ફૂટી ગયાં. ગાડાંના ચૂરા થઈ ગયા. ગાડાંને ભાંગી ગયેલું તથા ગોરસોને ફૂટેલાં જોઈ બધાને ભારે આશ્ચર્ય થાય છે. નંદબાબાને એ દૃશ્ય જોવાની મઝા આવે છે. ગાડું એ વાસ્તવમાં ગાડું ન હતું પણ ગાડાનાં રૂપમાં રાક્ષસ હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

.....ભગવાનના જીવનના તમામ બનાવોને રૂપક માનવામાં પણ મઝા નથી. કવિ કલ્પનાને પણ ક્યાંક અવકાશ આપવો જોઇએ. રસના આલય સ્વરૂપ ભાગવતમાં કેટલીક વિચિત્ર વાતો પણ આવે છે! છતાં તેને અદ્‌ભુત રસની પોષક માનીએ તો? નવરસની દૃષ્ટિએ પણ ભાગવત કસવા જેવું છે! અને પ્રભુ પોતે અદ્‌ભુતતાનો ભંડાર છે! .....

શકટાસુરનો નાશ થયો એટલે કંસ તૃણાવર્ત નામના રાક્ષસને ગોકુળમાં મોકલે છે. તૃણાવર્ત એટલે વંટોળીઓ-આંધી-ચક્રવાત. અંગ્રેજીમાં જેને Cyclone કહેવામાં આવે છે તે. રાક્ષસ ભયંકર વંટોળના રૂપમાં ગોકુળમાં આવે છે. પવનના ભયંકર સુસવાટાથી ઘરો-ઝૂંપડાઓ ઉખડી જાય છે. ધૂળના ઢગલાઓ ઉડી રહ્યા. ભયંકર આંધીમાં આખું ગોકુળ સપડાયું છે. કોઇ કોઈને જોઈ શકતું નથી. કોઇથી ઘરમાંથી બહાર નીકળી શકાતું નથી. ધૂળ અને અંધકારથી ગોકુળ છવાઇ ગયું છે. કૃષ્ણ ભગવાનને ઉપાડી વંટોળ ઊંચે ચઢે છે. આ બાજુ ઘરમાં કનૈયાની શોધ ચાલી રહી છે. પત્તો લાગતો નથી. યશોદામાતા કૃષ્ણને ન જોતાં બેહોશ થઇ ધરતી પર ઢળી પડે છે. યશોદામાતાનું રુદન સાંભળી બધાં ગોપગોપીઓ દોડી આવે છે. નન્દનંદન કૃષ્ણ કનૈયાને ન જોતાં હૈયામાં ચીરા પડે છે અને ખૂબ આક્રંદ કરે છે. તૃણાવર્ત રાક્ષસ વંટોળના રૂપમાં ભગવાનને લઇ ત્રણ માઇલ જેટલો ઊંચે ચઢે છે એટલે ભગવાન તેનું ગળું પકડે છે. કૃષ્ણ ભગવાન તો યોગીશ્વર અને યોગેશ્વર કહેવાય છે. ૧૮ યોગોના કર્તા છે. તેમાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય એ ત્રણ યોગો મુખ્ય છે. ભગવાન સ્વયં મહાયોગી છે. યોગીમાં આઠ પ્રકારની મહાસિદ્ધિઓ હોય છે. એટલે કે અષ્ટ ઐશ્વર્ય હોય છે. અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિત્વ અને વશીત્વ-એ આઠ મહાસિદ્ધિઓ છે. ઇચ્છે ત્યારે મહાન વસ્તુને અણુમાં ફેરવી નાખવાની શક્તિ તે અણિમા. આકાશ કરતાં પણ મોટા થઇ જવાની-પરમ પરિમાણ ધારણ કરવાની શક્તિ તે મહિમા. રૂના રેસા જેવા હલકા થવાની શક્તિ તે લઘિમા, પર્વત જેવા ભારે થવાની શક્તિ તે ગરિમા. લઘિમા શક્તિથી યોગીઓ પાણી પર ચાલી શકે છે. ઊદાન નામના પ્રાણવાયુના સંયમથી માણસ ધારેલી ક્ષણે તાંતણા કરતાં પણ હલકો થઈ જાય છે. કનૈયો નખલીએ તોળાતાં તુલસીના પાન જેવો હલકો થઇ જાય છે! ગરિમા શક્તિથી તૃણ પણ મેરુ જેટલું વજનદાર થઇ જાય છે. યોગેશ્વર કૃષ્ણ ભગવાનમાં આ આઠ સિદ્ધિઓ સહજ હતી એ દર્શાવવું એ ભગવાન શુકદેવજીનું દૃષ્ટિબિન્દુ છે! પરમાત્મતત્ત્વ કેવું છે એ કૃષ્ણ ભગવાનની જીવનચર્યા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બતાવે છે. ગોવર્ધન પણ રૂના પુમડાં જેવો થઇ ગયો હતો ને!..... દુનિયામાં ઊંચામાં ઊંચું દર્શન ભગવાન શુકદેવજીએ આપ્યું છે. ભાગવત, સમાજના પતન માટે નથી, ઉદ્ધાર માટે છે. જે ભગવાને આખી દુનિયા સર્જી તેને આવી લીલા કરવાનું પ્રયોજન શું? એમાં પરમાત્માને આનંદ આવે છે. એ બધી પરમાત્માની લલિત લીલાઓ છે. તૃણાવર્ત ભગવાનને ઉપાડી ત્રણ માઇલ ઊંચો જાય છે એટલે ભગવાને તેનું ગળું પકડે છે. પોતાની ગરિમા શક્તિથી પોતાનું વજન રાક્ષસના વજન કરતાં પણ ખૂબ વધારી દે છે. એટલે રાક્ષસથી તે વજન સહી શકાતું નથી. ભગવાનની પકડ એટલે પૂછવું શું? તૃણાવર્ત ચીસેચીસ પાડે છે. તે કહે બાળક તું છોડ મને! હું મરી ચાલ્યો! બાળક કહે કે તારે મર્યે જ છૂટકો! ભગવાન તૃણાવર્તના પ્રાણ હરી લે છે. પોતાની ગરિમા શક્તિને લઇ રાક્ષસનું શરીર પૃથ્વી પર પડે છે. કૃષ્ણ તો તેની છાતી પર જ હતા. મહાન રાક્ષસ શરીરને જમીન પર પડેલું જોતાં બધા ગોકુલવાસીઓ જોવા દોડી જાય છે. કનૈયો રાક્ષસની છાતી પર વળગેલો છે. ગોપીઓ કનૈયાને જોઇ આનંદમાં આવી જાય છે. દોડીને પ્રેમથી કનૈયાને રાક્ષસની છાતી પરથી ઉપાડી લઇ યશોદામાને આપે છે. રાક્ષસના પંજામાંથી પોતાના લાલને હેમખેમ રહેલો જોઇ નંદ–યશોદાના હૈયામાં આનંદની છોળો ઊડે છે. સર્વત્ર આનંદ આનંદ થઇ રહે છે.....જગત આજે તૃણાવર્તમાં જ ફસાયું છે ને? વિચારોને આંધળા કરી મૂકે એવી આંધી ચૉમેરથી ચાલીજ રહી છે. Isms એ તૃણાવર્ત જ ને? ઇશ્વરનું વજન ન પડે તો એ વાદો–Isms તૃણાવર્ત ક્યાંથી મરે?.. ...

એક દિવસની વાત છે. યશોદામાતા પોતાના પ્યારા પુત્ર કનૈયાને ખોળામાં લઇ સ્તનપાન કરાવતાં હતાં. ખૂબ અને ખૂબ વહાલ કરતા હતા. કૃષ્ણે દૂધપાન કર્યા પછી પણ વાત્સલ્યનાં પૂર યશોદામાતામાં એવાં તો ઉભરાયાં હતાં કે તેના સ્તનમાંથી આપોઆપ દૂધની સેરો ફૂટતી હતી. ભગવાન મંદ મંદ હસી રહ્યા છે. યશોદામાતા વહાલથી તેને ચુંબન કરે છે. કનૈયો હસતો ત્યારે તેના ગાલમાં ખાડા પડતા. ચુંબન કરતાં હતાં તેવામાં ભગવાનને બગાસું આવે છે. બગાસું આવતાં મુખ ખુલ્લું થાય છે અને યશોદામાતાને તેમાં ભગવાનના વિશ્વરૂપનાં દર્શન થાય છે. એ રીતે ભગવાને માતાને વિશ્વરૂપ દર્શન કરાવ્યું. ભગવાન જેનું જેનું દૂધ પીએ છે તેને પોતાના અનંત મંગલમય સ્વરૂપનાં દર્શન કરાવે છે. અને યશોદામાતા તો પુણ્યશાળી જીવ ને? માતા–ભગવાનની માતા થવાનું ફળ જ વિશ્વરૂપ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દર્શન ને?.....એ પ્રમાણે પરમાત્માની લીલાઓ ચાલી રહી છે..... એક સમયે વસુદેવની પ્રાર્થનાથી યદુકુલ આચાર્ય ગર્ગઋષિ નંદબાબાને ત્યાં આવે છે. નંદજી પરમપ્રેમથી તેમના ચરણોમાં વંદન કરે છે. યોગ્ય આતિથ્ય-સત્કાર કર્યા બાદ પોતાના પુત્રોના નામકરણ સંસ્કાર કરવા માટે ઋષિને આગ્રહ કરે છે. કંસને વહેમનું કારણ મળી જાય એટલા માટે ઋષિ ભોંયરામાં જાય છે અને ત્યાં કોઇને ખબર ન પડે તેવી રીતે કુંડલી માંડે છે. કુંડલીમાંના ગ્રહોથી ઋષિને પરમાનંદ થાય છે. પછી નંદબાબાને પોતાની પાસે બેસાડી કહે છે કે બાબા! તમારા પુત્રોની કુંડળીનું શું વર્ણન કરૂં! પરમાત્માના જેવો ઐશ્વર્યસંપન્ન બનાવે એવા ગ્રહો પડેલા છે. નંદબાબા! તમારી તો બધી પેઢી તરી ગઈ. આખું યદુકુળ તરી ગયું એમ ચોક્કસ માનજો. તમારા લાલના તો ગુણ-કર્મ પ્રમાણે અનેક નામો છે. સ્વયં વિષ્ણુ ભગવાનનું સ્વરૂપ જાણજો. વિષ્ણુ ભગવાનને શરણે રહેલાને અસુરો પીડી શકતા નથી તેમ તમારા બાળક પર પ્રીતિ કરનારને આંતર-બાહ્ય કોઈપણ શત્રુ પીડી શકશે નહીં. એમ કહી લાલાનું કૃષ્ણ અને બીજાનું બલભદ્ર નામ પાડે છે.....બલભદ્ર અને કૃષ્ણ હવે ઘોડીયાં કરતાં થયા છે. બાળક એ બાળક નથી પણ સ્ત્રી અને પુરૂષના દ્વૈતમાંથી ઉત્પન્ન થયેલું અદ્વૈત સ્વરૂપ છે.....કૃષ્ણની ચંચળતા દિનપ્રતિદિન વધતી જાય છે. ઘોડીયામાંથી પણ કૂદી પડે છે. તેના તોફાનો વધતાંજ જાય છે. કાદવમાં જઈ શરીર ખરડે. ધૂળમાં રમે. ઘરમાં પણ અનેક પ્રકારનાં તોફાનો કરે. બાળસુલભ તોફાનો જોઈ યશોદામાતા તથા રોહિણીમાતાને આનંદ થાય. દરરોજ તોફાન વધતાં જાય. માતાઓ ખીજવાય-ચીડાય. પણ કોણ ગાંઠે! ધીમે ધીમે બંન્ને ચાલતા શીખ્યા છે. નંદબાબા તથા કૃષ્ણ-બલભદ્રનું ભોજન યશોદામાતા જાતેજ તૈયાર કરતાં હતાં. કનૈયો અને બળભદ્ર ગાયના કોઢારામાં જાય અને વાછરડાના પૂંછડે ટીંગાય. વાછરડા કૂદાકૂદ કરી મૂકે પણ પૂંછડા મૂકે નહીં. શ્રૃંગી, અગ્નિ અને દંષ્ટ્રી એટલે શીંગડાવાળા પશુઓ, અગ્નિ અને ડંખ દેનારા પ્રાણીઓ એમ બધા સાથે તોફાન કરે. અતિ ચપળ બાળકોના તોફાનથી બન્ને માતાઓ દુઃખી દુઃખી થઈ જતી. હવે બન્ને ભાઇઓ મોટા થયા છે. આખા ગોકુળનું આનંદ ધામ બની ગયા છે. ગોપીઓ તો રામ અને કનૈયાને જોઇને ગાંડીઘેલી બની જાય છે. જો કદી કનૈયો જોવા ન મળે તો યશોદા માતાને ઘેર આવીને પણ જોઈ જાય. કનૈયા પર બધાને વહાલ અને બધા પર કનૈયાને પ્રેમ. કનૈયાનું તોફાન તો વધતુંજ જાય છે. ગોપ કન્યાઓને હેરાન પરેશાન કરી મૂકે છે. ગોપીઓ યશોદામાતા સમક્ષ ફરિયાદ કરે છે કે હે મા! તારો કનૈયો તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમને ભારે ત્રાસ આપે છે. છાનોમાનો ઘરમાં ભરાઇ જાય, કોઢારામાં ઘૂસી જાય અને વાછરડાઓને છોડી મૂકે. વાછરડાં ગાયોને ધાવી જાય અને અમારૂં દૂધ જતુ રહે. અમો બૂમો પાડીએ ત્યારે હસે, ચાળા પાડે અને નાસી જાય. અમારા ગોરસમાંથી દહીં–દૂધ માખણ ખાઇ જાય. તે એકલો ખાતો હોય તો તો ઠીક પણ વાંદરાને ખવડાવે–ટાંગેલા ગોરસમાં પથરા મારી કાંણાં કરે અને દહીં–દૂધથી નાહ્ય ! ખીજવાઇએ તો સામા ચાળા પાડે ! અમારા નાના બાળકોને માર મારી રડાવે ! ગોપીઓ આ પ્રમાણે ફરિયાદ કરે છે ત્યારે કનૈયો યશોદા માતાની સોડમાં લપાઇને સાંભળ્યા કરે. યશોદા માતા હસતે વદને ફરિયાદ સાંભળે પણ કનૈયાને ઠપકો ન આપે ! કનૈયાએ એક દિવસ માટી ખાધી તેની ગોપ બાળકોએ ફરિયાદ કરી. બળદેવ કહે કે મા ! લાલાએ માટી ખાધી તે મેં પણ જોયું હતું ! કનૈયો માટી ખાધાનો ઇન્કાર કરે છે. એટલે માતાજી ખૂબ ચીડાય છે. એ પ્રસંગનું સુંદર શબ્દચિત્ર દોરતાં કવિ કહે છેઃ—

कृष्णेनाम्बगतेन रन्तुमधुना मृद् भक्षिता स्वेच्छया ॥
सत्यं कृष्ण ? कथमाह मुसली; मिथ्याम्ब, पश्याननम् ॥
व्यादेहीति विकासितेऽथवदने माता समस्तं जगत् ॥
दृष्ट्वा यस्य जगाम विस्मयपदं पायात्सवः श्रीपतिः ॥

માટી ખાધી છે કે નહીં તેની ખાત્રી કરવા યશોદા માતા કનૈયાને મોઢું ખોલવા જણાવે છે. કનૈયો મોઢું ખોલે છે. યશોદા માતાને તેના મુખમાં સમસ્ત વિશ્વનાં–ભગવાનનાં વિશ્વરૂપનાં–દર્શન થાય છે. માતા વિસ્મય પામે છે. યશોદાને આપેલું વચન પરમાત્મા સત્ય કરે છે.....

.....એક દિવસ યશોદામાતાને લાલાને માખણ ખવડાવવાનું મન થઇ આવવાથી દાસીઓ કામમાં હતી એટલે જાતે જ રવઈ અને નેતરું લઈ દધિમંથન કરવા લાગે છે. કૃષ્ણ નાના હતા ત્યારથી જ તેણે તેના ચરિત્રને લોક હૃદયમાં ગ્રથિત કરી દીધાં હતાં. માતાજી દહીં વલોવી રહ્યાં હતાં તે સમયે કનૈયો સ્તનપાન કરવા માટે માતા પાસે આવે છે. રવઇ પકડી લઈ માતાને મંથન કરતી અટકાવે છે. પરમપ્રેમથી માતા તેને ખોળામાં લઈ પયઃપાન કરાવે છે. એટલામાં ચૂલા ઉપર ગરમ કરવા મૂકેલાં દૂધને ઉભરાઇ જતું જોઈ માતાજી દૂધનું વાસણ ઉતારી લેવા ઘરમાં જાય છે એટલે કૃષ્ણ પાસે પડેલા એક લોખંડના ટૂકડાથી ગોરસ ફોડી નાંખી તેમાંનું માખણ લઈ પાસેના ઓરડામાં નાસી જાય છે. આ તરફ યશોદામાતા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દૂધ ઉતારી પાછા આવી જુએ છે તો ગોરસના ટૂકડે ટૂકડા થઇ ગયેલા! અને આખા ખંડમાં છાસ છલબલ થાય! આ પરાક્રમ લાલાનુંજ! એમ માની તેને ઘરમાં શોધે છે. એટલામાં એક ખાંડણીઆ પર ઉભા રહી વાંદરાઓને માખણ ખવડાવતો લાલો જોવામાં આવે છે. માતાને પાસે આવતી જોઇને લાલો ત્યાંથી નાસે છે. માતા યશોદા તેની પાછળ દોડે છે. આગળ દીકરો અને પાછળ મા! માતા દોડી દોડીને થાકે છે પણ લાલો પકડાતો નથી. માતાને થાકી ગયેલી જાણી લાલો જાતેજ પકડાય છે. યશોદામાતા ખૂબ ધમકાવે છે. ફરીથી આવું તોફાન ન કરે તે માટે તેને શિક્ષા કરવા ખાંડણિયા સાથે તેને બાંધવાનો વિચાર કરે છે. કનૈયાની લીલા તો જુઓ! માતાજી નેતરાથી બાંધવા જાય છે પણ તે ટૂકું પડે છે એટલે બીજી રસી લાવી ગાંઠીને બાંધવા જાય છે તમામ દોરડાંઓ એકબીજા સાથે ગાંઠવા છતાં પણ ટૂંકા પડે છે છેવટે કનૈયો સ્વયં બંધાય છે. અને આ પ્રસંગ તો ભાગવતમાં ધન્ય પ્રસંગ છે! પ્રભુ પણ માતૃપ્રેમ સમક્ષ બંધાય છે. એ આર્જવભરી કોમળ કલ્પના માણસને આર્દ્ર કરી મૂકે છે! સિદ્ધો-તપસ્વીઓ, જોગીઓ અને વિરાગીઓથી પણ જે બંધાતો નથી—જે પરમાત્મા પકડાતો નથી તે પરમાત્મા પ્રેમના બંધનને પસંદ કરે છે! ભગવાન પણ પ્રેમનો નિખાલસ અને નિર્મળ, નિષ્કપટ પ્રેમભાવનો ભૂખ્યો છે! વેદાન્ત થાકે ત્યારે ભક્તિ વ્હારે ધાય! વળી બાંધે બાંધે ને રસી ટૂંકી પડે એ પણ પરમાત્માના અનન્તત્વનોજ ખ્યાલ આપે છે ને? अत्यतिष्ठत् दशांगुलम् એ તો વેદનો બોલ છે. અનન્તને સાન્ત કોણ કરે? છતાં પ્રેમ અનન્તને પણ સીમિત કરી દે!.....માતાજી ઘરકામમાં રોકાય છે એટલે શ્રીકૃષ્ણને યમલાર્જુન નામના શાપિત યક્ષોને શાપ મુક્ત કરવાનો વિચાર આવે છે. પૂર્વજન્મમાં તેઓ નલકૂબર અને મણિગ્રીવ નામના કુબેરના પુત્રો હતા. તેઓ મદાંધ હતા અને નારદના શાપથી તેઓ વૃક્ષ બની ગયા હતા. શ્રીકૃષ્ણ ખાંડણિયાને ઘસડતા ઘસડતા તે વૃક્ષો પાસે જાય છે. બન્ને વૃક્ષોની વચમાંથી કૃષ્ણ નીકળી જાય છે પણ ખાંડણિયું મોટું હોવાથી બહાર આવી શકતું નથી. આથી કૃષ્ણ પોતાને બાંધેલી રસી—દોરડાને ખેંચે છે એટલામાં બન્ને વૃક્ષો મૂળીયાં સાથે ઉખડી પડે છે. તેમાંથી બે સિદ્ધ પુરૂષો નીકળે છે. શ્રીકૃષ્ણના ચરણમાં પ્રણામ કરે છે. અને પોતાનો ઉદ્ધાર કરવા માટે સ્તુતિ કરે છે. ભગવાન તેઓને મુક્તિ આપે છે.....ભાગવજ્જનોનો શાપ પણ અનુગ્રહજ નિવડે છે! ભગવાનના ભક્ત—નારદજીએ મણિગ્રીવ અને નલકૂબરનો તે નિગ્રહ કર્યો કે તેને પ્રભુદર્શન કરાવી અનુગ્રહ કર્યો? ભગવાન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કે ભક્ત સદૈવ અનુગ્રહપરાયણજ હોય છે! વજ્રાદપિ કઠોર લાગે પણ મૃદૂનિ કુસુમાદપિ જ એઓ હોય છે.....

ગોકુળમાં રાક્ષસોનો ત્રાસ હવે હંમેશ રહેતો હોવાથી અને ખાસ કરીને નાનાં બાળકોના જીવન ભયમાં હોવાથી નંદરાજા તથા વૃદ્ધ ગોપો રાક્ષસોના ત્રાસમાંથી છૂટવા અને વ્રજવાસીઓનાં રક્ષણ માટે શું કરવું તેનો વિચાર કરવા ભેગા મળે છે. વિચારણાને અંતે ગોકુલ છોડી બધાએ વૃન્દાવનમાં જવું એવો નિર્ણય કરે છે. નંદબાબા, યશોદામાતા, રોહિણીમાતા, બલભદ્ર તથા કૃષ્ણ અને સર્વે વ્રજવાસીઓ પોતાનું ગોધન તથા ઘરવખરીઓ લઇ વૃન્દાવન પ્રતિ પ્રયાણ કરે છે. વૃન્દાવનનું પ્રકૃતિ-સૌન્દર્ય અદ્‌ભુત હતું. સર્વત્ર વનરાજી ખીલી રહી હતી. યમુનાજીના કિનારા ઉપર સુંદર વૃક્ષોની હારમાળા આવેલી હતી. સુંદર ઉપવનો! રંગબેરંગી સુમધુર પુષ્પો શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા. ચારે તરફ વનશ્રી—આલ્હાદક અને મનોરમ દૃશ્ય ખડું કરતી હતી. પાસે જ ગોવર્ધન પર્વત હતો. તેના પર પણ અનેક પ્રકારનાં વૃક્ષો હોવાથી રમણીય લાગતો હતો. હરિયાળાં ખેતરો જાણે પૃથ્વીએ લીલી સાડી પહેરી હોય તેવાં શોભી રહ્યાં હતાં. વૃન્દાવનમાં આવી બધા એક સ્થળે અર્ધ ચંદ્રાકારે નિવાસ કરે છે. ગાયોને માટે ગૌશાળ તૈયાર કરી. વાછરડાંઓ બાંધવાની જગ્યા પણ તૈયાર કરી. હવે બધા અહીં આનંદ અને શાંતિથી રહે છે. અહીં ગોપ બાળકો સાથે રામકૃષ્ણ પણ ગાયોને ચરાવવા જાય છે. બંસી બજાવી સઘળાને આનંદ આપે છે. એક દિવસની વાત છે—ગોપ બાળકો સાથે રામ—કૃષ્ણ યમુનાના કિનારા પર વાછરડાં ચરાવે છે. તે સમયે વત્સાસુર નામનો એક દૈત્ય વાછરડાનું રૂપ લઇ તે ટોળામાં ઘૂસી જાય છે. ધીમે ધીમે તે બળરામની પાસે જાય છે. જેવો તે પાસે આવે છે કે શ્રીકૃષ્ણે તુરત તેના પૂંછડાસહિત પાછલા બન્ને પગો પકડી ચક્કર ચક્કર ફેરવી જમીન પર પછાડ્યો. રાક્ષસના પ્રાણ નીકળી ગયા અને શરીર જમીન પર પડતાં તે રાક્ષસના મૂળ સ્વરૂપમાં દેખાયો. બધા ગોવાળો આશ્ચર્ય પામે છે..... બાળપણથી જ પરાક્રમી જીવો ભાવિમાં પરમ પરાક્રમી થાય છે અને પ્રભુ પ્રાપ્તિ એ પરાક્રમની સીમા છે.....

સૃષ્ટિના કોઇપણ સાહિત્યમાં ભગવાનની બાળલીલા જેવી કોઈ આધ્યાત્મિક ગાથા નથી. ભગવાનની એ ગાથા કેમ ગાવામાં આવે છે? પરમાત્માની બાળલીલાનું રહસ્ય એ છે કે બાળકો હંમેશ નિર્વિકાર અને ભાવમય હોય છે. પવિત્ર અને નિર્દોષ હોય છે. પરમાત્મા કેવળ નિર્દોષ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભાવમય અને પવિત્ર મનુષ્યને જ મળે છે. ભગવાનની મથુરાં અને દ્વારિકાની લીલા તેની ગોકુળ વૃન્દાવનની બાળલીલા જેટલી આકર્ષક નથી. ગોકુળ વૃન્દાવન અને મથુરાના કૃષ્ણ અને દ્વારિકાના કૃષ્ણમાં ભારે અંતર છે. દ્વારિકાના કૃષ્ણ આપણી પહોંચમાં ન આવે તેવા મહાન રાજદ્વારી પુરૂષ તરીકે છતા થાય છે. વૃન્દાવનમાં પરમાત્માને ગોકુળ કરતાં વધુ ગમે છે... યાસ્કમુનિએ વેદ પર જે નિરુક્ત–ટીકા લખી છે તેમાં ગો શબ્દના ૨૧ અર્થ લખ્યા છે. ગો=ગાય, પૃથ્વી, પ્રકાશ, ઇન્દ્રિયો વગેરે. ગાય, પૃથ્વી અને પ્રકાશ એ ત્રણ અર્થમાં ગોપાલ એટલે પરમાત્મા એવો અર્થ થાય છે. અહંકાર સ્વરૂપે ઇન્દ્રિયોના ખૂટતાં તત્વો પૂરનાર એટલે ઇન્દ્રિયોના પાલક અને પોષક હોવાથી તેમજ પ્રકાશ–આંતરપ્રકાશ આપનાર પણ પરમાત્માન્ હોવાથી ગોપાલ સમગ્ર રીતે પરમાત્માવાચક જ છે...પ્રભુનું જો રક્ષણ ન હોય તો જ્ઞાનની વેલીને વાસનાના પશુઓ આવી જાય.

એક દિવસ ગોવાળો ગાયોને પાણી પાવા એક સરોવર આગળ જાય છે ત્યાં બધા પાણી પીતા હતા તે સમયે એક બગલો જોવામાં આવે છે. બકાસુર નામનો દૈત્ય બગલાનું રૂપ લઇ કૃષ્ણનો નાશ કરવા આવ્યો હતો. કૃષ્ણ સરોવરમાં પગ મૂકે છે એટલે તે બગલો પોતાની ખૂબ લાંબી ચાંચથી કૃષ્ણને પકડી ગળી જાય છે. બળભદ્ર તથા અન્ય ગોવાળો એ બનાવથી હેબતાઇ જાય છે. એટલામાં ભગવાન પોતાની માહિમા શક્તિથી તેના ગળામાં મોટા થાય છે ચાંચ ખુલ્લી થઈ જાય છે. ચાંચના નીચેના ભાગને પગ નીચે દાબી ઉપલા ભાગને હાથથી પકડી બગલાને ચીભડાંની જેમ ચીરી નાંખે છે. એ વખતે બકાસુર રાક્ષસનું મૂળ સ્વરૂપ છતું થાય છે. આ રીતે ભગવાન બકાસુરનો પણ વધ કરે છે. ભગવાન બગલાઓને હંમેશાં ચીરી નાંખે છે. એ બગલાઓ તે માણસમાં હોય તેવા! માણસોમાં પણ બગલાઓ તો હોય છે જ ને?

એક દિવસ કૃષ્ણ ભગવાન ગોવાળો સાથે વનમાં ગાયનું ધણ લ ચરાવવા જાય છે. ગોપ બાળકો સાથે અનેક પ્રકારની રમત કરતા કરતા વનમાં દૂર દૂર નીકળી જાય છે. એ વખતે બકાસુરનો નાનો ભાઈ અઘાસુર નામના દૈત્યે વિચાર્યું કે મારા મોટાભાઇ બકાસુર તથા બેન પૂતનાને મારનાર કૃષ્ણ મારા મોઢામાં આવી પડે તો બધાને એકી સાથે ગળી જાઉં. આજે હું એને તમામ ગોવાળોની સાથે ગળી જઇશ. જ્યારે બધાના મૃત્યુરૂપી તર્પણ–અંજલિ આપીશ ત્યારે જ મારા આત્માને શાંતિ થશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એમ વિચારી તે અઘાસુર દૈત્ય અજગરનું રૂપ ધારણ કરી રસ્તા પર પડયો. ત્રણ માઇલ જેટલું લાંબુ શરીર, રાજમાર્ગો–સડક જેવી લાંબી અને પહોળી જીભ. પર્વતની મહાન ગુફાઓની જેમ પોતાનું મુખ ખુલ્લું રાખ્યું હતું. કૃષ્ણસહિત બધા ગોવાળો અંદર પ્રવેશ કરે એટલે બધાને એકી સાથે પોતાના ઉદરમાં પધરાવી મારી નાંખવાનો તેનો આશય હતો. એટલામાં પ્રથમ ગોપ બાળકો ફરતાં ફરતા ત્યાં આવી ચઢે છે. અજગરનું આવું પ્રચંડ શરીર જોઇ આશ્ચર્ય પામે છે. અજગર છે કે કાંઇ બીજીજ વસ્તુ છે તેનો નિર્ણય કરી શકતા નથી. કુતૂહલથી વાછરડાઓ સહિત બધા તે ખુલ્લા મુખમાં પ્રવેશ કરે છે. એટલામાં કૃષ્ણ પણ ત્યાં આવી પહોંચે છે. અજગરને જોઈ કૃષ્ણ સમજી જાય છે કે અજગરના રૂપમાં એ દૈત્ય મારો નાશ કરવા આવ્યો છે. ગોવાળોને તેના મુખમાં પેઠેલા જોઇ ભગવાનને ઘણી ચિંતા થાય છે. રાક્ષસનો નાશ કરવા ગોવાળો તથા વાછરડાઓને બચાવવા શ્રીકૃષ્ણ પણ તુરત તેના મુખમાં ધૂસી જાય છે. રાક્ષસ તો કૃષ્ણ અંદર પ્રવેશ કરે એટલીજ રાહ જોઈ રહ્યો હતો. રાક્ષસ બધાને ચાવી ખાવાની તૈયારીમાં છે એટલામાં ભગવાન પોતાની મહિમાશક્તિથી તેના પર્વત જેવા ગળાથી પણ મોટા થઈ ગયા. રાક્ષસના પ્રાણ ગુંગળાયા ને આકુળવ્યાકુળ બની ગયો. અંતે તેનું પ્રાણપંખેરૂ ઊડી ગયું. ગોવાળો તથા વાછરડાઓ સાથે ભગવાન કૃષ્ણ તેના મુખમાંથી બહાર આવે છે. અઘાસુરનો ભગવાનને હાથે વધ થતાં તેને મોક્ષ મળે છે. અઘાસુર વધ ભગવાન પાંચ વર્ષના હતા ત્યારે કર્યો હતો. ભગવાન અઘ–પાપના કે પાપીના મુખમાં પણ પ્રવેશે તો તેનો ઉદ્ધાર જ થાય ને? તે પવિત્ર જ બને ને?...

શ્રીકૃષ્ણ એ સ્વયં પરમાત્માનો અવતાર છે કે કેમ તેનું પારખું કરવાનો એક દિવસ બ્રહ્માજીને વિચાર આવ્યો. ભગવાન શ્રીકૃષ્ણ ગોપ બાળકો સાથે જંગલમાં ગયા છે. બપોરનો સમય થાય છે એટલે બધા પોતપોતાનું ભાથું છોડી એક સ્થળે બેસી વનભોજન કરે છે. ગાયો ચરતી ચરતી જંગલમાં દૂર નીકળી જાય છે. ભોજન વખતે બધા વાતો પર ચઢયા. ગાયો–વાછર[illegible] ભાન ન રહ્યું. ગાયોનું સ્મરણ થતાં તપાસ કરે છે તો ગાયો જોવ[illegible] જોઇ[illegible]વી નથી. ગોપબાળકોને ત્યાંજ બેસવાનું કહી શ્રીકૃષ્ણ પોતે ગાયો[illegible]વા[illegible] જાય છે. જંગલમાં બધે ફરી વળ્યા પણ ગાયોનો પત્તો ન મળે નિરા[illegible] થઈ પાછા ગોપ બાળકો હતા ત્યાં આવે છે. ત્યાં આવી જૂએ છે તો [illegible]ગળો પણ ન મળે! ભગવાન આશ્ચર્ય થાય છે–પછી યોગબળથી એ[illegible]ું બ્રહ્માજીનું કારસ્તાન છે એમ જાણી લે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બ્રહ્માજીએ ગાયો તથા ગોવાળોનું હરણ કરી લીધું હતું. ભગવાન કૃષ્ણ પણ બ્રહ્માજીની સાન ઠેકાણે લાવવા અને તેનો મદ ઉતારવા ગાયો તથા ગોપબાળકોનું રૂપ ધારણ કરે છે. સ્વયં સર્વ સ્વરૂપ થાય છે. જેવી ગાયો હતી તેવીજ ગાયો અને તેવાજ ગોવાળો બની જાય છે. સાંજના સમયે બધા ગામમાં જાય છે. દરેક ગોવાળ પોતપોતાની ગાયો સાથે પોતપોતાના ઘેર જ જાય છે. વાછરડાંઓ પણ તેજ વહાલથી પોતપોતાની ગાયમાતા પાસે દોડી જાય છે. દરરોજ સવાર થાય અને બધા ગોવાળો ગાયો લઇને જંગલમાં નીકળી પડે છે. સાંજે પાછા આવે છે. એ પ્રમાણે લગભગ એક વર્ષ પૂરૂં થવા આવે છે.

.....સૃષ્ટિ પરમાત્માની વિચારપુત્રી છે. જેમ એક મકાન બાંધવું હોય તો પ્રથમ કેવા આકારનું બાંધવું તેનો પ્લાન મનથી નક્કી કરવામાં આવે છે. પછી તે પ્રમાણે મકાન તૈયાર કરવામાં આવે છે તે મુજબ પરમાત્મા પોતાના વિચારમાંથી આકૃતિરૂપે હાજર થાય છે. સૃષ્ટિની એકેએક વસ્તુ પરમાત્માના મૌલિક વિચારના આકારરૂપ છે. પરમાત્માએ આ જગત કેવી રીતે ઉત્પન્ન કર્યું એ અશિષ્ટ–અસભ્ય પ્રશ્ન છે. જેમ એક માતા પિતાએ પુત્ર કેવી રીતે પેદા કર્યો એ ગંદો પ્રશ્ન છે તેમ પરમાત્માએ જગત ક્યારે પેદા કર્યું, કેવી રીતે પેદા કર્યું–પ્રથમ પુરૂષ પેદા કર્યો કે સ્ત્રી આ બધા પ્રશ્નો અસભ્ય છે. જગત છે એટલુંજ બસ છે. ચર્ચા કરવા માટે જગત નથી. અચિન્ત્ય શકિત પ્રભુ જગત પેદા કરે છે. કસ્માત્–શેમાંથી પેદા કરે છે તે જાણવાની ખટપટમાં પડવાની જરૂર નથી. જે કાંઈ થાય છે તે અકસ્માત નથી. તે સમજવાને માટે બુદ્ધિને આંચકો આપવો પડશે. પરમાત્માને વિષે તે 'છે' તે સિવાય બીજું કશુંજ કહેવાય તેમ નથી. પ્રભુનું સંપૂર્ણપણે વર્ણન કરનારો ભાષામાં ફક્ત એકજ શબ્દ છે અને તે 'છે.' કેવો, ક્યાં વગેરે પ્રશ્નો નકામા છે. આંધળો માનવી હાથીના એક અવયવ પર હાથ ફેરવી હાથી કેવો છે તે પોતાની સમજ પ્રમાણે જણાવે છે. ચાર આંધળાઓને હાથી કેવો છે તેનું વારા વતી વર્ણન કરતા કહેવામાં આવ્યું. એક આંધળો હાથીની પાસે ગયો. તેથી વચ્ચમાં પૂછવું આવ્યું. એટલે તેણે કહ્યું કે હાથી સાપ જેવો છે. બીજો હાથ કાન ઉપર ફર્યો તેણે કહ્યું કે હાથી સુપડા જેવો છે. ત્રીજો પગ આવ્યો તેણે થાંભલા જેવો કહ્યો. ચોથાના હાથમાં સૂંઢ આવી તે બકોરડાં જેવો કહ્યો. દરેક આંધળો પોતાની માન્યતામાં સાચો હતો. પર બધાથી હાથી દરેકે માન્યું તેવો તે હતો એમ કહેવાય નહીં. બસ [illegible] પ્રમાણે પ્રભુને આપણે જેવો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કલ્પીએ તેવો છે. એ ખંડ દર્શન છે. દરેક માનવીના ખંડ દર્શનનો સરવાળો તે પ્રભુનું સમગ્ર દર્શન. પરમાત્માનું સ્વરૂપ ઇશ્વર એ વાદવિવાદનો વિષય નથી. આપણી સમક્ષ ખાવા માટે બાસુદી ધરવામાં આવી હોય તે વખતે બાસુદી કેવી છે, કેમ બની, શેમાંથી બની એ બધી ચર્ચાનો કંઈ અર્થ નથી. બાસુદી ખાવા માંડો એટલે તે કેવી છે તે સમજાશે. એ સ્વાદની વસ્તુ છે, ચર્ચાની નહીં. તે પ્રમાણે ઇશ્વર એ ચાખવાની–ખાવાની–અનુભવવાની અને પચાવવાની ચીજ છે. ચર્ચામાં ઉતરવા જેવી ચીજ નથી. ઇશ્વર પાસે કંઈ સહેલાઇથી જવાતું નથી. તેની મુલાકાતનાં તો ભારે મૂલ્ય ચૂકવવાં પડે છે. વેદાન્તની સૂચનાનુસાર જીવનાર જીવને જ તે મુલાકાત–interview આપે છે. પરમાત્મા આપણા દ્વારા આપણામાં જ પ્રવર્તે છે તે કોઇ સમજતું નથી. ઋગ્વેદમાં કહ્યું છે કે એકં સદ્ વિપ્રાઃ વહુધા વદન્તિ મૂળમાં સત્ય તેજ ઇશ્વર અને તે અનેકરૂપે પ્રાણીમાત્રમાં વિદ્યમાન છે એમ કહેવાનો અહીં હેતુ છે...

ભગવાન પોતેજ ગોવાળીઆ અને ગાયના રૂપમાં પ્રગટ થયેલા છે. દરરોજ વ્રજમાંથી ગાયનું ધણ લઈ ચરાવવા જાય છે. જે દિવસથી પ્રભુએ સ્વયં एकोऽहं वहुस्यामूनું રૂપ લીધું તે દિવસથી બધા ગોવાળોને પ્રેમનો ભાવાવેશ થતો હતો. બળરામ કે જે બ્રહ્માએ ગોવાળો અને ગાયોને હરી લીધા તે દિવસે ગેરહાજર હતા તે ગોવાળોનો ભાવાવેશ જોઈ વિચાર કરે છે કે આમ કેમ બને છે? તેણે શ્રીકૃષ્ણને પૂછ્યું કે કનૈયા! આ શું છે? આમ કેમ બને છે? કૃષ્ણ તેને ચૂપ રહેવા કહે છે. બ્રહ્માની મિનિટ એટલે આપણું એક વર્ષ=૩૬૫ દિવસ તે પૂરી થઈ એટલે બ્રહ્મા પૃથ્વી પર જુએ છે તો પ્રભુની લીલારૂપ ગાય ગોવાળોની તદ્દન નવી જ પ્રતિકૃતિ જણાય છે. આથી તે વિચારમાં પડી જાય છે. પોતાને ત્યાં કબજે રાખેલાં ગાય–ગોવાળોને જોવા જાય છે તો ત્યાં પણ તેઓ જણાય છે. સૃષ્ટિ પર આવી જુએ છે તો ત્યાં પણ તેજ દેખાય છે. આમ પોતાને ત્યાં અને પૃથ્વી પર તેજ સ્વરૂપો જોઇ વિચારમાં પડી જાય છે. પછી આમાં મૂળ ગાય–ગોવાળો કયા તે જાણવા ધ્યાન ધરે છે. ભગવાનની જ એ લીલા હોવાનું ધ્યાનમાં જાણી લે છે. વિશ્વમોહક ભગવાનને મોહમાં નાંખવા બ્રહ્માજી ગયા તો ખરા પણ પોતાના પગ પોતાનાજ ગળામાં ભેરવાયા. બ્રહ્માને સ્થાવર જંગમ: દરેક વસ્તુમાં, દસે દિશામાં, સ્વર્ગમાં અને સૃષ્ટિમાં, અણુયેઅણુમાં પ્રભુની મૂર્તિનાં દર્શન થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હંસના વાહન પર આરૂઢ થઇને બ્રહ્માજી ભગવાન કૃષ્ણચંદ્રની પાસે આવે છે. નીચે ઉતરી પ્રભુના કૃષ્ણવર્ણ ચરણ પર કસોટીના પત્થર પર જેમ સુવર્ણની રેખા પડે તેમ પડી પોતાના અપરાધની ક્ષમા યાચે છે અને કહે છે કે હે પ્રભુ! આપને મારા કોટિ કોટિ વંદન છે. તત્વમસિ, તસ્મિન્ તત્વમસિ, તસ્યત્વમસિ તુંજ છે. સર્વમાં તુંજ છે. તું તેનો જ છે. બીજો કોઈ નથી.....બ્રહ્માજીને બતાવેલો પોતાની મહાયોગમાયાનો આ પરચો ભાગવતનો કૃષ્ણ મૂળમાં કોણ છે એ સમજવા અતિઉપયોગી છે. શુકદેવજીની પ્રતિભાને મૂળમાં શું ભાવતું હતું તેનો અહીં ભવ્ય ઉલ્લેખ છે. ભાગવત પુરાણ બ્રહ્મસંમિત છે એનો એ પૂરાવો છે. વેદાન્તના સિદ્ધાન્તનું અહીં હૃદયમનોહારી લોકભોગ્ય વર્ણન છે.....

.....દરેક જીવાત્મા જો યોગની સાધના કરે તો, ઘડીબંધ લુગડાંને ઉકેલતાં વાર ન લાગે તેમ, પૂર્વજન્મને ઉકેલી નાંખતાં વાર લાગશે નહીં. યોગનો એક માત્ર વિનિયોગ પરમાત્માના જ્ઞાનમાં છે.....ગઈ કાલની વાત જવા દો, આવતી કાલની વાત જવા દો, આજનો વિચાર કરો. ભગવાન ભજવા જેવો છે. મેળવવા જેવો છે. સમગ્ર વિશ્વ એ એકજ સત્નો ચમકારો છે. એકજ સત્ જગતમાં પ્રગટી શકે છે અને પ્રગટે છે. માળામાં રહેલા મણકાઓ જુદા હોય છે પણ સૂત્ર તો એકજ હોય છે. જીવનની સાચી મઝા તે અવિરોધ. વિરોધ અને રાગદ્વેષને સમૂળગો દેશવટો આપવાની કળા ભગવાન શુકદેવજી અહીં આપણને બતાવે છે.....

યોગેશ્વર શ્રી કૃષ્ણચંદ્ર વૃન્દાવનમાં અનેક પ્રકારની લીલાઓ કરે છે. એક દિવસ ગોવાળો સાથે યમુનાજીના કિનારા પર જાય છે. તે દિવસે બળરામજીની ગેરહાજરી હતી. ગ્રીષ્મ ઋતુનો ધોમધીકતો તાપ હતો. ખૂબ તરસ લાગવાથી ગોવાળો યમુનાજીમાં પાણી પીવા જાય છે. પાણી પીતાંની સાથેજ બધા ગોવાળો મૂર્છિત થાય છે. તેમના પ્રાણ નીકળી જાય છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ પોતાની દૃષ્ટિરૂપી અમીછાંટથી બધાને જીવતા કરે છે. ભગવાને જાણ્યું કે યમુનાજીમાં એક ધરો છે, તેમાં કાલિયનાગ પોતાના પરિવાર સાથે રહે છે. કાલિયનાગે પોતાના વિષથી ધરાના પાણીને ઝેરી બનાવી દીધું હતું. એના ઝેરની આગથી તે ઉપરથી જતા પંખીઓ પણ તફડીને તેમાં પડતાં. તેના પાણીનો છાંટો જેના પર પડતો તેનો નાશ થતો. ભગવાન શ્રીકૃષ્ણ તો ખલસંયમનાવતાર હતા! દુષ્ટોનો નાશ કરવા માટે અવતાર લીધો હતો. કાલિયનાગના નાશ માટે ભગવાન નિશ્ચય કરે છે. કિનારા પર આવેલા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક કદંબ વૃક્ષ પર ચઢી જાય છે અને ત્યાંથી પાણીમાં કૂદી પડે છે. કાલિયનાગ ફૂંફાડા મારતો ધરામાંથી બહાર આવે છે. ભગવાન પાણીમાં ક્રીડા કરી રહ્યા હતા. ક્રોધે ભરાયલો કાલિયનાગ ડંખ મારી ભગવાનના શરીર પર વીંટાય છે. ચારે બાજુથી ભયંકર ચૂડ ભેરવે છે. કાંઠા પર ઊભેલા ગોવાળો ભગવાનની એ દશા જોઇ ખૂબ ગભરાય છે. મૂર્છિત બની પૃથ્વી પર ઢળી પડે છે. નંદ, યશોદાને ખબર આપવામાં આવે છે. ગોપીઓ સહિત બધા આકુળવ્યાકુળ બની દોડતા ત્યાં આવે છે. જુએ છે તો ગોવાળો બેભાન થઈ પડ્યા છે અને કૃષ્ણને કાલિયનાગે પોતાની ચૂડમાં જકડી લીધા છે. આ પ્રકારનું ભયંકર અને કરુણ દૃશ્ય જોતાંની સાથેજ બધાં સાનભાન ભૂલી ધરણી પર ઢળી પડે છે..ગોપીઓની સ્થિતિનું તો વર્ણનજ શું કરવું ? કૃષ્ણ તો ગોપીઓના પરમ પ્રેમપાત્ર હતા. પોતાના પ્રેમને મૃત્યુના મુખમાં સપડાયલા જોઈ ગોપીઓનાં હૈયાં ચીરાઈ જાય છે. પ્રિયતમ વિના ત્રણે લોક સૂના લાગે છે. આંખોમાંથી ગંગા-યમુનાનો પ્રવાહ વહે છે. યશોદામૈયા તો પોતાના લાલને નાગપાશમાં જોતાં છાતીફાટ રૂદન કરે છે. પોતાના લાલને માટે ધરામાં ઝંપલાવવા દોડે છે. પણ વૃદ્ધ ગોપીઓ તેને પકડી રોકી રાખે છે. પાષાણને પણ પીગળાવી નાખે તેવું યશોદામાતા રૂદન કરી રહ્યાં છે. ગોપીઓનાં હૈયાંમાં પણ આગ જલતી હતી. છતાં હૈયાં કઠિન કરી યશોદામાતાને આશ્વાસન આપતા હતા કે માતા! શોક ન કરો! ત્રિભુવનમોહન કનૈયાએ અનેક ભયંકર રાક્ષસોનો નાશ કર્યો છે. તેના ઐશ્વર્ય અને પરાક્રમનો પાર નથી. તેની લીલાઓ અજબ છે. કાલિયનાગથી પણ તેનો વાંકો વાળ થવાનો નથી. તમે ધીરજ રાખો. આ પ્રમાણે યશોદા માતાને સાન્ત્વન આપે છે. શ્રીકૃષ્ણ તો નંદબાબાનો આત્મા હતો. તે પણ ધરામાં ઝંપલાવવા જાય છે. બલરામજી તે સમયે ત્યાં આવી પહોચ્યા હતા તે નંદબાબાને સમજાવીને મહાપ્રયત્ને તેમને રોકી રાખે છે.

ભગવાનના ઐશ્વર્યને જાણનાર બળરામજી બધાને કહે છે કે તમે જરાપણ ગભરાવ નહીં. સ્વસ્થ રહો! થોડી ધીરજ પકડો અને જુઓ કે શું થાય છે! કાલિયનાગના પાશનું બંધન એ તો ભગવાનની એક લીલામાત્ર હતી. પોતાની મહિમા શક્તિના પ્રભાવે ભગવાન ક્ષણવારમાં મોટા-જાડા થાય છે. નાગની ચૂડ છૂટી જાય છે. ક્રોધે ભરાયલો નાગ ફેણ ઊંચી કરી કરી ફૂંફાડા મારી રહ્યો છે અને ડંખ મારવાની તક જોયા કરે છે. જેવો ડંખ મારવા જાય છે કે ભગવાન પોતાની લઘિમાં શક્તિનો ઉપયોગ કરે છે. ઘડીમાં નાના તો ઘડીમાં મોટા! નાગ થાકીને લોથપાથ થઇ જાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાન કૂદકો મારી નાગની ફેણ પર ચઢી જાય છે. ફેણ પર ઉભા રહી શ્રીકૃષ્ણચંદ્ર નાચ કરે છે. ભગવાનને નૃત્ય કરતા જોઇ સ્વર્ગમાંથી સિદ્ધો ગંધર્વકન્યાઓ, દેવકન્યાઓ દેવો વગેરે મૃદંગો લઇ ત્યાં આવે છે અને ભગવાનના નૃત્યના તાલ સાથે તાલ બજાવે છે. સ્વર્ગમાંથી પુષ્પવૃષ્ટિ થાય છે. સો ફેણનો વિષધર નાગ લોહીલુહાણ થઇ જાય છે. નાગની શક્તિ ક્ષીણ થતી જાય છે. મુખમાંથી અને નાકમાંથી લોહી વહે છે. ખૂબ તરફડીયાં મારે છે. ક્વચિત્ કોઇ ફેણ ઉંચી કરે એટલે ભગવાન તેના પર પગ મૂકી દબાવી દે. હવે નાગમાં હોંસકોસ રહ્યા નથી. મૃત્યુની ઘડી આવી રહી છે. પોતાના પતિની દુર્દશા જોઇ નાગપત્નીઓ બાવરી બની ત્યાં આવે છે અને ખૂબ આર્તસ્વરે નાગને જીવનદાન આપી પોતાનું સૌભાગ્ય કાયમ રાખવા પ્રભુની પ્રાર્થના કરે છે. નાગપત્નીઓ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે, હે પરમાત્મન્! આપનો આ અવતાર દુષ્ટોના સંહાર માટે છે. પાપીઓને તેના પાપની શિક્ષા તેના કલ્યાણને માટેજ આપ કરો છો. અમારો પતિ અપરાધી છે તેમાં કોઈ શક નથી. અપરાધી ન હોત તો તેને સર્પયોનિ શા માટે મળત! આથી આપના ક્રોધને પણ અમે આપની કૃપા માનીએ છીએ. અમારા પતિએ પૂર્વ જન્મમાં જરૂર તપ કર્યું હશે. અમને ખબર નથી કે આપની આ કૃપા કયા પુણ્યનું ફળ છે. કે જેથી અમારા પતિને આપની ચરણરજ પોતાના મસ્તક પર ચઢાવવાનું અહોભાગ્ય પ્રાપ્ત થયું! આપની ચરણરજ પ્રાપ્ત કરવા માટે તો લક્ષ્મીજીને પણ મહા તપ કરવું પડયું હતું. જેને આપની ચરણરજ પ્રાપ્ત થાય છે તેને ત્રિલોકનો રાજ્ય-વૈભવ પણ તુચ્છ લાગે છે. તેને કશું પ્રાપ્ત કરવાનું રહેતુંજ નથી. સર્પયોનિ તમોગુણી હોવાથી અમારો પતિ ક્રોધી હોય એ સ્વાભાવિક છે છતાં એને આપની પરમપવિત્ર ચરણધૂલિ પ્રાપ્ત થઈ એ તો જન્મજન્માંતરના પુણ્યોનું ફળ છે. અન્ય ભક્તોને આપની ચરણધૂલિ પણ દુર્લભ છે જ્યારે આપે તો સ્વયં એના માથા પર આપના પગલાં પડયાં છે. હે પ્રભુ! આપ અનંત અને અચિન્ત્ય શક્તિના સાગર છો. આપ સર્વના હૃદયમાં સ્થિત હોવા છતાં પણ અનન્ત છે. આપનો મહિમા અને શક્તિ અનંત અને અવર્ણનીય છે. પરમાત્મન્! પ્રકૃતિમાં પણ ક્ષોભ ઉત્પન્ન કરનાર આપ કાલસ્વરૂપ પણ છો. વિશ્વસ્વરૂપ હોવા છતાં તેથી અલિપ્ત છો. તમામ શાસ્ત્રોનું ઉદ્ગમસ્થાન આપ છો. આપનું જ્ઞાન સ્વતઃસિદ્ધ છે. પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગના મૂળ જે વેદ છે તે આપ સ્વયં છો. તમામ ઇંદ્રિયોના પ્રવર્તક હોવા છતાં આપ આત્મારામ છો. પોતાનામાં પોતે વિહાર કરવો એ તો આપનો સ્વતઃસિદ્ધ સ્વભાવ છે. એક રીતે આપ સમસ્ત વિશ્વથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અલગ છો તો બીજી રીતે સમસ્ત વિશ્વરૂપ છો વિશ્વના ભાવ અને અભાવના સાક્ષી અને કારણરૂપ આપજ છો. આપ પ્રકૃતિદ્વારા સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની લીલા કરી રહ્યા છો. આપ સત્યસંકલ્પ છો. પ્રભુ! અમારો આ પતિ આપનુંજ છોરૂં છે. એણે અજાણપણામાં આપનો અપરાધ કર્યો છે માટે એક વખત આપ એને ક્ષમા આપો. પ્રભુ! આ સર્પ મરવાનો તો છેજ. સંતજનો સ્ત્રીઓ પર હંમેશ કૃપા કરતા આવ્યા છે. તો આપ કૃપા કરી અમારા પ્રાણનાથને અમને આપો. અમે આપની દાસીઓ છીએ. પ્રભુ! અમારૂં સૌભાગ્ય અખંડ રાખો! નાગપત્નીઓની સુંદર સ્તુતિ સાંભળી ભગવાન નાગને છોડી મૂકે છે. અને કહે છે કે જાઓ! આ સ્થાન છોડી તમે બધા રમણકદ્વીપ જે સમુદ્રમાં સર્પોને રહેવાનું સ્થાન છે ત્યાં ચાલ્યા જાઓ! કાલિય નાગ શુદ્ધિમાં આવતાં તેને કનૈયો એ સ્વયં ભગવાન છે તેનું ભાન થાય છે અને પ્રાર્થનાપૂર્વક ભગવાનને કહે છે કે પ્રભુ! તમારા આપેલા સ્વભાવ પ્રમાણે હું વર્ત્યો છું તેમાં મારો શો દોષ? ભગવાનની આજ્ઞાનુસાર કાલિયનાગ સપરિવાર રમણકદ્વીપમાં ચાલી જાય છે. જીવનનું જમનાનીર–અહંકારના સોમુખી નાગના કાલીયતા વિષવમનથી ઝેરીલું બને છે! ભગવાન જ્યાં સુધી એ અહંના–નાગના માથા ઉપર થૈથૈ નાચી તેને નિર્વિષ ન કરે–રાગદ્વેષશૂન્ય ન કરે–તેનો મદ ન ઉતારે ત્યાં સુધી જીવનનાં જમનાનીર ઝેરીલાં જ રહે! આપણા અહં ઉપર ભગવાનને નાચવા દો. એના પગલાંના કુંમકુમથી અહંને આરક્ત થવા દો. અહંનું વિસર્જન થવા દો. તો હૃદયમાં રહેલું ભગવત્તત્ત્વ ઝળકશે...

...સૃષ્ટિ ષડ્રસથી પૂર્ણ છે. આમલીનું વૃક્ષ તેમાંથી ખાટો રસ ખેંચે છે. આમ્રવૃક્ષ મધુર રસ ખેંચે છે. લીમડો કડવો અને લવણ ખારો રસ ખેંચે છે. આંતર વિભાજન એજ પરમાત્માની વિભાજન શક્તિ છે. પરમાત્મા એક સૂર્યને ઉત્પન્ન કરે છે. તે સાથે પાણી ઉત્પન્ન કરે છે. એ વિભાજન શક્તિથી જગતનું ધારણ કરે છે. તો પછી ભગવાન દાવાનળ પી જાય તેમાં આશ્ચર્ય શું? ભગવાન ખરો દાવાનળ તો હૈયાનો પીએ છે.

વર્ષા અને શરદ ઋતુના વર્ણનમાં ભગવાન વ્યાસની સર્વતોમુખી ભવ્ય પ્રતિભાનાં દર્શન થાય છે. બન્ને ઋતુઓનું વર્ણન વાંચતાં અદભુત આનંદ થાય છે. આપણી કોલેજોમાં તે વર્ણનો ખાસ શિખવવા–સમજાવવા જેવાં છે. વ્યાસ ભગવાનની બુદ્ધિ અને કલ્પનાના ચમકારા તો એ બે ઋતુના વર્ણનોમાં છે. વાદળા ઘોળાં અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાળાં કેમ હોય છે? એનો અર્થ તો એ છે કે સર્વસ્વનો ત્યાગ કરે તેનાજ જીવનમાં શુભ્રતા આવે. ભોગીઓના વિષયોપભોગમાં રચ્યાપચ્યા રહેનારાઓના જીવનમાં કાળાશ જ આવે. તમામ ઇપણાઓનો ત્યાગ કરનાર ઋષિઓના-યોગીઓના જીવન કેવા શોભે છે? વર્ષાના વર્ણનમાં ભવ્ય ઉપમાઓ છે... કાલિદાસ કવિને મેઘદૂતની કલ્પના આવવી એ કેટલી ઉત્તમ છે! મેઘદૂતની ઉપમાઓ અને વર્ણનો વાંચ્યા પછી તો અન્ય કાવ્યો શુષ્ક લાગે છે. કાલિદાસ કવિએ અન્ય કોઇ કાવ્યો અને નાટકો ન લખ્યાં હોત તો પણ મેઘદૂતની એકજ કૃતિ તેને અમર કરવાને બસ હતી. કવિકુલગુરૂ કાલિદાસની કલ્પનાનો રસ જગતભરના કવિએ ઝીલ્યો છે.....

.....શરદ ઋતુ હતી. વનની શોભા નયનાભિરામ હતી. શીતળ સમીરની મંદમંદ લહરીઓ આવતી હતી. નદીઓ સરોવરો વગેરે જળાશયોના જળ સ્વચ્છ અને નિર્મળ થઇ ગયાં હતાં. ભગવાન શ્રીકૃષ્ણ તથા બળભદ્ર, ગોવાળોની સાથે વનમાં ગાયો ચરાવી રહ્યા છે. શ્રીકૃષ્ણ એક સ્થાન પર બેસી પોતાની બંસી-વાંસળીમાંથી સંગીતના મધુર સૂરો છોડે છે. તેની બંસીનો નાદ ભલભલાને મોહિત કરનારો હતો. કૃષ્ણની વાંસળીનો મધુર નાદ સાંભળતાંજ ગોપીઓ પ્રેમવિહ્વળ બને છે. એનો સૂર જળચેતન સમસ્તના મન હરી લે છે. ગોપીઓ વાંસળીનું મધુર સંગીત સાંભળી તેનું વર્ણન કરતાં કહે છે કે, બેન! આ વાંસળીએ પૂર્વજન્મમાં કેવાં પુણ્યો કર્યાં હશે કે શ્યામસુંદર શ્રીકૃષ્ણચંદ્રના અધરામૃતનું પાન કરવાનું તેને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું? શ્રીકૃષ્ણ તો ગોપીઓના પ્રાણવલ્લભ છે. છતાં જુઓ ખરા! આ વાંસળી આપણી સંપત્તિ પર પોતાની સત્તા જમાવી બેઠી છે! નંદનંદનના પાદ ચિહ્નોથી આ વ્રજભૂમિ અંકિત થઇ છે. સખી! શું કહું! શ્રીકૃષ્ણ જ્યારે પોતાની ત્રિભુવનમોહિની બંસરી બજાવે છે ત્યારે મોરો પણ તન્મય બની નાચવા લાગે છે. પશુ પક્ષીઓ પણ શાંત થઈ એક ચિત્તથી વાંસળીના સૂર સાંભળી રહે છે. અરે બેન! એની વાંસળીની મોહિનીની તેશી વાત કહું! સ્વર્ગની દેવીઓ પણ શ્રીકૃષ્ણની મુરલીનો અવાજ પતિઓની સાથે મુરલીનું ગાન સાંભળવા આવે છે. સાંભળતાં તુરત વિમાનમાં વેણુગીત સાંભળતાં પોતાના શરીરનું ભાન પણ ભૂલી જાય છે! સ્વર્ગના દેવો વ્રજના સર્વ ગોપ-ગોપીઓ-અરે ગાય, વરછડાં હરણાંઓ વગેરે પશુ પંખીઓ પણ વાંસળીનું મધુર સંગીત સાંભળી દેહના ભાન પણ ભૂલી જાય છે. અરે! આ ગિરિરાજ ગોવર્ધન પર્વત પણ મહા ભાગ્યશાળી છે. શ્રીકૃષ્ણચંદ્ર અને બળરામના ચરણકમળનો હંમેશ સ્પર્શ કરી પુલકિત થઇ જીવનને ધન્ય કરી રહ્યો છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

...પરમાત્મા એ સંગીતમય આત્મા છે. હિંદુસ્થાનમાં વેવલાપણું ખૂબ પોષાયું છે. શ્રીકૃષ્ણની બંસીનું સંગીત જીવનને સંવાદી બનાવનાર તત્વ છે. જીવનમાં સંવાદિતા Harmony of life હોવી જોઇએ. વિસંવાદી--એસૂરૂં જીવન એ જીવન નથી. પરમાત્માએ સંગીતના બધા સપ્તકો સૂરો સંવાદિ રાખ્યા છે. વિસંવાદી સૂર નીકળે તો જેમ સંગીત બેસૂરૂ લાગે તેમ જીવનમાં જો વિસંવાદિતા આવી જાય તો જીવન પણ અણગમા જેવું બની જાય છે. જીવન સંગીતમય હોવું જોઇએ. શ્રીકૃષ્ણની બંસીના સૂર એટલે જીવન સંગીત. ભગવાન વાંસળી દ્વારા પ્રાણીમાત્રને ઉદ્બોધન કરે છે મારી વાંસળીમાં પાંચ સાત સૂરો જેમ સુમેળ સાધીને રહે છે તેમ તમે પ્રાણીમાત્ર સાથે સુમેળ રાખી પ્રેમથી રહો. આપણને ફાવે તેમ જીવવાનો રોગ લાગેલો છે. આપણે તો એક બીજાના પૂરક સપ્તકો છીએ. આખી દુનિયા ભગવાનની વાંસળી છે. જીવનની સંવાદિતા સૂરીલાપણું અનુભવવા જેવું છે. ભલ ભલા રોગો એ સંગીતથી દૂર થાય છે, પરમાત્મા જગતને પોતાની વાંસળીથી મોહિત કરે છે એટલે સંવાદિતાથી ભરી દે છે. વાંસળીદ્વારા ભગવાન સૂચવે છે કે મને સંવાદી જીવન પસંદ છે. ફાવે તેમ જીવવાનો કોઇને અધિકાર નથી. તેથી તો જગતમાં અંધાધૂંધી અને અવ્યવસ્થા ઉત્પન્ન થાય.

એક દિવસે કૃષ્ણ અને રાધા વચ્ચે શરત થઇ. રાધા કહે, "કનૈયા! તારી વાંસળીના ગમે તેવા સુરીલા સૂરની પણ મારા પર કશી અસર નહીં થાય." કૃષ્ણ કહે, "રાધા! જોજે હોં! વાંસળીના સૂરથી ગાંડીઘેલી-બાવરી બની જાય તો હાર કબૂલ કરશે ખરી ને? જોઇએ છે કોણ જીતે છે! તું હવે બરાબર સાવચેત રહેજે!" સરતને બે દિવસ વીતી જાય છે. ત્રીજે દિવસે રાધાએ ચૂલો સળગાવ્યો એટલે કનૈયાએ એક દિવાલ પર બેસી વાંસળીમાંથી સંગીતના સૂર છોડવા માંડ્યા. મોહક સૂર સાંભળતાં બે મિનિટમાં જ રાધા કહેવા લાગ્યાં, "માધવ! રાંધવાના સમયે તારી વાંસળી ન વગાડ!" કનૈયો જાણે સાંભળતો જ નથી તેમ વાંસળી બજાવ્યે જ જાય છે. રાધા સંગીતના રસપાનથી મુગ્ધ બને છે. અને ફરીથી કૃષ્ણને વાંસળી બંધ કરવા વિનવે છે. કૃષ્ણ કહે છે રાધા! હું વાંસળી વગાડું તેમાં તારૂં શું જાય છે? રાધા કહે,

माधवरन्धनसमये भारव मुरलीमहो रहो रसिकाम् ।
विरसतरू रसतरंतां यत् कृशतरतां कृशानुराधत्ते ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"તું વાંસળી વગાડે તેનું મને દુઃખ નથી પણ તારી વાંસળીનો રસ આ લાકડા પર પડતાં તે સૂકા મટી લીલાં થતાં જાય છે. બળતાં નથી. વાંસળીના સંગીતનો રસ આ અગ્નિ પર પડતાં તે પણ ટાઢો થઇ ગયો!" નિર્જીવ સૂકાં લાકડાં લીલાં થઇ ગયાં એટલે સળગે નહીં. કૃષ્ણ કહે, "કેમ રાધા! બંસરીના સૂરની તારા પર કશી અસર થતી નથી જ ને? રાધા કહે, "કાન્હા! તું જીત્યો, હું હારી." આ પ્રકારે શુકદેવજી શ્રીકૃષ્ણચંદ્રને સુંદર અંજલિ આપે છે.....

.....વ્રજની બધી કન્યાના મનમાં એમ કે આ કનૈયો અમને પરણે તો સારૂં. પોતાની મનકામના પરિપૂર્ણ થાય તે માટે બધી ગોપ કન્યાઓ કાત્યાયનીદેવીનું વ્રત કરે છે. અને શાને ન કરે? કનૈયા સાથે કોને પરણવાના કોડ ન થાય? અને ધ્યાન રહે કે ભાગવતનો કનૈયો તો પરમાત્મા છે. એના ઉપર કોને વ્હાલ ન ઉપજે? યમુનાજીના કિનારે જઈ રેતીમાં દેવીની મૂર્તિ બનાવી પ્રાર્થના કરે કે હે દેવી! તું અમારા પર પ્રસન્ન થઈ કનૈયો પતિ અમને મળે તેમ કરજે. આ વાતની કૃષ્ણને ખબર પડે છે. એક દિવસ બધી કન્યાઓ હંમેશના નિયમ મુજબ યમુનાજીના કિનારા પર આવી પોતાનાં વસ્ત્રો ઉતારી કૃષ્ણના ગુણગાન ગાતી ગાતી યમુનાજીમાં સ્નાન કરી રહી છે. એ સમયે શ્રીકૃષ્ણ પોતાના ગોવાળ સખાઓની સાથે ગોપ કન્યાઓની મનકામના-સાધના સફળ કરવાના હેતુથી તે સ્થળે આવે છે અને ચપળતાથી બધા વસ્ત્રો ઉપાડી લઇ પાસેના કદંબ વૃક્ષ પર ચઢી જાય છે. વૃક્ષ પર બેઠા બેઠા શ્રીકૃષ્ણ ગોપ કન્યાઓ જેઓ વસ્ત્રરહિત સ્નાન કરી રહી હતી તેઓને કહે છે કે હે કુમારીકાઓ! તમે અહીં આવીને તમારાં વસ્ત્રો લઇ જાઓ! હું મશ્કરી કરતો નથી. સાચી વાત કહું છું. વ્રત અને ઉપવાસથી તમારો દેહ દુર્બલ બની ગયો છે. મશ્કરી કરવા જેવું રહ્યુંજ છે શું? આ મારા ગોવાળ સાથીઓને પૂછી જુઓ કે હું કદી જૂઠું બોલું છું? ભગવાનની મીઠી મધુરી વાણી સાંભળી ગોપીઓના હૈયાં પ્રેમભાવથી ઉભરાઈ ગયાં. ગોપીઓ કહે છે કે હે પ્યારા મોહન! તું આવી અનીતિ ન કર! અમારાં વસ્ત્રો આપી દે! હે શ્યામસુંદર! અમે તો તારી દાસીઓ છીએ. તું કહે તે કરવા તૈયાર છીએ. તું ધર્મ નીતિ જાણે છે. તો પછી અમને શા માટે હેરાન કરે છે? અમારાં વસ્ત્રો ન આપશે તો અમે નંદબાબાને કહી દઇશું! કૃષ્ણ કહે છે કે હે ગોપીઓ જ્યારે તમે તમારી જાતને મારી દાસીઓ તરીકે જણાવો છો તો તમારે મારી આજ્ઞાનું પાલન કરવુંજ જોઇએ. ગોપીઓ ગુપ્તાંગોને હાથથી ઢાંકી બહાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવે છે. શ્રીકૃષ્ણ તેઓના પ્રેમથી પ્રસન્ન થાય છે. વસ્ત્રો આપે છે. ગોપીઓ વસ્ત્ર પરિધાન કરી લજ્જીત બની ચિત્રવત્ ત્યાં ઉભી રહે છે. કૃષ્ણ તેઓના અંતરમાં છૂપાયેલો ભાવ સમજી જાય છે. અને કહે છે કે હે ગોપીઓ! તમે મારી પૂજા કરવા ઇચ્છો છો તે હું જાણું છું. તમે મારી પૂજા કરી શકશો. જેઓ મન વાણી અને કર્મથી મને સમર્પિત થાય છે તેઓની સકળ કામના પરિપૂર્ણ જ થાય છે. મારી પ્રાપ્તિ થતાં સર્વ કામનાઓ બળીને ભસ્મ થઈ જાય છે. શેકીને વાવેલું ધાન્ય જેમ ઉગતું નથી તેમ મને સમર્પિત થયેલાઓની કોઇપણ સાંસારિક કામનાઓ રહેતી નથી. મારો અંગસંગ કામનો નથી. મનઃસંગ કામનો છે. હે બાળાઓ! આજે તમે જાઓ. હું તમને શરદ્પૂર્ણિમાને દિવસે રાસક્રીડા રમાડીશ.

ભગવાન કૃષ્ણચંદ્રની લીલાનું રહસ્ય સમજવા પ્રયત્નો કરવો જોઇએ. અણસમજુ અને અજ્ઞાની લોકો વસ્ત્ર-હરણના પ્રસંગને કૃષ્ણની સોનાની થાળીમાં લોખંડનો મેખ તરીકે માને છે. આ દૃષ્ટિદોષ છે. અન્યની છોકરીઓના વસ્ત્રોનું હરણ કરવું એ તદ્દન અક્કલ બહારની વાહિયાત વાત છે. અદનામાં અદનો મનુષ્ય એ સમજી શકે તેમ છે તો પછી યોગીના પણ ઇશ્વર સત્યસંકલ્પ ભગવાન પરમાત્મા પોતે જ એવું અક્કલ બહારનું કામ કરે એમ કહેવું અને માનવું એ મહાન પ્રજ્ઞાપરાધ છે. પણ મોટે ભાગે પેલો ભર્તૃહરિનો અનુભવબોલ જીતે છે.

यदा किंचित्ज्ञोऽहं द्विपइव मदान्धः समभवं।
तदा सर्वज्ञोस्मीत्यभवदवलिप्तं मम मनः॥
यदा किंचित् किंचित् बुधजनसकाशादवगतम्।
तदा मूर्खोस्मीति ज्वर इव मदो मे व्यपगतः॥

.....પ્રેમના તત્વ ઉપર કદી વિચાર કરીએ છીએ ખરો? વસ્ત્ર હરણના પ્રસંગમાં તો ભગવાન પ્રેમની કાલિમા દૂર કરે છે. પ્રેમ અને પ્રેમપાત્ર વચ્ચેની દિવાલ દૂર કરે છે. ભગવાન પાસે તો નગ્ન રહ્યે જ છૂટકો. પરમાત્મા અને જીવાત્મા વચ્ચે જે સહેજ પણ અંતર-પડદો રાખે છે તેને જન્મમરણનો પ્રબંધ મળે છે. પરમાત્માનો પ્રેમ એ તો કોઈ તત્વ જ જુદું છે. સાચા પ્રેમને જુદાઇ ન ખપે. જુદાઈ હોય ત્યાં પ્રેમ નથી. સાચો પ્રેમ તો સમર્પણ માગે છે. પરમાત્માનો પ્રેમ ઝંખવા માટે ને પ્રાપ્ત કરવા માટે દેહનાં ભાન ભૂલવાં પડે. લજ્જાનું નામનિશાન પણ ન હોવું ઘટે. પરમાત્માને મળવા જવું હોય તો દેહભાન ભૂલ્યે જ છૂટકો. દેહની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાસનાઓને સાથે લઇને પ્રભુ પાસે ન જવાય. પ્રેમીજનોની અંદર રહેલી લાજ અને દેહભાનની નિવૃત્તિ કરવા માટેજ આ વસ્ત્રાપહરણનો પ્રસંગ યોજાયો છે. શુકદેવજી જેવા મહાયોગી અને નિર્વિકાર આત્મા અશ્લીલ વાતની કલ્પના પણ કેવી રીતે કરે? આ પ્રસંગને સમજવામાં ગેરસમજુતી ઉત્પન્ન થાય તો તેથી ભૂંડા પરિણામ આવે. ઊંડામાં ઊંડા સત્ય ચિંતનને છાવરી ન નાંખીએ. પરમાત્માને તો રાસં ખેલવાના હતા. દેહ–ગેહના ભાન ન ભૂલાવે તો એ કેમ બને? જનતાએ પણ આ પ્રસંગનો મર્મ સમજવા પ્રયત્ન કરવો જોઇએ. ભગવાન તો કહે છે કે જે કોઇ જીવાત્મા મારામાં મન અને બુદ્ધિ મૂકે છે તેની કામનાજ બળીને ભસ્મ થઇ જાય છે. પરમાત્મામાં કરેલી ઇચ્છાની મૂળમાંથીજ અશુદ્ધિ બળી જાય છે. આ છે પરમપ્રેમનું ઊંચામાં ઊંચું દર્શન.....

.....એક સમયે ભગવાન ગોવાળો સાથે ગાયો ચરાવે છે. ગોવાળોને ખૂબ ભૂખ લાગે છે. તેઓ શ્રીકૃષ્ણ તથા બલરામને કહે છે કે હે નયનાભિરામ મધુસૂદન! તમે મહાન દુષ્ટોનો સંહાર કર્યો છે. એ દુષ્ટોની જેમ આજે ભૂખ પણ અમને સતાવી રહી છે. તો તે શાંત કરવાનો કંઇ ઉપાય કરશો? ભગવાનને પોતાની ભક્ત બ્રાહ્મણ પત્નીઓ પર અનુગ્રહ કરવાની તક મળી. ગોવાળોને ભગવાન કહે છે કે ભાઇઓ! અહીંથી થોડે દૂર એક એક વેદજ્ઞ કર્મનિષ્ઠ બ્રાહ્મણ યજ્ઞ કરે છે. તમે બધા ત્યાં જાઓ અને કહો કે બલરામે તથા કૃષ્ણે અમને અહીં મોકલ્યા છે. તેઓ ભૂખ્યા હોવાથી થોડી યજ્ઞપ્રસાદી ભોજન માટે મંગાવી છે માટે અમને આપો. ગોવાળો યજ્ઞ થતો હતો ત્યાં જાય છે. અને યજ્ઞપ્રસાદીની માગણી ભગવાનની સૂચના પ્રમાણે કરે છે. બ્રાહ્મણોએ પ્રસાદી આપવાની ના પાડવાથી ગોવાળો નિરાશ થઇ પાછા આવે છે. કૃષ્ણ ભગવાને વિચાર્યું કે બ્રાહ્મણોનું અભિમાન ઊતારવું જોઇએ. ભગવાન ગોવાળોને કહે છે કે ચિંતા ન કરો. તમે ફરીથી ત્યાં જાઓ અને બ્રાહ્મણ પત્નીઓને કહો કે રામકૃષ્ણ ભૂખ્યા થયા છે અને અમારી પાસે પ્રસાદ મંગાવ્યો છે. ગોવાળો ફરીથી ત્યાં જાય છે અને યજ્ઞપત્નીઓ પાસે રામકૃષ્ણના નામે પ્રસાદી માગે છે. રામ અને કૃષ્ણનું નામ સાંભળતાં જ યજ્ઞ પત્નીઓ હર્ષઘેલી બને છે. તમામ રસોઇ લઇને જ્યાં રામ અને કૃષ્ણ બેઠા છે ત્યાં જવા નીકળી પડે છે. બ્રાહ્મણો તેમને રોકે છે પણ તેઓ શેના થોભે? તેઓને તો રામકૃષ્ણના દર્શનની લગની લાગી હતી. ભગવાનનાં દુર્લભ દર્શનનો લાભ અને તેમને જમાડવાની દુર્લભ તક મળી તેથી પોતાની જાતને મહા ભાગ્યશાળી માનવા લાગી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બ્રાહ્મણ પત્નીઓ રસોઈ સાથે ચાલતી થાય છે. અહીં સમજવાનું એ છે કે આ તો વિશુદ્ધ પ્રેમનું લક્ષણ છે. પરમાત્મા જેને બોલાવે–તેનું જેને તેડું આવે પછી કોઇ જીવાત્માની તાકાત નથી કે તે જતાં અટકે કે તેને જતાં, કોઈ અટકાવી શકે ! બુદ્ધ ભગવાનને ભગવાન તરફથી અંતરપ્રેરણા થઇ–અને સત્યનો કોલ–તેડું આવતાં બધું છોડી ચાલી નીકળ્યા હતા તેને કોણ રોકી શકયું હતું ? ક્રૂર અને અક્રૂર પ્રાણીમાત્ર પરમાત્માની પકડની બહાર નથી. યજ્ઞપત્નીઓ દિનરાત પરમાત્માની ભક્તિ કરતી હતી...ભક્તિને નામે પોમલાવેડો નહીં વધારવો. ભક્તિ તો કલ્પલતા છે. પણ વિવેક વગરની ભક્તિ સોનાની કટાર સમાન છે. સોનાની કટાર કેડે રખાય, પેટમાં ન ખોસાય. પરમાત્માને પરમાત્મ સ્વરૂપે ચાહવો એના કરતાં ઊંચો કોઇ ધર્મ નથી. પણ પ્રેમ અને મોહ વચ્ચે તફાવત રહેલો છે.

સાચી ભક્તિના લક્ષણો આપણામાં આવ્યા છે કે કેમ તે આપણે તપાસવું જોઇએ. લાગણીનું વેવલાપણું ન જાઇએ. વિવેકથી વિખૂટી પડેલી ભક્તિ દુઃખી થાય છે. તો વિવેકનો અંકુશ બધા પર રાખવો જોઇએ. મનુષ્ય એ વિવેકી પ્રાણી છે. બુદ્ધિને લાગણીમય કરવાની છે. લાગણીવેડો–પ્રેમલાવેડો કરવાનો નથી. કોઇ ભકત લગ્નમાં જતો હોય અને રસ્તામાં કોઈ માંદો માણસ મળે તો તે લગ્નમાં ન જતાં તે બિમારની સેવામાં જ રોકાશે. ભક્તિથી નિઃસ્વાર્થતા વધે છે કે કેમ ! પરમાત્માનું સાન્નિધ્ય લાગે છે કે કેમ ! તેની તપાસ રાખવી ઘટે. ભક્તિ એ મહા સૌભાગ્ય છે. એના લક્ષણો સંપૂર્ણપણે સમજી લેવાં જોઇએ. પરમાત્મા બ્રાહ્મણનું ઘમંડ તોડે છે. કેવળ સકર્મક રહેવાથી પ્રભુ મળતો નથી. યજ્ઞપત્નીઓનો તો ભગવાન પર અવર્ણનીય પ્રેમ હતો અને તેથી જ ભગવાન પ્રસન્ન થયા હતા. પ્રાણીમાત્ર ભગવાનની ઇચ્છાને આધીન છે. યજ્ઞપત્નીઓ ભગવાન રામ અને કૃષ્ણ પાસે જાય છે ભગવાનને પ્રણામ કરે છે. અને પછી ભગવાનને માટે લાવેલી રસોઇમાંથી જમાડે છે. ગોવાળો પણ જમે છે. જમી રહ્યા પછી ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર બ્રાહ્મણ પત્નીઓને કહે છે કે દેવીઓ તમે મહાભાગ્યશાળી છે. તમારી ઇચ્છા મેં પૂર્ણ કરી છે. તમારી ભક્તિથી પ્રસન્ન થઇ મેં જ તમને દર્શન આપવા અહીં તેડાવ્યા. તમારો સંકલ્પ સિદ્ધ થયો. હવે તમે યજ્ઞસ્થાનમાં પાછા જાઓ. અને તમારા પતિઓ ગૃહસ્થ બ્રાહ્મણો છે. હવે તેની સાથે રહી તમે યજ્ઞકાર્ય પૂર્ણ કરો. યોગેશ્વર શ્રીકૃષ્ણના વચન સાંભળી યજ્ઞપત્નીઓ કહે છે કે હે કન્હૈયા ! તારે ખાતર તો અમે બંડ કરીને અહીં આવ્યાં છીએ. અમારા પતિઓ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પતિઓ અમને હવે નહીં સંધરે! ભગવાન કહે છે કે તમે જાઓ! તમને કશું ન થશે. તમારૂં તો ઉલ્ટું ભાવભર્યું સ્વાગત થશે. યજ્ઞ પત્નીઓ ભગવાનની આજ્ઞાથી પાછી જાય છે. આ બાજુ બ્રાહ્મણોને ખબર પડે છે કે શ્રીકૃષ્ણ તો સ્વયં પરમાત્મા છે એટલે ભગવાનને પ્રસાદ ન અપાયો તેથી બહુ જ પશ્ચાત્તાપ થાય છે. યજ્ઞ પત્નીઓ ઘેર આવતાં તેઓને કોઇ કશો ઠપકો આપતા નથી. ભગવાનના દર્શનનો લાભ ન મળવાથી ઉલટા બ્રાહ્મણો પોતાની જાતને ધિક્કારે છે. અમે તો ભગવાનની માંગણી ન સ્વીકારી મહાન અપરાધ કર્યો; પરંતુ અમારી સ્ત્રીઓએ તેમની માંગણી સ્વીકારી એટલું પણ અમારૂં અહોભાગ્ય એમ માની મન મનાવે છે. તાત્પર્ય એ છે કે કેવળ કોરાં જ્ઞાન અને ક્રિયાકાંડથી પરમાત્મા મળતો નથી. પરમાત્મા પ્રેમથી જ મળે છે.....

.....શ્રીરામ, શ્રીકૃષ્ણ તથા ગાંધીજી જેવા યુગાવતારી પુરુષોના જીવનના પ્રતિભામય વિવિધ પાસાઓ પણ બુદ્ધિપૂર્વક જોવાં જોઇએ. જૂના રીતરિવાજો જો પ્રજાના પોષક ન હોય તો સાપ જેમ કાંચળી ઉતારે તેમ તેને દૂર કરવા જોઇએ, જૂના રીતરિવાજો કામમાં આવે તેવા ન હોય, પ્રગતિના રોધક હોય, જીવનને છૂંદી નાંખતા હોય તો તેનો ત્યાગ કરવો જ જોઇએ. ભગવાન રામચંદ્રજી પિતાની આજ્ઞાનું પાલન કરતા હતા તેમ પિતાની ભૂલ પણ તેમણે સુધારી હતી. પિતાની ત્રણ પત્નીની ભૂલ રામચંદ્રે એક પત્નીવ્રતનું પાલન કરી સુધારી. રામો દ્વિર્નૈવ ભાષતે. રામ એકવચની હતા. બોલતા તે પ્રમાણે જ વર્તતા. એકવચન, એક બાણ, એકપત્ની! રામચંદ્રની પાસે સુધારક મનોદશા હતી, સત્યના પાલનના આગ્રહી હતા માટે જ આજે સર્વ કોઇના હૃદયમાં તેનું સ્થાન છે. આદર્શમય જીવન હોવાથી આજે માનવીની જીભના ટેરવે રામનું નામ રમી રહ્યું છે. ગાંધીજીની હરિજનોદ્ધાર-અસ્પૃશ્યતાનિવારણ પ્રવૃત્તિ એ હિન્દુસમાજનો પ્રશ્ન હતો. માનવતાનો પ્રશ્ન હતો. હિન્દુ સંસ્કૃતિની ખાનાખરાબી થઇ ગઈ હતી. ગાંધીજીને સત્ય લાધ્યું અને સત્ય અને અહિંસાના પરમ ઉપાસક કર્મયોગી એ પ્રચંડ વિરોધ સામે પણ એકલે હાથે ઝઝૂમ્યા. આખા હિન્દુસમાજને વિચાર કરતો કરી દીધો. પ્રજાજીવનને છિન્નભિન્ન કરી નાંખનારી જૂની મનોદશાને ફગાવી દીધી. પ્રજામાનસમાં આવી સમૂળી ક્રાંતિઓ તો યુગપુરૂષો જ લાવી શકે. અને તેથી તેઓ પ્રજાના આરાધ્યદેવ બને છે.

યોગીશ્વર શ્રીકૃષ્ણચંદ્રના જીવના પાસાઓ પણ વૈવિધ્યપૂર્ણ અને તેજસ્વી હોવાથી તેમના કાર્યો તેમની લીલાઓ માનવીને વિચાર કરતા કરી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મૂકે છે. મહાપુરુષોના કાર્યો પાછળ રહેલો ભવ્ય અને ઉન્નત હેતુ સમજવાની દૃષ્ટિ કેળવવાથી જ તેમાં રહેલા ઊંડા રહસ્યનાં દર્શન થશે.

ઇન્દ્રને પોતાના ઐશ્વર્યનો મદ ચઢયો હતો. ભગવાનની ઇચ્છા તેના ગર્વનું ખંડન કરવાની હતી. વ્રજમાં નંદબાબા તથા ગોપ-ગોપીઓ મેઘાધિપતિ ઇન્દ્રની પ્રસન્નતા માટે પર્જન્યયાગની તૈયારી કરે છે. પ્રતિવર્ષ એ પ્રમાણે યજ્ઞ કરતા હતા. યજ્ઞની વાત નંદબાબા શ્રીકૃષ્ણને જણાવે છે. શ્રીકૃષ્ણ પરમાત્મા નંદબાબાને કહે છે કે પિતાજી! દરેક જીવાત્માને તેના કર્મનું ફળ મળે છે. કર્મ પ્રમાણે સુખદુઃખનો તે ભોક્તા બને છે. કર્મ પ્રમાણે બંધન કે મોક્ષ મળે છે. તો પછી ઇન્દ્રની ખુશામત કરવાની શી જરૂર? પૂર્વજન્મના કર્મ પ્રમાણે જીવાત્મા ઉચ્ચ અથવા નીચ યોનિમાં જન્મ ધારણ કરે છે. જે દ્વારા માનવી આજીવિકા સરળતાથી ચલાવી શકે તેજ ઇષ્ટદેવ! પોતાના પતિનો સંગ છોડી અન્ય સાથે જાર કર્મ કરનાર વ્યભિચારિણી સ્ત્રીને જીવનમાં કદી શાંતિ મળતી નથી તેમ પોતાના જીવન નિભાવ અર્થે જેના તરફથી બધી સગવડો અને મદદ મળતી હોય તેને છોડી અન્યની પાસે ભીખ માગવા જવાથી કશો લાભ થનાર નથી. ભગવાન તો યજ્ઞના પુરસ્કર્તા હતા. વિરોધી ન હતા પણ ગુલામી મનોદશાના વિરોધી હતા. ઉપનિષદમાં તો કહ્યું છે કે મૂર્ખ માનવો જ દેવોના ગુલામો છે. તો પછી મનુષ્યમાં દેવોની ગુલામીની ભાવના આવી ક્યાંથી? ખોટી માન્યતાઓ, વહેમ અને ડર એનું કારણ છે. ચાલી આવેલી પ્રથા આ અનુસરવા યોગ્ય છે-સત્ય છે એમ માનીને અનુસરવામાં આવતું નથી પરંતુ લાંબા સમયથી તે ચાલી આવી છે એવી માન્યતાથી, સત્યાસત્યનો વિચાર કર્યા સિવાય અંધ અનુકરણ કરવામાં આવે છે. જૂનવાણી ગુલામી મનોદશા દૂર કરવા માટે ભગવાન આદેશ આપે છે. મોરારજી દેસાઇ જનોઇ તોડી ફેંકી શકે. તેમ કરવાનો તેને હક્ક છે. તે ત્યાગમય અને તપસ્વી જીવન જીવતા હોવાથી તેમને માટે તે યોગ્ય હોઇ-કડવું પણ સત્ય, એવા સદ્‌ગુણસંપન્ન મનુષ્યો જ સંભળાવી શકે. તેના સદ્‌ગુણોને, મનુષ્ય તરીકે તેનામાં રહેલી મહત્તાને અંજલિ આપવી જોઇએ. સડેલા વિચારો જે વહેમના જાળાંઓ તરીકે ચાલ્યા આવ્યા છે તેને કદી પોષવા ન જોઇએ. બુદ્ધિપૂર્વક વિચાર કરી યોગ્યનું ગ્રહણ અને અયોગ્યનો ત્યાગ કરતાં શિખવાની વર્તમાન સમયમાં ભારે અગત્ય છે. ઇન્દ્ર ભગવાન વરસાદ મોકલે માટે આપણે તેની પૂજા કરીએ એ તો ગુલામી મનોદશા થઇ એમ જણાવી શ્રીકૃષ્ણ કર્મ કરવાનો ઉપદેશ આપે છે. स्वंस्वे कर्मण्यभिरतः संसिद्धिम्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ક્રમતે નરः નિયત કરવામાં આવેલ કર્મ દત્તચિત્તથી કરનારને જ સિદ્ધિ મળે છે. ભગવાને ગીતા લખી તે પહેલાં આ પ્રસંગ બની ગયા હતા. કર્મો ઐશ્વર્ય માટે કરવા ઘટે. ભગવાન કૃષ્ણચંદ્ર કહે છે કે ઈન્દ્ર આપણે માટે વરસાદ કેવી રીતે મોકલે! વરસાદ તો પરમાત્મા મોકલે છે-ઇન્દ્ર તો પરમાત્માની કચેરીનો હેડ ક્લાર્ક છે. આ વર્ષે આપણે યજ્ઞ ન કરીએ તો વરસાદ આવે છે કે નહીં તે તો જૂએ! હિંદની પ્રજાને સ્વર્ગ ભાવે છે પણ પૃથ્વી પર જીવતાં ન આવડે તો પ્રભુ કદી મળતો નથી. ભગવાનની વાત નંદબાબાને ગળે ઉતરે છે. પર્જન્ય યાગને બદલે પર્વત પૂજા કરવા બધા સહમત થાય છે ગોવર્ધન પર્વત પર પૂજાકાર્ય શરુ થાય છે. પર્વતને સુંદર રીતે શણગારવામાં આવ્યો છે. દુધપાક લાડુ વગેરેનો નૈવેદ્ય ધરાવે છે. એ સમયે ભગવાન સ્વયં ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી પ્રગટ થાય છે. બધા પ્રણામ કરે છે. નૈવેદ્યમાંથી ભગવાન એક રૂપે નૈવેદ્યમાં લાડવા મૂકે અને બીજા રૂપે ખાય. ભારે પ્રેમ અને આનંદથી ઉત્સવ ઉજવાય છે. ગોવર્ધનની પ્રતિમા રૂપે પરમાત્મા તેઓને કહે છે કે હે નંદબાબા! હે ગોવાળો! હે ગાયો! હું તમારા પર પ્રસન્ન થયો છું. તમારી મનકામનાઓ હું પૂર્ણ કરીશ. કોઈ ચિંતા ન કરશો. શ્રીકૃષ્ણ પોતાના સ્વરૂપને પોતાનામાં સંકેલી લે છે. ઉત્સવ બાદ બધા હર્ષભેર વ્રજમાં જાય છે.

આ તરફ સ્વર્ગમાં ઇન્દ્રને ખબર પડે છે કે આ વર્ષે ગોપ લોકોએ મારો પર્જન્યયાગ કર્યો નથી. તેઓએ મૃત્યુલોકના માનવી કૃષ્ણનો આસરો લઇ દેવલોકનું અપમાન કર્યું છે. ઇન્દ્રના ક્રોધનો પારો ઊંચે ચઢે છે. પ્રલયકાળના મેઘને બોલાવી નંદજીના વૃંદાવન પર પડી તેનો નાશ કરવાની આજ્ઞા કરે છે. પ્રલયમેઘો વ્રજભૂમિ પર મુસળધાર વરસાદ વરસાવે છે. આખું વ્રજ જળજળાકાર થઇ જાય છે. વ્રજવાસીઓ ભયંકર મેઘવૃષ્ટિથી ત્રાસી ધ્રૂજતા ધ્રૂજતાં ભગવાન શ્રીકૃષ્ણને શરણે જાય છે. અને પ્રાર્થના કરે છે કે હે કૃષ્ણ! આ તો દેવનો કોપ થયો! અમારૂં રક્ષણ કરો! કૃષ્ણે વિચાર્યું કે આ બધા ભયગ્રસ્ત થઇ મારા શરણે આવ્યા છે માટે તેઓનું રક્ષણ કરવું જ જોઇએ. જે કોઈ જીવાત્મા મારામાં વિશ્વાસ મૂકી મારે શરણે આવે તેનું રક્ષણ કરવું એ તો મારો ધર્મ છે. શ્રીકૃષ્ણ કહે છે કે ગભરાશો નહીં! હું જે કરૂં તે બધા જોયા કરો! ભગવાન પોતાના યોગબળે લઘિમા શક્તિમાં સંયમ (ધારણા, ધ્યાન અને સમાધિ એકી વખતે કરવામાં આવે તે સંયમ) વડે ગોવર્ધન પર્વતને રૂના ગુચ્છ જેવો હલકો બનાવી ઉપાડી લે છે અને બાળક જેમ છત્રીને ઊંચકે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેમ પોતાની ટચલી આંગળી ઉપર પર્વતને ઊંચકી રાખે છે. તમામ વ્રજવાસીઓને તેમની ગાયો અને વાછરડાંઓ સહિત તેની નીચે બોલાવી લે છે. સાત દિવસ સુધી એ પ્રમાણે ગોવર્ધન પર્વતનું ધારણ કરે છે. ઇન્દ્રનું અભિમાન ગળી જાય છે.

गवांवर्धनः गोवर्धनः—ઈંદ્રિયોનું વર્ધન કરે છે અહંકાર. આપણા નસીબયોગે સંસારના અનુભવમાં દૈવી વૃત્તિઓને રક્ષણ જોઇએ. દૈવીવૃત્તિ અહંકારને ઊંચકી આપે છે એટલે વિવેકબુદ્ધિની સોડમાં જે ચાલ્યા જાય છે તેનો ઉદ્ધાર થાય છે. આ બધાનો આધ્યાત્મિક અને આધિભૌતિક અર્થ પણ સમજવો જોઇએ.....જીવન જેવું ઘરમાં તેવું જ બહાર પણ હોવું જોઇએ. ખાનગી જીવન અને જાહેર જીવન જુદાં ન હોવાં જોઇએ.....ઈંદ્રના અહંકારનો ભંગ થાય છે. ગોપ–ગોપીઓના હૈયામાં પ્રેમસાગર ઉછાળા મારી રહ્યો છે. ઈંદ્ર અને સુરભિ ભગવાન પાસે આવી ક્ષમા માગે છે. સ્વર્ગની સુરભિ નામની ગાયમાતા તેની દીકરી કામધેનુદ્વારા ભગવાનને અભિષેક કરે છે.....ગાંધીજી કોંગ્રેસના પ્રમુખ હતા. શ્રીકૃષ્ણ kingmaker–રાજાઓના બનાવનાર હતા. પ્રાણીમાત્રના હૃદયસમ્રાટ તરીકે અદ્યાપિ રહ્યા છે. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણનો એકાંતમાં રાજ્યાભિષેક થાય છે ત્યારે દુનિયાના તમામ પ્રાણીઓ નિર્વૈર થઇ જાય છે. અહીં શ્રીકૃષ્ણનો પ્રાણીમાત્રના હૃદયસમ્રાટ તરીકે અભિષેક થયો હતો એમ સમજવાનું છે.....

.....રાસલીલા એટલે ભાગવતનું હૃદય=પંચપ્રાણોનો એક પ્રાણ. રાસલીલા એ જીવનનું ઊંચામાં ઊંચું દર્શન છે. મહાન દેશની મહાન પ્રતિભાએ રાસલીલાનું વર્ણન કર્યું છે. રાસ પંચાધ્યાયી જે સાંભળશે તેના હૈયાનો રોગ,–સંસારની કામના બળીને ભસ્મ થઈ જશે. વ્રજવધૂઓની સાથે ભગવાનની ક્રીડાનો વિચાર કરશે તેની હૃદયગ્રંથી ભેદાશે. રાસ=જેમાંથી રસ ટપકે તે રાસ. પરમાત્માનો રસ તે પ્રેમરસ. પરમાત્મા, પ્રેમ અને સત્ય એ એક જ વસ્તુના ત્રણ નામ છે. જેવી રીતે ગાયને ગૂજરાતીમાં ગાય, સંસ્કૃતમાં ધેનુ, અંગ્રેજીમાં cow કહેવામાં આવે છે. તેથી ગાય તે ગાય મટીને અન્ય પ્રાણી બની જતું નથી. નામભેદથી પદાર્થભેદ થતો નથી. પ્રેમની ઊંચામાં ઊંચી અવસ્થા કયી! એ જો જાણવું હોય તો રાસ પંચાધ્યાયી બરાબર સમજવી જોઇએ. રાસપંચાધ્યાયી એ ભોગવિલાસની પ્રસ્તાવના નથી. પ્રેમનું સર્વોચ્ચ તત્વ ક્યાં જઇ અટકે છે તે શુકદેવજી, સામાન્ય માનવીને રસ અને ચિંતકને સાચી સમજ પડે તેવી રીતે રજૂ કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હેમંતઋતુમાં ગોપ કન્યાઓએ કાત્યાયની વ્રત કર્યું ત્યારે શ્રીકૃષ્ણે ગોપ બાળાઓને હું તમારી સાથે રાસક્રીડા કરીશ એમ કહેલું. આપણા રસશાસ્ત્રમાં નવ પ્રકારના રસો કહેલા છે. રસો વૈ સઃ ઇશ્વર રસસ્વરૂપ જ છે. આ નવ રસોમાં કરૂણરસ અને શૃંગારરસ મુખ્ય છે. રામાયણ એટલે કરૂણરસ. ભાગવત–શ્રીકૃષ્ણચંદ્ર એટલે સમરસ. બધા રસોનું પર્યવસાન એ બે કરૂણ અને શૃંગારરસમાં થાય છે. પ્રેમરસ એ સ્થિરભાવ. ચિંતકની દ્રષ્ટિએ કરૂણરસ ઊંચો. માનવીદશાએ શૃંગારરસ ઊંચો. સમાધિદશાએ શૃંગારરસનું શુદ્ધિકરણ જે પ્રેમરસ છે તે ઊંચો. બન્ને રસો અદ્વૈતભાવના દ્યોતક છે. અર્થાત્ દ્વૈતમાંથી અદ્વૈતમાં લઈ જનારા રાજમાર્ગો છે. પ્રેમરસનો સ્વાદ પ્રાણીમાત્રમાં હોય છે. પ્રેમ ન હોય તો જીવવું અશક્ય. એ રસને અનુભવવા માટે ઊંચામાં ઊંચી ભૂમિકા પર જવું ઘટે. આનંદ–પ્રેમ ઇંદ્રિયોપભોગનો પણ હોય, વિચાર અને બુદ્ધિનો પણ હોય, અને પરમાત્માનો પણ હોય. સત્યપ્રેમ માટે અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે. અગાધ પ્રેમ–સિંધુના બિંદુ કેમ થવું તે જાણવું જોઇએ. માણસ ચાહ્યા સિવાય રહી શકતો જ નથી. માતા પોતાના પુત્રને ચાહે છે, તેજ પ્રેમ પરમાત્માને ચાહવામાં પણ કામ આવે છે. એ અનુભવ પરમાત્મ પ્રેમમાં વિશુદ્ધિ પામે છે. માતાનો પ્રેમ કેટલો નિરપેક્ષ! કેટલો નિર્વ્યાજ! કેટલો વિશુદ્ધ! એજ પ્રેમને ઉઠાવી પરમાત્મામાં મૂકવામાં આવે તો પરમાનંદ મળે. વિષયભેદે પ્રેમની ભવ્યતા પણ અપરંપાર વધે છે. સૌથી ઊંચો પ્રેમ પરમાત્માને ચાહવામાં છે. માણસ જ્યારે વ્યક્તિને ચાહે છે ત્યારે વિરોધ થાય છે. એક જ વ્યક્તિને ઘણા ચાહે ત્યારે લડાઇના બીજ નંખાય છે. પરમાત્મા સર્વ સામાન્ય છે. એ પરમાત્માને પરમપ્રેમથી ચાહો, તેના પ્રત્યે અસીમ પ્રેમ વર્ષાવો તો કોઇને વાંધો ન હોય. એ સંપૂર્ણ અહિંસક પ્રેમ છે. માનવી માનવીને માનવી માફક ચાહે તેમાંથી હિંસા ઉત્પન્ન થાય છે. પરમાત્મા મારતો નથી. એ સનાતનતત્વ હોઇને અને આપણે પણ સનાતન તત્વ હોવાથી ખરો પ્રેમ પરમાત્મા પ્રત્યે જ હોવા ઘટે. રાસપંચાધ્યાયીના પ્રથમ અને છેલ્લા શ્લોકમાં ભગવાન શુકદેવજી કહે છે કે ભગવાનને રાસક્રીડા રમવાની ઇચ્છા થઇ. પાંચ વર્ષના કૃષ્ણને નહીં. એ તો યોગમાયાના ઉપાશ્રયે ભગવાનને થયેલી ઇચ્છા હતી. ભગવાન બંસરી છોડે છે. શરદ પૂર્ણિમાની રાત્રિ છે. બંસરીના સૂર વ્રજની ભૂમિમાં પહોંચે છે. એ બંસરીનો અવાજ ન હતો. પ્રેમનો અવાજ હતો. બધી ગોપકન્યા એમ માનતી કે મારા પર જ કૃષ્ણનો ખૂબ પ્રેમ છે. એટલે એક બીજાને કહ્યા સિવાય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બધી ગોપીઓ કૃષ્ણની પાસે ખેંચાઇ આવે છે. માનવીય પ્રેમની વાત હોય તો આવું બને ખરૂં કે ? બંસરીનો અવાજ સાંભળી ગોપીઓને શું થાય છે ? જે ગોપીઓ ગાયો દહોતી હતી તેના દૂધના તામડાં તેમને તેમ રહે છે. બાળકને સ્તનપાન કરાવતી સ્ત્રીઓ બાળકને તુરત અળગા કરી દે છે. પતિસેવાના કાર્યમાં રોકાયેલી સ્ત્રીઓ સેવાકાર્ય પડતું મૂકે છે. રસોઇ કરતી સ્ત્રીઓ રસોઈ કરવાનું છોડી છે. વસ્ત્રાલંકાર ધારણ કરતી સ્ત્રીઓ શણગાર પડતા મૂકે છે. શ્રીકૃષ્ણચંદ્રની બંસરીનો મોહક અને માદક અવાજ સાંભળતાની સાથેજ પોતપોતાનું કાર્ય પડતું મૂકી ચાલી નીકળે છે. તેઓના કેશ, વસ્ત્રો પણ અસ્તવ્યસ્ત હતાં. ચિત્રમાં આલેખાયલી સ્ત્રીની જેમ તેઓના ચેતનને લકવો થયો હતો. દેહના પણ ભાનસાન ન હતાં. પ્રેમશાસ્ત્રની સાચામાં સાચી ગુરૂ એ ગોપસ્ત્રીઓ હતી. કામીજન પ્રેમપાત્રને મળવા બનીઠનીને જાય કે અસ્તવ્યસ્ત દશામાં જાય ? પરમાત્માનો સાદ થતાં કર્મના બંધન તૂટી જાય છે. પરમાત્માના પ્રેમમાં મૂર્છિત ગોપી કોઇની વારેલી વળતી નથી..... કનૈયો કાળો કેમ ? પ્રાણીમાત્રના પાપો પીપીને કાળો બન્યો હતો....પ્રિયને તે મનથી પ્રાપ્ત થાય છે. કેટલીક ગોપીઓને કૃષ્ણ પાસે આવતાં અટકાવ્યા. તેમના પતિઓએ ઘરના બારણાં બંધ કર્યાં. એટલે તે ગોપીઓ ત્યાં જ પ્રેમાવેશમાં મૂર્છિત થઇ ગઇ. પ્રિયનું Superlative form તે પ્રિયતમ છે. વિરહના–વિયોગના દુઃસહ અગ્નિમાં ગોપીઓના તમામ આશયો બળીને ખાખ થઈ ગયા હતા. પાપ અને પુણ્યના માળખારૂપ શરીરમાંથી પાપોનું એટલે વાસનાનું દહન થઇ ચૂકયું હતું એટલે રહ્યો માત્ર પુણ્ય–આશય. ગોપીઓમાં જ્ઞાન હો કે ન હો. તે જોવાની જરૂર પણ નથી. અગ્નિનો સ્પર્શ થતાં તેનો પ્રભાવ જણાય છેજ. તેમ પોતે મલિન થયા સિવાય તમામ જીવોના મેલો–પાપો ભસ્મ કરવાનું પ્રભુનું વ્રત છે. ગોપીઓની જારબુદ્ધિ એટલે પાપપુણ્યનો આશય. પ્રભુના આકર્ષણો બળી ભસ્મ થઇ જાય છે. જાગ્રત સુષુપ્ત અને સ્વપ્નાવસ્થા એ ત્રણ અવસ્થામાંથી એકેનું ય ભાન ન હોવું–અભાન જેને વેદાંતની પરિભાષામાં અધ્યાસની નિવૃત્તિ કહેવામાં આવે છે અર્થાત્ પાંચે કોશોમાંથી આત્માનું ઉઠમણું–એ થતાં આનંદ સ્વરૂપ પરમાત્માના મિલન માટે દોડ થાય છે. ગોપીઓના ગુણપ્રવાહનો નાશ થવાથી પરમાત્મા પ્રતિ આકર્ષાય છે. જેમ કોઇ ઔષધ પેટમાં જતાં તેની અસર થાય જ તેમ પરમાત્માને કોઈ પણ ભાવે જીવાત્મા વળગે તેને તે ન્યાલ કરી દે છે. આ દૃષ્ટિથી વિચારતાં ગોપીઓના જારભાવ માટે વિચારને સ્થાનજ નથી. જહુર્ગુણમયં દેહં.....ગુણમય દેહને તજીનેજ પ્રભુ પાસે જવાય !

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગોપીઓ કૃષ્ણ પરમાત્માની પાસે પહોંચતાં જ ભગવાન તેમને પૂછે છે કે કહો! હું તમારૂં શું પ્રિય કરૂં? વ્રજભૂમિમાં બધા કુશળ તો છે ને? તમે બધાં રાત્રિના આ ઘોર ભયંકર સમયે અત્રે કેમ આવ્યાં છો? જાવ ઘેર જાવ! તમારા પતિ–માતાપિતા વગેરે તમને ઘરમાં ન જોતાં શોધાશોધ કરી મૂકશે. તમને રાત્રિના આવા સમયે બહાર જવા માટે ઠપકો આપશે. હે ગોપીઓ! સ્ત્રીઓનો ધર્મ તો પતિની અને ભાઇભાંડુઓ તથા સંતાનોની નિષ્કામભાવે સેવા કરવાનો છે. પોતાના પતિને છોડી અન્યનો સમાગમ શોધનાર સ્ત્રીની અવગતિ થાય છે. તેનો આલોક અને પરલોક બન્ને બગડે છે. જો તમે મારા અનન્ય પ્રેમની આશાથી અહીં આવી હોત તો સમજી લો કે મારા સ્વરૂપના દર્શન અને મારા ગુણાનુવાદનું શ્રવણ અને કીર્તન કરવાથી મારા અનન્ય પ્રેમની જેવી પ્રાપ્તિ થાય છે તેવી મારી પાસે રહેવાથી થશે નહીં. માટે તમો બધા તમારે ઘેર જાઓ! એમ કહેવામાં પ્રભુનો આશય, ગોપીઓને તેમના પતિ–માતાપિતા–પુત્ર–સંસાર વગેરે પ્રતિ કોઇપણ આસક્તિ રહી છે કે કેમ તેની કસોટી કરવાનો હતો. ટૂંકમાં ભગવાન તેમનો પ્રેમ વિશુદ્ધ થયો છે કે કેમ તેની છણાવટ કરે છે. છેલ્લે ભગવાન લોકાપવાદનો ભય બતાવી કહે છે કે તમે બધી યુવતીઓએ આ સુંદર ઉપવન, આલ્હાદક ચાંદની, યમુના પરથી આવતી મંદ મંદ પવનની લહરીઓ, પુષ્પોની સુગંધ–વૃક્ષો–મનોહર વૃક્ષો અને પુષ્પલતાઓ વગેરે જોયાં છે. મધ્યરાત્રિએ તમને અહીં આવેલી જોઇ લોકો તમને શું કહેશે? તમે મારા પ્રત્યેના પ્રેમના આકર્ષણથી આવ્યા છો ને? માટે જ કહું છું કે પાછા જાઓ! ભગવાનને આ પ્રમાણે કહેતાં સાંભળી ગોપીઓના દુઃખનો પાર રહેતો નથી. ગોવિંદને ખાતર, સામાજિક બળવો કરીને, પોતાનું સર્વસ્વ ત્યાગીને આવેલી ગોપીઓ ખૂબ વિષાદી થાય છે. તેમના સંકલ્પો તૂટી ગયા. શરમાઇને ભૂમિ ખણવા લાગી. આંખોમાંથી આંસુઓની ધારા વહી રહી છે. ચિત્રવત્ ઊભેલી ગોપીઓ કહે છે કે હે શ્યામસુંદર! પરમાત્મા જેમ પોતાના ભક્તને–મુમુક્ષુને સેવે છે તેમ હે પ્રભુ આપ અમારો ત્યાગ ન કરો. પરમાત્મન્! અમે તમામ વિષયો અને વાસનાઓનો ત્યાગ કરીને તારી પાસે આવ્યા છીએ–હે ગોવિંદ! તારે માટે! તું અમારૂં પ્રેમપાત્ર છે. અમારૂં સર્વસ્વરૂપ છે તારી પ્રસન્નતા માટે જે કાંઇ કરવું પડે તે બધું કરીને આવ્યા છીએ. હે પ્રભુ! પતિ વગેરેની સેવા કરવી એ સ્ત્રીઓનો પરમ ધર્મ છે એ આપનું કહેવું અક્ષરશઃ સત્ય છે. પરંતુ આપ તો સાક્ષાત પરમાત્મા છો. પતિ–પુત્ર–માતાપિતા વગેરે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રત્યે અમારો જે પ્રેમ સંબંધ છે તે તમામ તમારામાં સમર્પિત કર્યા છે, કારણ કે તમે તો તમામ દેહધારીઓના આત્મા, મિત્ર અને પ્રિયતમ છો. જે જીવાત્મા તમને અને તમારા સ્વરૂપને ઓળખે છે તેઓ તો ફક્ત તમારા પ્રત્યેજ પ્રેમ કરે છે. કારણકે તમારા સિવાય જગતની તમામ વસ્તુઓ નાશવંત અને પરિણામે દુઃખ આપનારી છે. તમે તો પરમપ્રેમાસ્પદ–અમારો આત્માજ છો. પહેલાં અમારૂં ચિત્ત સંસારમાં પરોવાયલું રહેતું હતું. પરંતુ હવે અમારી સ્થિતિ જુદીજ છે. તમારા ચરણકમલનું શરણું છોડી અમે હવે ક્યાંયે જનાર નથી. આથી અમે હવે વ્રજમાં શા માટે જઇએ? અમે તો અમારૂં સર્વસ્વ તમને અર્પણ કરી ચૂક્યા છીએ. માટે અમારો સ્વીકાર કરો. જો તમે અમારો સ્વીકાર ન કરશો તો વિરહાગ્નિની જ્વાળાથી અમે અમારા શરીર બાળી નાંખશું અને ધ્યાનદ્વારા તમારા ચરણકમલોને પ્રાપ્ત કરીશું. ભગવાન્! આપના ચરણોનું શરણું સ્વીકારનાર તમામના દુઃખો તમે દૂર કર્યા છે. અમે પણ તમારે શરણેજ છીએ. તમારા સ્પર્શથી અમને પાવન કરો. અમારો સ્વીકાર કરો! પ્રભુ વળી પ્રશ્ન કરે છે કે તમે મારા રૂપ પર મોહિત થઇને તો નથી આવ્યા ને? ગોપીઓ કહે છે કે ખરેખર! તમારૂં ત્રિભુવન મોહક રૂપ જોઇનેજ આવ્યા છીએ. મહાન યોગી મુનિઓ તમારા રૂપમાં મોહ પામ્યા તો પછી અમારો શો વાંક? અમે તો આપની કિંકરીઓ છીએ.....

ગોપીઓની વ્યાકુળતા અને દીનવાણીથી ભગવાનને દયા આવે છે. ભગવાન તો દયાનિધિ જ છે ને? ભગવાન શ્રીકૃષ્ણ અચ્યુત પણ કહેવાય છે. ગોપીઓની પ્રાર્થના સ્વીકારે છે અને યમુનાજીની રેતીમાં પૂર્ણચંદ્રની મધુર શીતળ આલ્હાદક ચાંદનીમાં ગોપીઓ સાથે ક્રીડા કરે છે. સખા અને સખીભાવને–મધુરભાવને ભગવાન ગોપીઓ સાથે ઊંચી ભૂમિકા પર લાવે છે. ગોપીઓ મનમાં વિચારે છે, જગતની સર્વ સ્ત્રીઓમાં અમારું સ્થાન સર્વશ્રેષ્ઠ છે. અમારા જેવી ભાગ્યશાળી કોઈ નથી. ગોપીઓના મનનો આ ભાવ ભગવાન કળી જાય છે. ભક્તનું પતન પરમાત્માને પસંદ નથી. ગોપીઓનો અહંભાવ –ગર્વનો નાશ કરવા અને તેઓને ભાન કરાવવા એકાએક અદૃશ્ય થાય છે. આ પ્રમાણે અદૃશ્ય થવામાં બે કારણો હતાં. એક તો ગોપીઓના માનનું ખંડન અને બીજું પ્રેમ સંયોગમાં ખીલે છે તે કરતાં વિપ્રયોગ–વિયોગમાં વધે છે તેની પ્રતીતિ કરાવવા–પરમાત્મા આઘો રહે છતાં તેના પ્રત્યેનો પ્રેમ અવિચ્છિન્ન ચાલુ રહે તો તે પ્રેમની ઊંચી ભૂમિકા છે. સાચો પ્રેમ જીવનને પ્રફુલ્લિત કરે છે. સંયોગ કરતાં વિયોગના સાહિત્યે માનવજાતને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સુશોભિત કરી છે. પરમાત્મા અદૃશ્ય થતાં બધી ગોપીઓનાં હૈયામાં ફાળ પડે છે. જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ ગોપીઓના પ્રેમનો પારો ચઢતો ગયો. પોતાનું સ્વરૂપ ભૂલી શ્રીકૃષ્ણમય બની ગઇ. અને કૃષ્ણની ભિન્ન ભિન્ન ચેષ્ટાઓનું અનુકરણ કરવા લાગી. દેહના ભાન તો રહ્યાં જ ન હતાં. પ્રેમનું આ ઊંચામાં ઊંચું સ્વરૂપ છે. પ્રેમ એ તન્મયતાની સમાધિ છે. સાચો પ્રેમ હંમેશ ન્યોછાવરી માગે છે. ગોપીઓની ન્યોછાવરી એ સાચા પ્રેમનું દર્શન કરાવે છે. ગોપીઓ કૃષ્ણને શોધતી શોધતી વન ઉપવનમાં ઘૂમી રહી છે. લતાએ લતાએ, વૃક્ષે વૃક્ષે, વેલીએ વેલીએ પૂછે છે કે ક્યાં છે અમારો કનૈયો ? કોઈ જવાબ મળતો નથી. હરણો, મોર તથા વનના અન્ય પંખીઓને પૂછે કે અમારો કનૈયો જોયો છે ? તે ક્યાં છે? ભાવાવેશમાં ગોપીઓ ભગવાનની લીલાઓનું પુનરાવર્તન કરતી વર્તી રહી છે. ગોપીઓ સાચેજ શ્રીકૃષ્ણમય બની ગઇ હતી. પરમાત્માના ગુણાનુવાદ અને લીલાઓનું ગાન કરતાં દેહગેહનાં ભાન રહ્યાં ન હતાં. પ્રેમનો પરિમલ આપણે કદી માણ્યો નથી. દેહગેહનું ભાન ભૂલવું, ભાવાનુવેશ થવો એ સમાધિની પ્રસ્તાવના છે. ધ્યાતા, ધ્યાન અને ધ્યેયમાં ધ્યાતા અને ધ્યાનનો પણ ન્યક્કાર થઇ જાય–કેવળ ધ્યાયાવેશ જ રહે એજ સમાધિ છે! પ્રેમ સમાધિમાં પણ એજ હોય છે. ગોપીઓનો પ્રેમ કેવળ ધ્યેયસ્વરૂપ બની જાય છે તે આપણે જાણ્યું નથી. એથી આગળ સમાધિ અવસ્થા અને તેથી પણ આગળ રસ સમુદ્રમાં ડૂબકી આવે છે. આ અવસ્થામાં ગોપીકાઓ ભગવાનનાં પગલાં જુએ છે. બે ને બદલે ચાર પગલાં જુએ છે. રાધાને પણ તે વખત અભિમાન થયેલું અને ભગવાન તેને પણ ભાન કરાવવા અદૃશ્ય થયેલા. પ્રિયતમ કનૈયો શોધ્યો જડતો નથી. દુઃખી થયેલી ગોપીઓ પાછી યમુના કિનારે આવી શ્રીકૃષ્ણની પ્રાર્થના કરે છે અને તેના ગુણાનુવાદ ગાય છે. વિયોગાવસ્થામાં પ્રેમનું પોષણ થાય છે. અશ્રુ પ્રેમનું પોષણ કરે છે. પત્થરને પણ પીગળાવે તેવા કરુણસ્વરે ગોપીઓ ભગવાનના ગુણાનુવાદ ગાય છે.....

.....વિરહવ્યથાથી વ્યાકુળ બનેલી ગોપીકાઓ ભગવાનના ગુણાનુવાદ ગાય છે કે હે પરમાત્મન્! તમે તો જીવમાત્રના સુખદાતા છે. દુઃખહર્તા છે. તમે તો દયાનિધિ! કૃષ્ણનિધાન! કરુણાસાગર, ભક્તવત્સલ–પતિતોદ્ધારક છો. બધાના દુઃખોને હરનારા છો તો પછી અમારૂં દુઃખ શા માટે દૂર કરતા નથી. અમને શા માટે તલસાવો છો ? હે મોહન! અમારા ચિતડાંના ચોર થઇને શા માટે સતાવો છો? સર્વને વરદાન આપનાર અમને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જીવતદાન ન આપે? તમારા નયનકટાક્ષથી અમારાં હૈયાં વિંધાયલાં છે. ભગવન્! આપે પૂતના, અઘાસુર, બકાસુર, વત્સાસુર, કાલિયનાગ વગેરે દૈત્યોનો નાશ કરી અમારી રક્ષા કરી અમારે માટે આપ દાવાનળ પી ગયા. અનેક ભયંકર આપત્તિઓમાં આપે અમારી રક્ષા કરી. શું અમારી આ દશા કરવા અમને બચાવ્યાં હતાં? આપની વિરહ જ્વાળામાં અમને શા માટે બાળી રહ્યા છો? હે શ્યામસુંદર! શું અમને અમારા સૌભાગ્ય અને માનનો મદ ચઢયો તેથી આપ અંતર્ધ્યાન થયા? આપના ચરણકમલનું શરણ લેનારને આપ અભયદાન આપો છો. વ્રજવાસીઓના તો અહોભાગ્ય કે આપના ચરણકમલ સુલભ બન્યા. વ્રજભૂમિ પણ આપના ચરણોથી ધન્ય થઈ છે. અમારે ખાતર વિષધર કાલિયનાગની ફેણ પર પણ આપે પગલાં પાડયાં. આપ આપના ચરણકમલ અમારા હૃદય પર રાખી અમારો વિરહાગ્નિ શાંત કરો. પ્યારે મોહન! તારા અધરામૃતનું પાન કરાવી અમને નવજીવન આપો! આપની લીલાઓ –ગુણાનુવાદનું ગાન રૂષિ મુનિઓ અને દેવો પણ ગાતાં ધરાતા નથી. આપે જગતના કલ્યાણ માટે અવતાર ધારણ કર્યો છે. પરમમંગલમય કરૂણામૂર્તિ પરમાત્મન્! અમારા પર દયા કરી આપ દર્શન આપો! એ પ્રમાણે ગોપીઓ પરમાત્માના ગુણાનુવાદ તન્મયતાથી ગાય છે. ગોપીકાગીત એ પરમાત્મા પ્રત્યે ગોપીઓનો કેટલો આગાધ પ્રેમ હતો તે જણાવે છે. સર્વત્યાગની–સ્વાર્પણની–ન્યોછાવરીની તત્પરતા એ પ્રેમની છેલ્લી અગ્નિ પરીક્ષા છે. જે પરમાત્માને માટે રૂદન કરે છે તેના હૃદયદ્વાર ઉઘડી જાય છે. પ્રભુ તેને તેના અંતરમાંજ ડોકીયું કરાવી પોતાના દર્શન કરાવે છે. જે જીવ અતિશય આર્ત સ્વરે પ્રભુને પોકારે છે તેના સમક્ષ પ્રભુ છતો થાય છે. ગોપીઓનું કરૂણ રૂદન સાંભળી દયાળુ ભગવાન તેઓ પર કૃપા કરે છે. જેના મુખકમળમાંથી મંદ મંદ મારકણું હાસ્ય ટપકી રહ્યું છે, મન્મથને પણ શરમાવે એવી કાન્તિ છે, એવા ત્રિભુવનમોહન શ્રીકૃષ્ણ ભગવાન ગોપીકાઓની વચ્ચે પ્રગટ થાય છે. પ્રભુનું પ્રાકટય થતાં, તેનું વિશ્વમોહકરૂપ જોતાં ગોપીઓ તેને વળગી પડે છે. કોઈ હાથ પકડે છે તો કોઇ ખભાપર હાથ મૂકે છે. કોઈ પ્રભુના ચરણ પકડે છે તો કોઈ માની ગોપી ક્રોધપૂર્વક પ્રેમકટાક્ષ કરે છે. એક ગોપીએ તો કનૈયો એક વખત નાસી ગયો એટલે હવે તેને ફરીથી ન જવા દેવાના વિચારથી નેત્રરંધ્રદ્વારા અંતરમાં જડી લઈ કાયમને માટે રોકવા આંખો બંધ કરે છે. મતલબ કે બધી ગોપીઓ ભગવાનની પ્રાપ્તિ થતાં આનંદમાં પરિપ્લુત થઈ ગઇ હતી. ત્યારબાદ યોગેશ્વર શ્રીકૃષ્ણ ગોપીઓ સાથે ત્રૈલોક્ય મોહન રાસ ખેલે છે.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

.....પરીક્ષિત રાજા શુકદેવજીને પ્રશ્ન કરે છે કે ભગવાન્! ભગવાનની રાસલીલાથી મારા મનમાં એક પ્રશ્ન ઉદ્ભવે છે. ભગવાન શ્રીકૃષ્ણ તો પૂર્ણાવતાર પૂર્ણપુરૂષ છે. ધર્મ સંસ્થાપનાર્થાય વિનાશાયચ દુષ્કૃતામ્ ધર્મની સ્થાપના અને અધર્મના નાશને માટે હું અવતાર ધારણ કરૂં છું એમ ભગવાન પોતાના શ્રીમુખે કહે છે. તો પછી ધર્મમર્યાદા કરનાર, તેનો ઉપદેશ કરનાર અને રક્ષક શ્રીકૃષ્ણચંદ્રે ધર્મથી વિરૂદ્ધ–પરસ્ત્રીના સ્પર્શરૂપી અધર્મ કેમ કર્યો?...

...આપણે ઉદાર માનસનો ઢોંગ કરીએ છીએ. ભગવાન સમકામ છે તો વિપરીતકામ કરવા પાછળ આશય શો તે સમજવાની જરૂર છે. ભગવાન શુકદેવજી પરીક્ષિત રાજાના પ્રશ્નનો ત્રણ દૃષ્ટિએ જવાબ આપે છે:–

(૧) વ્યાવહારિક દૃષ્ટિએ ઉકેલ:–દુનિયામાં સામર્થ્યશીલ પુરૂષો દુનિયાની નજરે મનાતા સાહસો કરી શકે છે. તે ધર્મના માથા પર પગ મૂકી શકે છે. સામર્થ્યસંપન્ન જીવાત્મા ધર્મનું વ્યતિકરણ કરતા, પ્રચલિત ધર્મ માન્યતાની વિરૂદ્ધ આચરણ કરતા જણાય છે. સામાન્ય માનવીને જે દોષરૂપ દેખાય છે તેમાં તેજસ્વી પુરૂષને દોષ દેખાતો નથી. તેજસ્વિનાં ન દોષાય કારણકે તેવા તેજસ્વી પુરૂષને તે દોષ લાગતો નથી. અગ્નિમાં ભક્ષ્ય અભક્ષ્ય ગમે તેવો પદાર્થ નાંખો તોપણ તે બધું સ્વાહા કરી જશે પણ તેને તે પદાર્થનો દોષ લાગતો નથી. તેજસ્વી પુરૂષને દોષ લાગતો નથી. તેનું જોઇને સામાન્ય માનવી તે પ્રમાણે વર્તવા જાય તો તેનો નાશ થાય.

(૨) જે દરિદ્રી, અનીશ્વર, અસમર્થ અને નિર્બળ છે તેણે આવા તેજસ્વીઓના કાર્યનું અનુકરણ કે નિંદા કરવા જવું નહીં, શંકરભગવાન હલાહલ ઝેર ગટગટાવી ગયા હતા પરંતુ તેનામાં તે પીવાની અને જેરવવાની તાકાત હતી. તેનું અનુકરણ કરી કોઈ બીજો ઝેર પીવા જાય તો મૃત્યુને શરણે થાય. મતલબ કે મહાન પુરૂષો કરે તેમ કરવા ન જવું. તે કહે તેમજ વર્તવું.

(૩) ઈશ્વરીય પુરૂષનું વચન હંમેશ સત્ય હોય છે. પરંતુ કોઈ વખત તેમનું વર્તન અસત્ય જેવું લાગે છે. યુગપરિવર્તનના સમયે અગાઉના આચરણો જે ધર્મ ગણાતા હતા તે યુગપરિવર્તન પછી યુગને અનુકૂળ આવે તે પ્રમાણે ફેરવાય છે. તે વખતે મહાનપુરુષો યુગપુરૂષો જે કરે તે સમજવાની સંપૂર્ણ અને તટસ્થ ભાવે સમજવાની વિચારસરણી જોઇએ છે. આથી જ મહાપુરુષોના કાર્યો ધર્મથી જરાયે વિરૂદ્ધ સંભવી શકતાં નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ ઐશ્વર્યવાન જ પ્રાણીમાત્ર માટે વંદનીય બની શકે છે–મહાપુરૂષો ગરુડની ગતિએ આગળ વધે છે આપણે કીડીને વેગે જઈએ છીએ. આંગ્લ કવિ કાર્લાઈલે સાચું જ કહ્યું છે કે Great men are ofen misknown than rather they are wellknown.

જે જીવાત્મામાં અભિમાનની માત્રા ઉતરતી નથી–અહંકાર રહિત છે તેણે કરેલું પાપ તે વાસ્તવમાં પાપ નથી. તેનો વેદ પણ નિયામક રહેતો નથી. સાચો નિર્દોષ માણસ તે છે કે જે નિરહંકારી છે. છેવટની નિર્બાધાવસ્થાવાળા ભગવાને આચરેલું પાપ તે પાપ નથી. અર્થાત્ પરમાત્મામાં જે નિઃસીમ ત્રિગુણપરતા છે તે બતાવવાનો અને તે દ્વારા નિસ્વાર્થ–નિર્વ્યાજ પ્રેમ શું છે તે બતાવવાનો આશય એમાં રહેલો છે... (શ્રી ભટે આપેલાં રાસ પંચાધ્યાયીનાં વ્યાખ્યાનો સાંભળવાં એ તો જીવનનો લ્હાવો હતો. સમાજમાં સ્હેજે ઊંધી સમજની કાંકરી ન રહે એવાં એ ઉત્તમ વ્યાખ્યાનો હતાં. ફક્ત થોડી દલીલો જ એ વાગ્ધારામાંથી ઝીલી લેવાઇ છે...

.....નારદજી તરફથી કૃષ્ણ તથા બળરામ વસુદેવના પુત્રો હોવાનું જાણતાં કંસની ચિન્તાનો પાર રહેતો નથી. તેથી તે અક્રૂરજીને બોલાવે છે અને ધનુર્યાગના નિમિત્તે બન્ને બાળકોને વ્રજમાંથી મથુરા લઈ આવવા આગ્રહ કરે છે. નારદજીએ કંસને જેમ સત્ય હકીકત જણાવી તેમ આ બાજુ ભગવાન શ્રીકૃષ્ણને પણ કંસની યોજનાથી માહિતગાર કરે છે. અક્રૂર તો ભગવાનના પરમભક્તોમાંના એક હતા. ભગવાનના દર્શન માટે લાંબા સમયથી ઝંખના કરતા હતા. વ્રજમાં જઇ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના દર્શન કરવાનો સુયોગ પ્રાપ્ત થવાથી પોતાને ભાગ્યશાળી માને છે. મથુરાથી રથ લઈ વ્રજમાં જવા નીકળે છે. માર્ગમાં અક્રૂરજી મનમાં વિચાર કરવા લાગ્યા કે મેં એવા શું પુણ્યકાર્ય, તપ–દાન કર્યાં છે કે જેના ફળરૂપે મને આજે ભગવાનનાં દર્શન થશે? સાચે જ કંસે મારા ઉપર એક રીતે મહાન ઉપકાર જ કર્યો છે. મહાયોગિઓ–સિદ્ધપુરુષો જેઓ ભગવાનના નિરંતર ગુણાનુવાદ ગાય છે તેઓને પણ ભગવાનનાં દર્શન દુર્લભ હોય છે તો પછી મારૂં તો પૂછવું જ શું? આજે મારો જન્મ સફળ થશે. આજે પ્રાતઃકાળથી જ મને શુભ શુકનો થાય છે. એ તો ઠીક, પણ જ્યારે હું ભગવાનના દર્શન કરીશ ત્યારે શું કરીશ? હું રથમાંથી તેમને જોતાં જ કૂદી પડીશ. તેઓના ચરણમાં પ્રણામ કરીશ. અરે, મહાન યોગીઓ પણ આત્મસાક્ષાત્કાર માટે તેમના ચરણને ધ્યાનથી પોતાના હૃદયમાં અંકિત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરે છે. જ્યારે મને તો પ્રત્યક્ષ તેમના ચરણમાં આળોટવાનું મળશે. અરે! ત્યારબાદ એકેએક ગોપ-ગોપીને પ્રણામ કરીશ. ભગવાન મારા હૃદયની તમામ વાત જાણે છે. હું જેવો તેમના ચરણમાં પડીશ કે તેઓ મારા મસ્તક પર ચરણ મૂકશે. શ્રીકૃષ્ણ તથા બળરામ મને "અક્રૂર કાકા" કહેતા ભેટી પડશે અને મને હાથ-પકડી ઘરમાં લઇ જશે ત્યારે તો મારો જન્મારો સફળ થઈ જશે. અક્રૂરજી આ પ્રકારના વિચારમાં ને વિચારમાં આત્મભાન ભૂલી જાય છે. ભાવાવેશમાં તેમને કશું ભાન રહેતું નથી. સૂર્યાસ્તના સમયે અક્રૂરજીનો રથ ગોકુળમાં આવી પહોંચે છે! અક્રૂરજીનો રથ ગોકુળના પાદરે આવે છે ત્યારે ધૂળમાં ભગવાનના ચરણકમળના ચિહ્ન પગલાં-જૂએ છે. બસ ભગવાનના પાદચિહ્નને જોતાં જ રથમાંથી કૂદી પડે છે અને પાદચિહ્ન પર મસ્તક મૂકી ધૂળમાં આળોટે છે. ભગવાનની ચરણ, ધૂલિ માથા પર નાંખે છે. ત્યારબાદ ભગવાનને દૂરથી આવતા જોઇ દોડે છે અને તેમના ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કરે છે. અક્રૂરજીનું હૈયું ભરાઈ આવે છે. આંખોમાંથી પ્રેમાશ્રુઓની ધારા વહે છે. વાચા બંધ થઇ જાય છે. ને અહીં સાચા પ્રેમનાં દર્શન થાય છે. अनिर्वचनीयं प्रेमस्वरूपम् मूकास्वादनवत् એના સાચા સ્વરૂપ અહીં છતું થાય છે. ભગવાન અક્રૂરજીને ઉઠાડે છે. બન્ને ભાઇઓ પ્રેમથી તેમને વળગી પડે છે. ઘેર લઇ જાય છે. નંદબાબા વગેરે તેમનું યોગ્ય સ્વાગત કરે છે. અક્રૂરજી પોતાના આગમનનું પ્રયોજન જણાવતાં કહે છે કે કંસે ધનુર્યાગ આરંભેલો હોવાથી રામ અને કૃષ્ણને ત્યાં લઈ જવા કંસના કહેવાથી આવ્યો છું. નંદબાબા વિનંતિ માન્ય રાખે છે. ગોકુળમાં સર્વ ગોપોને મથુરા જવા તૈયાર થવાની સૂચના આપે છે. અક્રૂરજી ભગવાનને મથુરા લઇ જવા આવ્યાની વાત સાંભળતાં ગોપીઓને ઝૂંજારી છૂટે છે. કારણ કે ભગવાન શ્રીકૃષ્ણ તો તેમનું સર્વસ્વ હતા. પરમપ્રેમપાત્ર હતા. તેઓએ તો પોતાનું સર્વસ્વ ભગવાનના ચરણમાં સમર્પિત કર્યું હતું. ગોપીઓની હૃદયવ્યથા વર્ણવી જાય તેમ નથી. ગોપીઓ તો કૃષ્ણમય હતી. ભગવાન જ જીવન સર્વસ્વ હતા. એ ભગવાન જ્યારે તેઓને છોડી જાય ત્યારે તેઓના હૈયાના દુઃખનું વર્ણન કરવું સાચેજ અશક્ય થઈ પડે છે. બીજા દિવસે રામ તથા કૃષ્ણ અક્રૂરજી સાથે રથમાં બેસી મથુરા જવા તૈયારી કરે છે. ભગવાનની વિરહ વેદનાથી વ્યાકુળ બનેલી ગોપીઓ હૃદયદ્રાવક વિલાપ કરે છે. ભગવાનનો આત્યંતિક વિયોગ તેઓથી સહ્યો જતો નથી, વિધાતાને અક્રૂરને અને ખુદ ભગનાનને પણ ઠપકો આપે છે. ગોપીઓનો પ્રેમ પરાકાષ્ટાએ પહોંચે છે. તેઓ રથને ઘેરીને ઉભી રહે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને હે ગોવિંદ! દામોદર! માધવ! એ સિવાય તેમના મુખમાંથી અન્ય કશું નીકળતું નથી. ગોપીઓ પૂછતી પણ નથી કે હે કૃષ્ણ! તમે શા માટે જાઓ છો? ગોવિંદ, દામોદર! માધવ!–એ નામોનું જ રટણ કરી રહી છે. આનું નામ તે સાચો પ્રેમ! અક્રૂરના આગમનની પહેલાનાં કૃષ્ણ એટલે મીઠાસનો અવતાર! હવે જુલ્મના નાશના દિગ્વિજયની તેમની યાત્રા શરૂ થાય છે. મથુરા જતો કૃષ્ણ હવે વીર બને છે. સ્ત્રીઓ પરાક્રમને ચાહે છે: પામરતાને ચાહતી નથી. ભગવાન તો જવાને તૈયાર થઈ રથમાં બેઠા છે. આ બાજુ ગોપીઓ ભગવાનના અસહ્ય વિરહની વેદનાથી આક્રંદ કરી રહી છે. પ્રેમ અને તે પણ બીલકુલ અનાસકત. ભગવાન સમક્ષ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે હવે કરવું શું? કર્તવ્ય મોટું કે પ્રેમ? યશોદા માતાનો ખોળો છોડી, ગોપીઓના પ્રેમને છોડી, તેઓને વિલાપ કરતી મૂકીને, ભગવાન છેવટ કર્તવ્યને વધુ મહત્વ આપી ત્યાંથી વિદાય થાય છે. ગોપીઓ, ગોવિંદ! દામોદર! માધવ! ની ધૂન લગાવી રહી છે છતાં શ્રીકૃષ્ણ પરમાત્મા અનાસક્ત પ્રેમને લઇને હસતા હસતા વિદાય થાય છે. અક્રૂરજી વેગથી રથ હાંકે છે. જ્યાં સુધી રથ દેખાયો–તેની ધજા દેખાતી રહી, છેવટે રથથી ઉડેલી ધૂળ દેખાઈ ત્યાં સુધી ગોપીઓ ચિત્રવત્ તેજ સ્થળે ઉભી રહી. ત્યારબાદ ગોપીઓ ભગવાનના ગુણાનુવાદ ગાતી ઘેર આવે છે અને ભગવાનના સતત ચિંતનમાં અને નામસ્મરણમાં દિવસો કાઢે છે. વ્યાસ ભગવાનની સમાધિભાષાની ખૂબી તો એ છે કે અહીં વિશોકા એટલે શોકરહિત બનીને શબ્દપ્રયોગ કર્યો છે. પણ એમાં તો વ્યાસ ભગવાનનું પ્રતિભાચાતુર્ય છે. સાચો પ્રેમ સર્વસ્વનું બલિદાન માગે છે. સ્વાર્પણ માગે છે. ગોપીઓ તો પોતાનું સર્વસ્વ કૃષ્ણના ચરણમાં અર્પણ કરીજ ચૂકી હતી. તેઓની પાસે 'સ્વ' પોતાના જેવું કશું રહ્યું જ નહોતું. તેઓનો આત્મા પણ પરમાત્મામાં જ સંલગ્ન હતો. પરમાત્માને પોતાના હૈયામાં હંમેશને માટે પધરાવેલા હતા. પછી શોકને સ્થાન ક્યાં રહે? અહીં છે ગોપીઓના પ્રેમનો સર્વોચ્ચ નમુનો... અક્રૂરનો રથ ભગવાનને લઇ આગળ ને આગળ વધે છે. માર્ગમાં શ્રીકૃષ્ણ અક્રૂરને પણ ચમત્કારો બતાવતા જાય છે. સાયંકાળનો સમય થતાં ભગવાન મથુરા નગરી પાસે આવી પહોંચે છે. હવે અમે સવારે આવીશું એમ કહી અક્રૂરજીને વિદાય કરે છે. યશોદામાતાના માખણ અને દૂધ ખાધેલાં તેની હવે કસોટી થાય છે. બીજે દિવસે સવારમાં કૃષ્ણ અને બળદેવ મથુરામાં પ્રવેશ કરે છે. રસ્તામાં પ્રથમ ધોબી મળે છે. ભગવાન તેની પાસે કપડાં માગે છે. ધોબી કહે એ તો રાજાના કપડાં છે! શ્રીકૃષ્ણ કહે છે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તને ખબર છે કે હું કોણ છું? જુઓ તો ખરા! કૃષ્ણનો પ્રેમ અને મીઠાસ હવે ક્યાં ગયા? કૃષ્ણ ધોબીને તમાચો મારે છે અને તેનું માથું ઉતરી જાય છે. ત્યાંથી આગળ જતાં માળી મળ્યો. માળીને કહે છે કે હે માળી! અમને તું શણગારે નહીં? માળીને બન્ને છોકરાઓ ગમી જાય છે. પુષ્પની માળાઓ આપે છે. પુષ્પમાળા ધારણ કરી બન્ને ભ્રાતાઓ આગળ વધે છે. એટલામાં એક ત્રિભંગ લલિતા–કુબ્જા–કંસની દાસી ચંદન લઇને જતી સામે મળી. એ સ્ત્રીના ત્રણ અંગ વાંકા હતા અને તેથી તે કદરૂપી દેખાતી હતી છતાં શ્રીકૃષ્ણ તેની મશ્કરી કરતાં કહે છે કે હે સુંદરી! તું ક્યાં જાય છે? કુરૂપાને સુંદર કહેનાર તો સુંદર હતો ને! આ તું શું લઇ જાય છે? પેલી સ્ત્રી કહે છે કે કંસને માટે ચંદન લઈ જાઉં છું. પણ હે શ્યામસુંદર! તને જોયા પછી એમ લાગે છે કે આ ચંદનની અર્ચા તો તનેજ શોભે! એમ કહી તે બન્નેને કપાળે તિલક કરે છે. ભગવાન કહે છે કે જેટલાં વાંકા આવે તેને સીધા કરવાનું તો મારૂં કુલવ્રત છે! ભગવાન શ્રીકૃષ્ણ કુબ્જાના અંગૂઠા પર પોતાનો પગ મૂકી ઉપરથી તેની હડપચી ખેંચે છે એટલે તેનો બધો વાંક જતો રહે છે અને સીધી થઈ જાય છે. ભગવાનની આગળ તો સૌની વાંકાઇ પણ સીધીજ થઇ જાય! ત્યાંથી આગળ ચાલતાં ધનુષશાળા પાસે આવે છે. ત્યાં એક મહાન ધનુષ્ય પડેલું હતું. ભગવાન શ્રીકૃષ્ણ પોતાના એકજ હાથથી ઉપાડી તેના કટકા કરી નાંખે છે. અને તે ધનુષના કટકાથીજ સામે થનાર બધાને મારે છે. ધનુષભંગના અને તમામ રક્ષકોનો નાશ કર્યાના સમાચાર કંસને મળતાં તેના ગભરાટની માત્રા વધી જાય છે. પોતાનો કાળ હવે નજીક આવી રહ્યો છે એમ તેને લાગે છે. બીજે દિવસે ખાસ તૈયાર કરવામાં આવેલા રંગમંડપમાં બધા જાય છે. કંસ તથા અન્ય રાજાઓ, પ્રજાજનો–તેમજ નંદબાબા વસુદેવ–દેવકી વગેરે રંગમંડપમાં બેઠા છે. મલ્લોની સાથે કુસ્તી કરવા માટે શ્રીકૃષ્ણ તથા બળરામ ત્યાં આવે છે. મંડપના પ્રવેશદ્વારા આગળ કુવલયાપીડ નામનો મદોન્મત્ત હાથી, કૃષ્ણ અને બલરામને પગ તળે કચડી મારી નાંખવાના હેતુથી રાખ્યો હતો. કૃષ્ણે ત્યાં આવતાંજ માવતને તતડાવી નાંખ્યો અને હાથીને ખસેડવા જણાવ્યું. માવત હાથીને ભગવાન ઉપર છોડી મૂકે છે. શ્રીકૃષ્ણ હાથીના ચાર પગની વચમાં ભરાઇ જાય છે. હાથી જોરથી દાંત મારવા ધસે છે. ભગવાન છટકી જાય છે. થોડી વારમાંજ હાથીના બન્ને દાંતો પકડી ખેંચી કાઢે છે અને હાથીને મારી નાંખે છે. હાથીનો એકેક દાંત લઇને બન્ને ભાઇઓ રંગમંડપમાં પ્રવેશ કરે છે. રસમૂર્તિ શ્રીકૃષ્ણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાન રંગમંડપમાં આવે છે ત્યારે કોઇને યોગી, તો કોઇને પ્રેમી, એમ જેવી જેની દૃષ્ટિ તેવા તેને દેખાય છે. હવે મલ્લયુદ્ધનો પ્રારંભ થાય છે. ચાણુર અને મુષ્ટિક નામના બે તો મહાપરાક્રમી મલ્લો હતા. ક્યાં આ ભીમકાય મલ્લો અને ક્યાં આ સુકુમાર બાળકો! મલ્લો કુસ્તીની–યુદ્ધની માગણી કરે છે. કૃષ્ણ કહે છે કે અમે તો બાળકો છીએ. અમારી સાથે તે વળી કુસ્તી શોભે? થોડી આનાકાની પછી બન્ને બાળવીરો યુદ્ધમાં ઉતરે છે. એક પંછી એક મોટા મોટા મલ્લો યુદ્ધમાં ઊતરે છે. થોડીજ વારમાં ભગવાન શ્રીકૃષ્ણ ચાણૂરને પગમાંથી પકડી ચક્કર ચક્કર ફેરવી પૃથ્વી પર પછાડી મારી નાંખે છે, તેજ પ્રમાણે બલરામજી પણ સામે આવનારને પછાડી નાંખે છે, આમ બન્ને ભાઇઓએ થોડીવારમાં જ મહા બળવાન ગણાતા મલ્લોનો સંહાર કરી નાંખ્યો એટલે બાકીના તો જીવ લઇને નાસી ગયા. મલ્લોનો નાશ થતાં કંસના હાંજા ગગડી ગયાં. ગભરાટમાં તેણે કૃષ્ણ તથા બળરામને મારી નાંખવાનો હુકમ છોડયો. મામાના આ બોલથી ભાણિયાને ક્રોધ ચઢયો. પોતાની લઘિમા શક્તિનો ઉપયોગ કરી એકમ કૂદકો મારી સિંહાસન પર ચઢી ગયા. કંસ તલવાર ખેંચવા જાય છે એટલામાં તો તેને કેશમાંથી પકડી સિંહાસન પરથી નીચે ફેંકી દે છે. અને તેની છાતી પર બ્રહ્માંડનો ભાર લઇ ચઢી બેસે છે. કંસનો પ્રાણ નીકળી જાય છે. કંસ મર્યો એટલે જુલમ મર્યો. ત્યાર બાદ મામાના અંત્યેષ્ટિ સંસ્કાર વગેરે કરાવે છે. ત્યાર પછી પોતાના માતાપિતા વસુદેવ અને દેવકી માતાને મળે છે. અને બંધનમુક્ત કરે છે. માતપિતા અને પુત્રોનાં મિલનનો એ પ્રસંગ એટલે આનંદની અવધિ! કરૂણારસની છોળ ઉછળે છે!.....

.....ભગવાન શ્રીકૃષ્ણ માતાપિતાને પ્રણામ કરી કહે છે હે મા! હે બાપુ! અમે જન્મ ધારણ કરી આજ સુધી આપને કશું સુખ આપી શક્યા નથી. દુર્ભાગ્યવશાત્ અદ્યપિપર્યંત આપને અમારો વિયોગ સહન કરવો પડયો. ચતુર્વિધ પુરૂષાર્થના સાધનરૂપ માનવદેહ આપનાર માતપિતાના ઋણમાંથી કદી મુક્ત થવાતું નથી. અમારે ખાતર હે માતાપિતા! આપે ખૂબ આપત્તિઓ, અનેક જુલ્મો સહન કર્યા! અમને ક્ષમા કરો! માતાપિતાનું વાત્સલ્ય ઉભરાય છે. બાળકોને છાતી સરસા ચાંપે છે અને પ્રેમાશ્રુઓથી ભીંજવી નાંખે છે. ત્યાર બાદ ભગવાન માતામહ ઊગ્રસેનને રાજ્યગાદી સોંપે છે.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વસુદેવજી, શ્રીકૃષ્ણ તથા બળરામને કુળગુરુ ગર્ગાચાર્યદ્વારા યજ્ઞોપવીત સંસ્કાર કરાવે છે. યજ્ઞોપવીત સંસ્કાર બાદ બન્ને ભાઈઓ અવન્તીપુરમાં સાંદીપનિ ગુરુ પાસે વિદ્યાભ્યાસ કરવા જાય છે. ગુરુને ત્યાં રહી ચોસઠ દિવસમાં ચોસઠ પ્રકારની વિદ્યા શિખે છે. વિદ્યાભ્યાસ સમાપ્ત કરી જતી વખતે ગુરુજીને ગુરુદક્ષિણા માગવા પ્રાર્થના કરે છે. પત્નીની ઇચ્છાથી ગુરુજી પ્રભાસમાં સમુદ્રમાં ડૂબીને મરી ગયેલા પોતાના પુત્રને લાવી આપવાની માંગણી કરે છે. ભગવાન શ્રીકૃષ્ણ ગુરુની આજ્ઞા લઈ પ્રભાસમાં સમુદ્ર કિનારે આવે છે. સમુદ્ર ભગવાનનું સ્વાગત–પૂજન કરે છે. ભગવાન સમુદ્રને કહે છે કે મારા ગુરુપુત્રને આપી દે! સમુદ્ર કહે છે કે મારી પાસે નથી પણ મારા જળમાં શંખ નામનો અસુર રહે છે તે ઉપાડી ગયો હશે. ભગવાન સમુદ્રમાં જઈ શંખાસુરનો વધ કરે છે પણ ગુરુપુત્ર મળતો નથી. આથી મૃત્યુદેવ યમરાજને ત્યાં જાય છે અને પોતાના ગુરુપુત્રને સોંપી દેવા આજ્ઞા કરે છે. યમરાજ કહે છે કે ભગવન્! હું તો તમારા કાયદા પ્રમાણે વર્તું છું. તમારા કાયદાનો તમારા જ હાથે ભંગ! ભગવાનના અનર્ગળ ઐશ્વર્ય આગળ યમરાજ લાચાર બને છે. તુરત ગુરુપુત્રને આપે છે. ભગવાન શ્રીકૃષ્ણ બાળકને લઇ ગુરુ પાસે જઇ તેમને સોંપે છે. ગુરુજી પ્રસન્ન થઇ બન્નેને આશિર્વાદ આપે છે કે તમારી ભદ્રકીર્તિ ત્રણે લોકને પાવન કરનારી થજો. તમારી તમામ વેદવિદ્યા તમારા જીવનમાં કદી વાસી ન હજો! આજન્મ–પરજન્મ તમારી સરસ્વતી તાજી હજો! ગુરુના આશીર્વાદ લઇ તેમને વંદન કરી બન્ને ભાઈઓ પોતાના ઘેર આવે છે.....

.....એક દિવસની વાત છે. ભગવાન શ્રીકૃષ્ણ બૃહસ્પતિના શિષ્ય અને પોતાના પરમ સખા ઉદ્ધવજીને બોલાવી કહે છે કે ભાઈ! વ્રજમાં મારા પિતા, ગોપ–ગોપીઓ વગેરે વ્રજવાસીઓની શી સ્થિતિ હશે તે હું કલ્પી શકું છું. મારા વિયોગથી તેઓ બધાં ઝૂરતાં હશે. તમે મારો સંદેશો લઈ ત્યાં જાઓ અને તેઓના દુઃખી આત્માને આનંદ આપો. ઉદ્ધવજી! વ્રજની ગોપીઓ મારા વિયોગમાં પણ સતત મારા નામનું જ રટણ કરે છે. મારે માટે તેઓએ પતિ–પુત્ર–માતાપિતા–સગાંસંબંધી સર્વનો ત્યાગ કર્યો. મને પોતાનું સર્વસ્વ સમર્પિત કરનારની સંભાળ રાખવાનું મારું વ્રત છે. તમે વ્રજમાં જઇ મારો સંદેશો તેઓને પહોંચાડો.

ઉદ્ધવજી ભગવાનની આજ્ઞા પ્રમાણે ગોકુળ જાય છે. ઉદ્ધવજીને જોતાંજ નંદબાબા પરમપ્રેમથી તેમને ભેટી પડે છે. નંદબાબા તથા માતા યશોદાજી ઉદ્ધવજીનું પ્રેમપૂર્વક સ્વાગત કરે છે. ભોજનાદિ કાર્યમાંથી પરવારી નંદબાબા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉદ્ધવજીને પૂછે છે, "મારા પ્રિયમિત્ર વસુદેવજી તથા દેવકીજી કુશળ છે ને? હવે તેઓ કંસના ત્રાસમાંથી મુક્ત થયા છે. પોતાના લાડીલા પુત્રો અને સ્નેહી-સ્વજનોના સહવાસમાં કુશળ તો હશેજને? ઉદ્ધવજી! કહો તો ખરા, શ્રીકૃષ્ણ અને બળરામ અમને કદી યાદ કરે છે ખરા? તેની વ્રજભૂમિ, ગોપ-ગોપીઓ, ગાયો, વગેરેને યાદ કરે છે? અમારો ગોવિંદ! અમને બધાને મળવા અહીં આવશે ખરો? ભલા! કૃષ્ણ-બલરામ તો સ્વયં પરમાત્માના અવતારો છે એમ ગર્ગાચાર્ય ગુરૂએ મને કહ્યું હતું. સાચેજ પોતાના સંકલ્પને સિદ્ધ કરવા ખાતરજ તેમણે અવતાર ધારણ કર્યો છે. ભગવાનની લીલાઓનું વર્ણન કરતાં નંદબાબા પ્રેમ પરિપ્લુત થાય છે. યશોદા માતાના હૈયામાંથી પુનઃવાત્સલ્યનાં ઝરણાં વહેવા લાગે છે. ઉદ્ધવજી નંદબાબા તથા યશોદા માતાને કહે છે કે આપ તો મહા ભાગ્યશાળી છો. બળરામ અને શ્રીકૃષ્ણ પૂર્ણપુરૂષ છે. શ્રીકૃષ્ણ પુરૂષરૂપમાં તો બળરામજી પ્રકૃતિરૂપમાં. સમગ્ર જગતનું તેઓ સંચાલન-નિયમન કરી રહ્યા છે. નંદબાબા! આપ કોઈ ચિંતા ન કરો. શ્રીકૃષ્ણ તથા બળરામ થોડાજ દિવસોમાં આપની પાસે આવશે. કંસવધ બાદ મથુરામાં આપને મળવા આવ્યા ત્યારે કહ્યું હતું ને કે હું એક વખત વ્રજમાં જરૂર આવીશ? એ તો સત્યપ્રતિજ્ઞ છે. પ્રતિજ્ઞાના પાલન માટે જરૂર આવશે, માટે આપ શાંત થાઓ.

બીજે દીવસે સવારમાં નંદબાબાના આંગણામાં સોનાનો રથ જોઈ ગોપીઓને આશ્ચર્ય થાય છે. એટલામાં સામેથી ઉદ્ધવજીને આવતાં જોઈ આનંદમગ્ન બની તેને વીંટળાઇ વળે છે. અને પ્રશ્ન પૂછે છે કે હે ઉદ્ધવજી! કૃષ્ણે તેના માબાપની ખબર પૂછવા તમને મોકલ્યા હશે ખરૂંને? કૃષ્ણનું સ્મરણ કરતાંજ ગોપીઓ પ્રેમાવસ્થામાં મગ્ન થઈ ગઈ. થોડી વારે જેમતેમ સ્વસ્થતા મેળવી કહે છે. માતાપિતા સિવાય યાદ કરવા જેવું બીજું અહીં છે પણ શું કે જેનું તે સ્મરણ કરે? ઉદ્ધવજી કહે છે કે ભગવાનની તમારા પર ચિઠ્ઠી છે. ગોપીઓ કહે છે અમારે ચિઠ્ઠીની જરૂર નથી. અમારો કનૈયો આનંદમાં છે ને? કનૈયાના સુખમાં અમારૂં સુખ માનીએ છીએ. શું તે નંદબાબા યશોદામાતા વૃન્દાવન તથા અમોને કદી યાદ કરે છે? તેના દિવ્ય હસ્ત અમારા મસ્તક પર પાછો મૂકશે ખરો! શું અમારા જીવનમાં અમે તેમના પુનઃદર્શનનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરી શકીશું? અમને ભૂલ્યા તો નથી ને? ઉદ્ધવજી મનમાં વિચારે છે કે ધન્ય છે નંદ-યશોદાને! ધન્ય છે વ્રજની ગોપીઓને! નંદબાબા તથા યશોદાજી પોતાની આંતર્વ્યથા વ્યક્ત કરતા નથી. કૃષ્ણ અમને શા માટે છોડી ગયા તથા તેમના વિના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમને ગમતું નથી. તેમને પાછા અહીં વ્રજમાં મોકલજો એવો એક હરફ પણ નંદ-યશોદાના મુખમાંથી નીકળતો નથી. વિરહવેદનાને અંતરમાં જ સમાવી દઇ વિયોગને પરમાત્માની ઇચ્છા માની તેજ સ્થિતિમાં એટલે વિયોગમાં જ આનંદ માને છે. એજ પ્રમાણે ગોપીઓ પણ કૃષ્ણ અમને શા માટે છોડી ગયા! પાછા ક્યારે આવશે. અગર તેમને પાછા મોકલજો આવી મતલબનો એક અક્ષર પણ કાઢતી નથી. પ્રેમનું સર્વોચ્ચ લક્ષણ તો આ ગોપીઓના પ્રેમમાં છે. આનું જ નામ પ્રપત્તિ અર્થાત્ ભગવાનની અનન્ય શરણાગતિ. ભક્તિ અને પ્રપત્તિમાં રહેલો ભેદ આથી સ્પષ્ટ થશે. પ્રપત્તિમાં સંપૂર્ણ ન્યોછાવરી રહેલી છે. ગોપીઓનો ભાવોદ્રેક જોઇ ઉદ્ધવજી આશ્ચર્ય પામે છે. ઉદ્ધવજીના જ્ઞાનનો ગર્વ ઉતરી જાય છે. શ્રીકૃષ્ણનો પ્રિય સંદેશ સાંભળી ગોપીઓની વિરહવ્યથા શાંત થઇ જાય છે. થોડા દિવસ ગોકુળમાં રહી ગોપીઓના આત્માને શાંતિ આપી ઉવદ્ધજી મથુરા પાછા ફરે છે. ઉદ્ધવજી ભગવાન કૃષ્ણચંદ્રને કહે છે કે ભગવન્! ગોપીઓના પ્રેમનું વર્ણન થઈ શકે તેમ નથી! આપના પ્રત્યે તેઓનો જે પ્રેમ છે તે અજોડ છે. ઉદ્ધવજીને લાગુ પડેલો જ્ઞાનનો રોગ ગોપીકાઓએ દૂર કર્યો, તેથી ભગવાન મનમાં આનંદ પામે છે. વૃંદાવનનો ઝાડપાલો થવાની કુંજી અભિલાષા ઉદ્ધવજી વ્યકત કરે છે!

.....એક સમયે ભગવાન શ્રીકૃષ્ણ પાંડવોની સાથે બેસી વાતો કરી રહ્યા છે તે સમયે નારદજી ત્યાં આવી પહોંચે છે. ભક્તો સંબંધી વાત નીકળતાં નારદજી ભગવાનને પૂછે છે કે હે પ્રભુ! તમારો સૌથી વહાલો ભક્ત કોણ? ભગવાન જવાબ આપે છે કે મારો સૌથી વહાલો ભક્ત તો વ્રજની ગોપી. નારદજી કહે ત્યારે શું અમે તમારા કંઈ નહીં? ભગવાન કહે છે કે નારદજી! તમારે ખાત્રી કરવી છે? નારદજી કહે હા. ભગવાન કહે ઠીક છે. તમે એક કામ કરો. મારા તમામ ભક્તો પાસે તમે જાઓ અને તેઓને કહો કે ભગવાનનું માથું ખૂબ દુઃખે છે. તમારા પગની ધૂળ ભગવાન પોતાના મસ્તક પર ચઢાવે તોજ તેમનું દુઃખણું મટે તેમ છે. બાકી બીજા કોઈ ઉપાય કામ આવે તેમ નથી. માટે ભગવાનના આરોગ્ય માટે તમારા પગની થોડી ધૂળ આપો! નારદજી ત્યાંથી ચાલતા થાય છે. એક પછી એક એમ તમામ ભક્ત પાસે જઈ ચરણધૂલિ માગે છે પણ કોઈ આપતું નથી. બધા જ કહે કે અરે! અમારા પગની ધૂળ ભગવાનને માટે તે અપાય? એ તો બનેજ કેમ? ભગવાનની ચરણરજ ભક્તના શિર પર ચઢે. ભક્તની ચરણરજ ભગવાનના શિર પર ચઢે તે કેમ બને!

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નારદજી! તમે કંઇ ભાંગ પીને તો નથી આવ્યા? અગર તમારૂં ભેજું ચસ્કી ગયું છે કે કેમ? એમ ન હોય તો આવી માંગણી કરવા ન આવત. નારદજીને કોઇ ચપટી ધૂળ આપતું નથી. આથી થાકીને છેવટ વ્રજમાં ગોપીઓ પાસે જાય છે. નારદજી તેમના પગની ચપટી ધૂળની માંગણી કરે છે. ગોપીઓ નારદજીની આ પ્રકારની માંગણીથી ખૂબ આમંદાવેશમાં આવી જાય છે અને કહે છે કે નારદજી! અમારા પગની ધૂળથી જો ભગવાન સારા થતા હોય તો ચપટી શું ટોપલા ભરીને આપીએ. એમ કહી ગોપીઓ ચરણરજના ટોપલે ટોપલા ભરી આપે છે. નારદજી એ જોઇ દિઙ્મૂઢ બની જાય છે. ગોપીઓના પ્રેમ આગળ પોતાની ભક્તિ કોઈ હિસાબની નથી એમ નારદજીને ખાત્રી થઈ જાય છે. સાચે જ, ભગવાનનો સૌથી વહાલો ભક્ત ગોપી જ છે એમાં કોઈ શક નથી. નારદજી ભગવાન પાસે આવી કહે છે કે ભગવાન્ આપનું કહેવું બીલકુલ સત્ય છે. ગોપીઓનો તમારા પ્રત્યેનો પ્રેમ ગજબનાક છે. અકથ્ય અને અવર્ણનીય છે. ભગવાન જો મને જન્મ આપો તો એ વૃન્દાવનમાં આપજો કે જેથી ગોપીકા જેવો બની શકું! નારદજીને પોતે ભગવાનનો સર્વશ્રેષ્ઠ ભક્ત હોવાનો ગર્વ ચઢયો હતો. ભગવાને આ રીતે તેના ગર્વનું પણ ખંડન કર્યું.....

.....પાંડવો પ્રત્યે કૌરવો સારો વર્તાવ રાખતા ન હોવાથી શ્રીકૃષ્ણને ખબર પડતાં તેઓની પરિસ્થિતિની માહિતી મેળવવા ભગવાન શ્રીકૃષ્ણ અક્રૂરજીને હસ્તિનાપુર મોકલે છે. અક્રૂરજી હસ્તિનાપુર આવી કુન્તામાતા તથા યુધિષ્ઠિર વગેરેને મળી કુશળ પૂછે છે. અક્રૂરજીને જોઇ કુન્તામાતાનું હૈયું ભરાઈ આવે છે અને ગદ્‌ગદિત કંઠે અને અશ્રુપૂર્ણ નેત્રે અક્રૂરજીને કહે છે કે ભાઇ! મારા માબાપ તથા અન્ય સ્વજનો કદી મને યાદ કરે છે ખરાં! મારા ભત્રીજા શ્રીકૃષ્ણચંદ્ર તથા બલરામ તેની કુન્તા ફૂઇને તથા તેના પાંડવ ભાઇઓને યાદ કરે છે? ભાઇ! મારી દશા તો પારધીઓ વચ્ચે હરિણી જેવી થઈ ગઇ છે. શ્રીકૃષ્ણને ઉદ્દેશીને કહે છે કે હે શ્રીકૃષ્ણ! તમો વિશ્વાત્મા છો. અમારા દુઃખો તો જાણો છો. અમે ખૂબ દુઃખી થઈ ગયા છીએ. તમારા વગર અન્ય કોઈ શરણ નથી. હે પ્રભુ! અમારી રક્ષા કરો. કુન્તામાતાના વિલાપથી અક્રૂરજી તથા વિદૂરજીના હૈયાં પણ પીગળી જાય છે. કુન્તામાતાને અક્રૂરજી ખૂબ સાન્ત્વન આપે છે. ધૃતરાષ્ટ્રને પણ અક્રૂરજી મળે છે અને પાંડવો સાથે સારો વર્તાવ રાખવા જણાવે છે. ધૃતરાષ્ટ્રને અક્રૂરજીના ઉપદેશની લેશમાત્ર અસર થતી નથી. થોડા દિવસ હસ્તિનાપુરમાં રહી અક્રૂરજી પાછા મથુરા આવી ભગવાન શ્રીકૃષ્ણને પાંડવોની સ્થિતિ જણાવે છે...

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

.....આ બાજુ કંસના મૃત્યુના સમાચાર તેના સસરા જરાસંધને મળતાં તે ક્રોધે ભરાઇને કૃષ્ણ-બળરામને મારવા મોટી સેના સાથે ચઢાઈ લાવે છે. જરાસંધ પરાજય પામી નાસી જાય છે. વળી પાછી ચઢાઇ લઇને આવે છે. ભગવાન તેને સત્તર વખત હરાવે છે. અઢારમી વખત નરકાસુર ત્રણ કરોડ મ્લેચ્છ સૈન્ય લઇ એક બાજુથી આવે છે. બીજી બાજુએથી જરાસંધ પણ આવે છે. તે સમયે ભગવાન શ્રીકૃષ્ણ સમુદ્રમાં દ્વારિકાની રચના કરી બધા યાદવોને તેમાં ખસેડે છે અને પોતે બળરામ સાથે મથુરાનગરીની રક્ષા કરે છે. ભગવાન નરકાસુરના નાશ માટે યુક્તિ વિચારી રહ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણને નાસી જતા નરકાસુર જુએ છે. અને પકડવા પાછળ દોડે છે. આગળ શ્રીકૃષ્ણ અને પાછળ નરકાસુર. ભગવાન ઘણે દૂર જંગલમાં એક ગુફા હતી તેમાં ભરાઇ જાય છે. નરકાસુર ,ભગવાનને શોધતો ગુફામાં પ્રવેશે છે. ગુફામાં મુચુકુન્દ નામના શ્રમિતરાજા જેઓ ભગવાનના પરમભક્ત હતા તે સૂતેલા હતા અને નિદ્રાવશ હતા. નરકાસુરે માની લીધું કે શ્રીકૃષ્ણ જ પોતાના બચાવ માટે ઢોંગ કરીને સૂઇ ગયો છે, એમ વિચારી નરકાસુર તેને લાત મારે છે. લાતના પ્રહારથી મુચુકુન્દની નિદ્રાનો ભંગ થાય છે. આંખ ઉઘડે છે. નરકાસુર સામેજ ઊભેલો હતો. મુચુકુન્દની ક્રોધભરી આંખમાંથી અગ્નિ નીકળે છે અને નરકાસુર તેજ ક્ષણે બળીને ભસ્મ થઇ જાય છે. ભગવાન કંઇ નરકાસુરથી ડરીને ભાગી ગયા ન હતા. મુચુકુન્દ દ્વારા તેનો નાશ કરવાની ભગવાનની યોજના જ હતી. ભગવાન શ્રીકૃષ્ણ મુચુકુન્દની સમક્ષ પ્રકટ થાય છે. મુચુકુન્દને પોતાનો પરિચય આપતા શ્રીકૃષ્ણાવતારનું તેને સ્મરણ થાય છે. ભગવાનને ચરણે પડે છે. અને તેમની આજ્ઞાનુસાર બદ્રિકાશ્રમમાં જઈ તપશ્ચર્યા કરે છે. શ્રીકૃષ્ણ મથુરા પાછા આવે છે. કાલયવનની સેનાનો સંહાર કરી તેનું તમામ ધન લઇ લે છે એ સમયે જરાસંધ અઢારમી વખત ચઢાઇ લઇ આવે છે. શ્રીકૃષ્ણ તથા બલરામ મથુરા છોડી નાસી જાય છે. જરાસંધ તેમનો પીછો પકડે છે. એક ગીચ ઝાડોવાળા મોટા પર્વત પર બન્ને ચઢી જાય છે. જરાસંધ પહાડ પર તેમને શોધે છે પણ જોવામાં ન આવવાથી આખા જંગલને ચારે બાજુથી સળગાવે છે. કૃષ્ણ બળદેવને નાસી જવાનો માર્ગ ન રહેતા બળીને નાશ પામશે એ હેતુથી જંગલને આગ લગાડી હતી. ભગવાન તથા બલરામ તો પર્વત કૂદીને નીચે આવી દ્વારિકામાં જતા રહે છે. શ્રીકૃષ્ણ તથા બળરામને આગમાં બળી ગયેલા માની જરાસંધ પોતાની સેના સાથે પોતાની રાજધાનીમાં પાછો ફરે છે...

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

.....વિદર્ભ દેશના રાજા ભિષ્મકને ઋક્મિણી નામની અતિ સુંદર પુત્રી હતી. નારદજી તેની સમક્ષ ભગવાન શ્રીકૃષ્ણના ગુણાનુવાદ ગાઈ તેનો તેને નાદ લગાડે છે. આથી ઋક્મિણી, ભગવાન શ્રીકૃષ્ણ સાથેજ પોતાના લગ્ન થાય એમ ઇચ્છે છે. પરંતુ ભાઈ ભાંડુઓ શ્રીકૃષ્ણ સાથેના લગ્નની વિરૂદ્ધ હતા. આપણા સમાજમાં પણ એવું જ ચાલે છે. છોકરીની ઇચ્છા અન્યત્ર હોય અને માબાપ પરણાવે તેથી અન્ય સાથે. ઋક્મિણીના ભાઈ ભાંડુઓ તેને શિશુપાલ સાથે પરણાવવા ઇચ્છતા હતા. શિશુપાલ સાથે સગપણ નક્કી થાય છે. વિવાહનો દિવસ નક્કી થાય છે. લગ્નના દિવસની વરધ ગણાવા લાગી. રૂક્મિણીની હૃદયવ્યથાનો પાર નથી. તેને તો શ્રીકૃષ્ણની જ લેહ લાગી હતી. વિચાર આવતાં રૂક્મિણી એક અંગત વિશ્વાસુ બ્રાહ્મણ સાથે દ્વારિકામાં શ્રીકૃષ્ણને સંદેશો–love letter મોકલે છે. તેમાં તે લગ્ન પહેલાં પધારી પુરૂષાર્થ બળથી પોતાનું હરણ કરી બચાવી લેવા પ્રાર્થના કરે છે. રૂક્મિણી ultra modern girl હતી. એટલે યુક્તિ પ્રયુક્તિ અજમાવવા લાગી. આ તરફ ઋક્મિણીનો સંદેશો લઇ બ્રાહ્મણ શ્રીકૃષ્ણ પાસે આવે છે. ભગવાનને રૂક્મિણીનો સંદેશો આપે છે. ભગવાન પોતે પણ રૂક્મિણીના ઉપર મુગ્ધ હતા. બળરામને પણ ખબર આપ્યા સિવાય તુરત પોતાના સારથિ પાસે રથ મંગાવી તેમાં બેસી વાયુવેગે રથને હાંકી વિદર્ભ નગરીમાં આવી પહોંચે છે. બળરામને ખબર પડતાં તે પણ ભ્રાતૃભાવથી પ્રેરાઇને ત્યાં જાય છે. શ્રીકૃષ્ણ તથા બલરામ પોતાની પુત્રીનો લગ્નોત્સવ જોવા આવ્યા છે એવી ખબર પડતાં ભીષ્મ રાજા તેમનો ખૂબ આદર સત્કાર કરે છે. લગ્ન પહેલાં ગિરજાપૂજા–અંબિકા દેવીની પૂજા કરવાનો ભીષ્મકને ત્યાં કુલાચાર હતો. તે મુજબ રૂક્મિણીજી સોળે શણગાર સજી અનેક સાહેલીઓ, રક્ષકો તથા ગોરાણીઓ સાથે નગરની બહાર ગિરિજા માતાની પૂજા કરવા જાય છે. મંદિરમાં જઇ વિધિપૂર્વક માતા પાર્વતીનું પૂજન કરે છે અને પ્રાર્થના કરે છે હે ગિરિજામાતા! આપના ચરણમાં મારા અનેક વંદન હો. મા! આપ મને એવો આશીર્વાદ આપો કે મને કૃષ્ણ પતિ મળે. માતાનું પૂજન કરી રૂક્મિણી બહાર આવી ધીમી ધીમી ગતિએ ચાલતી આજુબાજુ દૃષ્ટિ નાંખી શ્રીકૃષ્ણને શોધે છે. એટલામાં તેની નજર શ્રીકૃષ્ણ પર પડે છે. શ્રીકૃષ્ણ પણ રૂક્મિણીનું હરણ કરવાની તકજ જોઇ રહ્યા હતા. દેશદેશના રાજાઓ લગ્ન સમારંભમાં ભાગ લેવા આવ્યા હતા. બધા રાજાઓની હાજરીમાં વચ્ચેથી એકદમ કૃષ્ણ રૂક્મિણીજી પાસે પહોંચી જાય છે અને

CC0. In-Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગરુડ જેમ પોતાના ભક્ષ્યને ઉપાડી ઝડપથી ચાલી જાય તેમ રૂકિમણીને ઉપાડી રથમાં બેસાડી રથ હાંકી મૂકે છે. આ રીતે મેળવેલી કન્યા તે પરાક્રમ લબ્ધ કન્યા...જંગ પણ જામે છે પણ ભગવાન સૌને હરાવે છે... આજનો પ્રેમ છ આઠ પૈસાના પત્રદ્વારા પ્રાપ્ત થાય છે.....ભગવાન શ્રીકૃષ્ણ તથા શ્રીબલરામજી રૂકિમણીને લઇ દ્વારકામાં આવે છે અને ત્યાં ભારે ધામધૂમથી ભગવાનના તેની સાથે લગ્ન થાય છે.....

...ભગવાનની લગન જેને લાગે છે તેનું જીવન સૌભાગ્યમય થઇ જાય છે. લગ્ન એટલે જોડાણ. આપણો આત્મા પરમાત્મા સાથે લગ્ન હોવો ઘટે. બુદ્ધિ લગ્ન હોવી ઘટે. આપણું મન પરમાત્મા સાથે લગ્ન હોવું ઘટે. જેના મન બુદ્ધિ આત્મા પરમાત્મા સાથે લગ્ન હોય તેને જીવનમાં વૈધવ્ય આવતું નથી. દુન્યવી લગ્નો એ તો સાચો આનંદ માણવાની માત્ર પ્રસ્તાવના છે. લગ્નના મહાવરાથી ઊંચા લગ્ન–અધિયોગ–લગ્ન માટે યોગ્યતા આવે છે. બે દ્વૈત–વિભક્ત આત્મા અદ્વૈત–અવિભક્ત થાય તે લગ્નજીવનનો આદર્શ છે. marriage is a sacred bond. લગ્ન એ પવિત્ર કરાર છે. કવિ ન્હાનાલાલના શબ્દોમાં પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં. દુન્યવી લગ્ન થયા પછી તે શા માટે છે તે યાદ રહેવું જોઇએ. તે દુન્યવી લગ્ન પરમાત્માના લગ્ન માટે છે તે ભૂલવું ન જોઇએ. ગ્રહસ્થ જીવનનો એ આદર્શ છે. રહસ્ય છે. દુન્યવી લગ્ન, પરમાત્મ લગ્ન–દૈવી લગ્ન–પ્રભુ સાથના લગ્નની કેડી છે. પરમલગ્ન માટેની યોગ્યતા ભાગવતી કથા અપાવે છે. દુન્યવી લગ્નનું અનિવાર્ય પરિણામ પ્રજોત્પત્તિ છે. એ ઇશ્વરીય કામ છે. ઇશ્વરની ઇચ્છા સમૃદ્ધ કરવા બરાબર છે. તેથી પ્રભુ પ્રસન્ન થાય છે. યાદ રાખવું ઘટે કે લગ્ન એ ભોગવિલાસનું સાધન નથી. સ્ત્રીપુરુષનો સંબંધ એકબીજાના હાથમાં હાથ મીલાવી, ખભેખભા અડાડી ઊંચી કૂચ કરવા માટે છે. તેમાં જ લગ્નજીવનની સાર્થકતા છે. સ્ત્રી અને પુરૂષે એકબીજાના પૂરક બનવાનું છે. દ્વૈતમાંથી અદ્વૈતભાવ કેળવી ઊર્ધ્વગામી બનવા હંમેશ પ્રયત્નશીલ રહેવું જોઈએ. મહાકવિ ભવભૂતિ કહે છે, કે પતિપત્નીના અંતઃકરણની સ્નેહગ્રંથીના જોડાણરૂપી પુત્ર–પુત્રીની ઉત્પત્તિ થાય છે. પ્રેમ, પ્રભુ અને સત્ય એક જ છે.....પુત્રજન્મનો ઉત્સવ કરવો અને પુત્રી જન્મે તો દુઃખભાવના સેવવી એ બુદ્ધિમંદતાની શોચનીય વિષમતા છે. એ અમંગળતા છે. જે દેશમાં પુત્રીજન્મને પ્રજા વધાવે નહીં તે દેશ–તે પ્રજા પર–પરમાત્માની કૃપા કદી ઉતરતી નથી. પુત્રજન્મ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરતાં પુત્રીજન્મ ઉચ્ચ છે. પુત્રીમાં માતૃત્વ છે અને તેથી તે જીવ ઊંચો છે. પરમાત્માએ પુરૂષને પ્રજોત્પત્તિની શક્તિ નથી આપી. માતાને જ આપી છે, કારણ કે માતાની કૂખમાં પરમાત્મતેજ ઉછરે છે. બાળ ઉછેરમાં માતા એ પિતાના કરતાં એક ડગલું આગળ છે. ઉચ્ચ સંસ્કાર અને જ્ઞાનનો પાયો નાંખનાર માતા છે. તે માટેના ધૈર્ય-પ્રેમ અને મમત્વ તો માતામાં જ હોય છે. પિતામાં નથી. આથી પ્રભુ જેને સ્ત્રી બનાવે તે બધા કરતાં ઉચ્ચ છે એ સમજી લેવું ઘટે. જે પ્રજા પુત્રીનો જન્મોત્સવ ન કરે તે કૃતઘ્ની પ્રજા છે. દીકરીનો જન્મ માનવજાતની વંશવેલીને વધારનાર અને મહાપુરૂષો ઉત્પન્ન કરનાર છે. સ્ત્રી પ્રત્યે કેવળ ભોગવિલાસની દૃષ્ટિથી જોનાર મનુષ્ય મહાપાપી અને કૃતઘ્ની છે. આ વાત કેવળ સત્ય છે અને તેનો સ્વીકાર કર્યે જ છૂટકો.....

.....દ્વારિકામાં ભગવાન શ્રીકૃષ્ણને ત્યાં રૂકિમણીના ગર્ભથી પુત્ર જન્મ થાય છે. એ પુત્ર તે પ્રદ્યુમ્ન. પ્ર=અતિશય-અમિત. દ્યુમ્ન=તેજ-કાન્તિ. અતિશય તેજસ્વી હોવાથી તેનું પ્રદ્યુમ્ન નામ રાખવામાં આવ્યું હતું. પૂર્વજન્મમાં મહાદેવ શંકરભગવાનના ક્રોધનો ભોગ બનતાં કામદેવ બળીને ભસ્મ થયો હતો. તેનોજ અંશ પ્રદ્યુમ્નરૂપે મનુષ્ય દેહ ધારણ કરે છે. કામદેવની સ્ત્રી રતિ તે શમ્બુકને ત્યાં માયાવતીરૂપે દાસી તરીકે રહે છે. પ્રદ્યુમ્નની ઊંમર દસજ દિવસની હતી એટલામાં શંબુકાસુર નામનો માયાવી દૈત્ય રૂકિમણીમાતાના પ્રસૂતિગૃહમાંથી બાળક પ્રદ્યુમ્નને ઉપાડી લઇ સમુદ્રમાં ફેંકી દે છે. સમુદ્રમાં એક મોટું મચ્છ તેને ગળી જાય છે. માછીઓની જાળમાં તે મચ્છ આવી જાય છે. માછીઓ શમ્બુકાસુરને તે મચ્છ ભેટ આપે છે. મચ્છને કાપતાં તેમાંથી બાળક નીકળે છે. માયાવતી તે બાળકને ઉછેરે છે. એવામાં એક દિવસ નારદજી માયાવતી પાસે આવી એ બાળક અન્ય કોઇ નહીં પણ તેનો પતિ કામદેવ છે એમ જણાવે છે. રતિ જે માયાવતી તરીકે શમ્બુકાસુરને ત્યાં દાસી તરીકે હતી તે પૂર્વજન્મની પત્ની. આથી નારદજીએ જણાવેલી હકીકતથી બાળક પ્રત્યે પતિ જેવો ભાવ રાખે છે અને ખૂબ પ્રેમથી ઉછરે છે. પ્રદ્યુમ્ન ૧૬ વર્ષની ઊંમરનો થાય છે. માયાવતી તેના પ્રત્યે જે ભાવ રાખતી તે પરથી પ્રદ્યુમ્ન એક દિવસ તેને કહે છે કે દેવી! તું તો મારી માતા સમાન છે. તું માતાનો ભાવ ન રાખતાં પત્ની જેવા હાવભાવ કેમ દર્શાવે છે? માયાવતી તેને સત્ય ઘટના જણાવે છે. પછી કહે છે કે તમારી માતા રૂકિમણી ૧૬ વર્ષથી તમારા વિયોગથી ઝુરી રહી છે. માટે તમારી માતા પાસે જાઓ. એમ કહી તેને તમામ માયાવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શક્તિઓનો નાશ કરનારી મહામાયા નામની વિદ્યા શીખવે છે. એ મહામાયા વિદ્યાથી શમ્બુકાસુરનો વધ કરી માયાવતીને લઇને દ્વારિકા જાય છે. ૧૬ વર્ષના લાંબા ગાળા બાદ પ્રદ્યુમ્નને આવેલો જોઇ રૂકિમણીમાતા તેને ઓળખી શકતી નથી. નારદજી ત્યાં આવી પૂર્વઘટના વર્ણવીને ઓળખ આપે છે. પુત્ર તથા પુત્રવધૂને જોઇ તથા ઓળખીને સૌ આનંદમગ્ન બને છે. વસુદેવ દેવકીમાતા, શ્રીકૃષ્ણ, બળરામ વગેરે નવદંપતીને આશીર્વાદ આપે છે. દ્વારિકામાં ભારે ઉત્સવ થાય છે...

...પરબ્રહ્મ વૃદ્ધિગંત જીવન! એવા જીવનમાં જેને રસ છે તે પરમાત્મા. પરમાત્માને જીવનના હરેક પાસામાં રસ છે. દેવ, માનવી, પશુ, પક્ષી, સ્થળચર-જળચર જડ અને ચેતન સર્વમાં તે પરમાત્મા વિલસી રહ્યો છે. દરેક જીવાત્મામાં તે ક્રીડા કરી રહ્યો છે-આથી જ પોતે રસો વૈ સઃ અને સત્ ચિત્-આનંદ સ્વરૂપ છે...

...એક દિવસની વાત છે. સત્રાજીત સૂર્યનો પરમભક્ત અને મિત્ર હતો. સૂર્યે પ્રસન્ન થઈ તેને સ્યમન્તકમણિ અર્પ્યો. એ મણિ ખૂબ તેજસ્વી હતો. સત્રાજીત મણિને પહેરી શ્રીકૃષ્ણના મહેલમાં આવે છે. મણિના પ્રકાશથી બધા અંજાઇ જાય છે. એક દેવ મંદિરમાં મણિને રાખીને તેની પૂજા કરવામાં આવે છે. એ મણિમાં એવો ચમત્કાર-પ્રભાવ હતો કે તેની પૂજા બાદ તે દરરોજ ચાલીસ મણ સોનું આપતો. વળી જ્યાં તે મણિ હોય ત્યાં દુકાળ, મહામારી, મરકી-પ્લેગ-દુઃખ-દારિદ્ર, ભૂતપ્રેત પિશાચના ઉપદ્રવો વગેરે કશું રહેતું નહીં. શ્રીકૃષ્ણ પરમાત્મા પ્રજા કલ્યાણને માટે એ મણિની માગણી કરે છે. દ્રવ્ય લાલસા અને મમત્વને કારણે સત્રાજીત ભગવાનની વિનતિનો અસ્વીકાર કરે છે. એક દિવસ સત્રાજીતનો ભાઈ પ્રસેન તે મણિને ગળામાં પહેરી શીકારે જાય છે. સિંહ સાથેના યુદ્ધમાં તે માર્યો જાય છે. સિંહ મણિને લઇ જતો રહે છે. જાંબવાન નામનો રીંછરાજ સિંહને જુએ છે સિંહને મારીને તે મણિ પોતાના બચ્ચાને રમવા માટે લઈ જાય છે. પ્રસેનને શીકારેથી પાછો આવેલો ન જોતાં સત્રાજીત માની લે છે. કે સ્યમન્તકમણિને માટે શ્રીકૃષ્ણે જ મારા ભાઇને મારી નાંખ્યો છે. ભગવાન ઉપર ચોરીનું કલંક આવે છે. કલંકથી ભગવાન ખળભળી ઉઠે છે. संभावितस्य चाकीर्तिर्मरणादातिरिच्यते! મોટા માણસો-આબરૂદાર માણસો પોતાની અપકીર્તિ થાય તે કરતાં મરણને વધુ પસંદ કરે છે. મોટા માણસો તો યશોધની હોય છે. યશ - કીર્તિરૂપી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ધનની રક્ષા કાજે તેઓ પ્રાણધન-પ્રાણનું બલિદાન આપવા પણ તૈયાર હોય છે. ભગવાન ઉપર ચોરીનું આળ! ભગવાનના જીવને ચેન નથી. કલંકમુક્ત થવા માટે ભગવાન શ્રીકૃષ્ણ કેટલાક માણસોને લઈ પ્રસેનની શોધમાં નીકળી પડે છે. શોધતાં શોધતાં જંગલમાં પ્રસેનનું મુડદું તથા ઘોડાનું મૃત શરીર જોવામાં આવે છે. સિંહના પડેલા પગલાંને આધારે આગળ વધે છે. એક ગુફા આગળ આવી સાથેના માણસોને બહાર ઊભા રહેવા જણાવી પોતે એકલા ગુફામાં પ્રવેશ કરે છે. ત્યાં એક બચ્ચાંને મણિ સાથે રમત રમતું જોઇ ભગવાન તે મણિ લેવા તેની પાસે જાય છે. બાળક ચીસ પાડી ઊઠે છે. તે સાંભળી જાંબવાન ત્યાં દોડી આવે છે. જાંબવાન અને ભગવાન વચ્ચે યુદ્ધ ખેલાય છે.....રૂચિભેદે ભગવાને જુદા જુદા રૂપે પોતાના ભક્તોને દર્શન આપ્યાં છે.....દેવમાં માણસજાતે તડ પાડયાં છે. દેવ જુદા નથી. પરમાત્મા તો સર્વવ્યાપી છે. નામ અને રૂપનાં બીબામાં પરમાત્માનો રસ; શકિત, સચ્ચિદાનંદ તત્વનો ફેર પડતો નથી. નામ અને રૂપ જુદાં હોય તે તો પરમાત્માની એક મઝા છે. બધું એક જ હોત તો monotonous existence જેવું લાગત. આથી તે જુદો છે એમ માનવાની ભૂલ કરવી નહીં. પ્રભુ જુદો નથી, તેને મળવાના રસ્તા ફકત જુદા છે. હિન્દુ-મુસલમાન, ખ્રિસ્તી, યાહુદી કે પારસીના ઇશ્વર જુદા નથી. સૌ પોતપાતાની રીતે ઇશ્વરને ભજે છે. જેને પ્રભુના જે નામ-રૂપમાં શ્રદ્ધા હોય તેને તે રીતે ભજવા દેવા એ ભગવદ્‌ભકતોનો ધર્મ છે. રામ અને રહેમાન, ક્રાઇસ્ટ કે મહાવીર કે જરથોસ્તમાં કશું જુદાપણું નથી. નામ ભેદથી વસ્તુ બદલાતી નથી. જનતા કલ્યાણના જે માર્ગે જતી હોય તેને ઉત્તેજન પોષણ, અનુમોદન આપવાનું અને તે રીતે માનવોન્નતિમાં સહાયક થવું એ સાચો માનવધર્મ છે.....

.....જાંબવાનને ખબર ન હતી કે રામાવતારના રામ અને કૃષ્ણાવતારના શ્રીકૃષ્ણ બન્ને એક જ છે. અનેક પ્રકારના શસ્ત્રાસ્ત્રોથી ત્રણ અઠવાડિયા સુધી બન્ને વચ્ચે યુદ્ધ ખેલાય છે. છેવટે જાંબવાન થાકીને લોથપોથ થઈ ઢળી પડે છે. તેને પોતાને મળેલા શાપનું સ્મરણ થાય છે. જેની સાથે લડતાં શકિત ક્ષીણ થઈ જાય ત્યારે જાણવું તે સામી વ્યકિત રામસ્વરૂપ છે. આ પ્રમાણેના શાપનું સ્મરણ થતાંજ તે શ્રીકૃષ્ણના ચરણમાં પડે છે. અને કહે છે કે પરમાત્મન્! રામાવતારના મારા તેજ રામ આ કૃષ્ણાવતારમાં આજે શ્રીકૃષ્ણના રૂપમાં અહીં પધાર્યા છો. ભગવાન શ્રીકૃષ્ણ ભકતની પ્રાર્થનાથી પ્રસન્ન થઈ પ્રેમભરી વાણીમાં કહે છે કે હે ઋક્ષરાજ!

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ મણિ સબંધી મારા પર જૂઠું આળ ચઢાવવામાં આવ્યું છે. તે કલંકમાંથી હું મુક્ત થઇ શકું તે માટે આ મણિ લેવા હું તારી ગુફામાં આવ્યો છું. જાંબવાન પ્રભુ સાથેના પોતાના યુદ્ધના પ્રાયશ્ચિત્તરૂપે મણિ તથા પોતાની કન્યા જાંબવતીને પણ ભગવાનને અર્પણ કરે છે.....

.....જાંબવાન એ તે દ્વીપનો સીદી રાજા હતો. ભગવાને રાજકીય દૃષ્ટિએ વિચાર્યું કે કોઇ દિવસ આ દ્વીપના લોકો ચઢાઇ લઇ આવે તે પહેલાં તેમને મિત્ર બનાવી લેવા જોઇએ જેથી આક્રમણનો ભય હંમેશને માટે ટળી જાય. શ્રીકૃષ્ણે ઋક્ષરાજ જાંબવાનની કન્યાનો રાજકીય દૃષ્ટિએજ સ્વીકાર કર્યો હતો અને એ રીતે એ દેશને ભારત સાથે જોડી દીધો. એ કન્યા સાથેના લગ્નમાં (૧) કન્યાનો પ્રેમ (૨) ઋક્ષરાજાની ભક્તિ (૩) જગતની શાંતિ. આમ ત્રણ હેતુઓ એ લગ્નની પાછળ હતા.....

.....પ્રાચીનકાળમાં એવું હતું કે છોકરો ગુરૂકુળમાંથી વિદ્યાસંપાદન કરીને પોતાના ઘેર આવે તે વખતે તેની પાસે પૈસા હોતા નથી. વિદ્યાધનજ હોય છે. તે વખતે તેને તુરત પરણવાનો પ્રસંગ આવે તો પરણ્યા પછી ઘર કેમ ચલાવવું? કારણકે હજુ તે કમાતો થયો નથી. વૈશ્વદેવમાં ઉત્તમ ભાવ વર્ણવેલો છે–રહેલો છે. પરણ્યા બાદ પુરૂષાર્થ માટે પણ પુત્રે જુદા રહેવું. એટલે કે પોતાનો તથા પોતાની પત્નીના ભરણપોષણના ખર્ચનો બોજો લગ્ન પછી પિતા ઉપર ન નાંખવો જોઇએ. તમામ પિતાએ પોતાના પુત્રના અભ્યાસ માટે ખર્ચ કરવો જોઇએ તેમ ભણ્યા બાદ દીકરાએ બાપ પર કદી આધાર ન રાખવો જોઈએ. પિતાએ જીવનની કમાણીમાંથી જીવનનિર્વાહ પૂરતું રાખી બાકીનું જનકલ્યાણાર્થે વાપરી નાંખવું જોઇએ. આપણા દેશમાં દીકરા માટે વારસો મૂકી જવાની ભાવના–ઘેલછાથી પ્રજાને ભારે શોષવું પડયું છે. અગાઉ સમાજવાદ ન હતો. દીકરાએ વડિલોપાર્જીત કશું લેવાની અર્થાત્ વારસો મેળવવાની જરાપણ ઇચ્છા ન રાખતાં પિતાને કહી દેવું જોઇએ કે તમે સંસ્કાર અને જ્ઞાનનો વારસો આપ્યો તેથી વિશેષ અમારે શું જોઇએ? તમારી પાસે જે કાંઇ હોય તેનો તમે ખુશીથી જનહિતના કાર્યમાં ઉપયોગ કરો! દરેક પિતાએ બે ચાર હજાર રૂપિયાનું દેવું દીકરા માટે મૂકી જવું જોઇએ. દીકરાને જો સંસ્કાર અને જ્ઞાનનો વારસો આપ્યો હશે તો તે જરૂર પોતાના પુરૂષાર્થથી આગળ વધશે અને કુળનો તારક બનશે. પ્રાચીનકાળમાં તો સંસ્કાર અને વિદ્યાનો જ વારસો અપાતો. કોઇપણ પિતા વિલ કરે તો વિચારીને કરે. પાંચ લાખ રૂપિયાની મુડી હોય તો તેમાંથી ૧ લાખ પોતાના નિર્વાહ માટે રાખી બાકીના ચાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લાખ રૂપિયાનો વિદ્યાલય-હોસ્પિટલ વગેરે પ્રજાના કલ્યાણનાં કાર્યમાં વિનિયોગ કરવો.....

.....કાદંબરીમાં ચંદ્રાપીડને શુકનાસ લક્ષ્મી સંબંધી ઉપદેશ આપે છે. (એ ઉપદેશ અહીં વિસ્તારથી જણાવ્યો હતો) લક્ષ્મી ક્રૂર કરનારી અને વિનાશક છે. દીકરાની દરકાર વગર વિદ્યોન્નતિના કાર્યમાં લક્ષ્મીનો સદ્વ્યય કરવો. લક્ષ્મીર્દાનવતી યસ્ય સફલં તસ્ય જીવિતમ્ જેની લક્ષ્મીનો દાનમાં વિનિયોગ થાય છે તેનું જીવન સાર્થક બને છે.

લગ્ન પ્રસંગે કન્યાના પિતા તરફથી જે ઘરઘામણ આપવામાં આવે છે તેની પાછળનો મુખ્ય આશય તો એ છે કે જમાઇ વિદ્યા સંપાદન કરી તુરત લગ્ન કરે તે સમયે તેની પાસે પોતાનો આશ્રમ ચલાવવા માટે સાધન હોતાં નથી. આથી તે ઉદ્યમ કરી સાધનો મેળવે તે પહેલાં તેને ઘર વસાવી આપવું. ઘરઘામણ આપવાની પ્રથા બુદ્ધિપૂર્વક યોજવામાં આવી હતી. આપણો જીવનવ્યવહાર ચોકખો હોવો જોઇએ. વ્યવહારશુદ્ધિ એ તો જીવનમાં ઉત્તમોત્તમ સદ્ગુણ છે. જેના જીવનના વ્યવહારો મેલા છે તેનું જીવન એ નારકીય જીવન છે. દેશની પ્રજાજીવનમાં વ્યવહારશુદ્ધિ ન આવશે ત્યાંસુધી તેનો ઉદ્ધાર-થવાનો નથી. જીવનના સાચા આનંદો માણી શકવાના નથી. દૂષિત વ્યવહારોથી આનંદ હંમેશ આઘો જ રહે છે. આથી સમાજજીવનને ઉન્નત અને આનંદમય બનાવવા માટે વ્યવહારશુદ્ધિની અનિવાર્ય અગત્ય છે. એજ એક સાચો માર્ગ છે. પારમાર્થિક અને વ્યાવહારિક જીવન જુદાં નથી. જીવનને સમગ્ર દૃષ્ટિથી નિહાળતા રહી સમાનતા-અમાનિતા અને ત્યાગ ભાવનાને જીવનમાં ઉતારવા જોઇએ.....

ભગવાન શ્રીકૃષ્ણ, મણિ અને પોતાની નવવધૂ જાંબવતી સાથે દ્વારકા આવે છે. ઉગ્રસેન, સત્રાજીતને રાજસભામાં બોલાવી મણિ પુનઃ કેવી રીતે પ્રાપ્ત થયો તેની વિગત જણાવી સત્રાજીતને તે મણિ આપે છે. ભગવાન શ્રીકૃષ્ણ ઉપર મણિ ચોરવાનું ખોટું આળ ચઢાવી તેના ધવલયશને કલંકિત કરવાનો પોતે મહાઅપરાધ કર્યો તે માટે સત્રાજીત ખૂબ પશ્ચાત્તાપ કરે છે. અપરાધના પ્રાયશ્ચિત્તરૂપે મણિ તથા પોતાની કન્યા સત્યભામા શ્રીકૃષ્ણને અર્પણ કરવાનો વિચાર કરે છે. સત્રાજીત શ્રીકૃષ્ણ ભગવાન પાસે જઇ પોતાના અપરાધની ક્ષમા માગે છે. સ્યમન્તક મણિ આપે છે અને પોતાની પુત્રી સત્યભામા સાથે પાણિગ્રહણ કરવા ભગવાનને આગ્રહપૂર્વક વિનવે છે. સત્યભામા ખૂબજ સૌન્દર્યવતી અને તેજસ્વી હતી. તેના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લાવણ્યને જોઇ ભલભલા મોહિત થતા. ભગવાન શ્રીકૃષ્ણ સત્યભામા સાથે લગ્ન કરે છે. સ્યમન્તક મણિનો અસ્વીકાર કરતાં ભગવાન સત્રાજીતને કહે છે કે મને મણિની જરૂર નથી. મને તો તેના ફળની અર્થાત્ તેના દ્વારા દરરોજ મળતા ચાલીસ મણ સોનાનીજ જરુર છે. માટે આ મણિ તમારી પાસેજ રાખો અને સોનું મને આપતા રહેજો. પ્રજાહિતના–રાષ્ટ્રોન્નતિના કાર્યમાં તે સુવર્ણનો હું ઉપયોગ કરતો રહીશ. ભગવાન અને સત્યભામાનું જીવન એ તો કોડીલાં જીવનનો રળિયામણો નમુનો હતો.

.....પ્રાચીનકાળમાં કન્યા માટે વરની પસંદગી તેની ધનસંપત્તિ–માલમિલકત જોઇને કરવામાં આવતી ન હતી. ધનવાન છતાં જો કાયર હોય, પુરૂષાર્થી ન હોય, પરાક્રમી ન હોય તો તેવાને કન્યા આપવામાં આવતી ન હતી. પરાક્રમની પરીક્ષામાં જો તે સફળ થાય તોજ વર તરીકે વરણી કરવામાં આવતી. તે સમયની સ્ત્રીઓ પણ પરાક્રમને ચાહતી. નામરદનો પડછાયો લેવા પણ ઇચ્છિતી નહીં. વિદ્યા, શૌર્ય અને ગુણવિકાસ એ વરની પસંદગીના માપગજ હતા. આજના સમયમાં વર તથા કન્યા બન્નેની પસંદગી–યોગ્યતા માટેના માપગજો તદ્દન જુદાજ છે. કૃત્રિમ સૌન્દર્ય, નૃત્ય અભિનય તથા અંગ્રેજી શિક્ષણ વગેરે એ આજના યુવક માટે સ્ત્રીની પસંદગીના માપદંડો છે. એવાજ પ્રકારના માપગજો આજની સ્ત્રી પાસે વરની પસંગી માટે છે. આ સ્થિતિ આપણી સંસ્કૃતિ અને સમાજનું પતન લાવનારી છે. સૌન્દર્ય અને ભોગવિલાસમાં રાચનારી પ્રજા કદી જીવનનો સાચો આનંદ માણી શકે નહીં. શૌર્યહીન નિઃસત્વ પ્રજાની કશી કિંમત નથી. દેશની સંસ્કૃતિ દેશનું ગૌરવ એવી નિર્માલ્ય–માયકાંગલી પ્રજા કદી જાળવી શકશે નહીં. જે દેશની પ્રજા મનથી અને તનથી બન્ને રીતે બળવાન હશે તેજ શાસન કરવાને લાયક રહેશે. હિંદી સંસ્કૃતિ તો જગતભરમાં અજોડ છે. હિંદી પ્રજાના જીવનના આદર્શો પણ બેનમૂન છે. આ દેશનું આત્મજ્ઞાન તત્વજ્ઞાન વિશ્વમાં અદ્વિતીય છે. અહીં આત્માના મૂલ્યાંકન થાય છે. એવા દેશની પ્રજા પોતાના દેશની સંસ્કૃતિ અને આદર્શને અનુકૂળ જીવન જીવવા તરફ વળાંક લેશે નહીં તો જગતમાં તેની કશી ગણના રહેવાની નથી. રામાયણ–મહાભારત–ગીતા–ઉપનિષદો અને શ્રીમદ્ ભાગવત એ આપણી સંસ્કૃતિના મુખ્ય સ્થંભો છે. એ ગ્રંથોનો પ્રત્યેક સ્ત્રી પુરૂષે અભ્યાસ અને મનન કરવાં જોઇએ. અને આજના યુગપરિવર્તનના સમયમાં જો પ્રાચીન આદર્શોને વિવેકપૂર્વક જીવનમાં ઉતારી તે પ્રમાણે વર્તવામાં આવશે તો આ દેશની પ્રજા આગળ વિશ્વની પ્રજા શિર ઝુકાવશે.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાનની આઠ પટરાણીઓમાં નાગ્નિજતી નામની પટરાણી પણ માનભર્યું સ્થાન ભોગવતી હતી. નાગ્નિજતી સાથેના ભગવાનના લગ્નની ઘટના રસિક છે. કોસલ દેશમાં નગ્નજિત નામનો રાજા હતો તેને નાગ્નિજતી નામની એક રૂપવતી અને સદ્ગુણસંપન્ન શીલવતી પુત્રી હતી. એ નગ્નજીત રાજાને ત્યાં સાત સાંઢ હતા. એ સાંઢો એવા બળવાન હતા કે કોઈ તેને વશ કરી–નાથી શકતા નહીં. રાજાની પ્રતિજ્ઞા હતી કે જે કોઈ એ સાત સાંઢને વશ કરે, નાથે તેને પોતાની દીકરી પરણાવવી. કન્યાના સૌન્દર્યથી મોહિત થએલા અનેક પરાક્રમી રાજાઓ તે કન્યાને પરણવાની અભિલાષાથી સાંઢને વશ કરવા આવ્યા હતા. પરંતુ વશ કરી શક્યા નહતા અને ખાલી હાથે પાછા ગયા હતા. ભગવાન શ્રીકૃષ્ણને એ બાબતની ખબર પડતાં નાગ્નિજતી–જેનું નામ સત્યા પણ હતું તેને પરણવા માટે કોસલ પુરી–એટલે હાલની અયોધ્યા નગરીમાં જાય છે....ભગવાન શ્રીકૃષ્ણ તો યુગાદિકૃત્ યુગનું પરિવર્તન કરનારા હતા. તેમને યુગાવર્ત–યુગની ક્રાન્તિ કરવી હતી. એથી તો ભગવાન યુગાવર્ત પણ કહેવાય છે. આવર્ત એટલે વમળ. યુગનું વમળ પેદા કરે તે યુગાવર્ત–પરમાત્મા હાલ ભૈરવી ચક્ર ચલાવી રહ્યા છે. સંપ્રાપ્તે ભૈરવી ચક્રે નત્વં નાહં નવૈ જગત્" વિશ્વભરમાં ભગવાનનું ભૈરવી ચક્ર આજે ફરી રહ્યું છે. એને એક સુંદર દુનિયા સર્જવાની છે, એમ આસ્તિક જનતા જરૂર માને. જગતનું પરિવર્તન શું પરમાત્માની નજર બહાર હશે? વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને લય જેની ઇચ્છાને આધીન છે તે પરમાત્મા જ વર્તમાન પરિસ્થિતિનો સર્જક છે. એ પણ પરમાત્માની એક યોજના જ હશે એમ માન્યે જ છૂટકો. જેની ઇચ્છા વગર એક પાંદડું પણ હાલી શકતું ન હોય તે પરમાત્મા આ પરિવર્તન ન જાણે એ શક્ય જ નથી. પરંતુ એ ઇશ્વરની યોજના જ છે. નવસર્જન તો પ્રભુનો આનંદ છે. એ પ્રભુના આનંદને સહર્ષ વધાવી લેવો ઘટે. પરમાત્માના હજાર નામોમાં યુગાવર્ત પણ તેનું નામ છે. જગતમાં વમળ ફેલાયું છે. નવયુગના મંડાણ થઈ રહ્યાં છે. હિંદની સંસ્કૃતિ–ઋષિ પ્રતિભા વિશ્વની નૂતન રચના–વ્યવસ્થામાં ભારે કામીયાબ નીવડવાની છે અને અગ્રસ્થાને રહેવાની છે. જગતનું ગુરૂપદ ભારતીય ઋષિ સંસ્કૃતિજ લેનાર છે એમાં કોઈ શક નથી. ભારતીય સંસ્કૃતિ જગતભરમાં પ્રસરશે. એ સંસ્કૃતિનો અમર સંદેશ બધી પ્રજા ઝીલશે અને તે પ્રમાણે વર્તશે તોજ વિશ્વશાંતિ થશે. પરંતુ એ પહેલાં ભારતીય ઋષિ સંસ્કૃતિના વારસદાર હોવાનો દાવો કરનાર આપણે ભારતવાસીઓએ પોતાના આચરણમાંથી એની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અસ્મિતા સિદ્ધ કરવી પડશે. કાટમાલમાંથી એ સંસ્કારલક્ષ્મીને બહાર કાઢી ફરતી કરવી પડશે. જગતનો ઇતિહાસ તો તપાસો! કંઈ કેટલા દેશોની સંસ્કૃતિ ઉગી અને અસ્ત પામી. કાળના ઝંઝાવાતમાં કંઇ કેટલા દેશોની સંસ્કૃતિઓ ખરી પડી. પણ કાળના અનંત ઝંઝાવાતોમાં પણ ભારતીય સંસ્કૃતિ હિમાચલની જેમ સ્થિર રહી શકી છે. આકરામાં આકરી તેજબી અગ્નિ પરીક્ષાઓમાં પણ સુવર્ણ જેમ અગ્નિમાંથી તેમ ઋષિસંસ્કૃતિ વધુને વધુ દેદિપ્યમાન બની કંચનવર્ણી રહી છે. ભારત પાસે જે સિદ્ધિ છે તે ભૌતિક નથી પણ આત્માની–આત્મજ્ઞાનની છે. આત્મલક્ષી હોવાથી આત્માના મૂલ્યાંકનો ભારતની સંસ્કૃતિના મૂળમાં છે. આથીજ તે આદિકાળથી અદ્યપિપર્યંત જગતભરમાં પોતાનું ગૌરવભર્યું સ્થાન ટકાવી શકી છે. આથી જો આપણે–ભારતવાસીઓ આપણી સંસ્કૃતિના પોષણ સંવર્ધન અને રક્ષણ માટે, તેના વિશ્વભરમાં પ્રચાર માટે, જાગ્રત બની સતત પ્રયત્ન કરવાની આજના આ ક્રાન્તિના સમયમાં અનિવાર્ય અગત્ય છે. હવે જૂના આકારો ભાંગી જવાના છે. નવા આકારો ઘડવાના છે. આપણે એ નવા આકારોનું સ્વાગત કરવાનું છે. જો આપણે સ્વાગત કરવા તૈયાર ન રહીશું તો આઘે–દૂરસુદૂર ફેંકાઈ જઈશું.....

ભગવાન શ્રીકૃષ્ણ કોસલપુરી–અયોધ્યા પહોંચે છે. ત્યાં જઇ રાજા પાસે તેની દીકરીનું માગું કરે છે. ભગવાનને તો નવાં મૂલ્યાંકનો પ્રસરાવવાં હતાં. નવો બોધ આપવો હતો. રાજા કહે છે કે ભગવાન! તમારા જેવો વર કોની દીકરીના ભાગ્યમાં! તમે માગો અને હું ન આપું તે બને જ કેમ? પણ ભગવન્! મારી એક પ્રતિજ્ઞા છે કે રાજ્યના સાત સાંઢને વશ કરનારને જ દીકરી પરણાવવી. ભગવાન આથી સાંઢોને વશ કરવા કમર કસી તૈયાર થાય છે. સાત સાંઢોને લાવવામાં આવે છે. ભગવાન એકી સાથે સાત સ્વરૂપ લઇ સાતે સાંઢો સાથે મલ્લકુસ્તી કરે છે અને સાંઢોને મહાત કરી સાતેને એક રસીથી નાથે છે. ભગવાનના અતુલ સામર્થ્યથી રાજા પ્રસન્ન થાય છે અને પોતાની દીકરી નાગ્નિજિતી અર્થાત્ સત્યાને ભગવાન સાથે પરણાવે છે. ભગવાન સત્યાને લઈ દ્વારકા જાય છે...

આ સાત સાંઢો કયા? પરણવા માટે સાત સાંઢને કાબૂમાં લેવા એટલે પાંચ જ્ઞાનેન્દ્રિય, છઠ્ઠું મન અને સાતમી બુદ્ધિ એ સાત સાંઢોને વશ કરવા. તે જો વિફરે તો સત્યાનાશ વાળે. ઇન્દ્રિયોનો વિફરાટ દેહને માટે તેમજ રાષ્ટ્રને માટે પણ ભયજનક છે. ભગવાનને હૃષીકેશ પણ કહીએ છીએ ને? ઇન્દ્રિયોનો ઇશ એટલે સ્વામી. એ સ્વામી એટલે સંયમ મૂર્તિ. હૃષીકેશનો અર્થ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એકીસાથે ઇન્દ્રિયો પર કાબૂ રાખનાર એટલે કે સંપૂર્ણ સંયમી. એ પ્રકારનો સંયમ એ લગ્નજીવનમાં અગત્યની ચીજ છે. વિલાસ નહીં પણ સંયમ એ માણસાઇ આપે છે–વિકાસ કરે છે. સાતે ઇન્દ્રિયોને વશ કરી સંપૂર્ણ કાબૂમાં રાખી સંયમી જીવન જીવવું એવો અર્થ અહીં છૂપો છે.

.....ભગવાન શ્રીકૃષ્ણ હવે સોળ હજાર એકસો ને આઠ પત્નીઓના પતિ બને છે. એટલી રાણીઓ છતાં ભગવાન શ્રીકૃષ્ણ પોતે સંપૂર્ણ સંયમી–બ્રહ્મચારી હોવાનું કહેવાય છે. આથી આપણી માનવબુદ્ધિ એ હકીકતનો ઇન્કાર કરે છે. દલીલ ખાતર માની લઇએ કે અનેક પત્નીઓ કરવી અને બ્રહ્મચારી–સંયમી હોવાનો દાવો કરવો એ હાસ્યાપદ–વાહીયાત જ લાગે. પરંતુ શ્રીકૃષ્ણના સંબંધમાં આપણી દૃષ્ટિને જુદો જ વળાંક આપવો પડશે અને આધ્યાત્મિક દૃષ્ટિથી છણાવટ કરવી પડશે.

એક માણસ બોલતો હોય અને કહે કે મને જીભ નથી એ જેમ પરસ્પર વિરોધી છે તેમ ભગવાને આટલાં બધાં લગ્નો કર્યાં અને સંયમી કહેવું એ વિરોધી લાગે છે. विकारहेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एव धीराः એમ કવિ કાલિદાસ એક પ્રસંગે જણાવે છે. આપણા ચિત્તમાં વિકાર ઉત્પન્ન કરે એવાં નિમિત્તો હાજર હોવા છતાં તેનાથી વિકૃત ન થવામાં જ ખરી કસોટી છે. સાચો આત્મજ્ઞાની કોઇપણ વાસનાને વશ થયા સિવાય–પોતાના આત્મજ્ઞાનને અભડાવ્યા સિવાય–સંસારમાં રહે છે. તેજ સાચો વિરાગી છે. વિરાગ એટલે તિરસ્કાર નહીં. વિરાગ એ મનની નિર્વિકાર અવસ્થા છે. તમામ વિષયોના મન પર આઘાત પ્રત્યાઘાત પડવા છતાં પણ નિર્લેપ રહે એજ આત્મજ્ઞાનનો–સાચા જ્ઞાનનો દિગ્વિજય છે. સમજણની ઊંચામાં ઊંચી પ્રસન્નતા એ વૈરાગ્ય–વૈરાગ્ય એ જ્ઞાનનું–પરમાત્માને લગતા જ્ઞાનનું ઉજળું પાસું છે. જ્ઞાનની પ્રતિમા છે. જ્ઞાનપ્રસાદ નામનો પરવૈરાગ્ય–વિરામપ્રત્યય. હેય અને ઉપાદેય બુદ્ધિનો અભાવ. ટૂંકમાં રાગદ્વેષને જરાપણ મચક ન આપવી તેવી મહિમામયી સ્થિતિ પ્રાપ્ત કરવી ઘટે છે. એનાથી પરમાત્મા આપણામાં ડોકીયાં કરે છે. જિતેન્દ્રિય તેજ કે ભોગના તમામ સાધનો હાજર હોય છતાં તેમાં જરાપણ આસક્ત ન હોય!.....

.....એક મહાજ્ઞાની મહાત્મા હતા. ગામની બહાર એકાંતવાસમાં રહેતા. હેય અને ઉપાદેય જેવી કોઇ વસ્તુ તેને ન હતી. લોકો તેને ગામમાં પધારવા ઘણી વિનતી કરતા પરંતુ કદી કોઇને ત્યાં જતા નહીં. પરમજ્ઞાની અને અને પ્રખરસંયમી હોવા છતાં એક દિવસ તેને દૂધપાક ખાવાની ઇચ્છા થઇ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પચીસ વર્ષે તેની વાસનાનો અંકુર ફૂટી આવ્યો. વાસના થતાંજ તેણે મનને ખૂબ સમજાવ્યું. મહાત્મા મનને કહે છે કે હે મન! જો તું દૂધપાક ખાશે તો આજ સુધીની સાધના ભંગ થશે. ભોજન વધારે લેવાથી ભગવાન ભૂલાય છે. ભગવાન ઊંધી જાય છે. મહાત્મા મનને ખૂબ સમજાવે છે પણ મનને તો દૂધપાક ખાવોજ હતો એટલે તે માનેજ શાનું? આત્મા અને મન વચ્ચે સંગ્રામ થાય છે છતાં મન પાછું હઠતું નથી. મહાત્માએ વિચાર્યું કે આજે મન ગાંઠવાનું નહીં. મનના હઠાગ્રહથી આત્માને અપમાન લાગ્યું. મનને દૂધપાક ખવડાવવા મહાત્મા ગામમાં ગયા. કોઈ દિવસ નહીં અને પચીસ વર્ષે મહાત્મા ગામમાં આવતાં લોકોને ખૂબ આનંદ થયો. મહાત્મા સીધા એક શેઠને ઘેર પહોંચ્યા. મહાત્મા પોતાને ઘેર પધાર્યા જાણી શેઠના આનંદનો તો પાર ન રહ્યો. મહારાજને આસન પર પ્રેમપૂર્વક બેસાડી શેઠે કહ્યું કે મહારાજ! આપની શી ઇચ્છા છે? હું આપની શી સેવા બજાવું? મહાત્માએ કહ્યું કે મારી ઇચ્છા આજે તમારે ત્યાં દૂધપાક ખાવાની છે. શેર બસેર દૂધનો નહીં પણ પોણો મણ દૂધનો દૂધપાક ખાવો છે. એ સિવાય અન્ય કોઇપણ વસ્તુ જોઇતી નથી. મહાત્માની ઇચ્છા મુજબ શેઠે પોણોમણ દૂધનો દૂધપાક તૈયાર કરાવ્યો અને મહાત્મા સમક્ષ મૂકાયો. મહાત્માએ પછી મનને કહ્યું કે હે મન! લે આ તારો દૂધપાક. મન કહે કે મારે એ ખાવો છે. મહાત્મા કહે કે ખાવા માંડ! પણ હાથ પગ ચાલેજ નહીં એટલે મન ખાય કેવી રીતે? મહાત્માની સામે દૂધપાક ભરેલું પાત્ર પડ્યું છે. મહાત્મા તો ખાતા નથી એથી લોકોને આશ્ચર્ય થાય છે. લોકોને મહાત્માના આશયની ખબર ક્યાંથી પડે! દૂધપાક ખાવા માટે હાથ કે જીભ કોઇ મનને મદદ કરતું નથી. મન થાકી જાય છે. આત્માના ચાબકા પડ્યા એટલે મન હતાશ થઈ ગયું. પછી મહાત્માએ મનને કહ્યું કે બોલ! ભવિષ્યમાં દૂધપાક ખાવાની ઇચ્છા કરશે? પ્રતિજ્ઞા લે કે ભવિષ્યમાં કદીપણ ઇચ્છા ન કરું! આત્મસિંહે મનને ગળચીમાંથી પકડ્યું એટલે તે બકરી જેવું નરમઘેંસ થઈ ગયું. જે સાધકે જીભ ઉપર કાબૂ મેળવ્યો નથી તે પરમાત્માને કદી મેળવી શકે નહીં. લોકો તો પ્રેમના માર્યા ઉત્તમોત્તમ વાનગીઓવાળું પાંચે પકવાન્ન સહિતનું મિષ્ટ અને સ્વાદિષ્ટ ભોજન આપે પણ તેથી લોભાવું ન જોઇએ. અન્નશુદ્ધિથી સત્વશુદ્ધિ થાય છે. અને સત્વથી બુદ્ધિ નિર્મળ અને તેજસ્વી બને-"આહાર શુદ્ધિથી, સત્વશુદ્ધિ. સત્વથી મતિ ઉજળી બને. હોટેલનો હટવાડો થતાં યાદ હો કે ન યાદ હો પણ આહારમીમાંસા સાધકના જીવનમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અગત્યની વસ્તુ છે. આપણી કમાણીનું–મહેનતનું અન્ન હોય તોપણ સાદોજ આહાર કરવો ઘટે. ઉપવાસ કરવો એ પણ કહેવાનું નથી. પણ જીવવા માટે ખાવાનું છે કે ખાવા માટે જીવવાનું છે તેનો વિચાર કરવો જોઇએ. શરીરના નિભાવ માટે સાત્વિક અને તે પણ થોડા જ પ્રમાણમાં ખોરાક લેવો જોઇએ...પુરૂષોએ ગાંડપણમાં અણુબોંબ શોધ્યો. સ્ત્રીઓએ શાણપણમાં રોટલીનો લોટ બાંધવાનું શોધ્યું...શરીર સ્વસ્થતા રહે તેટલા પ્રમાણમાં ખાવું. હિતમુક્ મિતમુક્ હિતકારી અને પ્રમાણસરનું ખાવું વળી પ્રસન્ન ચિત્તથી ખાવું જોઇએ. પરમાત્માને ધન્યવાદ આપી ખાવું જોઇએ. अन्नंहवै ब्रह्म अन्नं न निंद्यात् અન્ન એ પરમાત્મ સ્વરૂપ છે. તેની નિંદા ન થાય. રસનાને બહેલાવવી જોઇએ નહીં. તેના ઉપર તો સંપૂર્ણ જીત મેળવવી જોઇએ. પરમાત્માએ આખા શરીરમાં મુખમાં જીભને મૂકી છે. વળી તેને હાડકાં આપ્યાં નથી. શરીરમાં બધે હાડકાં પણ જીભ હાડકાં વગરની. એને લુલી બનાવી આખા શરીરમાં ભગવાને જીભને માટે જ ચિંતા રાખી છે. એને બત્રીસ દાંતરૂપી બત્રીશ ભૈયાઓની વચ્ચે રાખી છે. જીભ ખૂબ જ રક્ષણ કરવા જેવી ચીજ હોવાથી તેની ફરતે ચોકી રાખી છે. પહેરગીરો (દાંતો)નો સતત પહેરો રહેતો હોવા છતાં પણ કવચિત્ છટકીને તે બહાર આવે છે. જીભ જો ખાવા બેસે તો હાડકાં તવાઈ જાય એટલું ખાઇ બેસે. વાણીમાં પણ તેવું જ...

સાત સાંઢને–સાત ઇન્દ્રિઓને જે વશમાં રાખી શકે, પછી તે સ્ત્રી હોય કે પુરૂષ તેને જ પરણવાનો અધિકાર છે. સોળ હજાર એકસો આઠ સ્ત્રીઓ એટલું શું ? કૃષ્ણ જો પરમાત્મા છે તો પછી આ તો અલ્પોકિત છે ! જગતની સ્ત્રી માત્ર પ્રભુની જ પ્રિયા છે–રાધા છે અને પુરૂષમાત્ર કૃષ્ણ છે. ઘરે ઘરે જોવામાં આવતાં યુગલમાં એ ભાવ કેળવવા આનો સરસ ઉપયોગ થાય !

.....ભૌમાસુર નામના રાક્ષસે દેશની બધી રાજકુમારીઓને પકડી કેદ કરી હતી. સ્ત્રીજાતને પરમાત્મા પ્રત્યે અતિ વહાલ હોય છે. કારણ કે સ્ત્રીસન્માન માટે ભગવાન જેટલી કાળજી કોઇએ રાખી નથી. ભૌમાસુરને ત્યાં કેદ પડેલી રાજકુમારીઓનું શિયળ ભયમાં હતું. દુષ્ટનો નાશ એ તો ભગવાનના અવતારનું રહસ્ય હતું. ભગવાનને ખબર પડતાં ત્યાં જાય છે. દૈત્યનો વધ કરે છે અને રાજકન્યાઓને કેદમાંથી મુક્ત કરે છે. ભગવાનની સામે તેઓની (રાજકુમારીઓની) દૃષ્ટિ પડતાં–પ્રેમમાં પડે છે. સૌન્દર્ય એ પરમાત્માની ગજબનાક આકર્ષક તાકાત છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૧) શરીર સૌન્દર્ય:-એ આકર્ષક હોવા છતાં ચિરંજીવ નથી. (૨) સૂક્ષ્મ સૌન્દર્ય (મનનું અને વિચારનું) એ શરીર કરતાં વધુ આકર્ષક છે અને તેથી ઊંચું છે બુદ્ધિનું સૌન્દર્ય. જેના સંકલ્પો સુંદર, નિશ્ચયો ભવ્ય તેની શક્તિ અપાર હોય છે. સત્યનું અવલંબન, ભવ્ય નિશ્ચયોનું સૌન્દર્ય એ ગાંધીજીનું સૌન્દર્ય હતું. (૪) છેલ્લું સર્વોત્તમ હૃદયનું-આત્માનું સૌન્દર્ય. એ જેની પાસે હોય તેની પાસે દુનિયાના તમામ પ્રાણીઓ જાય છે. જેમકે ભગવાન બુદ્ધ. જગતના પચાસ કરોડ એના અનુયાયીઓ. એની પાસે શું હતું? વિશાળ હૃદય, પ્રેમ, દયા, મુદિતાનો ત્રિવેણી સંગમ. બુદ્ધ ભગવાન જ્યારે રાજા હતા ત્યારે રાણી યશોધરા બુદ્ધનું આલેખન કરે છે. બુદ્ધ જ્યારે બુદ્ધ ભગવાન તરીકે આવે છે ત્યારે ત્રણ વાંસના બુદ્ધ અને અંગૂઠા જેવડી યશોધરા. હૃદયના સૌન્દર્ય કરતાં પણ મોટું એક સૌન્દર્ય છે તે પરમાત્માનું સૌન્દર્ય છે. શ્રીકૃષ્ણનું સૌન્દર્ય એ પરમાત્માનું સૌન્દર્ય હતું. સોળ હજાર એકસો આઠ રાજકન્યાઓ પરમાત્માના સૌન્દર્યના આકર્ષણથી ખેંચાઈ આવે તો તે યોગ્ય જ હતું. એમાં કશું જ આશ્ચર્ય નથી. દરેક રાજકુંવરી શ્રીકૃષ્ણને જ પોતાના પતિ તરીકે મનથી માની લે છે. બધી રાજકન્યાઓ શ્રીકૃષ્ણને કહે છે કે હે ભગવન્! આપે અમારો નરકમાંથી ઉદ્ધાર કર્યો છે. તો હવે સંસારમાંથી અમારો ઉદ્ધાર કરવા અમારૂં પાણિગ્રહણ કરો. ભગવાન શ્રીકૃષ્ણ બધી રાજકુમારીઓ સાથે લગ્ન કરે છે. હવે ભગવાન પણ પોતાનું ઐશ્વર્ય બતાવવાના છે. ભગવાન શુકદેવ કહે છે કે શ્રીકૃષ્ણ સોળ હજાર એકસોઆઠ રૂપ લઇને પોતાની રાણીઓ સાથે રહેતા હતા.....

એક દિવસ ભગવાન આરામથી સૂતા હતા અને રૂકિમણીજી તેમને પંખો નાખતાં હતાં. તે વખતે અચાનક ભગવાનને વિનોદ કરવાનું મન થઈ આવ્યું. ભગવાન રૂકિમણીજીને કહે છે કે દેવી! તમે મને કેમ પરણેલા? ભગવાન કહે છે કે હું તો મારી બહાદૂરી બતાવવા આવેલો. પરણવાનું અગત્યનું ન હતું. ભગવાનના એ જવાબથી રૂકિમણી ગભરાઇ ગયાં. તેનું શરીર ધ્રૂજી ઉઠયું. હિસ્ટીરીઆ થઈ ગયો! (એ દિવસથી સ્ત્રીઓને હિસ્ટીરીઆનો વ્યાધિ લાગુ પડયો હશે!) ભગવાને વિચાર્યું કે આ તો મને ફજેત કરવાની. મેં તો સામાન્ય વિનોદ કર્યો અને એ તો બેભાન થઇ ગઇ! સંસાર રણ છે તો સલિલદ્વીપ છે વિનોદ. જે ઘરમાં પતિપત્નીમાં વિનોદ ન હોય ત્યાં આનંદ નથી. ભગવાન રૂકિમણીજી પર પાણી છાંટે છે અને તે શુદ્ધિમાં આવે છે. ભગવાન કહે છે કે દેવી! માફ કરજો. મેં તો વિનોદ ખાતર તમને કહ્યું હતું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

परिहासविजल्पितं सखे ! परमार्थेन न गृह्यतांवचः। अयं हि परमोलाभः.....
ગૃહસ્થાશ્રમીએ પોતાના ઘરમાં થોડો સમય પોતાની પત્ની સાથે વિનોદમાં ગાળવો જોઇએ. સંસાર તો હોળી-રણ છે, તો એમાં આનંદ પણ હોવો જોઇએ. સાંસારિક જીવનની વિષમતાઓ ઘડામાં ભરીને હંમેશને માટે હાંકી કાઢો ! ઔરંગઝેબે સંગીતને ઊંડું દાટયું તેમ વિષમતાઓને ઊંડા ગર્તમાં દાટી દો ! આજનો જમાનો સાફસૂફીનો છે અને દેશ એ ઇચ્છે છે.....

સંસારીઓએ કેમ જીવવું અને કેમ વર્તવું તેનો નમૂનો તે શ્રીકૃષ્ણ પરમાત્માનું જીવન. શ્રીકૃષ્ણે પોતાનાદ્વારા રજૂ કરેલા નમુના મુજબ આદર્શ જીવન તરફ આપણે જીવનને વળાંક આપવો ઘટે. યદ્યપિ પરમાત્મા વસુધૈવ કુટુમ્બકમ્ અર્થાત્ આખું વિશ્વ જો પરમાત્માનું કુટુંબ છે તો સોળ હજાર એકસો આઠ રાણીઓ અને તે દરેકના દસ દસ પુત્રો હતા એમ કહેવું એ અલ્પોક્તિ છે. અર્થાત્ જીવમાત્રની દેહ વગેરે તમામ સંપત્તિ ઈશ્વરેચ્છાનેજ આધીન છે. તે વગર અસ્તિત્વમાં આવવાની કોઇની તાકાત નથી. શ્રીકૃષ્ણ ભગવાન માત્ર માયામનુષ્ય હતા. રૂપમાં તો પરમાત્માજ હતા. તેને માટે અશકય કશુંજ ન હતું. વિવિધતામાં અવિવિધતા-નામ અને રૂપ જુદાં છે પણ તેમાં એકવિધતારૂપ પરમાત્મા એકનો આંકડો છે. રાણી હોવું એ અગત્યનું નથી પણ પરમાત્મા સૌમાં છે, સોળ હજારમાં છે, તેમ દોઢ અબજ માનવીઓમાં પણ છેજ અને અનંતકોટિ પરાર્ધમાં પણ વિદ્યમાનજ છે. પ્રકૃતિનો અનંત ગુણાકાર તે સૃષ્ટિ છે. રાગદ્વેષાદિના દોષોને ધોવાના પ્રયત્નરૂપ સાચી દૃષ્ટિ પ્રાપ્ત કરી સૂક્ષ્મ તત્વને સ્થૂળ ભૂમિકા પર લાવી શ્રીકૃષ્ણ ભગવાનના રૂપને મહાન દૃષ્ટિએ જોઇને સમજવાનો શુકદેવજીનો આ મહાન પ્રયત્ન છે. લગ્ન વખતે ધ્રુવદર્શન કરાવવામાં આવે છે. સૂક્ષ્મ એવો અરુંધતિનો તારો બતાવવા માટે એક પછી એક એમ અનેક તારાઓ બતાવી છેવટે તે અરુંધતિનો સૂક્ષ્મ તારો શોધવામાં આવે છે. તેમ સૂક્ષ્મમાં સૂક્ષ્મરૂપ જોતાં જોતાં નિર્ગુણ યોગમાં જવાનો હેતુ એમાં અંતર્ગત છે. શ્રીમદ્ ભાગવતની કથા કથાજ નથી એનો આશય તો પરમાત્માનું જ્ઞાન આપવાનો છે.....

અસુરાધિપ બલિરાજાને સો પુત્રો હતા. તેમાં બાણાસુર નામનો પુત્ર મહા બળવાન હતો. તેને એક હજાર હાથ હતા. બાણાસુરને શિવજીએ પ્રસન્ન થઇ વરદાન માગવા કહ્યું ત્યારે પોતાના નગરની રક્ષા શંકર ભગવાને જાતે ત્યાં રહી કરવી એવું વરદાન માગ્યું હતું. ભોળાનાથ શંકર નગરીની રક્ષા કરતા હતા. બાણાસુરને પોતાના બળનો ખૂબ ગર્વ ચઢયો હતો. દેશ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દેશાંતરના રાજાઓને હરાવ્યા બાદ તેને તેની સમાન કક્ષાનો લડનારો જોઇતો હતો. એક દિવસ શંકર ભગવાનને કહે છે કે ત્રિલોકમાં આપના સિવાય મારી સાથે લડનાર કોઇ નથી માટે મને લડનારો આપો. આનું જ નામ અસુરપણું, અસુરબુદ્ધિ. અસુરને કંઇ શીગડા ઉગતા નથી. ભગવાન શંકરને બાણાસુરની માગણીથી ક્રોધ ચઢે છે અને કહે છે કે મૂર્ખ ! તારો મદ ઉતારનાર જરુર પાકશે. તારા રથની ધ્વજા જ્યારે તૂટી પડે ત્યારે માનજે કે તારા મદના ચૂરા કરી નાખનાર પાકયો છે.....એ બાણાસુરને ઉષા નામની કન્યા હતી. એક દિવસ ઉષાને સ્વપ્નમાં અનિરૂદ્ધનાં દર્શન થાય છે. તેના સ્નેહમાં પડે છે. ત્યાર પછી તેના જીવને ચેન પડતું નથી. રાત દિવસ ઉદાસ રહે છે. ચિત્રલેખા નામની તેની સખી ઉદાસીનતાનું કારણ પૂછે છે ત્યારે ઉષા પોતાના સ્વપ્નની વાત કહે છે અને સ્વપ્નમાં જોયેલી કામદેવની મૂર્તિસમાન નવજુવાનના સૌન્દર્ય અને શરીરનું વર્ણન કરે છે. ચિત્રલેખા બાણના મંત્રી કૌમ્ભાન્ડની પુત્રી હતી. યોગવિદ્યાવિશારદ હતી. તેણે ઉષાને કહ્યું બેન! ચિંતા ન કરીશ. તારા ચિતડાંનો ચોર સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં ગમે ત્યાં હશે તો પણ જો તું તેને ઓળખી બતાવશે તો હું તારી વિરહવ્યથા જરૂર દૂર કરીશ. તારા પ્રિયનું મિલન જરૂર કરાવીશ. એટલું કહી ચિત્રલેખા જે યોગવિદ્યામાં તેમ જ ચિત્રકળામાં પારંગત હતી તેણે જોતજોતામાં અનેક દેવો–ગંધર્વો–યક્ષો, રાજા, મહારાજો, કુમારો વસુદેવજી, બળભદ્ર, શ્રીકૃષ્ણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ વગેરેના ચિત્રો તૈયાર કરી ઉષા સમક્ષ લાવી એક પછી એક ચિત્ર બતાવવા લાગી. બધા ચિત્રો પૂરા થવા આવ્યા છતાં ઉષાનો ચિત્તચોર જણાયો નહીં છેવટે અનિરૂદ્ધનું ચિત્ર રજુ કર્યું. તે જોતાં જ સ્વપ્નમાં જોયેલી મૂર્તિ જાણે દૃષ્ટિ સમક્ષ હાજર થઈ હોય તેમ આનંદમિશ્રિત લજ્જાયુકત વદને અનુમતિ દર્શાવી..... જીવ પણ ઉષા જ છે ને ? બધું વિચારતાં "આ નહીં, આ નહીં, છેવટે બાકી રહે તે–" એટલે કે પરમાત્માના સ્વરૂપ સિવાય અન્ય કોઇપણ સ્વરૂપ તેના હૈયાને સ્પર્શી શકતું નથી. પરમાત્મા જ અનિરૂદ્ધ હોય ? તેને કોણ અટકાવે ?.....

.....ચિત્રલેખા તો મહાયોગિની હતી એટલે યોગબળથી આકાશ માર્ગદ્વારા પહોંચે છે. અને અનિરૂદ્ધને યોગબળથી સૂતેલો ઉપાડી શોણિતપુરમાં ઉષા સમક્ષ લાવીને મૂકે છે. પ્રિયતમના દર્શન થતાં ઉષાના હૈયામાંથી સ્નેહ અને આનંદના ફૂવારા ઉડવા માંડયા. આ કાર્ય ચિત્રલેખાની યોગવિદ્યાના પ્રભાવથી બન્યું હતું. ઉષાના મહેલની આજુબાજુ એટલો સખત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પહેરો રહેતો કે કોઇ પુરૂષની મજાલ નહીં કે ત્યાં ફરકી શકે. અહીં અંતઃપુરમાં ઉષા અને અનિરુદ્ધ ગંધર્વ લગ્ન કરી આનંદ પ્રમોદમાં સમય વ્યતીત કરે છે. ઉષાના માદક સહજ અને મધુર સહવાસમાં કેટલો સમય વ્યતીત થઇ ગયો તેનું પણ અનિરૂદ્ધને ભાન રહ્યું ન હતું. એક દિવસ પહેરેગીરોની દૃષ્ટિ ઉષાના શરીર પર પડતાં તેઓ વહેમાયા. મહેલમાં કોઈ પુરૂષ જઈ શકતો ન હતો છતાં ઉષા પરપુરૂષના સમાગમમાં જરૂર યેનકેન પ્રકારેણ પણ આવી છે એમ માની લીધું. પહેરેગીરો એ બાબતની બાણાસુરને જાણ કરે છે. પોતાની કન્યાને ચારિત્ર્યભ્રષ્ટ થયેલી જાણી બાણાસુરને અકથ્ય વેદના થાય છે. ક્રોધના આવેશમાં તે તરત ઉષાના મહેલમાં જઈ તેના અંતઃપુરમાં પ્રવેશ કરે છે. કામદેવના અવતારસમા અનિરૂદ્ધ અને લાવણ્યમૂર્તિ ઉષા તે સમયે સોગટાંબાજી રમી રહ્યા હતા. બાણાસુર એ દૃશ્ય જોઇ આશ્ચર્યચકિત બને છે. બન્ને વચ્ચે યુદ્ધ થાય છે. અનિરૂદ્ધ તમામ સૈન્યનો નાશ કરે છે પણ છેવટે બાણાસુર નાગપાશથી અનિરૂદ્ધને બાંધી કેદ કરે છે. ઉષા એ જોઇ ખૂબ વિલાપ કરે છે.

આ બાજુ દ્વારકામાં ચાર ચાર મહિના વીતી જવા છતાં અનિરૂદ્ધનો પત્તો ન લાગવાથી બધા ખૂબ ચિંતાતુર રહેતા હતા. એક દિવસ નારદજી દ્વારકા પધારે છે અને ચિત્રલેખાનું યોગવિદ્યાના બળે અનિરૂદ્ધનું શોણિતપુર બાણાસુરની પુત્રી ઉષા પાસે લઇ જવું, ગાંધર્વવિધિથી બન્નેનાં લગ્ન થવાં, બાણાસુરના સૈનિકોનો નાશ અને બાણાસુરનું નાગપાશથી અનિરૂદ્ધને બાંધી કેદમાં નાંખવું વગેરે તમામ હકીકત શ્રીકૃષ્ણચંદ્રને જણાવે છે.

નારદજી તરફથી સમાચાર જાણતાની સાથે હવે અનિરૂદ્ધના દાદાઓ કેસરીઆં કરવા નકળી પડે છે. પ્રચંડ સૈન્ય સાથે શ્રીકૃષ્ણ તથા બળભદ્ર શોણિતપુર જાય છે. બાણાસુર પણ પોતાની સેનાને લઈ લડાઇ માટે મેદાને પડે છે. બાણાસુરને પડખે ભગવાન શંકર તથા તેનું સૈન્ય હતું. યુદ્ધ શરૂ થાય છે. શ્રીકૃષ્ણ અને શંકર ભગવાન સામસામા અનેક શસ્ત્રાસ્ત્રો છોડે છે. છેવટે ભગવાન શ્રીકૃષ્ણ જૃમ્ભણાસ્ત્ર છોડે છે. શંકર ભગવાન બેભાન જેવી સ્થિતિ થતાં યુદ્ધભૂમિ પરથી ચાલી જાય છે. પ્રદ્યુમ્ન–બળરામ શંકરની સેનાનો નાશ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણ બાણાસુરની સેનાનો નાશ કરે છે. હવે બાણાસુર મેદાને પડે છે. પોતાના એક હજાર હાથથી પાંચસો બાણોમાંથી તીરો છોડે છે. ભગવાન એક સાથે તેના તમામ બાણોનો નાશ કરે છે અને તેના રથના ચૂરા કરી જમીનદોસ્ત કરી નાંખે છે. બાણાસુરની માતા કોટરા પોતાના પુત્રના પ્રાણ બચાવવા છૂટા કેશ અને નગ્નાવસ્થા જેવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્થિતિમાં ભગવાન શ્રીકૃષ્ણ સામે આવી ઉભી રહે છે. શ્રીકૃષ્ણ ભગવાન તુરતજ પોતાનું મુખ ફેરવી લે છે. એ તકનો લાભ લઇ બાણાસુર નાસી છૂટે છે. બીજે દિવસે શંકર ભગવાન ત્રિશિરા નામનો માહેશ્વરજ્વર (તાવ) શ્રીકૃષ્ણ તથા તેના સૈન્ય પર છોડે છે. શ્રીકૃષ્ણ તે સામે વિષ્ણુજ્વર છોડે છે. વિષ્ણુજ્વરના પ્રચંડ તાપથી માહેશ્વરજ્વર બેબાકળો બની ચીસ પાડવા લાગ્યો. છેવટે તે ભગવાન શ્રીકૃષ્ણના ચરણમાં પડી ક્ષમા યાચે છે– (આજના જમાનાની દૃષ્ટિએ તે સમયનું માહેશ્વરજ્વર અને વિષ્ણુજ્વર યુદ્ધ એ Bacterial war જંતુ યુદ્ધ હતું) શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના ૬૩ માં અધ્યાયમાં ૨૫ થી ૨૮ સુધીના ચાર શ્લોકો છે. એ શ્લોકો કંઠસ્થ કરવા જેવા છે. તેનો નિત્ય પાઠ કરવાથી જ્વરપીડાથી મુક્ત રહેવાય છે.

બાણાસુર અનેક આયુધોથી સજ્જ થઇને ફરીથી યુદ્ધ કરવા આવે છે. શ્રીકૃષ્ણ ભગવાન પર બાણોની વર્ષા કરે છે. ભગવાન સુદર્શનચક્ર છોડી તેના હાથો કાપી નાંખે છે. શંકર ભગવાન તે સમયે શ્રીકૃષ્ણ ભગવાન પાસે આવીને સ્તુતિ કરે છે કે પરમાત્મન્! આપ નિત્ય, શુદ્ધ, બુદ્ધ સ્વરૂપ છો. વેદોદ્વારા જ્ઞાન થઇ શકે તેવા વેદગમ્ય પરમજ્યોતિ સ્વરૂપ છો. આપ એક અને અદ્વિતીય છો. વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય આપની ઇચ્છાથી જ થાય છે. આપ એક અને અદ્વિતીય છો. ત્રિગુણાતીત છો. સ્વયંપ્રકાશ છો. પરમૈશ્વર્યવાન છો. આપની માયામાં બધા મોહિત થયેલા છે. અજ્ઞાનાધંકારમાં પ્રાણીમાત્ર અટવાય છે અને આપનાં સ્વરૂપને પીછાની શકતા નથી. આપ સર્વશક્તિમાન સર્વેશ્વર છો. શરણાગત ભક્તવત્સલ છો. આપને હું વંદન કરું છું. પરમાત્મન્! આ બાણાસુર મારો પરમભક્ત હોવાથી મેં તેને અભયદાન આપ્યું છે. આપે જેવી પ્રહ્લાદ પર કૃપા કરી તેનું રક્ષણ કર્યું હતું તેમ આપ બાણાસુર પર કૃપા કરી જીવનદાન આપો!

શંકર ભગવાનની સ્તુતિથી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર તેમને કહે છે કે હે મહાદેવ! આપની ઇચ્છા મુજબ હું વર્તીશ. બાણાસુર બલિનો પુત્ર છે. વળી પ્રલ્હાદને મેં વરદાન આપ્યું હતું કે તારા વંશમાં કોઇનો હું વધ કરીશ નહી. આથી હું બાણાસુરનો વધ કરનાર નથી. તેનો મદ ઉતારવા માટે જ ચાર હાથ સિવાયના તમામ હાથો કાપી નાંખ્યા છે. બાણાસુર હવે નિર્ભય રહી શકશે. બાણાસુર પ્રભુના ચરણમાં પડી પોતાના અપરાધની ક્ષમા માગે છે. અનિરૂદ્ધને પાશ મુક્ત કરી પોતાની પુત્રી ઉષા સાથે લાવીને ભગવાનને સોંપે છે. ભગવાન શ્રીકૃષ્ણ અનિરૂદ્ધ તથા ઉષા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને પોતાના સૈન્યો સાથે દ્વારકા જાય છે. ભગવાનના આગમનથી દ્વારકામાં આનંદોત્સવ થાય છે...આ આખોય પ્રસંગ તાત્કાલીન વહેતા સમાજનું સુંદર ચિત્ર રજૂ કરે છે ને! દીકરાઓના-અરે પૌત્રોના Love affairs માં દાદાઓને પણ કેટલો રસ? આવું અર્થવાચન અજુગતું નથી. બલિષ્ઠ અને વહેતા સમાજનું એ લક્ષણ છે, બંધીઆર સમાજ કાળને અનિષ્ટ બંધનને પણ ફગાવી શકતો નથી!.....

.....કામનાબદ્ધ જીવો પ્રભુનું શરણું લે તેને પ્રભુ પ્રસન્ન થતા નથી. પ્રભુનો અનુગ્રહ થાય ત્યારેજ સમજ પડે છે. પ્રત્યુપકારની આશા સિવાય પ્રભુ ઉપકાર કરે છે અને તેથી તે સુહૃદ કહેવાય છે. પરમાત્મા સૌના સુહૃદ છે તો નિષ્કપટ ભાવે નામસ્મરણ કરી તેમના શરણે જનારના તમામ પાપો દૂર થાય છે. સંસારના આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રિવિધ તાપો દૂર થાય છે. (શારીરિક-માનસિક અને આધ્યાત્મિક) રોગના આક્રમણને લીધે રોગી ભાન ભૂલે છે. જે માંદો પડે છે તે દુનિયામાં હિંસક છે. જે દેશમાં ઘણા ડોકટરો હોય છે તે દેશનું આરોગ્ય ખરાબ હોય છે. સ્મૃતિમાં લખ્યું છે કે વૈદ્યે રોગીને ત્યાં ખાવું નહીં. रोगीगृहे नवा सुप्यात् न भुञ्जीयात् कदाचन अनाहुतो न गच्छेत् न ब्रूयान्मरणं भिषक् જાપાનમાં માંદા કેટલા તે પર વૈદ્યને માન મળતું નથી. વૈદ્ય કે ડોકટરના મહોલ્લામાં નિરોગીની સંખ્યા કેટલી તેના પર તેને માન મળે છે. આપણા દેશની પ્રજાને ડોકટર, ન્યાય અને કેળવણી એ ત્રણ ચીજો ભારે મોંઘી પડી છે. સૌથી મહત્વની વાત તો એ કે तावत् तापः रोगःस्तावत्-જ્યાં સુધી મનુષ્ય ઇશ્વરને પંથે પડયો નથી ત્યાં સુધી ત્રિવિધતાપ-આધિ-વ્યાધિ અને ઉપાધિમાંથી કદી મુક્ત થવાવાનું નથી. ઈશ્વરને ઓળખનાર માણસનું પ્રથમ લક્ષણ એ છે કે તે કદી માંદો નજ પડતો હોય. શારીરિક તાપ એટલે રોગથી તે મુક્ત હશે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ શત્રુઓથી પીડાતા મનુષ્યો માનસિક રોગી છે. માનસિક રોગી વધુ ભયંકર હોય છે. ત્રણ ગુણોનું સાન્નિધ્ય તે સન્નિપાત. મતલબ કે ત્રિગુણનો સમન્વય તે સાચો સન્નિપાત. પ્રભુદર્શનથી દેહભાન વિરક્તિ-અભાન ભાવ પ્રાપ્ત થાય. અર્થાત્ કે ભાવાવેશથી મૂર્છિત જેવી દશા પ્રાપ્ત થાય. આધિભૌતિક અને આધ્યાત્મિક તાપો પણ દૂર થઈ જાય. ડોકટરોથી કંટાળેલા પોતાના ગ્રહ જોવડાવવા જોશીને ત્યાં જાય. તેમ આપણા ગ્રહ વાંકા એટલે મનુષ્ય થયા. આપણા તો નવે ગ્રહ વાંકા અને દસમો ગ્રહ જામાતા પણ વાંકો. જ્યાં સુધી આત્માને જન્મમરણનો ફેરો ટળ્યો નથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્યાં સુધી આપણા ગ્રહો વાંકા જ સમજવા. જ્યોતિષશાસ્ત્રી કંઈ મનુષ્યને પામર બનાવવા માટે નથી. પણ આપણે આપણું ભાગ્ય નિર્માણ કરી શકીએ તે માટે ઉત્પન્ન થયેલું છે. ભાગ્ય નિર્માણ કરવા માટેનો માર્ગદર્શક-ભોમિયો છે. ગ્રહ એટલે પ્રાચીન-પૂર્વજન્મ કર્મ-પ્રારબ્ધ (શરૂ થઇ ચૂકેલા) કર્મને અત્યારે ફળે છે તે-એટલે કે નસીબની વટામણી. જેમ આપણે રૂપિયો વટાવીએ તેમ કર્મનો સિક્કો લઇ જીવાત્મા આવે છે અને જગતરૂપી હાટમાં સુખદુઃખ ખરીદે છે. મતલબ કે આપણા હાથના કરેલાં હૈયે વાગે છે. તો આપણે સેવાકાર્યથી (કાર્યરૂપી) ગ્રહ-કર્મના સિક્કા લેવા, કે જેથી દુઃખ વિમુક્ત થઈ શકીએ. મોત જન્મ્યું છે જન્મ સાથે. જન્મ થયો છે માટે જ મોત થાય છે. જો મોત ન જોઈતું હોય તો ભાવિમાં જન્મ ન આવે તેવો યત્ન કરવો જોઇએ. એ સંબંધમાં એક ઉપદેશાત્મક શ્લોક છે કેઃ—

मृत्योर्बिभेषि किं मूढ, भीतं मृत्युर्नमुञ्चति ।
जन्मना जायते मृत्युः कुरु यत्नं अजन्मनि ॥

શુદ્ધ પુરૂષાર્થ કરો. પુરૂષાર્થવડે વાસનાને જીતો. પુરૂષાર્થનું ક્ષેત્ર જ એ છે કે વાસના પર વિજય મેળવવો. વાસનાને જીતે તે વીર-શૂર-તેજ પ્રમાણે પ્રકૃતિ અને પુરૂષના યુદ્ધમાં પ્રકૃતિ પર વિજય મેળવનાર સંસારને તરી જાય છે. પ્રકૃતિ પર પુરૂષનો એટલે કે આત્માનો વિજય મેળવવા માટે હંમેશ પ્રયત્નશીલ રહેવાથી વહેલો મોડો પણ એક દિવસ એવો આવશે કે આત્મા પ્રકૃતિ પર વિજય મેળશે. પ્રકૃતિ આત્માની કિંકરી બનશે. આપણી Potential energy જાગ્રત થશે. Man is not the model of circumstances but circumstances are formed by man. આ દુનિયામાં મોટામાં મોટી વસ્તુ બનવાની તે જન્મ અને મૃત્યુ. એથી અન્ય કોઇ મોટી વસ્તુ બનવાની નથી. જગતમાં જ્યારે જન્મ અને મૃત્યુ એ એજ સૌથી મહાન બનાવો છે તો પછી બીજી કોઈ વસ્તુથી ડરવાની જરૂર નથી. આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એ ત્રણે તાપો પ્રભુભક્તિથી અવશ્યમેવ દૂર થાય છે.....

જન્મ અને મૃત્યુને માટે આપણે જ જવાબદાર હોવાનું બરોબર સમજીએ અર્થાત્ આપણને, કર્મોને લઇને જ જન્મમરણ પ્રાપ્ત થાય છે તો પછી સૃષ્ટિનો મેવો મંજૂર હોવો જોઇએ. અને એજ મહાપુરુષનું લક્ષણ છે. કર્મના ફળરૂપ જે સુખ દુઃખ પ્રાપ્ત થાય તે ભોગવ્યે જ છૂટકો-કર્મ માટેનું કર્તૃત્વ મટે નહીં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો ભોકતૃત્વ માટે કાંગારોળ કરવી એ ઇશ્વર સામે ખેલેલું નિરર્થક બંડ છે. There is no vaccume in naturo–કુદરતનો–ઇશ્વરનો નિયમ અફર છે. ઈશ્વિર તે સત્યરૂપે વર્તતો ચાલ્યો જ જાય છે. શાસ્ત્રો તો બાપોકાર કહે છે કે કરો નહીં તો ભોગવવાનું પણ નહીં. કેવળ શાસ્ત્રજ્ઞાનથી કૃર્તત્વ અને ભોકતૃત્વ નિવૃત થતું નથી. પ્રારબ્ધકર્મ ટાળવા ઇશ્વરકૃપા સિવાય બીજો ઉપાય નથી. તો એવું કરો કે ભોગવતી વખતે દુઃખ ન થાય. આથી ઇશ્વરની ઇચ્છાને આધીન રહેવું તેમાં જ શોભા છે...

એક સમયે સામ્બ, પ્રદ્યુમ્ન વગેરે રાજકુમારો ઉપવનવિહાર માટે વનમાં જાય છે. ત્યાં ખૂબ તરસ લાગવાથી પાણી પીવા એક કૂવા પાસે આવે છે. કૂવામાં એક પર્વત જેવું વિરાટકાય પ્રાણી જોવામાં આવે છે. તેને બહાર કાઢવા પ્રયત્ન કરે છે પણ નિષ્ફળ નીવડે છે. ઘરે જઇ શ્રીકૃષ્ણ ભગવાનને એ હકીકત જણાવે છે. કૃષ્ણભગવાન ત્યાં જાય છે અને પોતાના બે હાથથી ઊંચકીને તેને કૂવામાંથી બહાર કાઢે છે. ભગવાનના હસ્તનો સ્પર્શ થતાં તેનું સ્વરૂપ બદલાઈ જાય છે અને દેવ જેવું તેજસ્વી રૂપ ધારણ કરે છે. ભગવાન તેને પૂછે છે કે હે ભાગ્યશાળી પુરુષ! તું કોણ છે? કયા કર્મના ફળરૂપ તને આ કૃકલાસ યોનિમાં જન્મ પ્રાપ્ત થયો! તારો જીવનવૃત્તાન્ત જાણવાની મારી ઇચ્છા છે.

નૃગરાજા ભગવાનને પ્રણામ કરી પોતાના પૂર્વજન્મનો વૃતાન્ત કહે છે કે પરમાત્મન્! હું ઇક્ષ્વાકુનો પુત્ર નૃગરાજા છું. મહાન દાનવીરોની યાદીમાં મારૂં નામ પણ સમાવિષ્ટ છે તે તો આપ જાણતા જ હશો..... પ્રાચીન કાળમાં કેવાં અને કેટલાં દાનો થતાં હતાં તે જાણી આજે આપણને ભારે આશ્ચર્ય થશે. નૃગરાજાનું દાન તો જુઓ! નૃગરાજા કહે છે કે પૃથ્વીમાં ધૂળની જેટલી રજકણ છે, આકાશમાં જેટલા તારા છે, વરસાદના જેટલાં ફોરાં પડે છે; એટલી ગાયો તો મેં દાનમાં આપી છે! વળી તે બધી ગાયો વાછરડાંવાળી, દૂધ દેતી, તે બધી ગાયોનાં શીંગડા સોનાથી મઢેલાં અને પગની ખૂરીઓ ચાંદીથી મઢેલી, વસ્ત્રાલંકાર સહિતની એવી ગાયો પવિત્ર બ્રાહ્મણો અને વિદ્યાગુરૂઓને દાનમાં આપી હતી. તે ઉપરાંત પૃથ્વી–સુવર્ણ હાથી, ઘોડા, દાસીઓ સહિત કન્યાઓ, રત્નો, વસ્ત્રાભૂષણો વગેરેનું ખૂબ દાન કર્યું હતું. અનેક યજ્ઞયજ્ઞાદિ કર્મો કર્યાં હતાં તથા અનેક વાવ–કૂવા ખોદાવ્યા હતા."

એક દિવસ દાનમાં આપેલી હજાર ગાયમાંની એક ગાય મારે ત્યાં પાછી આવી. મારી જાણીને મેં તેને એક બ્રાહ્મણને દાનમાં આપી. બ્રાહ્મણ તે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગાયને લઇને જતો હતો એટલે જેની ગાય હતી તે બ્રાહ્મણ આવે છે. ગાયનો મૂળ માલિક પેલા ગાયને લઈ જતા બ્રાહ્મણને કહે છે કે એ ગાય મારી છે માટે મને આપી દે! બ્રાહ્મણ કહે છે કે નૃગરાજાએ મને દાનમાં આપેલી છે. બન્ને બ્રાહ્મણો વચ્ચે ગાયના સંબંધમાં ભારે ઝઘડો થાય છે. બન્ને મારી પાસે આવે છે. એક કહે છે કે એ ગાય તમે મને દાનમાં આપી છે. ત્યારે બીજો કહે છે કે જો એ ગાય તમે દાનમાં આપી હોય તો મારી ગાય તમે ચોરી લીધી છે. આ સાંભળી હું ભારે મૂંઝવણમાં આવી પડયો. મેં ગાય મને પાછી આપવા અને તેના બદલામાં એક લાખ સુંદર ગાયો આપવા કહ્યું; પણ મારી વિનતિનો બન્નેએ અસ્વીકાર કર્યો અને ત્યાંથી ચાલી ગયા. એટલામાં યમરાજના દૂતો આવ્યા અને મને યમપુરીમાં લઇ ગયા. યમરાજાએ મને કહ્યું કે પહેલાં પાપનું ફળ ભોગવવું છે કે પુણ્યનું? જવાબમાં મેં પાપનું ફળ પ્રથમ ભોગવવા જણાવ્યું. આથી યમદેવે મને પાપના ફળની સજા ભોગવવા કૃકલાસ–કરચલાની યોનિ આપી અને હું આ કુવામાં પડયો. હું આપનો ભક્ત હોવાથી મને પૂર્વજન્મની સ્મૃતિ રહી. આપના સ્પર્શમાત્રથી મારા પાપો બળીને ભસ્મ થયા અને મને પુણ્યના ફળરૂપ આ દેવતાશરીર આપની કૃપાથી પ્રાપ્ત થયું. એમ કહી નૃગરાજા ભગવાનને પ્રણામ કરે છે અને તેમની આજ્ઞા લઇ વિમાનમાં બેસી સ્વર્ગમાં સિધાવે છે. શ્રીકૃષ્ણ ભગવાન ત્યારબાદ કોઈનું પણ ધન યા કોઇપણ વસ્તુ બળજબરીથી અથવા અજાણપણે પણ ન લેવાનો અને એમાંયે બ્રાહ્મણની કોઈપણ વસ્તુ પડાવી ન લેવાનો ઉપદેશ આપે છે.....

.....તાત્પર્ય એ કે કોઇપણ કાર્ય સાવધાનીપૂર્વક કરવું. જરાસરખું ગોફેલપણું પણ મહાગંભીર પરિણામ લાવે છે. દાન કરવું તે પણ વ્યવસ્થિત કરવું. જે દાન દેવું તે પણ ઉત્પાદક દાન હોવું જોઇએ, જેથી વ્યક્તિ અને સમાજને સુખ મળે. વાંઝિયા દાનો ઘણાં થાય છે. હિંદમાં લાખો રૂપિયાનું દાન થાય છે પણ વ્યવસ્થિત યોજના હોતી નથી. અને તેથી સમાજને લાભ થતો નથી. અને તેથી જ આપણી સ્મૃતિઓ કહે છે કે:—

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥

.....ઉપરાંત દાન દેવું એટલે ઘરનો કચરો કાઢી કોઇને ઘરે ઉકરડો વધારવો એ નથી. દાન તો સર્વોચ્ચ વસ્તુનાં હોય. નૃગરાજાના દાનો ઉત્તમ પંક્તિના હતાં. દાન દેતી વખતે હાયહાય કે હાયવરાળ ન હોવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જોઇએ. દાન, હૃદય, મન અને મતિનાં પાવક છે. પવિત્રતા મેળવવા માટે દાન છે. અને છેવટે તો અધ્યાસમાંથી છેવટની મુક્તિ મેળવવી એ ઉત્તમ દાન છે. કેમકે તેમાંથી જીવમાત્રને અભયદાન મળે છે. અધ્યાસનિવૃત્તિમાં જ સાચું અભયદાન છે.....

વૃંદાવન છોડયાને લાંબો સમય થઈ ગયો હોવાથી બળરામ, નંદ-યશોદા તથા અન્ય વ્રજવાસીઓને મળવા વૃન્દાવન જાય છે. હવે બળરામ અને કૃષ્ણ નાના બાળકો રહ્યા નથી. આખી દુનિયાને આવરી લે તેવા છે. બળરામને વૃન્દાવન આવેલા જોઈ માતાપિતા તથા ગોપ-ગોપીઓ વગેરે તમામ વ્રજવાસીઓને અવર્ણનીય આનંદ થાય છે. બળરામ માતાપિતાને પ્રણામ કરે છે. યશોદા માતાનું વાત્સલ્ય ઉભરાઇ જાય છે. બળરામજીને પ્રેમથી આલિંગન કરી પોતાના ખોળામાં લે છે. બંન્નેની આંખમાંથી પ્રેમાશ્રુઓની ધારા વહી રહી છે. ગોપ-ગોપીઓ મળવા આવે છે. બળરામ ગોપ-ગોપીઓને કુશળ પૂછે છે. ગોપિઓ સ્નેહથી ગદ્‌ગદિત વાણીમાં બળરામને પૂછે છે કે, હે બળરામ! અમારો પ્યારો કનૈયો કુશળ તો છે ને? એ તો હવે નગરરાણીઓનો પતિ બન્યો છે એટલે હવે તો ગામડાની ગોપીઓને યાદ પણ શું કરતો હશે! તેને કદી તેના માતા-પિતા યાદ આવે છે ખરાં? શું તેના માતાપિતાને મળવા તે એક વખત પણ અહીં આવશે ખરો? બળરામજી! તમે જાણો છો ને કે માત-પિતા-પતિ પુત્ર સગાસંબંધી બધાનો ત્યાગ કરવો કેવું કઠિન છે? અમે કનૈયાને માટે સર્વસ્વનો ત્યાગ કર્યો. છતાં અમને છોડીને ચાલી ગયો! હશે! તેની ઇચ્છા એ અમારી ઇચ્છા હોવીજ જોઇએ. તેણે જેમાં સુખ જોયું તેમાં અમારે પણ સુખ માનવુંજ જોઇએ. અમને ભલે વિસારે પણ અમારો કનૈયો તે કનૈયોજ છે. અમારા હૃદયમાં તેના પ્રત્યેનો પ્રેમ, ગંગાના પ્રવાહની જેમ સતત વહયાજ કરે છે. આમ કહેતાં તો બંસીધર, યશોદાનંદન કૃષ્ણની મૂર્તિ તેઓ સન્મુખ ખડી હોય તેમ ભાવાવેશમાં ગોપીઓ આવી જાય છે. આંખોમાંથી અશ્રુઓનો પ્રવાહ વહ્યોજ જાય છે. બળરામજી ગોપીઓના વ્યાકુળ અને પ્રેમ પરિપ્લુત હૈયાને શ્રીકૃષ્ણનો સંદેશો સંભાળાવી શાંત કરવા પ્રયત્ન કરે છે. બે મહિના સુધી બળરામ વૃન્દાવનમાં રહે છે. અને ગોપીઓને આનંદ આપે છે.....પ્રેમનું તત્વ દુરવગાહ્ય છે...કોઈ વિરલ એને પીછાને છે.

.....માતાના ભવ્ય ઉદાત્ત અને નિર્વ્યાજ પ્રેમના દર્શન એક અંગ્રેજી કાવ્યમાં થાય છે. એક નવજુવાન એક સૌન્દર્યવતી લલનાના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મોહમાં પડે છે. યુવાન પેલી યુવતીના પ્રેમની યાચના કરે છે અને પોતાની સાથે પરણવા વિનવે છે. યુવતી કહે છે કે જો તું તારી માનું કાળજું લઈ આવે તો તારી સાથે લગ્ન કરૂં. યુવાન તો કામાંધ હતો. સારાસારની વિવેકબુદ્ધિ નાશ પામી હતી. માતાનું કાળજું લાવી આપવા કબૂલ થાય છે. ઘેર જઈ રાત્રે માનું ખૂન કરે છે અને તેનું કાળજું કાઢી લઈ એક થાળીમાં મૂકી તે પર વસ્ત્ર ઢાંકી દોડતો પોતાની પ્રેયસી પાસે જાય છે. એક બાજુ સ્ત્રીનો પ્રેમ અને બીજી બાજુ માતાના ખૂનનો ભયંકર અપરાધ! દોડતો જાય છે તેવામાં રસ્તામાં ઠોકર વાગે છે અને કાળજું હાથમાંથી નીચે પડી જાય છે. યુવાન પણ ઠોકરાઈ પડે છે. યુવાનને પડતો જોઈ જમીન પર પડેલાં માતાનાં કાળજાને વાચા થાય છે. કાળજું કહે છે કે "દીકરા તને વાગ્યું તો નથી ને?" આ સાંભળી દીકરો દિંગમૂઢ બની જાય છે. મોહ અને અજ્ઞાનનાં આવરણો દૂર થઈ જાય છે. માતૃપ્રેમ જેવો દિવ્ય પ્રેમ જગતમાં ક્યાંયે શોધ્યો મળી શકે ખરો?.....

.....ગોપીકાઓનો પ્રેમ છીછરો, નિર્બળ, વિનિમયવાળો, સાપેક્ષ પ્રેમ ન હતો. માતા કરતાં ગોપીજનોનો પ્રેમ અધિક હતો. ગોપીઓના પ્રેમનો જોટો પૃથ્વીમાં તો શું સ્વર્ગમાં પણ શોધ્યો મળે તેમ નથી.....

.....બળરામ વૃન્દાવનમાં વિહાર કરે છે તે સમયે પોતે કૃષ્ણનો અવતાર છે એવો એક રાજા ઢોંગ લઈ બેસે છે. કરુષ દેશનો રાજા પૌન્ડ્રક એક દૂતદ્વારા શ્રીકૃષ્ણ ભગવાનને દ્વારકામાં સંદેશો મોકલે છે કે સાચો અવતારી કૃષ્ણ તો હું છું. તમે બનાવટી કૃષ્ણ છો. માટે તમારી દ્વારિકા મને સોંપી દો અને મારે શરણે આવો. જો તેમ નહીં કરો તો મારી સાથે યુદ્ધ કરવા તૈયાર રહેજો. આ સંદેશો સાંભળતાં ભગવાન વગેરેને ખૂબ હસવું આવે છે. ભગવાન દૂતને કહે છે કે તારા રાજાને જઇને કહે કે હું મારા ચક્ર-ગદા-શંખ વગેરે ચિન્હો તારા પર તથા તારા તમામ સાથીઓ પર છોડીશ. તારો મૃતદેહ કુતરાને હવાલે થશે અને તેઓ તેને ચૂંથીચૂંથીને ખાશે. માટે હવે લડવા તૈયાર રહેજે. શ્રીકૃષ્ણનો સંદેશો લઇ દૂત કાશીપુર જાય છે. પૌન્ડ્રક ક્રોધે ભરાય છે. આજુબાજુ શ્રીકૃષ્ણ ભગવાન પોતાના સૈન્ય સાથે કાશીપુર આવે છે. પૌણ્ડ્રકરાજા પોતાના સૈન્ય સાથે નગર બહાર આવે છે. કાશીપુરના રાજા કાશીરાજ પૌણ્ડ્રકના મિત્ર હતા. અને પૌણ્ડ્રક તે સમયે કાશીપુરમાં જ રહેતો હતો. આથી કાશીરાજ પણ મિત્રની સહાયતા માટે પોતાના મોટા સૈન્યને લઇ સાથે જાય છે. પૌણ્ડ્રક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો શ્રીકૃષ્ણ ભગવાનના તમામ ચિન્હો ધારણ કરી રથમાં બેઠો હતો. બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે. ભગવાન પોતાનું સુદર્શનચક્ર છોડે છે. પૌણ્ડ્રક તથા કાશીરાજના શિર ધડથી જુદા થઈ જાય છે. કાશીરાજનું માથું તો ઊડીને કાશીપુરીમાં રાજમહેલના દરવાજા પાસે પડે છે. રાજાના મૃત્યુથી હાહાકાર પ્રવર્તે છે. કાશીરાજનો પુત્ર પિતાના વધથી ક્રોધે ભરાઇને શ્રીકૃષ્ણનો નાશ કરવાનો નિર્ણય કરે છે. શંકર ભગવાનની ઉપાસના કરે છે. અને શંકર ભગવાન પાસે વરદાન માગે છે. શંકર ભગવાન આભિચાર પ્રયોગ (મારણ પ્રયોગ) બતાવે છે. પ્રયોગને અંતે યજ્ઞકુંડમાંથી ભયંકર શરીરવાળો અગ્નિ નીકળે છે. તે અગ્નિ દ્વારકા તરફ જાય છે. અગ્નિની જ્વાળાઓ દ્વારકા નજીક જણાતાં દ્વારકાવાસીઓ ભયભીત બની શ્રીકૃષ્ણ પાસે રક્ષણ માગે છે. ભગવાન તો જાણતા જ હતા કે એ કાશીપુરથી આવેલી માહેશ્વરી કૃત્યા છે–ભગવાન સુદર્શનચક્ર છોડે છે. કૃત્યા નામના અગ્નિનું માથું ચક્ર કાતરી નાંખે છે. ત્યાંથી તે નાસી છૂટે છે અને કાશીપુર આવે છે. અને તે કૃત્યા નામનો અગ્નિ રાજાના પુત્રોને બાળીને ભસ્મ કરી નાંખે છે. સુદર્શનચક્ર પણ કૃત્યાની પાછળ કાશી જાય છે અને કાશીપુરીનું દહન કરી દ્વારિકા પાછું આવે છે. મિથ્યા વાસુદેવ થવા જાય તેના એવા જ હાલ થાય ને ?

.....દ્વિવિદ નામનો એક મહા બળવાન વાનર ભૌમાસુરનો મિત્ર અને સુગ્રીવનો મંત્રી હતો. શ્રીકૃષ્ણ ભગવાને ભૌમાસુરનો વધ કર્યો ત્યારથી તે શ્રીકૃષ્ણને મારી મિત્રના ખૂનનો બદલો લેવા ઇચ્છા રાખતો હતો. આથી તે અનેક નગરો વગેરેને આગ લગાડી પ્રજાને મહા ત્રાસ આપવા લાગ્યો. એ વાનરમાં દસહજાર હાથીઓનું બળ હતું.

બળરામજી સુંદર યુવતીઓ સાથે વનવિહાર કરી રહ્યા હતા. રૈવત પર્વત પરથી દ્વિવિદના જોવામાં બળરામજી આવતાં તેના નાશ માટે તે બળરામજી તથા સ્ત્રીઓ જ્યાં ક્રીડા કરી રહ્યા છે ત્યાં આવે છે. ઝાડ પરથી નીચે કુદે, વળી ઉપર ચઢે એવી ચેષ્ટાઓ કરે છે. સ્ત્રીઓની સામે ઉભો રહી ઘડીમાં ચાળા પાડે તો ઘડીમાં દુષ્ટ ચેષ્ટાઓ કરે. બળરામને ક્રોધ ચઢે છે. હળ અને મુસલ ઉઠાવે છે. દ્વિવિદ વાનર મોટા મોટા વૃક્ષો ઉખેડી બળરામ પર નાંખે છે. બળરામ વૃક્ષોને હાથે ઝીલી લે છે. બળરામ મુસલ પ્રહાર કરી દ્વિવિદનું માથું ફોડી નાંખે છે અને લોહીલુહાણ બનાવે છે. તેમ છતાં દ્વિવિદ ગભરાતો નથી. એક પછી એક તમામ વૃક્ષ બળરામજી પર નાંખે છે. પરંતુ બળરામજી હળ મુસલથી ટૂકડા કરી નાંખે છે. એક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ વૃક્ષ બાકી ન રહેવાથી દ્વિવિદ બળરામજી સામે દોડી તેની છાતીમાં મુષ્ટિ પ્રહાર કરે છે. બળરામજી હળમુસલ નીચે મૂકી બન્ને હાથો વડે દ્વિવિદના મુખ પર પ્રહાર કરે છે. વાનરના મુખમાંથી લોહી નીકળી પડે છે અને પૃથ્વી પર પડે છે. બળરામજીના પ્રહારથી વાનરના પ્રાણ નીકળી જાય છે. દુષ્ટનો નાશ કરી બળરામ દ્વારકામાં પ્રવેશ કરે છે. ગુંડાતત્ત્વને કાબૂમાં આણવા અને તેમની શક્તિને ન પ્રસરવા દેવામાંજ 'ઇશન' શક્તિનો વિજય અને પ્રજાનું રક્ષણ છે.

.....શ્રીકૃષ્ણ ભગવાનની પત્ની જામ્બવતીનો પુત્ર સામ્બ દુર્યોધનની પુત્રી લક્ષ્મણાનું સ્વયંવરમાંથી એકલો હરણ કરી જાય છે. કૌરવો ક્રોધે ભરાય છે અને લક્ષ્મણાને પાછી લાવવા કર્ણ વગેરે સામ્બની પાછળ પડે છે. આ બાજુ સામ્બ એકલોજ હતો પણ સર્વૈશ્વર્યમય શ્રીકૃષ્ણનો પુત્ર હતો ને! એકલે હાથે યુદ્ધ ખેલી પોતાના શૌર્યનો પરચો બતાવે છે. આ તરફ કર્ણ, દુર્યોધન વગેરે વીરો મોટી સંખ્યામાં હતા. બધા ચારે બાજુથી પ્રહાર કરી સાંબનો રથ ભાંગી નાંખે છે અને સામ્બને બાંધીને લક્ષ્મણા સાથે હસ્તિનાપુર પાછા આવે છે.....

.....નારદજી એ સમાચાર દ્વારકામાં શ્રીકૃષ્ણને પહોંચાડે છે. બધાનો ક્રોધાગ્નિ પ્રજ્વળી ઉઠે છે. હસ્તિનાપુર પર ચઢાઇ લઈ જવા તૈયારી કરે છે. બળરામ શાંતિપ્રિય હોવાથી તેમણે વિચાર્યું કે કૌરવો અને યદુઓ વચ્ચે યુદ્ધ થાય એ ઠીક નહીં. શાંતિથી જો એ પ્રશ્નનો ઉકેલ આવી શકે તો તે માટે પ્રથમ પ્રયત્ન કરવો વધુ ઉચિત છે. બળરામજી બધાને ઉતાવળું પગલું ન ભરવા સમજાવી, સમાધાન માટે, પોતાની સાથે કેટલાક વૃદ્ધ યદુઓ અને બ્રાહ્મણોને લઇ હસ્તિનાપુર જાય છે. ત્યાં જઇ નગરની બહાર ઉપવનમાં મુકામ કરે છે અને કૌરવોની ઇચ્છા જાણવા માટે ઉદ્ધવજીને ધૃતરાષ્ટ્ર પાસે મોકલે છે. ઉદ્ધવજી ધૃતરાષ્ટ્ર, ભીષ્મપિતામહ કર્ણ દ્રોણ વગેરે બેઠા છે ત્યાં જઈ વંદન કરી બળરામના આગમનના સમાચાર આપે છે. બળરામજીના સત્કાર માટે બધા કૌરવો બળરામજી પાસે જાય છે. બળરામજી ગંભીરતા-પૂર્વક તેઓને કહે છે કે ધર્મરાજ મહારાજા ઉગ્રસેને આપને આજ્ઞા કરી છે કે સામ્બને તમે કેદ કર્યો છે એ અધર્મ છે. પરસ્પર વૈર ન બંધાય તે માટે તમે સામ્બને તથા તેની નવવધૂ લક્ષ્મણાને અમને પાછા સોંપી દો. આ સાંભળી કૌરવોનો ક્રોધનો પારો ઊંચો ચઢે છે. કૌરવો બળરામને કહે છે કે અહો! કાળની ગતિ ન્યારી છે. ખાસડાને માથા પર બેસવાની ઇચ્છા થઇ છે! અમારી મહેરબાનીથી યદુઓ રાજ્ય ભોગવી રહ્યા છે. બસ. યદુઓ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાસેથી તમામ રાજચિન્હો છીનવી લેવાં જોઇએ! દૂધ પાઇને ઉછેરેલો સાપ દૂધ પાનારનેજ ડંખ મારે તેમ યદુઓ આજે ઉપકારનો બદલો અપકારથી વાળવા તૈયાર થયા છે. સાપના માથાપર દેડકીને નાચવાનું મન થયું છે! કૌરવોની સામે યદુઓ કોઇ ગણત્રીમાં નથી. સામ્બને અમે કદી તમને સોપીશું નહીં. તમારાથી થાય તે કરી લેજો!

કૌરવોના અસભ્ય વર્તન અને વાક્પ્રહારથી બળરામનો ચહેરો ક્રોધથી લાલચોળ થઈ જાય છે. બળરામજી હવે બીલકુલ ઉપેક્ષાવૃત્તિ ધારણ કરી કૌરવોને કહે છે કે સત્ય છે કે જેઓને સત્તાનો, કુળનો, પરાક્રમનો અને ધનનો મદ ચઢયો હોય તેઓ કદી શાંતિ ઇચ્છતા નથી. એવા ઘમંડીઓ વાતને લાયક હોતા નથી, લાતનેજ લાયક હોય છે. પશુઓ જેમ તાડનથી વશમાં-સીધા રહે છે તેમ દુષ્ટોને માટે તો દંડજ હોવો ઘટે. તમને શાંતિ નહીં પણ લડાઇ પ્રિય છે. વારંવાર મારો તિરસ્કાર અને અપમાન કરવા છતાં મેં અત્યાર સુધી ધીરજ રાખી. જેના ચરણકમળની ધૂળ તીર્થોને પણ સંતોદ્વારા તીર્થપણું આપે છે, બ્રહ્મા-શંકર-લક્ષ્મીજી વગેરે જેની કળાનો અંશ માત્ર છે એવા શ્રીકૃષ્ણને માટે રાજ્ય સિંહાસન ક્યાંથી હોય? બિચારા યદુઓ તો કૌરવોનું આપેલું રાજ્ય ભોગવે છે અને કૌરવોની દયા પર જીવે છે! કેવી ખૂબીની વાત છે કે અમે યદુઓ ખાસડાં અને કૌરવો મસ્તક! તમારા દિમાગને ઠેકાણે લાવવાજ પડશે. આજે હું કૌરવોને નામશેષ કરી નાંખીશ. પૃથ્વી પર કૌરવોનું બીજ પણ રહેવા દઇશ નહીં. એટલું કહી ક્રોધાવિષ્ટ બનેલા બળરામ પોતાના હળથી આખી હસ્તિનાપુર નગરીને ઉખેડી ગંગાજીમાં ડૂબાવવા માટે હળથી ખેંચે છે. હસ્તિનાપુરને ગંગાજીમાં ડૂબતું જોઈ કૌરવોના ગભરાટનો પાર રહેતો નથી. બધા કૌરવો બળરામજીને પગે પડી પોતાના અપરાધની ક્ષમા માગે છે. બળરામ ક્ષમા આપે છે. સામ્બને તથા લક્ષ્મણાને લાવીને બળરામને સોંપે છે. દહેજમાં દુર્યોધન પોતાની પુત્રીને બારસો હાથી, દસ હજાર ઘોડા, છ હજાર સોનાના રથ, તથા સુવર્ણાલંકૃત એક હજાર દાસીઓ આપે છે. બળરામજી સામ્બ તથા લક્ષ્મણા અને ધરધામણ વગેરે લઈ દ્વારકા આવે છે. આજે પણ હસ્તિનાપુરનો દક્ષિણ તરફનો ભાગ ઊંચો અને ગંગાજી તરફનો નીચો માલમ પડે છે. એ બળરામના પ્રરાક્રમનું સૂચક છે.....

.....ભગવાન શ્રીકૃષ્ણના આદર્શ ગૃહસ્થાશ્રમનું ચિત્ર આ કથામાં છે. વેદાન્તની મંગલમય સત્ય કલ્પના એમાં સભરભરી છે....ભાગવતના વેદાન્તના તથ્ય સમજાવતા ઉત્તમોત્તમ અધ્યાયોમાંનો એક છે....એક દિવસ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દેવર્ષિ નારદજીને મનમાં થાય છે કે હું જ્યાં જ્યાં જાઉં છું અને જોઉં છું ત્યાં ત્યાં પતિપત્નીના જીવનમાં મેળ જણાતો નથી. તો પછી ભગવાન શ્રીકૃષ્ણ સોળ હજાર એકસો ને આઠ પત્નીઓથી કેમ સુખી હશે? નારદજી તો પરમાત્માના લાલ હતા. ભગવાનનું દાંપત્ય જીવન—ગૃહસ્થાશ્રમ કેમ ચાલે છે તે જોવાની ઇચ્છા થતાં નારદજી દ્વારકા જઇ પડે છે. સોળ હજાર એકસો ને આઠ રાણીઓના અલગ અલગ તેટલા જ મહેલો હતા. જ્યાં ભારતવર્ષના લોકહૃદયનો પ્રાણેશ્વર ગયો છે તે દ્વારકા આજે નામશેષ લાગે છે....આપણા બધાંયે તીર્થોમાં આજે પ્રભાવ જણાતો નથી. અતિશય દારિદ્ર અને અકર્મણ્યતા એ આજનાં બધાં તીર્થોનાં લક્ષણ થઇ પડયાં છે....

દ્વારકામાં આવી નારદજી શ્રીકૃષ્ણ ભગવાનના એક મહેલમાં પ્રવેશ કરે છે. નારદજી ત્યાં શું જુએ છે? એક રાણી સાથે હિંડોળા પર બેસી ભગવાન હીંચકા ખાતા હતા. નારદજીને જોઈ ભગવાન ઊભા થઇ જાય છે. તેમનું ભાવભર્યું સ્વાગત કરે છે અને હીંચકા પર બેસાડે છે. પછી ભગવાન નારદજીનું પૂજન કરે છે. નારદજી તો ભગવાનનો મહેલ જોઇને આશ્ચર્યચકિત થાય છે. ત્યાંથી નારદજી બીજા મહેલમાં જાય છે. ત્યાં ભગવાનને રાણી સાથે સોગટાંબાજી ખેલતા જુએ છે. એક બાજુ ભગવાન અને ઉદ્ધવજી અને બીજી બાજુ રાણી અને દાસી બેસી રમે છે. ત્યાંથી નારદજી ત્રીજા મહેલમાં જાય છે. ત્યાં જઇ જુએ છે તો ભગવાન બાળકને હાથમાં લઇ રમાડે છે. વળી બીજે ગયા તો ત્યાં ભગવાન નહાવાની તૈયારી કરે છે. વળી બીજે ગયા તો ભગવાનને હોમ કરતા જુએ છે. વળી આગળ ગયા તો ભગવાનને તલવારના પટા ખેલતા જુએ છે. એમ જ્યાં જ્યાં નારદજી ગયા ત્યાં ત્યાં ભગવાન કંઇ ને કંઈ કરતા જણાયા. કોઇ જગ્યાએ આત્મરૂપમાં લીન એવા સ્વરૂપમાં તો કોઈ જગ્યાએ વિગ્રહની મંત્રણા કરતા. કોઈ જગ્યાએ સંધિ અને રાજ્ય કારોબારની ગંભીર મંત્રણા કરતા તો કોઈ જગ્યાએ માતાપિતાની સેવા કરતા. કોઇ જગ્યાએ આનંદપ્રમોદ કરતા તો કોઇ જગ્યાએ વિચારમગ્ન. આ પ્રમાણે ભગવાનને નારદજીએ જોયા એટલે તેમની આંખના પડળ ખૂલી ગયા. ભગવાન કેવળ યોગીશ્વરજ નહીં પણ યોગેશ્વર પણ છે. યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણની માયા અદ્ભુત છે. ચારે તરફ ભગવાનની યોગમાયાનો ઉદય જોઇ નારદજી ભગવાનને કહે છે કે ભગવન્! આપની ઉપાસનાથી શુદ્ધ થયેલા જીવોજ આપની અનંત શકિતઓને સમજી શકે છે. એકજ પરમાત્મા અનંત બ્રહ્માંડરૂપે વિલસી રહ્યો છે. એકજ પરમાત્મા અનેકરૂપે ભાસે છે, રમે છે અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિહાર કરે છે. ભગવાન શ્રીકૃષ્ણ નારદજીને કહે છે કે હે નારદજી! તું મારી યોગમાયાનો પ્રભાવ જોઇ મોહિત ન થઇશ. ધર્મનું સૂક્ષ્મતમ રહસ્ય એ જ છે. પ્રાણીમાત્રમાં એક જ પરમાત્મા નિગૂઢ છે.-સર્વવ્યાપી છે-સોળ હજાર એકસો સાઠ સુંદરીઓ સાથે અને એક લાખ સાઠ હજાર એકસો એંસી દીકરાઓની વચ્ચે હું એક કેમ આળોટી શકું છું તે બતાવવા આ ખેલ મેં કર્યો છે.....તમેત્ર સર્વગેહેષુસન્તં એકંદદર્શહ-તે એકને જ સૌ ઘરમાં નારદજીએ જોયા! આપણે પણ સૌ ઘરોમાં-પ્રાણી-માત્રમાં એકને જ જોવાનો છે ને? છે તે જ જોતા નથી! નથી તે જોઇએ છે. એ જ માયા! શ્રીમદ્ભાગવતની કથા વેદ અને ઉપનિષદોના સારમાંથી ઉત્પન્ન થએલી છે. એક જ પરમાત્માને તમામ ઘરમાં નારદજીએ જોયા. એ ઘર એટલે મહેલ નહીં પણ પ્રાણીમાત્રરૂપી ઘર-મનુષ્ય ઘર-માયાનો પ્રભાવ હોય ત્યાં સુધી તિમિર રોગ હોય છે-એકના બે દેખાય છે ભાંગેલા કાચવાળા તકતામાં જોતાં બે ત્રણ રૂપ દેખાય તેમ. હૈયાનું દર્પણ ભાંગી ગયું હોય તેને ખંડ-ભેદ દર્શન થાય. આખા દર્પણમાં જૂઓ. આપણે સાચા કે આપણું પ્રતિબિંબ સાચું? પરમાત્માની સત્તા બધામાં પ્રતિબિંબિત છે. મૂળ જ્યારે બધામાં જણાય ત્યારે તેનું ફળ મોટું હોય છે. આ પ્રકારની સમજ એ મોટી મૂડી છે-એ સમજાય એ જ્ઞાન મૂડી પ્રાપ્ત થાય પછી જીંદગીમાં જીવવાની મઝા કોઇ ઓર હોય છે. પછી ખાત્રી થાય છે કે જન્મ કે મરણ જેવી કોઇ ચીજ જ નથી. સુખ દુઃખ હાનિ લાભ બધું ખેલ જેવું જ લાગે-તમામ પાત્રોમાં-તમામ દેહોમાં પરમાત્માની સ્ફૂર્તિ થવી એ સાચું જ્ઞાન છે. જીવતાં મોતનો પડકાર કરવાની શક્તિ આવે નહીં ત્યાં સુધી સાધના અધૂરી જ ગણાય..... एको देवःसर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा છે! તેને-દેવને દેહ દેવાલયમાં જે જુવે છે તે દેખતો. બાકીના ?-અંધ.

.....માનુષીરૂપે ભગવાનમાં બધી શકિત આવી ક્યાંથી? મહાત્મા ગાંધીજીને બધા વંદન કરે તેથી નવાઇ લાગે પણ તે મોટા કેમ થયા તેનો કોઈ વિચાર કરતું નથી. આપણે જ્યારે ઊંઘીએ ત્યારે તે જાગે છે. આપણે સમય બરબાદ કરીએ ત્યારે તે તેને ઉપયોગમાં લે છે. આપણે આળસુ તે કર્મણ્ય છે:—

या निशा सर्वभूतानाम् तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

— ભગવાન બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠતા. (આપણે નથી ઊઠતા માટે ઋષિઓએ આપણા માટે તારા સ્નાનનો મહિમા કાઢયો.) દંતધાવન, સ્નાન સંધ્યા, પ્રાર્થના કરતા. પ્રસન્ન ચિત્તથી આત્મચિંતન કરતા. પ્રકૃતિથી પર પોતાના મૂળ સ્વરૂપનું ચિંતન કરતા. સવારમાં આત્માનું અનુસંધાન કરે તેને દુન્યવી આવેગો સામે ઝઝૂમવાની તાકાત મળે.....

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु, निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ॥

એ શ્લોકને ભાવનામાં ઊતારવો જોઇએ. ચિત્તના ઉપર બાઝેલી રાગદ્વેષરૂપી લીલને ભગવાનના નામ સ્મરણરૂપી હાથ મારી દૂર કરવી. બાદ ગીતા–ઉપનિષદો વગેરે ગ્રંથોમાંથી મંત્રો–શ્લોકોનું રટણ કરવું અને તેના અર્થને સમજી જીવનમાં ઊતારવાનો પ્રયત્ન કરવો. પ્રાણીમાત્રનો દ્વેષ ન કરવો. સર્વનો આત્મા ચાહવા જેવો જ છે. મને મારા પર પ્રેમ છે. જો તમારામાં પણ હું જ છું તો તમારા પર પણ પ્રેમ જ હોવો ઘટે. એ પ્રમાણે દરરોજ વિચારતા રહેવાથી તેમ કરવાની શક્તિ મળશે....

.....આત્મા સત્ છે. ત્રણ કાળમાં જેનો નાશ ન થાય તે સત્. આત્મા સત્ છે તો તે નાશવંત ચીજથી જૂદો હોવો ઘટે....કોઇના જ્ઞાનને માપવાની એંઠી દૃષ્ટિ છોડી મધુકરવત્ (ભ્રમરની જેમ) ફૂલો પાસે જઈ મધરૂપી ગુણ લઈ આપણા અંતરાત્મારૂપી મધપૂડામાં ભરવું.....

.....ભગવાન પોતાના જ પરમરૂપ–મૂળરૂપનું ધ્યાન ધરે છે. નમે તે નારાયણને ગમે. ભગવાન પોતાની જ કલાને અર્ઘ્ય આપે છે. વ્યવસ્થિતિમાં સુંદરતા વસે છે. સાદું હંમેશાં સુંદર હોય છે.....ભર્તૃહરિ કહે છે કે દ્રવ્યની ત્રણ ગતિ થાય છે. દાન–ભોગ અને નાશ. શ્રેષ્ઠ દાન. એ વાવણી છે. બેંકમાં મૂકેલી મૂડી છે. (૨) ભોગ એટલે વ્યવસ્થિત અને સુખી જીવન જીવવા માટે દ્રવ્યનો કરવામાં આવતો ઉપયોગ. (૩) નાશઃ જે દ્રવ્ય ન તો દાનમાં કે ભોગમાં વપરાય તેનો છેવટ નાશ થાય. અર્થાત્ ત્રીજી જ વ્યક્તિ તેનો ઉપભોગ કરે. કંજૂસને માટે કહેવાયું છે કેઃ—

कृपणेन समो दाता न भूतो न भविष्यति ।
अस्पृशन्नेव वित्तानि परेभ्यो यः प्रयच्छति ॥

એટલે કે કંજૂસના જેવો દાતા કોઇ થયો નથી અને થવાનો નથી. કારણ કે તેની દાન કરવાની રીત જુદી છે. કૃપણ પોતાના દ્રવ્યને સ્પર્શ સુદ્ધાં કર્યા સિવાય પારકાને આપે છે!!.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

.....સૌન્દર્ય, જ્ઞાન, વ્યવસ્થિત દાન અને પરહિત ચિંતા વગેરેનો સામુદાયિક નિવાસ ભગવાનના જીવનમાં હતો.....

ધર્મરાજા યુધિષ્ઠિર, ભગવાનની પ્રસન્નતા માટે હસ્તિનાપુરમાં રાજસૂય યજ્ઞ કરે છે. એ યજ્ઞ પાછળ ભગવાનની પૂજા કરવાનોજ આશય રહેલો હતો. મહારાજ યુધિષ્ઠિર ભગવાન શ્રીકૃષ્ણને કુટુંબ પરિવાર સહિત યજ્ઞમાં પધારવાનું આમંત્રણ આપે છે. નારદજી દ્વારકા જઇ શ્રીકૃષ્ણને યુધિષ્ઠિરનું આમંત્રણ સ્વીકારવા અને તેની મનકામના પૂર્ણ કરવા સહકુટુંબ હસ્તિનાપુર જઇ યજ્ઞકાર્ય સંપાદન કરવા વિનંતિ કરે છે. એ અરસામાં એક અજાણ્યો મનુષ્ય ભગવાન પાસે આવે છે. જરાસંધ રાજાએ કેદ કરેલા વીસ હજાર ઉપરાંત રાજાઓએ પોતાની મુક્તિ માટે ભગવાનની પ્રાર્થના એ દૂત દ્વારા કરી હતી. દૂત રાજાઓની વીતકકથા તથા તેઓની વિનંતિ ભગવાનને કહે છે. ભગવાન દૂત સાથે તે કેદી રાજાઓને પોતે ટૂંક સમયમાં આવી જરાસંધનો નાશ કરી તેઓને બંધનમુક્ત કરશે એવો સંદેશો મોકલે છે. દૂત આનંદિત થઇ પાછો જાય છે.....

.....એક બાજુથી મહારાજા યુધિષ્ઠિરનું આમંત્રણ અને બીજી બાજુ રાજાઓની મુક્તિ માટેની પ્રાર્થના. પ્રથમ શું કરવું તેની વિમાસણમાં ભગવાવાન પડે છે. ઉદ્ધવજીની સલાહ પૂછે છે. ઉદ્ધવજી કહે છે કે ભગવાન્! આપના કુટુંબીજનોના યજ્ઞમાં જઇ તેઓને સહાય કરવી જોઇએ. વળી શરણે આવેલાનું રક્ષણ પણ કરવું જોઇએ. યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ અને શરણાગતોના રક્ષણ માટે જરાસંધનો વધ પણ કરવો જોઇએ. જરાસંધ મહા પરાક્રમી છે. વળી તે બ્રાહ્મણભક્ત છે. આથી બ્રાહ્મણના વેશમાં ભીમસેન ત્યાં જાય અને યુદ્ધ માટે ભિક્ષા માગે તો તેઓના દ્વંદ્વ યુદ્ધમાં આપની કૃપાથી ભીમસેન જરાસંધનો નાશ કરશે. ભીમસેન તો એમાં નિમિત્ત બનશે. બાકી તેનો નાશ તો ભીમસેનને મળેલી આપની શક્તિથીજ થનાર છે. ભગવાન ઉદ્ધવજીની સલાહ માન્ય રાખી હસ્તિનાપુર જવા માટે તૈયારી કરવાની પોતાના કુટુંબીજનોને આજ્ઞા છે. અષ્ટ પટરાણીઓ રૂકમણી, સત્યભામા, ભદ્રા, જામ્બવતી, કાલિન્દી, મિત્રવિન્દા, લક્ષ્મણા તથા સત્યા તેમજ અન્ય સ્ત્રીઓ, પુત્રો વગેરેને લઇ વાજતે ગાજતે હસ્તિનાપુર જાય છે. ભગવાન શ્રીકૃષ્ણના આગમનની ખબર પડતાં યુધિષ્ઠિર તેમનું ભારે ધામધુમથી સ્વાગત કરે છે. યુધિષ્ઠિર વગેરે પ્રેમથી ભગવાનને ભેટે છે. કુન્તામાતા શ્રીકૃષ્ણને જોતાં તેને વળગી પડે છે અને હૃદય સરસા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચાંપે છે. દ્રૌપદી વગેરે પણ ભગવાનને પ્રણામ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણ આનંદથી ત્યાં રહે છે. યુધિષ્ઠિર બધા ભાઇઓને દિગ્વિજય માટે મોકલે છે. જરાસંધ પર વિજય પ્રાપ્ત થયો ન હતો. આથી શ્રીકૃષ્ણ અર્જુન અને ભીમ જરાસંધના રાજ્યમાં જાય છે. ત્રણે બ્રાહ્મણવેશ ધારણ કરે છે અને ભીમ જરાસંધ પાસે ભિક્ષા માગે છે. ભિક્ષામાં દ્વંદ્વ યુદ્ધની માંગણી કરે છે. ત્રણે મૂળ સ્વરૂપમાં જાહેર થાય છે. જરાસંધ તેઓને જોઈ હસતાં હસતાં કહે છે કે તમારી યુદ્ધનીજ ઇચ્છા છે તો તમારી પ્રાર્થના સ્વીકારૂં છું. પરંતુ જરાસંધ કૃષ્ણનો દ્વેષી હતો. તેણે શ્રીકૃષ્ણને કહ્યું કે તું તો બાયલો છે. તું તો મારાથી ડરીને યુદ્ધમાંથી નાસી જઇ સમુદ્રમાં દ્વારકામાં ભરાઇ ગયેલો. અર્જુન તો નાનો છે. ભીમ બળવાન છે. આથી ભીમ સાથે યુદ્ધ કરીશ. ત્યારબાદ જરાસંધ અને ભીમ વચ્ચે મલ્લ યુદ્ધ થાય છે. સત્તાવીસ દિવસ સુધી યુદ્ધ ચાલે છે. ભીમ હીંમત હારી જઈ ભગવાનની પ્રાર્થના કરે છે. ભગવાન તેનામાં પોતાની શક્તિનો સંચાર કરે છે. ભગવાનની શક્તિના પ્રભાવે ભીમ જરાસંધના શરીરના ફાડચાં કરી નાંખી મારી નાંખે છે. ત્યારબાદ જરાસંધે કેદ કરેલા રાજાઓને કેદમાંથી મુકત કરે છે. અને બધા હસ્તિનાપુર પાછા આવે છે.....

.....યુધિષ્ઠિર રાજા રાજસૂય યજ્ઞનો આરંભ કરે છે. યજ્ઞમાં બ્રહ્મા, શંકર, તથા અન્ય દેવો દેવીઓ, ઋષિમુનિઓ બ્રાહ્મણો, રાજાઓ, રાણીઓ વગેરે આમંત્રણથી પધાર્યા હતા. યજ્ઞના પ્રારંભમાં પ્રથમ પૂજન સર્વસંમતિથી પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનું કરવામાં આવે છે. જેને શત્રુ નહીં તે માણસ નિસ્તેજ. જ્યાં ઐશ્વર્ય ત્યાં અદેખાઈ, આથી ત્યાં પણ શ્રીકૃષ્ણનો વિરોધી પક્ષ (Leftist wing) હતો. યજ્ઞમાં ઉપસ્થિત રહેલ શિશુપાલ શ્રીકૃષ્ણનો વિરોધી હતો. શ્રીકૃષ્ણના પૂજનથી તેને ક્રોધ ચઢયો અને ભરસભામાં શ્રીકૃષ્ણને અનેક કટુ વચનો સંભળાવી તેનું ભારે અપમાન કર્યું. ભગવાને પોતાના સ્વમાનની માત્રા ન હણાઇ ત્યાં સુધી શિશુપાલનો બકવાદ અને કટુ વચનો સહન કર્યાં. ભગવાનની નિંદા પાણ્ડવો તેમજ અન્ય રાજાઓથી સહન ન થતાં શસ્ત્રો ઉપાડી શિશુપાલ સામે લડવા તૈયાર થયા. શિશુપાલ પણ લડવા લાગ્યો. ભગવાનના ક્રોધની માત્રા વધી જતાં તે ઊભા થયાં અને પોતાના સુદર્શનચક્રથી શિશુપાલનું માથું ધડથી જુદું કરી નાંખ્યું. શિશુપાલના શરીરમાંથી જ્યોતિ નીકળી ભગવાનમાં લીન થઇ ગઈ. વૈરભાવથી પણ ત્રણ જન્મથી ભગવાનનું નિત્ય સ્મરણ કરતો હોવાથી તેને મોક્ષ મળ્યો.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાજસૂય યજ્ઞદ્વારા પાંડવોએ મેળવેલી કીર્તિ તથા તેઓનો ઉત્કર્ષ દુર્યોધનના અંતઃકરણમાં કાંટાની જેમ ખૂંચતા હતા. ઇર્ષ્યા અને વૈરનો કીડો તેના અંતરને કોતરી રહ્યો હતો. મય નામનો એક રાક્ષસ મહાન શિલ્પી–એન્જીનીયર હતો. અર્જુને તેને એક સમયે જીવતદાન આપ્યું હતું તેથી ઉપકારવશ થઇ રાજસૂય યજ્ઞ વખતે તેણે એક ભવ્ય મહેલ બાંધી આપ્યો હતો. શ્રીકૃષ્ણ ભગવાન તેમના પરિવાર સહિત તે મહેલમાં રહેતા હતા. મયાસુરે બનાવેલા મહેલના રંગમંડપમાં યુધિષ્ઠિર એક દિવસ શ્રીકૃષ્ણ સાથે બેઠા હતા. દુર્યોધન ત્યાં આવે છે. એ મહેલમાં મયદાનવે એવી માયા રચી હતી કે દુર્યોધન મોહિત થઈ ગયો. જળ હોય ત્યાં સ્થળ દેખાય અને સ્થળ હોય ત્યાં જળ દેખાય. દુર્યોધન એવી સ્થિતિમાં ગબડી પડે છે. ભીમ, દ્રૌપદી વગેરે દુર્યોધનની એ સ્થિતિ જોઈ હસે છે. અને તેઓ ભીમ–દ્રૌપદી હસતા હસતા બોલ્યા કે અન્ધસ્ય પુત્રઃ અંધઃ દુર્યોધન લજ્જિત થઈ, ક્રોધથી ધૂવાંકૂંવાં થતો સભામંડપમાંથી પોતાને ઘેર ચાલી ગયો. ભીમ દ્રૌપદીના અપમાનથી કંકાસના બીજ રોપાયાં, અને મહાભારતની લડતનું એ સંગ્રામબીજ હતું.

શાલ્વ નામનો સજા શ્રીકૃષ્ણ તથા બળરામજીની ગેરહાજરીનો લાભ લઇ પ્રદ્યુમ્નની અસાવધ અવસ્થામાં મોટા સૈન્ય સાથે દ્વારકા પર છાપો મારે છે. દ્વારકાવાસીઓ તો હેરાનપરેશાન થઈ ગયા. પ્રદ્યુમ્ન અને શાલ્વ વચ્ચે ભયંકર યુદ્ધ ખેલાય છે. આ બાજુ ભગવાન શ્રીકૃષ્ણને હસ્તિનાપુરમાં મનમાં શંકા આવે છે કે મારા રાજ્ય પર ભારે સંકટ આવી પડયું છે. કોઈ ગંભીર આફતમાં દ્વારકા સપડાયું હોય એમ મને અંતરમાં લાગ્યા કરે છે. આથી ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકા જાય છે. પોતાની શંકા સાચી પડે છે. શાલ્વનું આક્રમણ અને યુદ્ધની ભયંકરતા જોઈ તુરત ભગવાન શ્રીકૃષ્ણ પોતાના રથમાં બેસી શાલ્વ સામે યુદ્ધમાં ઉતરે છે. શાલ્વ માયાવી હતો એટલે ઘડીમાં આકાશમાંથી તો ઘડીમાં પૃથ્વી પરથી યુદ્ધ કરતો. ભગવાનના ગદા પ્રહારથી શાલ્વનું વિમાન તૂટી પડે છે. શાલ્વ પૃથ્વી પર કૂદી પડે છે. શાલ્વ માયાવી રાક્ષસ હતો આથી તે એક કપટ કરે છે. વસુદેવ તથા દેવકીજીના માયાવી પૂતળાં બનાવી શ્રીકૃષ્ણને કહે છે કે તારા માબાપને તો મેં કેદ કરેલા છે. હવે હું તેઓનો તારા દેખતાં વધ કરૂં છું. એમ કહી બન્ને બનાવટી પૂતળાનાં માથા કાપી નાંખે છે. શ્રીકૃષ્ણ ભગવાન માતાપિતાના વધના દૃશ્યથી પળભર મૂર્છિત થાય છે. આ શું?

अशोच्यानन्वशोचस्तं प्रज्ञावादांश्चभाषसे ।
गतासूनगतासूंश्चनानुशोचन्ति पण्डिताः ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ તત્વજ્ઞાનનો ઉપદેશ કરનાર શ્રીકૃષ્ણ ભગવાન પોતે જ શોક કરે છે! ના. એ તો માનવીય પ્રકૃતિના બધાય ખેલો મૂકવા પડે. નટરાજને તો બધાય પાઠો આવડવા જોઇએ! ભગવાન તરત સ્વસ્થ થાય છે. વિચાર કરે છે આવું બની શકે જ કેમ? ભગવાન શાલ્વની માયાવી શક્તિનું એ કાર્ય હોવાનું જાણી લે છે અને ફરીથી યુદ્ધ કરે છે. દારૂણ સંગ્રામ થાય છે. ભગવાન છેવટ શાલ્વનો વધ કરે છે અને પોતાનું પૌરૂષ બતાવે છે. This was the war of nerves.

...ભગવાનના જીવનમાં બધા ગુણો એકી સાથે વિકસિત થયેલા હોવાથી તેમને પૂર્ણ પુરૂષોત્તમ કહેવામાં આવે છે.....ત્યારબાદ દન્તવક્ત્ર તથા વિદૂરથનો નાશ કરે છે.....

...બળભદ્રને ખબર મળે છે કે કૌરવો, પાંડવો સામે યુદ્ધ કરવાની તૈયારી કરી રહ્યા છે. કોઇનો પણ પક્ષ લેવાની તેમની ઇચ્છા ન હતી. આથી તીર્થયાત્રા કરવા દ્વારકાથી નીકળે છે. પ્રભાસક્ષેત્રમાં સ્નાન કરી ત્યાંથી આગળ વધે છે. યમુનાજી તથા ગંગાજીના કિનારે આવેલા મુખ્ય મુખ્ય તીર્થોમાં ફરતા ફરતા નૈમિષારણ્યમાં આવે છે. એ સમયે નૈમિષારણ્યમાં સૂત પુરાણીના પિતા અને ભગવાન વ્યાસના શિષ્ય રોમહર્ષણ ઋષિ મુનિઓને કથા સંભળાવતા હતા. વ્યાસની ગાદી પર બેઠા પછી કોઇપણ આવે તો તે ગાદી પરથી નીચે ઉતરાય નહીં કારણ કે વ્યાસની ગાદી પર બેસનારથી કોઇ ઊંચો નથી એ આ દેશની કલ્પના છે. બળભદ્ર ઋષિમુનિઓ જ્યાં બેસી કથા શ્રવણ કરતા હતા ત્યાં આવે છે. તેમને જોતાં જ બધા ઋષિમુનિઓ ઉભા થઇ બળભદ્રનું સ્વાગત કરે છે અને તેમની પૂજા કરી યોગ્ય આસન પર બેસાડે છે. રોમહર્ષણ જેઓ વ્યાસગાદી પર બેઠા હતા તેજ ફક્ત ઉભા થયા ન હતા. બળભદ્રને રોમહર્ષણના વર્તનથી અપમાન લાગ્યું અને ક્રોધમાં આવી કહે છે કે આ રોમહર્ષણ પ્રતિલોમ (પિતા ક્ષત્રિય અને માતા બ્રાહ્મણી) જાતિનો હોવા છતાં એને બધાથી ઊંચા આસન પર બેસાડયો છે એ અધર્મ છે—વળી તેનામાં જરાપણ શિષ્ટાચાર નથી. એવાને તો મોતની સજા કરવી જોઇએ. એમ કહી બળભદ્રે દર્ભ હાથમાં લઇ તેના પર ફેંકયો અને રોમહર્ષણનું માથું ઉડી ગયું. ઋષિમુનિઓને બળભદ્રના એ કૃત્યથી બહુ જ દુઃખ થયું. પછી તેઓ બળભદ્રને કહે છે કે ભગવાન! આપે વ્યાસ રોમહર્ષણને મારી નાંખી મહાપાપ કર્યું છે. તમે પરમાત્મા છો. સર્વશક્તિમાન છો. વિધિનિષેધથી પર છો. એટલે ઇચ્છો તે કરી શકો છો. પરંતુ આપે આ મહા ખરાબ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૃત્ય કર્યું. આપને આથી બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું છે. બળભદ્રનો ક્રોધ શાંત થાય છે. પોતાની ભૂલ કબૂલ કરે છે. અને ઋષિઓને કહે છે કે વેદોમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે आत्मा वै पुत्र नामासि રોમહર્ષણના પુત્ર સૂતજીને હું મારી શક્તિથી જ્ઞાન, દીર્ઘાયુ અને બળ અર્પણ કરૂં છું અને હવેથી તે તમને કથા સંભળાવશે. એ દિવસથી તેનો પુત્ર સૂતજી વ્યાસગાદી પર બેસી કથા સંભળાવે છે. ભગવાન બળભદ્ર પ્રાયશ્ચિત્ત માટે એક વર્ષ સુધી તીર્થક્ષેત્રોમાં પરિભ્રમણ કરવા ત્યાંથી નીકળે છે. મોટા માણસો પણ કેટલીક વખત મહાન ભૂલ કરી બેસે છે, ન્યુટન નામના એક અંગ્રેજ મહાપુરૂષે પણ એવી જ ભૂલ કરેલી. તેની પાસે બે બિલાડી હતી. એક મોટી અને એક નાની. બન્ને બિલાડીઓ તેના કામમાં ખૂબ ખલેલ કરતી. આથી તેણે પોતાના ઓરડાની ભીંતમાં એક મોટું અને એક નાનું કાણું રાખ્યું હતું જેથી મોટી બિલાડી મોટા કાણામાંથી આવે અને નાની નાનામાંથી આવે. નાની પણ મોટામાંથી આવી શકે તેનું તેને ભાન રહ્યું ન હતું ! અને એ રીતે તેણે પણ બુદ્ધિનું પ્રદર્શન કર્યું હતું....

...શ્રીકૃષ્ણ પરમાત્મા જેમ ઉત્તમોત્તમ કર્મણ્ય, ઉત્તમોત્તમ જ્ઞાની, ઉત્તમોત્તમ રાજનીતિજ્ઞ અને ઉત્તમોત્તમ પતિ તરીકે હતા તેમ મિત્ર તરીકે પણ ભગવાન સર્વોત્તમ મિત્ર હતા. મિત્રપ્રેમની સીમા સુદામાભક્તના પ્રસંગમાં વ્યક્ત થાય છે. આજનું પોરબંદર તે પહેલાંની સુદામાપુરી. ભગવાન શ્રીકૃષ્ણ, બળભદ્ર તથા બ્રાહ્મણ સુદામા, એ ત્રણેએ સાંદીપનિ ઋષિ પાસે સાથે રહી અભ્યાસ કર્યો હતો. વિદ્યાભ્યાસ બાદ શ્રીકૃષ્ણ તથા બળભદ્ર પોતાને ઘેર ગયા અને સુદામા પણ પોતાને ઘેર ગયા. ગુરૂને ત્યાંથી છૂટા પડ્યા પછી વર્ષોના વર્ષ વીતી જાય છે.

ययोरेव समंवित्तं ययोरेव समं कुलं ॥
तयोर्मैत्री विवाहश्च नाधमोत्तमयोः क्वचित् ॥

શ્રીકૃષ્ણ તથા બળભદ્ર તો રાજકુમારો હતા. સુદામા તો બિચારો ગરીબ દરિદ્રી બ્રાહ્મણ હતો. મહાજ્ઞાની હોવાથી તેને સંસારમાં કોઈ પદાર્થોમાં આસક્તિ ન હતી. ભાગ્યવશાત્ જે કંઈ મળી આવે તેનાથી પોતાનો આશ્રમ ચલાવતા અને પ્રભુભક્તિમાં જ હંમેશ મગ્ન રહેતા. સુદામાનું ઘર એટલે દરિદ્રતાનો નમૂનો. ખાવાને અન્ન ન મળે, પહેરવાને વસ્ત્ર ન મળે. છોકરાંઓ ભૂખે ટળવળે. વસ્ત્ર પર અનેક થીંગડા, સુદામા, તેની પત્ની તથા તેના પુત્રોનાં શરીર હાડપિંજર જેવાં દેખાતાં હતાં, સુદામાના પત્ની પતિવ્રતા સ્ત્રી હતી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પોતે ભૂખી રહીને જે કંઈ મળી આવતું તે પોતાના પતિ તથા પુત્રને ખવડાવતી. કેટલીક વખત તો દિવસોના દિવસ અન્ન વગર કાઢવા પડતા. .....बुभुक्षितः किंन करोति पापम्। ભૂખ દુનિયાનો સૌથી ભારે રોગ છે. પેટની આગ બુઝાય નહીં ત્યાં સુધી વેદાંત જ્ઞાન અગર ગીતાજ્ઞાન શાતા નહીં અર્પે. અન્ન, વસ્ત્ર અને વસવાટ એ જીવનની પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ છે. એ ન હોય તો તત્વજ્ઞાન શુષ્કજ લાગે. વેદાંતે આપણો દેશ બગાડયો નથી પણ વેદાંતની કુસુમજે, અજ્ઞાને અને ભૂખમરાએ દેશને બગાડયો છે,.....

.....એક દિવસ ભૂખથી જેની કાયા અતિશય કૃશ થયેલી છે એવી તે વિપ્રપત્ની સુદામા પાસે આવી કહે છે કે દેવ! આપણે દરિદ્રાવસ્થામાં સબડી રહ્યાં છીએ. આપણું તો ઠીક પણ આ છોકરાંઓ ભૂખે ટળવળે છે. ઘરમાં અન્નનો દાણો પણ નથી. હું તેઓને શું ખવડાવું? નાથ! મારી એક વિનતિ ન સ્વીકારો? દ્વારકાધીશ શ્રીકૃષ્ણ ભગવાન તો તમારા પરમમિત્ર છે. શ્રીકૃષ્ણ તો સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ છે. ભકતભીડભંજન અને શરણાગતવત્સલ છે. વળી બ્રાહ્મણો પ્રત્યે તો ખૂબ પૂજ્યભાવ રાખે છે. તેના ઐશ્વર્યનો કોઈ પાર નથી. આપ તેમની પાસે જાઓ. આપણું દારિદ્ર દૂર કરશે.....

.....માગવું એ મરવા કરતાં પણ ખરાબ છે. યાચક રૂના કરતાં કરતાં પણ હલકો છે. સુદામાજી એ જાણતા હતા; છતાં પત્નીના અત્યાગ્રહને લઈને દ્વારકા જાય છે. ભગવાનને કંઈને કંઇ ભેટ તો આપવી જોઇએ. ઘરમાં તો અન્નની કણિકા નહીં. શું થાય? તેમના પત્ની આજુબાજુના ઘરેથી બેચાર મૂઠી ચોખા માગી લાવી. સુદામાના ખેસના (ઉપરાણાના) છેડા સાથે બાંધી આપે છે. સુદામાજી વિચાર કરે છે કે ભગવાન પાસે મંગાયજ કેમ? યાચના કેમ થાય? ઠીક! એ બહાને ભગવાનના દર્શનનો લાભ મળશે એ પ્રાપ્તિ કંઇ જેવી તેવી હશે! સુદામા દ્વારકાના પંથે પડે છે. દ્વારકા આવી ભગવાનના એક મહેલમાં પ્રવેશ કરે છે. ભગવાન પોતાના પ્રિયમિત્રને આવતા જોઇ રૂકિમણી પાસેથી ઊઠી એકદમ દોડે છે અને સુદામાને ભેટી પડે છે. બન્નેના નેત્રમાંથી આનંદાશ્રુ વહે છે. મહેલમાં લઇ જઈ ભગવાન સુદામાને પલંગ પર બેસાડે છે. પરમપ્રેમથી ભગવાન જાતે તેમની પૂજા કરે છે. રૂકિમણીજી પંખો નાંખે છે. સુદામાએ તો ફાટયા તૂટયાં અનેક થીંગડાવાળા વસ્ત્રો પહેર્યાં હતાં. શરીર મેલું અને હાડપિંજર જેવું. મહેલની અન્ય સ્ત્રીઓને આ જોઇ ભારે આશ્ચર્ય થાય છે.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

.....ભગવાન શ્રીકૃષ્ણ વિદ્યાર્થીજીવનના સંસ્મરણો તાજાં કરી સુદામાજી સાથે આનંદથી વાર્તાલાપ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણ સુદામાને કહે છે કે પ્રિયમિત્ર! ગુરૂકુળમાંથી ઘેર આવ્યા પછી યોગ્ય સ્ત્રી સાથે લગ્ન કર્યાં હશે. મને ખબર છે કે ગૃહસ્થાશ્રમી હોવા છતાં વિષયોમાં તમારી આસક્તિ નથી. તમારૂં જીવન સાચેજ યોગમય–તપસ્વી છે. પ્રભુની ઇચ્છાને આધીન રહી પ્રારબ્ધ કર્માનુસાર પ્રાપ્ત થાય તેમાં સંપૂર્ણ સંતોષ માની તમે ખરેખર પ્રભુમય જીવન વ્યતીત કરી રહ્યા છો. સુદામાજી ભગવાનને કહે છે કે પરમાત્મન્! મારાં અહોભાગ્ય કે આપનાં દર્શન થયાં! આપ સર્વજ્ઞ, સર્વૈશ્વર્યમય, સત્યસંકલ્પ પરમાત્મા છો. આપના દર્શન પછી મારે માટે કશુંજ બાકી રહેતું નથી.....

ભગવાન તો સર્વજ્ઞ હતા છતાં વિનોદ ખાતર સુદામાજીને પૂછે છે કે પ્રિયસખા! મારે માટે ઘેરથી કંઈ ભેટ લાવ્યા છો કે કેમ? સુદામાજી મૌન રહે છે. કૃષ્ણ ભગવાન એક ચીંથરામાં બાંધેલી ચોખાની પોટલી જે સુદામાના વસ્ત્રમાં હતી તે ઉપાડી લે છે અને પરમપ્રેમથી તેમાંથી ચોખાની મુઠી ભરી ખાય છે. બીજી વખત ખાવા જાય છે એટલે રૂકિમણીજી તેમના હાથ પકડી રોકે છે અને કહે છે કે પરમાત્મન્! બસ થયું. શું અમને પણ આપી દેવાનો વિચાર છે કે શું? એક મુઠી ચોખાથી ભગવાને પરોક્ષરીતે સુદામાને અઢળક સંપત્તિ આપી દીધી. બિચારા સુદામાને પરમાત્માની લીલાની કશી ખબર પડતી નથી. કોને પડી છે કે સુદામાને પડે?...

ભગવાન ત્યારબાદ પરમપ્રેમથી સુદામાને ભોજન કરાવે છે. સુદામા તે દિવસ અને રાત્રિ ભગવાનના મહેલમાંજ ગાળે છે. બીજે દિવસે સવારે સુદામા પોતાના ઘેર જવા તૈયાર થાય છે. ભગવાન તેમને દૂર સુધી વળાવવા જાય છે. શ્રીકૃષ્ણ ભગવાને સુદામાને જતી વખતે કશું ન આપ્યું તેથી સુદામાને તેની કૃપણતા માટે ખેદ તો થયો. જો કે ભગવાને પરોક્ષ રીતે સુદામાને અઢળક સંપત્તિનું દાન કર્યું હતું. એમ છતાં સુદામા ભગવાનના દર્શનથી પોતાને કૃતકૃત્ય માની ઘરને પંથે પડે છે. થોડા દિવસમાં સુદામા પોતાના ઘર આગળ આવી પહોંચે છે. ત્યાં તે શું જુએ છે? રત્નજડિત ભવ્ય મહેલ. આજુબાજુ સુંદર બગીચાઓ. સુંદર વસ્ત્રોમાં ફરતા અનેક પુરૂષો અને સ્ત્રીઓ. આ બધું જોઈ સુદામા આશ્ચર્ય પામે છે અને મનોગત કહે છે કે હું આ શું જોઈ રહ્યો છું? આ કોના સ્થાન પર આવી ચઢયો! આ સ્થળે તો મારી ઝુંપડી હતી તેને બદલે આ ભવ્ય પ્રાસાદ ક્યાંથી આવ્યો! સુદામા એ પ્રમાણે મનોમંથન કરી રહ્યા છે એટલામાં સુદામાજીના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પત્ની સુંદર વસ્ત્રો અને આભૂષણોથી અલંકૃત થઇ અનેક દાસીઓ સાથે પૂજાનો થાળ લઈ પોતાના પતિનો સત્કાર કરવા સામે જાય છે. સુદામાજી વિસ્મય પામે છે અને પત્નીની સાથે મહેલમાં પ્રવેશ કરે છે. ઇન્દ્રના મહેલને પણ શરમાવે એવો સુંદર મહેલ-રત્નજડિત સિંહાસનો-સુવર્ણના પલંગો રત્નો અને મોતીઓના તોરણો વગેરે જોઇ સુદામાના આશ્ચર્યનો કોઇ પાર રહેતો નથી. સુદામા મનમાં વિચારે છે કે સર્વશક્તિમાન યદુનંદન શ્રીકૃષ્ણ પરમાત્માની કૃપાનું જ આ ફળ છે. ભગવાનની ઉદારતાની કોઈ સીમા નથી. પામર મનુષ્યને ભગવાનના ઔદાર્યનું જ્ઞાન નથી. ભગવાન તો પ્રેમને આધીન છે. એક મુઠી ચોખાની ભેટના બદલામાં કેટલું આપ્યું? ભગવાન્ તારા ઐશ્વર્યનો પાર નથી. મને સંપત્તિની જરૂર નથી. તારા ચરણમાં મારી દૃઢભક્તિ રહે એટલુંજ માગું છું. એમ કહી ભગવાનને મનોમન વંદન કરે છે. સુદામા ત્યારબાદ પોતાની પત્ની તથા છોકરાંઓ સાથે ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં વિષયોપભોગથી અલિપ્ત રહી ભગવદ્ ભક્તિમાં જીવન પૂરૂં કરી અંતે ભગવાનના પરમધામને પ્રાપ્ત કરે છે.....

પરમાત્માની પ્રસન્નતાનું લક્ષણ તો દારિદ્યનો નાશ. પણ પ્રભુની પ્રસન્નતાથી પ્રાપ્ત થયેલી લક્ષ્મી જો સત્કાર્યમાં વપરાય તો પ્રભુની દયા છે એમ જાણજો...નમ્રતા પ્રાણીમાત્રની પ્રેયસી છે. માનવીનો પુરૂષાર્થ પરમાત્માના અનુગ્રહ વિના નિષ્ફળ જાય છે. સ્થાવર અને જંગમ તમામ પ્રાણીમાત્રના પાપને હરનાર ભગવાનનું નામ છે.

દારિદ્ર કેટલું દુખઃદ છે તે સંબંધમાં મૃચ્છકટિક નાટકમાં એક શ્લોક છેઃ—

દારિદ્ર સાથે તો સ્મશાનવાસી મુડદું પણ બોલવા રાજી નથી! કવિ કહે છેઃ—

> उत्तिष्ठ क्षणमेक मुद्वह सखे! दारिद्रभारं गुरु
> श्रान्तस्तावदहं चिरं मरणजं सेवे त्वदीयं सुखम् ।
> इत्युक्तो धनवर्जितेन सहसा गत्वा स्मशाने शवः
> दारिद्यान्मरणं वरं वरमिति ज्ञात्वैव तूष्णीं स्थितः ॥

દરિદ્રને કોઇ ગણતું નથી. બીચારો દરિદ્રી સ્મશાને જાય છે. ત્યાં મુડદું પડ્યું હતું. મુડદું તો લગભગ સમાનધર્મા હોઇને બોલશે એ આશાએ તેની સાથે વાત છેડે છે કે "હે સખે! ઊઠ. એક પળ માટે કૃપા કરીને ગરીબાઇનો ભારેભાર ઊંચક. થાકેલો હું તેટલો વખત તારૂં મરણજન્ય ચિર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સુખ સેવું. ઝડપથી સ્મશાને જઇને પૈસાવગરનાએ મુડદાંને ઉદ્દેશીને કહ્યું પણ શબે જવાબ ન વાળતાં મૂંગા રહેવાનુંજ પસંદ કર્યું ! કેમકે ચેતન-હીન શબ પણ દારિદ્ય કરતાં તો મરણ અનેકવાર બહેતર છે એમ જાણતું જ હતું !!"

.....સૂર્યગ્રહણનો દિવસ આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ વગેરે તમામ યદુવંશીઓ પ્રભાસપાટણમાં તીર્થસ્નાન કરવા આવે છે. નંદજી પણ ગોકુળીયું લઈને આવે છે. તમામ ગોપ-ગોપીઓ પણ ત્યાં ભેગા મળે છે. વસુદેવ-દેવકી, નંદ-યશોદા પાંડવો વગેરે તમામનું એ પ્રસંગે એકબીજા સાથે સુભગ મિલન થાય છે. નંદજી તથા યશોદામાતા શ્રીકૃષ્ણ તથા બળભદ્રને જોતાં આકુળવ્યાકુળ બની તેઓને ભેટીને ખોળામાં બેસાડે છે. ગોકુળ-વૃન્દાવન છોડયા પછી ઘણા વર્ષોને અંતે નંદ-યશોદાને પોતાના લાલોનું મિલન થાય છે. એ દૃશ્ય એટલું કરૂણ અને તે સાથે આનંદપૂર્ણ હતું કે વર્ણન થઇ શકે નહીં. આ બાજુ શ્રીકૃષ્ણ તો ગોપીઓનું જીવન સર્વસ્વ-શ્રીકૃષ્ણના દર્શન થતાં ગોપિકાઓના આનંદનો પાર ન રહ્યો. પોતાના નેત્રોદ્વારા શ્રીકૃષ્ણની મૂર્તિને પોતાના હૃદયમંદિરમાં પધરાવી ગોપીઓ આનંદમગ્ન બની ગઇ. તેઓને ભાવોદ્રેક થઇ ગયો. જાણે પ્રાણનું પ્રાણ સાથે મિલન-શ્રીકૃષ્ણ ભગવાન ગોપીઓ પાસે જાય છે અને આલિંગન કરે છે. કુશળ મંગળ પૂછે છે.

ભગવાન શ્રીકૃષ્ણ ગોપીઓને મુખ કમળમાંથી હાસ્ય વેરતાં પૂછે છે કે સખીઓ ! તમને છોડીને ગયા ને દીર્ઘ સમય વહી ગયો. તમે મને કદી યાદ કરતા હતા ? પ્રિય ગોપીઓ ! હું કૃતઘ્ન છું એમ. તો તમે નથી માનતા ને ? સંયોગ અને વિપ્રયોગ એ તો ઇશ્વરાધીન છે. મારી પ્રેમભક્તિ સમસ્ત પ્રાણીઓને માટે મારી પ્રાપ્તિ માટેનું એક માત્ર સાધન છે. તમારી અનન્ય પ્રેમભક્તિથી તમે હંમેશને માટે મારા હૃદયમાં અંકિત થઇ ગયાં છો. પ્રિય ગોપીઓ સદાસર્વદા મારામાં દત્તચિત્ત રહી મારા નામનું રટણ કરતા રહેવાથી તમે અંતે મારા સ્વરૂપમાંજ લીન થઇ જશો.....

.....ભગવાન શ્રીકૃષ્ણ, વસુદેવના મન પર છવાયેલું માયાનું આવરણ તોડીને ભગવાનનું સત્ય સ્વરૂપ સમજાવે છે. એ સમયે દેવકીજી પોતાના છ મૃતપુત્રોને સજીવન કરવાની માગણી કરે છે. પ્રભુ દેવકીમાતાની ઇચ્છા પૂર્ણ કરે છે.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાન શુકદેવજી પરીક્ષિત રાજાને તેની ઇચ્છાથી તેના-દાદા-દાદી-અર્જુન સુભદ્રાના લગ્ન કેવા સંજોગમાં કેવી રીતે થયાં હતાં તેનું વિસ્તારથી વર્ણન કરે છે.....

...ભગવાન શ્રીકૃષ્ણ મિથિલા નગરીમાં રાજા જનક તથા ભગવાનના પરમભક્ત શ્રુતદેવ બ્રાહ્મણને ત્યાં એકી વખતે જાય છે. અને તેમને આનન્દ સમર્પે છે.....

.....વેદસ્તુતિમાં, શ્રુતિઓએ પરમાત્માની અનંત શક્તિઓનું સ્તુતિ રૂપે વર્ણન કર્યું છે. પરમાત્મા આદિ-મધ્ય અને અંત રહિત છે. ત્રિગુણાતીત છે. સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરનાર પરમાત્માજ છે. ઘટઘટમાં વ્યાપક છે. સર્વવ્યાપક સ્વરૂપે વિશ્વનું નિયમન કરે છે. પ્રકૃતિની પકડમાંથી છૂટી જે પરમાત્માનો ખોળો પસંદ કરે છે તેને પછી નથી જન્મ, નથી મૃત્યુ. પ્રકૃતિરૂપ માળામાંથી જીવરૂપ પક્ષી ઉડી પ્રભુના માળામાં પ્રવેશે છે તે જન્મમરણના ફેરામાંથી મુક્ત થાય છે.....ભાગવત એ વેદોપનિષત્ નો સારમય રસસંગ્રહ છે એની પ્રતીતિ વેદસ્તુતિ કરાવે છે. વેદોપનિષત્નો એમાં અર્ક છે! વેદાન્તના કૂટ સિદ્ધાન્તોથી ભરપૂર વેદ સ્તુતિ વ્યાસજીની વિજયપતાકા છે! મોટા મોટા પંડિતોને પણ એના અવગાહન કરતાં તળ મળતું નથી! પાંડિત્ય અને અનુભૂતિનું એમાં સુભગ મિશ્રણ અને દર્શન છે! પ્રવાહબદ્ધ વહેતી કથામાં એના શબ્દેશબ્દનું રહસ્ય કથવું અશક્યજ છે! પરમાત્મા વિષે-સત્ય વિષે-જગત-જીવ અને જગદીશ્વર વિષે જે કાંઇ કહેવાનું છે, જે કાંઇ તાત્વિક ચિન્તન કરવાનું છે, જે કાંઈ યથાર્થ શોધ દર્શાવવાની છે તે તમામ વેદસ્તુતિમાં આવી જાય છે. પંડિતોનું પોથીજ્ઞાન પણ ત્યાં હાંફી જાય છે! પાંડિત્ય અને અનુભૂતિનો એમાં જે ઉલ્લાસ છે તે આખાય ભાગવતમાં બીજે મળવો મુશ્કેલ છે! પરમાત્માની સગુણતા, નિર્ગુણતા, વ્યક્તાવ્યક્તતા, ક્ષરાક્ષરતા-તેની મહામાયા, તેનાજ જીવો એ બધુંય પરમાત્માજ છે! પરમાત્મા સિવાયનું બીજું કશું નથીજ. જે કાંઇ છે તે તેજ છે.....

...વેદસ્તુતિ દશમા સ્કંધનો ૮૭ મો અધ્યાય છે. હવે પછી દશમના ત્રણ અધ્યાયોજ છે! પૂર્ણાવતાર પરમાત્મા શ્રીકૃષ્ણચન્દ્રની લીલાઓની સમાપ્તિનો હવે આરંભ ગણાય...વિષ્ણુ ભગવાન અને શંકર ભગવાનના સ્વભાવની વિલક્ષણતા વર્ણવે છે...ઉપરાંત ભસ્માસુરની કથા બોધ ભરપૂર છે. તપ કરવું એટલુંજ બસ નથી. તપનો પ્રેરક આશય વિમલ હોવો ઘટે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રેરક આશય જો મલિન હશે તો તપ તારક નહીં મારક નીવડશે... ભસ્માસુરની કથાનો એજ પવિત્ર બોધ છે! મૂળમાં સત્કર્મ પણ મેલા આશયને લઈને જીવલેણ થઈ પડે છે! તપ તો સત્કર્મ જ છે ને? છતાં એ તપ રક્ષક મટીને ભક્ષક થઈ શકે છે? આથી તપ શુદ્ધિ માટે હોય, હોવું ઘટે... ત્યાર બાદ ત્રણ દેવોમાં ગુણે કોણ મહાન-સત્વે-ખમીરે કોણ ઉત્તમ એની ભૃગુઋષિ પરીક્ષા કરે છે. ભગવાન વિષ્ણુ સર્વશ્રેષ્ઠ ઠરે છે. ક્રમકે તે અપકારના ઉપર પણ ઉપકાર કરે છે! વર્તનના સૌજન્ય માટે એ કહાણી અમર થઇ ગઈ!...પછી તો પ્રભુકૃપાથી અનુકંપિત થયેલો પુરૂષાર્થ જ વિજયી નીવડે છે એવો બોધ આપતી એક સરસ કથા છે... અર્જુનના અભિમાનનો પ્રભુ ભંગ કરે છે! અને છેવટે પ્રભુકૃપા જ મૂકને વાચાળ અને પંગુને પર્વત ઓળંગાવનારી છે એ સિદ્ધ કરે છે...અને છેક છેલ્લા અધ્યાયમાં ભગવાન શુકદેવજી ભગવાન-ભાગવતના આરાધ્ય દેવ શ્રીકૃષ્ણચન્દ્રની લીલાઓનું વળી સંક્ષેપમાં અનુવર્ણન કરે છે! એ કથાનો રસ તો કદી વિરસ થતો નથી ને? ભગવાનના ઉપર તેમની મહારાણીઓનો અલૌકિક અનુરાગ દર્શાવી યદુકુળમાં જન્મેલાંઓની ગણત્રી અશક્ય છે એમ કહી દશમ સ્કંધની પૂર્ણાહુતિ કરે છે...દશમ સ્કંધ તો ભાગવતનું જીવાતુ છે...દશમ સ્કંધ ભાગવતનો સ્થાયી ભાવ છે. અને રસની તો વ્યાખ્યાજ છે-સ્થાયીભાવો રસઃ સ્મૃતઃ...સૌનો આ સ્થાયી ભાવમાં, સ્થાયી ભાવ હો એટલી પ્રાર્થના.

हरिः ॐ तत् सत्

इति दशमस्कन्धः

ॐ

શ્રીમદ્ ભાગવતનો એકાદશ સ્કન્ધ તત્વજ્ઞાનથી સભર ભરેલો હોવાથી ભગવાનના મસ્તકરૂપ છે. પરમાત્મા સંબંધીના જ્ઞાનનો એ સ્કંધ અખૂટ ભંડાર છે. આત્મજ્ઞાન અને બ્રહ્મજ્ઞાનનો નિધિ છે. જગતના કલ્યાણ અર્થે-માનવીના ઉદ્ધાર માટે ભગવાને શ્રીમુખે ભકત ઉદ્ધવજીને સંભળાવેલો અદ્ભુત અને માંગલ્યમય ઉપદેશ છે. એક રીતે તો એકાદશ સ્કંધમાં સંઘરવામાં આવેલું તત્વજ્ઞાન ગીતા પરનું ભાષ્ય છે. ગીતા, વેદ અને ઉપનિષદોનો નિચોડ છે. એ સ્કંધનાં પાને પાને, શ્લોકે શ્લોકે જ્ઞાન અને ભકિતના મોકતકો વેરાયલાં છે. તમામ શ્રુતિઓ અને સ્મૃતિઓ-વેદો અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉપનિષદો યોગશાસ્ત્ર અને સાંખ્યશાસ્ત્ર વગેરેનાં તત્વજ્ઞાનનો ઉપદેશ એકાદશ સ્કંધમાં સમાવિષ્ટ થઇ જાય છે. આથી એ આત્મા અને પરમાત્માને લગતા જ્ઞાનનો અખૂટ ખજાનો છે.....

.....પૃથ્વી પરનો ભાર દૂર કરવા ભગવાન અવતાર ધારણ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણે દુષ્ટોનો સંહાર કરી પૃથ્વી પરનો ભાર ઉતારી ધર્મનું સંસ્થાપન કર્યું. કલિનો પ્રારંભ થતાં પહેલાં ભગવાન પોતાની તમામ લીલાઓ સંકેલી લઇ–ઉદ્દંડ–યાદવનો પણ નાશ કરે છે. અને સ્વધામ સિધાવે છે. કલિનો પ્રભાવ અંતરમાં એક બીજા માટે વૈરભાવ પેદા કરવાનો છે. પ્રભુએ કલિકાળનો પ્રભાવ ફેલાવી, રહ્યો સહ્યો ભૂભાર પણ ઉતારી નાખ્યો.....

.....પરમાત્મા અપ્રમેય છે. શુદ્ધ બુદ્ધ અને નિરંજન છે. માયાતીત અને ત્રિગુણરહિત છે. જુલ્મ અને ત્રાસના બીજરૂપ, હજુ જીવતા રહેલા, યાદવકુળનો નાશ ભગવાન વિચારી રહ્યા છે. જ્યાં જ્યાં ઐશ્વર્ય અને શ્રી હોય ત્યાં ત્યાં મદ આવ્યા સિવાય રહેતો નથી. મદમાંથી અનેક પ્રકારના દુર્ગુણો અને અશુભ પરિબળો પેદા થાય છે. આથી અંતકાલે તમામ દુષ્ટ તત્વનો લય–વિરામ કરી પરમાત્મા સ્વધામ જવા વિચાર કરે છે. જ્ઞાનની પરીક્ષા લય વખતે છે, નહિ કે ઉત્પત્તિ કે સ્થિતિમાં.....

જે કોઇ જીવાત્મા પરમાત્મામાં દત્તચિત્ત રહી નિરંતર તેના ગુણાનુવાદ ગાય છે તેનું અજ્ઞાનરૂપી અંધારૂ જ્ઞાનરૂપી દીપદ્વારા પરમાત્મા દૂર કરે છે. પરમાત્માની શ્રેષ્ઠ દયા તો એ છે કે તે આત્માના અહંકારને ઓગાળી નાંખે છે, અસ્મિતાના કેન્સરને અને રાગદ્વેષની ગાંઠોને કાપી નાંખે છે. હૃદયગ્રંથીનું ભેદન, સંશય જાળનું છેદન, અને કર્મગ્રંથીનું વિમોચન એ પ્રભુની શ્રેષ્ઠ દયા છે. કદી ન બુઝાય તેવો જ્ઞાનનો દીવડો પ્રગટાવે ત્યારે પ્રભુની દયાનું સર્વશ્રેષ્ઠ દાન મળ્યું છે એમ સમજવું.....

.....પરીક્ષિત રાજા, શુકદેવજીને યદુઓના નાશ માટે ઋષિઓએ આપેલા શાપનું કારણ પૂછે છે ત્યારે ભગવાન શુકદેવજી કહે છે કે સત્ય સંકલ્પ ભગવાન શ્રીકૃષ્ણ હવે કાલરૂપે દ્વારકામાં નિવાસ કરતા હતા. એ વખતે દ્વારકાની પાસે પિંડારક ક્ષેત્રમાં ઋષિમુનિઓ ભગવાનની પ્રેરણાથી આવીને રહ્યા હતા. એક દિવસ પ્રદ્યુમ્ન–સામ્બ વગેરે યદુ રાજકુમારો ફરતા ફરતા ઋષિઓ પાસે જઈ પહોંચે છે. ઋષિઓની મશ્કરી કરવાના ઇરાદાથી જામ્બવતીના પુત્ર સામ્બને સ્ત્રીના વસ્ત્રો પહેરાવી ઋષિઓ પાસે બધા જાય છે. કુમારો ઋષિઓને કહે છે કે મહારાજ! અમારી સાથે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવેલી આ સ્ત્રી ગર્ભવતી છે. પ્રસવકાળ હવે નજીક આવ્યો છે. પુત્ર અવતરશે કે પુત્રી તે જાણવાની તેને ઉત્કંઠા છે પણ લજ્જાને લઇ આપને પૂછી શકતી નથી. આપ તો મહા જ્ઞાનીઓ છો તો કૃપા કરી એને શું અવતરશે તે કહો! ઋષિ તો મહા તપસ્વી અને જ્ઞાની હતા. પોતાની મશ્કરી કરવાના ઇરાદાથી કુમારોને આવેલા જાણી લઇને શાપ આપે છે કે એ સ્ત્રીને એક મૂસળ આવશે અને તે તમારા કુળનો નાશ કરશે. આ સાંભળી કુમારો ભયભીત બને છે. સામ્બનું પેટ ખોલીને જુએ છે તો તેમાંથી મુસળ–સાંબેલું નીકળે છે. તે લઇને બધા દ્વારકામાં જાય છે અને રાજા ઉગ્રસેન સમક્ષ મુસળ મૂકી બધી ઘટનાનું વર્ણન કરે છે. ઋષિનો શાપ અફર હોવાથી બધા યાદવોને અરેરાટી છૂટે છે. ઉગ્રસેન રાજા મુસળને–સાંબેલાંને ઘસાવી તેની રજકણ બનાવરાવે છે. તે રજકણ તથા વધેલા નાના ટૂકડાને સમુદ્રમાં નંખાવી દે છે. આ રીતે ભવિતવ્યતાને ફેરવવા પ્રયત્ન કરે છે. પરંતુ ભાવિ કદી અન્યથા થતું નથી. નિયતિને કોઇ ફેરવી શકતું નથી. આમ છતાં મૂર્ખ માનવી ઇશ્વિરેચ્છાને પણ ફેરવી નાંખવા મિથ્યા પ્રયત્ન કરે છે. મુસળનો ટૂકડો એક માછલી ગળી જાય છે. અને રજકણો સમુદ્રના મોજાંઓની સાથે ઘસડાઇને કિનારા પર આવે છે. તે માછલી માછીમારની જાળમાં સપડાય છે. અને તેમાંથી નીકળેલા મુસળના ટૂકડાનું જરા નામનો પારધી પોતાના બાણમાં અનુસંધાન કરે છે.....

ભગવાન ભીમકાન્ત છે. સુંદર પણ છે અને ભયંકર પણ છે...પ્રેમ અને આસક્તિ–મોહ બન્ને જુદી ચીજ છે. આસક્તિ અજ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે...પ્રેમને કોઇ સાથે લેપન નથી. તે હમેશાં નિર્લેપ છે. ગીતામાં જે સ્વાસ્થ્ય ભગવાને બતાવ્યું છે તે બ્રાહ્મી સ્થિતિ છે. પરમાત્મા અનુભૂતિ સ્વરૂપ છે તેથી તેમનો પ્રેમ પ્રાણીમાત્ર પર છે, પરંતુ આસક્તિ કોઇના પર નથી. સર્જન અને સંહાર તેની ઇચ્છાને જ આધીન છે. ઉપસંહારનું ઐશ્વર્ય તેજ પરમાત્માનું ભારે ઐશ્વર્ય છે. પ્રેમની ગંગાના અમૃતવારિથી પોતાના ઉત્પન્ન કરેલા, પાળેલા અને પોષેલાનો જ હવે ભગવાન ઉપસંહાર કરવા તૈયાર થયા છે. જે રીતે પરમાત્મા પોતે પોતાનોજ ઉપસંહાર કરે છે તેમ ધીર પુરૂષનું પણ સમજવું. સર્જનનો ઉપસંહાર કરતાં તેને પણ જરાયે ક્ષોભ થતો નથી. ન થવો જોઇએ કારણ પોતે નિર્લેપ છે, આસક્તિરહિત છે.....

.....એક દિવસ નારદજી વસુદેવને ત્યાં જાય છે. નારદજીનો સત્કાર કરી વસુદેવ તેમને પૂછે છે કે હે નારદજી! यथाविचित्रव्यसनाद् भवद्भिर्विश्वतो-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

भयात् । मुच्येम ह्यञ्जसैवाद्धा तथा नः शाधि सुव्रत । જન્મમૃત્યુના ભયમાંથી મુક્ત થવાનો સાચો ઉપાય બતાવો ! ગંગાના તીર પર રહેનાર બ્રાહ્મણ, દમણગંગામાં નહાવા આવે એ કેવી વિચિત્રતા ! દરેક હૃદય પ્રભુનું ધામ છે. દરેક જીવાત્મા સ્વયં પ્રભુ સ્વરૂપ છે. એ ન સમજતાં પ્રભુ પ્રાપ્તિ અને કલ્યાણ માટે આમ તેમ ભટકવું તે કેવું વિચિત્ર છે !

નારદજી વસુદેવને નિમિરાજા અને નવયોગેશ્વરો વચ્ચેનો જ્ઞાન સંવાદ કહી સંભળાવે છે.

રાજા ઋષિભદેવના એક પુત્રનું નામ ભરત હતું. (જેના નામ પરથી આ દેશ ભારતવર્ષ કહેવાય) ઋષિભદેવના સો પુત્રોમાંના કવિ, હરિ, અન્તરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ તથા કરભાજન એ નવપુત્રો મહાન યોગીઓ હતા. યોગીશ્વર કહેવાતા હતા. સનત્કુમારો સાથે હરીફાઇમાં ઉતરે તેવા પરમ યોગીઓ હતા. એક સમયે વિદેહરાજ મહાત્મા નિમિરાજા યજ્ઞ કરતા હતા તે સમયે એ નવયોગીશ્વરો ત્યાં ફરતા ફરતા આવી ચઢે છે. સનકાદિ ઋષિઓના જેવા એ પરમ તેજસ્વી પ્રભુ ભક્ત યોગીશ્વરોનું નિમિરાજા પ્રેમપૂર્વક સ્વાગત કરી યોગ્ય આસન આપે છે. નિમિરાજા યોગીશ્વરોને પૂછે છે કે ભગવન્ ! મનુષ્ય દેહ ક્ષણભંગુર છે. તેમાં સંતોના દર્શન દુર્લભ હોય છે. આપના દર્શનથી તો હું પાવન થયો છું. મનુષ્ય દેહ દ્વારા પરમ કલ્યાણ પ્રાપ્ત કરવાનો માર્ગ અને સાધનો કૃપા કરી કહો. હે ભગવન્ અમને ભાગવત ધર્મનો ઉપદેશ સંભળાવો ! નવ યોગેશ્વરો નિમિરાજાના પ્રશ્નોના ઉત્તર આપે છે. યોગીશ્વરો જણાવે છે કે રાજન્ ! સંત સમાગમ દુર્લભ છે. સંત સમાગમ પારસમણિરૂપ છે. સત્સંગ એ આત્યંતિક કલ્યાણનો માર્ગ છે. અભયનું સરનામું છે પરમાત્માનું ચરણકમલ. પરમાત્માના ગુણાનુવાદ ગાવાથી, સત્સંગ કરવાથી અને જે કંઇ કરો તે પ્રભુને અર્પણ કરવાથી પ્રભુ પ્રસન્ન રહે છે. कायेनवाचामनसेन्द्रियैर्वाबुध्यात्मनावाप्रकृतेः स्वभावात् करोमि यद्यत् सकलं परस्मै नारायणायेति समर्पयामि–એ પ્રમાણે શરીર, વાણી, મન વગેરેથી જે કંઈ કરો તે ભગવાનને અર્પણ કરવાં જોઇએ. work is worship કર્મ એજ પ્રભુભક્તિ–સેવા છે...ફુલના છોડ પર પુષ્પ જ્યાં ઉગ્યું અને ખીલ્યું હોય છે ત્યાં તે પ્રભુને ચઢેલું જ હોય છે. પણ આપણે તેને ચૂંટી લાવી પ્રભુને ચઢાવીએ છીએ. એટલે કે त्वदीयम् वस्तु गोविंद! तुभ्यमेवाहमर्पये ! હે પરમાત્મન્ તારૂં જ તને અર્પણ કરીએ છીએ–એ ભાવનાથી સર્વ શુભ કર્મો થવાં ઘટે. આથી આપણે પરમાત્માનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પૂજન કર્મ વડે કરવું જોઇએ. કર્મ એજ પ્રભુની પૂજા હો... કર્મણ્ય-કર્મમયી ભક્તિ અને સમર્પણ યોગથી પ્રભુને ભજવા. જ્યાં એ હોય-દ્વિધાભાવ હોય ત્યાં ભય ઉત્પન્ન થાય. માટે અદ્વૈત ભાવ કેળવવો. પોતાના આત્માને પરમાત્મારૂપે ઓળખવો. કન્યા અને વર વચ્ચે લગ્ન સધાયા પહેલાં અંતરપટ રહેલો હોય છે અને તેથી એકબીજાને જોઈ શકતા નથી. તે અંતરપટ ઉઠાવી લેવાતાં બન્ને એકબીજાને પ્રત્યક્ષ થાય છે. એકબીજા સાથે લગ્ન થાય છે. દ્વૈત-બે મટી અદ્વૈત-એક બને છે. તેજ પ્રમાણે આપણી અને પરમાત્માની વચ્ચેનો અજ્ઞાનરૂપી અંતરપટ દૂર થતાં પરમાત્મા પ્રત્યક્ષ થશેજ. પરમાત્મા સાથે આપણા લગ્ન થઇ જશે અર્થાત્ આપણે પરમાત્મ સ્વરૂપ થઈ જઇશું. ત્યારે પરમાત્મા આપણાથી જુદા લાગશે નહીં. ખરી રીતે તો પરમાત્માની પ્રાપ્તિ એ મુખ્ય વસ્તુ નથી. પરમાત્મા તો આપણામાં હૃદયસ્થ છે જ. પણ તેને અનુભવવા માટે સાધના જોઇએ છે. સાધના જેટલી અધૂરી હશે તેટલો તે દૂર હશે. જેના હૈયામાં મેલ છે તેને માટે તો તે દૂરજ છે. તદ્દન પાસે હોવા છતાં પણ મેલા હૈયાવાળાને તેનો સ્પર્શ કે દર્શન થતાં નથી. રાગ, દ્વેષ, ઇર્ષ્યા અસૂયા, મદ, માન, મોહમાં રચ્યાપચ્યા રહેનારથી તો તે દૂર સુદૂરજ રહેવાનો. હૈયાના મેલો માનવીના વર્તનથી પકડાય છે અને પરખાય છે. એ મેલો અંતરમાં પ્રસરતી ચમકનો અવરોધ કરે છે. પરમાત્માની પ્રાપ્તિ તો પ્રાણીમાત્રને-જડ ચેતનને-થયેલીજ છે. પણ પ્રાપ્તિ-દર્શન-વચ્ચેનું આવરણ દૂર કરવાનુંજ બાકી રહે છે. તેમ થતાં એટલે આવરણ દૂર થતાં પ્રભુમયજ થઈ જવાશે. આપણને પરમાત્મા ખપતો નથી પણ પરમાત્માને તો બધુંજ ખપે છે.....

.....સાધ્ય અગત્યની ચીજ નથી. અગત્યની ચીજ તો સાધના છે-સાધન છે. સાધ્ય નાસી જવાનું નથી. પરમાત્મા તો છે જ. તે મટી જવાનો નથી. તેને માટે જે પ્રકારની સાધના જોઇએ તે નથી એટલેજ તે દૂર લાગે છે. આથી સૌથી અગત્યની વસ્તુ પ્રભુ પ્રાપ્તિ માટે સાધના છે. એ સાધનાના પ્રકારો આ છે:-(૧) સત્સંગ-સંતસમાગમ (૨) પરમાત્માના પરાક્રમનું શ્રવણ (૩) પરમાત્માના મંગલમય નામોનું શ્રદ્ધા અને ભક્તિભાવે રટણ. શ્વાસે શ્વાસે પરમાત્માના નામનું રટણ કરવું જોઇએ. પ્રાણીમાત્ર પરમાત્મા કરતાં ભિન્ન નથી એ સત્ય સમજીને પ્રાણીમાત્ર સાથે પ્રેમભાવથી વર્તવું. જનતાને જનાર્દન માની તેની સેવા કરો. જનસેવા એજ પ્રભુસેવા છે એટલું આ ભાગવતી કથામાં ગ્રહણ કરી તે પ્રમાણે વર્તશો તો પણ બસ છે. નિરતિશય નમ્રતા રાખો. સિંધુમાં બિંદુનો પ્રભાવ નથી. પરમાત્માનું ઐશ્વર્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ક્યાં અને આપણે ક્યાં? આથી 'અહમ્'માંથી ઉપજેલા અહંકારને ઓગળાવે નિરભિમાની થઇ પ્રાણીમાત્ર પ્રભુનું સ્વરૂપ છે એમ માની તેને વંદન કરતાં તેની સેવા કરતાં શિખવું એ ધર્મ છે.....

.....ભક્તિ-જ્ઞાન અને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી ભોજન કરવાથી જેમ તૃપ્તિ થાય અને પુષ્ટિ મળે તેમ. સાધકને ભગવાનની પ્રાપ્તિ તુષ્ટિ અને પુષ્ટિ મળશે.....

.....તેજ ઉત્તમ ભક્ત જે પ્રાણીમાત્રમાં આત્માનો ભગવદ્ભાવ જુએ. પ્રાણીમાત્રના અંતઃસ્થલમાં સંપૂર્ણ રૂપે અનર્ગળ ઐશ્વર્ય સાથે પ્રભુ હોયજ છે. પ્રાણીમાત્રમાં ભગવત્તા છૂપાયેલીજ છે. તેને ઓળખવી જોઇએ અને તે પ્રમાણે જીવનને વળાંક આપવો જોઇએ. શ્રેષ્ઠ ભક્ત પોતાનામાં રહેલું ભગવત્વ પ્રાણીમાત્રમાં જુએ. એવાનેજ સમજણના-સાચી સમજણના ભગવાને દાન કર્યાં છે એમ સમજવું.....મરણ પછીના મોક્ષની ઇચ્છા રાખે તે હારેલો-નિરાશ થયેલો જીવાત્મા છે. પરમાત્માની આજ જન્મમાં પ્રાપ્તિ થાય તોજ જીવનનું સાર્થક્ય. એ માટે પ્રયત્ન કરવાની જરૂર છે. પરમાત્માને પરમપ્રેમ પૂર્વક બોલાવો. સાચા હૃદયની ભાવના હશે તો તે સામો અવાજ કરશે. તે તો આપણામાં આવવા તલપાપડ કરી રહ્યો છે. ફક્ત તેને પ્રેમથી બોલાવવાની જરૂર છે. દ્રૌપદી અને મીરાંના જેવો પ્રેમપોકાર હોય તો તે દોડતો આવે છે. God is always Responsive.

.....પ્રભુએ તો આ દુનિયાને સુખના સાગરરૂપ બનાવી છે....

ચોથા યોગીશ્વર અંતરિક્ષ માયાના સ્વરૂપનું વર્ણન કરે છે. જે 'નથી' છતાં 'છે' બતાવે, જે 'છે' દેખાય અને 'નથી' થઇ જાય, તે માયા! પરમાત્માની એ અનવગાહ્ય શક્તિ છે.....

આ જીવનમાં આવી કરવું શું-તો મહાત્મા પ્રબુદ્ધ જણાવે છે કે વસ્તુમાત્રમાંથી મનને ખેંચી લેવું-અનાસક્ત રહેવું. આ લોકની જેમ પરલોક પણ નાશવંત છે. કારણ કે તે લોકમાંથી પણ કર્મના ફળ ભોગવાઈ રહેતાં પુનઃ પૃથ્વી પર જન્મ લેવો પડે છે. આર્જવ-ગુનાની કબુલાત. સરળતાના વહેવારનું નામ છે આર્જવ. સંપૂર્ણતાથી પરમાત્માને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાએ સંપૂર્ણ સાધના કરવી જોઇએ. ભગવાનને સત્વર પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવે છે દ્રુમિલ. ઇશ્વરની અવગણના કરનારને, તેના ગુણનુવાદ ન ગાનારને જીવનમાં કદી શાંતિ મળનાર નથી....*

*યોગીશ્વર ચરિત્રની પૂરી છણાવટ માટે જુવો શ્રી. નલિન ભટ્ટ કૃત "ભાગવતનાં યોગેશ્વર દર્શનો."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

..... નારદજીના ઉપદેશથી વસુદેવજીને ભારે સુખ થાય છે.

પરમાત્મા શ્રીકૃષ્ણનું અવતાર કાર્ય સમાપ્ત થતાં પરમાત્માના શ્રેષ્ઠ પુત્રો બ્રહ્માદિ દેવો પણ ભગવાન પુનઃ સ્વધામ પધારે એમ ઇચ્છી રહ્યા છે. ભગવાન વિનાની વૈકુંઠપુરીમાં દેવોને પણ ગમતું નથી. એક દિવસ બ્રહ્મા-શંકર-ઇંદ્રાદિ દેવો ભગવાનના દર્શન કરવા દ્વારકા જાય છે. ત્યાં જઇ ભગવાનની સ્તુતિ કરે છે. સ્તુતિ એટલે સત્યગુણનો ઉલ્લેખ-બૂરા આશય વિનાનું સત્યનું વર્ણન તે સાચી સ્તુતિ. ખુશામતમાં સ્વાર્થ રહેલો હોય છે. જેનામાં ગુણ નથી તેનામાં તેનું આરોપણ કરી સ્વાર્થ સાધી લેવાની વૃત્તિ ખુશામતમાં હોય છે. જે કોઈ પરમાત્માના સત્ય ગુણોનો શુદ્ધ હૃદયથી વાણીદ્વારા ઉલ્લેખ કરે છે તેના પર પ્રભુ પ્રસન્ન થાય છે.

બ્રહ્માજી ભગવાનને પ્રાર્થના કરે છે કે હે પરમાત્મન્! આપનું અવતાર કાર્ય હવે સમાપ્ત થયું છે. અમો આપના કિંકરોને આપના વિના હવે ચેન પડતું નથી માટે આપ હવે વૈકુંઠમાં પધારો. બ્રહ્માજીની વિનંતી સુણી ભગવાન કહે છે બ્રહ્માજી હું પણ તમે કહો છો તેજ વિચારી રહ્યો છું. મેં પૃથ્વીનો ભાર ઉતારી નાંખ્યો છે; પરંતુ હજુ એક કામ બાકી રહેલું છે. વીર્ય-શૌર્ય ઐશ્વર્યથી ઉન્મત્ત અને ઉદ્ધત બનેલા યદુકુળનો નાશ કરવો હજુ બાકી છે. યદુવંશનો ઉપસંહાર કરીને હું સ્વધામ આવીશ.....

.....ભગવાન શ્રીકૃષ્ણ યદુઓને કહે છે કે બ્રાહ્મણોનો શાપ મિથ્યા થવો મુશ્કેલ છે. માટે આપણે બધા એકદમ પ્રભાસક્ષેત્રમાં જઇએ. પ્રભુની સલાહથી બધા પ્રભાસ જવાની તૈયારી કરે છે. ભગવાનના લાડીલા ભક્ત ઉદ્ધવજીને પ્રભુ સ્વધામ ગમનની તૈયારી કરી રહ્યા છે એમ લાગવાથી એકાંતમાં ભગવાનને મળે છે અને પરમાત્માના ચરણમાં વંદન કરી કહે છે કે હે ભગવન્! હે યોગેશ્વર! આપ સર્વસમર્થ છો. બ્રાહ્મણના શાપને પણ આપ મિથ્યા કરી શકો છો; પરંતુ તેમ ન કરતાં આપ હવે આપના પુણ્યધામમાં જવા ઇચ્છા રાખો છો તો પછી હે ભગવન્ હવે અમારૂં શું થશે? અમારે હવે શું કરવું? આપનો વિયોગ અમારાથી કેમ સહન થશે? આપ અમને પણ સાથે લઇ જાઓ! આપનો વિયોગ અમારે માટે અસહ્ય છે. ઉદ્ધજી આકુળવ્યાકુળ બને છે અને વિયોગ ન રહે તે માટે પ્રભુને વિનવે છે.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

...ભગવાન ઉદ્ધવજીને કહે છે કે ઉદ્ધવજી ! આજથી સાતમે દિવસે આ દ્વારકા નગરી સમુદ્રમાં ડૂબી જશે. હું સ્વધામ ગમન કરૂં પછી તમે અહીં ન રહેતાં બદ્રિકાશ્રમમાં જઈ ધ્યાન ધારણા કરો. દેહાધ્યાસ મુક્ત થઈ અંતે મારા સ્વરૂપમાં લીન થશો.....

.....તત્વજ્ઞાન શી રીતે પ્રાપ્ત કરી શકાય એવા ઉદ્ધવજીના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન જણાવે છે કે તત્વ એટલે વસ્તુનું વસ્તુપણું. પદાર્થનું પદાર્થપણું. વસ્તુ જુદી છે કે જેવી દેખાય તેવીજ છે? જીવાત્મા આત્મ સ્વરૂપની આરાધના ન કરે ત્યાં સુધી તત્વ પામતો નથી. तरति शोकं आत्मवित्. આત્માને જાણનારને શોક હોતોજ નથી. પ્રાણીમાત્રની પ્રવૃત્તિ સુખની શોધ અને દુઃખની નિવૃત્તિ માટે છે. તો એ સુખના પ્રકારો કયા? વિષય સુખ એટલે ઇન્દ્રિયોનો બહારના પદાર્થ સાથે સંયોગ અને તેથી લાગતું સુખ... સુખ એટલે મનને ગમતો અનુભવ તે સુખ. अनुकूलवेदनीयं सुखम्.

.....તત્વજ્ઞાનની દૃષ્ટિએ પાંચ સુખઃ– (૧) શબ્દસુખઃ– મીઠી અને કડવી વાણી (૨) સ્પર્શસુખઃ–મીઠો, મધુરો, ગમતો અણગમતો વિગેરે. (૩) રૂપઃ–મનગમતા રૂપ જોવાથી થતું સુખ. (૪) રસઃ–જીભના સ્વાદથી મળતું સુખ (૫) ગંધઃ–સુગંધી પદાર્થોના સેવનથી મળતું સુખ. મૂળ સુખ હૈયામાંથી પ્રગટે છે. અવિવેક એ ભ્રાન્તિ છે.....

અન્નમયકોષસુખ–વેદાન્તની પરિભાષામાં દેહાધ્યાસ. ઇન્દ્રિયાદિના સુખથી ઉત્પન્ન થયેલું સુખ તે અન્નમય સુખ. એ છેવટનો આનંદ આપી શકતું નથી. પ્રાણમયકોષસુખ–તેજ વગેરે પ્રાણમય સુખ. પ્રકૃતિના બધા સુખો ભોગવવાની ઇચ્છા. Vital energy દીવામાં તેલ ખૂટતાં તે ઝંખવાય અને તેલ પૂરતાં સતેજ થાય. ઇન્દ્રિયોનું સુખ કમી થતાં પ્રાણની શક્તિનો ઉપયોગ થાય છે. એથી ઊંચું મનોમય કોષ સુખ–પરમાત્માને લગતા ઉચ્ચ વિચારોનું સુખ. એથી ઊંચુ જ્ઞાનમય કોષ સુખ–બુદ્ધિનું–સંયમનું સુખ. તેથી વધીને વિજ્ઞાનમય કોષ.–તેથી આગળ આનંદમય કોષ.–આત્માને લગતી સમજણનું સુખ અહીંથી આધ્યાત્મિક જીવનની શરૂઆત થાય છે.

.....આધ્યાત્મિક જ્ઞાનના શ્રીગણેશ–મંડાણ 'હું કોણ' એ શોધવાની ઇચ્છા, જીજ્ઞાસાથી થાય છે. ज्ञातुम् इच्छा जिज्ञासा ! જાણવાની ઇચ્છા તે જીજ્ઞાસા इदंता–આ કોણ? अहंता–હું કોણ? तत्ता–તે કોણ? तत् એટલે ભગવાન એટલે હું, તું અને તે. એકવારનો હું; તેજ બીજી વારનો તું અને ત્રીજી વારનો તે. આમ શબ્દમાં પણ એકરૂપતા છેજ.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

.....સર્વનામઃ—સર્વનું નામ તે સર્વનામ. એકનું નહીં તે સર્વનામ. પોતા વિષે હું, સામા વિષે તું અને અન્ય માટે તે. હું, તું કેવી રીતે બન્યો ? હું, તું અને તે સ્વરૂપે જુદા નથી, મૂળમાં એક જ છે.....

.....જીવ, જગત અને પરમાત્મા એ ત્રણ તત્વજ્ઞાનના વિષયો છે. એ ત્રણને લગતું જ્ઞાન તે તત્વજ્ઞાન. ૨૪ ગુરુઓનું તપ તે ભગવાન દત્તાત્રય. અંતરાત્માને વિકસિત કરે તેવું જ્ઞાન લેવું ઘટે. ભગવાન ઉદ્ધવજીને દત્તાત્રયના ૨૪ ગુરુઓ કોણ તે જણાવે છે. પૃથ્વી, પાણી, સૂર્ય, આકાશ, અગ્નિ, વાયુ, ચંદ્રમા, હોલો, અજગર, સમુદ્ર, પતંગિયું, મધમાખી, હાથી, પારધી, હરણું, માછલું, વેશ્યા, ટીડોડી, બાળક, કુંવારી કન્યા, લુહાર સર્પ, કરોળીયો અને ભમરી એ ૨૪ ગુરૂઓ અને ૨૫ મો દેહ–શરીર. એ બધાનો પણ જીવનસંદેશ છે.* આ દરેક વસ્તુઓ પ્રાણીમાત્ર માટે ઉદ્બોધનરૂપ–ગુરૂરૂપજ છે. શિષ્યભાવી આત્માને માટે તો દરેક વસ્તુ સુહૃદભાવે ઉદ્બોધન કરવા આવે છે. ચોવીસ ગુરુઓ પાસે જ્ઞાન લીધું એનો અર્થ એ કે પૃથ્વીના કણકણમાં–અણુએ અણુમાં પરમાત્માના ગૂઢ સંદેશ ભરેલા છે, તે સમજવાની દત્તભગવાનની શક્તિ હતી. કુદરતની શાળાના એક શિષ્ય તરીકે દત્તાત્રયે બોધ લીધો હતો. દુઃસંગથી આપણા ચિત્તને લકવો થયો છે આપણને કશું સમજાતું નથી.....ઉદ્ધવજી બ્રહસ્પતિના શિષ્ય છે.

.....આત્મજ્ઞાની થવા માટે ભણેલું પહેલાં ભૂલી જાવ! આત્મજ્ઞાન માટે ચિત્તની સ્લેટ પરના કાપરા પ્રથમ ભૂંસી નાંખો. જ્યાં સુધી બાળક-ભાવે ગુરૂ પાસે જઇએ નહીં ત્યાં સુધી ગુરૂ વરસે નહીં. દત્તાત્રય ભગવાનની જેમ શિષ્યભાવી આત્મા સાથે ગુરૂ પાસે જવું જોઇએ. ૨૪ ગુરૂઓ તો અલ્પોકિત છે. અનંત ગુરૂઓ છે. કમળને ગુરૂ કેમ ન કહેવું ? પુષ્પ પણ ગુરૂ થઇ શકે છે. કમળ પુષ્પ કેવું સુંદર અને સુગંધીમય. તે પણ પોતાના સગાવહાલાંઓનો ત્યાગ કરીને પ્રભુના ચરણમાં પ્રસન્ન થઇને પડે છે. કમળ આપણો ગુરૂ થઇ શકે છે. એ કાદવમાં ઉત્પન્ન થાય છે. પાણી ઉપર રહે છે. પણ કાદવને પોતાની સાથે પાણી ઉપર લાવતું નથી. તેના સૌંદર્યને બહાર લાવે છે. કાદવનું સમગ્ર સૌન્દર્ય માથા પર ધારણ કરીશ એમ કમળ માને છે અને સરોવરની સપાટીથી ઉપર રહે છે. છતાં સરોવરનું પાણી તેની ઉપર પડે તો મોતી જેવું બનાવી પાછું સરોવરને સોંપી દે છે. કમળનો જન્મ કાદવમાં પણ સૌન્દર્ય માથામાં.....

---

*વધુ માટે જુવો શ્રી નલિન મ. ભટ્ટ કૃત ભાગવતની ગુરૂ પચ્ચીસી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

.....સંસારનું સૌન્દર્ય હૃદયમાં રાખવું. સંસારના અનુભવોને મોતી જેવા કિંમતી બનાવવા. વાદળાંનો પણ સંદેશ છે. સમુદ્રમાંથી ખારૂં પાણી પીને મીઠું વરસાવે છે. વિજળી ઘનઘોર અંધકારમાં ચમકે છે ત્યારે અંધારૂં ભેદી નાંખી પ્રકાશ પાથરે છે. તેમ ઘોર અંધારા જીવનમાં આત્માને વિજળી માફક ચમકાવવો. દુનિયાના પદાર્થ માત્ર ગુરૂ છે. ૨૪ તત્વો આપણા ગુરૂ થઇ શકે છે. ૨૫ મું તે આપણું પોતાનું તત્વ–આત્મા છે. ૨૪ તત્વો પરાયાં છે પણ ૨૫ મું આત્મતત્વ આપણું જ છે. પ્રકૃતિ મોટો ગુરૂ છે. ભોગ અને અપવર્ગ આપનારી પ્રકૃતિ છે તો તેનો ઉપદેશ કેમ ન લેવો? આ ગુરૂઓ–તત્વોની પાછળ જે ઊંચી મનોદશા છે તે સમજવાની જરૂર છે...

શિષ્યભાવી થયા બાદ જીજ્ઞાસા થાય છે. તત્વને જાણવાની ઇચ્છાવાળાઓએ સત્સંગ સેવવો જોઈએ. सतां सद्भिःसंग कथमपिहि पुण्येन भवति– અનિત્યથી નિત્યની પ્રાપ્તિ થતી નથી એવી બુદ્ધિ મેળવી શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરૂ પાસે જવું. સંતોનો સંગ તત્વજ્ઞાનના અરૂણોદયનું ચિહ્ન છે. સંતો તો સમજણના ઇજારદારો છે. આથી તત્વ જાણનારે સૌથી પ્રથમ સત્સંગ કરવો. ભગવાં વસ્ત્રધારીને જોઇ તેને ગુરૂ ન માનશો. વિવેકબુદ્ધિનો ઉપયોગ કરશો. હીરામાં તેજ જણાય છે પણ તે હીરો લાકડું ન સળગાવી શકે. હીરો તેજસ્વી અને કિમતી છે પણ રસોઇ પકાવી શકે નહીં. ગુરુ હીરાની ચમકવાળો હોય પણ સાથે અગ્નિ પ્રગટાવે–પ્રકાશ પાથરે તેવા ગુરૂની પરીક્ષા કરીને પસંદગી કરવી. અજ્ઞાનના અંધારા ઉલેચી સાચા જ્ઞાનનો પ્રકાશ પાથરે નહીં તે ગુરૂ નથી.....

.....સાચા ગુરૂ વગર સાચું જ્ઞાન નથી જ. આ દેશના વિચાર, દારિદ્રથી દુઃખ થાય છે. જે જાતે તર્યો નથી તે બીજાને તારી શકે જ નહી. આથી ગુરૂ શોધતા પહેલાં વિચાર કરજો. જો મનુષ્યના રૂપમાં સાચો ગુરૂ ન મળે તો આત્માને ગુરૂ બનાવો. આપણું વેદાંત નિંદાય છે તેનું કારણ ગુરૂઓમાં યોગ્યતા હોતી નથી. તમામ શાસ્ત્રોનું તલસ્પર્શી જ્ઞાન એવા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરૂ પાસેથી જ સાચું જ્ઞાન મળશે. વિદ્યા, માન આપવા જેવી વસ્તુ છે. પરંતુ કેવળ વિદ્યાસંપન્ન હોવા સાથે તે શ્રોત્રીય અને બ્રહ્મનિષ્ઠ છે કે કેમ તે જોવું. વિવેકના માપદંડથી યોગ્યતાનું માપ કાઢવું. તેમાં ચૂકશો તો ભારે અનર્થ થશે.....

સાધકોનો એક અનુભવ છે કે તત્વજ્ઞાન માટે સાચી જીજ્ઞાસા પ્રગટે ત્યારે સાચો ગુરૂ મળી જ રહે છે. રામકૃષ્ણ પરમહંસજી એ દૃષ્ટાંત દીધું હતું કેઃ–

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક માતા અને એક દીકરો. એક દિવસ દીકરો માતાને કહે કે મા! મને શૌચ જવાની ઇચ્છા થાય ત્યારે ઊઠાડજે. આ સાંભળી મા કહે છે કે દીકરા! તું જરાયે ચિંતા ન કરીશ. શૌચની ઇચ્છા થતાં તું તારી જાતે જ ઉઠશે-ઉઠાડવાની જરૂરજ પડશે નહીં.....

.....ઘરને આગ લાગે ત્યારે કોઇપણ વિચાર કર્યા વગર ઘરની બહાર નીકળી જઇએ તેમ. આત્મજ્ઞાનની ઇચ્છા થતાં તુરત જ તેની શોધમાં યોગ્ય ગુરૂની પાસે ચાલી જવું. આપણને સુખ ગમતું નથી. દુઃખ જ ગમે છે એથી જ આપણે સંસારમાં રહીએ છીએ ને? આપણને સાચા સુખની કશી જ પડી નથી. ભવરોગનો સનેપાત મટાડવા માટે આપણે કેટલા પ્રભુ પાસે દોડીએ છીએ. એ માટે હૈયામાં તરવરાટ હોવો ઘટે. સંસારના નામથી ગભરાયા હઇશું તો ગુરૂની પણ જરુર રહેવાની નથી. ગુરૂ વગર જ્ઞાન નથી એ વાત વાહિયાત છે. આપણને જ્ઞાન અને સાચું સુખ નથી જોઇતું તેથીજ ગુરુ મળતા નથી. પરમાત્માની દુનિયા વાંઝણી નથી. પરમાત્મા પોતેજ સર્વશ્રેષ્ઠ ગુરુ છે' અંધારા અને અજવાળામાં કેવા પ્રકારનો ભેદ છે? અંધારામાં બધું રહે છે પણ જુદું જુદું દેખાતું નથી. એ અજ્ઞાનનું સ્વરૂપ છે. અજવાળામાં બધું જ્યાં જ્યાં હોય ત્યાં દેખાય છે.....

સંસારમાં જ્યાં સુધી અંધકારમાં છીએ ત્યાં સુધી ભચકાયા જ કરવાના. પ્રકાશનું સ્વરૂપ જ એ કે પોતે પ્રગટ થતાની સાથે જ અંધારાને ભગાડે. અને બધું સ્પષ્ટ બતાવે. પ્રકાશ ઉત્પન્ન થાય ત્યારે જે બિનજરુરી છે તેનો ત્યાગ-એટલે કે અંધકારનો ત્યાગ એટલે કે પ્રકૃતિનો-આસક્તિનો ત્યાગ થઇ જ જાય છે, સત્ ચિત્ અને આનંદ સ્વરૂપનું અજવાળું પ્રગટતાં તમામ અજ્ઞાનરૂપી તમામ અંધારા ઉલેચાઈ જવાના. જ્યાં જ્યાં પ્રકાશ ત્યાં ત્યાં પરમાનંદ-ગુંદરીઓ સ્વભાવ દૂર થાય છે. સાચો પ્રકાશ બધું સ્પષ્ટ બતાવે પણ ક્યાંયે ચોંટે નહીં. ચોંટતો નથી એટલે કે આસક્તિ મરી જાય છે. કર્મ બીજને જીવતું રાખનારૂં ક્ષેત્ર-ખેતર તે આસક્તિ...

શ્રીમદ્ ભાગવત તો પરમાત્માને પામેલા ધન્ય જીવાત્માઓની કહાણી છે. એવા જીવાત્માઓની પરમાત્મા ઉપરની નોંધપોથી છે. ભાગવતની પાવન-શક્તિ અજોડ છે. જેણે ભાગવતનું જ્ઞાનામૃત અને ભક્તિરસ નથી ચાખ્યાં તેનું દુર્ભાગ્ય. વેદાન્તસૂત્રો, ઉપનિષદો અને ગીતા-એ પ્રસ્થાનત્રયીના ગૂઢ રહસ્યોને લોકભોગ્ય શૈલીમાં રજૂ કરતો એ મહાનગ્રંથ છે. પ્રસ્થાનત્રયી પરનું પ્રાસાદિક, મધુરતમ અને ઓજસ્વી સમાધિભાષ્ય છે. માનવ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચિંતનનું એ અપ્રતિમ ફળ છે. યુગયુગના શાણપણનો એ સંચિત, રસ ઘન, પાવન અક્ષરાવતાર છે. શ્રીમદ્ ભાગવતની હરોળમાં ઉભો રહી શકે તેવો ગ્રંથ હજી જન્મવાનો છે. વિશ્વભરના વાંઙ્મયમાં એ અજોડ અને એનમૂન છે. એ માનવમાત્રની કામધેનું છે. ભાગવત છે ત્યાં સુધી માનવ સંસ્કૃતિ નાશ નહીં પામે. ભારતવર્ષના ઋષિહૃદયના ધબકારા, લોકહિત માટેની અવિરત ચિંતા, સાધના, પરિશ્રમ અને ખેવના, લોકસંગ્રહ માટેનો ભવ્ય પુરૂષાર્થ, સત્ય ચિંતન અને કથન માટેનો ભારે પ્રેમ, લોકજીવનને ઇશ્વરમય કરી નાંખવાની કુશળતા શ્રીમદ્ ભાગવતમાં જેટલાં સ્પષ્ટ થયાં છે તેટલાં બીજે ભાગ્યે જ હશે " સત્યં પરં ધીમહિ "ની પેઢી દર પેઢી ચાલતી ઉપાસના " સત્યમેવ જયતે " માં અતૂટ શ્રદ્ધા " સત્યાન્નાસ્તિ પરોધર્મ " નો વિશ્વાસ ક્યાંયે જો વધારેમાં વધારે ઉજ્જવળ રીતે વ્યક્ત થયો હોય તો તે ભાગવતમાં છે. ભાગવતકાર્ય સાંપ્રદાયિક ગ્રંથ નથી. વેવલાપણાનું પ્રચારખાતું નથી. જડ અને અપ્રવાહી રીતરિવાજોની સંહિતા નથી. ભાગવત તો ભારતની ઋષિ પ્રતિભાનો સોળે કળાએ પ્રકાશતો, સચ્ચિદાનંદની અમી વરસાવતો ચંદ્ર છે. એમાં પરમ પ્રગતિશીલ આત્માને લગતું જ્ઞાન છે. અનલ્પમાં વિહારની એ મહાગાથા છે. જે કોઈ જીવે અલ્પનો સંગ છોડી અનલ્પમાં કૂચ કરવી હોય, અનૃતનો ત્યાગ કરી સત્યમાં પ્રવેશ કરવો હોય, દુઃખના દાવાનલમાંથી બચી સુખના અતલ–અપાર સમુદ્રમાં નિરંતર ડૂબકી મારવી હોય, જેણે આત્મલોકના મનોહર, હૃદયંગમ, શાંતિદાયી પરમપાવન આશ્ચર્ય જોવાં હોય, જનનીનાં જોબન ભાવિમાં ન હરવાં હોય, અખિલ સૃષ્ટિ માટે કેવળ શિવરૂપ જીવન જીવવું હોય, પ્રેમનાં પરમોદાર રહસ્યો ભેદવાં હોય, જીવતાં જાગતાં ભગવાનનો સમાગમ કરવો હોય, તેણે ભાગવતને ખોળે માથું મૂકવું ઘટે. એ રસખાણથી કોઇ ધરાતો નથી. એ રસખાણમાં ગયા બાદ બીજો કોઈ રસ ખપતો નથી. " परं दृष्टवा रसोप्यस्य निवर्तते "નો એ અનુભવ કહે છે. ભાગવતના રસાલયમાં કોઈને નિષેધ નથી. ભાગવત સહુને પાવન કરનાર છે. જીવવાની અને મરવાની કળા શીખવે છે. ભાગવત જ્ઞાન ભક્તિ અને વૈરાગ્યને ઉજ્જવળ અને દૃઢ કરનાર, સદ્ગુણોની અખૂટ પૂંજીરૂપ છે. ' સર્વભૂત હિતે રત ' ભારતની એ ભવ્ય મધુરી આકાંક્ષા છે. સૌની સાથે સુમેળ સાધવાની એની અંતર કામના છે. વિશ્વને વહાલના આલિંગનમાં સમાવી લેવાની એની આંતર અભિલાષા છે. એની માધુરી કોઇ અજબ છે.....

.....પ્રકૃતિના પ્રલોભનામાં ભલભલા ફસાય છે. અને તેમાંથી છૂટી શકતા નથી. મહા તપસ્વીઓ. યોગીઓનાં મન પણ પ્રકૃતિના પ્રલોભનોથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચલિત થઇ જાય છે અને ઊંચેથી નીચે પડે છે. વાઘણને સાડી પહેરાવીને હાજર કરી હોય તો શું થાય ? ભોળા માણસો તેની પાસે જાય અને વાઘણનો ભોગ બને. તેમજ પ્રકૃતિનું સમજવું.....

.....બ્રહ્મજ્ઞાન બજારૂં ચીજ નથી. એને માટે શોધ–સાધના કરવી પડે છે. અજ્ઞાનરૂપી ઝેરને સદ્‌ગુરુ જ્ઞાન આપી ઓકાવી નાંખે છે. સાચો ગુરુ ક્રિયાયોગમાં પ્રથમ નાંખશે. ક્રિયાયોગ એટલે તપોમય જીવન. તપ એટલે શરીરની શુદ્ધિ (જ્ઞાન એટલે જીવનમાં ક્રાંતિ) હાલ તો સમાધિને નામે ઢોંગ ચાલે છે. સૂરજના ઉદયના ઢંઢેરા ન હોય. સૂર્ય પોતાની તાકાતથી નવગ્રહોને પોતાના કાબૂમાં રાખે છે. તેમ સાચો ગુરુ સાધક માટે જીવતું જાગતું ભાષ્ય થઇ પડે છે.....

શરીરના બે વિભાગ છે. બાહ્ય અને આભ્યંતર. પ્રથમ તો શરીરની શુદ્ધિ વગરનાને બ્રહ્મજ્ઞાન મળે ક્યાંથી ? આથી પ્રથમ બાહ્ય શુદ્ધિ આવશ્યક છે. પછી આભ્યંતર શુદ્ધિ એટલે શરીરની અંતરશુદ્ધિ–શરીરનું તપ. શરીરને પ્રથમ બહારથી શુદ્ધ રાખો. સાચો ગુરૂ બાહ્ય શુદ્ધિ પ્રથમ કરાવશે. પછી આહાર વિહાર પર સંયમ રાખવાનું શિખવશે. શરીરમ્ ઈશ મંદિરમ્– શરીર એ પરમાત્માનું મંદિર છે. આથી ગમે તેમ અને ગમે તેવું ખાઇને બગાડાય નહીં. ત્યાર પછી વાચનિક તપ કરાવશે. વાણીને ભગવાન સિવાય અન્ય કોઇમાં નીચોવવી એ વાણીનો વ્યભિચાર છે. દરરોજ થોડો સમય મૌન પાળવું. પરમાત્મા મહામુનિ છે તો આપણે થોડા તો મુનિ થઇએ ! (મૌન રાખી) વાણી ઉપર સંયમ એટલે વાણી ઉપર કાબૂ. જોઇતું–ખપ પૂરતું જ બોલવું તે. લોહી જ્યાં સુધી શરીરની અંદર રહે છે ત્યાં સુધી તાકાત વધારીને સૌન્દર્યની અભિવૃદ્ધિ કરે છે. આત્માના લોહી ઉપર વાણીની ચામડી છે. એ આત્મતત્વ–લોહી વાણીદ્વારા બહાર સરકી જાય તો આત્માની તાકાત ઘટે. આત્માની–પરમાત્માની પ્રાપ્તિનું બીજું નામ છે મહામૌન. સાચું મન મૌનની સમાધિ છે. સાચું મૌન એ પોતાની ઇચ્છાને પરમાત્માની ઇચ્છામાં ભેળવી દેવાની કળા છે. ત્રીજું માનસિક કેળવણી. આમ કરતાં તપ પૂરૂં થશે. પછી શાસ્ત્રોનો નાદ લગાડશે. ગીતા, ઉપનિષદો વેદ દર્શનગ્રંથો વગેરે મોક્ષ શાસ્ત્રોનો અભ્યાસ કરાવશે. શબ્દ અને અર્થ દ્વારા શાસ્ત્રોનો મર્મ સમજાવશે. છ દર્શનગ્રંથો છે.

(૧) વૈશેષિક દર્શન, પદાર્થનું જ્ઞાન આપનાર. (૨) ન્યાયશાસ્ત્ર (૩) સાંખ્ય (૪) યોગ (૫) કર્મશાસ્ત્ર (પૂર્વ મીમાંસા) અને (૬) વેદાન્ત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દર્શન પ્રત્યક્ષ દર્શન. વાતના લાડવાથી પેટ ભરાતું નથી. તેમ પુસ્તકોમાંનાં ભગવાનથી મોક્ષ મળતો નથી. એ માટે સાચા ગુરુની જરુર છે...સાચો ગુરુ શિષ્યના સ્વભાવની પરીક્ષા કરી તેને એક પછી એક એવા ત્રણ માર્ગોનું જ્ઞાન આપશે. એ ત્રણ માર્ગો તે કર્મ, ભક્તિ અને જ્ઞાન. કર્મની ખૂબી કોઇ જુદી જ છે.....

કર્મયોગઃ—સૌથી ઊંચો માર્ગ કર્મયોગ છે. એ ત્રણની નીચે અમુક સાધના સરખી છે. કર્મ, ભક્તિ અને જ્ઞાન એ બધાને માટે પરમાત્માને લગતી સમજ જોઇએ. ચિત્તને એકાગ્ર કરવાની કળા સાધ્ય કરવી જોઇએ. તીર જેમ તીરકામઠામાંથી છૂટી લક્ષ્યને ભેદવા છૂટી જાય તેમ, ચિત્તને કરવાની વૃત્તિ (૨) પ્રકાશમય એકાગ્રતા તે સાત્વિક એકાગ્રતા (૩) જ્ઞાન થયા પછી કર્મ નડતું નથી. આંબા પર પ્રથમ મોર પછી કેરી આવે છે. કેરી આવતાં મોર ખરી પડે છે તેમ. કર્મ લોકસંગ્રહ (લોકસેવા) માટે કરવાં. સાચો જ્ઞાની થાય તેના કર્મો ઉડી જાય છે. છતાં પણ લોકસંગ્રની દૃષ્ટિથી પ્રેરાઇને રાગદ્વેષ રહિત થઈને કર્મો કરે છે. જ્ઞાન થાય તેના કર્મ છૂટે પણ ભગવાન શંકરાચાર્યનું જીવન જોઇશું તો તેણે એક મિનિટ પણ નકામી ગૂમાવી નથી. ગીતા, ઉપનિષદ અને બ્રહ્મસૂત્ર પર ભાષ્યો લખ્યા તે કર્મ થયું કે શું ? હિંદમાં તેણે સાંસ્કારિક દિગ્વિજય કર્યો તે કર્મ કે શું ? લોકસંગ્રહ મહાપુરૂષોનો પરમ ધર્મ છે. રમણ મહર્ષિ ભારે યોગી હતા, આત્મસ્વરૂપે હતા. મહર્ષિ અરવિંદ કર્મયોગી હતા. ગાંધીજી મહાન કર્મયોગી હતા. સરદાર વલ્લભભાઇ કર્મયોગી હતા. સ્વામી શિવાનંદ મહારાજ ભારે કર્મયોગી છે. પંડિત જવાહરલાલ અને મોરારજી દેસાઇ પણ કર્મયોગીઓ જ છે. આ પ્રમાણે કર્મયોગ એ અતિ મહત્વનો અને ઉચ્ચ છે. ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતામાં શ્રીમુખે ઉપદેશ આપ્યો છે કે नियतं कुरु कर्म त्वं कर्मज्यायोह्यकर्मणः અને कर्मण्येवाधिकारस्ते माफलेषु कदाचन એ ગીતા ભાખ્યા વેણ પ્રમાણે કર્મ સૌથી અગત્યની મુખ્ય વસ્તુ છે.....

ભક્તિમાર્ગઃ—હૃદય પ્રેમથી પરિપૂર્ણ છે. તે લાગણીદ્વારા પરમાત્માને પ્રાપ્ત કરી શકે છે. જ્ઞાન કરતાં ભક્તિની ભૂમિકા ઊંચી છે. ભક્તિ પ્રભુપ્રાપ્તિ માટે સાધન પણ છે અને સાધ્ય પણ છે. ગોપીઓ, મીરાં, દ્રૌપદી, નરસિંહ મહેતા વગેરેની ભક્તિ એ પ્રેમભક્તિ હતી. સર્વશ્રેષ્ઠ ભક્તિ પ્રેમ ભક્તિ છે. આમ તો નવધા—નવ પ્રકારની ભક્તિ છે. પ્રેમભક્તિ સર્વોત્તમ છે. સગુણ-ભક્તિ અને નિર્ગુણભક્તિ પણ ભક્તિના પ્રકારોજ છે. પ્રથમ સગુણ ઉપાસના કરવી. તેમ કરતાં નિર્ગુણ ઉપાસના પર આવી શકાશે. દ્વૈતમાંથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અદ્વૈતમાં જવાનો એ માર્ગ છે. નિર્ગુણ બ્રહ્મની ઉપાસનાની સ્થિતિ પ્રાપ્ત થતાં તેના બધા કર્મો છૂટી જાય છે. કર્મ કરે કે ન કરે. કર્મના બંધન તેવા ભક્તને રહેતા નથી.

જ્ઞાનયોગઃ–દુનિયાના તમામ પદાર્થો નાશવંત છે. દૂધ–પાણી ભેગાં હોય ત્યારે દૂધ કયું અને પાણી કયું તે ખબર પડતી નથી. તેમાં જ્ઞાની માણસ હંસ થઇ જાય છે અને હંસ–ક્ષીર વિવેક વાપરે છે. હંસ જેમ પાણીવાળા દૂધમાંથી દૂધ જ પીએ છે અને પાણી રહેવા દે તેમ..... ઇન્કાર કરવાની 'ના' કહેવાની તાકાત જ્ઞાનમાંથી જન્મે છે. જ્ઞાની માણસમાં 'હું' 'તું' ના ભેદ ન હશે. તેનામાં તો યૂયમ્ વયમ્ વયમ્ યૂયમ્–હું તે તું અને તું તે હું'ની ભાવનાજ વ્યાપી હશે. પ્રકૃતિના તમામ સુંદર પ્રલોભનોને પડકાર કરવાની પ્રચંડ તાકાત તે જ્ઞાન. માતા–પિતા, પત્ની, પુત્ર એઓ એકબીજાને કહે કે આપણે કશી જ સગાઇ નથી તેનું નામ જ્ઞાન. વિવેકને પાટલા ઘોની જેમ ચોંટી રહેવાની તાકાત તે જ્ઞાન. આત્માની અંદર પાટલા ઘોની જેમ ચોંટી ગએલા આત્માઓ તે જ્ઞાનીઓ.....

.....જ્ઞાનીની તાકાત કેવી હોય છે તે સમજવા માટે એક સુંદર દૃષ્ટાંત છે.

સમ્રાટ સિકંદર દિગ્વિજય કરતો હિંદમાં આવ્યો હતો. વિજયની પરંપરાથી તેને વિજયોન્માદ ચઢયો હતો. એક સમયે તે એક ગામના પાદરેથી પસાર થાય છે. કલ્યાણદાસ નામનો સાધુ ત્યાં ધૂણી નાંખી બેઠો હતો. બાદશાહ સિકંદર સાધુની પાસેથી પસાર થાય છે. સાધુ કલ્યાણદાસ તે સમયે નથી સામે જોતો, નથી ઉઠતો કે નથી બાદશાહનું સન્માન કરતો. સિકંદરને આથી આશ્ચર્ય થયું. થોડે દૂર જઈ છાવણી નાંખી પછી બાદશાહે એક માણસને કલ્યાણદાસ સાધુને તેડી લાવવા મોકલ્યો. પેલા માણસે કલ્યાણદાસ સાધુ પાસે જઇ બાદશાહનું ફરમાન સંભળાવ્યું. કલ્યાણદાસે પ્રથમ કંઇ કોહું ન આપ્યું. પેલો માણસ ફરીથી કહે છે કે હે સાધુ! જગતનો બાદશાહ સિકંદર તને બોલાવે છે. સાધુ હવે તેને લાપરવાહીથી જવાબ આપે છે કે તારો બાદશાહ જે હોય તેને કહે કે કલ્યાણદાસ સાધુ તો જગતના એકજ બાદશાહને ઓળખે છે ને તે પરમાત્માને. તારા બાદશાહને શું તેની ખબર નથી? સાધુનો જવાબ પેલો માણસ સિકંદરને કહે છે. સિકંદર પેલા માણસ સાથે ફરીથી સાધુને કહેવડાવે છે કે સિકંદરને પગે નહીં લાગવાથી શું ફળ મળે છે તે જાણે છે? ધડથી શિર છૂટું થઇ જશે તેની ખબર છે? પેલો માણસ બાદશાહનું ફરમાન સાધુને સંભળાવે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. સાધુ જવાબ આપે છે કે સિકંદરને કહે કે કલ્યાણદાસનું માથું ભલે લઈ જાય! કલ્યાણદાસ કંઈ માથું થોડુંજ છે! સાધુના જવાબથી સિકંદર બાદશાહ ભારે વિચારમાં પડી જાય છે. પછી કહેવરાવે છે કે સિકંદર મળવા ઇચ્છે છે. કલ્યાણદાસ મળવા માટે જવાની પણ સાફ ના સંભળાવે છે. ખૂબ વિનંતી કરવામાં આવી પણ સાધુ એકનો બે થતો નથી. છેવટે સાધુ કલ્યાણદાસ કહેવરાવે છે કે જો સિકંદરને કલ્યાણદાસ સાથે વાત કરવી હોય તો પોતાની શિબિરમાંથી (તંબુમાંથી) ખાસડું મોઢામાં ઘાલી મારી પાસે આવે. આ સાંભળી સિકંદરના આશ્ચર્યનો કોઇ પાર રહેતો નથી. સિકંદર ખૂબ મોટા મનનો હતો. મોઢામાં ખાસડું ઘાલી પગે લાગતો સિકંદર સાધુ પાસે જાય છે છતાં કલ્યાણદાસ ઉભો થતો નથી. સિકંદર કહે છે કે મહારાજ આ ખુમારી ક્યાંથી? સાધુ કહે છે કે સિકંદર! તને ખબર નથી. વેદ નામના વૃક્ષ પર ત્રણ ફળ લાગે છે. તેમાંનું કોઇપણ ફળ ખાય તેને આ ખુમારી આવે છે. ભક્તિ, જ્ઞાન અને કર્મ એ ત્રણ ફળો મેં ખાધા છે. જગતનો બાદશાહ આવે તેને પણ કલ્યાણદાસ ન ગાંઠે! સિકંદર! છોડી દે તારી દિગ્વિજયની જાત્રા. ફેંકી દે તારા વિજયોન્માદને. એ ઉન્માદ, એ ગાંડપણ, એ વિજયમંદિરોનો નશો તને પાયમાલ કરશે. સાધુનો ઉપદેશ સિકંદરના હૈયામાં સોંસરો ઉતરી જાય છે. દિગ્વિજયી સમ્રાટ સિકંદર કલ્યાણદાસ આગળ પરાજય પામે છે. સાધુને વંદન કરી ત્યાંથી પ્રયાણ કરે છે.....

આત્મજ્ઞાનનું ફળ જે કોઇ ચાખે છે તે પરમાત્મા સાથે તદ્રૂપ થઇ જાય છે. એ ત્રણેમાં જ્ઞાન–ભક્તિ–કર્મમાં યોગમાર્ગ રહેલો છે. અનુભવથી જ એ સમજાશે. ભગવાન પતંજલિ મુનિનો પાંતજલયોગ સૌમાં અનુસ્યૂત યોગ છે. ભગવાને ગીતામાં અઢાર યોગ બતાવ્યા છે. એ બધા મેળવવામાં પાંતંજલ યોગને જીવનમાં પચાવવો જોઇએ. એ મુનિએ બધા યોગો મેળવવાની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે પાતંજલ યોગશાસ્ત્ર ગ્રંથ આપ્યો છે.

.....સાંખ્ય – પ્રકૃતિ = ચોવીસ તત્વોનો મેળો. પંચમહાભૂત, પંચતન્માત્રા, અગિયાર ઇન્દ્રિયો, મન, કાર્યકારણભાવ. પ્રકૃતિ મૂળ છે તેના પેટમાં બધા ૨૩ તત્વો આવી જાય છે. પ્રકૃતિ વીટો વળેલો વિસ્તાર છે. બિસ્તરો-છે-લુગડાની ઘડીની જેમ-ઘડીબંધ રહેલી છે, પ્રકૃતિ ગ્રાહ્ય છે. પુરૂષ અગ્રાહ્ય છે. પુરુષ માટે પ્રકૃતિ છે, પ્રકૃતિ માટે પુરૂષ નથી. આત્માના રંજન માટે પ્રકૃતિના આ બધા નાચ છે.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક છે બાપ, બા અને બેટો. બેટો નાનો હોય છે ત્યારે બાના ખોળામાં રહે છે: તે વખતે તે બાપ છે કે કેમ તે ભુલી જાય છે. બેટો જ્યારે નિશાળમાં જાય છે ત્યારે બાપના નામની જરૂર પડે છે. બા અને બાપા-માતા-પિતા વચ્ચે હવે તકરાર થાય છે. બા કહે એ મારો દીકરો, બાપા કહે મારો. પ્રકૃતિ=મા, પુરૂષ=બાપ. પ્રકૃતિ કહે છે કે મહારાજ! એક પણ દીકરાને તમારી પાસે આવવા દઉં નહીં. પુરૂષ કહે તે બનવાનુંજ નથી. દીકરો બાપની પાસે જવાની ઇચ્છા રાખે છે. પણ પ્રકૃતિ=મા તેને કહે છે કે બેટા! તારા બાપનું શું કામ છે? તારા માટે અહીં-મારી પાસે શું નથી કે તેની પાસે જવા માંગે છે? તારે માટે અહીં બધુંજ છે. આમ કહી પ્રકૃતિ દીકરાને અનેક પ્રલોભનો આપે છે. દીકરો બાપની પાસે જવાની ખૂબ હઠ લે છે ત્યારે પ્રકૃતિ, વાડી-ગાડી-લાડી સંપત્તિ-મહેલ-હીરા-મોતી સુવર્ણ વગેરે તમામ વૈભવ વિલાસની સામગ્રી પૂરી પાડે છે. પણ કેટલાક દીકરાઓ એવા પણ હોય છે જે ગમે તેવા પ્રલોભનોને પણ વશ થતા નથી. પ્રકૃતિની માયાજાળને ભેદી પરમાત્મા-પિતાની પાસે દોડી જાય છે. જેવા કે બુદ્ધ, સ્વામી રામદાસ વગેરે. દીકરો પિતા પાસે જવાની રઢ લે છે તેમ તેમ પ્રકૃતિમાતા તેને પોતાની પાસેથી નહીં જવા દેવા માટે છેલ્લામાં છેલ્લી ઢબની ભોગવિલાસની સામગ્રી તેની સમક્ષ રજૂ કરે છે. મા-દીકરા વચ્ચેનો સંગ્રામ પુરૂષ-પિતા નિરાંતે દૂર બેસી જોયા કરે છે. ભગવતી માયા પ્રકૃતિ-બા, બેટાને મનાવવા અથાગ પ્રયત્ન કરે છે. પ્રકૃતિ માતા કહે છે કે બેટા! એ બાપ-પુરૂષ તો નિરાકાર છે. તેની પાસે તને શું મળવાનું? દીકરો કહે છે કે મા! ગમે તેવા પણ તે મારા બાપ છે ને? તું તો પારકા ઘરની છે. મારા બાપનો તો હું છું. છેવટ પ્રકૃતિમાતા દીકરાને મીઠાં પ્રલોભનો આપતાં કહે છે કે બેટા! તારા બાપની પાસે જવાની રઢ તું છોડ! દુનિયાના તમામ પદાર્થો તારા ઉપભોગ માટે અહીં હાજર છે. તવ વિવાહઃ તવનૃત્યગીતઃ-આટઆટલા પ્રલોભનોને પણ દીકરો ગાંઠતો નથી ત્યારે પ્રકૃતિ માતા વિફરે છે. ભયંકર તાંડવલીલા બતાવે છે. એજ માતા ચંડિકાનુ સ્વરૂપ ધારણ કરે છે. રોગ અને મૃત્યુને સામે છોડે છે છતાં દીકરો નમતું આપતો નથી. દીકરો પ્રકૃતિમાતાને કહે છે કે બા! તારામાં જેટલું જોર હોય તેટલું અજમાવ પણ હું મારા બાપુને જોયા સિવાય રહેવાનો નથી. પ્રકૃતિ=માયા સામે યોગી. પ્રકૃતિ=માયા, અને પુરૂષ=પિતા. વચ્ચે દીકરો. બાપ-પુરૂષ, મંદમંદ હસે છે. દીકરો અને બાપનું મિલન થતાં પ્રકૃતિમાતા ચાટ પડે છે. તેના તમામ ખેલો ખુલ્લા પડતા-ખતમ થતાં પ્રકૃતિમાતા ઉત્તમ વસ્તુ વિવેકજ્ઞાન આપે છે. પ્રકૃતિની એ ભારેમાં ભારે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તાકાત છે. એ વિવેકજ્ઞાન ધરે ત્યારે બાપા અને બાની વચ્ચે કોની પાસે જવું તેનો નિર્ણય થાય છે. જ્ઞાનદ્વારાજ જ્ઞાનને તફડાવે છે. વિવેકના જ્ઞાનને નમસ્કાર હો! જગતના તમામ પદાર્થોને નમસ્કાર હો! એ બધાને નમસ્કાર કરી જ્યારે પિતાના ખોળામાં બેસે છે ત્યારે બાના (પ્રકૃતિના) પાશમાંથી છૂટેલા અને પુરૂષ–પરમપિતા ખોળામાં બેઠેલા દીકરાની પ્રસન્નતા–આનંદની કોઇ અવધિ રહેતી નથી.....

અષ્ટાંગ યોગઃ–યમનિયમ વગેરે એ રાજમાર્ગ છે.*

વિભૂતિ યોગઃ–ધીરે ધીરે પરમાત્માને લગતા જ્ઞાનની સંપૂર્ણતા પ્રાપ્ત કરવી. ભગવદ્ભાવ યાવત્ સર્વેષુ મૂતેષુ મદ્ભાવોનોપજાયતે–તાવત્...અયં હિ સર્વ કલ્પાનામ્ તમામ મતોમાં મારો ઉપદેશ મુખ્ય છે. મન વાણી અને કર્મદ્વારા પ્રાણીમાત્રમાં રહેલા ભગવાનને ભજો. પ્રાણીમાત્ર સાથે સુમેળ સાધો. તે સધાય ત્યાં સુધી યોગસાધના કરો.....

બુદ્ધિશાળીઓની બુદ્ધિનો જૂઠ્ઠદ્વારા સાચને પ્રાપ્ત કરવાની કળા પ્રાપ્ત કરવામાં ઉપયોગ થાય છે. સત્–ચિત્–આનંદ સ્વરૂપને પ્રાપ્ત કરવું તે મહાયોગ. જીવનનું સાફલ્ય. ભગવાન ઉદ્ધવજીને કહે છે કે ગમે તેવાને આ જ્ઞાન આપવું નહીં. શિષ્યભાવી આત્માનેજ કહેવું. ઉદ્ધવજી! આ જ્ઞાન તારા પેટમાં ઠર્યું? અજ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલા તારા મોહ શોક ટળ્યા? શોક મોહની નિવૃત્તિ થઇ કે નહી? શોક મોહની નિવૃત્તિપૂર્વક, પરમાનંદની પ્રાપ્તિ માટે, પરમાનંદના ઝરણામાં હંમેશ ઝબકારાતાં રહેવું. એજ આત્મજ્ઞાનનું ફળ. પરમાત્મામાં અવગાહન કરવાની કળા તે આત્મજ્ઞાન. શોકમોહની નિવૃત્તિ અને બ્રહ્માનંદની પ્રાપ્તિ એ વેદાંતની કળા છે. ભગવાન કહે છે કે હે ઉદ્ધવજી! હવે તમે શોક મોહથી પર થઈ મારા ગુણાનુવાદમાં શેષ જીવન બદ્રિકાશ્રમમાં જઇને ગાળો. મારા આપેલા જ્ઞાનનું તમે હંમેશ વાગોલણું કરજો. અંતે તમે મારા સ્વરૂપને પ્રાપ્ત થશો. જ્ઞાનના દાતા કરતાં કોઇ મોટું નથી અને જ્ઞાન જેવી પવિત્ર ચીજ કોઈ નથી. ઉદ્ધવજીથી ભગવાનનો વિયોગ સહન થઇ શકતો નથી છતાં સહન કરવો પડે છે. પરમાત્માએ ઉદ્ધવજીને કહેલા જ્ઞાનનું શ્રદ્ધાપૂર્વક આચરણ કરનાર પરમાત્માની કૃપા પ્રાપ્ત કરી જીવનમુક્ત થશેજ થશે. તેમાં કોઇ શંકા નથી.*

* શ્રી ભટ્ટે એકાદશ સ્કંધની કરેલી અપૂર્વ છણાવટમાંથી સામાન્ય જનને ઉપયોગી નિવડે એવી અને એટલીજ સામગ્રી અહીં રજૂ કરી છે. રૂદંતા, તત્તાની

* જુવો શ્રી નલિન ભટ્ટ કૃત પાતંજલ યોગદર્શન ત્રણ ભાગમાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અતિશાસ્ત્રીય છણાવટની સામાન્ય વાંચકને જરૂર પણ ભાગ્યેજ હોય! ભાગવતની ગુરૂપચ્ચીસી, પ્રશ્નોત્તરી, યોગીશ્વર ચરિત્રો, અને ભાગવતનો વિશ્વધર્મ બધાય ગ્રંથો શ્રી ભટ્ટના લખેલા છે તે જોતાં એમના પ્રવચનોનો ચમત્કાર છતો થશે. વધુ જિજ્ઞાસાવાળાઓને એ ગ્રંથો જોવા વિનંતી છે. સંપાદક.

ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞાનુસાર દ્વારકાથી પ્રભાસ ક્ષેત્રમાં આવી રહેલા યાદવોની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. મદિરાપાનથી તેઓ ઉન્મત્ત અને ભ્રષ્ટમતિ બને છે. માંહોમાંહે ખૂબ લડે છે. ભાઇ ભાઇ વચ્ચે, કાકા ભત્રિજા વચ્ચે એમ પરસ્પર ભારે લડાઇ કરે છે. લડતાં લડતાં તેઓના શસ્ત્રાસ્ત્રો પણ ભાંગી તૂટી ખલાસ થઇ જાય છે ત્યારે સમુદ્ર કિનારે ઉગેલા ઘાસને ઉખેડી ફેંકે છે. મુસળનો જે ભૂકો સમુદ્રમાં નાંખેલો તે કિનારે ઘસડાઇ આવી ઘાસરૂપે ઉગ્યો હતો. યાદવો ઘાસને ઉખેડી હાથમાં લે કે તેનું મુસળ–સાંબેલું બની જાય છે. એ પ્રમાણે બધાના હાથમાંનું ઘાસ અકેક મુસળ બની જાય છે. તેનાથી તેઓ પરસ્પર લડે છે. બળરામને પણ શત્રુ સમજી તેમને મારવા પણ તૈયાર થાય છે. શ્રીકૃષ્ણ તથા બળભદ્ર આથી ક્રોધે ભરાઇને ઘાસ ઉખેડી યાદવો પર નાંખવા લાગ્યા. ઘાસનો પ્રહાર મુસળનો પ્રહાર બનતો. યાદવોનો સંહાર થવા લાગ્યો. સ્પર્ધામૂલક ક્રોધથી–અહમહમિકાથી–પરસ્પર વૈરથી આખા યાદવ કુળનો સંહાર થાય છે. પૃથ્વી પરનો રહ્યો સહ્યો ભાર પણ યાદવોના સંહારથી ઉતરી જવાથી ભગવાન શ્રીકૃષ્ણ આત્મસંતોષ અનુભવે છે.....

ભગવાન બળભદ્ર સમુદ્ર કિનારે જઇ પરમાત્માનું ધ્યાન ધરે છે. ધારણાથી એકાગ્ર થઇ પરમાત્મસ્વરૂપમાં લીન થઈ જાય છે. બળભદ્રને પરમાત્મ તત્વમાં વિલીન થયેલા જાણી ભગવાન શ્રીકૃષ્ણ પણ સ્વધામ ગમનની તૈયારી કરે છે. મહાપુરૂષો ઝડપી નિર્ણય કરનારા હોય છે.....આ સૃષ્ટિ પહેલાં એકજ તત્વ હતું અને પાછળ પણ એકજ તત્વ રહે છે તે પરમાત્મતત્વ... ભગવાન તૂષ્ણીંભાવે=મૌન ધારણ કરી પોતાનું માનવીરૂપ ત્યજી; પોતાનું મૂળ સ્વરૂપ–ભગવદ્સ્વરૂપ–શંખ, ચક્ર, ગદા, પદ્મધારી ચતુર્ભુજ દિવ્ય સ્વરૂપ ધારણ કરી એક પીપળાના ઝાડ નીચે પગ ઉપર પગ ચઢાવી બેસે છે. ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન ઇસુખ્રિસ્ત જે રીતે મૃત્યુને ભેટયા છે તેવું મૃત્યુ કોઇએ માણ્યું નથી. ઇસુખ્રિસ્ત પોતાનો વધ કરનાર પ્રત્યે જરાયે ક્રોધ ન કરતાં શૂળી પરથી ભગવાનની સ્તુતિ કરે છે કે, Oh God! forgive them for they know not what they do.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીકૃષ્ણ પરમાત્મા પીપળાના વૃક્ષ તળે પોતાનું ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી પગ ઉપર પગ ચઢાવીને સૂતા છે તે વખતે જરા નામનો પારધિ દૂરથી જુએ છે. ભગવાનના પગના તળીઆનો પ્રકાશ તેની નજરે પડે છે. હરણું માનીને મુસળના ટૂકડાવાળું બાણ છોડે છે. બાણથી ભગવાનનું તળિયું વિંધાય છે. પારધિ તે સ્થળે આવી હરણને બદલે ભગવાનને જુએ છે. હરણ જાણી ભગવાનને વિંધી નાંખવાથી તે થરકાંપ થાય છે. ભગવાનના ચરણમાં ઢળી પડી પોતાના અક્ષમ્ય અપરાધ માટે ક્ષમા યાચે છે. ભગવાન તેને કહે છે કે હે પારધિ! તું ગભરાઈશ નહીં. મારી ઈચ્છા પ્રમાણે જ તેં કર્યું છે. છેલ્લી વખતે તેં મારા સ્વરૂપનું દર્શન કર્યું છે માટે હું તને મોક્ષ આપું છું. તું સદેહે સ્વર્ગે સિધાવ! પારધિ ભગવાનની પરિક્રમા કરે છે. વિમાનમાં બેસી સદેહે સ્વર્ગે સંચરે છે. ભગવાન તેને ભજનારને તો મળે જ; પણ તેને મારનારને પણ મોક્ષ આપે છે!!

એ અરસામાં ભગવાનનો સારથી દારૂક ભગવાના પાદચિન્હ–પગલાં ઉપરથી ભગવાનને શોધતો શોધતો ત્યાં આવી પહોંચે છે. પીપળાના વૃક્ષ નીચે ભગવાનને બેઠેલા જોઇ રથમાંથી કૂદી પડી તેના ચરણમાં આળોટે છે. દારૂકના દેખતાં જ ભગવાનનો દિવ્ય રથ, ઘોડા–આયુધો અંતરિક્ષમાં ચાલી જાય છે. એ જોઇ દારૂકના આશ્ચર્યનો પાર રહેતો નથી. ભગવાન દારૂકને કહે છે કે હે દારૂક! તું હવે દ્વારકા જા અને યાદવોનો નાશ તથા મારા અને બળભદ્રના સ્વધામગમનના સમાચાર આપ! દ્વારકા મારા સ્વધામ–ગમન બાદ સમુદ્રમાં ડૂબી જવાની હોવાથી બધાને ત્યાંથી તુરત અન્યત્ર ચાલી જવા કહેજે. મારા માતાપિતા તથા અન્ય સંબંધીઓને ઇન્દ્રપ્રસ્થમાં અર્જુન મૂકી આવશે. તું મારા નામનું રટણ કરજે. ભગવાનની આજ્ઞા માથે ચડાવી ભગવાનને પ્રણામ પ્રદક્ષિણા કરી દારૂક ભારે હૈયે દ્વારકા પ્રતિ પ્રયાણ કરે છે.

પરમાત્માનું નિર્વાણ અને સ્વધામારોહણ જોવા બ્રહ્મા, બ્રહ્માણી, શંકર પાર્વતી, તથા ઇંદ્રાદિ તમામ દેવદેવીઓ વિમાનમાં ત્યાં આવી પહોંચે છે. બધા પરમાત્માના અવતાર–ચરિત્ર–ગુણાનુવાદ ગાય છે. આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થાય છે. સ્વધામ ગમન કરતા પહેલા પરમાત્મા સૃષ્ટિના પરમતત્વ પોતાની વિભૂતિ સ્વરૂપતાનાં તથા બ્રહ્માદિ દેવોના દર્શન કરી લે છે. અને ત્યાર બાદ સદેહે પોતાના મૂળ સ્વરૂપમાં લીન થઇ જાય છે. પરમાત્મા પોતાના મૂળ સ્વરૂપમાં વિલીન થઈ જતાં આકાશમાં દુંદુભિ નાદ થાય છે. પુષ્પોની વૃષ્ટિ થાય છે. ભગવાનને પોતાના ધામમાં પ્રવેશ કરતાં બ્રહ્માદિ દેવો પણ જોઇ શકતા નથી. પરમાત્માના સ્વધામગમન પછી તેની પાછળ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સત્ય, ધર્મ ધૃતિ, કીર્તિ તથા શ્રીદેવી પણ પૃથ્વી પરથી સ્વર્ગમાં ચાલી જાય છે. બ્રહ્માદિ દેવો ભગવાનના ગુણાનુવાદ ગાતાગાતા પોત પોતાના સ્થાનમાં પાછા જાય છે. પરમાત્મા પોતે આ વિશ્વના ઉત્પન્નકર્તા, પાલક અને સંહારક છે. પોતાની ઉત્પન્ન કરેલી વસ્તુનો પોતાને હાથે જ ઉપસંહાર કરી પોતાના મૂળ સ્વરૂપમાં રહે છે. એજ પરમાત્માનો મહિમા છે. એથીજ એ પરમાત્મા છે. શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે હે પરીક્ષિત! શ્રીકૃષ્ણ ભગવાન તો સ્વયં પરમાત્મ સ્વરૂપ હતા. તેની ઇચ્છા હોત તો યુગોના યુગ સુધી શરીર ધારણ કરી પૃથ્વી પર રહી શકતા હતા. સાંદીપનિ ગુરુના મૃત પુત્રને સદેહે પાછો લાવનાર અને બ્રહ્માસ્ત્રથી નાશ પામતા તારા શરીરને પણ જીવિત રાખનાર, કાળના પણ મહાકાળ, અપરાધી પારધીને પણ સદેહે સ્વર્ગમાં મોકલનાર પરમાત્માને માટે શું અશક્ય હતું? છતાં પોતાના અવતારનું કાર્ય સંપૂર્ણ થતાં તેને પૃથ્વી પર રહેવાની જરૂર ન જણાવાથી જ પોતાની સ્વેચ્છાથી પોતાના મૂળ સ્વરૂપમાં સદેહે વિલીન થઇ ગયા! પરમાત્માના સ્વધામારોહણનું શ્રવણ-પઠન કરનાર પરમાત્માના સ્વરૂપને પ્રાપ્ત કરશે.

ભગવાનનો સારથી દારુક ભગ્ન હૃદયે દ્વારકા આવી સજળ નયને વસુદેવ તથા ઉગ્રસેનના ચરણમાં ઢળી પડે છે અને ભગવાનના સ્વર્ગારોહણના સમાચાર સાંભળતાં જ બધા હૃદયવિદારક વિલાપ કરે છે. વસુદેવ વગેરે મૂર્છિત થઈ ધરણી પર ઢળી પડે છે. ત્યારબાદ બધા આક્રંદ કરતા શોકપૂર્ણ હૃદયે યાદવોના જ્યાં શબ પડયાં હતાં ત્યાં જાય છે. મૃતદેહોને અગ્નિસંસ્કાર કરે છે. રૂકમણિ તથા ભગવાનની અન્ય રાણીઓ પરમાત્માના ધ્યાનમાં મગ્ન થઇ ભસ્મીભૂત થાય છે. ભગવાનની પુત્રવધૂઓ પણ પોતપોનાના પતિના શબને લઈ ચિતાપ્રવેશ કરી સતી થાય છે.

અર્જુન ભગવાનના સ્વર્ગારોહના સમાચારથી ખૂબ વ્યથિત થાય છે. ભગવાનનો વિયોગ તેને અસહ્ય થઇ પડયો છતાં ભગવાનના ઉપદેશને યાદ કરી સ્વસ્થતા મેળવે છે. આ બાજુ ભગવાનના સ્વધામ જતાં જ શ્રીકૃષ્ણ પરમાત્માના મહેલ સિવાયની આખી દ્વારકા નગરી સમુદ્રમાં ડુબી જાય છે. પરમાત્માનું તે સ્થાન આજે પણ દ્વારકામાં વિદ્યમાન છે. બચેલા યાદવ પરિવારને લઈ અર્જુન ઇન્દ્રપ્રસ્થ પાછો ફરે છે. શુકદેવજી પરીક્ષત રાજાને કહે છે કે પરીક્ષિત, ભગવાનના સ્વર્ગારોહણના સમાચાર અર્જુનદ્વારા સાંભળી તારા દાદા યુધિષ્ઠિર વગેરે પાંડવો તને રાજ્યગાદી પર નિયુક્ત કરી હિમાલય પર ચાલી ગયાં છે. ત્યાં પરમાત્માના ધ્યાનમાં શેષ જીવન ગાળી પરમાત્મસ્વરૂપમાં વિલીન થયા.

એકાદશ સ્કંધ સમાપ્ત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

.....અવતારી કૃત્ય માટે ભગવાન ફરીથી કલિયુગના અંતભાગમાં શંભલગ્રામમાં એક વિષ્ણુયશસ્ નામના બ્રાહ્મણને ત્યાં કલ્કીરૂપે પ્રગટ થશે અને ધર્મના બળને પ્રચલિત કરશે એમ કહી ભગવાન શુકદેવજીને પરીક્ષિત રાજાનો અંતકાળ તદ્દન નજીક આવેલો હોવાથી છેવટનો ઉપદેશ આપતાં કહે છે કે હે પરીક્ષિત ! મહાન પુરૂષોની કીર્તિ જગતમાં હંમેશ અમર રહી છે. જેઓ મમત્વ કરે છે તેને પૃથ્વી ગળી ગઈ છે. મોટા ચક્રવર્તી રાજાઓ આ પૃથ્વી પર આવ્યા અને સિનેમાના ચિત્રની જેમ કાળના અનંત ગર્ભમાં વિલીન થઈ ગયા.....કળીકાળનાં કરોડો દુર્ગુણ હશે. પણ એક મહાન ગુણ છે. કળિકાળમાં પ્રભુપ્રાપ્તિ કોઈપણ યુગ કરતાં વહેલી થાય છે. કળિમાં કેવળ કેશવકીર્તન તારક છે.....પૃથ્વી કોઈની થઈ નથી– અને થવાની નથી. કાલના કરાલ પરાક્રમથી અનન્ત પ્રાણીઓ હતાં નહતાં થઈ જાય છે. આત્મજ્ઞાની સિવાય કાળની પકડ અને કલ્પનામાંથી કોઈ છૂટતું નથી !.....આથી ભગવાનની લીલાઓજ મોતને મારી શકે છે. ભગવત્પ્રપત્તિજ મૃત્યુસંતરણનો ઉપાય છે.....—કલિકાળનું વર્ણન આજે તાદૃશ રીતે ખરું થયેલું જોઇએ છીએ.....

વ્યાસ ભગવાન શુકદેવજી પરીક્ષિતને એ ઉપદેશમાં કહે છે કે હે પરીક્ષિત ! સો વાતની એક વાત–છેવટની વાત કહું છું તે સાંભળ ! હું મરી જઇશ એ પશુબુદ્ધિનો તું હવે સંપૂર્ણ ત્યાગ કર. વસ્તુતઃ તું જન્મ્યોજ નથી. છે પણ નહીં. અને હશે પણ નહીં. જન્મ–મરણ–એ કેવળ ભ્રાન્તિ છે. આત્મ સ્વરૂપે તું અજર અને અમર છે. ઘડાની અંદરનું અવકાશ ઘડો હોય છે ત્યાં સુધી જ ઘટાકાશ. ઘડો ભાંગી જાય છે ત્યારે ઘટાકાશ મહદાકાશમાં ભળી જાય છે. દેહની ભ્રાન્તિ સર્જનાર મન છે. મનથી માનો માયા થાય છે. એક કોડીઉં હોય, તેમાં તેલ હોય, અને દીવેટ હોય તો એ ત્રણના સંગમથી જ્યોતિ થાય છે. દીવો બુઝાઈ જાય એટલે જ્યોતિ નાશ પામી છે એમ માનવું એ અજ્ઞાન છે. હે રાજન ! તું તો સ્વયંજ્યોતિ છે. આત્માને મૃત્યુ સ્પર્શી શકતું નથી. તું તારી જાતને બ્રહ્મસ્વરૂપ જ સમજ. તક્ષક નાગ ભલે આવે અને દંશ દે. તેની કોઈ પરવા ન કર. આત્મસ્વરૂપમાં લીન થવાથી તું પરમાત્મ સ્વરૂપનોજ અનુભવ કરશે. આત્મા મૃત્યુનું પણ મૃત્યુ છે. આ સમજણમાં સ્થિર થતાં તારૂં મૃત્યુ મરી જશે ! મૃત્યુ મરી ગયું રે લોલ !–ની ભવ્ય અનુભૂતિ કર.....

શુકદેવજીનો ઉપદેશ એકાગ્ર ચિત્તથી સાંભળી સંતુષ્ટ આત્મા પરીક્ષિત કહે છે કે ભગવાન્ ! આપે મારા પર કૃપા કરી મને આત્મજ્ઞાન આપી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આત્માને પરમાત્મા સાથે મેળવી આપ્યો છે. બસ હવે सिद्धोस्म्यनुगृहीतोस्मि ...—મને હવે કોઇનો ભય નથી. હવે હું બ્રાહ્મી સ્થિતિને પ્રાપ્ત થઇ ચૂકયો છું. એ પ્રમાણે કહી શુકદેવજી તથા બીજા ઋષિઓ ત્યાંથી પૂજા સ્વીકારી, રાજાને સ્વરૂપાવસ્થિતિ માટે અનુજ્ઞા આપી. પરીક્ષિત રાજા પરમાત્માના સ્વરૂપનું ધ્યાન ધરી પોતાના આત્માને પરમાત્મા સાથે જોડી દે છે. પરીક્ષિતનો આત્મા પરમાત્માના સ્વરૂપમાં લીન થઇ જાય છે. એટલામાં તક્ષક નાગ બ્રાહ્મણના વેશમાં પરીક્ષિત રાજા પાસે જાય છે અને દંશ મારે છે. પરીક્ષિત રાજા તો તક્ષકના કરડવા પહેલાં જ બ્રહ્મસ્વરૂપ થઈ ગયા હતા. ફક્ત પંચમહાભૂતનું શરીરજ રહ્યું હતું. તક્ષકના દંશની સાથેજ શરીર બળીને ભસ્મ થઈ જાય છે. મહારાજા અને પરમભાગવત પરીક્ષિતજી જે રીતે સ્વરૂપાવસ્થિત થાય છે તે રીત મહત્વની છે. મરવાની પણ કળા છે! એ કળા જે જીવનકળાનો સ્વામી થાય તેનેજ વરે છે! योगेनान्तेतनूत्यजाम्નો મહાન આદર્શ જીવી બતાવવામાંજ મહત્તા છે, ગુરુ હો તો શુક સમા હજો અને શિષ્ય હો તો પરીક્ષિત સમા હજો. અને કથાજ હો તો ભાગવતનીજ હજો.....

.....પરીક્ષિત રાજાના પુત્ર જનમેજય તક્ષક નાગે પોતાના પિતાને દંશ માર્યાની ખબર પડતાં ક્રોધે ભરાય છે અને જગતમાંથી આખી સર્પ જાતિનો નાશ કરવાનો સંકલ્પ કરે છે. તે માટે તે સર્પયજ્ઞ કરે છે, એ યજ્ઞમાં અનેક સર્પો ખેંચાઈ આવીને હોમાય છે. તક્ષક નાગ ગભરાઇને ઇંદ્રનું શરણ લે છે. તક્ષક નાગ હજુ બાકી રહેલો હોવાથી જનમેજયરાજા ઋષિઓને તેને મંત્રથી ખેંચી લાવી યજ્ઞકુંડમાં નાંખવા કહે છે. ઇંદ્રના શરણમાં રહેલા તક્ષકનું ઇંદ્ર રક્ષણ કરે છે. છેવટ જનમેજયની આજ્ઞાથી ઇંદ્રની સાથે તક્ષકને મંત્રના પ્રભાવે ઋષિઓ બોલાવે છે. ઈન્દ્ર તક્ષકની સાથે ખેંચાવા લાગ્યો. ઇંદ્ર તથા તક્ષકને અગ્નિકુંડ તરફ આવતા જોઇ અંગિરાઋષિ જનમેજયને સર્પયજ્ઞ બંધ કરવાનું જણાવે છે. તેમની આજ્ઞાનું જનમેજય પાલન કરે છે. યજ્ઞ બંધ રહે છે અને ઇંદ્ર તથા તક્ષક બચી જાય છે.....

...યાજ્ઞવલ્કય મુનિએ વૈશમ્પાયન ગુરૂ પાસે યજુર્વેદનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. એક દિવસ ગુરૂના કોપનો ભોગ બને છે. વૈશમ્પાયન ગુરુ યાજ્ઞલ્કયને પોતે આપેલી વિદ્યાનો ત્યાગ કરવાની આજ્ઞા કરે છે. ગુરૂના આદેશને શિરોધાર્ય કરી સ્વમાની યાજ્ઞવલ્કય ગુરૂની સમક્ષ યજુર્વેદના જ્ઞાનને વમન-ઉલ્ટીદ્વારા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાઢી નાંખે છે અને ત્યાંથી ચાલી જાય છે. વૈશમ્પાયન ગુરૂએ આપેલી વિદ્યા કરતાં પણ ઊંચા પ્રકારની યજુર્વેદ અંગની વિદ્યા પ્રાપ્ત કરવા સૂર્યની આરાધના કરે છે. ઉગ્ર આરાધનાથી સૂર્યદેવ પ્રસન્ન થઇ યજુર્વેદના મંત્રોનું સર્વશ્રેષ્ઠ જ્ઞાન યાજ્ઞવલ્કયને આપે છે. વૈશમ્પાયન ગુરૂના કરતાં પણ ઉત્તમ જ્ઞાન–યજુર્વેદ સંબંધીનું સૂર્યદેવના અનુગ્રહથી પ્રાપ્ત કરી શુક્લ યુજુર્વેદની વાજસનેય શાખા સંહિતા રચી વૈશમ્પાયન ગુરૂની વિદ્યાને ઝાંખી કરે છે...વ્યાસજીએ કરેલા વેદના વિભાગો અને તેની શાખા પ્રશાખાઓ અને શિષ્ય પ્રશિષ્ય પરંપરાનો સૂતજી ઉલ્લેખ કરે છે. બ્રહ્મતેજોવિવર્ધન વેદવિદ્યાના તેજની વૃદ્ધિ એનું ફળ છે...

.....સાતમા અધ્યાયમાં વેદની શાખાઓ અને ઉપશાખાઓનું નિર્માણ તથા શિષ્ય પરંપરાએ તેમનો વિસ્તાર સૂતજીએ વર્ણવ્યો. આઠથી દસ અધ્યાય સુધી માર્કંડેયનું ઉપાખ્યાન, શૌનકના તેને લગતા પ્રશ્નને ઉદ્દેશીને સુતજી વર્ણવે છે. માર્કંડેયનું કલ્પાયુ પ્રસિદ્ધ છે. એઓ તપ, સ્વાધ્યાય અને સંયમદ્વારા ભગવાનને પ્રસન્ન કરી મૃત્યુંજય બન્યા હતા. એમની વિદ્યાર્થી તરીકેની તપોનિષ્ઠા અદ્‌ભુત હતી. નિષ્કલેશ મન, ઇશ્વરનિષ્ઠ બુદ્ધિ, મહાયોગચર્યા વગેરેથી એમનો અદ્‌ભુત પ્રભાવ જામ્યો હતો. છ મન્વન્તર જેટલો કાળ એમણે તપ તપ્યું! સાતમા મન્વન્તરમાં ઇન્દ્રને રાખેતા મુજબ એમના તપે સંતાપ થાય છે! તપોભંગ માટે જગજાણીતી રીતરસમ ઇન્દ્ર અજમાવે છે! કામદેવને તેના સૈન્યસહિત ઋષિના પુષ્પભદ્રા નદીને તીરે આવેલા આશ્રમે મોકલી આપે છે! કામદેવ તેના સામાન્ય રીતે અમોઘ મનાય એવા તમામ ઉપાયો ઋષિના મનને ચળાવવા અજમાવે છે! પણ નસીબફૂટયાના ઉદ્યમની પેઠે તે બધાયે નાકામયાબ નીવડે છે! અને ઇન્દ્રના અનુચરોને ભય ઉપજે છે. ફણીધરને છંછેડીને જેમ બાળક તેમ મુનિને તપોભ્રષ્ટ કરવાનો યત્ન કરીને કામ વગેરે ભયગ્રસ્ત બને છે! છતાં ઋષિ તેમના ઉપર ક્રોધ કરતા નથી! તેમને અનુકંપ્ય માની ક્ષમા જ દે છે! આમ તપથી મળતી નિર્વિકારિતાની અગ્નિપરીક્ષા આપી ઋષિ તેમાંથી ઉતિર્ણ થાય છે અને પરિણામે ભગવાન નરનારાયણનાં તેમને સાક્ષાત્ દર્શન થાય છે! ભગવાનનાં દર્શને તો આનન્દનો સમુદ્ર જ ઉછળે ને! માર્કંડેયજી નરનારાયણની પરમપ્રેમથી પૂજા કરે છે અને ગદ્‌ગદ્ કંઠે સુંદર સ્તુતિ કરે છે! ભગવાન સ્તુતિથી ઓર પ્રસન્ન થાય છે અને વરદાન માંગવા કહે છે! ભગવાનનું દર્શન જ સૌ તપનું અંતિમ વરદાન છે ને? છતાં ઋષિ છેવટે પરમાત્માની માયાનાં દર્શનની પ્રાર્થના કરે છે! ઋષિને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાનની માયા જોવાનું મન થયું! એજ ભગવાનની માયાને? ભગવાન તથાસ્તુ કરી અંતર્ધાન થાય છે! અને થોડા દિવસ વીત્યા બાદ ભગવાનની પ્રલયકાલીન લીલાઓ શરૂ થાય છે! બ્રહ્માંડ સલિલમાં ડૂબી જાય છે. પ્રલયાર્ણવમાં માર્કંડેય ઋષિ અટવાય છે! હજારો વર્ષો એ માયાવી પ્રલયના ભીમકાંત સમુદ્રમાં ઋષિ ભમરી ખાય છે. સુખ, દુઃખ, ભય, મોહ, જન્મ મૃત્યુ, જરાવ્યાધિની અનન્ત અસહ્ય યાતનાઓમાં પસાર થઇને ત્રાહિ ત્રાહિ પોકારે છે! અને એ અવર્ણ્ય યાતનામાં અટવાતાં છેવટે તેમને એક દિવસ પૃથ્વીની ખુંધ ઉપર નાનું સરખું વટવૃક્ષ દેખા દે છે. એ વટવૃક્ષની ઉત્તરપૂર્વ દિશામાં એક પાંદડા ઉપર સુતેલા એક પરમ અદ્‌ભુત બાળસ્વરૂપનાં મંગળમધુર દર્શન થાય છે! वटस्य पत्रस्य पुटे शयानं बाल-मुकुन्दंને જોઈને ઋષિનો આ માયા-તાવ ઉતરે છે. અંતરમાં પ્રગાઢ શાન્તિ પ્રસરે છે! બાળક પાસે પહોંચે છે. એટલામાં તો તેના-બાળકના શ્વાસે ઋષિ તેના ઉદરમાં ખેંચાઈ જાય છે! અંદર જઈને જુવે તો ત્યાં પણ અનન્તકોટિ બ્રહ્માંડનાં દર્શન! વળી ઉદરમાંથી તેના પ્રશ્વાસે પ્રલયાબ્ધિમાં ઋષિ આવે છે! પોતાનો આશ્રમ, પુષ્પવહા નદી, ઋષિ વગેરેને જુવે છે! વળી करारविन्देन पदारविन्दं मुखारविन्दे विनिवेशयन्तं-શિશુને જુવે છે! બાળકને જોતાં જ હૃદય સમાધિ-આનન્દથી ભરાઈ ગયું! એ શિશુને પ્રેમથી ભેટવા જતાં તો તે અંતર્ધાન થઇ ગયું! અને સાથે જ આખીય માયા પણ અદૃશ્ય થઈ ગઇ! યા મા સા માયા-જે નથી તે માયા! નથીમાં છે અને છેમાં નથી બતાવનારી પરમાત્માની જે કોઇ અનિર્વચનીય શક્તિ તેજ માયા! ભગવાનની માયાથી ધરાયેલા ઋષિ માર્કંડેય છેવટે પ્રભુને શરણે જાય છે! અને હવે તો સહજ સમાધિમાં જ વિહરતા થઈ જાય છે! એક દિવસ ઉમાદેવી સહિત શંકર તેમના આશ્રમ આગળથી પસાર થાય છે! ઉમાદેવી ઋષિને સહજ સમાધિમાં લીન થયેલા જોઇ ભગવાન શંકરને, ઋષિને દર્શન આપવા વિનવે છે! શંકર ભગવાન ઋષિના હૃદયમાં છતા થાય છે ત્યારેજ ઋષિની સમાધિ છૂટે છે! ભગવાન શંકર અને માર્કંડેય વચ્ચે મંગળમય સંવાદ થાય છે. છેવટે પોતાની પ્રસન્નતાના ફળરૂપે ભગવાન શંકર માર્કંડેય ઋષિને કલ્પસ્થાયી પુણ્ય, યશ, અજરામરતા, વિરાગયુક્ત ત્રિકાલવ્યાપી બ્રહ્મજ્ઞાન અને પુરાણાચાર્યતાનું વરદાન આપી દેવી સહિત અદૃશ્ય થાય છે! કર્માશયની નિવૃત્તિ એ આ આખ્યાનનું ફળ છે! માર્કંડેય ઋષિનું ચરિત્ર મંગલાયતન છે! શ્રોતા વક્તાના આયુષ્યને વધારનારૂં અને મનસ્તાપને નિવારનારૂં છે. ભાગવતી કથાના અંતની શરૂઆતમાં આ ચરિત્ર બહુ બુદ્ધિપૂર્વક મૂકાયું છે. પરમાત્માની કરુણાથી આ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આખ્યાન શ્રોતાવક્તા ઉભયને દીર્ઘાયુઃ બક્ષે છે! અને પરમાત્માના ગુણાનુવાદને માટે મળતું દીર્ઘાયુઃ પસંદ કરવા જેવું છે...

ત્યાર બાદ અગિયારમા અધ્યાયમાં ભગવાનનાં આયુધો વગેરેનાં પ્રતીકો પાછળનું રહસ્યજ્ઞાન સૂતજી વર્ણવે છે! અંગોપાંગની પાછળનો ધ્વનિ સ્પષ્ટ કરે છે. પછી સૂર્ય સ્વરૂપ પરમાત્માના વ્યૂહનું વર્ણન કરે છે. બારમા સ્કન્ધના બારમા અધ્યાયમાં સમગ્ર ભાગવતના વિષયોનું પુનઃ સંક્ષેપમાં વિહંગાવલોકન કરે છે અને પરમાત્માના ગુણાનુવાદનું મહામાહાત્મ્ય સૂતજી વર્ણવે છે. ભગવાન સિવાયની વાણી કે વાતનો કશો અર્થ નથી! તે કેવળ અસત્ છે એવો ભવ્ય નિર્ણય આપે છે. એટલું જ નહીં—

तदेव सत्यं तदु हैव मंगलं तदेव पुण्यं भगवद् गुणोदयम् ॥
तदेव रम्यं रुचिरं नवं नवं तदेव शश्वन्मनसो महोत्सवम्
तदेव शोकार्णवशोषणं नृणां यदुत्तमश्लोकयशोऽनुगीयते ॥

પવિત્રકીર્તિ પરમાત્માના યશનું કીર્તન જ સત્ય, મંગલ, પુણ્ય, રુચિર, અને સદા મનોમહોત્સવ રૂપ છે–તેજ માણસોના શોકસમુદ્રનું શોષણ કરનાર છે એવી મહોર મારે છે. અને

अविस्मृतिः कृष्णपदारविन्दयोः क्षिणोत्यभद्राणि शमं तनोतिच ।
सत्वस्य शुद्धिं परमात्मभक्तिंज्ञानं च विज्ञानविरागयुक्तम्—

પરમાત્મા શ્રીકૃષ્ણચન્દ્રના ચરણારવિન્દની સ્મૃતિ, અભદ્રનો ક્ષય અને કલ્યાણનો પ્રચાર કરે છે, ચિત્તની શુદ્ધિ અને પરમાત્માની ભક્તિ દે છે, અનુભવાત્મક જ્ઞાન અને વિરાગની લ્હાણી કરે છે–એવો છેવટનો બોલ કહે છે! ભાગવતનું ફળ નિરૂપણ કરી છેવટે—

स्वसुखनिभृतचेताः तद्व्युदस्तान्यभावोऽप्यजितरुचिरलीलाकृष्टसारस्तदीयं ! व्यतनुतकृपया यस्तत्त्वदीपं पुराणं तमखिलवृजिनघ्नं व्याससूनुं नतोऽस्मि–આવું અંતે ગુરુવંદનાત્મક મંગલાચરણ કરી બારમા અધ્યાયની ઇતિ ભણે છે. .....અને હવે આપણે પણ પરમાત્માની પરિપૂર્ણ કૃપાથી શ્રીમદ્ ભાગવતના છેલ્લા અધ્યાય ઉપર આવીએ છીએ. ગ્રંથકાર પહેલાજ શ્લોકમાં દેવાય તસ્યૈ નમઃ કહી પ્રભુને નમી, આપણા બધાનું રક્ષણ કમહાકૃતિ ભગવાન પાસે પ્રાર્થી પુરાણોની સંખ્યા, ભાગવતના વાચનનું પ્રયોજન તેના દાન અને તે દાનનું અને પાઠનું મહાત્મ્ય વગેરે કહે છે. ભાગવત તો

आदिमध्यावसानेषु वैराग्यख्यानसंयुतम्
हरिलीलाकथाव्रातामृतानन्दित सत्सुरम् ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નખશિખ પ્રભુરસથી ભરપૂર અને વૈરાગ્યથી નીતરતું છે એમ કહી,

सर्ववेदान्तसारं यद् ब्रह्मात्मैकत्वलक्षणम् ।
वस्त्वद्वितीयं तन्निष्ठं कैवल्यैक प्रयोजकम्

તમામ વેદોપનિષતના સારરૂપ આત્મા અને પરમાત્માની એકતારૂપ જે અદ્વિતીય સત્ય છે તે સત્યની નિષ્ઠામાંથી જન્મતા કૈવલ્યનું દાતા છે એવો નિર્ણય આપી "पुराणं ब्रह्मसंमितम्" ની પ્રતીતિ કરાવે છે, નદીઓમાં જેમ ગંગા, દેવોમાં જેમ વિષ્ણુ, વૈષ્ણવો પૈકી જેમ ભગવાન શંકર, તીર્થોમાં જેમ કાશી તેમ પુરાણોમાં શ્રીમદ્ ભાગવત શ્રેષ્ઠ છે. અને છેવટે પ્રારંભે જેમ सत्यं परं धीमहि નો મુદ્રાલેખ દર્શાવ્યો હતો તેમ અંતે પણ तत् शुद्धं विमलं विशोकं अमृतं सत्यं परं धीमहि એવું સત્ય સ્વરૂપ ભગવાનનું ધ્યાન ધરી, પરમાત્મા કૃષ્ણચંદ્રને વંદી, સંસાર સર્પના દંશમાંથી બચાવનાર ભગવાન શુકદેવજીને પ્રણમી, પ્રભુને એકજ પ્રાર્થના સાથે ઇતિ કરે છે કે

भवे भवे यथा भक्तिः पादयोस्तवजायते
तथाकुरुष्व देवेश! नाथ स्त्वं नो यतः प्रभो!
नामसंकीर्तनं यस्य सर्वपापप्रणाशनम् ।
प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम्

હે દેવ! જન્મોજન્મ તારા ચરણોમાં ભક્તિ થાય તેમ તું કર, કેમકે તું હે સમર્થ! અમારો નાથ છે! તે પરમાત્મા ગુરૂદેવ હરિને નમન હો જેનું નામ કીર્તન તમામ પાપોનું શામક છે જેને કરેલો પ્રણામ ભવદુઃખ મોચક છે!

આપણે પણ એકજ પ્રાર્થના કરીએ કે હે પરમાત્મન્!—

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःख माप्नुयात् ॥

.....પરમાત્મપ્રેમી ભાઇઓ અને બહેનો!—

પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી જ તેના આ ગુણાનુવાદનો મહાયજ્ઞ પૂરો થાય છે. આપ સૌ મારાં સાચાં સ્વજનો છો. જે પ્રભુને રાહે ચડાવે, પ્રભુના ગુણાનુવાદમાં પ્રેરે, પોતાનામાં પ્રભુને જોવાની તક આપે અને એ રીતે પાવન કરે તે સૌ સાચાં સગાં! એકજ પ્રાર્થના કે—

यदत्रशुद्धं प्रतिभाप्रसूतं गुरोर्दया तत्, न मम प्रमेयम् ।
अनाप्ततापादकमत्र यच्च ममैव तत् ज्ञेयमुदारसत्वैः ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

—આ ગંગાપ્રવાહમાં જો કાંઈ શુદ્ધ અને પ્રતિભાપૂર્ણ હોય તો તે ગુરુદેવની જ દયા જાણજો! જે કાંઇ અનાપ્તતા આણનારૂં હોય તે મારૂં જ જાણજો—અને આપ સૌનો આશીર્વાદ હજો કે આજ જન્મમાં ઘટઘટમાં તે પરમદેવની સહજાનુભૂતિ અને અનુસંધાન થાય.....

हरिः ॐ तत् सत्

॥ गोविन्दार्पणमस्तु ॥

तवकथामृतं तप्तजीवनं कविभिरीडितं कल्मषापहम् ।
श्रवणमंगलं श्रीमदाततं भुवि गृणन्ति ते भूरिदा जनाः ॥ १ ॥

वाणीगुणानुकथने श्रवणौकथायां
हस्तौ च कर्मसु मनस्तव पादयोर्नः ।
स्मृत्याशिरस्तव निवासजगत्प्रणामे
दृष्टिः सतां दर्शनेऽस्तु भवत्तनूनाम् ॥ २ ॥

शृण्वतां स्वकथां कृष्णः पुण्यश्रवणकीर्तनः ।
हृद्यन्तःस्थो ह्यभद्राणि विधुनोति सुहृत्सताम् ॥ ३ ॥

कृष्णाय वासुदेवाय हरये परमात्मने ।
प्रणतक्लेशनाशाय गोविन्दाय नमोनमः ॥ ४ ॥

॥ हरिः ॐ तत् सत् ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ श्री कृष्णः शरणं मम ॥

हरिः ॐ तत्सत्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સત્સંગ એ મુકિતનું દ્વાર છે

'સંત' માસિક

આપને ઘરબેઠાં સત્સંગનો અવર્ણનીય લાભ આપશે. આજેજ એના ગ્રાહક થઈ સત્સંગના પ્રચારમાં સહાયક થાઓ. વધુ વિગત માટે રૂબરૂ મળો અગર તો નીચેના સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતી.

વાર્ષિક લવાજમ	પરદેશમાં
રૂા. ૫-૦-૦	૮ શિલીંગ

આ અંકની કિંમત

શ્રદ્ધા, પ્રેમ, વાંચન અને મનન.

તંત્રી,

શ્રી. જીવણજી કરણીઆ
કાજીઆવાડી
નવસારી.

"સંત" માસિકના ગ્રાહકો સિવાય

"શ્રીમદ્ ભાગવત વિચાર દર્શન" નો ગ્રન્થ

નીચેને સરનામેથી મળી શકશે.

વેણિશંકર મણિશંકર શુકલ
પોસ્ટ ઓફિસ સામે-અમલસાડ.

કિંમત રૂા. ૨-૮-૦	પરદેશ માટે પોસ્ટેજ સાથે
પોસ્ટેજ રૂા. ૦-૪-૦	શિલીંગ ૫

મુદ્રક : લલ્લુભાઈ ભ. બલસારા, નટવર પ્રિન્ટીંગ પ્રેસ-બીલીમોરા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi